ઐ (,,) અ૦ ઐ. યાદગીરી અને બોલાવવામાં વપરાતો અવ્યય.

ઐક (એક ણ્) ત્રિ૦ કઃ-કી-કં. એક.

ઐકપત્ય (એકપતેર્ભાવઃ ષ્યઞ્) ક્લી૦ ત્યં. એક પતિપણું. [તપણું.

ઐકમત્ય (એકમતેર્ભાવઃ ષ્યઞ્) ક્લી૦ ત્યં. એકમ-

ઐકભાવ્ય (એકભાવસ્ય ભાવઃ ષ્યઞ્) ક્લી૦ વ્યં. એકસ્વભાવપણું. [સોનો ધણી.

ઐકશતિક (એકશત ઠઞ્) ત્રિ૦ કઃ-કી-કં. એક-

ઐકાગારિક (એકાગાર ઠઞ્) ત્રિ૦ કઃ-કી-કં. ચોર.

ઐકાગ્ર (એકાગ્ર અણ્) ત્રિ૦ ગ્રઃ-ગ્રી-ગ્રં. એકાગ્ર શબ્દ જુઓ. [ગ્રપણું.

ઐકાગ્ર્ય (એકાગ્રસ્ય ભાવઃ ષ્યઞ્) ક્લી૦ ર્ય્યં. એકા-

ઐકાંતિક (એકાંતં અવશ્યં ભાવી ઠઞ્) ત્રિ૦ કઃ-કી-કં. અવશ્ય હોનાર. [સત્તાવડે વ્યાપક.

ઐકાંતિક (એકાંત ઠઞ્) ત્રિ૦ કઃ-કી-કં. પોતાની

ઐકાન્વિક (એકાન્યત્ ઠક્) ત્રિ૦ કઃ-કા-કં. વાંચવા ભણવામાં એકવાર ચુક કરતો શિષ્ય વગેરે.

ઐકાર્થ્ય (એકાર્થસ્ય ભાવઃ ષ્યઞ્) ક્લી૦ ર્થ્યં. એકાર્થપણું, એક પ્રયોજન.

ઐકાહિક (એકાહ ઠઞ્) ત્રિ૦ કઃ-કી-કં. ૧ એક દીવસ રહેનાર તાવ વગેરે. ૨ એકરોજ આપી રાખેલ ચાકર વગેરે. ૩ એક દીવસ રાખેલ અધ્યાપક વગેરે. ૪ એક દીવસ ચાલનાર ઓચ્છવ વગેરે.

ઐકીય (એકસ્યેદં) ત્રિ૦ યઃ-યા-યં. એકનું.

ઐક્ય (એકસ્યભાવઃ ષ્યઞ્) ક્લી૦ ક્યં. એકતા શબ્દ જુઓ. [ગોળ વગેરે.

ઐક્ષવ (ઇક્ષુ અણ્) ત્રિ૦ વઃ-વી-વં. શેલડીનો વિકાર

ઐક્ષવ (,,) ક્લી૦ વં. એક જાતનું મધ.

ઐક્ષુક (ઇક્ષુ ઠઞ્) ત્રિ૦ કઃ-કી-કં. શેલડી થવાનું ખેતર. [થએલ એક રાજા.

ઐક્ષ્વાક (ઇક્ષ્વાકુ અણ્) પુ૦ કઃ સૂર્યવંશમાં પેદા

ઐચ્છિક (ઇચ્છા ઠઞ્) ત્રિ૦ કઃ-કી-કં. ઇચ્છાવડે કરેલ.

ઐડ (ઇડ અણ્) ત્રિ૦ ડઃ-ડી-ડં. ધેટાનું.

ઐડ (ઈડા અણ્) પુ૦ ડઃ પુરૂરવસ્.

ઐડવીડ ( ) પુ૦ ડઃ કુબેર. ઐલવિલ.

ઐણ (એણસ્યેદં અણ્) ત્રિ૦ ણઃ-ણા-ણં. કાળા મૃગનું.

ઐણેય (એણ્યા ઇદં ઠક્) ત્રિ૦ યઃ-યા-યં. કાળી મરઘલીનું.

ઐણેય (એણ ઠક્) પુ૦ યઃ એક જાતનો રતિબંધ.

ઐતિહાસિક (ઇતિહાસ ઠક્) ત્રિ૦ કઃ-કી-કં. ૧ ઇતિહાસથકી મેળવેલ. ૨ ઇતિહાસ જાણનાર. ૩ ઇતિહાસ ભણનાર.

ઐનસ (એનસ્ અણ્) ક્લી૦ સં. પાપ.

ઐંદવ (ઇંદુર્દેવતા યસ્ય-અણ્) ક્લી૦ વં. મૃગશીર્ષ નક્ષત્ર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ऐंदव (इंदु अण्) त्रि०वः-वी-नं. चंद्रनुं, चंद्रसंबंधी.
'संकरापात्रकृत्यासुमासंशोधनमैंदवम्' मनुः.
ऐंदव (,,) पु० वः चांद्रमास.
ऐंदवी (,, ङीप्) स्त्री० वी. वनभावची.
ऐंद्र (इंद्रः देवता अस्य) क्ली० द्रं. ज्येष्ठानक्षत्र.
ऐंद्र (इंद्रस्येदं अण्) त्रि० द्रः-द्री-द्रं. ઇંद्रनुं, ઇંद्रसंबंधी.
'मृद्वं हि राज्यं पदमैंद्रमाहुः' रघुवंशम्.
ऐंद्र (इंद्र अण्) पु० द्रः १ अर्जुन. २ वाली वांदरो. ३ जयंत.
ऐंद्र (,,) क्ली० द्रं. रानी आदु. [गर.
ऐंद्रजालिक (इंद्रजाल ठक्) त्रि कः-की-कं. भाजी-
ऐंद्रि (इंद्रस्यापत्यं पुमान् ठञ्) पु० द्रिः १ जयंत. २ अर्जुन. ३ वाली वांदरो. ४ कागडो.
'ऐंद्रिः किल नखैस्तस्याविददार स्तनौ द्विजः'
रघुवंशम्.
ऐंद्रिय (इंद्रिय अण्) क्ली० यं. ઇंद्रिय.
ऐंद्रिय (इंद्रिय अण्) त्रि० यः-या-यं. १ ઇंद्रियवडे प्रकाश्य. २ ઇंद्रियवडे जाणवा लायक. ३ ઇंद्रियनुं.
ऐंद्रियक (इंद्रिय वुञ्) त्रि० कः-का-कं. १ ઇंद्रियवडे प्रकाश्य. २ ઇंद्रियवडे जाणवा लायक.
'यथा मनोरथः स्वप्नः सर्वमैंद्रियकं मृषा' भागवतम्.
ऐंद्री (इंद्र अण् ङीप्) स्त्री० द्री. १ ઇंद्राणी. २ अलक्ष्मी. ३ ઇंद्रवारुणी. ४ पूर्व दिशा. ५ ज्येष्ठा तारा. ६ नानी એલાયચી.
'यष्ट्याह्वमैंद्रीनलिनानिदुर्वा' चरकसंहिता.
ऐंन्य (इन ण्यत्) त्रि० न्यः-न्या-न्यं. १ सूर्यथी होनार. २ स्वामीथी थनार. [संबंधी.
ऐभ (इभस्येदं अण्) त्रि० भः-भी-भं. हाथीनुं, हाथी
ऐरावण (इरावन् अण्) पु० णः १ ऐरावत हाथी. २ ते नामनो એક सर्प.
ऐरावत (इरा मतुप् अण्) पु० तः १ नारंगीनुं आड. २ એક जातनुं आड. ३ ઇंद्रनो એક हाथी.
'प्रीतिमैरावतस्य' मेघदूतम्.
ऐरावत (,,) क्ली० तं. १ ઇंद्रधनुष. २ जळवाळुं वादळुं.
ऐरावती (,, ङीप्) स्त्री० ती. १ ઇरावती नदी. २ वीजळी. ३ ऐरावत हाथीनी स्त्री. ४ वटपत्री.
ऐरिण (इरिण् अण्) क्ली० णं. એક जातनुं लवण.
ऐरिय (ईरा ठक्) त्रि० यः-या-यं. जमीनमां पेदा थनार अन्न वगेरे.
ऐरेय (ईरा ठक्) क्ली० यं. એક जातनुं मद्य.
ऐरेय (,,) पु० यः मंगल. [मंगल ग्रह.
ऐल (इला अण्) पु० लः १ बुधपुत्र पुरूरवस्. २
ऐलवालुक (एलवालुक अण्) क्ली० कं. एलवालुक शब्द जुओ.
ऐलविल (एडः विडः) पु० लः कुबेर.
ऐलेय (इला ठक्) पु० यः मंगल ग्रह.
ऐलेय (,,) क्ली० यं. एलवालुक शब्द जुओ.
ऐश (ईशस्येदं अण्) त्रि० शः-शी-शं. ઇशनुं, ઇशसंबंधी.
'सुरसरिदिवतेजो वन्हिनिष्ठूतमैशम्' रघुवंशम्.
ऐश्वर (ईश्वरस्येदं अण्) त्रि० रः-री-रं. ઉपलो शब्द जुओ.
'पश्य मे योगमैश्वरम्' भगवद्गीता.
ऐश्वर्य (ईश्वरस्य भावः ष्यञ्) क्ली० र्यं. ઈश्वरपणुं.
ऐषमस् (अस्मिन् वत्सरे) क्ली० मः चालतुं वर्ष.
ऐषमस्तन (ऐषमः भवः) त्रि० नः-नी-नं. वर्तमान वर्षमां होनार. ऐषमस्यः [लोकनुं.
ऐहलौकिक (इह लोक ठञ्) त्रि० कः-की-कं. आ-
ऐहिक (इह ठञ्) त्रि० कः-की-कं. अहीं होनार. अहीं जाणेल.

—+:*:+—

ओ.

ओ स्वर वर्णनो पांचमो એક दीर्घाक्षर.
ओ (उ विच्) अव्य० ओ. संबोधन, बोलाववु, याद्गीरी अने द्यामां वपरातो अव्यय.
ओ (,,) पु० ओः ब्रह्मा. [वृषल.
ओक (उच् घ) पु० कः १ आश्रय. २ पंखी. ३
ओकण (उ विच् कण् अच्) पु० णः जु. ओकणि, ओकोदनी.
ओकस् (उच् असुन्) क्ली० कः १ घर. २ आश्रय.
ओकुल (उच् उलच्) पु० लः अडधा बाळेल घउं.
ओकोदनी (ओकः अदनं यस्याः) स्त्री० नी. जु.
ओक्कणी (उच् विच् कण् अच् ङीप्) स्त्री० णी. जु.
ओख् (भ्वा० पर० सेट् ओखति) १ वारवुं. २ सोषवुं. ३ शोभावबुं. ४ शक्तिवाळुं थवुं.
ओघ (उच् घञ्) पु० घः १ समूह. २ जलनो वेग. ३ ताल देवुं, नाचवुं वगेरे. ४ परंपरा. ५ उपदेश. ६ એક जातनी आध्यात्मिक तुष्टि. ७ राजनो दाढो. [वाणुं.
ओघवत् (ओघ मतुप्) त्रि० वान्-वती-वत्. ओघ-
ओंकार (ओं स्वरूपे कारः) पु० रः प्रणव.
ओंकारा ( ) स्त्री०रा. दुर्गानी એક देवी.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ओज् (चुरा० उभय० सेट् ओजयति-ते) બળવાળું થવું. [રાશિ.

ओज (ओज् अच्) पु० जः બાર રાશિ પૈકી વિષમ

ओजस् (उज्ज् असुन्) क्ली० जः १ બલ, જોર. ૨ પ્રાણુબલ. ૩ પ્રકાશ, દીપ્તિ. ૪ ટેકો, આશ્રય. ૫ ધાતુનું તેજ. ૬ શસ્ત્ર વગેરેમાં હુંશિયારી. ૭ બાર રાશિ પૈકી વિષમ રાશિ. ૮ જ્ઞાનેંદ્રિયની હુંશીયારી. ૯ કાવ્યનો એક જાતનો ગુણ. ૧૦ ગૌડી રીતિ. ૧૧ શરીરમાં ધાતુરસપોષક એક વસ્તુ.

ओजस्वत् (ओजस् मतुप्) त्रि० स्वान्-स्वती-स्वत्. બળવાળું, તેજવાળું.

ओजस्विन् (ओजस् विनि) त्रि० स्वी-स्विनी-स्वि. ૧ બળવાળું. ૨ તેજવાળું. [જુઓ.

ओडिका (ओडी कन्) स्त्री० का. નીવાર શબ્દ

ओडी (उड् ङीप्) स्त्री० डी. ઉપલો શબ્દ જુઓ.

ओड्र (आ उंद रक्) पु० ड्रः ઓઢિયા દેશ.

ओड्र (,,) क्ली० ड्रं. જપાપુષ્પ શબ્દ જુઓ.

ओण् (भ्वा० पर० सेट् ओणति.) ખસેડવું, દૂર કરવું.

ओत (आ वेञ् क्त) त्रि० तः-ता-तं. પરોવેલ.

ओतु (अव् तुन्) पु० तुः બીલાડો.

ओदन (उंद् युच्) पु० क्ली० नः-नं. ભાત, ચોખા.

ओदनी (ओदन इवाचरति) स्त्री० नी. વલા શબ્દ જુઓ. ओदनिका.

ओप्त (उंद् मन्) पु० प्रः ભીનું કરવું.

ओम् (अव् मन्) अ० म्. १ પ્રણવ. ૨ શરૂઆત. ૩ પરબ્રહ્મ. ૪ સ્વીકાર. ૫ પરવાનગી. ૬ દેવ કરવું. ૭ ખંડન. ૮ અસ્વીકાર. ૯ શુભ, મંગલ.

ओल (आ उद् क) त्रि० लः-ला-लं. ભીનું.

ओल (,,) पु० लः એકજાતનું કંદ, સુરણ.

ओलज् (भ्वा० पर० सेट् ओलंजति) ફેંકવું.

ओलड् (चुरा० उभय० सेट् ओलंडयति ते) ફેંકવું.

ओल्ल (ओल) पु० ल्लः એક જાતનું કંદ, સુરણ.

ओष (उष् घञ्) पु० षः १ દાહ. ૨ પાક.

ओषण (उष् ल्युट्) पु० णः તીખાશ, કડુરસ.

ओषणी (,, ङीप्) स्त्री० णी. એક જાતનું શાક. [ડીયું, ઔષધ.

ओषधि (ओष धा कि) स्त्री० धिः ઓશડ, ઓશ- 'भवंति यत्रौषधयो रजन्यामतैलपूराः सुरतप्रदीपाः' कुमारसंभवम्.

ओषधी (,, ङीप्) स्त्री० धी. ઉપલો શબ્દ જુઓ. [હિમાલયનું શહેર.

ओषधिप्रस्थ (ओषधिबहुलं प्रस्थं यत्र) पु० स्थः

ओषधीपति (ओषधीनां पतिः) पु० तिः १ ચંદ્ર. ૨ કપુર. ओषधीश, ओषधिपति.

ओष्ठ (उष् थल्) पु० ष्ठः હોઠ.

ओष्ठजाह (ओष्ठ जाहच्) क्ली० हं. હોઠનું મૂલ.

ओष्ठपुष्प (ओष्ठोपमानं पुष्पं यस्य) पु० ष्पः બપોરીયાનું ઝાડ.

ओष्ठी (ओष्ठ इवाचरति) स्त्री० ष्ठी. એક જાતનું ઝાડ.

ओष्ठोपमफला (ओष्ठोपमं फलं यस्याः) स्त्री० ला. ઉપલો શબ્દ જુઓ.

ओष्ठ्य (ओष्ठ यत्) त्रि० ष्ठ्यः-ष्ठ्या-ष्ठ्यं. હોઠથી હોનાર. 'प' વર્ગ, 'उ' વગેરે.

औ.

औ સ્વરવર્ણ પૈકી ચૌદમો દીર્ઘાક્ષર.

औ (आ अव् क्विप्) पु० औः १ અનંત. ૨ નિસ્વન.

औ (,,) स्त्री० औः પૃથ્વી.

औ ,,) अ० औ. બોલાવવું, વિરોધ અને નિર્ણયમાં વપરાતો અવ્યય.

औक्थिक (उक्थ ठक्) त्रि० कः-की-कं. ૧ ઉક્થ જાણનાર. ૨ ઉક્થનો અભ્યાસ કરનાર.

औक्ष (उक्षणां समूहः अण्) क्ली० क्षं. બળદનું ટોળું.

औक्ष (उक्षन् इदं अण्) त्रि० क्षः-क्षी- क्षं. ૧ બળદનું. ૨ બળદસંબંધી.

औक्षक (उक्षणां समूहः वुञ्) क्ली० कं. બળદનું ટોળું.

औख्य (उखा यत्) त्रि० ख्यः-ख्या-ख्यं. તોલડીમાં રાંધેલ.

औघ (ओघ अण्) पु० घः પાણીનો સંઘાત.

औचितो (उचितस्य भावः ष्यञ् ङीप्) स्त्री० ती. યોગ્યપણું. [શબ્દ જુઓ.

औचित्य (उचितस्य भावः ष्यञ्) क्ली० त्यं. ઉપલો

औजसिक (ओजस् ठक्) त्रि० कः-की-कं. ૧ જોરાવર. ૨ શૂર. ૩ તેજસ્વી.

औजस्य (ओजस् ष्यञ्) क्ली०स्यं. ૧ બળ. ૨ તેજ.

औडुपिक (उडुप ठक्) त्रि० कः-की-कं. હોડી ત્રાપો વગેરેવડે તરનાર.

औडुंबर (उडुंबर अञ्) त्रि० रः-री-रं. ૧ ત્રાંબાનું પાત્ર વગેરે. ૨ ઉંબરાના લાકડાનું બનાવેલ. औदुंबर.

औडुंबर (,,) पु० रः યજ્ઞ.

औडुंबर (,,) क्ली० रं. ૧ તાંબુ. ૨ એક જાતનો કોઢ.

औद्र (उद्र अण्) पु० द्रः ઓઢીયા દેશનો રાજા.

औत्कंठ्य (उत्कंठा ष्यञ्) क्ली० ठ्यं. ઉત્કંઠા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

औत्कर्ष्य (उत्कर्ष ष्यञ्) क्ली० र्ष्यं. उत्कर्ष.
औत्तमि (उत्तमस्यापत्यं इञ्) पु० मिः ते नामनो એક મુનિ.
औत्तरपथिक (उत्तरपथ ठञ्) त्रि० कः-की-कं. १ उत्तर तरફ જનાર. २ उत्तर तरફથી લાવેલ.
औत्तराधर्य (उत्तराधर ष्यञ्) क्ली० र्ष्यं. ઉંચાનીચાપણું. [કાળમાં હોનાર.
औत्तराह (उत्तर आहच्) त्रि० हः-हा-हं. उत्तर કા-
औत्तरेय (उत्तराया अपत्यं ठक्) पु० यः अभिम. न्युनो पुत्र, परिक्षित राज्ञ.
औत्तानपाद (उत्तानपाद यण्) पु० दः ध्रुवराज्ञ.
औत्तानपादि (उत्तानपाद इञ्) पु० दिः ઉપલો શબ્દ જુઓ. [માં હોનાર.
औत्पातिक (उत्पात ठक्) त्रि० कः-की-कं. उत्पात-
'औत्पातिकं तदिह देव विचिंतनीयम्.' उद्भटः
औत्सर्गिक (उत्सर्ग घञ्) त्रि० कः-की-कं. सामान्य विधिने લાયક.
औत्संगिक (उत्संग ठक्) त्रि० कः-की-कं. ખેડે લઇ જનાર. [उत्सुકપણું, उत्કંઠા.
औत्सुक्य (उत्सुकस्य भावः ष्यञ्) क्ली० क्यं. १
'औत्सुक्येन कृतत्वरा सहभुवा व्यावर्तमाना ह्रिया'
रत्नावलीः
औदक (उदकस्येदं अण्) त्रि० कः-की-कं. પાણીનું, પાણીસંબંધી. [માં હોનાર.
औदक (उदके भवः अण्) त्रि० कः-की-कं. પાણી-
औदक (उदकपूर्ण गृह्णाति अण्) त्रि० कः-की-कं. પાણી ભરેલ લઇ જનાર.
औदनिक (ओदन ठक्) पु० कः રસોયો.
औदायिक (उदय ठक्) त्रि० कः-की-कं. १ લાભકાળમાં હોનાર. २ उदयमां होनार.
औदरिक (उदर ठक्) त्रि० कः-की-कं. કેવળ પોતાનું જ પેટ ભરનાર.
औदर्य्य (उदर्य्य अण्) त्रि० र्य्यः-र्य्या-र्य्यं. १ પેટનો અગ્નિ વગેરે. २ પેટની અંદર પેઠેલ. ३ અંદર પેઠેલ.
औदार्य्य (उदारस्य भावः ष्यञ्) क्ली० र्य्यं. १ उदारपणुं. २ वाक्यनी अर्थसंपत्ति.
'स सौष्ठवौदार्यविशेषशालिनीं विनिश्चितार्थामिव वाचमाददे' किरातार्जुनीयम्.
औदासीन्य (उदासीनस्य भावः ष्यञ्) क्ली० न्यं. १ उदासीपणुं २ रहितपणुं. ३ रागनी निवृत्ति. ४ तटस्थपणुं [शब्द જુઓ.
औदास्य (उदासस्य भावः ष्यञ्) क्ली० स्यं. उपलो
'इदानिमौदास्यं यदि भजसि भागीरथि तदा'
जगन्नाथः
औद्दालक (औद्दाल कन्) क्ली० कं. એક જાતનું ધાન્ય.
औद्दालकि (उद्दालक इञ्) पु० किः गौतमऋषि.
औद्धत्य (उद्धतस्य भावः ष्यञ्) क्ली० त्यं. उद्धतपणुं.
औद्धारिक (उद्धार ठक्) त्रि० कः-की-कं. ભાગ પાડતી વખતે આપવા લાયક ધન વગેરે.
औद्वाहिक (उद्वाह ठञ्) त्रि० कः-की-कं. १ विवाहमां मेળવેલ. २ विवाहमां देवानुं.
औधस (ऊधस इदं अण्) त्रि० सः-सी-सं. १ આઉનું, આઉસંબંધી. [કાનપાંસે હોનાર.
औपकर्णिक (उपकर्णे भवः ठक्) त्रि० कः-की-कं.
औपकार्य्या ( ) क्ली० र्य्या. छापरु, मंडप. [वं. गोवाणीयानो पुत्र वगेरे.
औपगव (उपगुः गोपः तस्यापत्यं अण्) त्रि० वः-वी-
औपगवक (उपगु वुञ्) क्ली० कं. उपगुना वंशनो समुदाय. [रो, २ गीष्पतिनो शिष्य, उद्धव.
औपगवि (उपगु इञ्) पु० विः १ गीष्पतिनो दीक-
औपग्रस्तिक (उपग्रस्त ठञ्) त्रि० कः-की-कं. ગ્રહણ थयुं होय ते वખતે પોતાની સત્તાથી व्यापक.
औपजानुक (उपजानु ठक्) त्रि० कः-की-कं. ધુંટણ सुधी पहोचनार हाथ वगेरे.
औपदेशिक (उपदेशेन जीवति ठक्) त्रि० कः-की-कं. उपदेश करी पोतानुं गुજરान करनार.
औपदेशिक (उपदेशेन प्राप्तः ठक्) त्रि० कः-की-कं. उपदेशथकी मेળવેલ.
औपधर्म्य (उपधर्म ष्यञ्) क्ली० र्म्यं. खोटो धर्म.
'वेशं विधाय बहु भाषत औपधर्म्यम्' भागवतम्.
औपधेय (उपधि ठञ्) क्ली० यं. गાડાનું પાઇડું.
औपनायनिक (उपनायन ठक्) त्रि० कः-की-कं. १ उपनयनना हितनुं. २ उपनयनमां कामनुं विधान वगेरे. [नाटकनी पासे होनार.
औपनासिक (उपनासे भवः ठञ्) त्रि० कः-की-कं.
औपनिधिक (उपनिधेरेव) क्ली० कं. अनामत मुકેલ वस्तु.
औपनिषद (उपनिषद् अण्) पु० दः परमात्मा.
औपनिषद (,,) क्ली० दं. उपनिषद्-प्रतिपाद्य परब्रह्म, परब्रह्म प्रतिपादन करनार उपनिषद ग्रंथो वगेरे.
औपनिषद (उपनिषद इदं अण्) त्रि० दः-दी-दं. उपनिषद्नुं, उपनिषद्संबंधी.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

औपनीविक (उप नीवि ठक्) त्रि० कः-की-कं. नीवी पांसे होनार.

औपपत्तिक (उपपत्ति ठक्) त्रि० कः-की-कं. १ उपपत्तिवडे फलेल. २ उपपत्तिवाळुं.

औपम्य (उपमा ष्यञ्) क्ली० म्यं. १ उपमा. २ सरखापणुं.

औपयिक (उपायेन लब्धः ठक्) त्रि० कः-की-कं. १ उपायथी मेळवेल. २ उपाययुक्त.

औपायिक (उपाय एव ठक्) पु० कः उपाय.

औपयौगिक (उपयोग ठञ्) त्रि० कः-की-कं. उपयोगी. [होनार.

औपरिष्ट (उपरिष्टात् अण्) त्रि० ष्टः-ष्टा-ष्टं. उपर

औपरोधिक (उपरोध ठक्) पु० कः पीलुना झाडनो करेल दंड. [पथ्थरसंबंधी,

औपल (उपलस्येदं अण्) त्रि० लः-ला-लं. पथ्थरनुं,

'यथा प्लवेनौपलेन निमज्त्युदके तरन्' मनुः

औपवस्त (उपवस्तु कर्मणि अण्) क्ली०स्तं. उपवास, अप्पास.

औपवस्त्र (उपवस्त्रमेव अण्) क्ली० स्त्रं. उपवस्त्र.

औपवस्त्व (उपवस्तोर्भावः अण्) क्ली० स्त्वं. अप्पास. [अपातुं दान वगेरे.

औपवास (उपवास अण्) क्ली० सं. अप्पासमां

औपवास्य (उपवास ष्यञ्) क्ली० स्यं. अप्पास.

'औपवास्यं तदाकार्षीद्राघवः सह सीतया'

रामायणम्.

औपवाह्य (उपवाह्य एव अण्) पु० ह्यः उपवाहन रथ गाडी वगेरे.

'औपवाह्यः कुबेरस्य सार्वभौम इति श्रुतः'

रामायणम्.

औपस्थान (उपस्थान अण्) त्रि० नः-नी-नं. उपासक. [सेवाकरी गुजरान करनार.

औपस्थानिक (उपस्थान ठक्) त्रि० कः-की-कं.

औपस्थ्य (उपस्थस्य भावः ष्यञ्) क्ली० स्थ्यं. १ उपस्थ इंद्रियना व्यापारथी थयेल सुख. २ उपस्थपणुं.

औपहारिक (उपहार ठक्) त्रि० कः-की-कं. भेटने माटे अपातुं द्रव्य वगेरे. [करेल.

औपाधिक (उपाधि ठञ्) त्रि० कः-की-कं. उपाधिओ

औपाधिक (उपाधिरेव ठञ्) पु० कः उपाधि.

औपाध्यायक (उपाध्याय वुञ्) त्रि० कः-की कं. उपाध्यायथी मेळवेल.

औपानह्य (उपानह् ञ्य) त्रि० ह्यः-ह्या ह्यं. जोडा करवा लायक चामडुं, मुंज तृण वगेरे.

औपासन (उपासन अण्) त्रि० नः-नी-नं. उपासननुं.

औपासन (,,) पु० नः स्मार्ताग्नि.

औम (उमा अण्) त्रि० मः-मी-मं. अळसीनो विकार.

औमाक (उमा वुञ्) त्रि० कः-की-कं. उपलो शब्द जुओ. [तेवुं क्षेत्र.

औमीन (उमानां भवनं क्षेत्रं) क्ली० नं. अळसी थाय

औरग (उरगस्येदं अण्) त्रि० गः-गी-गं. सर्पनुं, सर्पसंबंधी.

औरग (उरग अण्) क्ली० गं. अश्लेषानक्षत्र.

औरल (उरलस्येदं जण्) त्रि० लः-ली-लं. घेटानुं, घेटासंबंधी. [नो कामळो वगेरे.

औरल् (उरल अण्) त्रि० ल्ः-ल्ी-ल्ं. घेटाना वाळ-

औरल्क (उरल्राणां समूहः वुञ्) क्ली० कं. घेटानुं टोळुं. [वानो धंधो करनार.

औरालिक (उरल ठञ्) त्रि० कः-की-कं. घेटां वेच-

औरस (उरसः निर्मितः अण्) पु० सः विधिपूर्वक परणेली एक ज्ञातिनी स्त्रीने पेटे पेदा थयेल पुत्र.

औरस (उरस् अण्) त्रि० सः-सी-सं. औरस.

औरासिक (उरस् एव ठक्) क्ली० कं. छाती.

औरस्य (उरस्य अण्) पु० स्यः औरस शब्द जुओ.

और्ण (ऊर्णा अञ्) त्रि० र्णः-र्णी-र्णं. उननुं बनावेल.

और्णक (ऊर्णा वुञ्) त्रि० कः-का-कं. उपलो शब्द जुओ. [उर्ध्वकाले होनार.

और्ध्वकालिक (ऊर्ध्वकाले भवः) त्रि० कः-की-कं.

और्ध्वदेहिक (ऊर्ध्वदेह ठञ्) त्रि० कः-की-कं. मरण पछी मुआेलानी थती उत्तरक्रिया.

और्ध्वश्रोतसिक (ऊर्ध्वश्रोतस् ठक्) त्रि० कः-की-कं. शैव, शिवभक्त.

और्व (उर्व् अण्) क्ली० र्वं. एक जातनुं लवण.

और्व (,,) पु० र्वः वडवानल.

और्वश (उर्वश्या इदं अण्) त्रि० शः-शी-शं. उर्वशीनुं. [मुनि. उर्वशीना पुत्र आयु वगेरे.

और्वशेय (उर्वश्या अपत्यं ठक्) पु० यः १ अगस्त्य

औलूक (उलूकानां समुदायः अञ्) क्ली० कं. घुडनुं टोळुं. [कणादमुनिनुं दर्शन, वैशेषिक.

औलूक्य (उलूक यञ्) पु० क्यः १ कणादमुनि. २

औलूक्य (औलूकस्य छात्रः अण्) त्रि० क्यः-क्यी-क्यं. कणादमतानुसारी.

औलूखल (उलूखल अण्) त्रि० लः-ली-लं. खांडणीयामां योग्य, खांडणीमां खांडेल.

औशनस (उशनस् अण्) क्ली० सं. शुक्राचार्ये बनाव-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

वेल धर्मशास्त्र.

औशनस (,,) त्रि० सः-सी-सं. १ शुक्राचार्यनु. २ शुक्राचार्यसंबंधी. ३ शुक्राचार्यथी पेदाथनार देवयानी वगेरे.

औशीर (वश् ईरन् अण्) क्ली० रं. १ आसन. २ अथनासन. [डांडो.

औशीर (उशीर अण्) क्ली० रं. चमरी, चमरीनो

औषण (ऊषण अण्) क्ली० णं. तीखाश.

औषणशौंडी (ओषणे शौंडी) स्त्री० डी. सुंठ.

औषध (औषधि अण्) क्ली०धं. औषधि, औषधीथी पेदाथनार अन्न वगेरे.

औषधि (आ ओषधि) स्त्री० धिः औषधि.

औषधी (आ औषधि ङीप्) स्त्री० धी. औषधि.

औषर (उषरे भवः अण्) क्ली० रं. એક जातनुं लवण.

औषरक (औषरमिव कन्) क्ली० कं. खारो.

औषस (उषसि भवः अण्) त्रि० सः-सी-सं. परोढियामां होनार. **औषस्य.**

औषस (उषस इदं अण्) त्रि० सः-सी-सं. परोढियानुं, परोढियासंबंधी.

औषिक (उषसि भवः ठक्) त्रि० कः-की-कं. परोढियामां होनार. औषसिक.

औष्ट्र (उष्ट्रस्येदं अण्) त्रि० ष्ट्रः-ष्ट्री-ष्ट्रं. ઉંटनुं.

औष्ट्रक (उष्ट्राणां समूहः वुञ्) क्ली० कं. ઉंटनुं टोळुं. [वगेरे.

औष्ट्रिक (उष्ट्र ठक्) त्रि० कः-की-कं. ઉंटडीनुं दूध

औष्ठ्य (ओष्ठ यत्) त्रि० ष्ठ्यः-ष्ठ्या-ष्ठ्यं. होठमां होनार. [गरमी, गरमाश.

औष्ण्य (उष्णस्य भवः ष्यञ्) क्ली० ष्ण्यं. ઉनापणुं.

औष्म्य (उष्म यञ्) क्ली० ष्म्यं. गरमी. गरमाश

'पूर्वराजवियोगौष्म्यं कृत्स्नस्य जगतो हतम्'

रघुवंशम्.

—*—

क.

क कंठस्थानीय व्यंजन पैकी प्रथमाक्षर.

क (कै शब्दे कच् दीप्तौ वा ड) पु० कः १ ब्रह्मा. २ विष्णु. ३ कामदेव. ४ अग्नि. ५ वायु. ६ यम. ७ सूर्य. ८ आत्मा. ९ दक्षप्रजापति. १० कामग्रंथ. ११ मोरपक्षी. १२ चित्त. १३ देह. १४ काम. १५ मेघ. १६ शब्द, अवाज. १७ प्रकाश. १८ अंतःकरण. १९ जीव. २० दंभ. २१ ब्राह्मण. २२ धन, द्रव्य. २३ केश.

क (कै शब्दे कच् दीप्तौ वा ड) क्ली० कं. १ जल. २ सुख. ३ वाणविनानुं मस्तक. ४ वाणवाळुं मस्तक. ५ मंगल, कल्याण. [सुखी, सुखवाळुं.

कंक्य (कं सुखार्थं तदस्य य) त्रि० क्यः-क्या-क्यं.

कंक्यु (कं यु) त्रि० क्युः-क्युः-क्यु. ઉपलो शब्द जुओ. [होनार, ग्रहयोगनो એક भेद.

कंवुल ( ) क्ली० लं. वर्ष लग्ननो काल ઉपर

कंश (कं जलं शेतेऽत्र) पु० शः पाणी पीवानुं वासण, पंचपात्र, प्यालो वगेरे.

कंस (कम् स्) पु० सः १ कांसु, कांस्यधातु. २ सोनारूपा वगेरेनी धातुथी बनावेलुं पाणी पीवानुंपात्र. ३ आढक नामनुं એક जातनुं माप. ४ यज्ञमां वपरातुं गोळ आकारनुं पात्र. ५ ઉग्रसेन राजनो ते नामनो पुत्र, मथुरानो ते नामनो राजा, श्रीकृष्णनो मामो, देवकीनो भाई.

'कंसजघान कृष्णः काशीतलवाहिनीं गंगा' उद्भटः

कंसक (कंसमेव स्वार्थे कन्) क्ली० कं. कांसु, कांस्यधातु.

कंसकार (कंसं तन्मयपात्रं करोति कृ अण्) पु० रः १ कंसारो, २ कांसानां वासण बनाववनार.

कंसकृष् (कंसं कृष्टवान् कृष् क्विप्) पु० ट्-ड्. वासुदेव, श्रीकृष्ण.

'निषेदिवान् कंसकृषः स विष्टरे' माघः

कंसज (कंस जन् ड) क्ली० जं. कांस्यधातु.

कंसजित् (कंसं जितवान् जी क्विप्) पु० त्. वासुदेव, श्रीकृष्ण. कंसध्वंसिन्. [अरडुसो.

कंसनोत्पाटन (कंसनुत्पाटयति) क्ली० नं. वनस्पति,

कंसवती (कंस मतुप् ङीप्) स्त्री० ती. ઉग्रसेन राजनी ते नामनी पुत्री. [श्रीकृष्ण.

कंसहन् (कंसं हतवान् हन् क्विप्) पु० हा. वासुदेव,

कंसा (कंस् टाप्) स्त्री० सा. ઉग्रसेननी दीकरी, कंसनी बेन. [हाऽकुं.

कंसार (कंसं तदाकारत्वमृच्छति ऋ अण्) क्ली० रं.

कंसारति (कंसस्यारातिः) पु० तिः १ वासुदेव, श्रीकृष्ण. २ जटामांसी. ३ आंजणुनी जाति सूरमो.

कंसारि (कंसस्य अरिः) पु० रिः ઉपलो शब्द जुओ. [स्वधातु, कांसुं.

कंसास्थि (कंसमस्थीव कठिनत्वात्) क्ली० स्थि. कांसुं.

कंसिक (कंसेन सीतः टिकन्) त्रि० कः-का-कं. सोसठ पलना मानथी खरीद करेल.

कंसोद्भवा (कंसमिवोद्भवति उद् भू अच्) स्त्री० वा. એક जातनी खुश्योद्दार धोळी माटी, माटी.

कक् (भ्वा० आत्म० सेट् ककते) १ इच्छवुं, चाह-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

वुं. २ चपल थवुं, चंचल थवुं. ३ तरशुं थवुं. ४ गर्विष्ट थवुं.

कक् (भ्वा० आत्म० सेट् कंकते) जवुं, गमन करवुं.

ककंद (कक् अंदच्) पु० दः १ सोनुं, सुवर्ण. २ राजा.

ककरहाट (कं विषं करहाटेऽस्य) पु० टः जेना मूलमां विष छे एवुं एक जातनुं आड. ककरघाट.

ककुंजल (कं जलं कुजयति कुज् अलच्) पु० लः चातक पक्षी, अपैयो जानवर.

ककुत्स्थ (वृषरूपधरस्य शुकस्य ककुदि तिष्ठति स्था क) पु० त्स्थः सूर्यवंशमां पेदा थयेल ईक्ष्वाकुना पुत्र शशादनो पुत्र, ते नामनो एक राजा.

'इक्ष्वाकुवंश्यः ककुदं नृपाणां ककुत्स्थ इत्याहितलक्षणोऽभूत्' रघुवंशम्.

ककुद् (कं सुखं कौति कु क्विप् तुक्) स्त्री० द्. १ बलदनी खुंध, बलदनी पीठ उपर जे मांसपींड थाय छे ते. २ धोळुं छत्र वगेरे राजनुं चिन्ह. ३ प्रधान, मुख्य. ४ पर्वततो अग्रभाग, पर्वतनी टोच. [पु० क्ली०-दः-दं. उपलो शब्द जुओ.

ककुद (कस्य देहस्य सुखस्य कुं भूमिं ददाति दा क)

ककुदाक्ष (ककुदं राजचिन्हमक्ष्णोति धारयति) त्रि० क्षः-क्षा-क्षं. राजचिन्ह, चम्भर, छत्र वगेरे धारण करनार. [२ पर्वत, पहाड. ३ ऋषभऔषधी.

ककुद्मत् (ककुद् तस्य मतुप्) पु० मान्. १ बलद.

'तुषारसंघातशिलाः खुराग्रैः समुल्लिखन्दर्पकलः ककुद्मान्' कुमारसंभवम्.

ककुद्मती (ककुदिव मांसपिंडोऽस्त्यस्य मतुप् ङीप्) स्त्री० ती. डेड, डटी, डम्भर.

ककुद्मिकन्या (ककुद्मिनः पर्वतस्य कन्या इव) स्त्री० न्या. बळदेवनी स्त्री रेवती.

'ककुद्मिकन्यानुत्कांतवासलब्धाधिवासया' माघः

ककुद्मिन् (ककुदस्त्यस्य मिनि) त्रि० द्मी-द्मिनी-द्मि. १ शिखरवाळुं, टोचवाळुं. २ खुंधवाळुं.

ककुद्मिन् (ककुद् मिनि) पु० द्मी. १ पर्वत. २ बलद. ३ ऋषभ औषधी. ४ रैवतराजा.

ककुद्मिसुता (ककुद्मिनः सुता) स्त्री० ता. श्रीकृष्णना भाई बळरामनी पत्नी रेवती.

ककुंदर (कस्य शरीरस्य पृष्ठदेहस्य भूमिं दृणाति दृ अच्) क्ली० रं. केडनी नीचेना सीधा कुलानो बे खाडा.

ककुभ् (कं प्रकाशं स्कुभ्नाति स्कुभ् क्विप्) स्त्री० प्-व. १ दिशा. २ शोभा, कांति. ३ चंपाना पुष्पनी माळा. ४ ते नामनी एक रागिणी. ५ शास्त्र. ६ मोकळा केश, छुटा केश.

ककुभ (कं वातं स्कुभ्नाति स्कुभ् क्) पु० भः १ वीणांग, स्वरना गांभार्य माटे वीणानी नीचे जडेलुं काष्टपात्र. २ एक जातनो राग.

ककुभ (कस्य वातस्य कुः भूमिः भात्यस्मात्) पु० भः अर्जुन, साद्डानुं आड.

'मध्ये समुद्रं ककुभः पिशंगी' माघः

ककुभा (,, टाप्) स्त्री० भा. १ ते नामनी एक रागिणी. २ (ज्योतिषमां) दिशा व० भाः ३ दश संख्यानी अंक संज्ञा.

ककुभादनी (ककुभ इवाद्यते अद् ल्युट् ङीप्) स्त्री० नी. एक जातनुं सुगंधी द्रव्य. नली. नरी.

ककेरुक ( ) पु० कः पेटमां रहेलो जीवडो.

कक् (भ्वा० पर० सेट् कक्कति) हसवुं.

कक्कल (कक् उलच्) पु० लः. अकुल वृक्ष.

कक्कोल (कक् वासौ कोलश्चेति) पु० लः. कंकोल नामनुं आड.

'वनानि च सुरम्याणि कक्कोलानां त्वचंस्य च' रामायणम्.

कक्कोलक (इदमर्थे कन्) क्ली० कं. कंकोळ नामना वृक्षथी उत्पन्न थयेल सुगंधी द्रव्य, कंकोल.

कक्ख् (भ्वा० पर० सेट् कक्खति) हसवुं.

कक्खट (कक्ख् अटन्) त्रि० टः-टा-टं. १ कठण, मजबुत, २ हासवाळुं. [कडिनी.

कक्खटी (कक्ख् अटन् ङीप्) स्त्री० टी. खडी, चाक.

कक्ष (कष्) पु० क्षः १ जंगल, वन, रान, २ तृण. ३ सुंकुं तृण. ४ वेल, वेलो. ५ सुकाइ गयेल काइनुं जंगल. ६ राजा वगेरेनुं जनानखानुं. ७ बाहुमूल, काख ८ हाथीने बांधवानो दोर, पाडो. ९ पार्श्वविभाग, बाजु. १० ग्रहनु फरवुं. ११ कक्षा. १२ दरवाजो, बारणुं. १३ गुगळ नामनी वनस्पति, १४ बहेडानुं आड. १५ धरनी भींत. १६ स्पर्धानुं आस्पद. १७ जलप्रायदेश.

कक्ष (,,) क्ली० क्षं. पाप.

कक्षक (कक्ष कन्) पु० कः वासुकि नागना कुलमां पेदा थनार सर्पनो एक भेद. [कूर्म.

कक्षप (कक्षे जलप्राये पिबति पा ड) पु० पः काचबो

कक्षरुहा (कक्षे जलप्राये रोहति रुह् क्) स्त्री० हा. मोथ, नागरमोथ, मुस्ता. [कुक्कुर.

कक्षशाय (कक्षे शुष्कतृणे शेते शी ण) पु० यः कुतरो.

कक्षशायी (कक्ष शी ण ङीप्) स्त्री० यी. कुतरी.

कक्षशायु (कक्षे शुष्कतृणे शेते उण्) पु० युः कुतरो.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

कक्षसेन ( ) पु० नः परीक्षितनो ते नामनो એક પુત્ર.

कक्षा (क ष् स्) स्त्री० क्षा. १ કાખ, ૨ ઉત્તરીય વસ્ત્ર. ૩ હાથીને બાંધવાનો દોર. ૪ સમાનપણું. ૫ કેડે બાંધવાનું વસ્ત્ર વગેરે. ૬ સંશયકોટિ. ૭ જનાનખાનું ૮ કાંચી. ૯ સ્પર્ધાપદ. ૧૦ ઘરની ભીંત. ૧૧ પ્રકોષ્ઠ. ૧૨ દીકરો.

कक्षांतर (कक्षा अंतर) क्ली० रं. ૧ ખાનગી ઓરડો. ૨ જનાનખાનાનો ઓરડો. ૩ છેક અંદરનો ઓરડો.

कक्षापट (कक्षाकारः पटः) पु० टः. લંગોટી.

कक्षाय (नामधातुः कक्षायते) પાપ કરવાને ઇચ્છવું.

कक्षावत् (कक्षा मतुप्) पु० वान्. તે નામનો એક મુનિ.

कक्षावेक्षक (कक्षां कक्षं वाऽवेक्षते अव ईक्ष् ण्वुल्) पु० कः ૧ ડેલીનો ચોકીદાર. ૨ જનાનખાનાનો રખેવાળ. ૩ બાગ બગીચાનો રખેવાળ. ૪ ચિત્રકાર, ચિતારો, રંગારી. ૫ કવિ. ૬ છીનાળવો, જાર. ૭ પેહેરેગીર, દ્વારપાલ.

कक्षिन् (कक्षं पापमस्त्यस्य इनि) त्रि०क्षी-क्षिणी-क्षि. પાપી, પાપયુક્ત, પાપવાળું.

कक्षीवत् (कक्ष्यस्त्यस्य मतुप्) पु० वान्. સ્ફોટાયન નામનો ઋષિ.

कक्षेयु ( ) पु० युः ૩દ્રાશ્વ નામના રાજાનો બીજો પુત્ર.

कक्षोत्था (कक्षाज्जलप्रायदेशादुत्तिष्ठति स्था क) स्त्री० त्था. મોથ, નાગરમોથ. કક્ષોદ્ભવા.

कक्ष्य (कक्षे भवः यत्) पु० क्ष्यः રુદ્રનો એક ભેદ.

कक्ष्य (कक्षे मध्ये भवः यत्) क्ली० क्ष्यं. ૧ તરાજવું, કાંટા વગેરેનું પલ્લું. (क्ष्या) ૨ હાથીને કેડે બાંધવાનો દોર. ૩ સ્ત્રીનું કટીભૂષણ, મેખલા. ૪ કમરપટો. ૫ જેની ફરતે ભીંત વાડ વગેરે વાળી લીધેલ છે તેવું સ્થલ. ૬ ઘરની ભીંત. ૭ જનાનખાનું, અંતઃપુર. ૮ તુલ્યતા, સરખાપણું, સામ્ય, સમપણું. ૯ ઉદ્યોગ. ૧૦ ઉત્તરીય વસ્ત્ર. ૧૧ વસ્ત્રનું અંચલ. ૧૨ ચણોઠી. ૧૩ ઉદ્યોગ. ૧૪ કેડનું બંધન, પરિકર. [ટાયન નામનો ઋષિ. ૨ હાથી.

कक्ष्यावत् (कक्ष्यास्त्यस्य मतुप्) पु० वान्. ૧ સ્ફોટાયન

कक्ष्यावेक्षक (कक्ष्यमवेक्षते अव ईक्ष् ण्वुल्) पु० कः कक्षावेक्षक शब्द જુઓ.

कख् (भ्वा० पर० सेट् कखति) હસવું.

कख्या (कख् यत्) स्त्री० ख्या. ૧ વાડ, બેડી. ૨ મોટી મહાભારતનો એક ભાગ.

कग् (भ्वा० पर० सेट् कगति) હરકાંઇ કામ કરવું, હરકાંઇ કાર્ય બજાવવું.

कंक (कक् अच्) पु० कः ૧ કપટી વેશમાં બ્રાહ્મણ થયેલ તે. ૨ ક્ષત્રીય. ૩ યમ. ૪ મોટી ઉત્તમ કેરી જેને છે એવો આંબો. ૫ યુદ્દેવનો નાનો ભાઇ. ૬ ખંડના અઢાર ભાગમાં રહેલો એક ભાગ. ૭ કંસનો નાનો ભાઇ. ૮ એક જાતનું પક્ષી જેની પાંખનાં શરપુંખ થાય છે. ૯ ક્ષત્રિય.

कंकट (ककि अटन्) पु० टः બખતર, કવચ.

कंकटक (कंकट एव स्वार्थे कन्) पु० कः ઉપલો શબ્દ જુઓ.

कंकटिन् (कंकटोस्त्यस्य इनि) त्रि० टी-टिनी-टि: બખતરવાળું, બખતર જેણે પહેર્યું છે તે.

कंकटेरी ( ) स्त्री० री. વનસ્પતિ, હલદર.

कंकण (कम् शुभं कणति कम् कण् अच्) क्ली० णं. ૧ હાથનું એક ભૂષણ, કાંકણ. ૨ ભૂષણ. ૩ હરતસૂત્ર. ૪ શેખર. [પાણીનું કણ.

कंकण (कमित्यव्ययं जलार्थकं तस्य कणः) पु० णः 'नितंबे पत्राली नयनयुगणं कंकणभरम्' उद्भटः

कंकाणिन् (कंकण इनि) त्रि० णी-णिनि-णि. જેને હરતભૂષણ, કાંકણ વગેરે છે તે.

कंकणीका (पुनः पुनः कणति कण् वर् इकन्) स्त्री० का. ૧ નાની ઘુઘરી. ૨ ઘંટડી. ૩ નાની ઘંટડી. ૪ નાનો ઘુઘરો. કંકણી.

कंकत (ककि अतच्) पु० तः ૧ નાગબલા નામની ઔષધિ. ૨ થોડા ઝેરવાળો મોટો સર્પ.

कंकत (,,) क्ली० तं. કાંસકી, દાંતીઓ.

कंकतिका (कंकती कन्) स्त्री० का. કેશ સાફ કરવાનું સાધન, કાંસકી, દાંતીઓ. [જુઓ.

कंकती (कक् अतच् ङीप्) स्त्री० ती. ઉપલો શબ્દ

कंकत्रोटि (कंकस्य त्रोटिरिव चंचुरस्य) पु० टिः એક જાતનું માછલું. કંકત્રોટ.

कंकपत्र (कंकस्य पत्रमिव पत्रं पक्षो यस्य) पु० त्रः બાણ, તીર. कंकपत्रिन्.

कंकमाला (कंकं करचापल्यं मलते धारयति मल् अच्) स्त्री०ला. હાથની તાળીવડે બજાવવું, કડતાલ.

कंकमुख (कंकस्य मुखमिव मुखं यस्य) पु० खः સાણસી, ચીપીઓ.

कंकर (कं सुखं कीरति क्षीयते कृ अच्) त्रि० रः-री-रं. ૧ કુત્સિત, ખરાબ, બુરૂ. ૨ કુટિલ.

कंकर (,,) क्ली० रं. પુષ્કળ પાણી નાખેલ છાસ, કાંકરો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કંકરોલ (कंक इव लोलः) पु० लः પીસ્તાનું ઝાડ.
કંકલોડ્ય (कंक लोड् ण्यत्) क्ली० ड्यं. એક જાતનો તેજાનો. [स्थिरा. ध्रुवा.
કંકશત્રુ (कंकस्य शत्रुः) पु० त्रुः शालपर्णीનું ઝાડ.
કંકશાય (कंक इव शेते शी ण) पु० यः કુતરો.
કંકસૂચિ ( ) पु० चिः કંકમોટિ શબ્દ જુઓ.
કંકા (कंक् अच्) स्त्री० का. १ ઉગ્રસેન રાજાની તે નામની પુત્રી. ૨ એક જાતનું ચંદન જેને ગોપીચંદન કહેછે તે. [नुं હાડપિંજર.
કંકાલ (कंक् कालच्) पु० लः ચામડી માંસ વિના-
' कंकालक्रीडनोत्कः कलितकलकलः कालकालीकलत्रः '
उद्भटः
કંકાલમાલિન્ (कंकालानां मालाऽस्त्यस्य इनि) पु० ली. મહાદેવ, શંભુ. [रीत्र.
કંકાલય (कंकालं याति या क) क्ली० यं. દેહ, શ-
કંકુ (ककि उन्) पु० कुः ૧ એક જાતનું ધાન્ય જેને કાંગ કહે છે તે. ૨ ઉગ્રસેન રાજાનો તે નામનો પુત્ર, કંસરાજાનો ભાઇ.
કંકુષ્ઠ (कंकुसमीपं तिष्ठति) क्ली० ष्ठं. પર્વતની એક જાતની સોનેરી અથવા રૂપેરી રંગની માટી, જે કે ઔષધિમાં ઉપયોગી છે. કંગુષ્ઠ.
કંકેરુ (ककि एरु) पु० रुः એક જાતનો કાગડો.
કંકેલિ (कं सुखं तदर्थं केलि रञ्) पु० लिः આસોપાલવનું ઝાડ, અશોક વૃક્ષ. [स्तुक.
કંકેલ્લુ (क कि एल्लि) पु० ल्लिः આસોપાલવનું ઝાડ., અશોકવૃક્ષ. [वधु, पापभोग.
કંખ (कं खलत्यनेन खल् ड) क्ली० खं. પાપનું ભોગ-
કંગુ (कंसुखमंगति) स्त्री० गुः એક જાતનું ધાન્ય, કાંગ. [नी. ઉપલો શબ્દ જુઓ.
કંગુની (कंगु शब्देन नीयते ज्ञायते नी ड ङीप्) स्त्री०
કંગુલ (कंगुं लाति गृह्णात्यनेन ला क) पु० लः હાથ. હસ્ત, કર.
કચ્ (भ्वा० पर० सेट् कंचति) બાંધવું.
કચ્ (भ्वा० पर० सेट् कंचति) અવાજ કરવો, નાદ કરવો.
કચ્ (भ्वा० आत्म० सेट् कचते) ચળકવું, ચમકવું.
કચ (कच् अच्) पु० चः ૧ કેશ, માથાના વાળ ૨ બૃહસ્પતિનો તે નામનો પુત્ર. ૩ શુષ્કવૃક્ષ. ૪ મેઘ. [शोभा.
કચ (कच् घञ्) पु० चः ૧ બાંધવું, બંધનઃ ૨
કચગ્રહ (कचानां ग्रहः) पु० हः કેશનું પકડવું, મા-
થાના વાળનું ચોભવું, ચોટલો કે ચોટલીનું પકડવું.
કચંગન (कचस्यांगनम्) क्ली० नं. વેરો નથી નાંખેલો જેના ઉપર એવી જમીન, કર વિનાની પીઠ.
કચંગલ (कच् अंगलच्) पु० लः સમુદ્ર, દરિયો.
કચપ (कच् कपन्) क्ली० पं. १ તૃણ. ૨ પાંદડું, પાન.
કચપક્ષ (कचानां समूहः कच पक्ष) पु० क्षः કેશનો સમૂહ, કેશનો જથ્થો, પુષ્કળ વાળ.
કચપાશા (कचानां समूहः कच पाशच्) पु० शः ઉપલો શબ્દ જુઓ. कचकलाप.
કચમાલ (कचं कचकांतिं मलते मल् अच्) पु० लः ધુમાડો, ધૂમ. खतमाल.
કચરિપુફલા (कचस्य रिपुः फलमस्याः) स्त्री० ला. ખીજડાનું ઝાડ, शमीवृक्ष.
કચહસ્ત (कचानां समूहः कच हस्त) पु० स्तः कचपक्ष शब्द જુઓ.
કચા (कच् अच् टाप्) स्त्री० चा. હાથણી.
' करिण्यांतु कचा स्त्रियाम् ' मेदिनी.
કચાકચિ (केशेषु केशेषु गृहीत्वा प्रवृत्तं युद्धं) अव्य० चि. એક બીજાનાં કેશ પકડી થયેલું યુદ્ધ. કેશાકેશિ.
કચાકુ (कच इव अकति अक् उण्) त्रि० कुः-कुः-कु. ૧ વાંકું ચાલનાર. ૨ ક્રૂર, ઘાતકી, દુષ્ટ, ૩ દુઃશીલ.
કચાચિત (कचैरालुलायिते रचितः) त्रि० तः-तां-तं. છુટા કેશવાળું.
' कचाचितौ विश्वगिवागतौ गजौ ' किरातार्जुनीयम्.
કચાટૂર (कच इव अटति अट् डरच्) पु० रः એક જાતનું પક્ષી. दात्यूह.
કચામોદ (कचमामोदयति कच आमुद् णिच् अच्) पु० दः સુગંધીવાળો.
કચુ (कच् उन्) स्त्री० चुः એક જાતનો ભૂમિકંદ.
કચેલ (कच्यते वध्यतेऽनेन कच् एलच्) क्ली० लं. લેખ્યપત્ર બાંધવાનું સૂત્ર દોરો વગેરે.
કચ્ચર (कुत्सितं के वाचरति चर् अच्) क्ली० रं. જલમાં પેદા થનારી એક જાતની વનસ્પતિ.
કચ્ચર (कुत्सितं के वा चरति चर् अच्) त्रि० रः-री-रं. ૧ કુત્સિત, ખરાબ, બુરું. ૨ દુષ્ટ, ઘાતકી. ૩ મેલું, મેલે બગાડેલું.
કચ્ચિત્ (कम् चि क्विप्) अव्य० च्चित्. પ્રશ્ન, મંગલ. અભિલાષ અને હર્ષ બતાવનાર અવ્યય.
' कच्चिद्भर्तुः स्मरसि रसिके त्वं हि चास्य प्रियेति '
मेघदूतम्.
કચ્છ (केन जलेन छृणाति छृ ड) त्रि० च्छः-च्छा-च्छं. ૧ જલથી ઢંકાઈ ગયેલ, જલપ્રાય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કચ્છ (,,) પુ० च्छः ૧ તે નામનો એક દેશ. ૨ જે દેશે નિરંતર પાણી રહેછે. તેવો દેશ, નદી, સરોવર. ૩ તળાવ વગેરેનો કીનારો, તર. ૪ જે જમીનની હદ પાણી સુધી આવેલ છે તે જમીન. ૫ નૌકાંગ, વહાણનું એક અંગ.

કચ્છા (,, ટાપ્) સ્ત્રી० च्छा. ૧ કાછડી. ૨ લંગોટી. ૩ વારાહી નામની વનસ્પતિ. ૪ એક જાતનું જાનવર જેને તમરૂં કહેછે તે.

કચ્છટિકા (कच्छप्रदेशमटति अट् अच् कन् इत्व) સ્ત્રી० કા. ૧ કાછડી, કાછડો. ૨ વસ્ત્રનું અંચલ.

કચ્છપ (कच्छमात्मनो मुखसंपूटं पाति पा ड) પુ० पः ૧ કાચબો. ૨ કુબેરના નવનિધિ માંહેલો એક નિધિ. ૩ મલ્લના યુદ્ધનો એક ભેદ. ૪ અર્ક કહાઢવાનું એક જાતનું યંત્ર.

કચ્છપી (कच्छप ङीप्) સ્ત્રી० पी. ૧ કાચબી. ૨ સરસ્વતીની તે નામની વીણા. ૩ તે નામનો સાંસર્ગિક રોગ, ખસનો રોગ.

કચ્છપિકા (कच्छपी कन्) સ્ત્રી० કા. ૧ ખસનો રોગ. ૨ કાળી નગોડનું ઝાડ.

કચ્છભૂ (कच्छा भूः) સ્ત્રી० भूः પાણીવાળી જમીન, જલપ્રાય ભૂમિ.

કચ્છરુહા (कच्छे जलप्राये रोहति रुह् क) સ્ત્રી० हा. ૧ નાગરમોથ, મોથ. ૨ દૂર્વા, ધ્રો.

કચ્છાટિકા ( ) સ્ત્રી० કા. કચ્છટિકા શબ્દ જુઓ.

કચ્છાંત (कच्छस्य जलप्रायदेशस्यांतः) પુ० तः તળાવ, સરોવર, નદી વગેરેની હદ.

કચ્છુ (कष् उ) પુ० च्छुः સાંક્રમિક રોગ, ખસ.

કચ્છુઘ્ના (कच्छुं हंति हन्) સ્ત્રી० घ्ना. ૧ હપુષા નામની વનસ્પતિ. ૨ પટોળ નામની વનસ્પતિ.

કચ્છુર (कच्छुरस्त्यस्य र) ત્રિ० रः-रा-रं. ૧ જેને ખસનો રોગ થયો હોય છે તે. ૨ પામર. ૩ જારકર્મી, છીનાળવું, રંડીબાજ.

કચ્છુરા (कच्छुः साध्यत्वेनास्यां) સ્ત્રી० रा. ૧ છીનાળવી રાંડ. ૨ વનસ્પતિ ધમાસો. ૩ વનસ્પતિ શઢી; કચુરો. [જુઓ.

કચ્છૂ ( ) સ્ત્રી० च्छु. કચ્છુ શબ્દ

કચ્છૂમતી (कच्छूः साध्यत्वेनास्यां मतुप् ङीप्) સ્ત્રી० ती. કુહલી નામની વનસ્પતિ.

કચ્છોટિકા (कच्छ उट कन्) સ્ત્રી० કા. કાછડો, કાછડી, વસ્ત્રનું અંચલ. [ની વનસ્પતિ.

કચ્છોર (केन छुर्यते छुर् घञ्) પુ० रः કચુરો નામ-

કચ્ચી (कचु ङीप्) સ્ત્રી० च्ची. એક જાતનું ભૂમિફૂંદ.

કજ (के जायते जन् ड) ત્રિ० जः-जा-जं. જલમાં ઉત્પન્ન થનાર, પાણીમાં પેદા થનાર, (जं) કમલ, પંકજ.

કજ્જલ (कुत्सितं जलमस्मात्) ક્લી० લં. ૧ કાજલ, મેશ, સુરમો. (लः) ૧ મેઘ. ૨ એક જાતનો મત્સ્ય.

કજ્જલિકા (कज्जल क्विप् अच् ङीप्) સ્ત્રી० કા. શુદ્ધ પારો અને ગંધક ખલમાં નાંખી પુષ્કળ તેનું મર્દન કરવાથી તે નામનો પદાર્થ બને છે.

કજ્જલી (कज्जल ङीप्) સ્ત્રી० લી. ઉપલો શબ્દ જુઓ.

કજ્જલધ્વજ (कज्जलं ध्वज इवास्य) પુ० जः દીવો, દીપ. कज्जवलध्वज.

કજ્જ્વલરોચક (कज्ज्वलं रोचयति रुच् णिच् ण्वुल्) પુ० कः દીવી, ચીરાગદાની, શુરમાદાની. कज्जलरोचकः [એક જાતનું શાક.

કંચટ (कचि अटच्) ક્લી० टं. જલમાં પેદા થનાર

કંચટ (कचि अटच्) પુ० टः જલપીંપળ નામની વનસ્પતિ લાંગલી. [શબ્દ જુઓ.

કંચડ (कचि अडन्) પુ० डः નપુંસકલિંગી. કંચટ

કંચાર (कंचं प्रकाशमृच्छति ऋ अण्) પુ० रः ૧ સૂર્ય, સુરજ. ૨ આકડાનું ઝાડ.

કંચિકા (कचि ण्वुल्) સ્ત્રી० કા. ૧ વાંશડાની શાખા. ૨ નાનું ગુમડું, ફોલ્લી.

કંચુક (कचि उकन्) પુ० कः ૧ સાપની કાંચળી. ૨ કાંચળી, ચોળી, ૩ બખ્તર. ૪ વસ્ત્ર, કપડું.

કંચુકાલુ (कंचुकोऽस्त्यस्य आलुच्) પુ० लुः ૧ સર્પ, સાપ.

કંચુકિન્ (कंचुक अस्त्यर्थे इनि) પુ० की. ૧ સાપ, સર્પ. ૨ જનાનખાનાનો નોકર. ૩ જવ. ૪ ચણા. ૫ છીનાળવો, રંડીબાજ.

કંચુલિકા (कचि उलच् ङीप् कन् टाप्) સ્ત્રી० કા. કાંચળી, ચોળી. [પહેરવાનું આભરણ.

કંચૂલ (कचि ऊलच्) ક્લી० लं. સ્ત્રીને શરીર ઉપર

કંજ (के जले जायते जन् ड) ત્રિ० जः-जा-जं. પાણીમાં પેદા થનાર, જલમાં ઉત્પન્ન થનાર. (जः) ૧ બ્રહ્મદેવ. ૨ હિરણ્યગર્ભ, ૩ કેશ, માથાના વાળ. (ज.) ૧ પદ્મ, કમલ. ૨ અમૃત, સુધા.

કંજક (कंजि ण्वुल्) પુ० कः મેના નામનું પક્ષી.

કંજજ (कंजात् पद्माज्जायते जन् ड) ત્રિ० जः-जा-जं. હિરણ્યગર્ભ, બ્રહ્મા, બ્રહ્મદેવ.

કંજન (कं सुखं जनयति जन् णिच् अच्) પુ० नः ૧ મેના નામનું પક્ષી. ૨ કામદેવ, મદન.

કંજર (कांजि अरन्) પુ० रः ૧ બ્રહ્મદેવ, બ્રહ્મા. ૨ પેટ, ઉદર. ૩ સૂર્ય. ૪ આકડાનું ઝાડ. ૫ હાથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કંજલ (કજિ કલચ્) પુ૰ લ: કંજક શબ્દ જુઓ.
કંજાર (કં જલં જારયતિ જૃ ણિચ્ અચ્) પુ૰ ર: ૧ ચતુરાનન. બ્રહ્મા. ૨ પેટ, ઉદર. ૩ સૂર્ય. ૪ આકડાનું ઝાડ. ૫ હાથી. ૬ તે નામનો એક મુનિ.
કંજિકા (કજિ ણ્વુલ્ ટાપ્) સ્ત્રી૰ કા. એક જાતની ઔષધિ. બ્રહ્મયષ્ટિકા.
કટ્ (ભ્વા૰ પર૰ સેટ્ કટતિ) ૧ જવું. ૨ હાલવું, ચાલવું. ૩ વર્ષવું. ૪ દુ:ખથી અથવા મુશ્કેલાઇથી જીવવું. ૫ કષ્ટથી કહેવું.
કટ્ (ભ્વા૰ પર૰ સેટ્ કંટતિ) જવું, ગમન કરવું.
કટ (કટ્ અચ્) ત્રિ૰ ટ:-ટા-ટં. ક્રિયા કરનાર.
કટ (કટ્ ઘઞ્ અચ્ વા) પુ૰ ટ:. ૧ હાથીનું ગંડસ્થલ. ૨ ગંડસ્થલ, ગાલ. ૩ એક જાતનું તૃણ જેની સાદડી ચટાઇ વગેરે થાયછે તે. ૪ સાદડી, ચટાઇ. ૫ શવ, મડદુ, પ્રેત. ૬ મડદુ લઇ જવાનો રથ. ૭ સમય, વેલા. ૮ અધિકપણું, અતિશયપણું, ૯ સ્મશાનભૂમિ, મસાણ. ૧૦ કડવું પડખું. ૧૧ તૃણ. ૧૨ તૃણ અથવા ઘાસનો બનાવેલ પડદો. ૧૩ મોસમ. ૧૪ લાકડાનું પાટીયું. લાકડાનો જાડો કડકો. ૧૫ ઘૂતક્રીડાનું સાધન દ્રવ્ય. ૧૬ ઔષધીનો એક ભેદ. ૧૭ બાણ.
કટક (કટ્ વુન્) પુ૰ ક્લી૰ ક:-કં. ૧ હાથનું ભૂષણ, કડું. ૨ પર્વતનો મધ્યભાગ. ૩ સેના, ફોજ. ૪ ચક્ર, ચાક, ૫ સમુદ્ર લવણ, દરીયામાંથી પેદા થયેલ મીઠું. ૬ રાજધાની ૭ નગરી. ૮ લશ્કરનો સંધ. ૯ શહેર. ૧૦ ગામડું. ૧૧ ઘર, રહેઠાણ. ૧૨ પર્વતમાં પૃથ્વીનો સપાટ ભાગ. ૧૩ હાથીનું દંતમંડલ.
કટકર (કટપ્રકારા પ્રકરે દ્વિત્વં) ત્રિ૰ ર:-રા-રં. અત્યંત, અતિશય, સર્વોત્કૃષ્ટ. (ર:) મહાદેવ.
કટકાર (કટં કરોતિ કૃ અણ્) ત્રિ૰ ર:-રી-રં. સાદડી-ચટાઇ વગેરે કરનાર કારીગર.
કટકાર (,,) પુ૰ સ્ત્રી૰ ર:-રી. વર્ણસંકરનો એક ભેદ. કટકૃત્.
કટકિન્ (કટોઽસ્ત્યસ્ય ઇનિ) પુ૰ કી. પર્વત પહાડ.
કટકીય (કટકાય વલયાય હિત: છ) ત્રિ૰ ય:-યા-યં. કડુ બેરખી વગેરે માટેનું સોનું વગેરે.
કટકોલ (કટસ્ય નિષ્ઠીવનરૂપસ્ય જલસ્ય કોલ: ઘનીભાવો યત્ર) પુ૰ લ: પીચદાની, પાવળું. થુંક વાનું વાસણ.
કટખાદક (કટમપિ ખાદયતિ ખદ્ ણ્વુલ્) ત્રિ૰ ક:-કા-કં. ૧ સબળું ખાનાર, સર્વભક્ષક. ૨ મડદુ ખાનાર. (ક:) ૧ શીયાળ, શીયાળનો. ૨ કાગડો.
કટખાદક (કટસ્યાવરણસ્ય ખં મધ્યાસ્થતં છિદ્રમત્તિ) પુ૰ ક: કાચનું વાસણ.
કટંકર (કટં કરતિ ગ્વાલયાઽઽવૃણોતિ કર્ અચ્) પુ૰ ર: ૧ ગણેશ. ૨ વન્હિ. ૩ ચિત્રા નામની ઔષધિનું ઝાડ. ૪ સોનું.
કટંકરેરી (કટં કરં સુવર્ણં તત્કાંતિમીરયતિ ઈર્ અણ્ ઙીપ્) સ્ત્રી૰ રી. ૧ વનસ્પતિ હલદર. ૨ વનસ્પતિ આંબાહલદર.

'નીલોત્પલોશીરકટં કરેરી' સુશ્રુત:

કટદાન (કટં દેહાવર્તનં દીયતેઽત્ર દા લ્યુટ્) ક્લી૰ નં. ભગવાનની મૂર્તિની ચોતરફ ફરવું તે.
કટન ( ) ક્લી૰ નં. ઘરનું છાપરૂં.
કટપૂતન (,,) પુ૰ ન: એક જાતનો રાક્ષસ. [શંભુ.
કટપ્રૂ (કટે શ્મશાને પ્રવતે પ્રુ ક્વિપ્) પુ૰ પ્રૂ: મહાદેવ.
કટપ્રૂ (કટેન શવેન પ્રવતે પ્રુ ક્વિપ્) પુ૰ પ્રૂ: રાક્ષસ. વિદ્યાધર. [પુ૰ પ્રૂ: ૧ જુગટીઓ. ૨ સ્વચ્છંદી.
કટપ્રૂ (કટં સમયમાચારમતિક્રમ્ય પ્રવતે પ્રુ ક્વિપ્)
કટપ્રૂ (કટં જલતૃણં પ્રવતે પ્રુ ક્વિપ્) પુ૰ પ્રૂ: એક જાતનો કીડો. [ઢગરો. કટિપ્રોથ.
કટપ્રોથ (કટસ્ય પ્રોથો માંસપિંડ:) પુ૰ થ: કુલો.
કટભંગ (કટસ્ય ભંગ:) પુ૰ ગ: સૈન્યનું ભંગાણ.

'કટભંગસ્તુ સસ્યાનાં હસ્તછેદે નૃપાત્યયે' મેદિની.

કટભંગ (કટસ્ય સૈન્યસ્ય ભંગો યસ્માત્) પુ૰ ગ: રાજાનું મૃત્યુ. [હાથથી છેદવું.
કટમંગ (કટસ્ય ઔષધીનાં ભંગ: છેદનં) પુ૰ ગ: તૃણનું
કટભી (કટ ઇવ ભાતિ ભા ક ઙીપ્) સ્ત્રી૰ ભી. વનસ્પતિ ભાલકાંકણી. ૨ વિષ્ણુકાંતાનામની ઔષધિ.
કટમાલિની (કટાનાં કિણ્વૌષધીનાં સાધનત્વેન માલાઽસ્ત્યસ્યા:) સ્ત્રી૰ ની. ૧ ભદિરા, દારૂ, હરકોઇ કેરી આસવ. [વાધ.
કટંબ (કટ્ અંબચ્) પુ૰ બ: ૧ બાણ, શર. ૨ વાદિત્ર.
કટંભર (કટં ગુણાતિશયં વિભર્તિ મુમ્ ભૃ ખચ્) પુ૰ ર: એક જાતની વેલ.
કટંભરા (,, ટાપ્) સ્ત્રી૰ રા. ૧ હાથણી. ૨ સાટોડી નામની વનસ્પતિ. ૩ મરવી નામની ઔષધિ.
કટત્રણ (ઉત્કટો વ્રણો યુદ્ધકંડુરસ્ય) પુ૰ ણ: ભીમસેન, ભીમ, પાંડવમાંહેલો ત્રીજો પાંડવ.
કટશર્કરા (કટ: નાલ: શર્કરેવ મિષ્ટરસત્વાદસ્યા:) સ્ત્રી૰ રા. ગાંગેરૂ નામની વનસ્પતિ.
કટસ્થલ (કટમેવ સ્થલમ્) ક્લી૰ લં. હાથીનું ગંડસ્થલ, કમર, કેડ.
કટાકુ (કટ્ કાકુ) પુ૰ કુ: પંખી, પક્ષી, પંખેરૂ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

कटाक्ष (कटं गंडं अक्षति व्याप्नोति अक्ष् अच्) पु० क्षः नेत्रना कोणथी जोवुं, अपांगदृष्टि.

कटाग्नि (कटेन वीरणादिवेष्टनेन जातोग्निः) पु० ग्निः तृणनो अग्नि, अपराधी, गुन्हेगार, बाळीदेवा जेवां जे तृण-तरखलां-तेने वींटी देछे ते, तृणनो अग्नि. [खुशबोदार तृण, सुगंधीवाळो.

कटायन (कटस्य अयनं उत्पत्तिसाधनं) क्ली० नं.

कटार (कट् आरन्) पु० रः १ नागर. २ कामी.

कटाल (दुष्टः कटोस्त्यस्य लच्) त्रि० लः-ला-लं. खराब गालवाळुं. २ बगडी गयेल गालवाळुं.

कटाह (कटमाहंति आहन् ड) पु० हः १ कढायुं, कढाई, २ कायबानी पीठ. ३ ते नामनो એક द्वीप. ४ कायबो. ५ सुपडुं. ६ जेनां शिंगडां थोडांज बहार नीकळ्यां छे એवुं पाडुं. ७ खप्पर. ८ नरकनो भेद. [कटी.

कटि (कट् इकन्) स्त्री० टिः केड, कम्मर. कटिका,

कटिकर (.) पु० रः कटिपश्चाद्भाग.

कटितट (कट्यास्तटं) क्ली० टं. केडनो भाग, कमरनो प्रदेश.

कटित्र (कटिं त्रायते त्रै क) क्ली० त्रं. १ नानी धुधरीवाळुं भूषण जे केड उपर बंधाय छे ते. २ केड उपर बांधवानुं वस्त्र. ३ केड कुला वगेरेनुं रक्षण करनार बख्तर.

'मृणालगौरं शितिवाससं स्फुरत्किरीटकेयूरकटित्रकंकणम्' श्रीमद्भागवतम्.

कटित्राण (कटिः त्रायतेनेन त्रै ल्युट्) क्ली० णं. उपलो शब्द जुओ. [स्थलवाळो हाथी.

कटिन् (कटोस्त्यस्य इनि) पु० टी. वखाणेला गंड-

कटिन् (कटोस्त्यस्य इनि) त्रि० स्त्री-टिनी-टि. १ जेने पडदो आणेलो होय छे ते. २ ढांकेल कमरवाळुं.

कटिप्रोथ ( ) पु० थः कुलो, ढगरो.

कटिमालिका (कटिमालेव कन्) स्त्री० का. એક जातनुं कटिभूषण.

कटिरोहक (कटिः हस्तिकटिः तं रोहति रुह् ण्वुल्) पु० कः हाथीनी केड उपर बेसनार, हाथीनी केड उपर चढनार.

कटिल्ल (कट इल्ल) पु० ल्लः कारेलुं, कारेलानो वेलो.

कटिल्लक (कटिल्ल एव कन्) पु० कः उपलो शब्द जुओ.

कटिल्लका ( ) स्त्री० का. कारेलानो वेलो.

कटिशीर्षक (कटिः शीर्षमेव संज्ञायां कन्) पु० कः कुलो, ढगरो, कटिदेश.

कटिशूल (कटिस्थं शूलं) क्ली० लं. केडमां नीकळतुं शूळ, कमरमां आवतुं शूळ.

कटिशृंखला (कटेः शृंखला) स्त्री० ला. केडमां धारण करवा योग्य नानी धुधरीवाळो कंदोरो, केडमां पेहेरवानी नानी धुधरीवाळी सांकळी.

कटिसूत्र (कटौ धार्यं सूत्रं) क्ली० त्रं. केडमां धारण करवा योग्य सुतरनुं अथवा धातुनुं बनावेल सूत्र. २ स्त्रीनो कमर पट्टो. [तीखी पीपर.

कटी (कट् इकन् ङीप्) स्त्री० टी. १ केड, कमर. २

कटीतल (कट्यास्तलमास्पदं यस्य) पु० लः वांकुं खड्ग, वांकी तलवार.

कटीतल (कट्यास्तलं) क्ली० लं. कुलो, ढगरो.

कटीर (कट् ईरन्) पु० रः १ गुफा, गुहा. २ केड. ३ कुलो. ४ बे कुला मध्येनो पोलो प्रदेश.

कटीरक (कटीर एव कन्) पु० कः उपलो शब्द जुओ

कटु (कट् उन्) त्रि० टुः-टुः-टुी-टु. १ तीखुं, तीखाश वाळुं. २ तिक्ष्ण. ३ मत्सरवाळुं. ४ विकाळ. ५ भयानक. ६ दुःखकारक. ७ अटेखुं. ८ गरम. ९ सुवासिक. १० खराब. ११ दुर्गंधवाळुं. १२ मान आवे तेवुं.

कटु (,,) क्ली० टु. १ खुश कामे, अकार्य. २ खराब आचरण. ३ ठपको. ४ दूषण, आरोप.

कटु (,,) पु० टुः १ तीखो रस, तीखाश, तीखापणुं. २ चंपानुं पुष्प. ३ कपुर.

कटु (,,) स्त्री० टुः-टुी. १ राई. २ कोथमीर. ३ पहोल नामनी वनस्पति.

कटुक (कटु कन्) पु० कः १ तीखो रस, तीखाश. तीखापणुं. २ कंकोळ नामनी वनस्पति. ३ पटोळ नामनी वनस्पति.

कटुका (,,) स्त्री० का. वनस्पति. कटुकी.

कटुका (,,) स्त्री० का. १ कडु. २ कोळीग्रो. ३ कटुकाकडी. ४ राई. त्रिकुट (शुंठ पीपर अने तीखां).

कटुकः (,,) पु० कः १ आकडो. २ धंद्रजवनुं झाड. ३ सुगंधी तृण.

कटुक (कटु कन्) त्रि० कः-का-कं. कटु शब्द जुओ.

कटुकंद (कटुकंदमस्य) पु० क्ली० दः-दं. १ लसण. २ आदु. ३ शरगवो. [युं, कडवुं तुंबडुं.

कटुकालांबु (कटुकं अलांबु) पु० बुः कडवुं दूधी-

कटुकी (कटुक ङीप्) स्त्री० की. એક जातनी वनस्पति. कटुरोहिणी. [स, मश्वर.

कटुकीट (कटुः दंशेन दुःखदत्वात् कीटः) पु० टः डांस-

कटुकीटक (कटुकीटक एव कन्) पु० कः उपलो

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

शब्द जुओ. [पक्षी.

कटुक्काण (कटुस्तीक्ष्णः क्काणो यस्य) पु० णः तेतर

कटुग्रंथि (कटुग्रंथिरस्य) पु० क्ली० थिः-थि. १ आदु. २ पीपळीमूल. ३ शुंठ.

कटुचातुर्जातक (चतुर्ष्वां जातकं स्वार्थे अण्) क्ली० कं. એલાયચી, तज, तभालपत्र, अने भरी.

कटुच्छद (कटुश्छदः पत्रं यस्य) पु० दः तगरनुं ઝાડ.

कटुत्व (कटोर्भावः) क्ली० त्वं. १ तीખाश, तीખापणुं. २ तीक्ष्णुपणुं. ३ બેસ્વાદપણું, स्वादरहितપણું.

कटुतिक्त (कटुश्चासौ तिक्तश्च) पु० क्तः १ वनस्पति કરીયાતું. २ કટુકી नामनी औषधि. ३ शणनुं ઝાડ.

कटुतिक्तक (कटुतिक्त एव कन्) पु० कः. ઉપલો शब्द जुओ. [કડવી દુધીનો વેલો.

कटुतिक्ता (विपाके कटुः स्वादे तिक्ता) स्त्री० क्ता.

कटुतिक्तिका (कटुतिक्ता एव स्वार्थे कन् इत्व) स्त्री० का. ઉપલો शब्द जुओ.

कटुतुंबी (विपाके कटुस्तुंबी) स्त्री० बी. કડવી तुंબડી.

कटुत्रय (कटोस्त्रयं) क्ली० यं. शुंઠ, पींपर अने तीખां. त्रिकटु. [त्रिकटु.

कटुत्रिक (कटोस्त्रिकं) क्ली० कं. ઉપલો शब्द जुओ.

कटुदला (कटुदलो यस्याः) स्त्री० ला. કાકડીનો વેલો.

कटुनिष्पाव (कटुः निष्पावः) पु० वः કડવો वाल.

कटुपत्र (कटु पत्रमस्य) पु० त्रः १ कटुच्छद शब्द जुओ. वनस्पति पीतपापडो. [जुओ.

कटुपत्रक (कटुपत्र एव कन्) पु० कः ५५लो शब्द

कटुपत्रिका (कटुपत्रमस्याः क्य इत्व) स्त्री० का. ભોરંગડી नामनी वनस्पति. कंटकारी.

कटुफल (कटु फलमस्य) पु० लः १ કારેલીનો વેલો. २ કંકોળ.

कटुभंग (कटुर्भंगं एकदेशोस्य) पु० गः शुंઠ.

कटुभद्र (कटुरपि भद्रः हितकारी) पु० द्रः शुंઠ, आदु.

कटुमंजरिका (कटुर्मंजर्यस्याः) स्त्री० का. અંધાડો नामनी वनस्पति. अपामार्ग.

कटुमंजरी (कटुर्मंजर्यस्याः) स्त्री० री. ઉપલો शब्द जुओ. अपामार्ग. [धीद्रव्य.

कटुमोद (कटुर्मोदो यस्य) पु० दः એક जातनुं सुगं-

कटुर (कट् उरन्) क्ली० रं. छाश, तક.

कटुरव (कटुः परुषो रवो यस्य) पु० वः દેડકો.

कटुरवी (कटुरव ङीप्) स्त्री० દેડકી.

कटुरोहिणी (कटुः सती रोहति रुह् णिनी) स्त्री० णी कटुकी शब्द जुओ.

कटुवार्ताकी (कटुश्चासौ वार्ताकी) स्त्री० की. धेणी ભોરંગડી नामनी वनस्पति. [कटुवीजा.

कटुवीजा (कटुवीजमस्याः) स्त्री० जा. तीખी पींपर.

कटुस्नेह (कटुः स्नेहोस्य) पु० हः धोળो सर्शव.

कटूत्कट (कटुश्चासौ उत्कटः) क्ली० टं. १ शुंઠ. २ आदु.

कटूत्कटक (कटूत्कटमेव कन्) क्ली० कं. ઉપલો शब्द जुओ. [तर्पणमां आपवा लायक જલ.

कटोदक (कटाय प्रेताय देयं जलं) क्ली० कं. प्रेतना

कटोल (कट् उलच्) पु० लः १ કટુરસ, तीખोरस. २ चांडाल.

कटोलवीणा (कटोलस्य वीणा) स्त्री० णा. १ चांडलनी वीणा, चंडालनुं એક जातनुं वाद्रित्र. २ रावण हाथो, किन्नरी. [वनस्पति.

कटूफल (कट् फलमस्य) क्ली० लं. કાયફલ नामनी

कटूफला (,, टाप्) स्त्री० ला. गांभारी शब्द जुओ.

कटूवंग (कटु अंगमस्य) क्ली० गं. श्येनाडनुं ઝાડ.

कटूवंग (कटूनि उग्राणि अंगानि यस्य) पु० गः १ लोध्र वृक्ष. २ सूर्यवंशमां पेदा थनार दिलीपराजा.

कटूवर (कटूष्वरच्) क्ली० रं. १ दहीनो मठो. २ छास. [कटुकी शब्द जुओ.

कटूवी (कट् ङीप्) स्त्री० ट्वी. तीખी, तीખाशवाणी.

कठ् (चुरा० उभय० सेट् कंठयति-ते.) उत्कंઠापूर्वक संभारवुं, उत्कंઠापूर्वक याद लावबुं, शोक करवो.

कठ् (भ्वा० उभय० सेट् कंठति—कंठते.) उत्कंઠापूर्वक संभारवुं, उत्कंઠापूर्वक याद लावबुं, शोक करवो.

कठ् (भ्वा० पर० सेट् कठति) दुःખथी જીવવું, दुःખमां જીવવું.

कठ (कठ् अच्) पु० ठः १ ते नामनो એક मुनि. २ कठप्रोक्त शाખानुं अध्ययन करनार. ३ यજુર્વેदनी शाખा. ४ स्वरભेद. ५ ऋગ્ભेद. ६ आपत्ति, आप्त.

कठमर्द (कठं मृद्नाति) पु० दः महादेव, शंभु.

कठर (कठ् अरन्) त्रि० रः-रा-रं. १ કઠણ. २ કઠોર. [खानो अभ्यास करनार त्रैत्रिय विप्र.

कठश्रोत्रिय (कठश्चासौ श्रोत्रियः) पु० यः कठ शा-

कठाध्यापक (कठश्चासावध्यापकश्च) पु० कः कठशाखानो अभ्यास करेलो अध्यापक.

कठाहक (कठमार्हति आहन् ण्वुल्) पु० कः એક जातनुं पक्षी. दात्यूह.

कठिका (कठ् कन्) स्त्री० का. ખડી, चाक. कठिनी.

कठिंजर (कठिं कठिनं जरयति जॄ णिच् खच् मुम्) पु० रः तुलसीनुं ઝાડ.

कठिन (कठ् इनन्) त्रि० नः-ना-नं. १ કઠણ. २ स-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ખ્ત. ૩ કઠોર. ૪ સ્તબ્ધ. ૫ નિર્દય, ક્રૂર. ૬ કષ્ટથી સાધ્ય હોય તે, નિષ્ઠુર.
'गंडाभोगात्कठिनविषयामेकवेणींकृशेन' मेघदूतम्.

कठिनत्व (कठिनस्य भावः) क्ली० त्वं. કઠણપણું, સખ્તપણું, કઠોરપણું, મુશ્કેલાઈ. काठिन्य, कठिनता.

कठिनपृष्ठ (कठिनः पृष्ठो यस्य) पु० ष्ठः કાચબો.

कठिना (कठ् इनन् टाप्) स्त्री० ना. તપેલી, તપેલું, થાલી. [निका.

कठिनी (कठिन् ङीप्) स्त्री० नी. ખડી, ચાક. कठि-
'गुणिगुणगुणनारंभे न पतति कठिनी सुसंभ्रमात्यस्य'
हितोपदेशः

कठिला ( ) स्त्री० ला. વનસ્પતિ રાતી સાટોડી. रक्तपुनर्नवा.

कठिल्ल ( ) पु० ल्लः ૧ કારેલાનો વેલો, કારેલું. ૨ વનસ્પતિ સાટોડી.

कठिल्लक (कठिल्ल एव कन्) पु० कः ૧ ઉપલો શબ્દ જુઓ. ૨ તુલસીનું ઝાડ.

कठेर (कठ् एरक्) त्रि० रः-रा-रं. મુશ્કેલાઈથી જીવનાર, દુઃખમાં જીવનાર. कृच्छ्रजीविन्. [ऋषि.

कठेरणि ( ) पु० णिः તે નામનો એક

कठेरु (कठ् एरु) पु० रुः ચમ્મરથી ન'ખાતો વા.

कठोर (कठ् ओरन्) त्रि० रः-रा-रं. ૧ કઠણ. ૨ સખ્ત. ૩ નિર્દય. ૪ દુષ્ટ. ૫ ધાતકી. ૬ પૂર્ણદશામાં આવેલું.
'कठोरतारापतिलांच्छनच्छविः' माघः

कठोरता (कठोरस्य भावः) स्त्री० ता. કઠોરપણું. कठोरत्व. [શબ્દ જુઓ.

कठोल (कठ् ओलच्) त्रि० लः-ला-लं. कठोर.

कड् (तुदा० पर० सेट् कडति) ૧ ખાવું. ૨ મદમાં આવવું, મદ પામવું.

कड् (भ्वा० पर० सेट् कंडति-ते) ૧ અહંકાર આણવો. ૨ ક્ષેતરા કહાડી નાખવાને ધાન્ય વગેરેને ખાંડવું તે.

कड् (चुरा० उभय० सेट् कंडयति-ते) ૧ રક્ષણ કરવું. ૨ સંભાળવું ૩ ફોતરાથી ધાન્યને જુદું કરવું.

कड (कड् अच्) त्रि० डः-डा-डं. ૧ મૂર્ખ, બેવકૂફ, ૨ અજ્ઞાની.

कड (कड् घञ्) पु० डः ખાવા યોગ્ય પદાર્થ.

कडक (कड् अच् कन्) क्ली० कं. બાફથી ઉત્પન્ન થયેલ સમુદ્રનું મીઠું.

कडंगर (कड् गृ अच् मुम्) क्ली० रं. ભગ વગેરે ધાન્યનું ફલફુલવિનાનું તૃણ. ૨ કડબ વગેરે. कडं-कर.

कडंगरीय (कडंगरमर्हति) त्रि० यः-या-यं. ૧ ભગ-વગેરે ધાન્યનુ ફલફુલવિનાનુ તૃણ ખવરાવવાને યોગ્ય. ૨ કડબ ખવરાવવા લાયક. कडंकरीय.

कडत्र (कड् अत्रन्) क्ली० त्रं. ૧ ભાંડ, વાસણ, પાત્ર. ૨ સ્ત્રી, ભાર્યા. ૩ શ્રોણી.

कडंब (कड् अंबच्) पु० बः ૧ છેડો, અંત. ૨ પ્રાંત ભાગ. ૩ ખૂણો. ૪ ભાજી ઈત્યાદિકનો કાંદો.

कडंबी (कडंब ङीप्) स्त्री० बी. એક જાતનું શાક.

कडार (कड् आरन्) त्रि० रः-रा-रं. ભોંજરા વર્ણવાળું, ભોંજરૂ. [૨ સેવક, ચાકર, નોકર.

कडार (,,) पु० रः ૧ ભોંજરો વર્ણ.

कडार (कड् आरन्) त्रि० रः-रा-रं. અહંકાર પામેલું, અહંકારી, ગરૂરીવાળું, ગર્વિષ્ઠ.

कडितुल (कड्या तुलाऽत्र) पु० लः ખડ્ગ, તલવાર.

कड् (भ्वा० पर० सेट् कड्डति) કઠણ થવું, સખ્ત-થવું. કઠોરથવું.

कण् (भ्वा० पर० सेट् कणति) ૧ રોવું ૨ નાદ કરવો, શબ્દ કરવો. ૩ દુઃખીનું રોવું. [જવું.

कण् (भ्वा० पर० सेट् कणति) ૧ જવું. ૨ પાંસે

कण् (चुरा० पर० सेट् कणयति) આંખ મીચવી, મીચવું.

कण (कण् अच्) पु० णः ૧ ધાન્ય વગેરેનો બારીક અંશ. ૨ લેશ. ૩ ઘણોજ સૂક્ષ્મભાગ.
'उद्यानानां नवजलकणैर्यूथिकाजालकानि'
मेघदूतम्

कणगुग्गुल (कणश्चासौ गुग्गुलुः) पु० लुः ભેંસો ગુગલ નામની વનસ્પતિ.

कणजीर (कणश्चासौ जीरश्च) पु० रः ૧ હલકું જીરું. ૨ ઝીણું જીરું. ૩ બારીક જીરું. ૪ ધોળું જીરું.

कणजीरक (कणजीर अल्पार्थे कन्) पु० कः ૧ હલકું જીરું. ૨ ઝીણું જીરું. ૩ બારીક જીરું. ૪ ધોળું જીરું. [દુક.

कणप (कण पा क) पु० पः એક જાતનું યંત્ર, બં-
'चापचक्रकणपप्रासपट्टिशमुशलतोमरादिप्रहरणजालम्'.
दशकुमारचरितम्

कणभ (कण इव भाति भा क) पु० भः એક જાતનો કીડો. [क्षी, वैशेषिक सूत्रकार कणादमुनि.

कणभक्ष (कण भक्ष् अण्) पु० क्षः એક જાતનું પ-

कणभक्षक (कण भक्ष् ण्वुल्) पु० कः ઉપલો શબ્દ જુઓ.

कणलाभ (कणानां लाभो यस्मात्) पु० भः લોટ પીસવાની ચક્કી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

कणलाभ ( ) पु० भः पाणीनुं चक्राकार फरवुं.
कणशस् (कण विप्सार्थे शस्) अव्य० शः कणेकण.
कणा (कण् टाप्) स्त्री० णा. १ तीखी लींडी पीपर. २ जूनं. ३ बारीक भाग. ४ सूक्ष्म अंश. ५ એક જાતની माखी. [णीयेाडे, खंजनपक्षी.
कणाटीन (कणायाटति अट् ईनन्) पु० नः १ दीवा-
कणाटीर (कणायाटति ईरक्) पु० रः उपलेा शब्द જુએા. [णाटीन शब्द જુએા.
कणाटीरक (कणाटीर एव स्वार्थे कन्) पु० कः क-
कणाद (कणमत्ति अद् अण्) पु० दः १ सेानार, सेानी. २ वैशेषिक सूत्रकार.
कणिक (कणो विद्यतेस्य कन्) १ धउंनेा लेाट, भेंदेा. २ अतिसूक्ष्म अंश, धणेा बारीक भाग. ३ गणीआरीनुं आड. ४ वैरी, शत्रु.
कणिका (कण् इच् टाप्) स्त्री० का. जूनं, तांदळजनी भाजीनेा એક भेद, धणेा थेाडेा भाग.

'तामुत्थाप्य स्वजलकणिकाशीतलेनालिनेन'

मेघदूतम्

कणित (कण् क्त) क्ली० तं. १ पीडितनेा शब्द, आर्तस्वर, दुःखीनी धुम. २ पीडित शब्द करनार.
कणिश (कणो विद्यतेऽस्य इनि कणिः तं श्यति शो क) क्ली० शं. धान्य वगेरेनुं कणसलुं.
कणी (कणा ङीप्) स्त्री० णी. १ वनजूई. २ कणिका.
कणीक (कण् ईकन्) त्रि० कः-का-कं. १ अल्प, थेाडुं, जरा. २ बारीक.
कणीचि (कण ईचि) स्त्री० चिः १ चणेाठी. २ पुल जेने आवेल એવી वेल. ३ गाडा, गाडु.
कणीचि (,,) पु० चिः १ निवास. २ पल्ली.
कणीयस् (कण ईयस्) त्रि० यान्-यसी-यस्. अत्यंत बारीक, अतिसूक्ष्म, धणुं थेाडुं, वयमां नाहानुं.
कणेर (कण् एर) पु० रः कणेरनुं आड.
कणेरु (कण एरु) पु० रुः कणेरनुं आड.
कणेरु (कण एरु) स्त्री० रुः १ वेश्या. हाथणी.
कंटक (कटि प्वुल्) पु० क्ली० कः कं. १ कांटेा. २ दुश्मन. ३ माछलानेा कांटेा. ४ रेामांच. ५ सेायनी छेवटनेा अणीदार भाग. ६ उपद्रव, हरकेाई हरकत, दिलगीरी के गभराटनु मूलकारण.
कंटकद्रुम (कंटकप्रधानेा द्रुमः) पु० मः बावणीयेा वगेरे कांटानु आड. २ सीभळानु आड.
कंटकपर्णा (कंटकानि पर्णेस्याः) स्त्री० र्णा. केवडेा.

कंटकप्रावृता (कंटकैः प्रावृता व्याप्ता) स्त्री० ता એક જાતની કુંવાર.
कंटकफल (कंटकाचितं फलमस्य) पु० लः १ गेाखरुनु आड. २ पनसनुं आड. [लानेा वेलेा.
कंटकफला (कटकाचितं फलमस्याः) स्त्री० ला. कंटे-
कंटकभुज् (कंटकानि भुंक्ते भुज् क्विप्) पु० क्-ग्. उंट.
कंटकवृंताकी (कंटकाचिता वृंताकी) स्त्री० की. वेंगणेनेा छेाड, रींगणानेा छेाड. वंत्याकनेा छेाड.
कंटकश्रेणि (कंटकानां श्रेणिरत्र) स्त्री० णिः वनस्पति, भेायरीगणी. [चीडेा.
कंटकागार (कंटक आ गृ अण्) पु० रः कांकरेडेा, का-
कंटकार (कंटकमृच्छति कृ अण्) पु० रः शीभलानु आड. [रींगणी. कंटकारिका.
कंटकारी (कंटकार ङीप्) स्त्री० री. वनस्पति. भेाय-
कंटकाल (कंटं कंटकाकारं फलं कलयति कल् अच्) पु० लः पनसनुं आड.
कंटकालुक (कंटकाय अलति पर्याप्नोति अल् उकञ्) पु० कः जवासानुं आड.
कंटकाशन (कंटकमश्नाति अश् युच्) पु० नः उंट.
कंटकाष्ठील (कंटकमष्ठीलमिवास्य) पु० लः એકજાતનुं माछलुं.
कंटकित (कंटको रेामांचेा जातेा यस्य इतच्) त्रि० तः-ता-तं. जेने रेवाडां उभां थया हेाय छे ते, जेने रेामांच पेदा थयेल ते.

'असीद्वारः कंटकितप्रकोष्टः'

कंटकिन् (कंटकेास्त्यस्य इनि) त्रि० की-किनी-कि. कांटावाळु, कंटकयुक्त.
कंटकिन् (,,) पु० की० १ माछलुं. २ खेरनुं आड. ३ बावळनुं आड. ४ करंजीनुं आड. ५ भद्दनवृक्ष. ६ खेारडीनुं आड. ७ गेाखरुनु आड. ८ वांसनुं आड. [आड.
कंटकिनी (कंटकिन् ङीप्) स्त्री० नी. भेारींगणीनुं.
कंटकिफल (कंटकयुक्तं फलमस्य) पु० लः करंजनुं आड. २ गेाखरुनुं आड.
कंटकिल (कंटक इलच्) पु० लः એક જાતનेा वांस.
कंटकिल (कंटकेाऽस्त्यस्य इलच्) त्रि० लः-ला-लं. कांटावाळु. [वेलेा.
कंटकिलता (कंटकिनी लता) स्त्री० ता. काकडीनेा
कंटकी (कंटक ङीप्) स्त्री० की. रींगणु, वेंगणी, वंत्याकीनेा छेाड.
कंटकीद्रुम (कंटकी द्रुमः) पु० मः १ खेरनुं आड. २ बावळनुं आड. [कंटकफल, कंटाकिफल.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

कंटकीफल (कंटकीफलस्य) पु० ल: પનસનું ઝાડ.
कंटकुरंट (कंटप्रधानः कुरंटः) पु० ट: એક જાતની વનસ્પતિ. [વડો, કેતકી.
कंटदला (कंटं कंटकाचितं दलमस्याः) स्त्री० ला. કેતકી.
कंटफल (कंटं कंटकान्वितं फलमस्य) पु० ल: ૧ ગોખરૂનું ઝાડ. ૨ ધતુરાનું ઝાડ. ૩ પનસનું ઝાડ. ૪ એરંડાનું ઝાડ.
कंटल (कंट अलच्) पु० ल: બાવળનું ઝાડ.
कंटेकारिन् ( ) पु० री. પનસનું ઝાડ.
कंटाफला (कंटावेष्टनं तदुपलक्षितं फलमस्य) स्त्री० ला. ઉપલો શબ્દ જુઓ.
कंटालु (कंटाय अलति पर्य्याप्नोति अल् उण्) स्त्री० लुः ૧ રીંગણી. ૨ બાવળનું ઝાડ. ૩ વાંસડાનું ઝાડ.
कंटिन् (कंटास्त्यस्य इनि) त्रि० टी-टिनी-टि. કાંટાવાળું, કંટકયુક્ત.
कंटिन् (,,) पु० टी. ૧ ખેર. ૨ અધાડાનું ઝાડ. ૩ બાવળનું ઝાડ.
कंटिनी (,,) स्त्री० टिनी. ભોરીંગણી.
कंठ (कठि अच्) पु० ठः ૧ ગળું, ઘાંટી, કંઠ. ૨ પાંસે, સમીપ, નિકટ. ૩ કંઠનો ધ્વનિ, ૪ ધ્વનિ, અવાજ. ૫ હોમકુંડના બાહ્યભાગમાં આંગળીઓ ભાપેલું સ્થાન. ૬ મદનવૃક્ષ. ભીંઢળ.
' कंठाश्लेषप्रणायिनि जने किं पुनर्दूरसंस्थे ' मेघदूतम्
कंठकुणिका (कंठध्वनिरिव कूणयति कुण् ण्वुल्) स्त्री० का. વીણા નામનું એક વાદિત્ર.
कंठग (कंठ गम् ड) त्रि० गः-गा-गं. કંઠસુધી જનાર, ગળાસુધી જનાર.
कंठतलासिका (कंठतल आस् ण्वुल्) स्त्री० का. ચામડું અથવા દોરી જે ઘોડાને ગળે વીંટાળાય છે તે.
कंठनीडक (कंठे निकटस्थे नीडे कायति कै क) पु० कः સમળી નામનું પક્ષી, સમડી નામનું પક્ષી,
कंठनीलक (कंठ नील् णिच् ण्वुल्) पु० कः મશાલ, મોટો દીવો, તૃણ વગેરેનો ભડકો.
कंठपाशक (कंठे पाश इव-कायति कै क्) पु० कः હાથીને ગળે બાંધવાનો દોર.
कंठपाशक (कंठपाश एव कन्) पु० कः ગળે બાંધવાની દોરડી. [ળામાં બંધન.
कंठबंधन (कंठे बंधनं) स्त्री० नं. ગળે બાંધવું, ગ-
कंठभूषा (कंठे भूषा) स्त्री० षा. ગળામાં પહેરવાનું આભરણ, કંઠમાં પહેરવાનું ઘરેણું.
कंठमणि (कंठे धार्यो मणिः) पु० णिः ગળામાં પહેરવા યોગ્ય મણિ. [જની મીક્ષાશ.
कंठमाधुर्य (कंठस्य माधुर्यं) क्ली० र्यं. ગળાના અવા-
कंठलग्न (कंठे लग्नं) त्रि० ग्नः-ग्ना-ग्नं. ગળે વળગેલું, ગળે બાંધેલું, આલિંગેલું. [જુઓ.
कंठलता (कंठः लतेव) स्त्री० ता. કંઠમૂષા શબ્દ
कंठशोष (कंठस्य शोषो यस्मिन्) पु० षः પિત્તરોગ.
कंठसूत्र ( ) क्ली० त्रं. રતિશ્રમ પામેલ વિદગ્ધા નાયિકા પોતાના પ્રિયને સ્તનાભિધાત કરે છે એવો એક રતિબંધ.
' तस्य निर्दयरतिश्रमालसाः कंठसूत्रमपदिश्य भोगिनः '
रघुवंशम्.
कंठस्थ (कंठे तिष्ठति स्था) त्रि० स्थः-स्था-स्थं. ૧ કંઠમાં રહેનાર. ૨ ગળામાં હોનાર. ૩ જેનો કંઠથી ઉચ્ચાર થાય છે તે.
कंठागत (कंठ आ गम् क्त) त्रि० तः-ता-तं. કંઠસુધી આવેલું, ગળાસુધી આવેલું.
कंठाग्नि (कंठेऽग्निः पाकाग्निर्यस्य) पु० ग्निः પક્ષી, પંખી, પંખેરું. [બ્દ જુઓ.
कंठाभरण (कंठस्य आभरणं) क्ली० णं. કંઠભૂષા શ-
कंठाल (कठि आलच्) पु० लः ૧ સુરણ. ૨ યુદ્ધ, લડાઇ. ૩ ઉંટ. ૪ પાવડો. ૫ વાહણ. ૬ કોદાળી.
कंठाला (,, टाप्) स्त्री० ला. દહીં વગેરે વલોવવાનું વાસણ.
कंठावसक्त (कंठे अवसक्तः) त्रि० क्तः-क्ता-क्तं. ૧ કંઠે વળગેલું. ૨ ગળે બાંધેલું, આલિંગેલું.
कंठिका (कंठो भूष्यतेऽनया) स्त्री० का. ગળામાં પહેરવા યોગ્ય એક સરની કંઠી.
कंठी (कंठ ङीप्) स्त्री० ठी. ૧ ઘોડાને ગળે બાંધવાનો ચામડાનો પટ્ટો. ૨ કંઠ, ગળું.
कंठीरव (कंठ्यां रवोऽस्य) पु० वः ૧ સિંહ. ૨ માંતેલો હાથી. ૩ ખચ્ચર, પારેવુ.
कंठीरवी (कंठारव ङीप्) स्त्री० वी. વાસક વૃક્ષ, અરડુસાનું ઝાડ. [મહાદેવ, શંભુ, નીલકંઠ.
कंठेकाल (कंठे कालः कंठो कालोस्य वा) पु० लः
कंठ्य (कंठे भवः यत्) त्रि० ठ्यः-ठ्या-ठ्यं. ૧ ગળામાં હોનાર. ૨ કંઠમાં પેદા થનાર, ગળામાં થનાર.
कंठ्य (कंठस्वराय हितः यत्) त्रि० ठ्यः-ठ्या-ठ्यं. ગળાના અવાજ માટે હિતકારક, કંઠના ધ્વનિસારૂ ફાયદાકારક.
कलिल (कल् इलच्) त्रि० लः-ला-लं. १ દુઃખે પેસાય તેવું. २ ગહન. ३ મિશ્ર. ४ દુરધિગમ. ५ દુર્ભેદ્ય.

'यदा ते मोहकलिलं बुद्धिर्व्यतितरिष्यति'

भगवद्गीता

कलिवृक्ष (कलेर्वृक्षः) पु० क्षः. બેડાનું ઝાડ. कलिद्रुम.

कलिहारी (कलिं हरति ह अण् ङीप्) स्त्री० री. એક જાતનું ઔષધ. विषलांगली.

कली (कलि ङीप्) स्त्री० ली. ફુલની કળી, अस्फुटित पुष्प.

कलुक्क ( ) पु० क्कः. १ એકજાતનુ વાદ્ય, ઝાંઝ.

कलुक्का ( ) स्त्री० क्कः. १ તારા. २ દારૂની દુકાન. ३ મદ્ય વેચવાનું પીઠું. ४ ઉલ્કા.

कलुष (कल् उषच्) त्रि० षः-षा-षं. १ અસ્વચ્છ. २ મેલું, મેલવાળું, મલમિશ્રિત. ३ દુષ્ટ, ઘાતકી. ४ નિંદેલું. ५ અસમર્થ. ६ પાપી.

'भावावबोधकलुषादपि तेन रात्रौ' माघः

कलुष (कस्य जलस्य लुषो घातकः) पु० षः પાડો, મહિષ.

कलुष (कल् उषच्) क्ली० षं, પાપ, પાતક.

कलुषयोनि (कलुषा योनिर्यस्य) જેની ઉત્પત્તિ અશુદ્ધ અને અસ્વચ્છ છે તે, મેલું.

कलुषित (कलुष इतच्) त्रि० तः-ता-तं. १ મેલુ કરેલ, મેલુ. २ અપવિત્ર. ३ દુષ્ટ. ४ ઘાતકી.

कलुषिन् (कलुष इनि) त्रि० षी-षिणी-षि. १ પાપી. २ અપવિત્ર. ३ મલમિશ્રિત.

कलुषी (कलुष ङीप्) स्त्री० षी. ભેંશ.

कलेवर (कले शुक्रे वरं श्रेष्ठं) क्ली० रं. शरीर. देह.

'यं यं भावं स्मरन् देही त्यजत्यंते कलेवरम्'

गीता.

कलोत्तार (कलः उत्तारः यस्य) त्रि० रः-रा-रं. તીક્ષ્ણ નાદનું. [ઉપલો શબ્દ જુઓ.

कलोत्ताल (कलः उत्तालः यस्य) त्रि० लः-ला-लं.

कल्क (कल् क) त्रि० ल्कः-ल्का-ल्कं. પાપી, પાતકી, પાપાશય.

कल्क (कल् क) पु० क्ली० ल्कः-ल्कं. १ વિષ્ટા, ગુ, પેટમાંહેલો ગુદદ્વારે નિકળતો મળ. २ પાતક, પાપ. ३ દંભ, ઢોંગીપણું. ४ મેલ. ५ અહંકાર, ગર્વ. ६ કચરો, કીચડ. ७ ગાળ .८ કાનનો મેલ- ९ ચટણીજેવો વાટેલો અથવા ધુંટેલો પદાર્થ. १० ઘી, તેલ વગેરેનો ગાળ. १२ શેલારસ. १३ વિભીતકનું ઝાડ. બેડાનું ઝાડ. १४ રૂક્ષતા કરવાનું ચૂર્ણ.

कल्कन (कल्कं करोति कल्क णिच् ल्युट्) क्ली० नं. १ ઢોંગીપણું કરવું. २ શઠપણું કરવું. ३ शाठ्याचरण, દંભ. [पु० लः. દાડમનું ઝાડ.

कल्कफल (कल्कस्य विभीतकस्य फलमिव फलमस्य)

कल्कि (कल्कोऽस्त्यस्य इन्) पु० ल्किः ભગવાનના દશ અવતારમાંહેલો દશમો અવતાર જે હજુ સુધી થયો નથી.

कल्किन् (कल्कि इनि) त्रि० ल्की-ल्किनी-ल्कि. १ ગાળવાળું. २ કચરાવાળું. ३ મેલવાળું. ४ દુરાચારી. ५ દંભી.

कल्किन् (,,) पु० क्ली. કલ્કી અવતાર.

कल्किपुराण (कल्किनः पुराणम्) क्ली० णं. वेदव्यासप्रणीत अनुभागवत, તે નામનું ઉપપુરાણ.

कल्प (कृप् घञ् कृप् णिच् अच् वा) पु० ल्पः १ પ્રલય. २ બ્રહ્માનો રાત્રિ દિવસ મળીને એક દિવસ. ३ રચવું. ४ વિકલ્પ. ५ ઇતિકર્તવ્યતાવાળું વિધાન. ६ વેદના ષડંગ પૈકી એક અંગ. ७ વૈદિકવિધાન જ્ઞાપક, તે નામનું એક શાસ્ત્ર. ८ યોગ્યપણું. ९ લાયકપણું, લાયકી. १० ઠરાવ, નિર્ધાર. ११ કલ્પવૃક્ષ. १२ નિરોગીપણું. १३ અવાજ, શબ્દ, ધ્વનિ. १४ દંભ. १५ ગુફા, ગુહા.

कल्प (कृप् णिच् अच्) त्रि० ल्पः-ल्पा-ल्पं. १ લાયક, યોગ્ય २ સરખુ, તુલ્ય. ३ કલામાં હુશીઆર. ४ ગહન.

कल्पक (कृप् णिच् ण्वुल्) त्रि० कः-का-कं. १ રચનાર, રચના રચનાર. २ આરોપક.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કલ્પક (,,) પુ૰ કઃ વનસ્પતિ કચુરો. ૨ વાળંદ, હજામ, નાઇ.

કલ્પકાર (કલ્પં કલ્પસૂત્રં કરોતિ) પુ૰ રઃ કલ્પસૂત્ર કરનાર આશ્વલાયન વગેરે. કલ્પકારક.

કલ્પકાર (કલ્પં વેશં કરોતિ અણ્) ત્રિ૰ રઃ-રા-રં. વેશ વગેરે કરનાર, સ્વોંગ વગેરે ધારણ કરનાર.

કલ્પકાર (,,) પુ૰ રઃ વાળંદ, હજામ, નાઇ. કલ્પકારક. [પ્રલય.

કલ્પક્ષય (કલ્પસ્ય સૃષ્ટેઃ ક્ષયોત્ર) પુ૰ યઃ સૃષ્ટિનો

કલ્પતરુ (કલ્પશ્ચાસૌ તરુશ્ચ) પુ૰ રુઃ કલ્પવૃક્ષ, વાંછિત ફલ આપનારુ ઝાડ. ૨ સ્મૃતિનિબંધનનો એક ભેદ. ૩ શારીરસૂત્ર ઉપરના ભાષ્ય ટીકાનો ભામતી રૂપે ગ્રંથ. [ત ફલ આપનારૂં ઝાડ.

કલ્પદ્રુ (કલ્પશ્ચાસૌદ્રુશ્ચ) પુ૰ દ્રુઃ કલ્પવૃક્ષ, વાંછિ,

કલ્પદ્રુમ (કલ્પશ્ચાસૌ દ્રુમશ્ચ) પુ૰ મઃ ઉપલો શબ્દ જુઓ. કલ્પપાદપ. [પવું. ૩ ફાતરવું.

કલ્પન (કૃપ્ લ્યુટ્) ક્લી૰ નં. ૧ છેદવું. ૨ કા-

કલ્પન (કૃપ્ ણિચ્ લ્યુટ્) ક્લી૰ નં. ૧ રચના. ૨ વિધાન. ૩ આરોપ. ૪ નિશ્ચય. ૫ નિર્ધાર. ૬ અટકળ, તર્ક. ૭ રચના, ભૂષણ. ૮ શિલ્પ વગેરેની કળાનું કરવું.

કલ્પના (કૃપ્ ણિચ્ યુચ્) સ્ત્રી૰ ના. ૧ રચના. ૨ વિધાન. ૩ ચઢવા વાસ્તે હાથીને સજ કરવો તે. ૪ વ્યતિરેક વ્યાપ્તિના જ્ઞાનના તાબાના અનુમાનનો એક ભેદ. ૫ અર્થાપત્તિરૂપે પ્રમાણાંતર. ૬ તર્ક. ૭ અજમાશ. ૮ નિશ્ચય. ૯ શૃંગારવું, ભૂષણ. ૧૦ વિધિ, કાયદા. ૧૧ અટકળ. ૧૨ નિયમ, સંપાદન.

કલ્પનાકાલ (કલ્પનાયાઃ કાલ ઇવ કાલો યસ્ય) ત્રિ૰ લઃ-લા-લં. સંકલ્પ વિકલ્પની પેઠે એકદમ જલ્દી નાશ પામે તેવું અસ્થિર.

કલ્પની (કૃપ્ લ્યુટ્ ઙીપ્) સ્ત્રી૰ ની. ફાતર ફાતરવાનું સાધન.

કલ્પનીય (કૃપ્ અનીયર્) ત્રિ૰ યઃ-યા-યં. કલ્પના કરવા યોગ્ય.

કલ્પપાદપ (કલ્પશ્ચાસૌ પાદપશ્ચ) પુ૰ પઃ કલ્પતરુ શબ્દ જુઓ, મહાદાનના અંદર સોનાનું બનાવેલ ઝાડના આકારનું જે દ્રવ્ય અપાય છે તે.

'મૃષા ન ચક્રેઽલ્પિતકલ્પપાદપઃ' નૈષધીયમ્.

કલ્પપાલ (કલ્પં સુરાભિલાષં પાલયતિ) પુ૰ લઃ મદ્ય વેચવાનો ધંધો કરી ગુજરાન ચલાવનાર, શૌંડિક, કલાલ.

કલ્પલતિકા (કલ્પાચાસૌ લતિકા ચ) સ્ત્રી૰ કા. ઇચ્છિત ફલ આપનારી લતા.

કલ્પલતા (,,) સ્ત્રી૰ તા. ઉપલો શબ્દ જુઓ. [શબ્દ જુઓ.

કલ્પવૃક્ષ (કલ્પશ્ચાસૌ વૃક્ષશ્ચ) પુ૰ ક્ષઃ કલ્પતરુ

કલ્પસૂત્ર ( ) ક્લી૰ ત્રં. આશ્વલાયન આપસ્તંબ વગેરેએ બનાવેલ વૈદિક કર્મના અનુષ્ઠાનનું પ્રતિપાદન કરનાર સૂત્ર ગ્રંથ.

કલ્પાંત (કલ્પસ્યાંતોત્ર) પુ૰ તઃ પ્રલય, પ્રલયસમય.

કલ્પાંતક્રૂરકેલિઃ ક્રતુક્રદનકરઃ કુંદકર્પૂરકાંતિઃ
ઉદ્ભટઃ

કલ્પાંતસ્થાયિન્ (કલ્પાંતે તિષ્ઠતિ) ત્રિ૰ યી-યિની-યિ. કાયમ રહેનાર, નિત્ય રહેનાર.

કલ્પિત (કૃપ્ ણિચ્ ક્ત) ત્રિ૰ તઃ-તા-તં. ૧ બનાવેલ. ૨ કરેલ. ૩ રચેલ. ૪ ક્રિયામાં કરેલું. ૫ અનુમાન કરેલું. ૬ અટકળ કરેલ. ૭ તર્ક કરેલ. ૮ સિદ્ધકરેલ. ૯ તૈયાર કરેલ. ૧૦ વ્યંજીત.

કલ્પિત (,,) પુ૰ તઃ યુદ્ધમાટે અથવા બેસવા માટે તૈયાર કરેલ હાથી.

કલ્પિતાર્ઘ (કલ્પિતોઽર્ઘો યસ્ય) ત્રિ૰ ર્ઘઃ-ર્ઘા-ર્ઘં. જેને અર્ઘ આપવો કર્યો છે તે.

'કલ્પિતાર્ઘાય તસ્મૈ' મેઘદૂતમ્.

કલ્પ્ય (કૃપ્ યત્) ત્રિ૰ લ્પ્યઃ-લ્પ્યા-લ્પ્યં. ૧ રચના કરવા યોગ્ય. ૨ રચવાયોગ્ય. ૩ કરવા યોગ્ય. ૪ અનુષ્ઠાન કરવા લાયક. [તિ, કરવું.

કલ્મન્ (કર્મન્ રસ્ય લઃ) ક્લી૰ લ્મ. કામ, ક્રિયા, કૃ-

કલ્મલિ (કલયતિ અપગમયતિ મલં) પુ૰ લિઃ તેજ, પ્રકાશ, અજવાળું, [મણિબંધ.

કલ્મષ (કર્મ સો ક) ક્લી૰ ષં. ૧ પાપ, પાતક. ૨

કલ્મષ (,,) પુ૰ ષઃ ૧ તે નામનું નરક. ૨ તે નામનો એક માસ. [મેલું. ૨ પાપી.

કલ્મષ (,,) ત્રિ૰ ષઃ-ષા-ષં. ૧ મલીન,

કલ્માષ (કલ્ માષ્ અચ્) પુ૰ ષઃ ૧ ચિત્રવર્ણ. ૨ કાબરચિત્રોવર્ણ. ૩ કાળોવર્ણ, ધોળા અને કાળા વર્ણનું મિશ્રણ. ૪ રાક્ષસ. ૫ એક જાતના સુગંધી ચોખા. ૬ અગ્નિનો ભેદ. ૭ નાગભેદ.

કલ્માષ (કલ્ મષ્ અચ્) ત્રિ૰ ષઃ-ષા-ષં. કાબરચિત્રુ, કાબરચિત્રાવર્ણવાળું, ધોળા અને કાળા રંગવાળું.

કલ્માષ (કલ્માષઃ કંઠો અસ્ય) પુ૰ ષઃ મહાદેવ, શંભુ. કાલકંઠ, નીલકંઠ.

કલ્માષપાદ (કલ્માષૌ પાદૌ યસ્ય) પુ૰ દઃ સૂર્યવંશમાં પેદા થયેલ સુદાસ રાજાનો તે નામનો પુત્ર. ઋતુપર્ણ રાજાનો પૌત્ર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

कल्माषी (कल्माष ङीप्) स्त्री० षी. १ जमदग्नि ऋषिनी काબરચિત્રી કામધેનું. ૨ યમુનાનદી. ૩ ગંગા યમુનાના સંગમ ઉપર ભૃગુઋષિના આશ્રમ પાંસેથી નીકળતી નદી.

कल्य (कल् यत् कलासु साधु यत्) त्रि० ल्यः-ल्या-ल्यं. १ ક્રિયાચતુર, ડાહ્યું, શાણું. ૨ નિરોગી, તંદુરસ્ત. ૩ સમર્થ. ૪ તૈયાર થયેલું, સજ્જ થયેલું. ૫ શુભ કરવાવાળું. ૬ કલ્યાણ આપનારૂં. ૭ બેરૂ, મુંગુ. ૮ પઢાવેલું, શિખવેલું. ૯ ઉપદેશ કરેલું.

कल्य (कल् यत्) क्ली० ल्यं. १ સવારનો પહોર. ૨ ભવિષ્ય. ૩ ગઇ કાલનો દિવસ. ૪ આવતી કાલનો દિવસ. [ભોજન. નાસ્તો. કલ્યાશ.

कल्यजाग्धि (कल्ये प्रातर्जग्धिः) स्त्री० ग्धिः સવારનું

कल्यता (कल्यस्य भावः) स्त्री० ता. તંદુરસ્તી, નીરોગીપણું. [શૈાંડિક.

कल्यपाल (कल्यं पालयति) पु० लः દારૂ ખેંચનાર,

कल्यवर्त (कल्ये प्रातर्वृत्यते वृत् णिच् अच्) पु० र्तः प्रातर्भोजन, નાસ્તો.

कल्या (कल्य टाप्) स्त्री० ल्या. १ સુરા, ભદ્ય. ૨ શુભાભિકા વાણી. ૩ હરડે, હરડેનું ઝાડ.

कल्याण (कल्ये प्रातरण्यते शब्द्यते अण् घञ्) क्ली० णं. १ સોનું, સુવર્ણ, હેમ. ૨ મંગલ. ૩ સુદૈવ. ૪ સૈાખ્ય.

' कल्याणं वः क्रियासु किसलयरुचयस्तेकराभास्करस्य '
सूर्यशतकम्.

कल्याण (कल्य अण् घञ्) त्रि० णः-णी-णं. १ શુભયુક્ત. ૨ સુખી. ૩ સંતોષી. ૪ મંગલયુક્ત.

कल्याण (कल्य अण् घञ्) पु० णः રાળનું ઝાડ.

कल्याणक (कल्याण इव कायति कै क) पु० कः વનસ્પતિ પિત્તપાપડો.

कल्याणगुड (कल्याणयुक्तः गुडः) पु० डः પીપળી મૂળ જીરૂં પીપર અજમોદ વગેરેથી મિશ્રિત પાકેલો ગોળ.

कल्याणचार (कल्याणः चारो यस्य) त्रि० रः-रा-रं. કલ્યાણ માર્ગે આચરતું. ૨ ભાગ્યશાલી, સુદૈવવાળું. [જ્યોતિષપ્રસિદ્ધ યામાંગ.

कल्याणयोग (कल्याणनामकः योगः) पु० गः

कल्याणवत् (कल्याण मतुप्) त्रि० वान्-वती वत्. મંગલયુક્ત, શુભયુક્ત.

कल्याणवाचन (कल्याण वच् णिच्) क्ली० नं. શાસ્ત્રવિહિત કર્મ કર્યા પછી બ્રાહ્મણદ્વારાએ કલ્યાણયુક્ત મંત્રનું બોલાવવું, સ્વસ્તિવાચન.

कल्याणबीज (कल्याणं बीजं यस्य) पु० जः એક જાતનું ધાન્ય. મસૂર.

कल्याणिका (कल्याण कन् इत्वं) स्त्री० का. १ રાતેા સોમલ. ૨ મણસલ.

कल्याणिन् (कल्याण इनि) त्रि० णी-णिनी-णि. १ કલ્યાણકારક. ૨ ક્ષેમકારક. ૩ ક્ષેમસંપન્ન. ૪ મંગલયુક્ત.

' कल्याणिनी भवतु मौक्तिकशुक्तिमाला ' उद्भटः

कल्याणिनी (कल्याण इनि ङीप्) स्त्री० नी. વનસ્પતિ બલદાણા.

कल्याणी (कल्याण ङीप्) स्त्री० णी. १ કલ્યાણ કરવાવાળી, માંગલ્યદા. ૨ રાની અડદનુ ઝાડ, માષપર્ણી. ૩ રાળ. ૪ ગાય.

' उपस्थितेयं कल्याणी नाम्नि कीर्तित एव यत् '
रघुवंशम्.

कल्यापाल (कल्यां सुरां पालयति) पु० लः कल्यपाल શબ્દ જુઓ. [શબ્દ જુઓ.

कल्यापालक (कल्या पा णिच् ण्वुल्) पु० कः ઉપલેા

कल्युष ( ) क्ली० षं. મણિબંધ.

कल्ल् (भ्वा० आत्म० सेट् कल्लते) १ અસ્પષ્ટ બોલવું. ૨ ખરાબ શબ્દ કરવું. ૩ મુંગા થવું. ૪ શબ્દ કરવેા. [વાની શક્તિવિનાનું.

कल्ल (कल्ल् अच्) त्रि० ल्लः-ल्ला-ल्लं. બહેરૂં, સાંભળ-

कल्लत्व (कल्लस्य भावः) क्ली० त्वं. १ બહેરાપણું. ૨ સ્વરનું ભેદન, સ્વરભંગ.

कल्लि ( ) अव्य० ल्लि આવતી કાલે.

कल्लोल (कल्ल् ओलच्) पु० लः १ મોટા લોઢ, મોટા મોજા, મોટા તરંગ. ૨ આનંદ, ઉમંગ હર્ષ.

' लल्याणं वो विधत्तांकरटमदधुनिलोलकल्लोलमाला '
भारतचंपुः

कल्लोल (कल्ल् ओलच्) त्रि० लः-ला-लं. વેરી, શત્રુ, દ્વેષી, સામાવાળું. [तरंगिणी.

कल्लोलिनी (कल्लोल इनिं ङीप्) स्त्री० नी. નદી.

कल्हण ( ) पु० णः राजतरंगिणी ગ્રંથનો કર્તા.

कव् (भ्वा० आत्म० सेट् कवते) १ વખાણવું, ૨ કાવ્ય કરવું. ૩ ચીતરવું. ૪ વર્ણવું, વર્ણન કરવું.

कवक (कु अच् कन्) पु० कः કોળીયેા ગ્રાસ.

कवक (,,) क्ली० कं. ચેામાસામાં નીકળતી કાગડાની ટોપી. भूच्छत्राक, शिलिंध्र.

कवच (कं वातं वंचति) पु० क्ली० चः-चं. १ બખ્તર. ૨ રણનુ નગારૂ. ૩ દુંદુભિ. ૪ નોબત. ૫ કવચરૂપે બીજો અક્ષર. 'हुं' ૬ વનસ્પતિ પિત્તપાપડો. ૭ વનસ્પતિ તજ. ૮ ભૂર્જ વૃક્ષ. ૯ લાંબી પીપરનું ઝાડ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

कवचपत्र (कवचमिव पत्रं पत्रमस्य) पु० त्रः भूर्જ પત્રનું ઝાડ, ભોજપત્રનું ઝાડ.
कवचहर (कवचं हरति येन वयसा ह अच्) पु० रः બાલ, બાલક, શિશુ, કુમાર.
कवचिन् (कवच इनि) त्रि० ची-चिनी-चि. જેણે બખ્તર ધારણ કરેલું છે તે.
कवटी (कु अटन् ङीप्) स्त्री० टी. કમાડ, દ્વાર, બારણું. કપાટ, કવાટ.
कवयि (काज्जलात्वयते गच्छति वय् इन्) स्त्री० यिः એક જાતનું માછલું.
कवर्गी (क वर्ग इन् ङीप्) स्त्री० र्गी. ઉપલો શબ્દ જુઓ.
कवर (कौति कु अरन्) पु० रः પાઠ કરનાર, પાઠક.
कवर (कं जलं वृणोति वृ अच्) पु० क्ली० रः-रं. ૧ મીઠું, લવણ. ૨ ખટાશ, ખટાઇ.
कवर (के मूर्ध्नि वरं वरणीयं) त्रि० रः-री-रं. કેશભૂષા, કેશભૂષણ. [વર્ણ.
कवर (कु अरन्) पु० रः કાબરચીતરો વર્ણ, ચિત્ર
कवर (,,) त्रि० रः-रा-रं. કાબરચીતરું, ચિત્ર વર્ણવાળું.
कवर (कव् अरन्) त्रि० रः-रा-रं. ૧ જોડેલું, ૨ સાંધેલું. ૩ મિશ્રિત. ૪ ખચિત. ૫ સંપૃક્ત,
कवरक (कवरं किरति क्षिपति कृ ड) पु० कः બંદીવાન, કેદી.
कवरकी (कवरक ङीप्) स्त्री० की. બંદીવાન સ્ત્રી.
कवरी (कवर ङीप्) स्त्री० री. ૧ ચોટલાની લટ. ૨ હીંગુપત્રી. કવરી.
' अमरीकवरीभारभ्रमरीमुखरीकृता ' कुवलयानंदः
कवर्ग (कघटितो वर्गः) पु० र्गः કંઠસ્થાનથી પેદા થએલ. ક, ખ, ગ, ઘ, ઙ. રૂપીવર્ણસમૂહ.
कवर्गीय (कवर्गे भवः) त्रि० यः-या-यं. કવર્ગમાં પેદા થનાર, કવર્ગમાં હોનાર.
कवल (केन तालेन वलते वल् अच्) पु० लः એક જાતનું માછલું. [ગ્રાસ.
कवल (के जले वलते वल् अच्) पु० लः કોળિઓ
' मुस्ताप्ररोहकवलावयवानुकीर्णम् ' रघुवंशम्.
कवलग्रह (कवलस्य ग्रहः) पु० हः કોળિઓ લેવો તે, ગ્રાસ લેવો તે.
कवलप्रस्थ (कवलस्य प्रस्थः) पु० स्थः કોળિઆ જેટલા પરિમાણનો એક ભેદ.
कवलिका (कवल इव कन्) स्त्री० का. ગુમડું, ક્ષત વગેરે ઉપર પોટીશ.
कवलित (कवलं करोति कवल् णिच् क्त) त्रि० तः-ता-तं. ૧ જેનો કોળીઓ કરેલ છે. ૨ ખાધેલું, ભક્ષણ કરેલું. ૩ વ્યાપ્ત. [નો કાંટો.
कवस (कु अस्) पु० सः ૧ બખ્તર. ૨ એક જાત-
कवाट (कं वातं वटति वट् अण्) क्ली० टं. કમાડ, બારણું.
' कवाटदुर्धर्षतिरः प्रसारिता ' नैषधीयम्.
कवाटघ्न (कवाटं हंति शक्त्या) पु० घ्नः ચોર.
कवाटचक्र (कवाटं चक्रं यस्मात्) पु० क्रः એક જાતનું વૃક્ષ. [માડ, નાનું બારણું.
कवाटी (कवाट अल्पार्थे ङीप्) स्त्री० टी. નાનું ક-
कवार (कं जलं वृणोति वृ अण्) क्ली० रं. કમળ, પદ્મ.
कवि (कु कव् वा इन्) पु० विः ૧ સર્વજ્ઞ. ૨ બ્રહ્મા. ૩ વાલ્મિકમુનિ. ૪ કાવ્ય કરનાર, કવિતા રચનાર. ૫ ભૃગુપુત્ર, શુક્રાચાર્ય. ૬ સૂર્ય. ૭ ઘુવડ પક્ષી. ૮ આકડાનું ઝાડ.
कवि (कव् इन्) त्रि० विः-विः-वी-वि. ૧ મેધાવી. ૨ ક્રાંતદર્શી. ૩ જ્ઞાતા. ૪ વિદ્વાન્. ૫ સ્તુત્ય. ૬ સ્તુતિ કરનાર.
कवि (कु अच् इ) स्त्री० विः લગામ. ખલીન.
कविका (कविरेव कन्) स्त्री० का. ઉપલો શબ્દ જુઓ. [આદિ કવિ.
कविज्येष्ठ (कविषु ज्येष्ठः) पु० ष्ठः वाल्मिकिमुनि,
कविता (कवेर्वर्णयितुर्भावः तल्) स्त्री० ता. કવિ કર્મ કાવ્ય, કવિતા, કવિત્વ. कवित्व.
कवितावेदिन् (कवितां वेत्ति) पु० दी. કવિ.
कवित्व (कवेर्भावः) क्ली० त्वं. ૧ કાવ્ય. ૨ કાવ્યવિદ્યા. ૩ વિદ્યા. ૪ કવિપણું.
कविपुत्र (कवेः पुत्रः) पु० त्रः ૧ ભાર્ગવ, શુક્રાચાર્ય, દૈત્યગુરૂ. ૨ કવિનો દીકરો.
कविय (कं सुखमजति) क्ली० यं. લગામ.
कविराज (कवीनां राजा कविः राजेव वा टच्) पु० जः ૧ કવિશ્રેષ્ઠ, ૨ કવિમાં ઉત્તમ. ૩ કવિ તેજ રાજા.
' श्रीहर्षे कविराजराजमुकुटालंकारहीरः सुनम्.'
नैषधीयम्.
कविरामायण (कविना कवित्वेन रामः अयनं यस्य) पु० णः वाल्मिकिमुनि, આદિ કવિ.
कविल (कु कव् वा इलच्) त्रि० लः-ला-लं. ૧ વખાણ કરનાર, તારીફ કરનાર, સ્તુતિ કરનાર. ૨ શબ્દ કરનાર. [કાવ્ય જાણનાર, કવિ.
कविवेदिन् (कविं कवित्वं वेत्ति विद् णिनि) पु० दी.
कवीय (कवि स्वार्थे छ) क्ली० यं. લગામ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

कवूल ( ) क्ली० लं. नीलकंठे ताज्यके कहेलो ते नामनो એક યોગ. [ल.२ कुवलय.

कवेल (कं जलं विलति विल् अण्) क्ली० लं- १ कम-

कवोष्ण (कुत्सितमुष्णं कवादेशः) त्रि० ष्णः-ष्णा-ष्णं. थोडुं उनुं, थोडुं गरम, जरा उष्णु.

'पयः पूर्वैः स्वनिश्वासैः कवोष्णमुपभुज्यते'

रघुवंशम्.

कवोष्ण (,,) क्ली० ष्णं. थोडुं गरमपणुं, थोडी उष्णुता.

कव्य (कवयः क्रांतदर्शिनः पितरस्तस्येदं अण्) क्ली० व्यं. पितृप्रेतने उद्देशीने अपातो अन्न બલિ વગેરે.

कव्यवाल (कव्यंबल्यते दीयतेऽस्मै वल् घञ्) पु० लः. १ अग्नि, वन्हि. २ पितृदेवनो भेद.

कव्यावाह (कव्यं वहति प्रापयति पितॄन् वह् घञ्) पु० हः. पितृप्रेतने अन्नબલિ वगेरे पहोंचाडनार अग्नि. [शब्द जुओ.

कव्यवाह् (कव्यं वहति वह् ण्वि) पु० ट्-ड्. उपलो

कव्यवाहन (कव्यं वहति वह् ल्युट्) पु० नः. कव्यवाह शब्द जुओ.

कश् (भ्वा० पर० सेट् कशति) १ જવું. २ शब्दકरवो. ३ शासन કरवुं. ४ मारवुं.

कश (कश् अच्) पु० शः. चाબક, કोરडो.

कशा (कश् अच् टाप्) स्त्री० शा. १ चाબક, કोरडो; २ કोरडाथी मारवुं.

कशात्रय ( ) क्ली० यं. घोडाने कोरडावडे मारवानी त्रण रीति छे ते.

'सम्यक् कशात्रयविचारवता नियुक्तः' माघः.

कशार्ह (कशाताडनमर्हति अर्ह अण्) त्रि० र्हः-र्ही-र्हं. કोरडाथी मारवा योग्य, चाબકथी ठोકवा योग्य.

कश्य (कशामर्हति) त्रि० श्यः-श्या-श्यं, उपलो शब्द जुओ.

काशिक (कश् इकन्) पु० कः. तोળिओ.

काशिपु (कशति दुःखं) पु० क्ली० पुः-पु. १ अन्न. २ आच्छादन, वस्त्र. ३ शय्या, બીछानुं. ४ आसनભेद. [બन्ने.

काशिपू (,,) पु० द्वि०पू. अन्नवस्त्र

कशोरक (कश इरक) पु० कः. ते नामनो એક પક્ષી.

कशेरु (कं जलं वातं वा शृणाति क शृ उ एरङ्) स्त्री० रुः. १ तृण કंदनो એક ભેદ. २ त्वष्टानी चौदકन्याओमांहेली ते नामनी એક કન્યા.

कशेरु (,,) पु० क्ली० रुः-रु. पीઠनुं એક હાડકું.

कशेरु (,,) पु० रुः. भारतवर्षना नवખंडमांहेलो ते नामनो એક ખંડ.

कशेरुक (कशेरु कन्) क्ली० कं. १ तृणકंदनो એક ભેદ. २ કांदो. ३ पाणी, उदક.

कशेरुका (कशे रुकन् टाप्) स्त्री० का. पीઠनुं दंडજेवुं હાડકું.

कशेरूस् (कशृ एरङ्) स्त्री० रुः. એક જાતનું तृण.

कश्चन (कः च न) अव्य० न. કોક, કોઈએક, કોઈક.

'दमघोषसुतेन कश्चन प्रतिशिष्टः प्रतिभानवानथ'

माघः.

कश्चित् (कः चित्) अव्य० त्. उपलो शब्द जुओ.

'कश्चित्कांताविरहगुरुणा स्वाधिकारात्प्रमत्तः'

मेघदूतम्.

कश्मल (कश् कल मुट्) क्ली० लं. १ मूर्छा. २ मोह. ३ पातक, पाप. [भेलुं.

कश्मल (कश् कल् मुट्) त्रि० लः-ला-लं. मलिन,

कश्मीर (कश् ईरन् मुट्) पु० रः. કाश्मीरदेश.

कश्मीरज (कश्मीरे जायते जन् ड) क्ली० जं. केशर. काश्मीर, कुंकुम. [केशर.

कश्मीरजन्मन् (कश्मीरे जन्म यस्य) क्ली० न्म.

कश्य (कशत्यनेन कश् यत्) क्ली० श्यं. भद्दिरा, मद्य.

कश्य (कशामर्हति यत्) त्रि० श्यः-श्या-श्यं. કोरडो मारवा योग्य, चाબક मारवा लायક.

कश्यप (कश्यं पिबति पा क) पु० पः १ ते नामनो એક ऋषि. २ दक्षप्रजापतिनो जमाई. ३ ब्रह्मदेवनो मानसपुत्र, महिषीनोपुत्र. ४ देव, दानव, मनुष्य, सर्प, गंधर्व वगेरे सर्वजातिनो पिता. ५ मृगनो એક ભેદ. ६ मत्स्यनो એક ભેદ.

कश्यपनंदन (कश्यपस्य नंदनः) पु० नः गરुડपक्षी. कश्यपपुत्र, कश्यपसुत. [सवुं. ३ चोળवुं.

कष् (भ्वा० पर० सेट् कषति) १ ઠार मारवुं २ ध-

कष (कष् अट्) पु० षः कसोटी.

'सुवर्णरेखेव कषे निवेशिता' मृच्छकटिकम्.

कषण (कष् ल्युट्) त्रि०णः-णा-णं. १ अपડव, ક્રાચું. २ पुख्त दशामां नहि आवेलुं. ३ वयमां नहि आवेलुं.

कषण (कष् ल्युट्) क्ली० णं. १ धसवुं. २ कसोटीवडे धसवुं. ३ चोળवुं. ४ निशान કरवुं ५ हलाववुं.

'कषणकंपनिरस्तमहाहिभिः' माघः

कषपाषाण (कषस्य पाषाणः) क्ली० पु० णं-णः कसोटी. [चाબક કोरडो.

कषा (कष्यते ताड्यतेऽनया कष् अच्) स्त्री० षा.

'कृच्छ्रेण पृष्ठे कषयाभिताडितः' श्रीमद्भागवतम्.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

कषाकु (कष् आकु) पु० कुः १ सूर्य. २ अग्नि. ३ आकडानुं ઝાડ. ४ चित्रानुं ઝાડ.

कषाघात (कषायाः घातः) पु० तः चाબુક મારવો તે, ફટકો મારવો તે, કોરડો મારવો તે.

कषाय (कष् आय) त्रि० यः-या-यं. १ स्वादमां तुरं. २ सुगंधी, ખુશબોદાર, सुवासिક. ३ ઉંદરના રંગ જેવા રંગવાળું. ४ राता रंगनुं.

कषाय (कषति कंठं कष् आय) पु० क्ली० यः-यं. १ तुरो स्वाद, तुरो रस. २ કવાથ, કાઢો. ३ तेलीओ लाल रंग. ४ राग. ५ विलेपन. ६ अंगराग. ७ मल. ८ रातो अने पीળો એકઠો રંગ.

कषाय (कष् आय) पु० यः १ धावडीनुं ઝાડ. २ કોઠનું ઝાડ. ३ राળનું ઝાડ. ४ आसक्ति. ५ मननो ताप.

कषायकृत् (कषाय कृ क्विप्) पु० त. लोध्रनुं ઝાડ.

कषायचित्र (कषायेण चित्रं) त्रि० त्रः-त्रा-त्रं. रातातेलीआ रंगनुं. [सो. २ ખજુરીનું ઝાડ.

कषाया (कषाय टाप्) स्त्री० या. १ वनस्पति धभा-

कषायान्वित (कषायेणान्वितः) त्रि० तः-ता-तं. तुरं, तुरा स्वादवाળું, કટાણું.

कषायित (कषायो जातोऽस्य इतच्) त्रि० तः-ता-तं. જેને રંગ થયેલ છે તે, રંગેલું.

कषायिन् (कषाय इनि) त्रि० यी-यिनी-यि. १ तुरं, तुरास्वादनुं. २ रातातेलीआ रंगनुं. ३ विषयमां आसक्त.

कषायिन् (,,) पु० यी. १ सागनुं ઝાડ. २ ખજુરીનું ઝાડ. ३ બકુલનું ઝાડ.

कषि (कष् इन्) त्रि० षिः-षिः-षि. १ हिंसाકારક. २ धातुक, धातકी. ३ दुष्ट.

कषित (कष् क्त) त्रि० तः-ता-तं. १ જેને દુઃખ દીધું હોય તે, २ જેનો અપકાર કરેલ હોય તે.

कषिका (कष् ईकन्) स्त्री० का. કોદાળી.

कषीका (कष् ईकन्) स्त्री० का. पक्षीजाति.

कषेरुका (कषेरु कन्) स्त्री० का. १ पीઠનું લાંબુ હાડકું. २ तृण, કંદની जाति. ३ तृणनी जाति.

कष्ट (कष् क्त) क्ली० ष्टं. पीडा, व्यथा, दुःख.

कष्ट (,,) त्रि० ष्टः-ष्टा-ष्टं. १ दुःખी. २ કષ્टवाળું, पीडावाळुं. ३ કષ્टथी मेળववा योग्य. ४ गहन. ५ पीडाकारક.

कष्टकर (कष्टं करोति कृ) त्रि० रः-री-रं. पीडा કરનાર, दुःख देनार, કષ્ट કરનાર.

कष्टकार (कष्टं करोति कृ अण्) त्रि० रः-री-रं. ઉપલો शब्द જુઓ. (रः) संसार, जगत्, विश्व, दुनिया,

कष्टकारक (कष्टं करोति कृ ण्वुल्) त्रि० कः-का-कं. पीडा કરનાર, दुःख देनार, કષ્ट કરનાર.

कष्टकारक (,,) पु० कः संसार, जगत्, विश्व, दुनिया.

कष्टारिपु (कष्टसाध्यो रिपुः) पु० पुः બહુજ દુઃખથી साधी लेवाय तेवो शत्रु.

कष्टस्थान (कष्टस्य स्थानं) क्ली० नं. दुःખનું ઠેકાણું, पीडानी જગા. कष्टास्पद.

कष्टि (कष् क्तिन्) स्त्री० ष्टिः १ परीक्षा, परीक्षण. २ दुःख, पीडा. ३ કસોટી મુકવી. [चालवुं.

कस् (भ्वा० पर० सेट् कसति) १ જવું. २ हालवुं,

कस् (अदा० आत्म० सेट् कंसते) १ नाश કરવું. २ જવું. ३ आज्ञा કરવી. ४ शासन કરવું.

कस् (अदा० आत्म० सेट् कसते) १ नाश કરવું. २ જવું.

कस (कस् अच्) पु० सः કસોટી.

कसन (कसति हिनस्ति ल्युट्) पु० नः ઉધરસનો રોગ, કફનો રોગ.

कसनोत्पाटन (कसनं कासरोगम् उत्पाटयति उत् पट् ल्युट्) पु० नः वनस्पति અરડુસો.

कसा (कस् अच् टाप्) स्त्री० सा. चाબુક, કોરડો.

कसांबु ( ) क्ली० बु. पितृप्रेतने કવ્य दान आपती वખते अपातुं જલ.

कसिपु ( ) पु० पुः अन्न, ખોરાક, ઉકાળેલા ચોખા.

कसेरुका (कसुरुः कन्) स्त्री० का. १ એક જાતનું तृण. २ पीઠનું લાંબું હાડકું.

कस्तीर (कस्तीरे जातं) क्ली० रं. १ धातुनी जाति, કથીર. २ ते नामनुं એક નગર. [કસ્तुरी.

कस्तुरिका (कसति गंधो दूरतः यस्याः) स्त्री० का.

कस्तूर ( ) पु० रः જેમાં કસ્तुरी पेदा थायछे ते मृगनी दुंटी, કસ્तुरीमृगनी नाभि.

कस्तूरिका (कस्तूरी एव कन्) स्त्री० का. कस्तुरी.

कस्तूरिकांडज ( ) पु० जः कस्तुरी.

कस्तूरी (कसति गंधो दूरतः यस्याः कस् उर् तुट्) स्त्री० री. कस्तुरी. मृगमद.

'कस्तूरीकरपत्रभंगनिकरो मृष्टो न गंडस्थले'

उद्भटः

कस्तूरीमृग (कस्तूरी हेतुको मृगः) पु० गः જેની दुंटीमां कस्तुरी थायछे ते जातनो मृग. कस्तुरिकामृग. [मोह, मूर्च्छा.

कस्मल ( ) क्ली० लं. पाप, पातक,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

कस्मात् ( ) अव्य० स्मात् शाथी, शाभाटे, केम.

कस्वर (कस् वरच्) त्रि० रः-रा-रं. १ જનાર, ગમન કરનાર. ૨ હિંસક, હિંસા કરનાર.

कहय (कस्य सूर्यस्य हयः) पु० यः सूर्यनो घोडो.

कहोड ( ) पु० डः ते नामनो એક ઋષિ, ઉદ્દાલક ઋષિનો શિષ્ય, અષ્ટાવક્રનો પિતા.

कह्लार (के जले ह्लादते ह्लाद् अच्) पु० रः धोणुं કમલ.

'आह्लदिकह्लारसमीरणा ते' माघः

कह्व (कं जलं ह्वयति ह्वे क) पु० ह्वः બગલો પક્ષી.

कांसीय (कंसस्य विकारः छ) क्ली० यं. धातुनी જાતિ, કાંસું.

कांस्य (कंसीयस्य विकारः घञ्) क्ली० स्यं. १ धातुनी જાતિ, કાંસું. ૨ એક જાતનું વાદ્ય. ૩ એક જાતનું પરિમાણ.

कांस्य ( ) पु० क्ली० स्यः-स्यं. પીવાનું વાસણ, પ્યાલો, કાંસીઓ. [कांसुं.

कांस्यक (कांस्य कन्) क्ली० कं. धातुनी જાતિ

कांस्यकार (कांस्य पात्रं करोति पु० रः કંસારો.

कांस्यनील (कांस्येन कृतो नीलः) पु० लः એક જાતનું અંજન, એક જાતનો સુરમો.

काक (कै कन्) पु० कः १ કાગડો, કાગ. ૨ કાળો ઉંબર. ૩ લંગડો માણસ. ૪ ભૂમિનો એક ભાગ. ૫ કાકપદજેવો આકાર. ૬ તિલકનો એક ભેદ. ૭ બેશરમ આદમી. ૮ ભાતની એક જાત. ૯ કોયલ પક્ષી.

'काकानामभिषेके कारणतां वृष्टिरनुभवति'
गोवर्द्धनः

काक (कस्य शिरसः आकः सेधवं) पु० कः પાણીમાં ભાથું બુડાવવું.

काक (काकानां समूहः अण्) क्ली० कं. કાગડાનું ટોળું.

काककंगु (काकप्रिय कंगुः) पु० गुः એક જાતનું ધાન્ય. [નો કાગડો.

काककंटक (काके कंटक इव) पु० कः એક જાત-

काककला (काकस्य कला अवयवो यस्याः) स्त्री० ला. काकजंघा शब्द જુઓ.

काकघ्नी (काकं हंति) स्त्री० घ्नी. કરંજનું ઝાડ.

काकचिंचा (काकपर्णा चिंचा प्रांतभागं यस्याः) स्त्री० चा. કાળામુખવાળી ચણોઠીનો વેલો.

काकचिंचि (काकचिंचा पृषो०) स्त्री० चिः ઉપલો શબ્દ જુઓ. काकचंचा, काकचिंची.

काकच्छद (काकस्य छद इव छदो यस्य) पु० दः ખંજન પક્ષી, દીવાળીયોડો.

काकच्छद (काकस्य छदः) पु० दः કાગડાની પાંખ.

काकच्छद (,,) पु० दः કેશના જુલ્ફા.

काकच्छदि (काकच्छद इव) पु० दिः અંજન પક્ષી, દીવાળીયોડો. काकच्छद. [જુઓ.

काकच्छर्दि ( ) पु० र्दि. ઉપલો શબ્દ

काकजंघा (काकस्य जंघेव जंघावयवो यस्याः) स्त्री० घा. काककला शब्द જુઓ.

काकजंबु (काकवर्णा जंबुः) स्त्री० बुः એક જાતની વનસ્પતિ. भूमिजंबू, भूमिजंबुका.

काकण ( ) क्ली० णं. કાળા અને રાતા ડાઘવાળું પત. महाकुष्ट. [જુઓ.

काकणक (काकण एव कन्) क्ली० कं. ઉપલો શબ્દ

काकणंतिका (कु ईषत्कणंती निमीलंती कण् शतृ ङीप्) स्त्री० का. ચણોઠી.

काकणंती (कु ईषत्कणंती निमीलंती) स्त्री० ती. ઉપલો શબ્દ જુઓ. [काकत्व.

काकता (काकस्य भावः) स्त्री० ता. કાગડાપણું.

काकतालीय (काकतालमिव छ) क्ली० यं. અવિતર્કિત સંભવ જેમકે અતર્કિત કાગડાનું આવવું અને અકસ્માત્ તાડનું પડવું એવો સંભવ.

काकतालीयवत् (काकतालीय वत्) अ० वत्. અવિતર્કિત સંભવની પેઠે, જેમકે અતર્કિત કાગડાનું આવવું અને અકસ્માત્ તાડનું પડવું થાય તેમ.

काकतालुकिन् (काकतालुक इनि) त्रि० की-किनी-कि. १ નીચ, હલકું. ૨ તુચ્છ માનવા યોગ્ય.

काकतिक्ता (काकमांसवत् तिक्ता) स्त्री० क्ता. १ ચણોઠી. ૨ રાંગનું ઝાડ. ૩ વનસ્પતિ સાગરગોટી.

काकतिंदुक (काकवर्णो तिंदुकः) पु० कः १ વનસ્પતિ, કચુરો. ૨ જહેર કચુરો. काकतिंदु.

काकतुंड (काकतुंडस्य वर्णोस्तस्य अच्) पु० डः. કાલાગુરૂ ચંદન.

काकतुंडी (काकवत् कृष्णतुंडमस्याः ङीप्) स्त्री० डी. १ ચણોઠી. ૨ કાકનાસાનું ઝાડ. काकतुंडिका.

काकदंतगवेषण (काकदंतस्य गवेषणं) क्ली० णं. કાગડાને દાંત છે કે નહિ એવો નિરર્થક તપાસ કરવો તે.

काकदंतिका (काकदंति कन्) स्त्री० का. १ ધોળી ચણોઠી. ૨ એક જાતની વનસ્પતિ જેને દાંતી કહે છે.

काकध्वज (काकमीषजलं बाष्पं ध्वज इवास्य) पु० जः સમુદ્રની નીચે રહેલો અગ્નિ, વાડવાગ્નિ, વાડવાનલ. [निप्) पु० मा. બકવૃક્ષ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

काकनामन् (काकेनापि नाम्यतेऽसौ नम् णिच् ड्व-
काकनासा (काकस्य नासेव फलमस्याः) स्त्री० सा. કાંગનું ઝાડ. ૨ ધોળું નસોતર. काकनासिका.
काकनीला (काक इव नीला) स्त्री० ला. એક જાતનું જાંબુ.
काकंदी ( ) स्त्री० दी. આંબળાનું ઝાડ.
काकपक्ष (काकस्य पक्षः तदाकारोस्त्यस्य) पु० क्षः કાનશેરીઆં, જુલફાં.
'काकपक्षधरमेत्य याचितः' रघुवंशम्.
काकपक्षक (काकपक्ष कन्) पु० कः ઉપરનો શબ્દ જુઓ.
काकपद ( ) पु० दः. એકજાતનો રતિબંધ. જેમાં સ્ત્રીના બે પગ પુરૂષ પોતાના ખભા ઉપર મુકી સ્ત્રીના ભગમાં લિંગને હળવેથી મુકી મૈથુન કરેછે તે. [ર્ણી. રાની ભગનું ઝાડ.
काकपर्णी (काक इव कृष्णं पर्णमस्याः ङीप्) स्त्री०
काकपाद (,,) पु० दः. વેહકળીનું ઝાડ.
काकपीलु (काकप्रियः पीलुः) पु० लुः. काकतिंदुक શબ્દ જુઓ. ૨ રાતીચણોઠીનું ઝાડ. ૩ ધોળી ચણોઠીનું ઝાડ. [શબ્દ જુઓ.
काकपीलुक (काकपीलुरेव कन्) पु० कः. ઉપલો
काकपुच्छ (काकस्येव पुच्छो यस्य) पु० च्छाः. કોયલ, કોકિલપક્ષી. [परभृत्.
काकपुष्ट (काकेन पुष्टः) पु० ष्टः. કોયલ, કોકિલપક્ષી.
काकपुष्प (काकवर्णं पुष्पमस्य) क्ली० ष्पं. એક જાતની વનસ્પતિ. गंधपर्ण. ग्रंथीपर्णी.
काकपेय (काकैरनतिक्रंवैरःपेयं) त्रि० यः-या-यं. નીચી ડોક વાળ્યાવિના કાગડાથી પી શકાય તેવું.
काकफल (काकप्रियं फलमस्य) पु० लः. લીંબડાનું ઝાડ. [ને આપવાયોગ્ય બલિ.
काकबलि (काकेभ्यो देयो बलिः) पु० लिः. કાગડા-
काकभंडी ( ) स्त्री० डी. ધોળિયચણોઠીનું ઝાડ. [એક જાત.
काकभास (काकवद् भासते) पु० सः. કાગડાની
काकभीरु (काकाद् भीरुः) पु० रुः. ઘુડપક્ષી. પેચક.
काकमद्गु (काक इव कृष्णो मद्गुः) पु० द्गुः. એક જાતનું પક્ષી. दात्यूह.
काकमर्द (काकं मृद्नाति मृद् अण्) पु० र्दः. એકજાતનું ઝાડ. महाकालवृक्ष. [જુઓ.
काकमर्दक (काक मृद् ण्वुल्) पु० कः. ઉપલો શબ્દ
काकमाचिका (काकमाची कन्) स्त्री० का. એકજાતની વનસ્પતી.
काकमाची (काकान् मंचते ङीप्) स्त्री० ची. ઉપલો શબ્દ જુઓ., કાયફલનો વેલો.
काकमातृ (काकस्य मातेव पोषिका) स्त्री० ता. काकमाचिका શબ્દ જુઓ.
काकमुद्गा (काकेन ईषज्जलेन मुदं गच्छति) स्त्री०द्गा. રાની મગ. मुद्गपर्णी.
काकयव (काकमीषज्जलमत्र ताटशो यवः) पु० वः. ફલવિનાનું તૃણધાન્ય વીગેરે. વાંઝીયા યવ વગેરે.
काकरुक (कु कृ उकः) त्रि० कः-का-कं. ૧ નાગું, દિગંબર. ૨ ધણીવિનાનું. ૩ ગરીબ.
काकरुक (,,) पु० कः. ૧ કપટ. ૨ દગો. ૩ સ્ત્રીવશપુરૂષ. [કાગડાનો અવાજ.
काकरुत (काकस्य रुतं) क्ली० तं. કાગડાનો શબ્દ,
काकरुहा (काक इव रोहति अंतरीक्षे) स्त्री० हा. એક જાતની વનસ્પતિ. वृंदाकवृक्ष.
काकरूक (कुत्सितं करोति कृ ऊक) त्रि० कः-का-कं. ૧ નિર્ધન. ૨ ગરીબ. ૩ બીકણ. ૪ દિગંબર, નાગુ, નગ્ન. [અધીનતામાં વર્તતો પુરૂષ.
काकरूक (का कृ ऊक) पु० कः ૧ દંભ. ૨ સ્ત્રીની
काकल (ईषत्कलो यस्मात् कादेशः) क्ली० लं. ગ્રીવાનો ઉન્નત પ્રદેશ. [કાગડો. દ્રોણકાક.
काकल (केति कलो थस्य) पु० लः એક જાતનો
काकल (ईषत्कज्जलं लाति ला क) क्ली० लं. ભાતની એક જાત, ચોખાની એક જાત. [દેશ.
काकलक (काकल कप्) पु० कः ગ્રીવાનો ઉન્નત
काकलि (कल् इन् कादेशः) स्त्री० लिः મધુર અને અસ્પુટ ધ્વનિ. [જુઓ.
काकली (काकलि ङीप्) स्त्री० ली. ઉપલો શબ્દ
'क्रीडत्कोकिलकाकलीकलकलैरुद्गीर्णकर्णज्वराः'
साहित्यदर्पणम्.
काकली (काकलः गलस्थोन्नतप्रदेशाकारो यस्याः ङीप्) स्त्री० ली. ખાતર પાડવાનું સાધન, ખાતરીયું.
काकली (काकं काकवर्णमर्द्धफले लाति ला ङीप्) स्त्री० ली. ચણોઠી.
काकलीद्राक्षा (काकलीव सूक्ष्मा द्राक्षा) स्त्री० क्षा. બીજ વિનાની દરાખ, બીસમીસ.
काकलीरव (काकली मधुरास्फुटो रवो यस्य ' वः કોયલ, કોકિલ પક્ષી.
काकलीरव (काकलीश्वासौ रवश्च) पु० र અને અસ્પુટ ધ્વનિ.
काकवंध्या (काकीव वंध्या) स्त्री० ध्या પેઠે એકજ વાર ફરજંદને જન્મ આ
काकवल्लभा (काकस्य वल्लभा) स्त्री

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જાંબુ. ૨ કાગડી. [નો વેલો. સ્વર્ણવલ્લી.

काकवल्लरी (काकप्रिया वल्लरी) સ્ત્રી०રી. એક જાત-

काकवैरि (काको वैरिर्यस्य) पु० रिः काकारि શબ્દ જુઓ. [વાજ, કાગડાનું બોલવું.

काकशब्द (काकस्य शब्दः) पु० ब्दः કાગડાનો અ-

काकशालि (काकवर्णः शालिः) पु० लिः એક જાત-નો ચોખો, કાળી સાળ. [શબ્દ જુઓ.

काकशिंबी (काकप्रिया शिंबी) स्त्री० बी. काकतुंडी

काकशीर्ष (काकः शीर्षऽग्रे यस्य) पु० र्षः ઉપલો શબ્દ જુઓ. [જાતનું ઝાડ. વકવૃક્ષ.

काकस्त्री (काकस्य स्त्रीव श्यामत्वात्) स्त्री० स्त्री. એક

काकस्त्री (काकस्य स्त्री) स्त्री० स्त्री. કાગડી.

काकस्फुर्ज (काकः स्फूर्जत्यत्र स्फुर्ज् घञ्) पु० र्जः काकतिंदुक શબ્દ જુઓ.

काका (काकः काकाकारोऽस्त्यस्य अच्) स्त्री० का. ૧ કાકનાસા શબ્દ જુઓ. ૨ ચણોઠી. ૩ કાક-માચી શબ્દ જુઓ.

काकांगी (काकस्यांगं जंघेवाकारो यस्याः ङीप्) स्त्री० गी. काकजंघा શબ્દ જુઓ. काकांगा.

काकांची (काकं तत्जंघाकारमंचति ङीप्) स्त्री० ची. ઉપલો શબ્દ જુઓ.

काकांड (काकया अंड इव फलमस्य) पु० डः ૧ મહાનિંબનું ઝાડ. ૨ કાકતિંદુક શબ્દ જુઓ.

काकांडी (काकांड ङीप्) स्त्री० डी. વનસ્પતિ માલ-કાંકણી.

काकादनी (काकैरद्यतेऽसौ अद् ल्युट् ङीप्) स्त्री० नी. ધોળી ચણોઠી. ૨ ચણોઠી. ૩ વનસ્પતિ માલ-કાંકણી. [શબ્દ જુઓ.

काकायु (काकस्यायुर्यस्मात्) पु० युः કાકવલ્લરી

काकार (कंजलमाकिरति आ कृ अण्) त्रि० रः-रा-रं. જેમાંથી જલનો સ્રાવ થાય છે તે.

काकारि (काकोरिरस्य) पु० रिः ઘુડ, ઘુડપક્ષી. કાકશત્રુ. [ડોમ કાગડો. દ્રોણકાક.

काकाल (केति शब्दं कालति कल् अच्) पु० लः

काकि (काकस्यापत्यं इञ्) पु० स्त्री० किः-की. કાગ-ડાનું બચ્ચું.

काकिणिका (काकिणी स्वार्थे कन्) स्त्री० का. ૧ એક માસાનો ચોથો ભાગ. ૨ એક પણનો ચોથો ભાગ. ૩ ત્રીશકોડી.

काकिणी ( ) स्त्री० णी. ૧ એક મા-સાનો ચોથો ભાગ. ૨ એક પણનો ચોથો ભાગ. ૩ વીશકોડીની એક કાકિણી. ૪ એક ચણોઠી જે-ટલું વજન. ૫ તાજવાની દાંડી. ૬ એક કીડો.

काकिनी ( ) स्त्री० नी. ઉપલો શબ્દ જુઓ.

काकिल ( ) पु० लः ગળાનો ઉંચો ભાગ.

काकी (काक् ङीप्) स्त्री० की. ૧ કાગડી, વાયસી લતા. ૩ કાંકોલીનું ઝાડ.

काकु (कक् उण्) पु० कुः શોક ભય વગેરેવડે થતા ધ્વનિમાં વિકાર. ૨ અલંકાર, પ્રસિદ્ધ વિરુદ્ધાર્થ-કલ્પક શબ્દ.

' प्राणिजगदुरकाकुश्रावकाः स्निग्धकंठाः माघः

काकुत्स्थ (ककुत्स्थनृपस्यापत्यं पुमान् अण्) पु० त्स्थः કકુત્સ્થ રાજાના વંશમાં પેદા થનાર રાજામાં-નો પ્રત્યેક, કકુત્સ્થ વંશમાં પેદા થનાર કકુત્સ્થ રાજાનો એક પુત્ર. રામચંદ્ર.

' काकुत्स्थं ईषत्स्मयमान आस्ते ' भट्टिः

काकुद (काकुं ददाति दा क) क्ली० दं. મોંની અંદ-રનું તાળવું, બીજી જીભ.

काकुभ (ककुभ इदं अण्) त्रि० भः-भा-भं. ૧ દિશા-સંબંધી, દિશાનું, દિશાને લગતું. ૨ કકુભ્છંદવાળું.

काकेंदु (काकस्य इंदुरिवाह्लादकत्वात्) पु० दुः काक-तिंदुक શબ્દ જુઓ. [બ્દ જુઓ.

काकेंदुकी (काकेंदु कन् ङीप्) स्त्री० की. ઉપલો શ-

काकेष्ट (काकस्येष्टः) पु० ष्टः લીંબડાનું ઝાડ.

काकेष्टा (काकस्येष्टा) स्त्री० ष्टा. ૧ ચણોઠીનો વે-લો. ૨ કાંગનું ઝાડ,

काकोचिक (ईषत् कोचि संकोची कुच् णिनि कन्) पु० कः એક જાતનું માછલું. काकोचि.

काकोडुंबर (काकस्य प्रिय उडुंबरः) पु० रः એક જાતના ઉંમરાનું ઝાડ. काकोदुंबर.

काकोडुंबरिका (काकोडुंबरी कन्) स्त्री० का. ઉ-પલો શબ્દ જુઓ.

काकोदर (काकमुदरं यस्य) पु० रः સાપ, સર્પ.

' काकोदरो येन विनीतदर्पः ' उद्भटः

काकोदरी (काकोदर ङीप्) स्त्री० री. સાપણ, સ-र्पिणी, સાપેણ.

काकोल (कक् णिच् ओल्) पु० लः તે નામનું નરક.

काकोल (,,) पु० लः કાગડાની એક જાતિ. દ્રોણકાક.

काकोल (कंजमाकोलति आकुल् अण्) पु० लः ૧ કું-ભાર. ૨ કાકોલ નામની ઔષધિ.

काकोली (काकोल जातित्वात् ङीप्) स्त्री० ली. ૧ કુંભારણ. ૨ સાપણ. ૩ જંગલી ભુંડણ. ૪ ડોમ કાગડી.

काकोलूकिका (काकोलूक समाहारः ततो वैरे वुञ्)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્ત્રી० કા. કાગડા અને ઘુડનું સ્વભાવસિદ્ધ વૈર.

काकोलूकीय (काकोलूक छ) સ્ત્રી० યં. કાગડા અને ઘુડનું યુદ્ધવર્ણન કરનાર એક આખ્યાન.

काक्ष् (ભ્વા० પર० સેટ્ કાંક્ષતિ) ચાહવું, ઇચ્છવું.

काक्ष (કુત્સિતમક્ષમત્ર) પુ० ક્ષઃ કટાક્ષ, અપાંગદર્શન.

' आज्ञालाभोन्मुखो दूरात् काक्षेणानादरेक्षितः '
भट्टिः

काक्ष (ઈષદક્ષમત્ર का देशः) સ્ત્રી० ક્ષં. નાખુશીથી અથવા કોપથી ડોળા કહાડી જોવું.

काक्ष (काक्ष अच्) ત્રિ० ક્ષઃ-ક્ષા-ક્ષં. તિરસ્કાર અથવા નાખુશીથી જોવું.

काक्षी (कक्षे भवः अण् ङीप्) સ્ત્રી० ક્ષી. ૧ સૌરાષ્ટ્ર દેશમાં થતી માટી. ૨ તુવર.

काक्षीव [ईषत् क्षीवयति क्षीव् णिच् अच्) પુ० વઃ. શરગવાનું ઝાડ. શોભાંજનવૃક્ષ.

काक्षीव ( ) પુ० વઃ. ગૌતમ ઋષિ થકી શૂદ્રા ઔશીનરીને પેટે પેદાથયેલ પુત્ર.

काक्षीवक (ईषत् क्षीवयति क्षीव् णिच् ण्वुल्) પુ० કઃ. શરગવાનું ઝાડ. શોભાંજન.

काक्षीवत् (काक्षी मतुप्) પુ० વાન્. કોઈ શૂદ્રાને પેટે દીર્ઘતમસ્ ઋષિથકી પેદાથયેલ પુત્ર

काक्षीवत (काक्षीवतोऽपत्यं अण्) પુ० સ્ત્રી० તઃ-તી. કાક્ષીવત્ મુનિનું કરજદ.

काक्षीवत (कक्षीवत इदं अण्) ત્રિ० તઃ-તી-તં. ૧ કાક્ષીવત્ મુનિનું, કાક્ષીવત્મુનિસંબંધી. ૨ કાક્ષીવત્ મુનિને લગતું.

काग (कें॑ति शब्दं गायति गै क) પુ० गः. કાગડો.

कागद (कागः काकवर्णो मस्यादिर्दीयतेत्र दा क) પુ० दः. કાગળ. [થોડો અગ્નિ.

काग्नि (ઈષદગ્નિઃ-કાદેશઃ) પુ० ग्निः. થોડી આગ,

कांक्षत् (काक्ष् शतृ) ત્રિ० न्-ती-त्. ઇચ્છતું, ચાહતું, પ્રીતિરાખતું. [અભિલાષ.

कांक्षा (काक्ष् अ) સ્ત્રી० क्षा. ૧ ચાહવુ, ઇચ્છવું. ૨

कांक्षित (काक्ष् क्त) ત્રિ० तः-ता-तं. ચાહેલું, ઇચ્છેલું. અભિલષિત.

कांक्षिता (कांक्षिणो भावः) સ્ત્રી० ता. ચાહવું, અભિપ્રાય, ઇચ્છા. कांक्षित.

कांक्षिन् (का क्षि णिनि) ત્રિ० क्षी-क्षिणी-क्षि. ચાહનાર, ઇચ્છનાર, અભિલાષ રાખનાર.

' देवा अप्यस्य रूपस्य नित्यं दर्शनकांक्षिणः ' गीता.

कांक्षीरू ( ) પુ० रूः. કૈંચપક્ષી.

कांगा (कुत्सितमंगमस्याः) સ્ત્રી० गा. વનસ્પતિ વેખંડ.

कांगारू ( ) પુ० रूः. કૈંચ પક્ષી.

कांघारू ( ) પુ० रूः. કૈંચપક્ષી.

काच् (ભ્વા० આત્મ० સેટ્ कांचते) ૧ પ્રકાશવું. ૨ દીપવું. ૩ બાંધવું. [ભીણ, ૨ સીંકુ.

काच (कच्यते वध्यतेऽनेन कच् घञ्) ક્લી० चं. ૧

काच (काचः क्षारमृत्तिकाऽस्त्यस्य अच्) પુ० चः. કાચજેવુ ચકચકાટ કરનાર એક લવણ. ૧ કાચલવણ. ૨ નેત્રરોગ જેમાં આંખમાં પડદો આવી જાયછે તે. ૩ કાચ. ૪ એકજાતની માટી.

काचक (काचः स्वार्थे कन्) પુ० क. કાચ.

काचकूपी (काचस्य कूपी) સ્ત્રી० पी. કાચની શીશી.

काचघटी (काचस्य घटी) સ્ત્રી०टी. કાચનું વાસણ.

काचन (कच् णिच् ल्युट्) ક્લી० नं. પુસ્તક વગેરેનું બંધન, દોરી, સૂત્ર, પ્રીત વગેરે.

काचन (का चन) અ०ન. કોઇ એક સ્ત્રી, કોઇકસ્ત્રી.

काचनक (काचन स्वार्थे कन्) ક્લી० कं. પુસ્તક વગેરેનું બંધન, દોરી, સૂત્ર, પ્રીત વગેરે.

काचनकिन् (काचनक इन्) પુ० की. લેખપત્ર.

कांचन (कचि ल्युट्) ક્લી० नं. ૧ સુવર્ણ, સોનુ, ૨ દ્રવ્ય, ધન. ૩ માલ. ૪ કમલકેસર, પદ્મકેસર. ૫ નાગકેસર. ૬ દીપ્તિ. ૭ બંધન.

कांचन (,,) પુ० नः ૧ ચંપાનું ઝાડ. ૨ નાગકેસરનું ઝાડ. ૩ ઉંબરાનું ઝાડ. ૪ ધંતુરાનું ઝાડ. ૫ કાંચનવૃક્ષ. [નાનું બનાવેલ.

कांचन (कांचन अण्) ત્રિ० नः-ना-नं. સોનાનું, સોના

' तन्मध्ये च स्फटिकफलका कांचना वासयष्टिः '
मेघदूतम्.

कांचनक (कांचनमिव कायति कै क) ક્લી० कं. ૧ હડતાલ. ૨ પદ્મકેસર. ૩ એક જાતના ચોખા.

कांचनक (कांचन एव स्वार्थे कन्) ક્લી० कं. સોનું, સુવર્ણ

कांचनक (,,) પુ० कः પુલ્લિંગી कांचन શબ્દ જુઓ. [સણ.

काचभाजन (काचमयं भाजनं) ક્લી० नं. કાચનું વા

काचमल (काचस्य मल इव) ક્લી० लं. સંચળ.

काचलवण (काचहेतुकं लवणं) ક્લી० णं. સંચળ.

काचसंभव (काच सं भू अच्) ક્લી० वं. સંચળ.

काचिक्ष (काच इव अक्षी यस्य) પુ० क्षः એક જાતનો બગીચો.

काचिघ (काचि हन् ड) પુ० घः સોનું.

काचित (कच् णिच् क्त) ત્રિ० तः-ता-तं. સીંકામાં મુકેલ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

काचूक (कच् ऊकञ्) पु० कः કુકડો.
काजल (कुत्सितं जलं) क्ली० लं. ખરાબપાણી.
कांचनकंदर (कांचनस्य कंदरः) पु० रः સોનાની ગુફા. [स्त्री० णी. વનસ્પતિસતાવળ.
कांचनकारिणी (कांचनं वंधनं करोति कृ णिनि)
कांचनक्षीरी (कांचनमिव क्षीरं यस्याः ङीप्) स्त्री० री. એક જાતની વનસ્પતિ. સ્વર્ણક્ષીરી.
कांचनगिरि (कांचनमयस्तत् प्रधानो वा गिरिः) पु० रिः. ૧ સુમેરૂપર્વત. ૨ દાનમાટે કલ્પેલો સોનાનો પર્વત. [ઢગલો, હેમનો ઢગલો.
कांचनचय (कांचनस्य चयः) पु० यः. સોનાનો
कांचनपत्रिका (कांचनमिव पत्र यस्याः) स्त्री० का. વનસ્પતિ કાળીમુસળી.
कांचनपुष्पिका (कांचनमिव पुष्पमस्याः) स्त्री० का. ૧ પીળી જાઇનું ઝાડ. ૨ ગણીઆરીનુ ઝાડ.
कांचनपुष्पी (कांचनमिव पुष्पमस्याः ङीप्) स्त्री० ष्पी. ઉપલો શબ્દ જુઓ.
कांचनभू (कांचनस्य भूः) स्त्री० भूः સોનાની માટી, સોનાની જમીન. कांचनभूमि.
कांचनप्रभ (कांचनमिव प्रभा यस्य) पु० भः. ઐલ વંશમાં પેદાથયેલ તે નામનો એક રાજા.
कांचनमय (कांचनं विकारार्थे मयट्) त्रि० यः-यी-यं. સોનાનું બનાવેલ, સોનાનું કરેલું.
कांचनवप्र (कांचनस्य वप्रः) पु० प्रः. સોનાટેકરી.
कांचनवर्मन् (कांचनस्य वर्म यस्य) पु० र्मा. તે નામનો એક રાજા.
कांचनसंधि ( ) पु० धिः. બે પક્ષકાર. વચ્ચે સરખી શરતે કોલ કરાર થાય છે તે.
कांचनाक्ष (कांचने कांचनवर्णे अक्षिणी यस्य) पु० क्षः. તે નામનો એક દાનવ.
कांचनार (कांचनं तद्वर्णमृच्छति पुष्पेण) पु० रः. પીળાં ફુલવાળું કોવિદારનું ઝાડ.
कांचनाल (कांचनं तद्वर्णमलति अल् अण्) पु० लः. ઉપલો શબ્દ જુઓ. [નાગકેશરનું ઝાડ.
कांचनाह्वय (कांचन इति आह्वयो यस्य) पु० यः.
कांचनी (काच् ल्युट् ङीप्) स्त्री० नी. ૧ ગોરચંદન. ૨ ગોરોચના. ૩ હલદર.
कांचनीय (कांचनस्येदं छ) त्रि० यः-या-यं. સોનાનું. સોનાસંબંધી. [ગોરચંદન, ગોરોચના.
कांचनीया (कांचनाय दीयते हिता छ) स्त्री० या.
कांचि (काच् इन्) स्त्री० चिः. कांची. શબ્દ જુઓ.

हृतकांचिवलित्रयोत्तरजघनादपरभोगभुक्तायाः '
आर्यासप्तशती.

कांचिक (कांचि इन् कन्) क्ली० कं. कांजिक શબ્દ જુઓ.
कांची (कांचि ङीप्) स्त्री० ची. ૧ સ્ત્રીના કટિબંધનનું દામ, કટિમેખલા, કમરપટ્ટો. ૨ ચણોઠીનો વેલો. ૩ અયોધ્યા, મથુરા, માયા, કાશી, કાંચી, અવંતિકા અને દ્વારાવતી એ નામનાં સાત પવિત્ર શહેરમાંહેલું તે નામનું એક શહેર.
कांचीपद (कांच्याः पदं) क्ली० दं. જઘન.
कांजिक (कुत्सिता अंजिका व्यक्तिर्यस्य) क्ली० कं. કાંજી, રાબ. [૨ ચલાશીલતા.
कांजिका (ईषदंजिका) स्त्री० का. ૧ ઝવંતીલતા.
काटुक (कटुकस्य भावः अण्) क्ली० कं. કટુત્વ શબ્દ જુઓ. કટુકરસ.
काट्य (काटे विषममार्गे कूपे वा भवः यत्) त्रि० ट्यः-ट्या-ट्यं. વિષમમાર્ગમાં હોનાર, કૂવામાં થનાર.
काठ (कठ् घञ्) पु० ठः પાષાણ.
काठ (कठस्येदं) त्रि० ठः-ठी-ठं. કઠ શાખા સંબંધી, કઠશાખાનું.
काठक (कठशाखानां धर्म आम्नायः समूहो वा वुञ्) पु० कः કઠશાખાનો ધર્મ, કઠશાખાનો અમ્નાય. ૩ કઠશાખાનો સમૂહ. [ખજુર.
काठिन (कठिनस्य फलं अण्) क्ली० नं. ખારેક,
काठिन (कठिनस्य भावः) क्ली० नं. काठिन्य શબ્દ જુઓ.
काठिन्य (कठिनस्य भावः) क्ली० न्यं. ૧ કઠિણપણું. ૨ અઘરાપણું. ૩ દુર્બોધપણું. ૪ નિષ્ઠુરપણું. ૫ મુશ્કેલાઇ.

' इति पाठयतां ग्रंथे काठिन्यं कुत्र लभ्यते ' उद्भटः
काठिन्यफल (काठिन्यं फलं यस्य) पु० लः કોઠનું ઝાડ, કોઠી. [ઋષિ.
काडेरणि ( ) पु० णिः તે નામનો એક
काण (कण् घञ्) पु० णः કાગડો.
काण (,,) त्रि० णः-णा-णं. કાણું, કેવળ એક નેત્રવાળું.
काणभूति ( ) पु० तिः પિશાચપણાને પામેલો તે નામનો એક યક્ષ.
काणुक (कण् उकच्) त्रि० कः-का-कं. ૧ પ્રકાશેલું. ૨ પૂર્ણ કરેલ. ૩ ક્ષમણ કરેલું. ૪ સુંદર.
काणूक (कण् ऊकण्) पु० कः કાગડો.
काणूकी (काणूक ङीप्) स्त्री० की. કાગડી.
काणेय ( ) त्रि० यः-या-यं. કાણું, કેવળ એક નેત્રવાળું. काणेर.
काणेली ( ) स्त्री० ली. ૧ નહિ પરણેલી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કન્યા, અસતી સ્ત્રી.

काणेलीमातृ (काणेली माता यस्य) पु० ता. १ क्षीवीનો એક પ્રકાર. ૨ નહિ પરણેલી કન્યાનો પુત્ર. ૩ રંડાયેલી રાંડનો પુત્ર. ૪ અસતી સ્ત્રીનો પુત્ર.

' काणेलीमातः ! वामतस्तस्य सार्थवाहस्य गृहम् '

मृच्छकटिकम्.

कांड (कणि ड) पु० क्ली० डः-डं. १ દંડ, દંડો, દાંડો. ૨ બાણ, શર. ૩ નિંદ્યવર્ગ, નિંદિતસમુદાય. ૪ વેળા, કાળ, અવસર, વખત. ૫ પાણી. ૬ ગ્રંથનો ભાગ (જેમકે રામાયણમાં બાલકાંડ, ઉત્તરકાંડ, કિસ્કંધાકાંડ વગેરે) ૭ પર્વ. ૮ વૃક્ષનો સ્કંધ. ૯ વૃક્ષનું ડાળખું. ૧૦ વૃક્ષનો એક ભાગ જ્યાંથી તેની શાખા ડાળ વગેરે નીકલે છે. ૧૧ ગુચ્છો. ૧૨ ઢગલો, જમાવ, જથ્થો. ૧૩ ધોડો. ૧૪ પ્રેતપિતૃ અને દેવતાના યજ્ઞનો એક ભાગ. ૧૫ પૃષ્ઠભાગનું લાંબું હાડકું. ૧૬ ખુશામત. ૧૭ વખાણ, તારીફ, શ્લાઘા. ૧૮ ગુપ્તપણું. ૧૯ એકાંતપણું. ૨૦ તૃણવિશેષ. ૨૧ નિર્જનપૃથ્વી.

कांडकटुक (काडे स्तंबेपि कटु कस्तिलः) पु० कः કારેલાનો વેલો. [જો અધાડો.

कांडकंट (कांडे कंटो यस्य) पु० टः वनस्पति धो-

कांडकांडक (कांडस्य कांडमिव कांडमस्य) पु० कः काश शब्द જુઓ. काशतृण.

कांडकार (कांडं करोति कृ ण्वुल्) पु० रः સોપારીનું ઝાડ.

कांडकारक (कांडं करोति कृ ण्वुल्) त्रि० कः-का-कं. બાણ કરનાર, બાણ બનાવનાર. कांडकार.

कांडकीलक (कांडे कीलमिवास्य कप्) पु० कः લોધ્રવૃક્ષ.

कांडगोचर (कांडस्य बाणस्य गोचरो इव गोचरोस्य) पु० रः એક જાતનું લોહમય અસ્ત્ર, લોખંડીબાણ.

कांडणी (कांड नी क्विप्) स्त्री० णी. એક જાતનો છોડ જેને રામદૂતી કહે છે. सूक्ष्मपर्णी.

कांडतिक्त (कांडे तिक्तः) पु० क्तः वनस्पति કરિયાતું. भूनिव. [બ્દ જુઓ.

कांडतिक्तक (कांड तिक्त कन्) पु० कः ઉપલો શ-

कांडधार (कांडं धारयति धृ अच्) पु० रः તે નામનો એક દેશ. [वनस्पति.

कांडनी (कांड नी क्विप्) स्त्री० नी. એક જાતની

कांडनील (कांडे नीलः कीटाकलनात्) पु० लः લોધ્ર વૃક્ષ.

कांडपट (कांड इव पटः) पु० टः તંબુ વગેરેને ઝરતો વીંટાળવા માટેનો પડદો કનાત ઇત્યાદિ.

' ततः स्वमेवागारमानीय कांडपटपरिक्षिप्ते विविक्तोद्देशे '

दशकुमारचरितम्.

कांडपटक (कांडपट कन्) पु० कः ઉપલો શબ્દ જુઓ-

' उत्क्षिप्तकांडपटकान्तरलीयमानः ' माघः

कांडपुष्पा (कांडात्पुष्पमस्याः टाप्) स्त्री० ष्पा. એક જાતનું ઝાડ. द्रोणवृक्ष.

कांडपृष्ठ (कांडः पृष्ठे यस्य) त्रि० ष्ठः-ष्ठा-ष्ठं. શસ્ત્રવડે જીવનાર, સીપાઇ, યોદ્ધો વગેરે શસ્ત્રવડે લડનાર.

कांडपृष्ठ (कांडः वक्षस्कंध इव पृष्ठमस्य) क्ली० ष्ठं. સ્થૂલ પૃષ્ઠવાળું ધનુષ્ વગેરે.

कांडपृष्ठ (कांडः पृष्ठे यस्य) पु० ष्ठः १ वैश्यापति. २ दत्तकपुत्र. ३ પાળેલો પુત્ર.

कांडभंग (कांडस्य भंगः) पु० गः હાડકાનું ભાંગી-જવું, અસ્થિભંગ.

कांडमध्या ( ) स्त्री० ध्या. कांडवल्ली शब्द જુઓ.

कांडरुहा (कांडात् रोहति रुह् क) स्त्री० हा. वनस्पति કડુ, કટકી, કટુરોહણી.

कांडर्षि (कांडस्य वेदभागस्य ऋषिः तदधिकारेण विचारकः) पु० र्षिः કર્મકાંડ વગેરેના વિચારક જૈમિનિ મુનિ વગેરે.

कांडवत् (कांडोऽस्त्यस्य मतुप्) पु० वान् तिरंदાજ, શર ધારણ કરનાર. [શબ્દ જુઓ.

कांडवल्ली ( ) स्त्री० ल्ली. कांडमध्या

कांडवारिणी (कांडान् रिपुबाणान् वारयति) स्त्री० णी. કલ્પભેદે દુર્ગાનું એક નામ.

कांडलाव (कांडं लुनाति लु अण्) त्रि० वः-वा-वं. વૃક્ષનો સંધિ છેદનાર. [ચાંડાલવીણા.

कांडवीणा (कांड इव स्थूला वीणा) स्त्री० णा.

कांडशाखा (कांडयुक्ताः शाखा यस्याः) स्त्री० खा. લઘુ સોભવલ્લી. [ડાળખા વગેરેનો સાંધો.

कांडसंधि (कांडस्य संधिः) पु० धिः १ ગાંઠ. २

कांडस्पृष्ट (स्पृष्टं गृहीतं कांडं येन) त्रि० ष्टः-ष्टा-ष्टं. ધનુષ્બાણ ધારણ કરનાર, ધનુષ્બાણ રાખેલ છે જેણે તે. [भोथ. भद्रमुस्ता.

कांडहीन (कांडेन हीनं) क्ली० नं. वनस्पति नागर-

कांडिका (कांडोऽस्त्यस्य ठञ्) स्त्री० का. १ લંકાનામનું એક જાતનું ધાન્ય. ૨ એક જાતની કાકડી.

कांडीर (कांड ईरन् ईरच् वा) त्रि० रः-रा-रं. १ બાણ ધારણ કરનાર. ૨ બાણથી લડનાર. ૩ તીરંદાજ.

कांडीर (कांड ईरन्) पु० रः १ वनस्पति અધાડો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

२ કાંડવેલનો વેલો. ૩ કારેલીનો વેલો.

कांडीरी (कांडीर ङीप्) स्त्री० री. મજીઠ. मंजिष्ठा.

कांडेक्षु (कांडे इक्षुरिव) पु० क्षुः કાસ નામનું તૃણ.

कांडेर (कांड ईरच्) पु० रः १ એક જાતનું શાક. તાંદળજો. [શબ્દ જુઓ.

कांडेरुहा (कांडे रोहति रुह् क) स्त्री० हा. કાંડરુહા.

काण्व (कण्वेन दृष्टं साम) क्ली० ण्वं. કણ્વઋષિએ જોએલ તે નામનું એક સામ.

काण्व (कण्वगोत्रापत्यस्य छात्रः अण्) पु० ण्वः કણ્વ ઋષિના ગોત્રમાં પેદાથયેલા વિદ્વાન્પુત્રનો શિષ્ય.

काण्व (कण्वस्यापत्यं पुमान् अण्) पु० ण्वः. કણ્વ ઋષિનો પુત્ર. [२, ધિક્કાર.

कात् (कुत्सितमतत्यनेन अत् क्विप्) अ० त्. તિરસ્કા-

कात्कृत (कात् कृ क्त) त्रि० तः-ता-तं. १ તિરસ્કારેલ, ધિક્કારેલ.

कातंत्र (ईषत् तंत्रमस्य) पु० त्रः કાલાપક વ્યાકરણ જેકે સર્વવર્માએ કાર્તિકેય સ્વામીની કૃપાથી બનાવેલું છે તે.

कातर (ईषत्तरति स्वकार्यसमाप्तिं तृ अच् कादेशः) त्रि० रः-रा-रं. १ બીકણ. २ અધૈર્યવાન. ૩ વ્યસનમાં આવીપડેલ. ४ વ્યગ્ર. ५ ચંચલ. ६ બીનેલું. 'विद्धा मृगी व्याधशिलीमुखेन मृगोऽपि तत्कातरवीक्षणेन' उद्भट.

कातर (कै जले आतरति) पु० रः १ વહાણ, નૌકા. २ મોટો એક જાતીનો મત્સ્ય. ૩ ઋષિભેદ.

कातरत्व (कातरस्य भावः) क्ली० त्वं. બીકણપણું. २ ભ્રાંત ચિત્તવાળાપણું. કાતરતા. कार्तर्य.

कातल (का अ तल्) पु० लः. १ એક જાતનો મોટો મત્સ્ય. २ ઋષિભેદ.

काति (कै क्तिन्) स्त्री० तिः. વખાણ, સ્તવ, તારીફ.

कात्य (कात्यायनस्य छात्रः) पु० यः. કાત્યાયનનો શિષ્ય.

कात्य (कात्यस्येदं छ) त्रि० यः-त्या-त्यं. કાત્યાયનના શિષ્યસંબંધી, કાત્યાયનના શિષ્યનું.

कातु (कं जलमतति अत् उक्) पु० तुः. કૂવો, કૂપ.

कात्थ (कर्तर्षेः गोत्रापत्यं पुमान्) पु० त्थः. તે નામનો એક મુનિ, કાત્યાયન.

कात्थक्य (कत्थक ष्यञ्) पु० क्यः. અગ્નિભેદ.

कात्यायन (कतस्य गोत्रापत्यं पुमान्) पु० नः. १ વિશ્વામિત્રના વંશમાં પેદાથયેલ તે નામનો ઋષિ. २ ગોભિલ મુનિનો પુત્ર. ૩ કતવંશમાં પેદાથયેલ સોમદત્તવિપ્રથી વસુદત્તાના પેટે થયેલ વરરુચિ, કાત્યાયન, પાણિનીયવાર્તિકકાર.

कात्यायनी (कतस्य गोत्रापत्यं स्त्री यञ् ङीप्) स्त्री० नी. કત ગોત્રમાં પેદા થયેલ છોકરી.

कात्यायनी (कात्यायनस्य स्त्री ङीप्) स्त्री० नी. १ वार्तिककार કાત્યાયન વરરુચિની સ્ત્રી. २ કષાયવસ્ત્ર ધારણ કરનારી આધેડ વિધવા. ૩ યાજ્ઞવલ્ક્ય ઋષિની તે નામની પત્ની. [દુર્ગાનું નામ.

कात्यायनी (कात्यायन ङीप्) स्त्री० नी. કલ્પભેદે

कात्यायनीतंत्र (कात्यायनीपूजावर्णनं तंत्रं) क्ली० त्रं. દુર્ગાપૂજા મંત્ર વગેરેનું વર્ણન કરનાર શિવપ્રણીત તે નામનું તંત્ર.

कात्यायनीपुत्र (कात्यायन्याः पुत्रः) पु० त्रः કાર્તિકસ્વામી, કાર્તિકેય. [યનનો શિષ્ય.

कात्यायनीय (कात्यायनस्य छात्रः) पु० यः कात्या-

काथक्य (कथकर्षेर्गोत्रापत्यं युवा यञ्) पु० क्यः કથક ઋષિના ગોત્રમાં પેદા થયેલ જુવાનીઓ.

काथिक (कथायां साधुः ठक्) त्रि० कः-का-कं. १ કથા કરવાવાળો. २ કથન કરનાર. ૩ કથારચનામાં સમર્થ. [કથાસંબંધી, વાતને લગતું.

काथिक (कथाया इदं) त्रि० कः-का-कं. १ વાર્તાનુ,

कादंब (कदि णिच् अंबच्) पु० बः १ બાલહંસ. २ બાલકપક્ષી. ૩ શર.

'क्वचित् खगानां प्रियमानसानां कादंबसंसर्गवतीव पंक्तिः' रघुवंशम्.

कादंब (कदंबे भवः अण्) त्रि० बः-बा-बं. જમાવમાં હોનાર, સમૂહમાં થનાર.

कादंब (कदंब एव अण्) पु० बः કદંબનું ઝાડ.

कादंब (कदंब् अण्) पु० बः १ શેલડી. २ બાણ.

'कादंबानामेकपानैरसीव्यत्' माघः

कादंब (कदंबस्येदं अण्) त्रि० बः-बा-बं. १ જમાવનું, સમૂહસંબંધી, ટોળાને લગતું. २ કદંબવૃક્ષનું, કદંબવૃક્ષને લગતું, કદંબવૃક્ષસંબંધી વગેરે.

'कादंबमद्धोद्भूतकेसरं च' रघुवंशम्.

कादंबक (कदंब कन्) पुं० कः બાણ, શર.

कादंबर (कदंबोद्भव रसं हाति रा क) पु० रः દહીંની તર.

कादंबर (कादंबं लाति प्रकृतित्वेन ला क) क्ली० रं. १ શેલડીનો વિકાર ગોળ વગેરે. २ ગોળનો મધ.

'निषेव्य मधुमाधवाः सरसमत्र कादंबरम्' माघः

कादंबरी (कुत्सितं मलिनमंबरं यस्य तस्य प्रिया) स्त्री० री. બલભદ્રને ઘણીજ વહાલી હતી તેથી મદિરા.

'कादंबरीमदविघूर्णितलोचनस्य युक्तं हि लांगलभृतः पतनं पृथिव्याम्' उद्भटः

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

कादंबरी (कादंबरस रातिरा क ङीप्) स्त्री० री. १ કોયલ, કોકિલ પક્ષી. ૨ સરસ્વતી, શારદા, વાગ્દેવતા- ૩ મેના પક્ષી. બાણભટ્ટે અધુરી મુકેલ અને તેના પુત્રે સમાપ્ત કરેલ તે નામની કથા.

कादंबरीबीज (कादंबरी साधकं बीजं) क्ली० जं. મદ્ય સાધવાનું એક જાતનું દ્રવ્ય.

कादंबर्य (कादंबर्या हित यत्) पु० र्यः કદંબનું ઝાડ.

कादंबा (कदंब इवाचरति कदंब क्विप् अच् टाप्) स्त्री० बा. કદંબપુષ્પી.

कादंबिनी (कादंबाः कलहंसाः संत्यस्याः इनि) स्त्री० नी. વાદળાંની લાંબી હાર. મેઘમાલા.

' मदीयमतिचुंबिनी भवतु काऽपि कादंबिनी ' जगन्नाथः

कादाचित्क (कदाचिद् भवः ठञ्) त्रि० कः-का-कं. કદાચિત્ હોનાર, કોક દિવસ થનાર, કોક દહાડો હોનાર, પ્રસંગે બનનાર.

काद्रवेय (कद्र्वाः अपत्यं पुमान् ठक्) पु० यः મોટી ફેણ અને પૂંછડીવાળો નાગનો એક ભેદ.

कानक (कनकस्येदं अण्) त्रि० कः-की-कं. ૧ સોનાનું, સોનાસંબંધી, ધંતુરાનું, ધંતુરાસંબંધી.

कानक (कनकफलमिवोग्रं फलमस्य) क्ली० कं. એક જાતનું ધીજ, નેપાળાનું ધીજ. જયપાલબીજ.

कानन (कन् णिच् ल्युट्) क्ली० नं. ૧ વન, અરણ્ય. ૨ ઘર.

' छन्नोपांतः परिणतफलद्योतिभिः काननाम्रैः ' मेघदूतम्.

कानन (कस्य ब्रह्मण आननं) क्ली० नं. ऋतुर्मुख બ્રહ્માનું મોં.

' काननं विपिने गेहे परमेष्ठिमुखेपि च ' मेदिनी.

काननाग्नि (काननोत्थितोऽग्निः) पु० ग्निः. દાવાનલ.

काननारि (काननस्यारिरिव) पु० रिः બિજોરાનું ઝાડ. શમીવૃક્ષ. [કનિષ્ઠાનું ૪૨૭૬ દ.

कानिष्ठिनेय (कनिष्ठाया अपत्यं पुमान्) पु० यः કૃ-

' कृते कानिष्ठिनेयस्य ज्येष्ठिनेयो विवासितः ' उद्भटः

कानीत (कानीतस्यापत्यं पुमान् अण्) पु० तः કનીત રાજાનો પુત્ર પૃથુશ્રવા.

कार्नान (कन्यायाः अनूढायाः अपत्यं ठक्) पु० नः કુંવારી કન્યાના પેટે પેદા થયેલ પુત્ર, જેમ કે કર્ણ, વ્યાસ વગેરે.

कांत (कन् कम् वा क्त) त्रि० तः-ता-तं. ૧ દેખાવડું. ૨ સુંદર. ૩ વહાલુ, પ્યારું. ૪ પ્રીતિનું. ૫ સુખકારક. ૬ પ્રકાશેલ. ૭ ચાહેલું, અભીષ્ટ. ૮ રૂડું.

कांत (कन् कम् वा क्त) पु० तः ૧ વાસુદેવ, કૃષ્ણ. ૨ ચંદ્ર, ચાંદો. ૩ કપુર. ૪ વસંત. ૫ પતિ. ૬ કુંથુ. ૭ ચકોરપક્ષી. ૮ આંબાનું ઝાડ. ૯ વર્ષાદની મોસમ. ૧૦ રાળનું ઝાડ. ૧૧ હિજ્જલવૃક્ષ. ૧૨ કાર્તિકેય. [જાતનું લોઢું.

कांत (,,) क्ली० तं. ૧ કેસર. ૨ એક

कांतता (कांतस्य भावः) स्त्री० ता. ૧ વહાલાપણું. ૨ દેખાવડાપણું. ૩ સુંદરપણું. ૪ ચકચકીતપણું.

कांतत्व. [પક્ષી. મયૂર.

कांतपक्षिन् (कांते पक्षे अस्य इनि) पु० क्षी. મોર-

कांतपाषाण (कांतः पाषाणो यस्य) पु० णः લોહચુંબક. [ઝાડ, કોવિદારવૃક્ષ.

कांतपुष्प (कांतं पुष्पमस्य) पु० ष्पः એક જાતનું

कांतलोह (कांतं लोहमस्य) पु० हः લોહચુંબક. અયસ્કાંત.

कांता (कम् क्त टाप्) स्त्री० ता. ૧ વહાલી સ્ત્રી. ૨ નાગરમોથ. ૩ મોટી એલાયચી. ૪ કાંગનું ઝાડ.

कांतांघ्रिदोहद (कांतांघ्रिस्तत्ताडनं दोहदमस्य पुष्पोद्गमे) पु० दः અશોકવૃક્ષ. (યુવતી સ્ત્રીના પગની લાત લાગવાથી અશોક વૃક્ષ પુષ્પિત અને પ્રફુલિત થાય છે માટે).

कांताचरणदोहद (कांताचरणताडनेन दोहदमस्य पुष्पोद्गमे) पु० दः ઉપલો શબ્દ જુઓ.

कांतायस (कांतायस् अच्) क्ली० सं. લોહચુંબક માહેલું લોઢું.

कांतार (कस्य सुखस्यांतमृच्छति ऋ घञ्) पु० क्ली० रः-रं. ૧ મોટું અરણ્ય. ૨ દુર્ગમભાગ. ૩ કાંટા, ચોર લુંટારા વગેરેથી રોકાયેલ ભાગ. ૪ છિદ્ર, છેદ.

कांतार (कांतारसमृच्छति ऋ अण्) पु० रः એક જાતની શેલડી. ૨ વાંસડો, વાંસ. ૩ કોવિદારનું ઝાડ.

कांतारक (कांतार कन्) पु० कः રાતી શેલડી.

कांतारग (कांतारे गच्छति गम् ड) त्रि० गः-गा-गं. જંગલમાં જનાર, અરણ્યમાં જનાર.

कांतारी (कांतार ङीप्) स्त्री० री. રાતી શેલડી.

कांति (कम् कन् वा क्तिन्) स्त्री० तिः ૧ પદાર્થમાત્રનું તેજ. ૨ શોભા. ૩ કાંતિ, તુર. ૪ ઇચ્છા, ચાહવું, અભિલાષ. ૫ સ્ત્રીનો શૃંગારવડે પેદા થનાર સુંદરતાનો ગુણ. ૬ તે નામની ચંદ્રની કલા. ૭ લક્ષ્મીની એક અનુચર દેવી. ૮ ચંદ્રપ્રિયા. ૯ કામશક્તિનો ભેદ.

कांतिद (कांतिं ददाति दा क) त्रि० दः-दा-दं. ૧ શોભા આપનાર, ૨ કાંતિ આપનાર.

कांतिद (,,) क्ली० दं. ૧ પિત્તધાતુ. ૨ ઘૃત, ઘી. [કં. ઉપલો શબ્દ જુઓ.

कांतिदायक (कांतिं ददाति दा ण्वुल्) त्रि० कः-का-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

कांतिदायकं (,,) क्ली० कं. १ કચુરો. २ વનસ્પતિ, વનહલદર. [કાંચી નગરી.
कांतिनगरी ( ) स्त्री० री. મોક્ષપુરી,
कांतिभृत् (कांतिं बिभर्ति भृ क्विप्) त्रि० त्-ती-त्. કાંતિ ધારણ કરનાર. [કપુર.
कांतिभृत् (कांति भृ क्विप्) पु० त्-द्. १ ચંદ્ર. २
कांतिमत् (कांतिरस्त्यस्य मतुप्) त्रि० मान्-मती-मत्. કાંતિવાળું, શોભાવવું.
' कला च सा कांतिमती कलावतः ' कुमारसंभवम्.
कांतिमत् (,,) पु० मान्. १ ચંદ્ર. २ કપુર. [સુંદરતા. २ કાંતિ.
कांतिमत्ता (कांतिमतो भावः) स्त्री० त्ता. १ શોભા,
कांतिमती (कांति मतुप् ङीप्) स्त्री० ती. १ શોભાવાળી, કાંતિવાળી. २ અપ્સરાનો એક ભેદ.
कांद (कंदस्येदं अण्) त्रि० दः-दा-दं. કાંદાનું, કાંદાસંબંધી, કાંદાને લગતું.
कांद (कंदे भवः अण्) त्रि० दः-दा-दं. કાંદામાં હોનાર, કંદમાં થનાર. [વનું, કામદેવસંબંધી.
कांदर्प (कंदर्पस्येदं अण्) त्रि० र्पः-र्पी-र्पं. १ કામદે-
कांदर्पिक (कंदर्पस्तद्वृद्धप्रयोजनमस्य ठक्) क्ली० कं. કામદેવની વૃદ્ધિ કરનાર સાધન.
कांदव (कंदौ संस्कृतं भक्ष्यं अण्) क्ली० वं. લોઢાના પાત્રમાં સુધારેલું રાંધેલું અથવા પાકેલું ભક્ષ્ય.
कांदविक (कांदवं पणमस्य ठक्) त्रि० कः-का-कं. મિષ્ટાન્ન વેચનાર, પક્વાન્ન વેચનાર, કંદોઇ.
कांदिग्भूत (कां दिशं यामित्येवमाकुलीभूतः) त्रि० तः-ता-तं. કઇ દિશા તરફ હું હવે જાઉં એવા વિચારમાં ગભરાટ પામેલું.
कांदिशीक (कां दिशां यामीत्याह) त्रि० कः-का-कं. ભાગી જતું, નાશી જતું, દોડી જતું. [દેશ.
कान्यकुब्ज (कन्यकुब्ज अण्) पु० ब्जः કનોજ
कान्यजा (काजलादन्यस्मिन् जायते जन् ड टाप्) स्त्री० जा. એક જાતનું સુગંધી દ્રવ્ય. નલી.
कापट्य (कपटस्य भावः ष्यञ्) क्ली० ट्यं. દગલબાજી, દગો, નિષ્પ્રામાણિકપણું, કપટપણું.
कापटिक (कपटेन चरति ठक्) त्रि० कः-का-कं. કપટથી આચરણ કરનાર, દગલબાજીથી વ્યવહાર ચલાવનાર. ३ કપટી. ४ દુષ્ટ. ५ છિપ્પરપે રાજાનો દૂત. [માર્ગ, નિંદ્ય રસ્તો.
कापथ (कुत्सितः पंथाः अच्) पु० थः १ ખરાબ
' आस्थातुं कापथं दुष्टं विशमं बहुकंटकम् '
रामायणम्.
कापथ (कुत्सितः पंथाः यस्य अच्) पु० थः દાનવ-
ભેદ. [ખરાબ આચરણવાળું.
कापथ (,,) त्रि० थः-था-थं.
कापथ (कुत्सितः पंथा यस्य) क्ली० थं. સુગંધીવાળો.
कापाटिक (कपाटिकैव स्वार्थे अण्) क्ली० कं. નાનું કમાડ, હલકું કમાડ, નાનું બારણું.
कापाल (कपालस्येदं अण्) त्रि० लः-ला-लं. કપાલનું, કપાલસંબંધી, કપાલને લગતું.
कापाल (,,) क्ली० लं. કુષ્ઠ રોગ.
कापालिक (कपालिकैव अण्) क्ली० कं. નાનું કપાલ.
कापालिन् (कापालं ब्रह्मकपालं व्रते धार्यत्वेनास्य इनि) पु० ला. १ शिव, शंभु. २ વર્ણસંકરનો એક ભેદ. ३ વાસુદેવનો પુત્ર.
कापाली (कापाल ङीप्) स्त्री० ली. वनस्पति वावडंग. विडंग.
कापिक (कपिरेव ठक्) पु० कः વાંદરો, વાનર.
कापिल (कापिलं तदुक्तं शास्त्रंवेत्त्यधीते अण्) त्रि० लः-ला-लं. સાંખ્ય શાસ્ત્રનો અભ્યાસ કરનાર, કપિલપ્રોક્ત શાસ્ત્રને જાણનાર, સાંખ્યવેત્તા.
कापिल (कपिलेन प्रोक्तं अण्) क्ली० लं. કપિલમુનિપ્રણીત સાંખ્યશાસ્ત્ર.
कापिल (कपिलस्येदं अण्) त्रि० लः-ला-लं. કપિલ મુનિનું, કપિલમુનિ સંબંધી. [વર્ણ.
कापिल (कपिल एव स्वार्थे अण्) पु० लः પિંગલ
कापिलेय (कपिलायाः तन्नाम्न्या ब्राह्मण्या अपत्यं ठक्) पु० यः १ કપિલા નામની બ્રાહ્મણીનો પુત્ર. २ કપિલ મુનિનો તે નામનો એક શિષ્ય.
कापिश (कपिशा अण्) क्ली० शं. દ્રાક્ષાનો મદ્ય.
कापिशायन (कापिशे जातं ष्फक्) पु० नः १ દ્રાક્ષામદ્ય. २ દેવતા, દેવ.
कापिशायन (,,) क्ली० नं. મદ્ય.
कापिशायिनी (कापिश ष्फक् ङीप्) स्त्री० नी. દરાખ. દ્રાક્ષા.
कापिशेय (कपिशाया अपत्यं ठक्) पु० यः પિશાચ.
कापुरुष (कुत्सितः पुरुषः) पु० षः १ હલકો માણસ. २ ખરાબ આદમી. ३ નીચ માણસ. ४ બીકણ માણસ.
कापुरुष (कापुरुषस्येदं अण्) त्रि० षः-षी-षं. હલકા માણસનું, ખરાબ પુરૂષ સંબંધી.
कापुरुषता (का पुरुषस्य भावः) स्त्री० ता. હલકા માણસપણું. कापुरुषत्व. कापुरुष्य.
कापेय (कपेर्भावः कर्म वा ठक्) क्ली० यं. १ વાનરાપણું. २ વાંદરાનું કર્મ. [ઋષિ.
कापेय (कपिगात्रापत्यं पुमात् ठक्) पु० यः शैनक-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

कापेय (कपेरिदं ठक्) त्रि० यः-यी-यं. वांदरानुं, वांदरासंबंधी. [टोळुं, कपुतरनो समूह.

कापोत (कपोतानां समूहः अण्) क्ली० तं. पारेवानुं

कापोत (कपोतस्येदं अण्) त्रि० तः-ती-तं. पारेवानुं, पारेवा संबंधी.

कापोत (कपोतवर्णोस्त्यस्य अच्) पु० तः १ साळखार. २ पारेवाना सरखो वर्ण. ३ सौवीरांजन.

कापोतपाक्य (कपोतपाकानां पूगः ष्यञ्) क्ली० क्यं. पारेवाना बच्चांनुं टोळुं, कपुतरना बच्चांनो समुदाय.

कापोतांजन (कापोतं च तदंजनं च) क्ली० नं. એક जातनो सुरमो. सौवीरांजन.

काप्य (कुत्सितमाप्यं) क्ली० प्यं. पाप वगेरे.

काप्यकर (काप्य करोति) पु० रः पाप करी बीजा पासे पोतानो अपराध कबुल करनार.

काप्यकार (काप्यं करोति कृ अण्) पु० रः ઉपलो शब्द जुओ.

काफल (कुत्सितं फलं यस्य) पु०लः कायफलनुं झाड.

काफल (काफलस्य फलं अण्) क्ली० लं. कायफल.

काम (कम् घञ्) पु० मः १ कामदेव. २ ઇच्छा, प्रीति, अभिलाष. ३ आंबानुं झाड. ४ बलराम. ५ रौक्मणेय. ६ परमेश्वर. ७ कामनाविषय. ८ अनुरागनो भेद. [पणुं जतावनार अव्यय.

काम (कम् घञ्) अव्य० मं. अनुज्ञा अने अत्यंत-

'कामं नृपाः सन्ति सहस्रशोन्ये राजन्वतीमाहुरनेन पृथ्वीम्' रघुवंशम्.

काम (कामावहितं अण्) क्ली० मं. वीर्य, शुक्र, रेतस्.

काम (कम् अण्) त्रि० मः-मा-मं. कामनायुक्त ઇच्छावाळुं, प्रीतीवाळुं.

कामकला (कामस्य कला) स्त्री० ला. तिथि पर्त्वे कामदेवनी कला स्त्रीना स्तनादिक अंगमां वसि रहेछे ते.

कामकला (कामस्य कला प्रिया) स्त्री० ला. कामदेवनी पत्नी रति. [निष्पादक.

कामकार (काम कृ अण्) त्रि० रः-रा-रं. काम्य-

कामकार (कामेन करणं) पु० रः १ ઇच्छावडे करवुं. २ अभिलाषथी ५ण अभिसंधिवडे काम करवुं ते. [नी ઇच्छाना अनुसारथी.

कामकारतस् (कामकार तसिल्) अव्य० तः पोता-

कामकूट (काम एव कूटं शृंगं प्रधानमस्य) पु० टः वेश्यापति, वेश्यानो धणी.

कामकूट (,,) पु० टः. १ वेश्याविभ्रम. २ कामराजनामनो श्रीविद्याना मंत्रनो એક भेद.

कामकृत् (काम कृ क्विप्) त्रि० त्-ती-त्. ઇच्छाप्रमाणे काम करनार, पोतानी प्रीतिना अनुसारे काम करवावाळुं. [लिः-लि. छिनाळवो.

कामकेलि (कामे तद्धेतुकरतौ केलिरस्य) त्रि० लिः-

काली (काल ङीप्) स्त्री० ली. ૧ કાળી સ્ત્રી. ૨ હિમાચલની પુત્રી ઉમા. ૩ દુર્ગા મૂર્તિનો ભેદ. ૪ માતૃકાનો ભેદ. ૫ ભીમસેનની પત્ની. ૬ શાંતનુની પત્ની સત્યવતી. ૭ મેશ, શાહી.

काली (कल् अच् ङीप्) स्त्री० ली. ૧ તુવેર. ૨ મહાવિદ્યા. ૩ કાલરાત્રિ. ૪ રાત્રિ, રાત. ૫ કાલાંજની. ૬ નસોતર. ૭ હળદર.

कालीक (के जलेऽलीक इव) पु० कः જલકુકડો.

कालीची (काल्या यमभगिन्या चीयते ची ड ङीप्) स्त्री ची. યમનું ધનસાક્ષ કરવાનું સ્થલ, યમરાજાનું સર્વ પ્રાણીને પુણ્ય પાપના પ્રમાણમાં ન્યાય આપવાનું સ્થાન. [પાડો, મહિષ.

कालीतनय (कालीमितः प्राप्तो नयो यस्य) पु० यः

कालीतनयी (कालीतनय ङीप्) स्त्री० यी. ભેંશ, મહિષી,

कालीय (कालस्थाने भवं छ) त्रि० यः-या-यं. ૧ કાલાગુરુનું ઝાડ. ૨ પીળા ચંદનનું ઝાડ. ૩ શીલાજીત. [જુઓ.

कालीयक (कालीय कन्) क्ली० कं. ઉપલો શબ્દ

कालीयक (कालीय इव कायति कै क) पु० कः वनस्पति हार हरिद्रा.

कालुष्य (कलुषस्य भावः ष्यञ्) क्ली० ष्यं. મલિનપણું, મેલાપણું. कलुषत्व, कलुषता.

कालेय (कलाया अपत्यं ढक्) पु० यः વૃત્રાસુરની મદદ લઈ દેવની સામે લડનાર તે નામનો એક દાનવભેદ.

कालेय (कलायै हितं ढक्) क्ली० यं. કાળજુ.

कालेय (कं सुखं आलेयमादेयं यस्मात्) क्ली० यं. કાલાગુરુચંદન. [બંધી, કલિને લગતું.

कालेय (कलेरिदं) त्रि० यः-यी-यं. કલિનું, કલિસંબંધી.

कालेय (कलिना दृष्टं साम ठक्) क्ली० यं. માધ્યંદિનસવનમાં સાતમું સૂક્ત લઈને ગાવા યોગ્ય સામગાન.

कालेयक (कलये विरोधाय साधु ठक् क) पु० कः કુતરો,

कालेयक (कालेय स्वार्थे संज्ञायां बा क) पु० कः ૧ કાલાગુરુચંદન. ૨ વનસ્પતિ હલદર.

'मधुकरकुलकलंककालीकृतकालेयककुसुमकुड्मलेषु'

कादंबरी.

कालेयक (कालेय क) क्ली० कं. વનસ્પતિ દારૂ હલદર. [૩ અકારવર્ણ. ૪ આકડાનું ઝાડ.

कालेश (कालस्य ईशः) पु० शः ૧ સૂર્ય. ૨ શિવ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

कालोदक (कालमुदकं यस्य) क्ली० कं. भारतप्रसिद्ध ते नामनु એક તીર્થ. [પાણી.
कालोदक (कालं च तदुदकं च) क्ली० कं. કાળું
कालोष्ण (काले उष्णः) त्रि० ष्णः-ष्णा-ष्णं. १ योग्यકાળે વાવેલું. २ ખરી મોસમે વાવેલું.
काल्प (कल्पस्येदं अण्) त्रि० ल्पः-ल्पी-ल्पं. કલ્પસંબંધી, કલ્પનું, કલ્પને લગતું.
काल्प (कल्पे भवः अण्) पु० ल्पः १ એક જાતનું કંદ. २ કચુરો. ३ વનહરિદ્રા.
काल्प (कल्पे भवः अण्) त्रि० ल्पः-ल्पी-ल्पं. કલ્પમાં હોનાર, કલ્પમાં થનાર.
काल्प (कल्प अण्) क्ली० ल्पं. વ્યાઘ્રનખ.
काल्पक (काल्पे कप्) पु० कः કચુરો.
काल्पनिक (कल्पनाया आगतः ठन्) त्रि० कः-की-कं. १ કલ્પનામાં હોનાર.
काल्पसूत्र (कल्पं सूत्रं वेत्त्यधीते वा अण्) त्रि० त्रः-त्री-त्रं. १ કલ્પસૂત્રનો અભ્યાસ કરનાર, કલ્પસૂત્રને જાણનાર.
काल्पिक (कल्पसूत्रे उक्तः ठञ्) त्रि० कः-की-कं. કલ્પસૂત્રમાં કહેલ વિધાન, વિધિ વગેરે, વેદાંગકલ્પગ્રંથમાં કહેલું વિધાન વગેરે.
काल्य (कल्यमेव स्वार्थे अण्) क्ली० ल्यं. સવાર, પ્રાતઃકાળ, પરોઢીયું.
काल्य (प्राप्तः कालो यस्य यत्) त्रि० ल्यः-ल्या-ल्यं. જેનો યોગ્ય કાળ આવી પહોંચ્યો છે તે, જેની ખરી મોશમ આવી છે તે.
काल्य (काले भवः यत्) त्रि० ल्यः-ल्या-ल्यं. કાળે હોનાર, સમયે થનાર. [ચુરો, કાચી હલદર.
काल्यक (काले साधु यत् क) क्ली० कं. વનસ્પતિ કંકાલ્યા (कालः गर्भग्रहणयोग्यकालः प्राप्तोऽस्याः) स्त्री० ल्या. ગર્ભ ગ્રહણ કરવાનો યોગ્ય કાલ જેનો આવી પહોંચ્યો છે એવી ઋતુમતી સ્ત્રી વગેરે.

'उपसर्या काल्या प्रजने' पाणिनिः

काल्याणक (कल्याणस्य भावः वुञ्) क्ली० कं. કલ્યાણભાવ, મંગલભાવ, હિતપણું.
काल्याणिनेय ( ) त्रि० यः-या-यं. સદ્‌ગુણી સ્ત્રીથકી થયેલું, સદ્‌ગુણી સ્ત્રી થકી નીવડેલું. [છે એવું સાભગાન.
काव (कविर्देवताऽस्य अण्) क्ली० वं. કવિ જેનો દેવ
कावचिक (कवचिनां समूहः ठञ्) क्ली० कं. બખ્તર પહેરેલા પુરૂષોનું ટોળું. વર્મધારિસમૂહ.
कावर (कर्वर पृषो०) पु० रः કર્વર શબ્દ જુઓ.
कावरुक ( ) त्रि० कः-का-कं. ભયાનક, બીહામણું, વિકરાળ.
कावरुक ( ) पु० कः ધુડપક્ષી.
कावाद (कुत्सित ईषद्वा वादः कादेशः) पु० दः १ ખરાબ બોલવું. २ થોડું બોલવું, દુર્વાદ. ३ વાક્‌કલહ. [વાળ. શૈવાલ.
कावार (कं जलं आवृणोति आ वृ अण्) क्ली० रं. शे-
कावारी (कं जलमावृणोति आ वृ ङीप्) स्त्री० री. દાંડાવિનાની છત્રી. [વી સ્ત્રી.
कावी (कवेरीयं घ्यञ् ङीप्) स्त्री० वी. કવિ સંબં-
कावृक (कुत्सित ईषद्वा वृक इव) पु० कः ચક્રવાક-પક્ષી. २ ચંડુલપક્ષી. ३ કુકડોપક્ષી.

'कावृकः कृवाकौ स्यात्पीतमस्तककोकयोः

मेदिनी.

कावेर (कस्य सूर्यस्य आ ईषद्वेरमंगं यस्य) क्ली० रं. કેશર. કુંકુમ. [ની એક નદી.અદ્ધગંગા.
कावेरी (कवेरस्येदं अण् ङीप्) स्त्री० री. તે નામ-
कावेरी (कुत्सितमपवित्रं वेरं यस्याः ङीप्) स्त्री० री. १ વેશ્યા, કસબણ. २ વનસ્પતિ હળદર.
काव्य (कवेः भृगुपुत्रस्यापत्यं यत्) पु० व्यः १ શુક્ર, શુક્રાચાર્ય, દૈત્યગુરૂ. [કવિસંબંધી.
काव्य (कवेरिदं घञ्) त्रि० व्यः-व्या-व्यं. કવિનું,
काव्य (कव् ण्यत्) त्रि० व्यः-व्या-व्यं. १ સ્તુતિ કરવા યોગ્ય, વર્ણનીય.
काव्य (कवेः कर्म ष्यञ्) क्ली० व्यं. કવિએ કરેલ ગદ્ય પદ્યાત્મક વાક્યવિશેષ, કવન.

काव्यं यशसेऽर्थकृते व्यवहारविदे शिवेतरक्षतये

काव्यप्रकाशः

काव्यचौर (काव्यस्य चौर इव) पु० रः. પારકાના કાવ્યમાંથી ચોરી પોતાના કાવ્યમાં ગદ્યપદ્યાત્મક વાક્ય વગેરે નાખે તે.
काव्यरसिक (काव्यस्य रसं वेत्ति ठक्) त्रि० कः-का-कं. કાવ્યશાસ્ત્રે પ્રતિપાદન કરેલા રસને જાણનાર.
काव्यालिंग ( ) क्ली० गं. તેનામનો એક અર્થાલંકાર. [સ્ત્રં. કાવ્યરૂપ શાસ્ત્ર.
काव्यशास्त्र (काव्यं शास्त्रमिव उपदेशकत्वात्) क्ली०
काव्या (कव् ण्यत् टाप्) स्त्री० व्या. १ બુદ્ધિ, અક્કલ. २ પૂતના, કંસની બહેન, શ્રીકૃષ્ણની માસી.
काव्यार्थापत्ति ( ) स्त्री० त्तिः તે નામનો એક અર્થાલંકાર.
काश् (भ्वा० आत्म० सेट् काशते) પ્રકાશવું, ચળકવું, ચમકવું, દીપ્ત થવું.
काश् (दिवा० आत्म० सेट् काश्यते) પ્રકાશવું. ચળકવું, ચમકવું, દીપ્તથવું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

काश (केन जलेन कफात्मकेनाश्यते क अश् घञ्) पु० शः काशरोग, કસન, ઉધરસ, ખાંસી.

काश (कश् अच्) पु० क्ली० शः-शं. એક જાતનું તૃણ., કસાડો.

काश (ईषदश्नाति कादेशः) पु० शः એક જાતનો ઉંદર. ૨ તે નામનો એક ઋષિ. [કસાડો.

काशक (काश् ण्वुल्) पु० कः એક જાતનું તૃણ.

काशकृत्स्न (काशवत् कृत्स्नः) पु० त्स्नः ઇંદ્ર, ચંદ્ર, કાશકૃત્સ્ન, આપિશલિ, શાકટાયન, પાણિનિ, અને અમરસિંહ એ આઠ આદિશાબ્દિક માંહેલો તે નામનો એક

काशपरि (काशः परो यस्याः ङीप्) स्त्री० री. જેની ચારે તરફ કસાડો તૃણ છે એવી નદી.

काशफरी (काशः परो यस्याः ङीप्) स्त्री० री. ઉપલો શબ્દ જુઓ.

काशमय (काशस्य विकारः मयट्) त्रि० यः-यी-यं. કસાડાના તૃણનું બનાવેલ, કસાડાના તૃણનું કરેલ.

' कुशकाशमयं बर्हिरास्तीर्य भगवान्मनुः '
भागवतम्.

काशमय (काश प्राचुर्ये मयट्) त्रि० यः-यी-यं. જ્યાં કસાડાનું તૃણ ઘણું હોયછે તે સ્થલ વગેરે.

काशमर्द (काशं मृन्दाति मृद् अण्) पु० र्दः એક જાતની વનસ્પતિ. [નામનો પુત્ર.

काशय ( ) पु० यः કાશી રાજાનો તે

काशाल्मलि (कुत्सिता शाल्मलिः) स्त्री० लिः એક જાતના શીમળાનું ઝાડ. [બનારસ.

काशि (काश् इन्) स्त्री० शिः કાશીક્ષેત્ર, કાશી,

काशिक (काशेरिदं ठञ्) त्रि० कः-का-कं. કાશીનું, કાશીસંબંધી, કાશીને લગતું.

काशिका (काश् ण्वुल् टाप्) स्त्री० का. પાણીનિસૂત્ર ઉપર વામનાચાર્યે કરેલી વૃત્તિ.

काशिका (काशी कन्) स्त्री० का. બનારસ.

काशिकाप्रिय (काशिका प्रिया यस्य) पु० यः धन्वंतरि. [નારસ.

काशिकी ( ) स्त्री० की. કાશીક્ષેત્ર, બ-

काशिन् (काश णिनि) त्रि० शी-शिनी-शि. ૧ પ્રકાશવાળું, ચળકાટવાળું, કાશરોગવાળું, ઉધરસવાળું.

काशिप (काशिं पाति पा क) पु० पः ૧ કાશીનો રાજા. ૨ મહાદેવ, વિશ્વેશ્વર. કાશિનાથ.

काशिपुरी (काशेः पुरी) स्त्री० री. બનારસ, કાશી, કાશીનગરી.

काशिराज (काशिनां जनपदानां राजा टच्) पु० जः કાશીદેશનો અધિપ, કાશીદેશનો રાજા.

काशिल (काश् इल्) त्रि० लः-ला-लं. કસાડાના તૃણથી આચ્છાદન કરેલું.

काशिष्णु (काश् इष्णुच्) त्रि० ष्णुः-ष्णुः-ष्णु. તેજવાળું, પ્રકાશવાળું, તેજોમય. પ્રકાશશીલ.

' काशिष्णुना कनकवर्णविभूषणेन ' भागवतम्.

काशी (काश् इन् ङीप्) स्त्री० शी. કાશિ. શબ્દ જુઓ.

काशीनाथ (काश्या नाथः) पु० थः ૧ કાશીવિશ્વેશ્વર મહાદેવ. [યાત્રા.

काशीयात्रा (काश्या यात्रा) स्त्री० त्रा. કાશીક્ષેત્રની

काशीराज (काशीनां जनपदानां राजा टच्) पु० जः કાશિરાજ શબ્દ જુઓ. [જુઓ.

काशीश (काश्यामीशः) पु० शः काशीनाथ शब्द

काशीश (काशि इश् क) क्ली० शं. હીરાકસી. કાશીસ. [વિકલઓલી. ૩ બુદ્ધિ. ૪ રોગ. કાસૂ.

काशू (कश् ऊणिच्) स्त्री० शूः. શક્તિરૂપ અસ્ત્ર. ૨

काशूकार (काशूं विकलत्वं करोति कृ अण्) पु० रः સોપારીનું ઝાડ, ફોફળનું ઝાડ. गवाक्षवृक्ष.

काशेय (काश्यां भवः ढक्) त्रि० यः-यी-यं. કાશીક્ષેત્રમાં હોનાર, કાશીક્ષેત્રમાં થનાર.

काशेय (काशेर्नृपस्यापत्यं ढक्) पु० यः કાશીના રાજાનો પુત્ર. [શીના રાજાની પુત્રી.

काशेयी (काशेर्नृपस्यापत्यं स्त्री ढक्) स्त्री० यी. કા-

काश्मरी (कश् वनिप् पृषो०) स्त्री० री. ગાંભારી નામની વનસ્પતિ.

काश्मर्य (काश्मरी ष्यञ्) क्ली० र्यं. ઉપલો શબ્દ જુઓ, વનસ્પતિ પુષ્કરમૂલ. ૩ કાયફલનું ઝાડ.

काश्मीर (काश्मीरे भवः अण्) क्ली० रं. ૧ વનસ્પતિ પુષ્કરમૂલ. ૨ ટંકણખાર. ૩ કેશર કુંકુમ.

' काश्मीरद्रवसांद्रदिग्धवपुषः ' भागवतम्

काश्मीर (,,) त्रि० रः-री-रं. કાશ્મીર દેશમાં હોનાર, કાશ્મીર દેશમાં થનાર.

काश्मीर (काश्मीरदेशानां राजा अण्) पु० रः કાશ્મીરદેશનો રાજા.

काश्मीर (काश्मीर एव) पु० रः તે નામનો હિંદુસ્થાનની ઉત્તરમાં એક દેશ.

काश्मीरक (कश्मीरे भवः वुञ्) त्रि० कः-का-कं. કાશ્મીરદેશમાં હોનાર, કાશ્મીરદેશમાં થનાર.

काश्मीरज (काश्मीरे जायते जन् ड) पु०जः ૧ વનસ્પતિ પુષ્કરમૂલ. ૨ કેશર.

काश्मीरज (,,) त्रि० जः-जा-जं. કાશ્મીરદેશમાં પેદાથનાર, કાશ્મીર દેશમાં ઉત્પન્ન

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

होनार. [ખની કળી.
काश्मीरजा (काश्मीरे जायते) स्त्री० जा. अतिव-
काश्मीरजन्मन् (काश्मीरे जन्म यस्य) क्ली० न्म. કેશર. अग्निशिख, वाह्लिक.
काश्मीरजीरक (काश्मीर जीरकम्) क्ली० कं કાળું-જીરું, શાહજીરું. कृष्णजीरक.
काश्मीरा (काश्मीर अच् टाप्) स्त्री० रा. १ કાળીદ-રાખ. २ અતિવખની કળી.
काश्मीरिक (काश्मीर ठक्) त्रि० कः-का-कं. काश्मी-रक शब्द જુઓ.
काश्मीर्य (काश्मीर ण्य) क्ली० र्यं. કેશર.
काश्य (कं जलमाश्यं यत्र) क्ली० श्यं. मध, भद्दिरा.
काश्य (काश्यां भवः यत्) पु० श्यः કાશીનો રાજા.
काश्यक (काश्यक) पु० कः ઉપલો શબ્દ જુઓ.
काश्यप (काश्यं मद्यं पिबत्यत्र पा क) क्ली० पं. માંસ.
काश्यप (कश्यपस्य गोत्रापत्यं अण्) पु० पः. १ કણાદમુનિ. २ કશ્યપગોત્રમાં પેદા થયેલ છોકરું. ३ સૂર્યસારથિ અરુણ. ४ એક જાતનો મૃગ.
काश्यप (कश्यपस्येदं अण्) त्रि० पः-पी-पं. કશ્યપનું, કશ્યપસંબંધી, કશ્યપને લગતું.
काश्यपनंदन (कश्यपस्य नंदनः) पु० नः. १ ગરુડ. સૂર્યસારથી અરુણ. २ દેવ.
काश्यपायन (कश्यपस्य गोत्रापत्यं फक्) पु० नः. કશ્યપ ગોત્રમાં પેદાથનાર બ્રાહ્મણ.
काश्यपि (कश्यपे भवः इञ्) पु० पिः. १ ગરુડ. २ સૂર્યસારથિ અરુણ. [ભૂમિ. २ કશ્યપસ્ત્રી.
काश्यपी (कश्यपस्येयं ङीप्) स्त्री० पी. १ પૃથ્વી,
काश्यपेय (कश्यप्यां भवः ढक्) पु० यः. કશ્યપ-પત્નીને પેટે પેદા થયેલ સુર અને અસુર. २ સૂર્ય ३ ગરુડપક્ષી. [શબ્દ જુઓ.
काश्वरी (काश् वनिप् र ङीप्) स्त्री० री. काश्मरी.
काष (कष्यतेऽनेन कष् घञ्) पु० षः. સોનું વગેરે પારખવાની કસોટી. २ તે નામનો એક ઋષિ.
काषाय (कषायेण रक्तः अण्) त्रि० यः-यी-यं. રાતા રંગનું, રાતા રંગે રંગેલું, ગેરુવગેરે રાતા વર્ણે રંગેલું.
काषायकंथ (काषायी कंथा यस्य) त्रि० थः-था-थं. ગેરુવિગેરે રાતા રંગથી રંગેલી છે કંથા જેની એવું
काषायवासिक (काषाये वस्त्रे वासोऽस्य ठक्) पु० कः. એક જાતનો કીડો.
काषायिन् (कषायेण प्रोक्तमधीयते णिनि) पु० यी. કષાયઋષિએ કહેલી શાખાનો અભ્યાસ કરનારો.
काष्ठ (काष् क्थन् नेट्) क्ली० ष्ठं. લાકડું, ઇંધણું, કાઠ.
काष्ठक (काष्ठं विद्यतेस्य च्छ कुक्) त्रि० कः-का-कं. લાકડાવાળું, ઇંધણાંવાળું, કાષ્ઠયુક્ત.
काष्ठक (काष्ठ कन्) क्ली० कं. અગુરુચંદનનું ઝાડ.
काष्ठकदली (काष्ठमिव कठिना कदली) स्त्री० ली. જંગલી કેળનું ઝાડ.
काष्ठकीट (काष्ठे कीटः) पु० टः લાકડાને કોરી કાણું પાડનાર એક જાતનો કીડો. घुण, काष्ठतंतु.
काष्ठकुट्ट (काष्ठं कुट्टति कुट् अण्) पु० ट्टः લક્કડ-ખોદ પક્ષી.
काष्ठकुद्दाल (काष्ठमयः कुद्दालः) पु० लः વહાણુ-માંથી કચરો કહાઢી નાખવાની કાષ્ઠની બનાવેલ કોદાળી. [શબ્દ જુઓ.
काष्ठकृद्दाल (काष्ठमयः कृद्दालः) पु० लः ઉપલો
काष्ठजंबु (काष्ठप्रधानो जंबुः) पु० बुः એક જાતના જાંબુડાનું ઝાડ.
काष्ठतक्ष् (काष्ठं तक्षति तक्ष् क्विप्) पु० ट्. સુતાર.
काष्ठतक्षक (काष्ठं तक्षति तक्ष् ण्वुल्) पु० कः ઉપ-લો શબ્દ જુઓ. [ક્ષતક્ષ્ શબ્દ જુઓ.
काष्ठतक्षणकर्तृ (काष्ठतक्षणं करोति) पु० र्ता. का-
काष्ठतंतु (काष्ठे तंतुरिव) पु० तुः काष्ठकीट शब्द જુઓ.
काष्ठदारु (काष्ठप्रधानो दारुः) पु० रुः દેવદારનું ઝાડ.
काष्ठद्रु (काष्ठप्रधानो द्रुः) पु० द्रुः ખાખરાનું ઝાડ. पलाश, किंशुक. [આંબળું.
काष्ठधात्रीफल (काष्ठप्रधानं धात्रीफलं) क्ली० लं.
काष्ठपाटला (काष्ठमिव कठिना पाटला) स्त्री० ला. એક જાતની વનસ્પતિ, ધોળી પાડસ, सितपाटला.
काष्ठकामठी (काष्ठनिर्मिता मठीव) स्त्री० ठी. ચિ-તા, ચેહ.
काष्ठमय (काष्ठात्मकं मयट्) त्रि० यः-यी-यं. १ કા-ષ્ઠાત્મક. २ કહેણુ હૈયાવાળું. ३ નિર્દય.
काष्ठमल्ल (काष्ठे मल्लइव यत्र) पु० ल्लः १ પ્રેત લઈ-જવાનું સાધન. २ પ્રેત લઈજવાનું વાહન.
काष्ठमौन (काष्ठमिव मौनं) क्ली० नं. કેવળ ઈસારા ચાળાથી પોતાનો અભિપ્રાય દેખાડી મુંગાપણું રાખવું તે. [રપતિ દારુહલદર.
काष्ठरजनी (काष्ठप्रधाना रजनी) स्त्री० नी. वन-
काष्ठलेखक (काष्ठे लिखति लिख् ण्वुल्) पु० कः काष्ठकीट शब्द જુઓ. घूणकीट. घुण.
काष्ठलोहिन् (काष्ठं च लोहं चास्त्यस्य) पु० ही. લો-ઢાથી મઢાવેલ લાકડાનો ઘોડા સોટો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

काष्ठवत् (काष्ठ मतुप्) त्रि० वान्-वती-वत्. ઈંધણાવાળું, લાકડાંવાળું. [४सरખું.

काष्ठवत् (काष्ठ वत्) अव्य० त्. લાકડાજેવું, કા-

काष्ठवल्लिका (काष्ठमिव शुष्का वल्लिका) स्त्री० का. વનસ્પતિ કહુ.

काष्ठसारिवा (काष्ठमिव शुष्का सारिवा) स्त्री० वा. વનસ્પતિ ધોળી ઉપલસરી. काष्ठशारिवा.

काष्ठा (काश् क्थन् टाप्) स्त्री० ष्ठा. १ દિશા, સ્થલ, સ્થાન, ૨ જગો. ૩ હદ, મર્યાદા, સીમા. ૪ સ્થિતિ. ૫ અઢાર નિમેષની એક કાષ્ઠા. ૬ ઉત્કર્ષ, શ્રેષ્ઠપણું. ૭ કશ્યપ મુનિની તે નામની એક પત્ની. ૮ લક્ષ્ય, નિશાની, વેધ. ૯ અવસ્થા.

काष्ठा (,,) स्त्री० ब० ष्ठाः दश सं-ख्यानी संज्ञा. [સ્પતિ દારૂહલદર.

काष्ठा (काष्ठं प्राधान्येस्त्यस्यां अच्) स्त्री० ष्ठा. વન-

काष्ठागार (काष्ठनिर्मितमागारं) क्ली० रं. લાકડાનું બનાવેલું ઘર.

काष्ठांबुवाहिनी (काष्ठनिर्मिता अंबुवाहिनी) स्त्री० नी. પાણી ભરી રાખવા કાષ્ઠ પાષાણ વગેરેથી બનાવેલી ટાંકી, પાણી વહેવાનું અથવા ઉલેચવાનું કાષ્ઠપાત્ર. [જાતનું કંદ.

काष्ठालुक (काष्ठामिव कठिनमालुकं) क्ली० कं. એક-

काष्ठिक (काष्ठमस्त्यस्य ठन्) त्रि० कः-का-कं. ૧ બહુ કાષ્ઠવાળું. ૨ ઇંધણાંવાળું.

काष्ठिका (काष्ठी स्वार्थे कप् टाप्) स्त्री० का. લાક-ડાનો કટકો. [લાકડાવાળું. ૨ ઇંધણાંવાળું.

काष्ठिन् (काष्ठमस्त्यस्य इनि) त्रि० ष्ठी-ष्ठिनी-ष्ठि. ૧

काष्ठील (काष्ठिना इल्यते इल् घञ्) पु० लः. એક જાતના આકડાનું ઝાડ.

काष्ठीला (ईषदाष्ठीलेव) स्त्री० ला. રાની કેળનું ઝાડ.

काष्ठीलिका (काष्ठीला इव कप् टाप्) स्त्री० का. ઉ-પલો શબ્દ જુઓ.

कास् (भ्वा० आत्म० सेट् कासते) ૧ રોગનું ચિહ્ન બતાવે તેવો ખરાબ અવાજ કરવો તે.

कास (कस् घञ्) पु० सः. ઉધરસ, ખાંસી, તે નામનો રોગ જેનું નિદાન શ્વાસ અને હેડકીના નિદા-ન પ્રમાણે છે.

कासकंद (कासहेतुकः कंदः) पु० दः ઉધરસમાં ફાયદો કરનાર એક જાતનો આકુ. कासालु.

कासकुंठ (कासेव कुंठः) त्रि० ठः-ठा-ठं. ઉધરસથી પીડાએલ, ખાંસીથી પીડાએલ.

कासकुंठ (कासकुंठ अच्) पु० ठः यमराज, प्रेत-राજ.

कासघ्न (कासं हंति हन् टक्) त्रि० घ्नः-घ्ना-घ्नं. કાસ-રોગને હણનાર, ઉધરસનો નાશ કરનાર.

कासघ्न (,,) पु० घ्नः ૧ એહેડાનું ઝાડ, કાસને હણનાર. ૨ સુશ્રુતગ્રંથમાં કહેલું વિધાન.

कासघ्नी (कासं हंति हन् टक् ङीप्) स्त्री० घ्नी. ૧ વનસ્પતિ ભારંગ. ભોરીંગણી.

कासजीत् (कासं जयति जी क्विप्) स्त्री० त्. વન-સ્પતિ ભારંગ. ભાર્ગી.

कासजीत् (,,) त्रि० त्-ती-त्. કાસ રોગને જીતનાર, કાસ રોગનું નાશક.

कासनाशिनी (कासं नाशयति नश् णिच् ल्युट् ङीप्) स्त्री० नी. ૧ વનસ્પતિ કાકડાશીંગી. ૨ કાસ રોગને નાશ કરવાવાળી. [ખાટો પ્રવાહી પદાર્થ.

कासंदीवटिका (कासंदी वटति) स्त्री० का. પીવાનો

कासमर्द (कासं मृद्नाति मृद् अण्) पु० दः એક જાતની વનસ્પતિ.

कासमर्द (कस्य जलस्य आसेन मृद्यतेऽसौ) पु० दः પીવાનો ખાટો પ્રવાહી પદાર્થ. [સ્પતિ પટોળ.

कासमर्दन (कासं मृद्नाति मृद् ल्यु) पु० नः वन-

कासर (के जले आसरति सृ अच्) पु० रः પાડો.

'व्यारोषं मानिन्यास्तमोदिवः कासरं कलमभूमेः'

आर्यासप्तशती.

कासरी (के जले आसरति आ सृ अच् ङीप्) स्त्री० री. ભેંશ.

कासहन् (कासं हंति हन् क्विप्) त्रि० हा-हा-ह. કાસ રોગને હણનાર ક્વાથ, લેપ વગેરે.

कासार (कस्य जलस्यासारो यत्र) पु० रः ૧ સરો-વર, તલાવ. ૨ દંડકછંદનો એક ભેદ.

'विकाशः कासारोपवनपवनोपि व्यथयति'

गीतगोविंदम्.

कासार ( ) क्ली० रं. એક જાતનું પકવાન્ન.

कासारि (कासस्यारिः) पु० रिः એક જાતની વન-સ્પતિ. [આલુ. એક જાતનું કંદ.

कासालु (कासकारी आलुः) पु० लुः એક જાતનું

कासिका ( ) स्त्री० का. રાની ભગનું ઝાડ.

कासिन् (कासोस्त्यस्य णिनि) त्रि० सी-सिनी-सि. કાસરોગવાળું, ઉધરસવાળું, ખાંસીવાળું.

कासीय ( ) क्ली० यं. એક જાતની ધાતુ કાંસુ. [હીરાકસી.

कासीस (कसींक्षुद्रकासं स्यति सो क) क्ली० सं.

'कासीसकटुरोहिण्योर्जातिकंदहरिद्रयोः' सुश्रुतः

कासू (कश् ऊ) स्त्री० सूः ૧ એક જાતનું આયુધ,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બરછી, ભાલો. ૨ દીપ્તિ. ૩ રોગ. ૪ બુદ્ધિ.

कासूतरी ( ) સ્ત્રી॰ રી. ઉપલો શબ્દ-જુઓ. [ગતિ, કુગતિ.

कासृति (कुत्सिता सृतिः सरणं) સ્ત્રી॰ तिः ખરાબ

कासेक्षु (कास इक्षुः) પુ॰ क्षुः. એકજાતનું તૃણ, કસાડો. [વાદ્ય, શિંગ. કાહલા.

काहका (काहला लस्यकः) સ્ત્રી॰ का. એકજાતનું

काहल (कुत्सितं हलति हल् अच्) પુ॰ लः. ૧ બીલાડો. ૨ કુકડો. ૩ અવાજ, શબ્દ, નાદ.

काहल (,,) ક્લી॰ लं. અવ્યક્ત ભાષણ.

काहल (,,) ત્રિ॰ लः-ला-लं. ૧ સુકાયેલું, સુકું. ૨ અત્યંત મોટું. ૩ ધણું, અત્યંત. ૪ ખલ, લુચ્ચું. ૫ અનાડી. ૬ ઘાતકી, અપકારી.

काहला (कुत्सितं हल् अच् टाप्) સ્ત્રી॰ ला. ૧ ગાયનું શિંગડું. ૨ શીંગડાના આકારનું વાદ્ય. ૩ ડંકો, નગારૂ. ૪ ધંતુરાના ફુલના આકારવાળું વાદ્ય. ૫ અપ્સરાનો ભેદ. [નું ઝાડ.

काहलापुष्प (काहलेव पुष्पमस्य) પુ॰ ष्पः. ધંતુરા-

काहलि (कं सुखमाहलति आ हल् इन्) પુ॰ लिः. મહાદેવ, શિવ, શંભુ.

काहली (काहली ङीप्) સ્ત્રી॰ ली. ૧ તરણી, યુવતી. ૨ કુકડી. ૩ બીલાડી. [નું ઝાડ.

काही (ईषदाहंति आ हन् डीप्) સ્ત્રી॰ ही. ધંદરજવ-

कि (જુઓ॰ પર॰ અનિટ્ चिकेति) જાણવું, સમજવું.

किंराजन् (कुत्सितो राजा) પુ॰ जा. ખરાબ રાજા.

किंवत् (किं मतुप्) ત્રિ॰ वान्-वती-वत्. શાવાળું, શીવસ્તુવાળું, શાપદાર્થવાળું.

किंवदंती (किं वद् डीप्) સ્ત્રી॰ ती. સાચો કે ખોટો લોકપ્રવાદ, ખબર, જનશ્રુતિ. किंवदंति.

किंवा (किंच वाच) અવ્ય॰ वा. સંભાવના, વિતર્ક અને બીજા પક્ષના દ્યોતનમાં વપરાતો અવ્યય.

किंशारु (किं शृ जुण्) પુ॰ रुः. ૧ ધાન્ય વગેરેનો અગ્રભાગ. ૨ બાણ. ૩ કંકપક્ષી.

'किंशारुर्वा शस्यशूके विशिखे कंकपक्षिणि'
मेदिनी.

किंशुक (किंचित् शुक इव शुकतुंडाभ पुष्पत्वात्) પુ॰ कः. કેસુડાનું ઝાડ. ખાખરાનું ઝાડ. પલાશવૃક્ષ.

किंशुलुक (किंशुक लुमध्यता) પુ॰ कः. ઉપલો શબ્દ જુઓ. [દ્વાર, ખરાબ મિત્ર.

किंसखा (कुत्सितः सखा) પુ॰ खा. ખરાબ દોસ્ત-

'स किंसखा साधु न शास्ति यो नृपम्'
किरातार्जुनीयम्.

किंस्वित् (किं स्वित्) અવ્ય॰ त्. વિતર્કમાં વપરાતો અવ્યય. [ચાષપક્ષી.

किकि (कक् इन् इत्वं) પુ॰ किः. ૧ નાળીએર. ૨

किकिदिव (किकीत्यव्यक्तशब्देन दीव्यति दिव् क) પુ॰ वः ચાષપક્ષી. किकिदिवि, किकिन्.

किक्किष ( ) પુ॰ षः દેહમાં ઉત્પન્ન થનાર એક જાતનો કીડો. [સર્પ.

किक्किसाद ( ) પુ॰ दः એક જાતનો

किंखि ( ) પુ॰ खिः એક જાતનું શીયાળ.

किंकणी (किंचित् कणति कि कन् इन् डीप्) સ્ત્રી॰ णी. નાની ઘંટડી, ટોકરી, ઘુઘરી.

किंकर (किं करोति कृ अच्) ત્રિ॰ रः-रा-रं. દાસ, સેવક, ચાકર, નોકર.

'अवेहि मां किंकरमष्टमूर्तेः कुंभोदरं नाम निकुंभतुल्यम्'
रघुवंशम्.

किंकरी (किंकरस्य पत्नी ङीप्) સ્ત્રી॰ री. સેવકની વહુ, ચાકરની સ્ત્રી, દાસની પત્ની.

किंकल ( ) પુ॰ लः સાત્વતવંશમાં પેદા થનાર તે નામનો એક રાજા.

किंकार्यता (किंकार्यस्य भावः) સ્ત્રી॰ ता. શું કરવાનું છે તે જાણવું તે.

किंकिणी (किंकण् इन् डीप्) સ્ત્રી॰ णी. નાની ટોકરી, ઘંટડી, ઘુઘરી, નાની ઘુઘરી, ઘંટડી વગેરે જેને મુકેલ એવો દાગીનો, ભૂષણ. ૨ ખાટી દ્રાક્ષ. ૩ વનસ્પતિ વેરણ. ૪ કંટાળીનો વેલો. किंकाणि.

किंकिणीका (किंकिण इकन्) સ્ત્રી॰ का. નાની ઘંટડી, નાની ટોકરી, નાની ઘુંઘરી.

किंकिर (किं किरति कृ क) ક્લી॰ रं. હાથીનો કુંભ.

किंकिर (किंचित् किरति वियोगिनं रागाय कृ क) પુ॰ रः ૧ ભમરો. ૨ કોયલ. ૩ કોયલપક્ષી, ૪ કામદેવ, મદન. ૫ રાતો વર્ણ.

किंकिरात (किंकिरं रक्तवर्णमतति अत् अच्) પુ॰ तः ૧ આસોપાલવનું ઝાડ, અશોકવૃક્ષ. ૨ કામદેવ. ૩ કોયલપક્ષી. ૪ પોપટ.

'वटनमितशिरः शेखरैः किंकिरातैः' रत्नावली.

किंकिरिन् (किंकिर इनि) પુ॰ री. એક જાતનું ઝાડ. विकंकतवृक्ष. [પક્ષી.

किंकिरि (किंकिर ङीप्) સ્ત્રી॰ री. ભમરી, કોકિલા-

किंकिल (किं किलच्) અ॰ ल. કોપ અને અશ્રદ્ધામાં વપરાતો અવ્યય. [બીજું.

किंच (किंच) અ॰ च. ૧ અને વળી. ૨ વધારે. ૩

किंचन (किं चन) અવ્ય॰ न. કાંક, થોડું, કાંઇએક.

किंचन (किंचन् अच्) પુ॰ नः એક જાતના ખાખરાનું ઝાડ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

किंचनता (किंचन तल्) स्त्री० ता. कांक, थोडापणुं, कांकपणु. [जरा, अेक.

किंचित् (किंचित्) अव्य० त्. कांक, कांअेक, थोडु,

' वस्तुसिद्धिर्विचारेण न किंचित्कर्मकोटिभिः '

विवेकचूडामणिः

किंचिलिक (किंचुलुक पृषो०) पु० कः नीचलो शब्द जुओ. [ज्ञातनो क्रीडो. महीलता.

किंचुलुक (किंचिच्चुलुंपति चुलुंप् डुः) पु० कः अेक

किंज (किं जलं लवोपः) क्ली० जं. पद्म वगेरेनी अंदरना रंगअेरंगी तंतु, पद्म वगेरेनुं केशर.

किंजल (किंचिज्जलमत्र) क्ली० लं. उपलो शब्द जुओ.

किंजल्क (किंचिज्जलति जल् क) पु० ल्कः १. पद्म वगेरेनी अंदर वाळजेवा रंगअेरंगी तंतु, पद्म वगेरेनुं केशर. २ पुष्परेणु. ३ नागकेशर. ४ केशर.

किंजल्क (,,) क्ली० ल्कं. नागकेशरनुं फुल, वनस्पति केश.

किंजल्किन् (किंजल्क णिनि) त्रि० की-किनी-कि. जेने किंजल्क होय छे ते, किंजल्कवाळुं.

किट् (भ्वा० पर० सेट् केटति) १ जवुं, गमनकरवुं. २ धीवरावबुं, त्रास आपवो.

किटकिटाय (नामधातु० क्यङ् किटकिटायते) अव्यक्त शब्द करवो.

किटि (किट् इन् कित् च) पु० टिः डुक्कर, भुंड.

किटिभ (किटिरिव भाति भा क) क्ली० भं. सर्पना दंशथी थतो उपद्रव.

किटिभ (,,) पु० भः भाथानी जु.

किटी (किटि् ङीप्) स्त्री० टी. भुंडण, भुंडणी.

किट्ट (किट् क्त) क्ली० ट्ट. धातु वगेरेनो कीटोडो. २ कीटु. ३ तेल वगेरेनो मेल. ४ विष्टा. ५ काननो मेल. [वीर्य.

किट्टवर्जित (किट्टेन वर्जितं) क्ली० तं. शुक्र, पारो,

किट्टाल(किट्टमालाति आ ला क) पु० लः त्रांणानो कळश. [नो किटोडो, लोढानो मेल.

किट्टाल (किट्टरूपेणालति अल् अच्) पु० लः लोढा-

किण (कण् अच् इत्वं) पु० णः १ शुष्कव्रण. २ मांसनीगांठ. ३ हाथ वगेरे उपर कोढाणी, सुडी वगेरेना घसारानुं चिह्न, घर्षण, चिह्न. ४ अेक ज्ञातनो लाकडानो क्रीडो. [किण होय छे ते.

किणवत् (किण मतुप्) त्रि० वान्-वती-वत्. जेने

किणि (किणाग्र प्रभवति इन्) स्त्री० णिः वनस्पति अधाडो.

किणिही (किणिनो व्रणान् हंति हन् ङीप्) स्त्री० ही. वनस्पति अधाडो.

किण्व (किण् क्वन्) क्ली० ण्वं. सुराभीज, जेमांथी मद्य बने छे अेवां बीज. २ पाप.

किण्वीय (किण्वाय हितं) त्रि० यः-या-यं. किण्वने माटेनुं, किण्वमाटे हितावहकारक.

कित् (भ्वा० पर० सेट् चिकित्सति) १ रोग मटाडवा वैद्यकी क्रियाथी प्रयत्न करवो. २ शक लेवो, संशय-लेवो. ३ नाश करवुं. ४ शासन करवुं.

कित् (जुहो० पर० सेट् चिकेत्ति) १ जाणवुं. २ समजवुं. [वासकरवो. २ इच्छवुं.

कित् (चुरा० पर० सेट् केतयति) १ रहेवुं, वसवुं,

कित (कित् क) पु० तः ते नामनो अेक ऋषि.

कितव (कितेन वाति वा क) त्रि० वः-वा-वं. १ ठग, धुताराः. २ कपटी. ३ धातकी. ४ बल. ५ गांडु. ६ दगाखोर. ७ नुकसान करनारे.

कितव (,,) पु० वः १ जुगारी, जुगटीओ. २ धंतुरानुं झाड, ३ सुगंधी द्रव्य-रोचना.

कितनु (कुत्सिता तनुरस्य) पु० नुः अेक ज्ञातनो आठ पगवालो क्रीडो, अेक ज्ञातनो करोळीयो.

किंतमाम् (किं तमप् आमुः) अव्य० माम्. घणा-भांथी अेकनुं अतिशय. [अेकनुं अतिशय.

किंतराम् (किंतरप् आमुः) अव्य० रां. बेमांथी

किंतु (किंचतुच) अव्य०तु. परंतु, तथापि, सीवाय.

किंतुघ्न ( ) पु० घ्नः ज्योतिषमां अगीआरमुं करण.

किंदम ( ) पु० मः ते नामनो अेक ऋषि जेणे मृगरूप धारण करी कोइ अेक मृगीसाथे मैथुन कर्युं जे मैथुन करवाना आरंभमां पांडुराजा थी ते मरायो. [खराब नोकर.

किंदास (कुत्सितो दासः) पु० सः खराब सेवक,

किंधिन् (कुत्सिता धीरस्त्यस्य इनि) पु० धी. धोडो, अश्व.

किंधिनी (किंधिन् ङीप्) स्त्री० नी. धोडी.

किन्नर (कुत्सितो नरः) पु० रः १ देवयोनिनो भेद, कुबेर दूत, पुलस्त्य ऋषिनो पुत्र जेनुं मुख अश्व सरखुं अने शरीर मानुष सरखुं होय छे. २ अर्हतनो उपासक. ३ वर्षभेद.

' उदास्यतामिच्छति किन्नराणां तानप्रदायित्वमिवोपगंतुम् ' कुमारसंभवम्.

किन्नरी (किन्नर ङीप्) स्त्री० री. किन्नरनी स्त्री.

किन्नरेश (किन्नरस्य ईशः) पु० शः कुबेर, उत्तर दिशानो पालक.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

किन्नु (किंच नुच) अ० न्नु. પ્રશ્ન. વિતર્ક, સરખાપણું, સ્થલ, સ્થાન અને વિકલ્પ બતાવનાર અવ્યય. [એક જાતનો કીડો.

किप्य ( ) पु० प्यः વિષ્ટામાં પેદા થનાર

किम् (कु डिम्) त्रि० कः-का-किं. કોણ, શું, જે, વિતર્કવિષય, કુત્સા, ગર્હણ, પ્રશ્ન અને સરખાપણું બતાવનાર શબ્દ.

'कः कौ के कं कौकान् हसति च हसतो हसंति हरिणाक्ष्यः' उद्भटः

किम् (,,) अ० किम्. થોડાપણામાં અને અતિશયપણામાં વપરાતો અવ્યય.

किमर्थ ( ) अ० र्थम्. શામાટે, શાસારૂ.

किमिच्छक (किमिच्छसि किमिच्छसीति पृच्छति) त्रि० कः-का-कं. તું શું ચાહે છે ? તું શું ચાહે છે ? એ પ્રમાણે પુછવા માટે નીમાયેલ ચાકર વગેરે.

किमु (किम् उ) अव्य० मु. પ્રશ્ન, નિષેધ, નિંદા અને વિતર્કમાં વપરાતો અવ્યય.

किमुत (किंच उतच) अव्य० त. પ્રશ્ન, વિકલ્પ, વિતર્ક અને અતિશયપણામાં વપરાતો અવ્યય.

किंपच (किंपचति पच् अच्) त्रि० चः-चा-चं. કૃપણ, કંજુસ, સુમ. [શબ્દ જુઓ.

किंपचान (किंपच् आनच्) त्रि० नः-ना-नं. ઉપલો

किंपुरुष (कुत्सितः पुरुषः) पु० षः ૧ કિન્નર શબ્દ જુઓ, ૨ પૃથ્વીના નવખંડમાંહેલો એક ખંડ. ૩ ખરાબ પુરૂષ. [જુઓ.

किंपूरुष (कुत्सितः पूरुषः) पु० षः ઉપલો શબ્દ

किंभरा (किंचिद् बिभर्ति भृ अच्) स्त्री० रा. એક જાતનું સુગંધી દ્રવ્ય.

किंभूत (किं भू क्त) अ० तं. શી રીતે, શા પ્રકારે.

कियत् (किं परिमाणे वतुप्) त्रि० यान्-यती-यत्. કેટલું, કેવડું, કેવડુંનાનું, કેટલું લાંબુ, કેટલુ ટુંકું, કેટલું પહોળું, ઇ૦.

कियत् (किं वतुप्) अ० त्. થોડું, અલ્પ, જરા.

'गंतव्यमस्ति कियदित्यसकृदब्रुवाणा'

साहित्यदर्पणम्.

कियदेतिका (कियदेतदारभ्यमाणं करोति णिचि ण्वुल्) स्त्री० का. ઉદ્યોગ, ઉત્સાહ, લાંબી મેહેનત. કેટલું મોટુ કામ. कियदेहिका.

कियद्दूर (कियद् दूरम्) त्रि० रः-रा-रं. થોડું દૂર, જરા આધું. [ઘોડો, રાતો ઘોડો.

कियाह (कियान् रक्तवर्णः हयः पृषो०) पु० हः કાળો

किर (किरति कृ क) पु० रः ૧ ડુક્કર, ભુંડ. ૨ વિક્ષેપક.

किरक (किरति कृ कन्) पु० कः ૧ નાનું ડુક્કર, બાલભુંડ. ૨ લહીયો, લખનાર, લેખક.

किरी (किर् ङीप्) स्त्री० री. ભુંડણી, ભુંડણ.

किरण (कीर्यते परितः कृ ल्यु) पु० णः.. સૂર્ય ચંદ્ર વગેરેનું કિરણ.

'एकोहि दोषो गुणसन्निपाते निमज्जतींदोः किरणेष्विवांकः'

कुमारसंभवम्

किरणमालिन् (किरणानां मालास्त्यस्य इनि) पु० ली. ૧ સૂર્ય. ૨ ચંદ્ર. ૩ આકડાનું ઝાડ. ૪ કપુર

किरत् (कृ शतृ) त्रि० रन्-रती-रत्. ફેલાતું. ૨ પ્રસરતું. ૩ પ્રકાશતું. [का. મેનાપક્ષી.

किराटिका (किरे पर्वतभूमौ अटति अट् ण्वुल्) स्त्री०

किरात (किरमवस्करादेर्निक्षेपस्थानमतति) पु० तः ભિલ્લ વગેરે અરણ્યમાં રહેનારી જાતિ. ૨ જાતિભેદ, વનસ્પતિ કરિયાતું, ધોડાનો રક્ષક, શિવ, મહાદેવ. [નુવાળું.

किरात (,,) त्रि० तः-ता-तं. થોડા ત-

किरातिक्त (किरातो भूनिंव इव तिक्तः) पु० क्तः વનસ્પતિ કરિયાતું.

किरातार्जुनीय (किरातमर्जुनं चाधिकृत्य कृतं काव्यं छ) क्ली० यं. મહાકવિ ભારવિપ્રણીત અઢાર સર્ગવાળું તે નામનું મહકાવ્ય.

किरातशिन् (किराता न श्राति अश् णिनि) पु० शी. ગરૂડપક્ષી. [स्त्री० तिः ગંગાનદી.

किराति (किरेण समंतात् जलक्षेपेण अतति अत् इन्)

किरातिनी (किरातदेश उत्पत्तिस्थानत्वेनास्त्यस्य इनि ङीप्) स्त्री० नी. વનસ્પતિ જટામાંસી.

किराती (किरात ङीप्) स्त्री० ती. ૧ પાર્વતી, દુર્ગા. ૨ કુટની સ્ત્રી. ૩ ભાગિરથીનદી. ૪ ભિલ્લ જાતિની સ્ત્રી. ૫ ચામર લેનારી સ્ત્રી. [મેઘ.

किरि (किरति भूमिं कृ इ) पु० रिः ડુક્કર, ભુંડ,

किरिटि (किरिणा टल्यते टल् डि) क्ली० टिः ખજુરનું ઝાડ, ખજુર.

किरी (किरि ङीप्) स्त्री० री. ભુંડણ, ભુડણી.

किरीट (कृ ईटन् कित्) पु० क्ली० टः-टं. ૧ મુકુટ, તાજ. ૨ શિરોવેષ્ટન, પાધડી વગેરે.

किरीटमालिन् (किरीट मल् णिनि) पु० ली. અર્જુન, મધ્યમ પાંડવ.

किरीटिन् (किरीटोऽस्त्यस्य इनि) त्रि० टी-टिनी-टि. મુકુટ ધારણ કરનાર, તાજ ધારણ કરનાર, શિરોવેષ્ટન ધારણ કરનાર.

किरीटिन् (,,) पु० टी. અર્જુન,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અર્જુન સાદડનું ઝાડ.

किरीडाट् (કંડવા० પર० સેટ् किरीडाट्यति) ધુતવું, ધુતારાપણું કરવું.

किर्मि (कृ कि मुट्) સ્ત્રી० र्मिः १ ખાખરાનું ઝાડ, કિંશુકવૃક્ષ. ૨ ઘર. ગૃહ, મંદિર. ૩ સોનાની પુતળી. ૪ લોઢાની પ્રતિમા. [જુઓ.

किर्मी (कृ कि मुट् ङीप्) સ્ત्री० र्मी. ૧ ઉપલો શબ્દ

किर्मीर (कृ कि ईरन्) पु० रः ૧ નારંગીનું ઝાડ. ૨ બીજોરાનો એક ભેદ. ૩ તે નામનો એક રાક્ષસ, જે રાક્ષસને ભીમસેને માર્યો હતો. ૪ કાબરચિત્રો વર્ણ. [અનેકરંગી, કાબરચિત્રાવર્ણવાળું.

किर्मीर (,,) त्रि० रः-रा-रं. કાબરચિત્રું,

किर्मीरजित् (किर्मीरं राक्षसभेदं जितवान् जी क्विप्) पु० त्. પાંડવપુત્ર ભીમસેન, ભીમ.

किर्मीरत्वच् (किर्मीरा चित्रात्वग्यस्य) पु० क्-ग्. ૧ નારંગીનું ઝાડ. ૨ એક જાતના બીજોરાનું ઝાડ.

किर्मीरभिद् (किर्मीरं राक्षसभेदं भिन्नवान् भिद् क्विप्) पु० त्-द्. પાંડુપુત્ર ભીમસેન, ભીમ.

किर्मीरसूदन (किर्मीरं सूदयति) पु० नः ઉપલો શબ્દ જુઓ.

किर्मीरहन् (किर्मीरं राक्षसभेदं हतवान् हन् क्विप्) पु० हा. किर्मीरभिद् શબ્દ જુઓ.

किर्मीरित (किर्मीर इतच्) त्रि० तः-ता-तं. અનેક રંગનું કરેલું, ચિત્રવિચિત્ર રંગનું કરેલું, કાબરચિત્રું કરેલું.

किल् (તુદા० પર० સેટ् किलति) ૧ ખેલવું, રમવું, ક્રીડવું ૨ ધોળું થવું, ગૌરહોવું.

किल् (ચુરા० ઉભય० સેટ् केलयति-ते) ૧ મોકલવું. ૨ ફેંકવું. ૩ પ્રેરવું.

किल (किल् क) अव्य० ल. સંભાવના, નિશ્ચય, વાર્તાપ્રસિદ્ધ અર્થનું દ્યોતન, હેતુ, ખરેખર કારણ, અરુચિ, અલીક અને ખચિતના અર્થમાં વપરાતો અવ્યય.

किलकिंचित (किल अलोकेन किंचित् ईषत् चितं रचितं) क्ली० तं. સ્મિત, રુદિત, હસિત, ક્રોધ ત્રાસ શ્રમ વગેરેથી મિશ્રિત સ્ત્રીનો તે નામનો એક ભાવ. ૨ હર્ષથી ગાયન વગેરે મિશ્રિત બોલવું. ૩ અલ્પ હસવું, થોડા થોડા રાગે ભરેલ સ્ત્રી પુરુષના વિલાસ.

किलकिल ( ) पु० लः મહાદેવ, શિવ.

किलकिला (किल प्रकारे द्वित्वं टाप्) स्त्री० ला. હર્ષનો ધ્વનિ, આનંદનો નાદ. ૨ વીરપુરુષપણું ગર્જવું.

किलाट (किल अट् अच्) पु० टः દૂધને પકાવીને કરેલો અને વાળેલો પિંડ અથવા ગોળો, દૂધની બળી, દૂધની મલાઇ.

किलाटक (किलाट क) स्त्री० कः ઉપલો શબ્દ જુઓ.

किलाटिन् (किलाट् णिनि) पु० टी. બાંધુ, વાંસનું ઝાડ, વાંસડાનું ઝાડ. [તનો વિકાર.

किलाटी (किलाट ङीप्) स्त्री० टी. દૂધનો એક જ-

किलास (किल वर्णे क किलमस्यति अस् अण्) पु० क्ली० सः-सं. ૧ કોઢ. ૨ ધોળો કોઢ. ૩ સિધ્મ રોગ.

किलासघ्न (किलासं हंति हन् पु० घ्नः એક જાતીની વનસ્પતિ, કાકરોલ.

किलासिन् (किलास णिनि) त्रि० सी-सिनी-सि. ૧ કોઢીયું. ૨ ધોળા કોઢવાળું. ૩ સિધ્મ રોગવાળું.

किलिंच (किलि इन् चिड मुम्) पु० क्ली० चः-चं. ૧ સુગંધી વાળો. ૨ ખજુરીનાં પાંદરાં. ૩ વાંસ વગેરેથી બનાવેલી ટટ્ટી, ચટાઇ, ચક વગેરે. ૪ લીલા લાકડાનો કડકો. [ઉપલો શબ્દ જુઓ.

किलिंज (किलि इन् जन् ड मुम्) पु० क्ली० जः-जं.

किलिम (किल इमन्) पु० मः દેવદારનું ઝાડ.

किलिम (,,) क्ली० मं. દેવદારનાં ઝાડમાંથી રાળજેવું નિકળતું સત્વ.

किल्विन् (किल् क्विप् विनि) पु० ल्वी. અશ્વ, ઘોડો.

किल्विनी (किल्विन् ङीप्) स्त्री० नी. ઘોડી.

किल्विष (किल् टिषच् वुक्) क्ली० षं. ૧ પાપ. ૨ અપરાધ. ૩ રોગ. ૪ અન્યાય. ૫ મોટો અપરાધ. ૬ વેદના, પીડા.

किल्विषिन् (किल्विष णिनि) त्रि० षी-षिणी-षि. ૧ પાપી. ૨ અપરાધી. ૩ રોગી.

किशर (किं शॄ अच्) पु० क्ली० रः-रं. એક જાતનું સુગંધી દ્રવ્ય. કિસર.

किशरा (किंचिच्छृणोति शॄ अच् टाप्) स्त्री० रा. સાકર, સાકરીઆ ખાંડ, શર્કરા.

किशल (किंचिच्छलति शल् अच्) पु० क्ली० लः-लं. પલ્લવ, કુણગો. કિસલ.

किशलय (किंचिच्छलति शल् क्यन्) पु० क्ली० यः. यं. ઉપલો શબ્દ જુઓ. કિસલય.

'अनाघ्रातं पुष्पं किशलयमलूनं कररुहैः'

शाकुन्तलम्

किशलयतल्प (किशलयस्य तल्पं) क्ली० ल्पं. નવપલ્લવની બનાવેલી શય્યા અને બીછાનું. કિશલયશય્યા, કિશલયશયન.

किशोर (कश् शद्वे किशोरा० निपात०) पु० रः. ૧ સૂર્ય. ૨ લોબાન. ૩ પંદરવર્ષની અંદરની વયનો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

छोકરો. ૪ વછેરો. ૫ આકડાનું ઝાડ.

किशोर (किशोर अच्) त्रि० रः-रा-रं. બાળકદશા-વાળું, બાલ્યાવસ્થાપન્ન.

किशोरी (किशोर ङीप्) स्त्री० री. ૧ વચ્છેરી. ૨ ૫ંદર વર્ષની અંદરની ઉમરવાળી કુમારી.

' भजामस्त्वां गौरीं नगपतिकिशोरीमविरतम् '
सुंदरलहरी.

किष्क् (चुरा० आत्म० सेट् किष्कयते) મારવું, ઠાર મારવું

किष्किंध (किं किं दधाति धा क सुट्) पु० धः. ૧ તે નામનો એક દેશ. ૨ તે નામનો મહીસુર પ્રાંતમાં એક પર્વત કે જે વાલિ નામના વાનરને રહેવાનું સ્થલ હતુ.

किष्किंधा (किष्किंध टाप्) स्त्री० धा. ૧ વાલિનામ-ના વાનરની કિષ્કિંધ પર્વતમાંની રાજધાની.

किष्किंधी (किष्किंध ङीप्) स्त्री० धी. કિષ્કિંધ પર્વ-તની ગુફા.

किष्किंध्य (किष्कंध स्वार्थे यत्) पु० ध्यः. ૧ તે નામનો એક દેશ. ૨ તે નામનો મહિસોર પ્રાંતમાં એક પર્વત.

किष्किंध्या (किष्किंध यत् टाप्) स्त्री० ध्या. કિષ્કિં ધ પર્વતની ગુફા, કિષ્કિંધપર્વતમાં વાલિ નામના વાનરની રાજધાની.

किष्किंध्याधिप (किष्किंध्यायाः अधिपः) पु० पः. વાલિવાનર, સુગ્રીવનો મોટો ભાઇ.

किष्कु (किष्क उन्) पु० स्त्री० ष्कुः-ष्कुः. ૧ એકહા-થનું માપ. ૨ એક વેંતનું માપ, ખોપરીનો નીચે-નો ભાગ.

किष्कु (,,) त्रि० ष्कुः-ष्कुः-ष्कु. ૧ ખલ. લુચ્ચું. ૨ દાંડ. ૩ કુત્સિત, હલકું.

किष्कुपर्वन् (किष्कुमितं वितस्तिमितं हस्तमितं वा पर्वाऽस्य) क्ली० र्वं. ૧ વાંસ, વાંસડો. ૨ શેલડી. ૩ ખરૂ, રાહું. [किशल शब्द જુઓ.

किसल (किमीषत् सलति सल् अच्) पु० क्ली० लः-लं.

किसलय (किमीषत् सलति सल् कयन्) पु० क्ली० यः-यं. किशलय शब्द જુઓ.

' अनाघ्रातं पुष्पं किसलयमलूनं कररुहैः शाकुंतलम्.

किसलयित (किसलय इतच्) त्रि० तः-ता-तं. જેને નવપલ્લવ થએલ છે તે.

की. ( ) अ० की. કુત્સા અને નિંદામાં વપરાતો અવ્યય.

कीकट (कीकट् अच्) पु० टः ૧ મગધદેશ, બહાર પ્રાંત, પટના જેની રાજધાની છે તે દેશ.

कीकट (,,) त्रि० टः-टा-टं. ૧ ગરીબ, કંગાલ. કંજુશ, કૃપણ.

कीकटी (कीकट ङीप्) स्त्री० टी. અશ્વા, ઘોડી.

कीकश (कीति कशति कश् अच्) पु० शः ચાંડાલ.

कीकस (कीति कसति कस् अच्) पु० सः ૧ એક જાતનો કાંડો. ૨ વાંદરો. ૩ ભિક્ષુક.

कीकस (,,) क्ली० सं. હાડકું, હાડ.

कीकस (,,) त्रि० सः-सा-सं. કઠણ, કઠોર. [પંખેરૂં, પક્ષી.

कोकसास्य (कीकसमास्येऽस्य) पु० स्यः પંખી,

कीकि (कीति शब्दं कायति कै कि) पु० किः ચાષપક્ષી.

कीचक (कीत्यव्यक्तं शब्दं चकति चक् अच्) पु० कः ૧ વાયુ ભરાવાથી શબ્દ કરતો વાંસ, પોલો વાંસડો. ૨ તે નામનો એક રાક્ષસ. ૩ વિરાટ રાજાનો સાલો.

' स कीचकैर्मारुतपूर्णरंध्रैः ' कुमारसंभवम्

कीचकजित् (कीचकं जितवान् जि क्विप्) पु० त्. ભીમસેન, ભીમ. [ઉપલો શબ્દ જુઓ.

कीचकभीद् (कीचकं भिनत्ति भिद् क्विप्) पु० त्-द्.

कीचकहन् (कीचकं हतवान् हन् क्विप्) पु० हा. कीचकजित् શબ્દ જુઓ.

कीचकाव्ह (कीचक इति आव्हा यस्य) पु० व्हः પોલો વાંસ, પોકળ વાંસડો.

कीट् (चुरा० उभय० सेट् कीटयति-ते) ૧ રંગવું, રંગ દેવું. ૨ બાંધવું, બંધન કરવું.

कीट (कीट् अच्) पु० टः કીડો, કૃમિ.

' ये कीटास्त्वद्दृकपथं च न गतास्ते त्वत्फलाभ्यंतरे '
उद्भटः

कीटक (कीट् कन्) त्रि० कः-का-कं. કઠણ.

कीटक (,,) पु० कः ૧ કીડો, કૃમિ. ૨. ક્ષત્રિય પુરૂષથી વૈશ્યસ્ત્રીપેટે પેદા થએલ વર્ણસં-કર પુત્ર. ૩ ભાટ, માગધ જાતિ. ૪ વૃશ્ચિક રાશિ.

कीटघ्न (कीटं हंति) पु० घ्नः ગંધક.

कीटज (कीटेभ्यो जायते जन् ड) त्रि० जः-जा-जं. કીડાથકી પેદાથનાર, કીડાથકી ઉત્પન્નથનાર.

कीटज (,,) क्ली० जं. રેશમ, હીર. कौशेय. [जतु.

कीटजा (,,) स्त्री० जा. લાખ, લાક્ષા.

कीटपादिका (कीटाः पादे मूलेस्थाः कइत्वं) स्त्री० का. વનસ્પતિ લાજાળુ. हंसपदी.

कीटमणि (कीटेषु मणिः) पु० णिः આગીઓ જીવ-ડો. खद्योत. [રહેનાર એક કીડો.

कीटमेष (कीटो मेष इव) पु० षः નદીતીરે રેતીમાં

कीटसंज्ञ (कीटः संज्ञा यस्य) पु० ज्ञः ૧ કર્કરાશિ. ૨ મીનરાશિ. ૩ વૃશ્ચિકરાશિ. ૪ મકરરાશિનુ અંત્યાર્ધ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

कीटेर (कील् एरच्) पु० रः એક જાતનું શાક. તાંદળજો. [ડીમધ.

कीतनीका ( ) स्त्री० का. વનસ્પતિ જે-

कीदृक् (कस्येव दर्शनमस्य किम् दृश् कश्) त्रि०क्-ग्-કોનાજેવું, શેનાજેવું, શાપ્રકારનું, કેવું.

कीदृश (कस्येव दर्शनमस्य किम् दृश्) त्रि० क्-ग्. ઉપલો શબ્દ જુઓ.

' प्रिये स कीदृग् भविता तव क्षणः ' नैषधीयम्.

कीदृश (कस्येव दर्शनमस्य) त्रि० शः-शी-शं. कीदृक्ष શબ્દ જુઓ.

कीनाश (कुत्सितं नाशयति) पु० शः १ યમ. २ વાનર, વાંદરો. ૩ ગરીબ માણસ. ૪ શિવનો જટાજુટ, કપર્દ.

कीनाश (,,) त्रि० शः-शा-शं. १ નાનું. २ થોડું. ૩ હલકું. ૪ નીચ. ૫ કૃપણ, કંજુસ. ૬ ખેડુત, ખાટકી. ૮ કસાઈ. ૯ પશુવધકરનાર.

' य उद्यतमनादृत्य कीनाशमभियाचते ' श्रीमद्भागवतम्.

कीर (कीति ईरयति ईर् णिच् अच्) पु० रः १ પોપટ, પોપટપક્ષી. २ કાશ્મીરદેશ.

' खगवागित्यतोपि किं न मुदं धास्यति कीरगीरिव ' नैषधीयम्.

कीर (कीर् अण्) पु० ब० राः કાશ્મીરદેશમાં રહેનાર લોક.

कीर (की ईर् णिच् अच्) क्ली० रं. માંસ.

कीरक (कीर अल्पार्थे कन्) पु०कः પોપટનું બચ્ચું, નાનો પોપટ.

कीरक (कीर स्वार्थे कन्) पु० कः १ એક જાતનું ઝાડ. २ બુદ્ધમતને અનુસરનાર પુરૂષ. ૩ ક્ષપણક.

कीरतनुफला (कीरतनुरिव फलमस्याः) स्त्री० ला. રૂનું ઝાડ, વેણુનું ઝાડ. [રૂપતિ, શુકનાસા.

कीरनासा ( ) स्त्री० सा. વન-

कीरवर्णक (कीरस्येव वर्णो यस्य कप्) पु० कः એક જાતનું સુગંધી દ્રવ્ય. [પોપટની પંડિત.

कीरश्रेणि (कीरस्य श्रेणिः) स्त्री० णिः પોપટની હાર,

कीरी (कीर ङीप्) स्त्री० री. પોપટી, પોપટની સ્ત્રી જાતિ.

कीरेष्ट (कीरस्येष्टः) पु० ष्टः १ આંબાનું ઝાડ. २ અખરોટનું ઝાડ, અખોડનું ઝાડ. ૩ કડવા લીંબડાનું ઝાડ.

कीर्ण (कृ क्त) त्रि० र्णः-र्णा-र्णं. १ આચ્છાદન કરેલું. २ પસરેલું. ૩ મુકેલું, વિસ્તૃત. ૪ પીડિત. ૫ હિંસિત. ૬ નિહિત.

कीर्णि (कृ क्तिन्) स्त्री० र्णिः १ આચ્છાદન. २ ફેલાવવું, વિસ્તાર, વિસ્તૃતિ. ૩ હિંસન, પ્રસાર.

कीर्तन (कृत् ल्युट्) क्ली० नं. १ કહેવું, બોલવું, કથન. २ વખાણવું, પ્રશંસા કરવી તે. ૩ ઈશ્વરનામ વારંવાર બોલવું તે કીર્તન.

कीर्तना (कृत् युच्) स्त्री० ना. ઉપલો શબ્દ જુઓ. યશ, જશ. ૩ ખ્યાતિ.

कीर्तनीया (कृत् अनीयर्) त्रि० यः-या-यं. १ કહેવા લાયક. २ કીર્તન કરવાજોગ. ૩ વખાણવાલાયક.

' अपांसुलानां धुरि कीर्तनीया ' रघुवंशम्.

कीर्तन्य ( ) त्रि० न्यः-न्या-न्यं. કીર્તન કરવા યોગ્ય. कीर्तनीय.

कीर्तयत् (कृत् शतृ) त्रि० यन्-यंती-यत्. १ બોલતું, કહેતું. २ વખાણતું. ૩ કીર્તન કરતું

कीर्ति (कृत् क्तिन्) स्त्री० तिः १ યશ, જશ, આબરૂ. २ ખ્યાતિ. ૩ પ્રસાદ. ૪ કૃપા, મહેરબાની. ૫ નાદ, અવાજ. ૬ દીપ્તિ. ૭ માતૃકાનો એક ભેદ. ૮ કચરો, કીચક. ૯ વિસ્તાર, વિસ્તૃતિ. ૧૦ કાંતિ, તેજ.

कीर्तित (कृत् क्त) त्रि०तः-ता-तं. १ કહેલું, બોલેલું. २ ખ્યાત, પ્રખ્યાત. ૩ વખાણેલ, તારીફ કરેલ.

कीर्तिभाज् (कीर्तिं भजते भज् क्विप्) त्रि० भाक्. કીર્તિમાન્, આબરૂ ભોગવનાર, આબરૂવાળું.

कीर्तिभाज् (,,) पु० भाक्. દ્રોણાચાર્ય, શ્રીકૃષ્ણનો જ્યેષ્ટ બંધુ.

कीर्तिमत् (कीर्ति मतुप्) पु० मान्. १ વિશ્વદેવના પેટાનો આદ્ય દેવનો એક ભેદ. २ વસુદેવનો મોટો પુત્ર. [રદાર, કીર્તિવાળું.

कीर्तिमत् (कीर्ति मतुप्) त्रि० मान्-मती-मत्. આબ-

कीर्तिशेष (कीर्तिः शेषो यस्य) त्रि० षः-षा-षं. મરી-ગયેલ, જેની કીર્તિ માત્ર રહી છે તે અર્થાત્ મૃત.

कीर्तिशेष (कीर्तेः शेषो यस्य) पु० षः. મૃત્યુ, મરણ.

कीर्त्य (कीर्त यत्) त्रि० र्त्यः-र्त्या-र्त्यं. કહેવા યોગ્ય, વખાણવા યોગ્ય, તારીફ કરવા લાયક. कीर्तनीय.

कीर्मी ( ) स्त्री० र्मी. સોડી વગેરે તૃણનું બનાવેલું ઘર, તૃણનું બનાવેલ ઝુંપડું મઠ વગેરે.

कीर्यमाण ( ) त्रि० णः-णा-णं. આચ્છાદિત. [કરવું. २ ખીલવવું. ૩ અડકવું.

कील् (भ्वा० पर० सेट् कीलति) १ બાંધવું, બંધન

कील (कील् घञ्) पु० लः. १ લોઢું લાકડું વગેરેનો ખીલો, મેખ, ખુંટો વગેરે. २ કોણી. ૩ કોણીથી નિમ્ન ભાગ. ૪ ગાય વગેરે બાંધવાનો ખીલો. ૫ ભાલું, બર્છી. ૬ સાધારણ હથીઆર. ૭ અગ્નિ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જ્વાલા, વન્હિશિખા.
'कीलाः कुंठतया विशति न महीमाहन्यमाना अपि'
उद्भटः
कीलक (कील् घञ् स्वार्थे क) पु० कः. १ ગાય વગેરેને બાંધવાનો ખીલો. २ લોઢા લાકડા વગેરેનો ખીલો, ખુંટો, મેખ, ઇત્યાદિ. ३ સાઠ સંવત્સરમાંહેલો બેંતાળીશમો સંવત્સર, તંત્રોક્ત દેવતાભેદ. ४ મંત્રવિશેષ.
कीलक (,,) क्ली० कं. સપ્તશતી જપાંગમાં પાઠ કરવાયોગ્ય સ્તવનો એક ભેદ.
कीलसंस्पर्श (कीलं तदुपकारं संस्पृशति संस्पृश् अण्) पु० शः. એક જાતનું ઝાડ.
कीला (कील् अ) स्त्री० ला. १ બાંધવું, બંધ. २ અગ્નિજ્વાલા, વન્હિશિખા.
कीलाल (कीलाय बंधाय अलति अल् अच्) त्रि० लः-ला-लं. બાંધવા યોગ્ય.
कीलाल (,,) पु० लः. પશુ.
कीलाल (कीलां वन्हिशिखामलति वारयति अल् अच्) क्ली० लं. પાણી, જલ. ઉદક.
कीलाल (कीलां तत्तद्वर्णमलति याति) क्ली० लं. १ રુધિર, લોહિ, રક્ત. २ અમૃત. ३ મધ.
कीलालधि (कीलालं धीयतेऽत्र धा कि) पु० धिः समुદ્ર, સાગર. तोयधि, वारांनिधि, वारिधि.
'वद्मः सत्यमपां निधिर्जलनिधिः कीलालधिस्तोयधिः'
उद्भटः
कीलालप (कीलालं पिबति पा क) त्रि० पः-पा-पं. १ લોહી પીનાર. २ પાણી પીનાર.
कीलालप (,,) पु० पः राक्षस.
कीलित (कील् क्त) त्रि० तः-ता-तं. १ બાંધેલું, બદ્ધ. २ ટાંચેલું. ३ છેદપાડેલું. ४ ખીલો ઘાલી બંધ કરેલું વગેરે. ५ જાતકીલ. ६ સુણીએ દીધેલું.
कीलित (,,) क्ली० तं. બાંધવું, બંધન, બંધ. [દિગંબર.
कीश (कीशवद्वस्वरहितं) त्रि०शः-शा-शं. નાગું, નગ્ન,
कीश (किंहनुमान् ईशो यस्य) पु०शः वानर, વાંદરો.
कीश (कुत्सितं शेते) पु० शः पक्षी, પંખી, પંખેરું.
कीश (कपिकपोलतुल्यवर्णत्वात्) पु० शः १ सूर्य, સૂરજ. २ આકડાનું ઝાડ. [તિ અઘાડો.
कीशपर्ण (कीशः तल्लोमेव पर्णमस्य) पु० र्णः वनस्प-
कीशपर्णक (कीशपर्ण स्वार्थे कन्) पु० कः ઉપલો શબ્દ જુઓ. [અઘાડો.
कीशपर्णी (कीशपर्ण ङीप्) स्त्री० र्णी. वनस्पति
कु (भ्वा० आत्म अनिट् कवते) १ અવાજ કરવો, શબ્દ કરવો. २ રંગવું, રંગદેવો.
कु (तुदा० आत्म० अनिट् कवते) १ અવાજ કરવો. २ અસ્પષ્ટ નાદ કરવો. ३ આંતની પેઠે શબ્દ કરવો.
कु (अदा० पर० सेट् कौति) અવાજ કરવો, શબ્દ કરવો.
कु (स्वा० पर० सेट् कुनोति) १ પંખી સરખો અવાજ કરવો. २ ભ્રમર સરખો ગુંજારવ કરવો, અસ્પષ્ટ ગુંગુ ઇત્યાદિ બોલવું.
कु (कु डु) अव्य० कु. નિંદા, પાપ, થોડો અર્થ અને નિવારણમાં વપરાતો અવ્યય.
कु (,,) स्त्री० कुः १ ભૂમિભાગ. २ પૃથ્વી. ३ એક સંખ્યાની સંજ્ઞા. [જણાવવું, જ્ઞાપન.
कुत्सा (कु सि अ) स्त्री० सा. १ ભાષણ, બોલવું. २
कुक् (भ्वा० आत्म० सेट् कोकते) १ લેવું. २ સ્વીકારવું. [રવું. ३ સમર્થ.
कुक (कुक् क) त्रि० कः-का-कं. १ લેવું. २ સ્વીકા-
कुकभ (कुकस्य भा यत्र) क्ली० भं. મધ, મદિરા.
कुकर (कु कृ ट) त्रि० रः-रा-रं. ખરાબ કામ કરનાર, કુકર્મ કરનાર. कुकर्मकारक.
कुकर (कुत्सित आदानादिमांद्ययुक्तः करो यस्मात्) पु० रः કુષ્ટિરોગ, જે રોગ થયાથી હાથ પોતાનું કામ કરવાથી બંધ રહે છે તે.
कुकर (कुत्सितः करो यस्य) त्रि० रः-रा-रं. १ ખરાબ હાથવાળું. २ વાંકા હાથવાળું. ३ રોગ થયેલા હાથવાળું. [ચરણ.
कुकर्मन् (कुत्सितं कर्म) क्ली० र्म. ખરાબકામ, દુરા-
कुकर्मन् (कुत्सितं कर्म यस्य) त्रि० र्मा-र्मी-र्म. ખરાબ કામ કરનાર, દુરાચરણી. [ગર.
कुकील (कोः पृथ्व्याः कील इव) पु० लः पर्वत, डुं-
कुकुद (कोः पृथ्व्याः कुद् ईषद् द) पु० दः शास्त्रविधिपूर्वक अलंकार पहेरावेली कन्यानुं दान करनार पुरुष.
कुकुंदर (कुत्सितं कुंदरमत्र) पु० रः સ્ત્રીના કુલા.
कुकुभा ( ) स्त्री० भा. રાગિણીનો ભેદ. [શીય રાજા. ३ દશાર્હદેશનો રાજા.
कुकुर (कुक् उर् कित्) पु० रः १ કુતરો. २ યદુવં-
कुकुराधिप (कुकुरस्य अधिपः) पु० पः કૃષ્ણ.
कुकुरी (कुकुर ङीप्) स्त्री० री. કુતરી.
कुकूटी (कोः पृथ्व्याः कूटोऽस्त्यस्य अच् ङीप्) स्त्री० टी. સીમાળાનું ઝાડ.
कुकूल (कोः भूमेः कूलं कुत्सितं कूलं वा) क्ली० लं. ખાલીથી ભરેલો ખાડો.
कुकूल (,,) पु० क्ली० लः-लं. તુષાનલ,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ફેાતરાં તૃણ વગેરેનેા અગ્નિ.

कुकोल (कुत्सितं कोलति कुल् अच्) क्ली० लं. બેાર-નું ઝાડ, બેારડી.

कुक्कुट (कुका आदानेन कुटति कुट् क) पु० टः १ કુકડેા. ૨ જંગલી કુકડેા, શૂદ્ર પુરૂષથી ચાંડાલીના પેટે પેદા થયેલ પુત્ર. ૩ તણખારેા, તણખેા. ૪ સળગાવેલ તૃણનેા ડાભ. [જુએા.

कुक्कुटक (कुक्कुट स्वार्थे क) पु० कः ઉપલેા શબ્દ

कुक्कुटपादप (कुक्कुटाकारः पादपः) पु० पः એક જાતની વનસ્પતિ.

कुक्कुटमंडप ( ) पु० पः १ મુક્તિ-મંડપ. ૨ મુક્તિ હેાનારૂં સ્થાન.

कुक्कुटमस्तक (कुक्कुटस्येव मस्तकं शिखा यस्य) पु० कः વનસ્પતિ ચવ્યક.

कुक्कुटव्रत ( ) क्ली० तं. શ્રાવણ માસની શુક્લ સપ્તમીએ સંતાન માટે શિવપ્રીત્યર્થ સ્ત્રીવર્ગ જે વ્રત કરે છે તે.

कुक्कुटशिख (कुक्कुटस्य शिखेव शिखा यस्य) पु० खः કસુંબાનું ઝાડ.

कुक्कुटागिरि (कुक्कुटप्रधानो गिरिः) पु० रिः જે પર્વતમાં કુકડા ઘણા હેાય છે તે.

कुक्कुटांड (कुक्कुटस्यांडः) पु० डः કુકડીનું ઈંડુ.

कुक्कुटांडक (कुक्कुट अंड कै क) पु० कः ભા-તની એક જાત. [એક જાતનેા સર્પ.

कुक्कुटाभ (कुक्कुट इवाभाति आ भा क) पु० भः

कुक्कुटाहि (कुक्कुट इव तच्चरण इव अहिः) पु० हिः ઉપલેા શબ્દ જુએા. [દંભ, દંભચર્યા.

कुक्कुटि (कुक्कुट इवाचरति) स्त्री० टिः ઢોંગીપણું,

कुक्कुटी (कुक्कुट ङीप्) स्त्री० टी. १ કુકડી. ૨ સીમળાનું ઝાડ. ૩ એક જાતનેા કીડેા.

कुक्कुटोरग (कुक्कुट इव तच्चरण इवोरगः) पु० गः કુક્કુટાભ શબ્દ જુએા.

कुक्कुभ (कुक् इत्यंक्तं शब्दं कौति कुभ् क) पु० भः १ કુકડેા. ૨ રાની કુકડેા. ૩ રેાગાન.

कुक्कुभक (कुक्कुभ स्वार्थे कन्) पु० कः ઉપલેા શબ્દ જુએા. [નેા એક ઋષિ. ૩ યાદવકુલ.

कुक्कुर (कुक् कुर् क) पु० रः १ કુતરેા. ૨ તે નામ-

कुक्कुर (,,) क्ली० रं. વનસ્પતિ ગ્રંથિ-પર્ણી. [મૃગ.

कुक्कुरवाच् (कुक्कुरस्येव वागस्य) पु० ग्. સારંગ

कुक्कुरी (कुक्कुर ङीप्) स्त्री० री. કુતરી.

कुक्कुरेश (कुक्कुरस्य ईशः) पु० शः કૃષ્ણ, યાદ-વનાથ.

कुक्कुरवाच् (कुक्कुर वच् अच्) पु० ग्. સારંગ મૃગ.

कुक्ष (कुष् कस्) पु० क्षः પેટ, જઠર.

कुक्षि (कुष् क्सि) पु० क्षिः १ જઠર, પેટ. ૨ પેટનું જમણું કે ડાબું પડખું, કુખ. ૩ મધ્યભાગ.

कुक्षिंभरी (कुक्षिं बिभर्त्ति भृ ख मुम्) त्रि० रिः-रिः-रि. દેવ અતિથિ વગેરેનેા અનાદર કરી કેવળ પેા-તાનુંજ પેટ ભરનાર, પેટભરનાર.

कुक्षिरंध्र (कुक्षौ मध्यभागे रंध्रं यस्य) पु० ध्रः એક જાતનું ઝાડ. [આવે છે તે.

कुक्षिशूल (कुक्षौ शूलं) क्ली० लं. પેટમાં જે શૂલ

कुख्याति (कुत्सिता ख्यातिः) स्त्री० तिः અપજશ, બેઆબરૂ. [કેસર.

कुंकुम (कुक्यते आदीयते कुक् उमक् मुम्) पु० मः

कुंकुमताम्र (कुंकुम इव ताम्रः) त्रि० म्रः-म्रा-म्रं. રાતું, કેસરજેવું રાતું. [કેશરની ધૂળ.

कुंकुमरेणु (कुंकुमस्य रेणुः) स्त्री० णुः. કેશરની રજ,

कुंकुमाक्त (कुंकुमेनाक्तं) त्रि० क्तः-क्ता-क्तं. કેશરના રંગવાળું. ૨ કેશરથી રંગેલું.

कुंकुमांक (कुंकुमस्यांकः) पु० कः. કેશરનેા ડાઘ

कुंकुमांक (कुंकुमस्यांको यस्य) त्रि० कः-का-कं. કે-શરનેા જેને ડાઘ લાગેલછે તે, કેશરનેા જેને રંગ લાગેલ છે તે.

कुंकुमाद्रि (कुंकुमस्याकरोऽद्रिः) पु० द्रिः. કાશ્મિર-દેશમાંહેલેા એક પર્વત જેમાં કેશર પેદાથાયછે તે.

कुंकुमारुण (कुंकुमवदरुणं) त्रि० णः-णा-णं. રાતું, રાતુંચેાળ.

कुच् (तुदा० पर० सेट् कुचति) ૧ રેાકવું. ૨ અટ-કાવવું. ૩ લખવું. ૪ વાંકું કરવું. ૫ વાંકું થવું. ૬ સ્પર્શ કરવેા, અડકવું. [યેાધર.

कुच (कुच् क) पु० चः. થાન, સ્તન, ધાઈ, સ્ત્રીપ-

' कुचावस्याः कामद्विपकलभकुंभाविति परे '

उद्भटः

कुचकुंभ (कुचौ कुंभाविव) पु० भः. સ્ત્રીના સ્તન.

कुचंडिका (कुचंडी स्वार्थे कन्) स्त्री० का. વનસ્પતિ મુરવેલ, મરવી. મુર્વા.

कुचंडी (कुत्सिता चंडी विकारकारित्वात् कोपनेव) स्त्री० डी. ઉપલેા શબ્દ જુએા.

कुचतट (कुचस्तटमिव) क्ली० टं. વિશાલ સ્તન.

कुचतट (कुचस्य तटं) क्ली० टं. સ્તનનેા એક દેશ.

कुचतटाग्र (कुचतटस्याग्रं) क्ली० ग्रं. સ્તનની રાતી અથવા કાળી ઉપલા ભાગવાળી ટીટડી. कुचाग्र.

कुचंदन (कुत्सितं चंदनं) क्ली० नं. ૧ રતાંજલી,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રક્તચંદન. ૨ કેસર. ૩ પતંગનું ઝાડ.

कुचफल (कुच इव फलमस्य) पु० लः. ૧ દાડમનું ઝાડ. ૨ કોહનું ઝાડ.

कुचर (कौ चरति कु चर् ट) त्रि० रः-री-रं પૃથ્વી-ઉપર ચાલનાર, સ્થલચર, ભૂમિઉપર ફરનાર.

कुचर (कुत्सितं चरति चर् अच्) त्रि०रः-री-रं. ૧ પારકાનું ખરાબ કરનાર. ૨ કુકર્મ કરનાર. ૩ દુરાચરણી.

कुचर (कुत्सिते स्थाने चरति चर् अच्) त्रि० रः-री-रं. ૧ ખરાબસ્થલે ચાલનાર. ૨ ખરાબ ઠેકાણે ફરનાર. ૩ જ્યાં નહિ જઈશકાય તેવે ઠેકાણે ફરનાર.

कुचर्या (कुत्सिता चर्या) स्त्री० र्या. કુકર્મ, દુરાચરણ.

कुचाग्र (कुचस्याग्रं) क्ली० ग्रं. સ્તનની રાતી અથવા કાળી દીંટડી. ચૂચુક. [શાક.

कुचांगेरी (कुत्सिता चांगेरी) स्त्री० री. એકજાતનું

कुचिक (कुच इकन्) पु० स्त्री० कः-का. એકજાતનું માછલું.

कुचित (कुच इतच्) त्रि० तः-ता-तं. ૧ માપેલું. ૨ સંકોચાયલું. ૩ આકુંચિત. ૪ રોધ કરેલ.

कुचेल (कुत्सितं चेलं) क्ली० लं. ખરાબવસ્ત્ર, ખરાબ કપડું.

कुचेल (कुत्सितं चेलमस्य) त्रि० लः-ला-लं. ખરાબ વસ્ત્રવાળું, ખરાબ કપડું ધારણ કરનાર.

कुचेला (कुचा संकुचा इला यस्य) स्त्री० ला. ૧ વનસ્પતિ પહાડમૂલ. ૨ વનસ્પતિપાડ. ૩ મનશીલ.

कुचेली (कुचेल ङीप्) स्त्री० ली. વનસ્પતિ પહાડમૂલ.

कुच्छ (कु छो क) क्ली० च्छं. ૧ ધોળું કમલ. ૨ પોયણું. કુમુદ.

कुज् (भ्वा० पर० सेट् कोजति) ચોરવું.

कुज् (भ्वा० पर० सेट् कुंजति) અસ્પષ્ટ અવાજ કરવો, ગુંજારવ કરવો.

कुज (कौ पृथ्व्यां जायते जन् ड) पु०जः ૧ મંગલગ્રહ. ૨ નરકાસુર. ૩ ઝાડ, ઝાડવું.

कुजप (कुत्सितं जपति जप् अच्) त्रि० पः-पा-पं. ખરાબ જપ કરનાર.

कुजंभ (कुत्सितो जंभो दंतो यस्य) त्रि० भः-भा-भं. ૧ ખરાબ દાંતવાળું, જેને ખરાબ દાંત હોયછે તે.

कुजंभन (कोः पृथ्व्याः जंजनमिवात्र) पु० नः ઘર ફોડનાર ચોર.

कुजंभर ( ) पु० रः ઉપલો શબ્દ જુઓ.

कुजंभल ( ) पु० लः कुजंभन શબ્દ જુઓ.

कुजा (कोः पृथ्व्या जायते जन् ड) स्त्री० जा. સીતાદેવી.

कुजा (कुजा वृक्षा आश्रयत्वेन संत्यस्य अच्) स्त्री० जा. કાત્યાયની દેવી.

कुजाष्टम (कुजो मंगलग्रहोष्टमोऽत्र) पु० मः જન્મલગ્ન અવધિમાં આઠમા સ્થાનમાં રહેલ મંગલગ્રહરૂપે યોગનો ભેદ.

कुज्जिश ( ) पु० शः એક જાતનું માછલું.

कुज्या ( ) स्त्री०ज्या. જ્યા પંચકના પેટાની તે નામની એક જ્યા.

कुज्झटि (कु क्षिप् झट् इन्) स्त्री० टिः ધુમ્મશ.

कुज्झटिका (कुज्झटी कन्) स्त्री० का. ધુમ્મશ.

कुत्झटि (कुज्झटि ङीप्) स्त्री० टी. ધુમ્મશ.

कुंच् (भ्वा० पर० सेट् कुंचति) ૧ જવું. ૨ તરફ જવુ. ૩ વાંકુંચુકું ચાલવું. ૪ વાંકુ કરવું. ૫ વાંકું થવું. ૬ ટૂંકું થવું. ૭ નાનું કરવું. ૮ નાનું થવું. ૯ સંકોચાઈ જવું. ૧૦ કમી થવું. ૧૧ અલ્પ થવું.

कुंचन (कुंच् ल्युट्) क्ली० नं. ૧ આંખમાં મલ પેદા કરી તેને જોવાનો વિષય બંધ કરે છે એવો એક નેત્રરોગ. ૨ વાંકું થવું. ૩ સંકોચ પામવું. ૪ સંકોચાવવું. [કોળાનો વેલો

कुंचफला (कुंचं संकुचितं फलमस्याः टाप्) स्त्री० ला.

कुंचि (कुंच् इन्) पु० चिः આઠ મુઠીનું એક માપ, અષ્ટમુષ્ટિનું એક માન.

कुंचिका (कुंच् ण्वुल् टाप्) स्त्री० का. ૧ ચણોઠી. ૨ કુંચી, ચાવી. ૩ વાંસડાની શાખા, વંશશાખા ૪ વનસ્પતિ વેખંડ. ૫ વનસ્પતિ મેથી. ૬ વનસ્પતિ કાળીજીરી. ૭ એક જાતનું માછલું.

कुंचित (कुंच् क्त) त्रि० तः-ता-तं. વાંકું, વાંકુ વળી-ગયેલ.

कुंचित (कुंच् क्त) क्ली० तं. તગરનું ફૂલ.

कुंज (कौ जायते जन् ड मुम्) पु० क्ली० जः-जं. પર્વત વગેરેમાં વેલા વગેરેથી આચ્છાદન પામેલું સ્થાન, નિકુંજ. ૨ હાથીદાંત. ૩ હાથીની હનુ. ૪ તે નામનો એક ઋષિ.

कुंजकुटीर (कुंजस्य कुटीरः) पु० रः લતા વગેરેથી જેને વળ પાડી આચ્છાદિત કરેલ છે તે ઘર, લતા-ગૃહ, કુંજ.

'कुजितकुंजकुटीरे' गीतगोविंदम्.

कुंजर (कुंजः हस्तिदंतो इक्षुर्वास्य) पु० रः ૧ હાથી. ૨ શ્રેષ્ઠપણું અને ઉત્તમપણું બતાવનાર તે નામનો વિશેષણ શબ્દ. ૩ તે નામનો એક દેશ. ૪ પાંચ માત્રાનો પ્રથમ પ્રસ્તાર. [સંજ્ઞા.

कुंजर (,,) पु० ब० राः આઠ સંખ્યાની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

कुंजरक्षारमूल (कुंजरस्य गजपिप्पल्याः क्षारमिवाग्रं मूलमस्य) पु० लः भूळो.

कुंजरछाय (कुंजरस्य छायाऽत्र) पु० यः ते नामनो ज्योतिष्शास्त्रप्रसिद्ध એક યોગ; આ યોગ મઘા નક્ષત્રમાં ચંદ્ર કે હસ્ત નક્ષત્રમાં સૂર્ય આવેછે ત્યારે થાયછે.

कुंजरपिप्पली (कुंजर उपपदी पिप्पली) स्त्री० ली. લાંબી મોટી તીખી પીપર, ગજપીપર. गजपिप्पली.

कुंजरा (कुंजः हस्तिदंतमिव पुष्पमस्याः अच्) स्त्री० रा. वनस्पति પાડલ. [२ सिंह.

कुंजराति (कुंजरस्यारातिः) पु० तिः १ शरभपशु.

कुंजरालुक (कुंजरालु कर्) क्ली० कं. એક જાતનું કંદ. हस्तालुक.

कुंजराशन (कुंजरैरश्यते अश् ल्युट्) पु० नः પીંપળાનું ઝાડ, પીંપળો.

कुंजल (कुत्सितं जलमत्र) क्ली० लं. કાંજી, રાબ.

कुंजिका (कुंजी कन्) स्त्री० का. कुंचिका शब्द જુઓ. कांजिक.

कुट् (तुदा० पर० सेट् कुटति) १ વાંકું થવું. २ વાંકું કરવું. ३ અપ્રમાણિક થવું. ४ ઠગવું.

कुट् (चुरा० आत्म० सेट् कोटयते) १ કાપવું. २ તપાવવું. ३ ઉષ્ણ કરવું. ४ ઉનું કરવું.

कुट् (भ्वा० पर० सेट् कुटति) १ કુંઠિત કરવું. २ અભિષ્ટ કરવું. ३ અભિષ્ટ થવું. ४ અટકાવવું. ५ હાલતું અટકાવવું.

कुट् (दिवा० पर० सेट् कुट्यति) કુટવું, કાપવું.

कुट (कुट् क) पु० टः १ ઘડો, ગાડું. २ કીલ્લો. ३ પર્વત. ४ પથ્થર વગેરે ભાગવાનો હથોડો. ५ ઝાડ, વૃક્ષ. ६ તે નામનો એક ઋષિ.

कुट (,,) पु० क्ली० टः-टं. ઘડો કળશીઓ વગેરે ઉદકપાત્ર.

कुटक (कुटसंज्ञायां कन्) पु० कः તે નામનો એકદેશ.

कुटंक (कुटेहभूमिः टंकयतेऽनेन टक् घञ्) पु० कः ઘરનું છાપરું.

कुटंगक (कुटस्यांगमिव क) पु० कः १ लतागृह, કુંજ. २ ઘરનું છાપરું. ३ ઘર. ४ ઝુંપડી, ભઠી. કુબો. [ઝાડ, છેદેલ્લવનું ઝાડ.

कुटच (कुट इव चीयते चि ड) पु० चः એક જાતનું

कुटज (कुटे पर्वते जायते जन् ड) पु० जः ઉપલો શબ્દ જુઓ.

'कुटजपुष्परसं बहुमन्यते' उद्भटः

कुटज (कुटे घटे जायते जन् ड) पु० जः अगस्त्य मुनि, द्रोणाचार्य.

कुटजबीज (कुटजस्य बीजं) क्ली० जं. ઇંદ્રજવ. इंद्रयव.

कुटन्नट (कुटन् सन् नटति नट् अच्) पु० टः એક જાતનું ઝાડ. श्योनाकवृक्ष. [२ जलभोथ.

कुटन्नट (,,) क्ली० टं. १ नागरभोथ.

कुटप (कुट् कपन्) पु० पः १ મુનિ. २ ઘર આગળનો બગીચો. ३ કુડવ નામનું પાશેરનું માપ.

कुटप (कुट कमन्) क्ली० पं. પદ્મ, કમલ.

कुटर (कुट् करन्) पु० रः રવાઇના દાંડા ઉપર રહેલ દોરી બાંધવાનો ખીલો સ્તંભ વગેરે.

कुटरवाहिनी (कुटर वहति) स्त्री० नी. વનસ્પતિ ધોળું નસોતર. [त'भु.

कुटरु (कुट् अरु) पु० रुः કપડાંથી બનાવેલ ઘર,

कुटरुणा (कुटेषु वृक्षेषु अरुणा) स्त्री० णा. વનસ્પતિ ધોળું નસોતર.

कुटल (कुट कलच्) क्ली० लं. ઘરનું છાપરું.

कुटहर (कुटं घटं हरति) त्रि० रः रा-रं. ઘડો લઇ જનાર, કુંભ લઇ જનાર. कुटहारक.

कुटहारिका (कुटं हरति हृ ण्वुल् इत्व) स्त्री० का. દાસી, ચાકરડી, ઘડો લઇ જનારી.

कुटि (कुट् इन्) स्त्री० टिः १ ઘર, ગૃહ. २ વાંકાપણું. ३ કુટિલપણું. [देह.

कुटि (,,) पु० टिः १ વૃક્ષ, ઝાડ. २ શરીર,

कुटिक ( ) त्रि० कः-का-कं. વાંકું, વક્ર.

कुटिका ( ) स्त्री० का. તે નામની એક નદી.

कुटिकोष्टिका ( ) स्त्री० का. તે નામની એક નદી. [એક જાતનું માછલું.

कुटिचर (कुटि कुटिलं जले चरति चर् अच्) पु० रः

कुटित (कुट् क्त) त्रि० तः-ता-तं. વાંકું, વક્ર, વાંકું વળી ગયેલું. [અપ્રમાણિકપણે વર્તતું.

कुटितृ (कुट् तृच्) त्रि० ता-त्री-तृ. १ વાંકું વળતું,

कुटिर (कुट् इरन् कित्) क्ली० रं. १ ઝુંપડું. २ ભઠી. કુબો. [ક્રોશ કુટિલા નદી.

कुटिल (कुट् इलच्) त्रि० लः-ला-लं. વાંકું, વક્ર.

कुटिल (,,) क्ली० लं. १ ધાતુ કથીર, વંગ.- २ તગરનું પુષ્પ. [३ એક જાતનું શાક.

कुटिल (,,) पु० लः કામદેવ, મદન. शंख.

कुटिला (कुटिल टाप्) स्त्री० ला. १ એ નામની નદી. २ સરસ્વતી નદી. ३ વનસ્પતિ સ્પૃકા.

कुटिलिका (कुटिला कन्) स्त्री० का. १ સુવારની એરણ. २ પારધીનું છુપાઇને ચાલવું.

कुटी (कुटि ङीप्) स्त्री० टी. १ ઝુંપડી, ભઠી. २ એક જાતનું સુગંધી દ્રવ્ય. ३ કુટણી સ્ત્રી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

कुटीचक (कुट्यां चकते चक् अच्) पु० कः હંસ, પરમહંસ, બહૂદક અને કુટીચક એવા ચાર પ્રકારના સંન્યાસીમાંથી તે નામનો એક.

कुटीचर (कुट्यां चरति चर् ड) पु० रः કુટુંબપોષણ પુત્રાદિકને સ્વાધિન કરી પોતે પરમાર્થમાં ગુંથાનારો પુરૂષ. [મનો એક પારેપદ.

कुटीमुख (कुटीव मुखमस्य) पु० खः શિવનો તે ના-

कुटीर (कुटी र) पु० क्ली० रः-रं. १ જુંપડી. २ મઢી. ૩ નિર્વાહસ્થલ.

कुटीर (,,) क्ली० रं. સ્ત્રીસંગ, સુરત, મૈથુન.

कुटीरक (कुटीर एव कन्) पु० कः ઝુંપડી, મઢી.

कुटुंगक ( ) पु० कः १ ઘરનું છાપરૂં. २ ઝાડ ઉપર વીટલાઈને ચઢનારી વેલ. ૩ ધાન્ય વગેરે રાખવા વાંસડા વગેરેથી બનાવેલ પાત્ર.

कुटुनी (कुट् उन् ङीप्) स्त्री० नी. પરપુરૂષને પરસ્ત્રીસાથે સમાગમ કરાવનારી સ્ત્રી, દલાલસ્ત્રી.

कुटुंब् (चुरा० आत्म० सेट् कुटुंबयते) પાલન કરવું, પોષણ કરવું. [संतति, न्याात.

कुटुंब (कुटुंब् अच्) क्ली० वं. પોષ્યવર્ગ, બાંધવ,

कुटुंबक (कुटुंब एव स्वार्थे क) पु० क्ली० कः-कं. ઉપલો શબ્દ જુઓ. [હોનાર.

कुटुंबक (कुटुंब कन्) त्रि० कः-का-कं. એક કુટુંબમાં

कुटुंबव्यापृत (कुटुंबस्य भरणे व्यापृतः) त्रि० तः-ता-तं. કુટુંબના ભરણ પોષણમાં ગુંથાયેલ, કુટુંબનું પોષણ કરવામાં આસક્ત.

कुटुंबिक (कुटुंबोस्त्यस्य इञ्) त्रि० कः-का-कं. કુટુંબવાળું, કુટુંબપાલક, કુટુંબયુક્ત, ગૃહસ્થ.

कुटुंबिता (कुटुंबिनो भावः) स्त्री० ता. એક કુટુંબમાં હોવાપણું [જુઓ.

कुटुंबित्व (,,) क्ली० त्वं. ઉપલો શબ્દ

कुटुंबिन् (कुटुंबोस्त्यस्य इनि) त्रि० बी-बिनी-बि. १ ખેડુત, ખેડનું કામ કરનાર. २ કુટુંબરક્ષક, ગૃહસ્થ.

' प्रायेण गृहिणीनेत्राः कन्यार्थेषु कुटुंबिनः '

कुमारसंभवम्.

कुटुंबिनी (कुटुंबानां समूहः इनि) स्त्री० नी. १ ભાર્યા. २ પતિ પુત્રવાળી સ્ત્રી. ૩ વનસ્પતિ ગૃહિણી.

कुटुंबिनी (,,) स्त्री०नी. કુટુંબનું ટોળું, કુટુંબનો જમાવ.

कुटुंबार्थ (कुटुंबस्य अर्थ) अ० र्थे. કુટુંબમાટે, કુટુંબસારૂં, કુટુંબવાસ્તે, કુટુંબઅર્થે.

कुटुंबौकस् (कुटुंबस्यौकः) क्ली० कः કુટુંબને રહેવાનું ઘર, ઠેકાણું.

कुटेर ( ) पु० रः कुटीर शब्द जुओ.

कुट्ट (चुरा० उभ० सेट् कुट्टति-ते) १ કાપવું, છેદવું. २ નિંદવું. ૩ કપડો દેવો. ४ કુટવું.

कुट्ट (चुरा० आत्म० सेट् कुट्टयते) १ તપાવવું. २ તાવવું. ૩ ગરમ કરવું.

कुट्टक (कुट्ट ण्वुल्) पु० कः ગણિત વિષયમાં તે નામનો એક વ્યવહાર, પક્ષિવિશેષ, જલકાક.

कुट्टन (कुट्ट ल्युट्) क्ली० नं. १ કુટવું. २ કાપવું. ૩ છેદવું. ४ કપડો દેવો. ५ નિંદવું, નિંદા.

कुट्टनी (कुट्ट ल्युट् ङीप्) स्त्री० नी. પરપુરૂષસાથે પરસ્ત્રીનો સમાગમ કરાવનાર સ્ત્રી.

कुट्टमित ( ) क्ली० तं. સ્ત્રીનો એક જાતનો વિલાસ.

' प्राहुः कुट्टमितं नामशिरःकरविधूननम् '

साहित्यदर्पणम्.

कुट्टाक (कुट्ट आ कन्) त्रि० कः-का-कं. १ છેદનાર. २ કાપનાર. ૩ કુટનાર. ४ ચૂર્ણ કરનાર. ५ નિંદનાર. ६ કપડો દેનાર. [देश.

कुट्टापरांत ( ) पु० तः તે નામનો એક

कुट्टार (कुट्ट आरन्) पु० रः પર્વત, ડુંગર.

कुट्टार (,,) क्ली० रं. १ આનંદ. २ રમણ, રાત. ૩ કામળો વગેરે ઉનનું વસ્ત્ર. ४ કેવલ.

कुट्टित (कुट्ट क्त) त्रि० तः-ता-तं. १ છેદેલું. २ કાપેલું. ૩ ચૂર્ણ કરેલું. ४ કુટેલું. ५ ખંડકરેલું, કપડો દીધેલું. ६ નિંદેલું. [भांस.

कुट्टित (,,) क्ली० तं. કડકા કરેલું પકાવવાનું

कुट्टिन् (कुट्ट इनि) त्रि० ट्टी-ट्टिनी-ट्टी. १ છેદનાર. २ કાપનાર. ૩ ચૂર્ણ કરનાર. ४ કુટનાર. ५ નિંદનાર.

कुट्टिनी (कुट्टिन् ङीप्) स्त्री० नी. પરપુરૂષસાથે પરસ્ત્રીનો સમાગમ કરાવનાર દલાલ સ્ત્રી.

कुट्टिम (कुट्ट इमप्) पु०क्ली० मः-मं. १ રત્નમયભૂમિ. २ રત્નની ખાણ. ૩ ફરસબંધ જમીન, ઘર બાંધવા માટે તૈયાર કરેલી જમીન. ५ ઝુંપડી, મઢી. ६ દાડમનું ઝાડ.

कुट्टिमित (कुट्टिम इतच्) क्ली० तं. कुट्टमित शब्द जुओ. २ સ્ત્રીના કેશ, સ્તન, વગેરે પકડવાથી અગર જે તે સ્ત્રીને હૃદયમાં હર્ષ થાય છે તો પણ તે બહારથી દુઃખનો પોકાર પાડે છે એવી જાતનો એક સ્ત્રીવિલાસ.

कुट्टहारिका (कुट्टितद्रव्यं हरति हृ ण्वुल् टाप् इत्वं) स्त्री० का. દાસી, ચાકરડી.

कुट्टीर (कुट्ट ईरन्) त्रि० रः-रा-रं. १ છેદનાર. २ કાપનાર. ૩ કુટનાર. ४ નિંદનાર. ५ કપડો દેનાર.

कुट्टीर (,,) पु० रः નાનો પર્વત, ના-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નો ડુંગર.

कुट्टीरक (कुट्टीर इव कायति कै क) त्रि० कः-का-कं. નાના ડુંગર જેટલો ઢગલો, નાના પર્વત જેટલો ઢગલો,

कुट्मल (कुट् कमलच्) पु०क्ली०लः-लं. કમલ વગેરેની કળી ખીલવા ઉપર આવેલી પુલ વગેરેની કળી.

' द्योतितान्तः समैः कुंदकुट्मलाग्रदतः स्मितैः ' माघः

कुट्मल (,,) क्ली० लं. १ તે નામનું એક નરક. २ કળીના આકારનો બાણનો આગલો ભાગ.

कुठ् (भ्वा० पर० सेट् कुंठति) १ ગતિમાં અટકવું, ચાલવું. २ મોચન કરવુ. ३ આળસ કરવું. ४ બુદ્ધું થવું. [ળવું, વેષ્ટન કરવું.

कुठ् (चुरा० उभय० सेट् कुंठयति-ते) वींटवुं, वींटा-

कुठ (कुठ् घञ्) पु० ठः ઝાડ, ઝાડવું, વૃક્ષ.

कुठर (कुठ् करन्) पु० रः १ રવાઈ ખેંચવાની દોરી બાંધવાનો સ્તંભ. २ એક પ્રકારનો નાગ.

कुठाकु (कुठ् आ कुन् कित्) पु० कुः લક્કડખોદ પક્ષી.

कुठाटंक (कुठाररूपः टंकः) पु० कः કુહાડો, કુવાડો.

कुठार (कुठ् आरन्) पु० रः १ ઉપલો શબ્દ જુઓ. २ વૃક્ષ, ઝાડ, ઝાડવું.

' मातुः केवलमेव यौवनवनच्छेदे कुठारा वयम् '

भर्तृहरिः

कुठारक (कुठार अल्पार्थे क) पु० कः નાનો કુહાડો, કુવાડી.

कुठारिका (कुठारी क) स्त्री० का. १ નાની કુવાડી, નાનો કુવાડો. २ ૪સ ખોલવા વગેરેમાં કુવાડીના આકારનું વપરાતું નાનું શસ્ત્ર.

कुठारी (कुठार ङीष्) स्त्री० री. કુવાડો.

कुठारु (कुठ् आरु) पु० रुः १ ઝાડ, ઝાડવું. २ વાનર, વાંદરો. [વૃક્ષ, ઝાડ, ઝાડવું.

कुठि (कुठ् इन् कित्) पु० ठिः १ પર્વત, ડુંગર. २

कुठिक (कुठ् इकन् कित्) पु० कः वनस्पति કુઠ, પાનની જડ. [सी. ३ वनतुलसी.

कुठेर (कुठ् एरन्) पु० रः १ અગ્નિ. २ ધોળી તુલ-

कुठेरक (कुठेर स्वार्थे क) पु० कः १ એક જાતનું ઝાડ. २ ધોળી તુલસી. [ति श्वेत तुलसी.

कुठेरज (कुठेर इव जायते जन् ड) पु० जः वनस्प-

कुठेरु (कुठ् एरुक्) पु० रुः ચામરથી નાખેલો વા. ચામરવાત. [વિકલ થવું.

कुड् (भ्वा० पर० सेट् कुंडति) १ વિકલ કરવું. २

कुड् (भ्वा० आत्म० सेट् कुंडते) १ બાળવું. २ બાળવું.

कुड् (चुरा० उभय० सेट् कुंडयति-ते) १ રક્ષણ કરવું, બચાવવું. २ રાખવું.

कुड् (तुदा० पर० सेट् कुडति) १ ખાવું, ભક્ષણ કરવું. २ ઢગલો કરવો. ३ બાલની પેઠે બોલવું.

कुडप (कुड् कपन्) पु० पः १ પ્રસ્થનો ચોથો ભાગ, પાશેર. २ ચાર આંગળ પહોળું અને ચાર આંગળ ઉંડુ એવું એક ધાતુ કાષ્ટ વગેરેનું માપ. ३ સોળ કર્ષનું એક કુડવ.

कुडव (कुड कवन्) पु० वः ઉપલો શબ્દ જુઓ.

कुडि (कुड् इन्) पु० डिः. शरीर, દેહ, કાયા.

कुडिका (कुडी कप्) स्त्री० का. તપસ્વી લોકનું મૃણ્મય કે કાષ્ટમય પાત્ર.

कुडिश (कुड् श इट्) पु० शः એકજાતનું માછલું.

कुड्मल (कुड् कमलच्) क्ली० लं. તે નામનું એક નરક. [ઉપર આવેલી પુલ વગેરેની કળી.

कुड्मल (,,) पु० लः. મુકુલ, ખીલવા

' दलितपाटलकोमलकुड्मले ' माघः.

कुड्मलित (कुड्मलो जातोस्य इतच्) त्रि० तः-ता-तं. જેને ખીલવા ઉપર આવેલી કળી પેદાથયેલ છે તે, જેને મુકુલ ઉત્પન્ન થયોછે તે. મુકુલિત.

कुड्य (कुड् ण्यत्) क्ली० ड्यं. १ ભીંત. २ લીંપવું, વિલેપન. ३ કુતૂહલ.

वैडूर्यकुड्येषु शशियुतिभ्यः ' माघः.

कुड्यक (कुड्य स्वार्थे क) क्ली० कं. ભીંત.

कुड्यछेदिन् (कुड्यं छिनत्ति छिद् णिनि) पु० दी. ભીંત તોડી ઘરની અંદર પેસનાર ચોર.

कुड्यछेद्य (कुड्यं छेद्यं यस्य) पु० द्यः. ખોદનાર. ખનક.

कुड्यमत्स्य (कुड्ये मत्स्य इव) पु० त्स्यः. ગરોળી.

कुण् (तुदा० पर० सेट् कुणति) १ અવાજ કરવો. २ ઉછેરવું. ३ અન્નદાન વગેરેથી આશ્રય આપવો.

कुण् (चुरा० उभय० सेट् कुणयति-ते) १ शिखाभाण् देवी. २ બોલવું. ३ વાત કરવી. ४ ઉપદેશ કરવો. ५ આમંત્રણ કરવું. ६ બોલાવવું.

कुणक (कुण् क) पु० कः. બાલક, શિશુ.

कुणप (कुण् कपन्) पु० पः. મડદું, શબ, પ્રેત. २ દુર્ગંધી. ३ બરછી, ભાલો.

कुणप (,,) त्रि० पः-पा-पं.१ દુર્ગંધવાળું. २ મડદાજેવું જડ.

कुणपी (कुणप ङीप्) स्त्री० पी. મેના.

कुणाल (कुण् कालन्) पु० लः. देशविशेष.

कुणि (कुण् इन्) पु० णिः. નંદીવૃક્ષ.

कुणि (,,) त्रि० णिः-णिः-णि. १ લેવા-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વગેરેની ક્રિયામાં મંદહાથવાળું. ૨ વાંકા હાથવાળું, ડુંડું. [અવાજ.

कुणिंद (कुण् किंदत्) पु० दः. શબ્દ, નાદ, ધ્વનિ,

कुणिपदी (कुणिरिव कुंठितशक्तिः पादोऽस्याः) स्त्री० दी. હાલવાચાલવામાં મંદશક્તિવાળા પગવાળી સ્ત્રી.

कुंटक (कुटि ण्वुल्) त्रि० कः-का-कं. સ્થૂલ, જાડું. ચરબીવાળું.

कुंठ (कुठि अच्) त्रि० ठः-ठा-ठं. ૧ આળસું. ૨ મંદ. ૩ મૂર્ખ, મતિમંદ, બેવકૂફ.

कुंठित (कुठि क्त) त्रि० तः-ता-तं. ખુંથએલ.

'दशवदनभुजानां कुंठिता यत्र शक्तिः'

महानाटकम्.

कुंड (कुड्यते जलं वन्हि वाऽत्र कुड् अच्) क्ली० डं. ૧ હોમ યજ્ઞ વગેરેનો અગ્નિ રાખવામાટે કરેલું ચતુષ્કોણાકૃતિ ક્ષેત્ર. ૨ પાણી રાખવામાટે કરેલું ચાર ખુણાવાળું જલાશય, જલ રાખવાનું એક જાતનું પાત્ર. વૈશ્વદેવ કરવા માટે કરેલું તામ્રપાત્ર, કુંડ.

कुंड (कुडि घञ्) पु० डः પતિ જીવતાં સ્ત્રીના જાર કર્મથી પેદા થયેલ પુત્ર. ૨ નાગવિશેષ. ૩ મહાદેવ. ૪ એક જાતનું પક્ષી.

कुंड (कुड् अ) पु० डः દાહ, બળવું.

कुंडक (कुंड कन्) क्ली० कं. માટીનું નાનું ઉદકપાત્ર.

कुंडक (,,) पु० कः ધૃતરાષ્ટ્રનો તે નામનો એક પુત્ર.

कुंडकीट (कुंडे योनिकुंडे कीट इव) पु० टः વેદ ધૂર્તનો બનાવેલ છે એ પ્રમાણે બોલનાર ચાર્વાકમતને અનુસરનાર. ૨ પતિત બ્રાહ્મણનો પુત્ર, છીનાળાથી પેદા થયેલ બ્રાહ્મણનો પુત્ર, દાસી સાથે મૈથુન કરવાની ઇચ્છા રાખનાર પુરૂષ.

कुंडकील (कुंडे कील इव) पु० लः નીચ પુરૂષ.

कुंडगोल ( ) क्ली० लं. કાંજી, રાબ. કાંજિક. [ઉપલો શબ્દ જુઓ.

कुंडगोलक (कुंडे गोलं गोलाकारकमत्र) क्ली० कं.

कुंडगोलक (कुंडश्च गोलश्च) पु० द्वि० કૌ. કુંડગોલક, કુંડ અને ગોલક. પતિ જીવતાં પરસ્ત્રીથી ઉત્પન્ન થયેલ પુત્ર તે કુંડ અને વિધવા પરસ્ત્રીથી ઉત્પન્ન થએલ પુત્ર તે ગોલક.

परदारेषु जायेते द्वौ पुत्रौ कुंडगोलकौ ।

पत्यौ जीवति कुंडः स्यात् मृते भर्तरि गोलकः ॥ मनुः

कुंडंग (कुंडं तदाकारं गच्छति) पु० गः એક જાતનું ઝાડ. [ખ્ડ જુઓ.

कुंडंगक (कुंडंग एव स्वार्थे क) पु० कः ઉપરનો શ-

कुंडज (कुंड जन् ड) पु० जः ધૃતરાષ્ટ્રનો તે નામનો એક પુત્ર. [પેટ કુંડી જેવું હોયછે તે.

कुंडजठर (कुंड इव जठरमस्य) त्रि० रः-रा-रं. જેનું

कुंडजठर (,,) पु० रः તે નામનો એક ઋષિ. [એક જાતનો નાગ.

कुंडधार (कुंडं कुंडाकारं धारयति धृ अच्) पु० रः

कुंडप ( ) पु० पः પ્રસ્થનો ચોથો ભાગ, પાશેર.

कुंडपायिन् (कुंडेन कुंडाकारचमसेन सोमं पिबति पाणिनि) पु० यी. કુંડાકાર ચમસ (પાત્ર) વડે સોમ વલ્લીનું પાન કરનાર, યજમાન સહિત સોળ ઋત્વિક્ સાથે એક જાતનો યજ્ઞ કરનાર.

कुंडपाय्य (कुंडाकारेण चमसेन सोमः पीयतेऽत्र पा यत्) क्ली० ष्यं ઉપલો શબ્દ જુઓ.

कुंडभेदिन् (कुंडभिद् णिनि) पु० दी. ધૃતરાષ્ટ્રનો તે નામનો એક પુત્ર.

कुंडल (कुंडि कलच्) पु० क्ली० लः-लं. ૧ તે નામનું એક કર્ણભૂષણ. ૨ કરભૂષણ. ૩ ગળાનું ભૂષણ. ૪ વેષ્ટન, વીંટવું. ૫ મંડલ, વર્તુલ.

कुंडलना (कुंडल णिच युच्) स्त्री० ना. વેષ્ટન કરવું વીંટવું. ૨ વર્તુલાકાર વીંટાળજવું. કુંડાળું કરવું.

कुंडला (कुंडल् अच् टाप्) स्त्री० ला. ગળોનો વેલો.

कुंडलिका (कुंडली कन्) स्त्री० का. ૧ કુંડાળું. ૨ તે નામનો છંદોભેદ. ૩ પક્વાન્નની જાતિ જલેબી.

कुंडलिन् (कुंडलमस्त्यस्य इनि) त्रि० ली-लिनी-लि. ૧ કુંડલવાળું. ૨ વર્તુલવાળું. ૩ વેષ્ટનવાળું.

कुंडलिन् (कुंडल इनि) पु० ली. ૧ સર્પ. ૨ વરૂણ. ૩ મોરપક્ષી. ૪ એક જાતનું કાબરૂ હરિણ.

'वामांगीकृतवामांगि कुंडलीकृतकुंडलि' उद्भटः

कुंडलिनी (कुंडलिन् ङीप्) स्त्री० नी. ૧ પક્વાન્ન જલેબી. ૨ વનસ્પતિ ગળો. ૩ તંત્રમતમાં દેવતા.

कुंडशायिन् (कुंडे शेते) पु० यी. ધૃતરાષ્ટ્ર રાજાનો તે નામનો એક પુત્ર.

कुंडशिन् (कुंडगोलकयोरन्नमश्नाति) पु० शी. ૧ ભડવો. ૨ જારકર્મથી ઉત્પન્ન થયેલ પુરૂષની પાંસેથી પોતાનું પોષણ મેળવતો. ૩ કુંડગોલકનું અન્ન ખાનાર. [એક રાજા.

कुंडिक ( ) पु० कः કૌરવમાં તે નામનો

कुंडिका (कुंडि ण्वुल्) स्त्री० का. સંન્યાસી યતિ વગેરેનું જલપાત્ર, કમંડલુ, ધાતુમય મૃણ્મય કે કાષ્ટમય કુંડી, કુંડું. [કુંડવાળું, કમંડલુવાળું.

कुंडिन् (कुंडोऽस्त्यस्य इनि) त्रि० डी-डिनी-डि. ૧

कुंडिन् (कुंड इनि) पु० डी. શિવ, મહાદેવ.

कुंडिन (कुंडि इनच्) पु० नः કુરુ વંશમાં પેદા થયે-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લ એક રાજા, તે નામનો એક ઋષિ.

કુંડિન (,,) ક્લી૦ નં. વિદર્ભ દેશની તે નામની રાજધાની, નળ રાજાના સસરાનું મુખ્ય શહેર. કુંડિનપુર. [છોકરા.

કુંડિન (કુંડિન અણ્) પુ૦ ૧૦ નાઃ કુંડિન ઋષિના

કુંડી (કુંડ્ અચ્ ઙીપ્) સ્ત્રી૦ કમંડલુ.

કુંડીર (કુંડિ ઇરન્) ત્રિ૦ રઃ-રા-રં. બલવાન, જોરાવર, સમર્થ. [પુરૂષ.

કુંડીર (,,) પુ૦ રઃ માણસ, મનુષ્ય,

કુંડોધ્ની (કુંડ ઉધસ્ ઙીપ્) સ્ત્રી૦ ધ્રી. કુંડી જેવડા આડ (આવલા) વાળી ગાય ભેંસ વગેરે.

કુંડોદર (કુંડ ઇવ ઉદ રમસ્ય) ત્રિ૦ રઃ-રા-રં. કુંડ જેવા પેટવાળું.

કુંડોદર (,,) પુ૦ રઃ એક જાતનો નાગ.

કુતનુ (કુત્સિતા તનુરસ્ય) પ૦ નુઃ કુબેર, યક્ષ.

કુતનુ (,,) ત્રિ૦ નુઃ-નુઃ-નુ. ખરાબ દેહવાળું, ખરાબ શરીરવાળું, કુરૂપ.

કુતનુ (કુત્સિતા તનુઃ) સ્ત્રી૦ નુઃ ખરાબ દેહ, ખરાબ કાયા, કુરૂપ. [૨ ક્ષુદ્રદંડ, દડિકા.

કુતંત્રી (કુત્સિતા તંત્રી) સ્ત્રી૦ ત્રી. ૧ ખરાબ વીણા.

કુતપ (કુત્ કપન્) પુ૦ પઃ ૧ સૂર્ય. ૨ અગ્નિ. ૩ બલદ, બલદીઓ. ૪ દ્વિજાતિ (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય) ૫ પરોણો, અભ્યાગત, અતિથિ. ૬ ભાણેજ.

કુતપ (,,) પુ૦ ક્લી૦ પઃ-પં. ૧ દર્ભ. ૨ દીકરીનો દીકરો. ૩ એક જાતનું વાદ્ય. ૪ નેપાળ દેશમાંહેલો પેદા થયેલો કામળો. ૫ બનાત વગેરે વસ્ત્ર. ૬ દિવસના પંદર ભાગોમાંનો આઠમો ભાગ અષ્ટમ મુહૂર્ત.

કુતપસપ્તક (કુતપસ્ય સપ્તકમ્) ક્લી૦ કં. પ્રેતના શ્રાદ્ધમાં અવશ્ય જે સાત પદાર્થ જોઇએ છે તેનો સમૂહ જેમ કે અપરાણહકાળ, શૃંગ પાત્ર, ઊર્ણાવસ્ત્ર રૌપ્યધાતુ, કુશતૃણ, કાળાતલ અને વાછરૂંસહિત ગાય.

કુતપાષ્ટક (કુતપાનામષ્ટકં) ક્લી૦ આઠ પારિભાષિક કુતપ જેવાં કે મધ્યાન્હ ખર્જૂપાત્ર (શૃંગપાત્ર) ઊર્ણાવસ્ત્ર, રૌપ્ય, દર્ભ, તલ, ગાય અને દૌહિત્ર.

કુતશ્ચન (કુતસ્ ચન) અ૦ ન. કયાંકથી. કોક ઠેકાણેથી. [જુઓ.

કુતશ્ચિત્ (કુતસ્ ચિત્) અવ્ય૦ ત્. ઉપલો શબ્દ

કુતસ્ (કિં તસિલ્) અવ્ય૦ તઃ ૧ કયાંથી. ૨ શા માટે. ૩ શી રીતે. ૪ શા પ્રકારે. ૫ શાથી.

કુતસ્ય (કુતઃ ત્યપ્) ત્રિ૦ ત્યઃ-ત્યા-ત્યં. ૧ કયાંથી હોનારૂં ૨ શી રીતે હોનાર. ૩ કયાંથી થનાર.

કુતુક (કુત્ ઉક્ ઉ) ક્લી૦ કં. ૧ ઇચ્છા. ૨ પ્રીતિ. ૩ હોંશ, કુતૂહલ. ૪ આશા. ૫ ઉત્સુકપણું.

કુતુપ (કુતૂ ડુપચ્) પુ૦ પઃ ઘી તેલ વગેરે રાખવાનું નાનું ચર્મપાત્ર. ૨ નાનો કુંપો.

કુતુપ (કુતપ) પુ૦ ક્લી૦ પઃ-પં. દિનના પંદરમા ભાગનો આઠમો ભાગ.

કુતૂ (કુત્ કૂ) સ્ત્રી૦ તૂઃ ઘી તેલ વગેરે ભરી રાખવાનું નાનું ચર્મપાત્ર.

કુતૂણક (કુત્સિતં તૂણકમસ્મિન્) પુ૦ કઃ બાલ્યા વસ્થામાં થતો તે નામનો એક જાતનો રોગ.

કુતૂહલ (કુતૂશ્ચર્મમયસ્નેહપાત્રમિવ હૃદયં હલતિ હલ્ અચ્) ક્લી૦ લં. ઉત્કંઠા, હોંશ, ઔત્સુક્ય, કુતુક.

'અપ્યાસ્તિ મે શકુન્તલાદર્શનં પ્રતિ કુતૂહલમ્'

શાકુન્તલમ્.

કુતૂહલ (કુતૂહલ્ અચ્) ત્રિ૦ લઃ-લા-લં. ૧ અદ્ભુત, અચંબાતુ, આશ્ચર્યકારક. ૨ વખાણેલું. ૩ રૂડું, ઉત્તમ, શ્રેષ્ઠ. [કુતૂહલવાળું.

કુતૂહલવત્ (કુતૂહલ મતુપ્) ત્રિ૦ વાન્-વતી-વત્.

કુતૂહલિત (કુતૂહલ ઇતચ્) ત્રિ૦ તઃ-તા-તં. કુતૂહલ પેદા થયું હોય તે. [લો શબ્દ જુઓ.

કુતૂહાલિન્ (કુતૂહલ ઇનિ) ત્રિ૦ લી-લિની-લિ. ઉપ-

કુતૃણ (કુત્સિતં તૃણં) ક્લી૦ ણં. ખરાબ તૃણ, ખરાબ ઘાસ. [તૃણ. કુંમી. કુંમિકા.

કુતૃણ (કૌ જલે તૃણં) ક્લી૦ ણં. એક જાતનું જલ-

કુતોનિમિત્ત (કુતઃ નિમિત્તમસ્ય) ત્રિ૦ ત્તઃ-ત્તા-ત્તં. શા નિમિત્તનો, શા હેતૂનો, શા સબબનો.

કુત્ર (કિં ત્રલ્) અ૦ ત્ર. કયાં, કયે ઠેકાણે.

'હા સીતા કેન નીતા મમ હૃદયગતા કેન વા કુત્ર દૃષ્ટા'

મહાનાટકમ્.

કુત્રાચિત્ (કુત્ર ચિત્) અવ્ય૦ ત્. કયાંક, કોક ઠેકાણે, કોક સમયે, ક્વચિત્. કુત્રચન.

કુત્રત્ય (કુત્ર ત્યપ્) ત્રિ૦ ત્યઃ-ત્યા-ત્યં. કયાં હોનાર. કયાં થનાર. કયાં રહેનાર.

કુત્રાપિ (કુત્ર અપિ) અવ્ય૦ પિ. કયાંક, કોક ઠેકાણે.

કુત્સ્ (ચુરા૦ આત્મ૦ સેટ્ કુત્સયતે) ૧ નિંદવું, ધિક્કારવું તિરસ્કારવું. ૩ દોષ મુકવો.

કુત્સ (કુત્સયતે સસારે કુત્સ્ અચ્) પુ૦ ત્સઃ તે નામનો એક ઋષિ. [ધર્મવાળું.

કુત્સન (કુત્સ્ લ્યુટ્) ત્રિ૦ નઃ-ના-નં. નિંદાસાધન-

કુત્સન (,,) ક્લી૦ નં. નિંદવું, ધિક્કારવું, તિરસ્કારવું, નિંદાસાધન કર્મ.

કુત્સલા (કુત્સ્ કપચ્) સ્ત્રી૦ લા. વનસ્પતિ ગળી,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગણીનો છોડ. [રકાર.

कुत्सा (कुत्स अ) स्त्री० त्सा. निंदा, धिक्कार, तिर-

कुत्सावादिन् (कुत्सां वदति वद् णिनि) त्रि० दी-दिनी-दि. १ निंदा करनार. २ धिक्कारनार. ३ तिरस्कार करनार. ४ गाळ देनार.

कुत्सित (कुत्स् क्त) त्रि० तः-ता-तं. निंदेलुं, धिक्कारेलुं. २ नीच, खराब. [नस्पति कुष्ठ.

कुत्सित (,,) क्ली० तं. १ निंदा. २ व-

कुथ् (भ्वा० पर० सेट् कुथति) १ क्लेशमां आवी पडवुं, संकटग्रस्त थवुं. २ संलग्न होवुं. ३ ढार मारवुं. ४ दुःखववुं. ५ पीडवुं. ६ दुःख भोगववुं. ७ क्लेश पामवो. [वधु, दुर्गंधनुं आववुं.

कुथ् (दिवा० पर० सेट् कुथ्यति) खराब थानुं आ-

कुथ् (क्रया० पर० सेट् कुथ्नाति) १ दुःखमां आववुं. २ दुःख भोगववुं.

कुथ (कुथ् क) पु० थः १ कंथा. २ धोळो दर्भ. ३ डीट, डीडो. ४ प्रातःस्नान करनार ब्राह्मण. ५ हाथी उपर नांखवानी झूल.

कुथ (कुथ् क) क्ली० थं. हाथी उपर नाखवानी झुल.

कुथा (कुथ् क टाप्) स्त्री० था. उपरनो शब्द जुओ

कुथुम ( ) पु० मः सामवेदनी ते नाम-नी शाखा. [ज्ञाणनार द्विज.

कुथुमिन् (कुथुमं वेत्ति इन्) पु० मी. कुथुमशाखाने

कुथोदरी (कुथा इव उदरमस्याः) स्त्री० री. कुंभकर्णनी पौत्री, निकुंभनी पुत्री

कुद् (चुरा० पर० सेट् कोदयति) जुहुं बोलवुं, मिथ्या बोलवुं. [द्वाळो.

कुदाल (कुं भूमि दारयति) पु० लः कोदाळी, कोदिन (कोः पृथ्व्याः भ्रमणेन दिनं) क्ली० नं. १-सावन दिन. २ सूर्यना उदयथी ते बीजे वार थतां तेना उदय सुधीनो काल.

कुदिन (कुत्सितं दिनं) क्ली० नं. खराब दिवस, ज्योतिश्शास्त्रमां निषेध करेलो दिवस. कुवासर.

कुदाष्टि (कुत्सिता दाष्टिः) स्त्री० ष्टिः. १ खराब नजर. २ वेदबाह्य तार्किक कल्पना. ३ पाखंडीज्ञान. ४ अशक्तदृष्टि. [ळ नजरवाळुं.

कुदाष्टि (कुत्सिता दृष्टिर्यस्य) त्रि० ष्टिः-ष्टि-ष्टि. खरा-

कुदेह (कुत्सितो देहो यस्य) पु० हः. कुबेर, यक्ष.

कुदेह (कुत्सितो देहः.) पु० हः खराब देह, खराब शरीर, कुरूप. [कायावाळुं.

कुदेह (कुत्सितो देहो यस्य) त्रि० हः-हा-हं. खराब

कुद्दल ( ) पु० लः. कोदाळो.

कुदार (कुं पृथ्वीं दारयति दृ अच्) पु० रः. उपरनो शब्द जुओ. २ कोविदारनुं झाड. [जुओ.

कुदाल (,,) पु० लः. कुद्दल शब्द

कुदालक (कुदाल स्वार्थे क) पु० कः. कुद्दल शब्द जुओ. [उपर आवेली पुलनी कणी.

कुद्मल (कुड्मल पृषो०) क्ली० लं. मुकुल, खीलवा-

कुद्य (कुद् क्यप्) क्ली० द्यं. भींत.

कुद्र (चुरा० उभय० सेट् कुंद्रयति-ते) खोटुं बोलवुं, असत्य भाखवुं.

कुद्रंक (कुत्सितं रंकं चिह्नमस्य) पु० कः १ माळ उपर बांधेल मंडप. २ माळ उपर बांधेल रहेवानुं घर. [जुओ.

कुद्रंग (कुत्सितो रंगो यत्र) पु० गः उपरनो शब्द

कुद्रव (कुं भूमिं द्रवति द्रु अच्) पु० वः एक जातनुं धान्य, कोद्रा. [एक ऋषि.

कुद्रि ( ) पु० द्रिः ते नामनो

कुधान्य (कुत्सितं धान्यं) क्ली० न्यं. हलकुं धान्य, खराब धान्य. [हाड. महीध्र.

कुध्र (कुं पृथ्वीं धारयति धृ क) पु० ध्रः पर्वत, प-

कुनक ( ) पु० कः करचलो. करट.

कुनख (कुत्सितो नखोऽत्र) पु० खः एक जातनो नखरोग. [राख नखवाळुं.

कुनख (कुत्सितो नखो यस्य) त्रि० खः-खी-खं. ख-

कुनख (कुत्सितो नखः) पु० खः खराब नख.

कुनाखिन् (कुनख इनि) त्रि० खी-खिनी-खि. १ जेने कुनखनो रोग थयेल छे ते. २ खराब नखवाळुं.

कुनट (कुत्सितो नटः) पु० टः खराब नट.

कुनट (कुत्सिते नटति नट् अच्) पु० टः एक जातनी वनस्पति.

कुनटी (कुत्सितं नटति नट् अच ङीष्) स्त्री० टी. १ कोथमीर, धाणा. २ मांसल.

कुनलिन् (ईषन्नलो यस्य इनि) पु० ली. अगथीआनुं झाड. अगस्त्यवृक्ष. [नीच पालक.

कुनाथ (कुत्सितो नाथः) पु० थः १ खराब धणी.

कुनाथ (कोः पृथ्व्या नाथः) पु० थः पृथ्वीनो धणी. महीनाथ.

कुनाभि (ईषन्नाभिरिव आवर्तत्वात्) पु० भिः कुबेरनो एक भंडार. २ वंटोळीयो, वा.

कुनामन् (कुत्सितं प्रातस्स्मरणीयं नाम यस्य) त्रि० मा-मनी-मन्. १ अतिकृपण. २ धणुंज सुभ.

कुनाशक (ईषन्नाशयति स्पर्शात् नश् णिच् ण्वुल्) पु० कः वनस्पति धमासो. दुरालभा, यवास.

कुनिवंच ( ) पु० चः दशमा मनुनो ते नामनो एक पुत्र.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

कुनीति (कुत्सिता नीतिः) स्त्री० तिः अनीति, अन्याय, दुराचरण.

कुंत (कुं भूमिमुनत्ति उद् त) पु० तः १ भालुं, बर्छी. २ नानुं प्राणी. ३ એક જાતનું ધાન્ય. ४ अंडभाव. ५ એક જાતનો નાનો કીડો.

कुंतल (कुतं लाति ला क) पु० लः १ કેશ, માથાના વાળ. २ હળ.

कुंतल (कुंतलं केशाग्राकारं लाति ला क) पु० लः १ જવ. २ પાણી પીવાનું નાનું વાસણ. ३ ચમસ. ४ જેના હાથમાં ભાલું હોયછે તે. ५ તે નામનો એક દેશ. ६ ધ્રુવકનો ભેદ.

कुंतलवर्धन (कुंतलान् वर्धयति वृध् णिच् ल्युट्) पु० नः ભાંગરો. ભૃંગરાજ. [કેશનો જથ્થો.

कुंतलहस्त (कुंतलस्य पाशः) पु० स्तः. કેશપાશ,

कुंतलिका (कुंतलाकारो विद्यतेऽस्याः इच्) स्त्री० का. ધી વગેરે કાઢવાનું સાધન, પાળું વગેરે.

कुंतलोशीर (कुंतल इवोशीरं) क्ली० रं. સુગંધીવાળો.

कुंताप ( ) पु० पः વૈદિક ક્રિયાના પાદનો એક ભેદ. [દેશ.

कुंति (कम् क्षिच्) पु० व० तयः તે નામનો એક

कुंति (,,) पु० तिः વિદર્ભવંશમાં પેદા થયેલ કુંધ રાજાનો તે નામનો એક પુત્ર.

कुंतिभोज (कुंतिसंज्ञको भोजः) पु० जः પૃથાનો બાપ, ભોજ દેશનો અધિપ.

कुंतिसुता (कुंतेः सुता) स्त्री० ता. १ વસુદેવની બેન, કુંતિભોજ રાજાને દત્તકપણાએ આપેલી પૃથા,

कुंती (कुंति ङीप्) स्त्री० ती. १ વસુદેવની બેન. २ કુંતિભોજ રાજાને દત્તક આપેલી પૃથા, યુધિષ્ઠિર વગેરેની મા, પાંડુરાજાની સ્ત્રી.

कुंतीतनय (कुंत्यास्तनयः) पु० यः १ ધર્મ વાયુ અને ઇંદ્રથી કુંતીના પેટે પેદા થયેલ ધર્મ ભીમ ને અર્જુન. २ સૂર્યથકી કુંતીના પેટે પેદા થયેલ પુત્ર કર્ણ. कुंतीसुत. कौंतेय.

कुंथ् (क्र्या० पर० सेट् कुंथ्नाति) १ સંકટમાં પડવું. २ દુઃખ ભોગવવુ. ३ ખણવું. ४ ખણગી પડવું, બેટવું.

कुंथु (कुंथ् उन्) पु० थुः તે નામનો એક બૌદ્ધ. २ જૈનમતનો સત્તરમો તીર્થંકર સાધુ. ३ જૈન મતમાં તે નામનો એક સાર્વભૌમ રાજા.

कुंद (कुं पृथ्वीं कदयपात्र ददाति दा क) पु० दः વિષ્ણુ.

कुंद (कुं भूमिमुनत्ति उंद् अण) पु० दः १ એક જા-તનો સુગંધી પદાર્થ, કિંદુ. २ શ્રમ. ३ કુબેરનો તે નામનો એક ભંડાર. ४ કરવીર વૃક્ષ, કણેરનું ઝાડ.

कुंद (कु दन् मुमच्) पु० क्ली० दः-दं. મોગરાનું ઝાડ. [२ પદ્મ.

कुंद (,,) क्ली० दं. મોગરાનું ફુલ,

कुंदक (कुंद कन्) पु० कः કિંદુનું ઝાડ, મોગરાનું ઝાડ. [डाल. मार्जार.

कुंदम (कुंदेन मीयते मा क) पु० मः બિલાડો. बि-

कुंदमाला (कुंदपुष्पाणां माला) स्त्री० ला. મોગરાના ફુલનો હાર.

कुंदर (कुं धरां दारयति दृ अच्) पु० रः १ વરાહનો અવતાર ધારણ કરનાર વિષ્ણુ. २ એક જાતનું શાક. [મૂલ, કમળનો જથ્થો.

कुंदिनी (कुंदानां समूहः इनि) स्त्री० नी. પદ્મનો સ-

कुंदु (कुं भूमिं दृणाति दृ डु) पु० दुः ઉંદર.

कुंदु (,,) स्त्री० दुः એક જાતનો સુગંધી પદાર્થ, કિંદુ.

कुंदुर ( ) पु० रः ઉપલો શબ્દ જુઓ.

कुंदुरु (कुं भूमिमुनत्ति उद्) पु० रुः ઉંદર.

कुंदुरु (कुं भूमिमुनत्ति उद्) पु० स्त्री० रुः-रुः એક જાતનો સુગંધી પદાર્થ, કિંદુ.

कुंदुरुक (कुंदुरु स्वार्थे कन्) पु० कः એક જાતનો સુગંધી પદાર્થ કિંદુ.

कुप् (चुरा० उभ० सेट् कुंपयति-ते) १ ઢાંકવું, આચ્છાદન કરવું. २ સ્મરણ કરવું. ३ સંભાળવું. ४ ફલાવવું.

कुप् (भ्वा० पर० सेट् कुंपति) ઉપલો ધાતુ જુઓ.

कुप् (चुरा० उभ० सेट् कोपयति-ते) १ પ્રકાશવું, ઓલવું. [થવું.

कुप् (दिवा० पर० सेट् कुप्यति) ક્રોધ પામવો, ધુસ્સે

कुपत ( ) अव्य० तं. ઉત્તમ રીતિથી.

कुपथ (कुत्सितः पंथाः पथन् अच्) पु० थः १ કુમાર્ગ, ખરાબ માર્ગ. २ વેદબાહ્ય માર્ગ. ३ વેદવિરુદ્ધ માર્ગ. ४ નાસ્તિકપણું. ५ પાખંડ.

कुपथ्य (कुत्सितं पथ्यं) त्रि० थ्यः-थ्या-थ्यं. શરીરને જે અહિતકારક તે, શરીરને જે રોગકારક તે.

कुपथ्य (कुपथस्येदं) त्रि० थ्यः-थ्या-थ्यं. ખરાબ માર્ગ સંબંધી, કુમાર્ગનું.

कुपाणि (कुत्सितः पाणिः) पु० णिः १ ખરાબ હાથ. २ વાંકો હાથ. ३ કુંઠો હાથ.

कुपाण (कुत्सितः पाणिर्यस्य) त्रि० णिः-णिः-णि. १ ખરાબ હાથવાળું. २ વાંકા હાથવાળું. ३ કુંઠા હાથવાળું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

कुपित (कुप क्त) त्रि० तः-ता-तं. १ क्रोधपामेल, गुस्से थयेल. २ चपडेल.
'कुपितकपिकपोलक्रोडताम्रस्तमांसि' उद्भटः

कुपितांतक (कुपितोंतकः) पु० कः क्रोध पामेल मृत्यु, पांसे आवेलुं मरण.

कुपिनिन् (कुपिनी मत्स्यधानी अस्त्यस्य) पु० नी. जलमां माछलानो पकडनार.

कुपिनी (गुप्यते मत्स्योऽत्र गुप् इनि ङीप्) स्त्री० नी. १ माछलां राखवानुं वांस वगेरेनुं बनावेलुं पात्र. २ माछलां पकडवानी जाळ. [नार.

कुपिंद (कुप् किंदच्) पु० दः साळवी, लुगडुं वणु-

कुपीलु (कुत्सितः पीलुः) पु० लुः अभरोटना झाडनो એક भेद.

कुपुत्र (कुत्सितः पुत्रः) पु० त्रः खराब पुत्र, कुपुत्र, कपुत. [पुत्रवाळुं, कुपुतवाळुं.

कुपुत्र (कुत्सितः पुत्रो यस्य) त्रि० त्रः-त्रा-त्रं. खराब

कुपुत्र (कोः पृथ्व्याः पुत्रः) पु० त्रः १ मंगलग्रह. २ नरकासुर.

कुपुरुष (कुत्सितः पुरुषः) पु० षः १ नीच माणस. २ हलको माणस. ३ खराब माणस. ४ पायन्दमो.

कुपूय (कुत्सितं पूयते पूय् अच्) त्रि० यः-या-यं. १ निंद्य. २ अधम. ३ नीच. ४ जलाचार वगेरेमां निंदित. [हरडेनुं धातु. २ धातु.

कुप्य (गुप् क्यप्) क्ली० प्यं. १ सोना रुपा सीवायनी

कुप्यशाला (कुप्यस्य तत्पात्रादिनिर्माणस्य शाला) स्त्री० ला. तांबा वगेरे धातुनां पात्र बनाववानी जग्या. [नीच. २ निंद्य. जघन्य.

कुप्रीय (कु प्री क) त्रि० यः-या-यं. १ अधम. २

कुप्लव (कुत्सितः प्लवः) पु० वः तृण वगेरेनी बनावेली खराब होडी.
'यादृशं पालमाप्नोति कुप्लवैः संतरन् जलम्' मनुः

कुब् (चुरा० पर० सेट् कुंबयति-ते) १ पाथरवुं. २ ढांकवुं. ३ संताडीदेवुं. ४ आच्छादन करवुं. ५ पडदो करी देवो.

कुब् (भ्वा० पर० सेट् कुंबति) उपलो धातु जुओ.

कुबल (कुत्सितं बलमस्य) त्रि० लः-ला-लं. १ निंदित बळवाळुं. २ खराब जोरवाळुं.

कुबलाश्व (कुबलोऽश्वो यस्य) त्रि० श्वः-श्वा-श्वं. १ दुबळा घोडावाळुं. २ नबळो घोडो जोडेलुं.

कुबलाश्व (,,) पु० श्वः सूर्यवंशमां पेदाथयेल ते नामनो એક राजा.

कुबेर (कुत्सितं बेरमस्य कुंबति धनं वा कुबि एरकु) पु० रः. ते नामनो એક यक्षराज.

कुबेरक (कुबेर कन्) पु० कः. अजमानुं झाड.

कुबेरक (कुत्सितं बेरकं) क्ली० कं. खराब देह, कुरूप.

कुबेरनेत्र (,,) पु० त्रः. वनस्पति पाळी.

कुबेराक्षी (कुबेरस्याक्षीव पिंगलं पुष्पमस्याः यच्) स्त्री० क्षी. वनस्पति पाळी.

कुबेराचल (कुबेरस्याचलः) पु० लः. कैलास पर्वत.

कुबेराद्रि (कुबेरस्याद्रिः) पु० द्रिः. कैलास पर्वत.

कुब्ज (ईषदुब्जमार्जवं यत्र) पु० ब्जः. १ वनस्पति अधाडो. २ थोडीवांकी तलवार. ३ એકજातनुं माछलुं. ४ खुंधापणानो रोग.

कुब्ज (,,) त्रि० ब्जः-ब्जा-ब्जं. कुबडुं. खुंधुं.

कुब्जक (कुब्ज क) त्रि० कः-का-कं. कुबडुं, खुंधुं.

कुब्जक (,,) पु० कः. बहु खुश्बोदार कांटा शेवंती झाड. [घेरनुं झाड.

कुब्जकंटक (कुब्जः कंटकोऽस्य) पु० कः धोळा

कुब्जत्व (कुब्जस्य भावः) क्ली० त्वं खुंधापणुं, कुबडापणुं. कुब्जता.

कुब्जा (कुब्जा) स्त्री० ब्जा. १ कंसनी दासी, कृष्णुनी सखी, जे श्रीकृष्णना स्पर्शवडे उत्तम प्रमदा थईगइ ते. [कन्या. २ देवी मूर्तिनो એક भेद.

कुब्जिका (कुब्जा कन्) स्त्री० का. १ आठ वर्षनी

कुब्र (कुबि रन्) क्ली० ब्रं. १ रान, जंगल, अरण्य. २ अग्निकुंड. ३ कुंड. ४ कुंडल. ५ सूत्र. ६ शरण. ७ गांडु.

कुब्रह्म (कुत्सितो ब्रह्मा टच्) पु० ह्मः. १ खराब ब्राह्मण. २ शूद्रने घेर नोकरीकरनार विप्र.

कुब्रह्मन् (कुत्सितो ब्रह्मा) पु० ह्मा. उपलो शब्द जुओ. [जुओ.

कुभ् (चुरा० उभय० सेट् कुंभयति-ते) कुब् धातु

कुभ (कुत्सितो भा यस्य) त्रि० भः-भी-भं. खराब कांतिवाळुं.

कुभा (कोः पृथ्व्याः भा) स्त्री० भा. पृथ्वीनी छाया.

कुभा (कुत्सिता भा) स्त्री० भा. खराब तेज, खराब कांति.

कुभृत् (कुं बिभर्ति भृ क्विप्) पु० त्. १ पर्वत. पहाड. २ सात संख्यानी संज्ञा. शैल, कुधृत्.

कुमार (चुरा० उभय० सेट् कुमारयति-ते) खेलवुं, रमवुं, क्रीडवुं.

कुमार (कुमारयति कुत्सितो मारो यस्मात् कौ पृथ्व्यां मारयति वा) पु० रः. १ कार्तिकेय, कार्तिकस्वामी. २ शुकपक्षी, पोपट. ३ नाटचोक्तिमां युवराज. ४

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

धोडेस्वार. ५ पांच वर्षनो बालक. ६ जैनमतना चोवीस तीर्थंकरना शिष्यपैकी ते नामनो એક. ७ सिंधुनद. ८ वरुणवृक्ष. ९ शाकद्विपेश्वरनो ते नामनो એક पुत्र. [બાલક.

कुमार (कौ मारयति) क्ली० रं. शुद्ध सोनुं.

कुमार (कुमारयति) त्रि० रः-री-रं. सुंदर, કુંવારું

कुमारक (कुमार स्वार्थे क) पु० कः पुछिंगी कुमार शब्द જુઓ. [ઝાડ. वरुणवृक्ष.

कुमारक (कुमार संज्ञायां कन्) पु० कः એક જાતનું

कुमारघातिन् (कुमारं हंति हन् णिनि) त्रि० ती-तिनी-ति. બાલકને મારનાર, કુંવારાનો ઘાત કરનાર. शिशुमारक.

कुमारता (कुमारस्य भावः) स्त्री० ता. १ કુમારપણું, કુમારદશા. २ કુંવારાપણું कुमारत्व.

कुमारपाल (कुमारैः पाल्यते) पु० लः १ शालिवाहनराजा. २ गुजरात देशनो ते नामनो એક राजा.

कुमारपाल (कुमारं पालयति) त्रि० लः-ला-लं. કુમારને પાલનાર, કુંવારાનું રક્ષણ કરનાર.

कुमारपालक (कुमारं पालयति पा ण्वुल्) त्रि० कः-का-कं. ઉપલો शब्द જુઓ.

कुमारपालन (कुमारेण पाल्यते पा ल्युट्) पु० नः शालिवाहन राजा. [પાલન કરવું.

कुमारपालन (कुमारस्य पालनं) क्ली० नं. કુમારનું

कुमारभृत्या (कुमारस्य भृत्या भरणं) स्त्री० त्या. सुवाणीपणुं. [राज, राजपुत्र.

कुमारयु (कुमारं कौमारं याति या कु) पु० युः युव-

कुमारललिता ( ) स्त्री० ता. सुकुमार चेष्टा, सात अक्षरना पादवाळो ते नामनो એક छंद. [हो. मेारपक्षी.

कुमारवाहिन् (कुमारं स्कंदं वहति वह् णिनि) पु०

कुमारसंभव (कुमारस्य स्कंदस्य संभवमनधिकृत्य कृतो ग्रंथः अण्) क्ली० त्व. महाકવિ કાલિદાસે રચેલું તે નામનું એક મહાકાવ્ય.

कुमारसू (कुमारं स्कंदं सूते सू क्विप्) स्त्री० सूः १ गंगानदी. २ पार्वती, हैमवती.

कुमारसू (कुमारं स्कंदं सूते सू क्विप्) पु० सूः १ अग्नि. २ चित्रानुं ઝાડ.

कुमारिका (कुमारी स्वार्थे संज्ञायां वा क) स्त्री० का. १ કુંવારીકન્યા. २ મોટી એલચીનો વેલો. ३ नवमल्लिका. ४ કુંવાર. [એક મીમાંસક.

कुमारिल ( ) पु० लः ते नामनो

कुमारी (कुमार ङीप्) स्त्री० री. १ નહિ પરણેલી કન્યા, કુંવારી કન્યા. २ બાર વર્ષની કન્યા. ३ पार्वती. ४ नवमल्लिका. ५ ते नामनी એક નદી. ६ वनस्पति भूतकुमारी. ७ જંબુદ્વીપનો તે નામનો એક भाग. ८ वांझणी काकडीनो वेलो. ९ काળી ચકલી. १० कांटाशेवंतीनुं ઝાડ. ११ वनस्पति अपराजिता. १२ अटभोगरी. १३ सीता. १४ मोटी એલચી.

कुमारीपुत्र (कुमार्याः पुत्रः) पु० त्रः. કન્યા કાલમાં પેદાથયેલ પુત્ર, કુંવારીનો દીકરો. कानीन.

कुमाल् (चुरा० उभ० सेट् कुमालयति-ते) कुमार् धातु જુઓ.

कुमालक (कुमाल् ण्वुल्) पु० कः. भालवदेशनो એક भाग, भालवदेशनो तालुको. सौवीरदेश.

कुमुद् (कौ मोदते मुद् क्विप्) क्ली० त्-द्. १ પોયણું. २ धोળું કમળ. ३ रातुं કમળ.

कुमुद् (कुत्सिता मुदस्य) त्रि० त्-द् १ निर्दय. २ अप्रीत. ३ કૃપણ.

कुमुद् (कुनीती मुद्) स्त्री० त्. બરાબર હર્ષ.

कुमुद (कौ मोदते मुद् क) क्ली० दं. १ પોયણું. २ रातु કમળ. ३ धोળुंકમળ. ४ કાળું કમળ. ५ રૂપું, રૌપ્ય. ६ ५મ.

'कुमुदवनमपश्रि श्रीमदंभोजखंडम्' माघः

कुमुद (कौ मोदते मुद् क) पु० दः. १ કપટ. २ ते नामनो એક नाद. ३ ते नामनो એક वानर. ४ नैर्ऋत्य दिशानो ते नामनो એક पालक. ५ ते नामनो એક दैत्य. ६ ते नामनो એક विष्णुनो पारिषद. ७ गुगળ. ८ એક दिग्गज.

कुमुद (कं मोदयति मुद् क) पु० दः. विष्णु.

कुमुदखंड (कुमुदानां समूहः खंडच्) क्ली० डं. પોયણાના પુષ્પનો સમૂહ.

कुमुदखंड (कुमुदस्य खंडं) क्ली० डं. પોયણાના પુલનો ભાગ, પોયણાના પુલનો કટકો.

कुमुदगंधा (कुमुदस्येव गंधमर्हति) स्त्री० ध्या. જે સ્ત્રીના શરીરમાંથી પોયણાના જેવી ગંધ આવેછે તે.

कुमुदनाथ (कुमुदस्य नाथः) पु० थः. १ चांद्रो, चंद्र. २ કપુર.

'ततः कुमुदनाथेन कामिनीगंडपांडुना'
रघुवंशम्.

कुमुदपति (कुमादानां पतिः) पु० तिः. १ चांद्रो, चद्र. २ કપુર. [જુઓ.

कुमुदबंधु (कुमुदानां बंधुः) पु० धुः कुमुदनाथ शब्द

कुमुदबांधव (कुमुदानां बांधवः) पु० वः कुमुदनाथ शब्द જુઓ.

कुमुदवती (कुमुदानि संत्यस्यां मतुप् ङीप्) स्त्री० ती. १ પોયણાની વેલ. २ જે જગાએ પુષ્કળ પોયણાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

थणां होय छे ते जगा. ३ पोयणानो समूह. कुमुदिनी, कुमुद्वती.

कुमुदा (कुत्सितं मोदते मुद् क टाप्) स्त्री० दा. १ वनस्पति शालपर्णी. २ वनस्पति कुंभिका. ३ वनस्पति क्षायरस.

कुमुदाकर (कुमुदानामाकरः) पु० रः जे स्थानके पुष्कळ पोयणां होय छे ते स्थानक.

' कुमुद्वतीनां कुमुदाकरैरिव ' माघः

कुमुदाक्ष (कुमुद अक्षी यच्) पु० क्षः नागविशेष; ते नामनो विष्णुनो એક पारिषद.

कुमुदाभिख्य (कुमुदस्येवाभिख्या शोभा यस्य श्वेतत्वात्) क्ली० ख्यं. રૂપું. रौप्य. रजत.

कुमुदावास (कुमुदानामावासः) पु० सः जे स्थाने पोयणां पुष्कळ होय छे ते स्थान, कुमुद्वत्प्रायदेश.

कुमुदिक (कुमुद ष्ठच्) त्रि० कः-का-कं. ज्यां पोयणां होय छे तेनी नज्जक.

कुमुदिका (कुमुदी कन् टाप्) स्त्री० का. वनस्पति क्षायरस.

कुमुदिनी (कुमुदानि संत्यस्मिन् देशे इनि ङीप्) स्त्री० नी. जे ठेकाणे पुष्कळ पोयणां होय छे ते ठेकाणुं.

कुमुदिनी (कुमुदानां लता इनि ङीप्) स्त्री० नी. पोयणानो वेलो. [समूह.

कुमुदिनो (कुमुदानां समूहः) स्त्री० नी. पोयणांनो

कुमुदिनीनायक (कुमुदिन्या नायकः) पु० कः १ चांदो, चंद्र. २ कपुर. [शब्द जुओ.

कुमुदिनीपति (कुमुदिन्याः पतिः) पु० तिः उपलो

कुमुदेश (कुमुदानामीशः) पु० शः कुमुदनाथ शब्द जुओ. कुमुदेश्वर.

कुमुद्वत् (कुमुद् मतुप्) त्रि० वान्-वती-वत्. १ पुष्कळ पोयणांवाळुं. २ पोयणांवाळुं. ३ कुमुदयुक्त.

कुमुद्वती (कुमुद् मतुप् ङीप्) स्त्री० ती. कुमुदवती शब्द जुओ., कुमुदनागनी भेन.

कुमुद्वतीश (कुमुद्वत्या ईशः) पु० शः कुमुदिनीनायक शब्द जुओ. कुमुद्वतीनाथ, कुमुद्वतीपति.

कुमुद्वयेरु ( ) पु० रुः पृथ्वीनो दक्षिण गोळार्ध. [विष्णु.

कुमोदक (कुं मोदयति मुद् णिच् ण्वुल्) पु० कः

कुंप् (कुपि अच् नुम्) त्रि० पः-पा-पं. वांको हाथवाळु.

कुंबा (कुंबि अ) स्त्री० बा. अपवित्र मनुष्य वगेरेनुं आववुं वगेरे બંધ કરવા માટે યજ્ઞના ફરતી કરેલી દૃઢ વાડ વગેરે.

कुंभ (कुं भूमिं कुत्सितं वा उंभति उंभ् अच्) पु० भः १ घडो, घट. २ मेष सुंधीनी બાર राशि पैकी अगीआरमी राशि. ३ हाथीना माथा उपरना मांसना બે पींड, गंडस्थल. वेश्यानो धणी, वेश्यापति. ५ कुंभकर्णनो ते नामनो એક पुत्र. ६ प्राणायामनुं अंग. ७ श्वासरोधक चेष्टानो એક भेद. ८ बीश द्रोणनुं એક माप. चउद शेर.

कुंभ (कुत्सितं उंभति उंभ् अच्) क्ली० भं. १ गुगुल. २ वनस्पति नसोतर.

कुंभक (कुंभ इव कायति कै क) पु० कः प्राणायामनुं अंग, श्वासरोधक चेष्टानो એક भेद.

कुंभकर्ण (कुंभ इव कर्णावस्य) पु० र्णः रावणनो ते नामनो भाई के जे विश्रवाथी केकसीना पेटे पेदा थयेल हतो. [એક रोग

कुंभकाला (कुंभाख्या कामला) स्त्री० ला. ते नामनो

कुंभकार (कुंभं करोति कृ अण्) पु० रः १ कुंभार. २ घडा બનાવનાર पुरुष. ३ रानी कुकडो.

कुंभकारक (कुंभं करोति कृ ण्वुल्) पु० कः १ कुंभार.

कुंभकारिका (कुंभकारी कन्) स्त्री० का. १ कुंभारण. २ भणसल. ३ रानी तुलसी. ४ એક જાતનुं नेत्रांजन. [जुओ.

कुंभकारी (कुंभकार ङीष्) स्त्री० री. उपलो शब्द

कुंभज (कुंभाज्जायते जन् ड) पु० जः १ अगस्त्य मुनि. २ द्रोणाचार्य. ३ वसीष्ठमुनि.

कुंभतुंबी (कुंभ इव तुंबी यस्य) स्त्री० बी. એક जातनी तुंबडीनो वेलो जेने घडा जेवडां तुंबडां थायछे. [स्त्री. दलाल स्त्री.

कुंभदासी (कुंभस्य वेश्यापतेर्दासी) स्त्री ०सी. कुटणी

कुंभनाभ (कुंभ इव नाभिरस्य अच्) पु० भः बलिदैत्यनो ते नामनो એક पुत्र.

कुंभपदी (कुंभ् पद् ङीष्) स्त्री० दी. जेनो એક पग मोटो थयो होयछे ते.

कुंभपाद (कुंभ इव स्फीतः पादोऽस्य) पु० दः जेनो એક पग मोटो थयो होयछे ते.

कुंभपुटा ( ) स्त्री० टा. वनस्पति धोळुं नसोतर. [कुंभज शब्द जुओ.

कुंभयोनि (कुंभः योनिरुत्पत्तिस्थानमस्य) पु० निः

' प्रससादोदयादंभः कुंभोयोनेर्महौजसः ' रघुवंशम्

कुंभरेतस् ( ) पु० ताः ते नामनो એક अग्नि. [गरत्यमुनि. वसिष्ठमुनि.

कुंभरेतस् (कुंभं स्थितं रेतो यस्य) पु० ताः १ अ.

कुंभला (कुंभं कुंभाकारं लाति ला क) स्त्री० ला. वनस्पति. मुंडिरी. मुंडितिका.

कुंभशाला (कुंभपाकार्थं शाला) स्त्री० ला. भाटीनां

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કુંભ વગેરે પકાવવાનું સ્થાનક, નીભાડો.

कुंभसंधि (कुंभयोःसंधि) पु० धिः હાથીના ગંડની સંધિ. [મુનિ. ૨ વસિષ્ઠમુનિ. ૩ દ્રોણાચાર્ય.

कुंभसंभव (कुंभः संभवो यस्य) पु० वः ૧ અગસ્ત્ય-

कुंभा (कुत्सितवृत्त्या उंभा यस्याः) स्त्री० भा. વેશ્યા.

कुंभाख्या (कुंभ इति आख्या यस्याः) स्त्री० ख्या. વનસ્પતિ રાતી પાડલ.

कुंभांड (कुंभ इवांडो यस्य) पु० डः બાણાસુરનો તે નામનો એક પ્રધાન.

कुंभांडक (कुंभांड स्वार्थक) क्ली० कं કોળું.

कुंभाधिक (कुंभस्य अधिपः) पु० कः शनिग्रह. कुंभाधीश. [૨ વનસ્પતિ કાયફલ.

कुंभिका (कुंभा स्वार्थे क इत्वं) स्त्री० का. ૧ વેશ્યા.

कुंभिका (कुंभस्तदाकारोऽस्त्यस्याः) ૧ જલ ઉપર થનારૂં એક જાતનું તૃણ. ૨ પાટલાવૃક્ષ. ૩ દ્રોણપુષ્પી. ૪ નેત્રરોગ.

कुंभिन् (कुंभोऽस्त्यस्य इनि) त्रि० भी-भिनी भि. કલસવાળું, જેની પાંસે ધડો હોય છે તે.

कुंभिन् (,,) पु० भी. હાથી, એક જાતનો ભ્રમર, જલજંતુની એક જાત.

कुंभिनी (कुंभिन् ङीप्) स्त्री० नी. ૧ પૃથ્વી. ૨ જયપાલનું ઝાડ. ૩ વનસ્પતિ ગુગલ.

कुंभिनीबीज (कुंभिन्या बीजं) क्ली० जं. જયપાલનું બીજ. [વનસ્પતિ કાયફલ.

कुंभिपाकी (कुंभिनो पाको यस्याः ङीष्) स्त्री० की.

कुंभिमद (कुंभिनः गजस्य मदुः) पु० दः ૧ હાથીનો મદ. ૨ એક જાતનું સુગંધિ દ્રવ્ય.

कुंभिक (कु उंभ् इकच्) पु० कः ૧ ચોર. ૨ કાવ્ય ચોર. ૩ સાળો, પોતાની પત્નીનો ભાઈ. ૪ અકાલિક ગર્ભપાત થાય છે તે. ૫ એક જાતનું માછલું.

कुंभी (कुंभ अल्पार्थे ङीप्) स्त्री० भी. ૧ નાનો ધડો, નાની ગાગર, નાનો કુંભ. ૨ જલોત્પન્ન એક જાતની વનસ્પતિ. ૩ કાયફલ. ૪ એક જાતના એરંડાનું ઝાડ. જેને જયપાલ વૃક્ષ કેહેછે. ૫ કુવેરનેત્ર શબ્દ જુઓ. ૬ વતસ્પતિ નસોતર. ૭ પીતપાપડાનું ઝાડ. ૮ વનસ્પતિ પાટલા.

कुंभीधान्य (कुंभमीतं धान्यमस्य) पु० न्यः એક વર્ષસુધી ઉપયોગમાં આવે તેટલું ધાન્ય સંગ્રહ કરનાર ગૃહસ્થ. [ઉપલો શબ્દ જુઓ.

कुंभीधान्यक (कुंभमीतं धान्यमस्य कप्) पु० कः

कुंभीनस (कुंभाव नसा नासा यस्य) पु० सः એક જાતનો વિષવાળો મોટો ક્રૂર સર્પ.

कुंभीनसी (कुंभाव नसा नासा यस्य ङीष्) स्त्री० सी. લવણાસુરની મા. [એક નરક.

कुंभीपाक (कुंभी पच् घञ्) पु० कः તે નામનું

कुंभीबीज (कुंभ्या बीजं) क्ली० जं. એક જાતના એરંડાનું બી, જયપાલ વૃક્ષનું બી.

कुंभीर (कुंभिनं हस्तिनमपीरयति ईर् अण्) पु० रः ૧ એક જાતનો મ્હર. ૨ કાયફલનું ઝાડ.

कुंभीरमक्षिका (कुंभीरोपपदा माक्षिका) स्त्री० का. પાણી ઉપર બેસનારી એક જાતની માખી.

कुंभील (कुंभिर रस्यलः) पु० लः कुंभीर. શબ્દ જુઓ. [જુઓ.

कुंभीलक (कुंभील क) पु० कः कुंभील. શબ્દ

कुंभोदर (कुंभतुल्यमुदरं यस्य) त्रि० रः-रा-रं. કુંભ જેવું જેનું પેટ હોય છે તે.

कुभोदरं (,,) पु० रः शिवनो એક પારિપદ.

' कुंभोदरं नाम निकुंभतुल्यम्. ' रघुवंशम्.

कुर् (तुदा० पर० सेट् कुरति) ૧ વાદ કરવો, અવાજ કરવો. ૨ કુરકુર કરવું.

कुरका (कुरकुर इव कायति कै क) स्त्री० का. એક જાતનું વૃક્ષ. સલ્લકીવૃક્ષ. [પક્ષી.

कुरंकर (कुरं करोति कृ खच् मुम्) पु० रः સારસ-

कुरंकुर (कुरमित्यव्यक्तं शब्दं कुरति कुर् क) पु० कः ઉપલો શબ્દ જુઓ.

कुरंग (कौ रंगति रंग् अच्) पु० गः ૧ હરણ. ૨ તારલોહ. ૩ એક જાતનો મૃગ.

' कुरंगमातंगपतंगभृंगः ' श्रीधरः

कुरंगक (कुरंग स्वार्थे क) पु० कः હરણ.

कुरंगक (कुरंग इव कायति कै क) पु० कः વનસ્પતિ અકલકરો.

कुरंगनयना (कुरंगस्येव नयनमस्याः) स्त्री० ना. હરણજેવી ચપલ આંખવાળી. हरिणाक्षी, मृगनयना. [मृगमद.

कुरंगनाभि (कुरंगस्य नाभिः) पु० भिः કસ્તુરી.

कुरंगम (कौ रंगं मिमीते मा ड) पु० मः હરણ. મૃગ.

कुरंगेका (कौ रंगोऽस्त्यस्य कन्) स्त्री० का. રાની મગનું ઝાડ.

कुरंगी (कुरंग ङीप्) स्त्री० गी. હરણી મૃગી.

कुराचिल्ल (कुरे शब्दे चिल्लति चिल् अच्) पु० ल्लः કરચલો.

कुरट (कुर् अटन् कित्) पु० टः. ચમાર, ચર્મકાર.

कुरटी (कुरट ङीप्) स्त्री० टी. ચમારણ, ચર્મકારી.

कुरंट (कुर अंटक्) पु० टः એક જાતનું ઝાડ.

कुरंटक (कुरंट स्वार्थे क) पु० कः એક જાતનું ઝાડ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

पीतझींटी.

कुरंड (कुर् अंडक्) पु० ड: १ अंधोटनुं आड. २ अंडवृद्धिनो रोग. ३ आंतरआलनो रोग.

कुरर (कुर् कुरन्) पु० र: એક જાતનું પક્ષી, टीटोडी. [જાતિ. २ मेंढी, घेटी.

कुररी (कुरर ङीप्) स्त्री० री. १ कुररपक्षीनी स्त्री

कुरल (कुरर रस्य ल:) पु० ल: १ केशनी लट. २ कुररपक्षी.

कुरव (कुत्सितो रवो यस्य) त्रि० व:-वा-वं. જેનો અવાજ ખરાબ છે તે, જેનો શબ્દ ખરાબ છે તે, ખરાબ નાદવાળું. [કર્કશ નાદ.

कुरव (कुत्सिता रव:) पु० व: ખરાબ અવાજ,

कुरव (कुत्सितो रवो यस्य) पु० व: કબુતર, પારેવું.

कुरव (ईषद्रवो यत्र) पु० व: એક જાતનું આડ, सितभंदिर. [જુઓ.

कुरवक (कुरव स्वार्थे क) पु० क: ઉપલો શબ્દ

कुरस (कुत्सितो रस:) पु० स: ખરાબ રસ.

कुरस (कुत्सितो रसो यस्य) त्रि० स:-सा-सं. ખરાબ રસવાળું. [મદ્ય.

कुरस (कुत्सितो रसो यत्र) पु० स: એક જાતનો

कुरसा (कुरस टाप्) स्त्री० सा. गोळीहालो वेलो. गोजिह्वालता. [કાળા પગવાળો ઘોડો.

कुराल ( ) पु० ल: ધોળા ધોળા રંગનો

कुराह (कुलाह) पु० ह: ઉપલો શબ્દ જુઓ.

कुरी (कु रा क ङीप्) स्त्री० री. એક જાતનું ખડ धान्य. [रत, ग्राम्यधर्म.

कुरीर (कृञ् ईरन् उकारादेश) क्ली० रं. मैथुन, सु-

कुरु (कृ उच्) पु० रु: १ चंद्रवंशमां पेदा थयेल अजमीढ राजनो प्रपौत्र ते नामनो એક राजा. २ पृथ्वीना चार महाद्वीप पैकी ते नामनो એક. ३ पृथ्वीना नव वर्ष मांहेलो ते नामनो એક, જેને उत्तरकुरु कुरुवर्ष वगेरे कहेछे. ४ कुरुक्षेत्र. ५ उकाळेला चोखा, भात. ६ वनस्पति भोरींगणी. ७ प्रियव्रत राजनो पौत्र, आग्निध्र राजनो पुत्र.

कुरु (,,) पु० ब० व: કુરુ દેશમાં રહેનાર લોક.

'विजित्य य: प्राज्यमगच्छदुत्तरान् कुरूनकुप्यं वसुवास-वोपम:' किरातार्जुनीयम्.

कुरुकंदक (कुरव इव विस्तीर्ण: कंदोऽस्य) पु० क्ली० क:-कं. એક જાતનો મૂળો. મૂલક. [એક ભેદ.

कुरुकुल्ला (,,) स्त्री० ल्ला. स्यामाशक्तिनो

कुरुक्षेत्र (कुरूणामंतर्गतं क्षेत्रं) क्ली० त्रं. કુરુસ્થળ, જ્યાં કૌરવ પાંડવનું યુદ્ધ થયેલું હતું.

कुरुक्षेत्रीयोग ( ) पु० ग:. मृत्युसूचक ग्रहनो એક જાતનો યોગ.

'पंचग्रहयुते मृत्यौ लग्नसंस्थे बृहस्पतौ।
सौम्यक्षेत्रगते लग्ने कुरुक्षेत्रे मृतिर्भवेत्॥

कुरुजांगल (कुरुषु जांगलं) क्ली० लं. કુરુક્ષેત્ર.

कुरुंट (कुत्सितं रुंटति रुटि अच्) पु० ट: कुरंट शब्द જુઓ. [જુઓ.

कुरुंटक (कुरंट एव स्वार्थे क) पु० क: करंट शब्द

कुरुंटी (कु रुटि अच् ङीष्) स्त्री० टी. १ लाकडानी पुतळी. २ ब्राह्मणी. ३ अध्यापकनी स्त्री.

कुरुतीर्थ ( ) क्ली० र्थं. भारतप्रसिद्ध ते नामनुं એક तीर्थ.

कुरुनदिका (अल्पिका नदिका) स्त्री० का. नानी नदी.

कुरुंब (कुरु उंबच्) क्ली० बं. १ બીજોરાની એક જાત. २ नारंगीनी એક જાત.

कुरुराज (कुरूणां राट्) पु० ट्-ड्. १ दुर्योधन. २ कुरुनो राजा. [જુઓ.

कुरुराज (कुरूणां राजा टच्) पु० ज: ઉપલો શબ્દ

'स्वस्थाः भवंतु कुरुराजसुताः सभृत्याः'
वेणीसंहार:

कुरुरी (कुरर ङीप्) स्त्री० री. એક જાતનું પક્ષી.

कुरुल (कुर उलक्) पु० ल: केशनी लट.

कुरुवक (कुरुव कप्) पु० क: कुरवक शब्द જુઓ. चूर्णकुंतल.

कुरुवर्ष (कुरुसंज्ञिकं वर्षं) क्ली० र्षं. જંબુ દ્વીપમાંहेलो उत्तर कुरु नामनो वर्ष देश.

कुरुविंद (कुरून् विंदति विद् श) पु० द: १ वनस्पति नागरमोथ. २ काचलवण. ३ माणेक, એક જાતનું रत्न. ४ अडद. ५ फूल. ६ पाषाण. ७ अरण्य. [लोक. २ काच, दर्पण, आभलुं.

कुरुविंद (कुरून् विंदति विद् श) क्ली० दं. १ हींग-

कुरुविंदक (कुरु विंद स्वार्थे क) पु० क: वनस्पति नागरमोथ. माणेक, એક જાતનું रत्न, काचलवण, अडद, फूल, पाषाण, अरण्य. [पद्मरागमणि.

कुरुविल्ल ( ) पु० ल्ल:. माणिक्य रत्न.

कुरुविल्व (कुरुषु विल्व इव) पु० ल्व:. ઉપલો શબ્દ જુઓ.

कुरुविस्त (कुरुषु प्रख्यात: विस्त:) पु० स्त:. सुवर्ण पल, ३२० चणोठीनुं सोनुं वगेरे तोळवानुं माप.

कुरुवृद्ध (कुरुराजस् वृद्ध:) पु० द्ध:.भीष्मपीतामह.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

कुरूप (कुत्सितं रूपं) क्ली० पं. ખરાબરૂપ, કદરૂપ.
कुरूप (कुत्सितं रूपमस्य) त्रि० पः-पा-पं. ખરાબ રૂપવાળું. કદરૂપ. [કુરૂપપણું કુરૂપતા.
कुरूपत्व (कुरूपस्य स्वभावः) क्ली० त्वं. કુરૂપપણું.
कुरूपिन् (कुरूप इनि) त्रि० पी-पिनी-पि. રૂપહીન, કદરૂપ.
कुरूप्य (कुत्सितं रूप्यं) क्ली० प्यं. કથીર.
कुर्कट (कुर् इत्युक्तं शब्दं कुरुते) पु०टः. કુકડો.
कुर्कुर (कुर् इत्युक्तं शब्दं करोति) पु० रः. કુતરો.
कुर्कुर (कुर् कुर् कः) पु० रः કુતરો.
कुर्कुरी (,, ङीप्) स्त्री० री. કુતરી.
कुर्चिका ( ) स्त्री० का. કૂર્ચિકા શબ્દ જુઓ. [કુલંજનવૃક્ષ, ગંધમૂલ
कुर्णज ( ) पु० जः એક જાતનું ઝાડ.
कुर्द् (भ्वा० आत्म० सेट् कूर्दते) ખેલવું, રમવું, ક્રીડવું, કૂદવું.
कुर्दन (कुर्द् ल्युट्) क्ली० नं. ખેલવું, રમવું, ક્રીડા.
कुर्पर (कृ क्विप् पृ अच्) पु० रः ૧ કોણી. ૨ ઢીંચણ, ઘુંટણ.
कुर्पास (कुर्परे आसते घञ्) पु० सः કોણીસુધી આચ્છાદન કરનારૂં સ્ત્રીનું વસ્ત્ર ચોળી કાંચળી વગેરે. [જુઓ. कूर्पास. कूर्पासिक.
कुर्पासक (कुर्पास स्वार्थे क) पु० कः ઉપલો શબ્દ
कुर्वत् (कृ शतृ) त्रि० न्-ती-त्. કરતું, કામ કરતું.
कुर्वत् (कृ शतृ) पु० न्. ૧ ચાકર, સેવક. ૨ કર્મકાર,
कुर्वद्रूप (कुर्वत्फलोन्मुखं रूपं यस्य) पु० पः ચાર્વાકમત અને બૌદ્ધમત પ્રસિદ્ધ કારણ, હેતુ.
कुर्वाण (कृ शानच्) त्रि० णः-णा-णं. કરતું, કામ કરતું. કારક.
कुर्वाण (,,) पु० णः ચાકર, નોકર.
कुल् (भ्वा० पर० सेट् कोलति) ૧ જમાડવું, જમાવવું. ૨ બાંધવું.
कुल (कुल् क) क्ली० लं. ૧ સજ્જનીય વર્ગનો સમૂહ. ૨ જનપદદેશ. ૩ એ મધ્યમ હલથી ખેડાય તેવી જમીન. ૪ ગોત્ર. ૫ વંશ. ૬ ઘર. ૭ દેહ, શરીર. ૮ ઉત્તમ કુલ.
कुल (,,) पु० लः શ્રેષ્ઠ શિલ્પવેત્તાના કુલમાં પેદા થયેલ, શિલ્પવિદ્યાકુશલ પુરૂષ.
कुलक (कुल् क कन् वा) पु० कः ૧ વનસ્પતિ પટોલ, શિલ્પકુલમાં પ્રધાનપુરૂષ. ૨ લીલો સર્પ.
कुलक (,,) क्ली० कं. ૧ એકજ વિષયનું નિર્ણય કરનાર અને એકાન્વયી પાંચ શ્લોક. ૨ જમાવ, જમાવટ.
कुलक (कुल कन्) त्रि० कः-का-कं. ૧ કુલીન. ૨ કુલપ્રધાન. ૩ શિલ્પકુલમાં શ્રેષ્ઠ.
कुलक (कुल कै क) पु० कः ૧ એક જાતનું ઝાડ. ૨ રાફડો. ૩ કુપીલુ. [કરી.
कुलकन्या (कुलस्य कन्या) स्त्री० न्या. કુલીન છોકરી.
कुलकर्कटी (कुला कर्कटी नित्यकर्मधारयः) स्त्री० टी. એક જાતની કાકડીનો વેલો.
कुलकर्मन् (कुलस्य कर्म) क्ली० र्म. કુલનું કામ, કુલાચરણ.
कुलक्क (कु लक्का घञ्) पुः क्कः કરતાલ.
कुलक्षय (कुलस्य क्षयः) पु० यः કુલનો નાશ.
' कुलक्षयकृतं दोषं मित्रद्रोहे च पातकम् '
श्रीभगवद्गीता.
कुलगिरि ( ) पु० रिः કુલાચલ નામનો પર્વત. [ઘાત કરનાર, કુલનાશક.
कुलघ्न (कुलं हंति हन् टक्) त्रि० घ्नः-घ्ना-घ्नं. કુલ-
कुलंगी ( ) स्त्री० गी. વનસ્પતિ મેઢાશિંગી, વનસ્પતિ કાકડાશીંગી.
कुलज (कुले सत्कुले जायते जन् ड) त्रि० जः-जा-जं. સારા કુલમાં પેદા થનાર, ઉત્તમ કુલમાં ઉત્પન્ન થનાર.
कुलजा (,, टाप्) स्त्री० जा. સારા કુલમાં પેદા થયેલ કન્યા સ્ત્રી વગેરે, [સ્ત્રી.
कुलजाया (कुलस्य जाया) स्त्री० या. ઉત્તમકુલની
कुलजाया सा जाया केवलजाया तु केवलं माया '
उद्भटः
कुलंज (कुं पृथ्वीं रंजयति रज् णिच् अण्) पु० जः. એકજાતની વનસ્પતિ. [જુઓ.
कुलंजन ( ) पु० नः ઉપલો શબ્દ
कुलट ( ) पु० टः. ઔરસપુત્રવિનાનો હરકોઇ પુત્ર. [રિણી સ્ત્રી, છીનાલ ઓરત.
कुलटा (कुलात् कुलांतरमटति) स्त्री० टा. વ્યભિચા-
' यथेष्टं चेष्टते स्फुटकुचतटाः पश्य कुलटाः '
उद्भटः
कुलटी (कुत्सितं रटयते रट् क ङीष्) स्त्री० टी. મનઃશલ. મનઃશિલા.
कुलतंतु (कुलस्य तंतुरिव) पु० तुः. કુલના અવલંબનરૂપ, કુલના આધારરૂપ. [કુલથી.
कुलतस् (कुल् तसिल्) अव्य० तः. કુલપ્રમાણે,
कुलतिथि ( ) पु० स्त्री० थिः-थिः. ચોથ, આઠમ, બારસ અને ચૌદશ એ તિથિમાંની પ્રત્યેક.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

कुलतिलक (कुलेषु तिलकः) पु० कः. કુલનો ઉદય કરનાર પુરૂષ, કુલની આબાદી કરનાર પુરૂષ.

कुलत्थ (कुलं भूलग्नं सत्तिष्ठति स्था क) पु० त्थः. એકજાતનું ધાન્ય, કળથી. [२ रानी કળથી.

कुलत्था („ टाप्) स्त्री० त्था. १ કાળોસુરમો.

कुलत्थिका (कुलत्था कन् इत्वम्) स्त्री० का. १ ઉપલો શબ્દ જુઓ. २ એક જાતનો રોગ.

कुलधर्म (कुलस्य धर्मः) पु० र्मः. કુલનો ધર્મ. કુલકર્મ શબ્દ જુઓ.

'उत्सन्नकुलधर्माणां मनुष्याणां जनार्दन ।
नियतं नरके वासो भवतीत्यनुशुश्रुम ' ॥
भगवद्गीता.

कुलधुर्य (कुलेषु धुर्यः) त्रि० र्यः-र्या-र्यं. કુલમાં શ્રેષ્ઠ, કુલમાં પ્રધાન. [शुभनक्षत्र.

कुलनक्षत्र (कुलं श्रेष्ठं नक्षत्रं) क्ली. त्रं. સારૂંનક્ષત્ર,

कुलनायिका („) स्त्री० का. કૌલિકમતમાં દેવીને મદ્યનું સમર્પણ કર્યા અગાઉ વામપથી જે યોગિનીની વિધિપૂર્વક પૂજા કરેછે તે યોગિની. [स्त्री, સારા કુલની સ્ત્રી. कुलवधू.

कुलनारी (कुलस्य सत्कुलस्य नारी) स्त्री० री. કુલીન

कुलनाश (कुलं मूलग्नं नाश्नाति न अश् अच्) पु० शः. ઉંટ. [જુઓ.

कुलनाश (कुलस्य नाशः) पु० शः. कुलक्षय શબ્દ

कुलनाशक (कुलं नाशयति नश् णिच् ण्वुल्) त्रि० कः-का-कं. કુલનો નાશ કરનાર.

कुलनाशन (कुलं नाशयत्यनेन णिच् ल्युट्) क्ली० नं. કુલનો નાશ કરવાનું સાધન.

'मुसलं कुलनाशनं' भारतम्.

कुलनाशी (कुलनाश ङीष्) स्त्री० शी. ઉંટણી, ઉંટડી.

कुलंधर (कुलं वंशं धारयति धृ अच् मुम्) त्रि० रः-रा-रं. કુલનું રક્ષણ કરનાર, કુલરક્ષક, વંશધારક.

कुलपति (कुलस्य कुले वा पतिः) पु० तिः १ કુલનો ધણિ, કુલમાં શ્રેષ્ઠ. २ મુનિભેદ.

कुलपर्वत ( ) पु० तः कुलगिरि શબ્દ જુઓ.

कुलपालक (कुलं पालयति पा ण्वुल्) पु० कः १ ખીજોરાની એક જાત. २ નારંગીની એક જાત.

कुलपालक („) त्रि० कः-का-कं. કુલને પાલન કરનાર અને વંશનું રક્ષણ કરનાર.

कुलपालि (कुलं पालयति पाल् इञ्) स्त्री० लिः કુલવતી સ્ત્રી, સારા કુલની ઓરત. [જુઓ.

कुलपालिका (कुलपालि क) स्त्री० का. ઉપલો શબ્દ

कुलपुत्र (कुलस्य पुत्रः) पु० त्रः વંશરક્ષક પુત્ર, સારા કુલનો પુત્ર.

कुलप्रसूत (कुले सत्कुले प्रसूतः) त्रि० तः-ता-तं. સારા કુલમાં પેદા થયેલ, ઉત્તમ કુલમાં ઉત્પન્ન થયેલ.

कुलवधू (कुले गेहे एव स्थिता वधूः) स्त्री० धूः કેવળ ઘરમાં બેસી રહેનારી ઉત્તમ કુલની સ્ત્રી, કુલનારી શબ્દ જુઓ.

'ब्रूते ब्रूते व्रजकुलवधूः कापि साध्वी ममाग्रे ' उद्भटः

कुलभृत्या (कुलैः वंशभवैः भृत्या भरणं) स्त्री० त्या. ગર્ભપ્રસવ થયા પછી અથવા તેની અગાઉ જણુવાવાળી ગર્ભિણી સ્ત્રીની સેવા ચાકરી કરવી તે.

कुलभृत्या (कुलस्य भृत्या) स्त्री० त्या. કુલનું ભરણ કરેલું તે. [प्रसिद्ध ते नामनुं એક તીર્થ.

कुलंपुन (कुलं पुनोति पु खश् मुम्) क्ली० नं. भारत-

कुलंभर (कुलं बिभर्ति) त्रि० रः-रा-रं. કુલનું પોષણ કરનાર, કુલનું ભરણ કરનાર.

कुलंभर (कौ भूमौ रंभे लीयते) पु० रः ચોર.

कुलंभल ( ) पु० लः ઉપલો શબ્દ જુઓ. [શબ્દ જુઓ.

कुलयोषित् ( ) स्त्री० त्. कुलवधू

कुलवत् (कुल् मतुप्) त्रि० वान्-वती-वत्. ઉંચા કુળવાળું, ઉત્તમ વંશમાં પેદા થયેલ. कुलिन्, कुलीन.

कुलवर्णा (कुलैर्वैद्यकुलैर्वर्णा गुणकीर्तनं यस्याः) स्त्री० र्णा. વનસ્પતિ, રાતુ નસોતર.

कुलवार ( ) पु० रः ભોમવાર, શુક્રવાર.

कुलविद्या (कुलक्रमादागता विद्या) स्त्री० द्या. આન्विक्षिकी વગેરે વિદ્યા. २ કુલક્રમે આવેલી વિદ્યા.

कुलविप्र (कुलक्रमागतो विप्रः) पु० प्रः. ગોર, કુલગોર, પુરોહિત. कुलगुरु.

कुलव्रत (कुले चर्य्यं व्रतं) क्ली० तं. કુલક્રમવડે પાળવા યોગ્ય વ્રત.

'गमितवयसामिक्ष्वाकूणामिदं कुलव्रतम्' रघुवंशम्.

कुलश्रेष्ठिन् (कुलेषु श्रेष्ठी) त्रि० ष्ठी-ष्ठिनी-ष्ठि. १ કુલપરંપરા જે શેઠ હોયછેતે. २ કુલમાં જે પ્રધાન હોયછેતે. ३ કુલીન. ४ ઉત્તમ શિલ્પવેત્તાના કુલમાં પેદા થયેલ.

कुलसंख्या (कुलेषु संख्या कीर्तिः) स्त्री० ख्या. સારા કુલમાં ગણુતરી, વંશની શ્રેષ્ઠતા.

'कुलसंख्यां च गच्छन्ति कर्षन्ति च महायशः'
मनुः

कुलसत्र (कुलजैरनुष्ठीयते सत्रं) क्ली० त्रं. કુલીન માણસથી થતો યજ્ઞ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

कुलसंतति (कुलस्य संततिः) स्त्री० तिः वंश, પેઢી.
कुलसन्निधि (कुलस्य सन्निधिः) स्त्री० धिः. સગું, વહાલું, સંબંધી, સાક્ષીઓનું હાજરપણું.
कुलसंभव (कुले सत्कुले संभवः) पु० वः. સારા કુલમાં પેદાથવું, સારાકુલમાં ઉત્પન્ન થવું.
कुलसौरभ (कुलं श्रेष्ठं सौरभमस्य) पु० भः. એક જાતની સુગંધી ઔાષધિ. [જુઓ.
कुलस्त्री (कुले स्थिता स्त्री) स्त्री० स्त्री. કુલવધૂ શબ્દ
कुलहुंडक (कुलाय संघाय हुंडते हुंड् ण्वुल्) पु० कः. જલનું ચક્રાકાર ફરવું. આવર્ત.
कुलहला ( ) स्त्री० ला. વનસ્પતિ ગોરખમુંડી.
कुलाकुल (कुलं च अकुलं च) त्रि० लः-ला-लं. ઉંચા અથવા નીચા કુલમાં જેનું મિશ્રણ થયેલું હોયછે તે.
कुलाकुलतिथि (कुलाकुलातिथिः) पु० स्त्री० थिः-थिः.બીજ, છઠ, અને દશમની તિથિમાહેલી પ્રત્યેક.
कुलाकुलनक्षत्र (कुलाकुलं नक्षत्रं) क्ली० त्रं. આર્દ્રા, મૂલ, અભિજીત્, અને શતતારકા.
कुलाकुलवार (कुलाकुलो वारः) पु० रः. બુધવાર.
कुलांगार (कुलस्यांगारमिव) क्ली० रं. કુલમાં અધમપુરૂષ, વંશને દોષ આપનાર, વંશમાં અંગારાજેવો.
कुलाचल (कुले अचलः) पु० लः. હિંદુસ્તાનમાં માહેંદ્રાદિજે સાત પર્વતછે તેમાંથી પ્રત્યેક.
कुलाचार (कुलस्योचित आचारः) पु० रः. કુલધર્મ. કુલનો ઉચિત આચાર. કુલને શોભે તેવું આચરણ.
कुलाचार्य (कुलस्याचार्यः) पु० र्यः. કુલગુરૂ, કુલપરંપરાનો ગોર, પુરોહિત.
कुलाट (कुलेन संघेनाटति अट् अच्) पु० टः. કાદવમાં રહેનારૂં એક જાતનું માછલું.
कुलाधारक (कुलं आ धृ ण्वुल्) पु० कः. પુત્ર.
कुलाभि ( ) पु० भिः. ખજાનો, દ્રવ્યનો સંગ્રહ.
कुलाय (कुलं पक्षसंघातोऽयतेऽत्र अय् घञ्) पु० यः. ૧ પક્ષીનો માળો. ૨ સ્થાન.
कुलाय (कौ लायो गतिरस्य) क्ली० यं. દેહ, શરીર.
कुलायनिलाय ( ) पु० यः. માળામાં બેસવું, માળામાં બચ્યાંનું સેવવું.
कुलायनिलायिन् ( ) त्रि० यी-यिनी-यि. ઈંડાને સેવતું.

'खगकुलाय कुलायनिलायिनाम्' माघः

कुलायनिलायिता (कुलायनिलायिनो भावः) स्त्री० ता. ઈંડાને સેવનારપણું, ઈંડાને સેવનારની હાલત.
कुलायस्थ (कुलाये तिष्ठति स्था क) पु० स्थः પંખી, પંખેરૂં, પક્ષી.
कुलायिका (कुलायः पक्षिवासस्थानं विद्यतेऽस्यां इन्) स्त्री० का. પક્ષિશાલા, ચીડીઆખાનું.
कुलाल (कुलं कालन्) पु० लः ૧ કુંભાર. ૨ જંગલી કુકડો.

'मालाकारात् कर्मकार्यां कुंभकारो व्यजायत'
परासरसंहिता.

कुलालंविन् ( ) त्रि० वी-विनी-वि. ૧ કુલનો આધારભૂત, વંશનું ગુજરાન ચલાવનાર.

'वरमेकः कुलालंबी यत्र विश्रूयते पिता' हितोपदेशः

कुलालिका (कुलालि स्वार्थे क) स्त्री० का. ૧ કુંભારણ. ૨ રાની કળથી. ૩ કાળો સુરમો. ૪ સૌવીરાંજન. [જુઓ.
कुलाली (कुलाल ङीप्) स्त्री० ली. ઉપલો શબ્દ
कुलाह (कुल् आ हन् ड) पु० हः. ધોડા પીળારંગનો કાળા ઢીચણવાળો ધોડો. [कुकलास.
कुलाहक (कुलाह संज्ञायां कन्) पु० कः કાંકીડો.
कुलाहल (कुलमाहलति हल् अच्) पु० लः એક જાતનું નાનું ઝાડ. [વર ચકલો.
कुलि (कुल् इन् कित्) पु० लिः હાથ, હસ્ત, જના-
कुलि (,,) स्त्री० लिः વનસ્પતિ ભોરીંગણી. कंटकारि, कंटकारिका, बृहती, कुली.
कुलिक (कुलमधीनत्वेन प्राशस्त्येनवाऽस्त्यस्य ठन्) त्रि० कः-का-कं. ૧ વંશમાં જે શ્રેષ્ઠ હોય છે તે. ૨ શિલ્પવેત્તાના કુલમાં પ્રધાન પુરૂષ વગેરે,
कुलिक (,,) पु० कः અષ્ટ મહાનાગમાંહેલો તે નામનો એક. ૨ દિવસનો ત્યાગ કરવા યોગ્ય એક ભાગ. ૩ દુષ્ટ મુહૂર્તનો એક ભેદ.
कुलिकवेला (कुलिका वेला) स्त्री० ला. શુભકાર્ય કરવાના દિનની અશુભ વેળા.
कुलिंग (कौ पृथव्यां लिंगति लिंग् अच्) पु० गः ૧ ચકલોપક્ષી. ૨ કાકાકૌવા નામનું પક્ષી.
कुलिंग (कुत्सितं लिंगं) क्ली० गं. ખરાબ લિંગ, ખરાબ જાતિ.
कुलिंगक (कुलिंग क) पु० कः ચકલો પક્ષી.
कुलिंगी (कुलिंग ङीप्) स्त्री० गी. વનસ્પતિ કાકડાશૃંગી.
कुलिज (कुलौ हस्ते जायते जन् ड) त्रि० जः-जा-जं. હાથ ઉપર પેદાથનાર નખ વગેરે.
कुलिन् (कुल् इनि) त्रि० ली-लिनी-लि. ઉત્તમ કુલવાળું, શ્રેષ્ઠવંશનું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

कुलिन् (,,) पु० ली. पर्वत, पहाड.
कुलिंद ( ) पु० व० दाः ते नामनो એક દેશ.
कुलिंद ( ) पु० दः કુલિંદ દેશનો રાજા.
कुलिर (कुल् इरन् कित्) पु० रः १ કરચલો. २ મેષ વગેરે બારરાશિમાં ચતુર્થરાશિ.
कुलिश (कुलिश् क) पु० क्ली० शः-शं. १ ઇંદ્રનું વજ્ર. २ એક જાતનું માછલું. ३ એક જાતનું રત્ન. ४ કુહાડો, પરશુ.
' अवेदनाङ्गं कुलिशक्षतानाम् ' कुमारसंभवम्.
कुलिशद्रुम (कुलिश इव द्रुमः) पु० मः थोरनुं ઝાડ.
कुलिशधर (कुलिशं धरति धृ अच्) पु० रः ઇંદ્ર, દેવરાજ. [लो शब्द જુઓ.
कुलिशपाणि (कुलिशः पाणावस्य) पु० णिः उप-
कुलिशभृत् (कुलिशं बिभर्ति भृ क्विप्) पु० त्-द्. कुलिशधर शब्द જુઓ.
कुलिशांकुशा ( ) स्त्री० शा. બૌદ્ધ લોકોની દેવીનો એક ભેદ.
कुलिशासन (कुलिशमिव दृढमासनं यस्य) पु० नः બૌદ્ધમતપ્રવર્તક શાક્યમુનિ.
कुली (कुल् ङीष्) स्त्री० ली. १ વનસ્પતિ ભોરીંગણી. २ મોટી સાળી., પાટલાસાસુ.
कुलीक (कुल् ईकन् कित्) पु० कः પક્ષી, પંખી, પંખેરૂ.
कुलीन (कुले जातः ख) त्रि० नः-ना-नं. ઉત્તમ કુલમાં પેદા થનાર, સત્કુલમાં ઉત્પન્ન થનાર.
कुलीन (कुले सत्कुले जातः ख) पु० नः १ ઉત્તમ જાતિનો ઘોડો. २ કૌલિક ધર્મને માનનાર ઉપાસક.
कुलीन (कौलीनं) त्रि० नः-ना-नं. પૃથ્વીને લાગેલું, પૃથ્વીને સંયુક્ત થયેલું. ભૂલગ્ન.
कुलीनक (कुलीन संज्ञायां क) पु० कः રાનીભૃગ.
कुलीनता (कुलीनस्य भावः) स्त्री० ता. કુલીનપણું.
कुलीनत्व (,,) क्ली० त्वं. ઉપલો શબ્દ જુઓ. [પાણી, જલ.
कुलीनस (कुलीनं भूलग्नं स्यति सो क) क्ली० सं.
कुलीर (कुल् ईरन् कित्) पु० क्ली० रः-रं. कुलिर શબ્દ જુઓ.
कुलीरशृंगी (कुलीरः कुलीरावयवमिव शृंगमस्याः ङीष्) स्त्री० गी. વનસ્પતિ કાકડાશૃંગી. कर्कटशृंगी, कुलीरविषाणिका. [જુઓ.
कुलीरा ( ) स्त्री० रा. ઉપલો શબ્દ
कुलीराद् (कुलीरमत्ति अद् क्विप्) पु० त्-द्. કરચલાનું ખાનાર.
कुलीश (कुलीश पृषो०) पु० क्ली० शः-शं. कुलिश શબ્દ જુઓ.
कुलुक (कुल् उलच् कित्) क्ली० कं. જીભ્હામલ., ઉલ, જીભ ઉપરનો મેલ. [લકાગિન.
कुलुकगुंजा (कौ लुका गुप्ता गुंजेव) स्त्री० जा. उ-
कुलूत ( ) पु० व. ताः તે નામનો એક દેશ. [२ વંશપતિ.
कुलेश्वर (कुलस्येश्वरः) पु० रः १ મહાદેવ, શિવ.
कुलोत्कट (कुलेन उत्कटः) पु० टः ઉત્તમ જાતિનો ઘોડો. [કુલનું, શ્રેષ્ઠવંશનું.
कुलोत्कट (,,) त्रि० टः-टा-टं. ઉત્તમ
कुलोद्वह (कुलमुद्वहति वह् अच्) पु० हः કુલેશ્વર શબ્દ જુઓ. [નામનો એક રોગ.
कुल्फ (कुल् फक् अस्य उच्च) पु० क्ली० फः-फं. તે
कुल्मल् (कुष् क्मलन्) क्ली० लं. પાપ, પાતક.
कुल्माष (कोलति कुल् क्विप् कुल्माषोऽस्मिन्) पु० क्ली० षः-षं. કાંજી, રાબ.
कुल्माष (,,) क्ली० षं. અર્ધપાકેલું યવધાન્ય. २ મોટા અડદ. ३ એક જાતનું ધાન્ય. ४ કળથી. ५ નિંદેલા અડદ. ६ તે નામનો એક રોગ.
कुल्माष (कोलति कुल् क्विप् कुल्माषोऽस्मिन्) पु० षः સૂર્યનો તે નામનો એક પારિપાર્શ્વિક. २ ચોખા મગ વગેરેની મિશ્રિત ખીચડી.
कुल्माषाभिषुत् (कुल्माषस्य अभिषुतं) क्ली० तं. ચોખાની કે જવ વગેરેની કાંજી. કાંજિક.
कुल्माषी (कुल्माष ङीप्) स्त्री० षी. તે નામની એક નદી.
कुल्य (कुल् क्यप्) क्ली० ल्यं. १ માંસ. २ હાડકું, અસ્થિ. ३ આઠ દ્રોણનું એક પરિમાણ. ४ ધાન્ય વગેરે.
कुल्य (कुलाय हितं यत्) त्रि० ल्यः-ल्या-ल्यं. કુલને માટે ફાયદાકારક, કુલવાસ્તે હિતકારી, કુલહિત.
कुल्य (कुले भवः यत्) त्रि० ल्यः-ल्या-ल्यं. १ કુલમાં ઉત્પન્ન થનાર. २ માન્ય. ३ સારા કુલમાં પેદા થનાર. [પનાર પ્રધાન વગેરે.
कुल्य (,,) पु० ल्यः સારી બુદ્ધિ આ-
कुल्य (कुल् चतुर्थ्यां य) त्रि० ल्यः-ल्या-ल्यं. કુલની પાસેનો દેશ વગેરે.
कुल्या (कुल्य टाप्) स्त्री० ल्या. १ પાણીનો નળ. २ પાણીની નેર. ३ બનાવેલી નાની નદી. ४ ખાઇ. ५ નદી. ६ કુલવતી સ્ત્રી. ७ ઔષધિ જીવંતી.
कुलूक ( ) पु० कः મનુસંહિતાનો તે ના-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

भनो એક વિદ્વાન્ ટીકાકાર દિવાકરનો પુત્ર.

कुल्वक ( ) क्ली० कं. कुलुक शब्द જુઓ.

कुव (कुं भूमि वाति गच्छति वा क) क्ली० वं. કમંલપ્રકુલ.

कुवंग (ईषद्वंगं गुणेन) क्ली० गं. સીંસું.

कुवचस् (कुत्सितं वचः) क्ली० चः ખરાબ વાણી, ખરાબ ભાષણ, હલકું બોલવું.

कुवचस् (कुत्सितं वचोस्य) त्रि० चाः-चाः-चस्. ખરાબ ભાષણ કરનાર, હલકી વાણી બોલનાર.

कुवज्रक (कुत्सितं वज्रमिव कायति कै क) क्ली० कं. એક જાતનું રત્ન. वैक्रांतमणि.

कुवद (कुत्सितं वदति) त्रि० दः-दा-दं. ખરાબ ભાષણ કરનાર, દુર્વાક્ય બોલનાર.

कुवम (कौ पृथ्व्यां वमति जलं वम् अच्) पु० मः સૂર્ય, સૂરજ. [स्वाद.

कुवर (कुत्सितं व्रीयते वृ अप्) पु० रः તુરો રસ, તુરો

कुवर (,, अच्) त्रि० रः-रा-रं. તુરું, તુરા રસવાળું, તુરા સ્વાદવાળું.

कुवल (कौ वलति वल् अच्) क्ली० लं. १ કમલ. २ કુમુદ. ३ બોર. ४ મોતી, મુક્તાફળ. ५ જલસર્પોદર.

कुवलय (कोर्वलयमिव शोभाहेतुत्वात्) क्ली० यं. કમલ, કુમુદ.

कुवलय (कोर्वलयं) क्ली० यं. ભૂમંડલ, ભૂગોલ.

कुवलयापीड (कुवलयमापीडः भूषणं यस्य) त्रि० डः-डा-डं. १ નીલાકમળથી શૃંગારેલ, २ ધોળું કમલ જેને ભૂષણ છે તે. ३ કમળથી અલંકૃત. ४ કંસના હસ્તિરૂપ દૈત્યવિશેષ.

कुवलयित (कुवलय इतच्) त्रि० तः-ता-तं. કમલથી શૃંગારેલ, જ્યાં કમલ પેદા થયેલ, જ્યાં કમલ બનીગયેલ.

कुवलयिनी (कुवलयानां समूहः इनी) स्त्री० नी. કમલનો સમૂહ. उत्पलिनी.

कुवलयेषता (कुवलयस्य ईषता) स्त्री० ता. ભૂમંડલનું કૃશત્વ, ભૂગોલનું સ્વામિત્વ. [विष्णु.

कुवलेशय (कुवले जले शेते शी अच्) पु० यः

कुवलाश्व (कुवलोऽश्वोऽस्य) पु० श्वः સૂર્યવંશમાં પેદા થયેલ ધુંધુમારરાજા. कुवलयाश्व.

कुवाद (कुत्सितो वादः) पु० दः १ કુવાક્ય. २ ખરાબ ભાષણ. ३ બીજાના દોષનું કહેવું.

कुवाद (कुत्सितो वादोऽस्य) त्रि० दः-दा-दं. ખરાબ ભાષણ કરનાર, કુવાક્ય બોલનાર.

कुवाहुल (कु वह् उलच्) पु० लः ઉષ્ટ્ર, ઊંટ.

कुवाहुली (कुवा हुल ङीप्) स्त्री० ली. ઊંટડી, ઊંટણી.

कुविद्य (कुत्सिता विद्या यस्य) त्रि० द्यः-द्या-द्यं. १ નિંદિત વિદ્યા ભણેલું. २ નિંદ્ય વિદ્યાવાળું. ३ ખરાબ વિદ્યાવાળું, કુવિદ્યાવાળું.

कुविद्या (कुत्सिता विद्या) स्त्री० द्या. નિંદ્યવિદ્યા.

कुविद्यास (कुविद्यां स्यति सो क) पु० सः કુવિદ્યાને મટાડનાર, કુવિદ્યાનો નાશ કરનાર, કુવિદ્યાની હિંસા કરનાર. [तंतुवायः

कुविंद (कुत्सितं विंदंते विद् श) पु० दः સાળવી.

कुविवाह (कुत्सितो विवाहः) पु० हः १ ખરાબ વિવાહ. २ નિંદિત પરણેતર, નિંદ્યલગ્ન.

कुवृत्ति (कुत्सिता वृत्तिः) स्त्री० त्तिः १ ખરાબ આચરણ. २ બુરૂવર્તન. ३ ખરાબ વર્તણુંક. ४ હલકો ધંધો.

कुवृत्ति (कुत्सिता वृत्तिरस्य) त्रि० त्तिः-त्तिः-त्ति. १ ખરાબ આચરણવાળું. २ બુરૂ વર્તવાવાળું. ३ ખરાબ વર્તણુકવાળું. ४ હલકા ધંધાવાળું.

कुवृत्तिकृत् (कुवृत्तिं करोति कृ क्विप्) पु० त्. કરંજનું ઝાડ.

कुवृत्तिकृत् (कुवृत्तिं करोति कृ क्विप्) त्रि० त्-त्-त्. १ નિંદિત ચેષ્ટા કરનાર. २ ખરાબ વર્તણુક કરનાર. ३ ખરાબ ધંધો કરનાર.

कुवेणि (कुत्सिता वेणिरस्याः) स्त्री० णिः જેને કેશની વેણિ ખરાબ હોય છે એવી સ્ત્રી.

कृशाकु ( ) पु० कुः તપાવવું, દીલગીર થવું.

कृशांग (कृशमंगं यस्य) त्रि० गः-गी-गं. નાજુક બદનવાળું, પાતળા અંગવાળું, કૃશઅંગનું.

कृशांगी (कृशमंगं यस्याः) स्त्री० गी. ૧ નાજુક બ-દનવાળી સ્ત્રી. ૨ પ્રિયંગુનું ઝાડ.

' कृशांग्याः संतापं वदति नलिनीपत्रशयनं '

रत्नावली.

कृशानु (कृश् आ नुक्) पु० नुः ૧ અગ્નિ. ૨ ચિ-ત્રાનું ઝાડ. [ખ્યાની સંજ્ઞા.

कृशानु (,,) पु० व० नवः ત્રણ સં-

कृशानुक (कृशानु ठन्) त्रि० कः-का-कं. વહ્નિ-યુકત, અગ્નિવાળું.

कृशानुरेतस् (कृशानौ पतितं रेतः यस्य) पु० ताः મહાદેવ, शिव. [तेज.

कृशानुरेतस् (कृशानो रेतः) क्ली० तः અગ્નિનું

कृशाश्व (कृशोऽश्वोऽस्य) पु० श्वः तृणबिंदुवंशमां પેદા થયેલ તે નામનો એક રાજર્ષિ, દક્ષપ્રજાપતિ-નો તે નામનો એક જમાઈ.

कृशाश्विन् (कृशाश्वेन प्रोक्तं नाट्यसूत्रमधीते इनि) त्रि० श्वी-श्विनी-श्वि. કૃશાશ્વે કરેલા નાટય સૂત્રનું અધ્યયન કરનાર.

कृशिका (कृशैव स्वार्थे क) स्त्री० का. એક જાતની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વનસ્પતિ, ઉંદરકાની. આખુકર્ણી.

कृष् (तुदा० आत्म० अनिट् कृषते) १ ખેંચવું. २ ખેડવું. ३ લીંટા કરવા. ४ રેખા કાઢવી.

कृष् (भ्वा० पर० अनिट् कर्षति) ઉપલો ધાતુ જુઓ. अनु (अनुकर्षति) પૂર્વપદ વગેરેનું ઉત્તરવાક્ય સાથે લગાડી દેવું. अप (अपकर्षति) હીણાપણું કરવું, હલકું કરી દેવું, તિરસ્કારવું. आ (आकर्षति) ખેંચવું, તાણવું.

कृषक (कृष् कुन्) त्रि० कः-का-कं. १ ખેડ કરનાર. २ આકર્ષણ કરનાર, ખેંચનાર.

कृषक (,,) क्ली० कं. હળનું ફળ.

कृषक (,,) पु० कः १ ખેડુત. २ બળદ, બળદીઓ.

कृषर (कृष् करन्) क्ली० रं. कृशर शब्द જુઓ.

कृषाण (कृष् आनक्) पु० णः १ ખેડુત. २ ખેંચનાર, આકર્ષક.

कृषाणु (कृष् आनुक्) पु० णुः कृशानु शब्द જુઓ.

कृषि (कृष् इक्) स्त्री० षिः १ ખેડ, કૃષિકર્મ. २ ખેડવું.

कृषि (कृष् कि) स्त्री० षिः भू, પૃથ્વી.

कृषिक (कृष् इकन्) पु० कः १ હળનું ફળ. २ ખેડુત, ખેડકરનારા પુરૂષ.

कृषिका (कृषि क) स्त्री० का. ખેડ, કૃષિકર્મ.

कृषिजीविन् (कृष्या जीवति जीव् णिनि) त्रि० वी-विनी-वि. ખેડકરી પોતાનું ગુજરાન ચલાવનાર.

कृषी (कृष् ङीप्) स्त्री० षी. ખેડ, કૃષિકર્મ, ખેડવું.

कृषीवल (कृषिरस्त्यस्य वृत्तित्वेन इलच्) त्रि० लः-ला-लं. कृषिजीविन् शब्द જુઓ.

कृष्कर (कृष् कृ टक्) पु० रः. મહાદેવ, શંભુ.

कृष्ट (कृष् क्त) त्रि० ष्टः-ष्टा-ष्टं. ખેડેલું, ખેડાણ કરેલું.

कृष्ट (,,) क्ली०ष्टं. १ ખેડવું. २ ખેંચવું.

कृष्टता (कृष्टस्य भावः) स्त्री० ता. ખેડવું, કર્ષણ, ખેડ. [જુઓ.

कृष्टत्व (,,) क्ली० त्वं. ઉપલો શબ્દ

कृष्टपच्य (कृष्टे क्षेत्रे स्वयमेव पच्यते) त्रि० च्यः-च्या-च्यं. ખેડયાપછી વાવેલું અથવા રોપેલું, ખેડેલા ક્ષેત્રમાં પોતાનીમેળે પાકેલું.

कृष्टपाक्य (,,) त्रि० क्यः-क्या-क्यं. ઉપલો શબ્દ જુઓ.

कृष्टि (कृष् क्तिच्) पु० ष्टिः. વિદ્વાન્, પંડિત.

कृष्टि (कृष् क्तिन्) स्त्री० ष्टिः. ખેડવું, ખેંચવું, તાણવું, રેખા કાઢવી.

कृष्टोप्त (कृष्टे क्षेत्रे उप्तः) त्रि० प्तः-प्ता-प्तं. ખેડેલા ક્ષેત્રમાં વાવેલું.

कृष्ण (कृष् नक्) पु० ष्णः. १ વિષ્ણુનો તે નામનો એક અવતાર, વાસુદેવ, દેવકીનંદન. २ વેદવ્યાસ. ३ પરબ્રહ્મ. ४ મધ્યમ પાંડવ અર્જુન. ५ કોયલ પક્ષી. ६ કાગડો. ७ કાળોવર્ણ. ८ કરમદાનું ઝાડ. ९ મહિનાનો કૃષ્ણપક્ષ.

कृष्ण (कृष् नक्) क्ली० ष्णं. १ કાળાં મરી. २ લોખંડ, લોઢું. ३ મોરથુથુ. ४ કાલાગુરૂચંદન. ५ એક જાતનો ક્ષાર, બીડલવણ. ६ અશુભકર્મ.

कृष्ण (,,) त्रि० ष्णः-ष्णा-ष्णं. કાળું.

कृष्णक (कृष्ण कन्) पु० कः. વનસ્પતિ કાળાસરસવ. [હરણનું ચામડું. कृष्णाजिन.

कृष्णक (कंपितं कृष्णाजिनं कन्) क्ली० कं. કાળા

कृष्णकंद (कृष्णः कंदोऽस्य) क्ली० दं. રાતુ કમલ.

कृष्णकर्कटक (कृष्णश्चासौ कर्कटकश्च) पु० कः. કાળો કરચલો.

कृष्णकर्मन् (कृष्णं च तत्कर्म च) क्ली० र्म. હિંસાવગેરેનું કાળું કામ, પાપવગેરેનું આચરણ.

कृष्णकर्मन् (कृष्णं कर्म यस्य) त्रि० र्मा-र्मा-र्म. १ કાળું કામ કરનાર, બુરું કામ કરનાર. २ પાપ વગેરેના આચરણવાળું.

कृष्णकर्मन् (कृष्णार्पितं कर्म) क्ली० र्म. १ પરમેશ્વરને અર્પણ કરેલું કામ. २ કૃષ્ણને સોંપેલું કામ.

कृष्णकर्मन् (कृष्णार्पितं कर्मयस्य) त्रि० र्मा-र्मा-र्म. १ પરમેશ્વરને અર્પણ કરેલું છે કામ જેણે તે. २ કૃષ્ણને સોંપેલું છે કામ જેણે તે.

कृष्णकर्मन् (कृष्णं च तत्कर्म च) क्ली० र्म. વ્રણની કૃષ્ણતા કરનારી એક જાતની ક્રિયા.

कृष्णकलि (कृष्ण इव चूडाला कलिः कलिकाऽस्य) पु० लिः. એકજાતનું ઝાડ.

कृष्णकाक (कृष्णश्चासौ काकः) पु० कः એક જાતનો કાગડો.

कृष्णकाय (कृष्णा कायाऽस्य) पु० यः પાડો, મહિષ.

कृष्णकाया (कृष्णकाय टाप्) स्त्री० या. ભેંશ, મહિષી. [ચંદન.

कृष्णकाष्ठ (कृष्णं काष्ठमस्य) क्ली० ष्ठं. કાલાગુરૂ

कृष्णकाष्ठक (कृष्ण काष्ठ स्वार्थे क) क्ली०कं. ઉપલો શબ્દ જુઓ.

कृष्णकोहल (कृष्णकस्य उहं लाति ला क) पु० लः જુગટી, જુગારી, જુગટું ખેલનારો.

कृष्णगंगा (कृष्णा चासौ गंगा च) स्त्री० गा. વેણા નદી, જે મહાબળેશ્વરના પહાડમાંથી નીકળી દક્ષિ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ણ તરફ વહીને કૃષ્ણા નદીને મળે છે.

कृष्णगति (कृष्णा गतिर्गतिस्थानमस्य) पु० तिः १ વહ્નિ, અગ્નિ, આગ. ૨ ચિત્રાનું ઝાડ.

कृष्णगंध (कृष्ण उग्रो गंधोऽस्य) पु० धः शरગવાનું ઝાડ. શોભાંજનવૃક્ષ, શિગ્રુવૃક્ષ.

कृष्णगर्भ (कृष्णवर्णो गर्भोऽस्य) पु० र्भः કાચફલ.

कृष्णगिरि (कृष्णश्चासौ गिरिः) पु० रिः असितगिरि શબ્દ જુઓ. [કંઠવાળું, કાળા ગળાવાળું.

कृष्णग्रीव (कृष्णा ग्रीवा यस्य) त्रि० वः-वा-वं. કાળા

कृष्णग्रीव (कृष्णा ग्रीवाऽस्य) पु०वः મહાદેવ, શંભુ. નીલકંઠ, કાલકંઠ. [જાતનું ધાન્ય, ચણો.

कृष्णचंचुक (कृष्णा चंचूरस्य कप्) पु० कः એક

कृष्णचंदन (कृष्णप्रियं चंदनं) क्ली० नं. ૧ ધોળી સુખડ. ૨ હરિચંદન.

कृष्णचंद्र (कृष्णश्चंद्र इव) पु० द्रः વાસુદેવ, શ્રીકૃષ્ણ.

कृष्णाचर (कृष्णस्य भूतपूर्वः चर् ट) त्रि० रः-री-रं. ગતજન્મમાં જે કૃષ્ણરૂપી હોય તે, આગલા જન્મમાં કૃષ્ણસાથે સંબંધ રાખનાર. [ઠીનું ઝાડ.

कृष्णचूडा (कृष्णा चूडा अग्रमस्य) स्त्री० डा. ચણો.

कृष्णचूडिका (कृष्णा चूडाग्रमस्याः कप्) स्त्री० का. ઉપલેા શબ્દ જુઓ. [કીટોડો, લોઢાનો મેલ.

कृष्णचूर्ण (कृष्णस्य लोहस्य चूर्णं) क्ली० र्णं. લોઢાનો

कृष्णजटा (कृष्णा जटाऽस्य) स्त्री० टा. વનસ્પતિ જટામાંસી. [શાહજીરું.

कृष्णजीर (कृष्णश्चासौ जीरः) पु० रः કાળુ જીરું,

कृष्णजीरक (कृष्णजीर स्वार्थे क) पु० कः ઉપલેા શબ્દ જુઓ.

कृष्णता (कृष्णस्य भावः) स्त्री० ता. કાળાપણું, કાળાશ, કૃષ્ણપણું. [ગોશીર્ષચંદન.

कृष्णताम्र (कृष्णं ताम्रं) क्ली० म्रं. કાળાગુરુચંદન,

कृष्णतार (कृष्णतामृच्छति ऋ) पु० रः ૧ એક જાતનું કાળુ હરણ, કૃષ્ણસાર. ૨ હરણ.

कृष्णत्रिवृता (कृष्णा चासौ त्रिवृता) स्त्री० ता० વનસ્પતિ કાળું નસોતર.

कृष्णत्व (कृष्णस्य भावः) क्ली० त्वं. ૧ કાળાશ, કાળાપણું. ૨ કૃષ્ણપણું. [દાંતવાળું.

कृष्णदंत (कृष्णा दंता यस्य) त्रि० तः-ता-तं. કાળા-

कृष्णदंता (कृष्णदंत टाप्) स्त्री० ता. એક જાતનું ઝાડ. [કાળારંગનો દેહ.

कृष्णदेह (कृष्णश्चासौ देहश्च) पु० हः. કાળું શરીર,

कृष्णदेह (कृष्णो देहो यस्य) त्रि० हः-हा-हं. કાળા દેહવાળું, કાળા શરીરવાળું.

कृष्णदेह (,,) पु० हः. ભ્રમરો, ભ્રમર,

कृष्णद्वैपायन (द्वीपे भवः फक् कृष्णश्चासौ द्वैपायनश्च) पु० नः. વેદવ્યાસ.

' तमहमरागमतृष्णं कृष्णद्वैपायनंवंदे ' वेणिसंहारम्.

कृष्णधत्तूर (कृष्णश्चासौ धत्तूरश्च) पु० रः. કાળાધતુરાનું ઝાડ. કૃષ્ણધૂસ્તૂર.

कृष्णधन (कृष्णकर्मणार्जितं धनं) क्ली० नं. જુગટા વીગેરેથી કમાયેલું દ્રવ્ય.

कृष्णपक्ष (कृष्णश्चासौ पक्षश्च) पु० क्षः. માસનું અંધારિયું પખવાડીયું.

' रावणेन हृता सीता कृष्णपक्षेसिताऽष्टमी '

महानाटकम्.

कृष्णपदी (कृष्णौपादौ यस्याः ङीप्) स्त्री० दी. કાળા પગવાળી. [કાળી તુલસીનું ઝાડ.

कृष्णपर्णी (कृष्णानि पर्णानि यस्याः ङीप्) स्त्री० र्णी.

कृष्णपाक (कृष्णः कृष्णवर्णः पाकः फलमस्य) पु० कः. કરમદાનું ઝાડ. કર્મદ.

कृष्णपाकफल (कृष्णपाकरूपं फलमस्य) पु० लः. કરમદાનું ઝાડ. [દુર્ગા.

कृष्णपिंगला (कृष्णा पिंगला) स्त्री० ला. પાર્વતી,

कृष्णपिंडीतक (कृष्णः पिंडीतकः) पु० कः. એક જાતનું ઝાડ. [જુઓ.

कृष्णपिंडीर (कृष्णः पिंडीरः) पु० रः. ઉપલેા શબ્દ

कृष्णपिपीली (कृष्णा चासौ पिपीली) स्त्री०ली. કાળી કીડી. कृष्णपिपीलिका, कृष्णपिप्पली.

कृष्णपुष्प (कृष्णं पुष्पमस्य) पु० ष्पः. કાળાધતુરાનું ઝાડ. [યંગુનું વૃક્ષ.

कृष्णपुष्पी (कृष्णं पुष्पमस्याः ङीष्) स्त्री० ष्पी. પ્રિ-

कृष्णफल (कृष्णं फलमस्य) पु० लः. કરમદાનું ઝાડ. [ઉપરનો શબ્દ જુઓ.

कृष्णफलपाक (कृष्णफलरूपेण पाकोऽस्य) पु० कः.

कृष्णबीज (कृष्णानि बीजानि यस्मिन्) पु० जः. કાળીંગડુ, શરગવાનું ઝાડ. [નવાળો દેશ.

कृष्णभूमि (कृष्णा भूमिर्यस्य) पु० मिः. કાળીજમી-

कृष्णभूमिजा (कृष्णभूमि जन् ड टाप्) स्त्री० जा. એક જાતનું તૃણ.

कृष्णभेदी (कृष्णो वर्णेन भेदः खंडो यस्याः) स्त्री० दी. વનસ્પતિ કડુ. કટુકી, કૃષ્ણભેદા.

कृष्णमल्लिका (कृष्णा चासौ मल्लिका च) स्त्री० का. કાળી તુલસી. [વાળું માછલું.

कृष्णमत्स्य (कृष्णश्चासौ मत्स्यश्च) पु० त्स्यः. કાંટા-

कृष्णमुख (कृष्णं मुखं अग्रं वा यस्य) त्रि० खः-खी-खं. ૧ કાળામુખવાળું. ૨ કાળા અગ્રભાગવાળું.

कृष्णमुख (कृष्णं मुखं यस्य) पु० खः. ૧ કાળામુ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ખવાળો વાંદરો. ૨ તે નામનો એક દાનવ.

कृष्णमुखा (कृष्णमुख टाप्) स्त्री० खा. वनस्पति કાળી ઉપલસરી. [કઠોળ, કાળા મગ.

कृष्णमुद्ग (कृष्णश्चासौ मुद्गश्च) पु० द्गः. એકજાતનું

कृष्णमृग (कृष्णश्चासौ मृगश्च) पु० गः कृष्णसार श० જુઓ. [कृष्णमृत्तिका.

कृष्णमृत् (कृष्णाचासौ मृद्) स्त्री० द्. કાળીમાટી.

कृष्णमृत् (कृष्णा मृत् यस्य) पु० द्. કાળી માટીવાળો દેશ.

कृष्णयजुर्वेद (कृष्णः यजुर्वेदः) पु० दः यजुर्वेदના કૃષ્ણ અને શુક્લ એવા બે ભેદ છે તેમાંથી તૈત્તિરીય રૂપ યજુર્વેદનો એક ભેદ, પ્રતિપદાયુક્ત પૂર્ણિમાનું તે ભેદવાળા ગ્રહણ કરે છે માટે તે કૃષ્ણ કહેવાયછે.

कृष्णरक्त (कृष्णः रक्तः) पु० क्तः કાળો અને રાતો રંગ. [જાતનું શાક. जतुका.

कृष्णरुहा (कृष्णासती रोहति रुह्) स्त्री० हा. એક

कृष्णरूप्य (कृष्णस्य भूतपूर्वः रूप्यः) त्रि० प्यः-प्या-प्यं. અગાઉની કૃષ્ણચર ગાય વગેરે.

कृष्णल (कृष्णो वर्णोऽस्त्यस्य लच्) पु० लः ચણોઠીનું ઝાડ. [૨ એક ચણોઠીનું વજન.

कृष्णल (कृष्णलस्य फलं अण्) क्ली० लं. ૧ ચણોઠી.

कृष्णलक (कृष्णल एव स्वार्थे क) पु० कः ચણોઠીનું ઝાડ. [ણોઠીનું વજન.

कृष्णलक (कृष्णल क) क्ली० कं. ૧ ચણોઠી. ૨ ચ-

कृष्णलवण (कृष्णं च तल्लवणं च) क्ली० णं. કાળું મીઠું, સંચળખાર.

कृष्णला (कृष्ण ला क) स्त्री० ला. ચણોઠી.

कृष्णलोह (कृष्णश्चासौ लोहश्च) पु० हः લોહચુંબક. अयस्कांत.

कृष्णलोहित (कृष्णः सन् लोहितः) पु० तः કાળા સાથે ભળેલ રાતો રંગ. कृष्णरक्त.

कृष्णलोहित (कृष्णं च तल्लोहितं च) त्रि०तः-ता-तं. કાળાસાથે ભળેલા રાતા રંગવાળું. [મુખ.

कृष्णवक्त्र (कृष्णं च तद्वक्त्रं च) क्ली० क्त्रं. કાળું

कृष्णकक्त्र (कृष्णं वक्त्रमस्य) त्रि० क्त्रः-क्त्रा-क्त्रं. કાળા મુખવાળું. [વાળો વાંદરો.

कृष्णवक्त्र (कृष्णं वक्त्रमस्य) पु० क्त्रः કાળામુખ-

कृष्णवर्ण (कृष्णश्चासौ वर्णश्च) पु० र्णः કાળોરંગ, કાળોવર્ણ. [રંગવાળું, કાળું.

कृष्णवर्ण (कृष्णो वर्णो यस्य) त्रि० र्णः-र्णा-र्णं. કાળા

कृष्णवर्ण (कृष्णो वर्णो यस्य) पु० र्णः. ૧ રાહુ ગ્ર-હ. ૨ શૂદ્ર.

कृष्णवर्त्मन् (कृष्णं वर्त्म गतिः स्थानं वास्य) पु० र्त्मा. ૧ રાહુગ્રહ. ૨ અગ્નિ, આગ. ૩ વનસ્પતિ ચિત્રેા.

' हविषा कृष्णवर्त्मेव भूयो भूयोऽभिवर्द्धते ' भारतम्.

कृष्णवर्त्मन् (कृष्णं एव वर्त्म) क्ली० र्त्म. વાસુદેવરૂપ ગતિ.

' कृष्णवर्त्मनि गुणान् गणयंति ' उद्भटः

कृष्णवर्त्मन् (कृष्णं वर्त्म आचरणमस्य) त्रि०र्त्मा-र्त्मी-र्त्म. કાળા આચરણવાળું, ખરાબ આચરણવાળું.

कृष्णवर्वर (कृष्णश्चासौ वर्वरश्च) पु० रः વનસ્પતિ કાળી તુળસી. [જાતનું શાક. जतुका.

कृष्णवालिका (कृष्णा चासौ वल्लिका) स्त्री० का. એક

कृष्णवल्ली (कृष्णा चासौ वल्ली) स्त्री०ल्ली. ૧ કાકડીનો વેલો. ૨ કાળી તુલસી. ૩ એક જાતની ઉપલસરી.

कृष्णविषाणा (कृष्णमृगस्य विषाणा विषाणयुक्ता) स्त्री० णा. યજ્ઞમાનને કંડુયન કરવાનું એક સાધન-દ્રવ્ય. [ઝાડ.

कृष्णवीज (कृष्णं वीजमस्य) पु० जः શરગવાનું

कृष्णवीज (,,) क्ली० जं. કાળીંગડું.

कृष्णवृंता (कृष्णं वृंतं यस्याः) स्त्री० ता. ૧ પાટલા વૃક્ષ. ૨ રાની અડદ. ૩ ગાંભારી.

कृष्णवृतिका (कृष्णवृंता कन् इत्वं) स्त्री० का. ઉપ-લેા શબ્દ જુઓ. [તના ચેાખા.

कृष्णव्रीहि (कृष्णश्चासौ व्रीहिश्च) पु० हिः એક જા-

कृष्णशकुनि (कृष्णश्चासौ शकुनिश्च) पु० निः કા-ગડો, કાગ. [કાળીઅર.

कृष्णशार (कृष्णश्चासौ शारश्च) पु० रः કાળું હરણ,

कृष्णशालि (कृष्णश्चासौ शालिश्च) पु० लिः कृष्ण-व्रीहि શબ્દ જુઓ.

कृष्णशिग्रु (कृष्णवर्णः शिग्रुः) पु० ग्रुः એક જાતનો શરગવો. कृष्णशोभांजन.

कृष्णशृंग (कृष्णं शृंगमस्य) पु० गः પાડો, મહિષ.

कृष्णशृंगी (कृष्णशृंग ङीप्) स्त्री० गी. ભેંશ, મહિષી.

कृष्णश्रित (कृष्णं श्रितः) त्रि० तः-ता-तं. કૃષ્ણનું આશ્રિત, વાસુદેવની ભક્તિ કરનાર.

कृष्णसख (कृष्णस्य सखा टच्) पु० खः ૧ મધ્યમ પાંડવ અર્જુન. ૨ અર્જુન સાદડાનું ઝાડ. ૩ કૃષ્ણ-નો દોસ્તદાર.

कृष्णसखि (कृष्णस्य सखा) स्त्री० खि. જીરૂં.

कृष्णसमुद्भवा (कृष्णासती समुद्भवति) स्त्री० वा. કૃષ્ણગંગા. [એક જાતનો સર્પ.

कृष्णसर्प (कृष्णश्चासौ सर्पश्च) पु० र्पः કાળો સાપ,

कृष्णसर्षप (कृष्णवर्णः सर्षपः) पु० पः કાળો સર-સવ. [અર, એક જાતનું કાળું હરણ.

कृष्णसार (कृष्णसारवद् विग्रहादि) पु० रः કાળી-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'कृष्णसारे ददच्चक्षुस्त्वयि चाधिज्यकार्मुके'
शाकुंतलम्.

कृष्णसार (कृष्णः सारो यस्मिन्) पु० रः १ शीशमनुं ઝાડ. २ ખેરનું ઝાડ. ३ ધોરનું ઝાડ.

कृष्णसारा (कृष्णः सारो यस्यां) स्त्री० रा. शीशमनुं ઝાડ. [કાળું હરણ.

कृष्णसारंग (कृष्णश्चासौ सारंगश्च) पु०ग: કળીઅર,

कृष्णसारथि (कृष्णः सारथिरस्य) पु० थिः १ અર્જુન, મધ્યમ પાંડવ, २ અર્જુન સાદડાનું ઝાડ.

कृष्णसुंदर (कृष्णवर्णः सन् सुंदरः) पु० रः श्रीकृष्ण वासुदेव.

कृष्णस्कंध (कृष्णः स्कंधोऽस्य) पु० धः तभालवृक्ष.

कृष्णा (कृष्ण टाप्) स्त्री० ष्णा. १ પાંડવપત્ની દ્રૌપદી. २ તીખી પીપર. ३ દ્રાક્ષ. ४ ગળીનો છોડ. ५ વનસ્પતિ સાટોડી. ६ વનસ્પતિ કાળી ઉપલસરી. ७ કાળું જીરું. ८ કાળો સુરમો. ९ મહાબળેશ્વરના પહાડમાંથી નીકળતી કૃષ્ણા નદી. १० કાળી નગોડ. ११ વનસ્પતિ જટામાંસી. १२ વનસ્પતિ કડુકી. १३ કસ્તૂરી. १४ વનબાબચી. १५ વનસ્પતિ કાકોલી. १६ દુર્ગા, પાર્વતિ.

कृष्णागुरु (कृष्णं च तदगुरु च) क्ली० रु. કાળું અગુરુચંદન. कालागुरु.

कृष्णाचल (कृष्णप्रियः पर्वतः) पु०लः રૈવતક પર્વત, ધણુ કરીને ગિરનાર પર્વત.

कृष्णाचल (कृष्णश्चासौ अचलश्च) पु० लः असितगिरि शब्द જુઓ.

कृष्णाजिन (कृष्णं च तदजिनं च) क्ली० नं. કળીઅરનું ચામડું, કાળા હરણનું ચર્મ.

कृष्णाजिनिन् (कृष्णाजिन् इनि) त्रि० नी-निनी-नि. કાળા હરણના ચામડાવાળું.

कृष्णानदी (कृष्णा चासौ नदी च) स्त्री० दी. મહાબલેશ્વરના પર્વતમાંથી નીકળતી તે નામની નદી. कृष्णगंगा. [ખંડ, લોઢું.

कृष्णामिष (कृष्णं वासुदेवमामिषति) क्ली० षं. લોહ-

कृष्णायस (कृष्णं च तदयश्च अच्) क्ली० सं. એક જાતનું લોઢું. કાળું લોઢું.

कृष्णार्चिस् (कृष्णः कालवर्णोऽर्चिरस्य) पु० र्चिः અગ્નિ, આગ, વહ્નિ.

कृष्णार्जक (कृष्णश्चासावर्जकः) पु० कः વનસ્પતિ, કાળી તુળસી. कालतुलसी.

कृष्णावास (कृष्णस्य आवासः) पु० सः. પીંપળાનું ઝાડ. अश्वत्थवृक्ष. [श्रित शब्द જુઓ.

कृष्णाश्रित (कृष्णमाश्रितः) त्रि० तः-ता-तं. कृष्ण-

कृष्णाष्टमी (कृष्णा अष्टमी) स्त्री० मी. १ કૃષ્ણપક્ષની આઠમ. २ વાસુદેવના જન્મદિવસની આઠમ, કૃષ્ણજન્માષ્ટમી, શ્રાવણના કૃષ્ણપક્ષની આઠમ.

कृष्णिका (कृष्णैव संज्ञायां कन्) स्त्री० का. રાજસર્ષપ. [પણું, કાળાશ.

कृष्णिमन् (कृष्णस्य भावः इमनच्) पु० मा. કાળા-

कृष्णीकरण (कृष्ण च्वि कृ ल्युट्) क्ली० णं. કાળું કરવું. [થયેલું.

कृष्णीभूत (कृष्ण च्वि भू क्तं) त्रि० तः-ता-तं. કાળુ

कृष्णेक्षु (कृष्णश्चासौ इक्षुश्च) पु० क्षुः કાળી શેલડી.

कृष्णोदर (कृष्णमुदरं यस्य) त्रि० रः-रा-रं. કાળા પેટવાળું. [સર્પ. दर्वीकरसर्प.

कृष्णोदर (कृष्णमुदरं यस्य) पु० रः એક જાતનો

कृष्य (कृष् अर्हार्थे क्यप्) त्रि० ष्यः-ष्या-ष्यं. १ ખેડવા યોગ્ય. २ ખેંચવા લાયક, ખેડાણને લાયક.

कृसर (कृ सर् किच्च) पु० रः कृशर शब्द જુઓ.

कृसरा (,, टाप्) स्त्री० रा. कृशरा शब्द જુઓ. [आग्नेयनक्षत्र.

कृसान ( ) क्ली० नं. कृत्तिका नक्षत्र.

कॄ (तुदा० पर० सेट् किरति) ફેંકવું, ફેંલાવવું; अनु (अनुकिरति) વાંસે ફેંકવું. अप (अपकिरति) હર્ષવાસ ભક્ષણના અર્થે ખોદવું. अव (अवकिरति) નીચે ફેંકવું, દૂરથી ફેંકવું, દૂરથી ઉડાડવું. आ (आकिरति) ચારે તરફ ફેંકવું, વિસ્તારવું, ફેલાવવું; उत् (उत्किरति) ઢગલો કરવો, એકઠું કરવું, ઉકરડાની પેઠે એકઠું કરવું, सम्+उत् (समुत्किरति) છેદવું, ઠાર મારવું, ફાડવું, ફાડી નાખવું, उप (उपकिरति) છેદવું, કાપવું; परा (पराकिरति) સારી રીતે ફેંકવું, વ્યાપવું. प्र (प्रकिरति) રૂડી રીતે ફેંકવું, જુદી જુદીજાતનું એકઠું થવું, નાના વિષયનું સંમિશ્રણ થવું. प्रति (प्रतिकिरति) ઠાર મારવું, હિંસા કરવી, वि (विकिरति) ફેંકવું, ઉડાડવું; सम् (संकिरति) મિશ્રણ થવું, જુદી જુદી જાતિનું એકઠું થવું.

कॄ (क्रया० उभ० सेट् कृणाति-कृणीते) ઠાર મારવું, વધ કરવો.

कॄ (चुरा० आत्म० सेट् कारयते) જાણવું.

कॄत् (चुरा० पर० सेट् कीर्तयति) १ જાહેર કરવું, પ્રસિદ્ધ કરવું. २ સંશય પામવો.

कॄत्त (कॄत् ल) त्रि० त्तः-त्ता-त्तं. १ રચેલું, રચિત. २ ગોઠવેલું, કરેલું. ३ નિશ્ચય કરેલું. ४ ખચ્ચીત કરેલું. ५ નિશ્ચંત. ६ કાપેલું, છેદેલું. ७ કાયમ કરેલું. ८ નીમેલું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

कृसकीला (कृसं कीलयति) स्त्री० ला. स्थावर भीलकत वगेरे उपर थयेल सरकारी दस्तावेज वगेरे.
कृसधूप (कृसो धूपो येन) पु० पः शेलारस, सिल्हक.
कृसधूप (कृसो धूपः) पु० पः बनावेल धूप, कृत्रिम धूप. [उ रचना, अवधारण.
कृसि (कृष् किन्) स्त्री० सिः १ कल्पना. २ नैपत्य.
कृसिक (कृसित आगतः कन्) त्रि० कः-का-कं. ऋशीदेलुं, वेचातुं लीधेलुं. [એક દેશ.
केकय ( ) पु० ब० यः ते नामनो
केकय (केकयानां राज्ञः अण्) पु० यः केकय देशनो राजा.
केकय (केकयनामा पश्चिमदेशो राजत्वेन अस्य) पु० यः द्वापरयुगमां थयेल ते नामनो એક राजा.
केकयी (केकय ङीप्) स्त्री० यी. दशरथ राजानी એक स्त्री, केकय राजानी पुत्री, रामना भाई भरतनी माता.
केकर (के कर्तुं नेत्रतारां शीलमस्य) त्रि० रः-रा-रं. त्रांसी आंखवाळुं, टेडी आंखवाळुं. [३ष.
केकल (के कल् अच्) पु० लः नटवो, नाचनारो पु-
केका (के मूर्ध्नि कायते कै क) स्त्री० का. मोरनी वाणी.

' षड्जसंवादिनीः केका द्विधाभिन्नाः शिखंडिभिः '
रघुवंशम्.

केकावल (केकां वलते वल् अच्) पु० लः मोर, मयूर.
केकावली (केकावल ङीप्) स्त्री० ली. ढेल.
केकिक (केका ठन्) पु० कः मोर, मयूर.
केकिन् (केका इनि) पु० की. उपलो शब्द जुओ.
केकेयी (कैकेयी पृषो०) स्त्री० यी. दशरथराजानी એक पत्नी, भरतनी मा.
केचन (किं चन) अव्य० न. कोइक.
केचुक (केचु स्वार्थे क) पु० कः એक जातनुं कंद.
केणिका (के मूर्ध्नि अणकः) स्त्री० का. तंबु, डेरो. पटकुट्ट, पटमंडल.
केत् (चुरा० उभय० सेट् केतयति-ते) १ बोलावबुं, २ आमंत्रण करबुं. ३ संकेत करवो. ४ भरलहत करवी. [३ मूर्ति. ४ ४च्छा.
केत (कित् घञ्) पु० तः १ घर. २ निवास, वास.
केतक (कित् ण्वुल्) पु० कः केवडानुं वृक्ष. केतकी.
केतक (,,) क्ली० कं. केवडो.

' स कौतकी तत्र ददर्श केतकम् '

केतन (कित् ल्युट्) क्ली० नं, १ चिन्ह. २ ध्वज, निशान. ३ कृत्य, कार्य. ४ बोलावबुं, निमंत्रण. ५ स्थान. ६ घर. ७ निवास.
केतु (चाप तु) पु० तुः १ नवग्रहमांहेलो ते नामनो એक ग्रह. २ राहुना ऊर्ध्वदेहवाळो ते नामनो ग्रह. ३ निशान. ४ ज्योतिश्शास्त्रमां उत्पातनो भेद. ५ दीप्ति, प्रकाश. ६ ध्वजा.
केतुतारा (केतुयुक्ता तारा) स्त्री० रा. धूमकेतु.
केतुभ (केतु भा ड) पु० भः मेघ.
केतुमत् (केतु मतुप्) त्रि० मान्-मती-मत्. १ पावठावाळुं. २ निशानवाळुं.
केतुमत् (,,) पु० मान्. १ काशीराज दिवोदासनां वंशमां पेदा थयेल એक राजा. २ એક जातनो भहेल. ३ धन्वंतरिनो એક पुत्र. ४ दानवनो એક भेद. ५ दानवनुं भाषण.
केतुमाल (केतुयुक्ता मालास्य) पु० लः आग्निध्र राजानो એક पुत्र, जंबुद्वीपमांहेलो એક वर्ष.
केतुयष्टि (केतोर्यष्टिः) स्त्री० ष्टिः ध्वजानी दांडी.
केतुरत्न (केतो रत्नं) क्ली० त्नं. એક जातनो मणि. वैदूर्यमणि.
केतुवसन (केतोर्वसनं) क्ली० नं. वावटानुं लुगडुं.
केदर (के दृ अच्) त्रि० रः-रा-रं. केकर शब्द जुओ.
केदार (केन जलेन दारोऽस्य) पु० रः १ हिमालयमांहेलो એક पर्वत. २ हिमालयमांहेलुं स्थान जेने अद्रिकेदार कहेछे. ३ चारे तरफ सेतुबंधवाळुं क्षेत्र. ४ आलवाल, क्यारो. ५ ते नामनुं એક महाक्षेत्र.

' केदारपोषणरताः कंबलवंतं न बाधते शीतम् '
विदग्धमुखमंडनम्.

केदारक (केदार संज्ञायां क) पु० कः खेडेला क्षेत्रमां पेदा थयेल એક जातना चोखा.
केदारज (केदारे जायते जन् ड) त्रि० जः-जा-जं. खेडेला क्षेत्रमां पेदा थयेल. [२अरलीला.
केनती (के सुखार्थं नतिः ङीष्) स्त्री० ती. अमलीलो,
केनार (के वृ घञ्) पु० रः १ माथुं, मस्तक. २ कपाल. ३ सांधो, संधि. ४ डुंभिका नरक.
केनिपात (के निपात्यते नि पत् णिच् अच्) पु० तः वहाणनुं सुकान. [शब्द जुओ.
केनिपातक (के निपात स्वार्थे क) पु० कः उपलो
केंदु (ईषद् इंदुरिव) पु० दुः એક जातनुं सीसमनुं आड.
केंदुक (केंदु स्वार्थेक) पु० कः उपलो शब्द जुओ.
केंद्र ( ) क्ली० द्रं. १ वर्तुलनुं मध्य.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

२ समीकरण. ३ ज्योतिष्मां ४८ लग्नथी पहेलुं, चोथुं सातमुं अने दशमुं स्थान.

केप् (भ्वा० आत्म० सेट् केपते) १ हालवुं २. कांपवुं. ३ जवुं.

केयूर (के बाहुशिरसि याति या ऊर्) पु० क्ली० रः-रं. १ भाजुबंध. २ એક જાતનो ते नामनो रतिबंध.

'केयूरा न विभूषयंति पुरुषं हारा न चंद्रोज्वलाः'
भर्तृहरिः

केरल ( ) पु० व० लाः मलबार देश.

'भयोत्सृष्टविभूषाणां तेन केरलयोषिताम्'
रघुवंशम्.

केरल (केरल अण्) पु० लः मलबार देशनो राजा.

केरली (केरल ङीष) स्त्री० ली. १ हीरा. २ ते नामनो એક જ્યોતિગ્રંથ. ३ केरल देशनी स्त्री.

'कर्णाटीनां मुषितमुरली केरली हारलीलः'
राजेन्द्रकर्णपूरः

केल् (भ्वा० पर० सेट् केलति) केप् धातु जुओ.

केलक (केल् ण्वुल्) पु० कः. ખડ્ગनी धार उपर नाચनार नटवो. [કરવો, રમવું.

केला (कंडवा० आत्म० सेट् केलायते) विलास

केलास (केला सद् ड) पु० सः स्फटिकमणि.

केलि (केल् इन्) पु० स्त्री० लिः-लिः १ खेल, क्रीडा, रमवुं. २ स्त्रीविलास. ३ परिहास. ४ पृथ्वी. ५ पुरुषनुं कांतासाथे विहारथी क्रीडवुं.

'केलिं कुरुष्व परिमुंच्य सरोरुहाणि' उद्भटः

केलि (केल् इन्) स्त्री० लिः १ पृथ्वी, जमीन. २ रमत. ३ क्रीडा

'मालत्याः कुसुमेषु येन सततं केलीकृता लीलया'
भ्रमराष्टकम्.

केलिक (केलिः प्रयोजनमस्य ठन्) त्रि० कः-का-कं. क्रीडा करनार, खेलनार. [वृक्ष.

केलिक (केलिः प्रयोजनमस्य ठक्) पु० कः. अशोक

केलिकदंब (केलेः केल्यर्थः कदंवः) पु० बः એક જાતनुं कदंबनुं झाड. [भोज, विलास.

केलिकला (केलिरूपा कला) स्त्री० ला. खेल, क्रीडा,

केलिकला (केलिना कला यत्र) स्त्री० ला. सरस्वतीनी वीणा.

केलिकिल (केलिना किलति किल् क) पु० लः १ नाटयशास्त्रमां शृंगारवयस्य, विदूषक. २ शिवनो ते नामनो એક अनुचर, कुष्मांडक.

केलिकिला (केलिना किलति किल् क टाप्) स्त्री० ला. कामदेवनी पत्नी रति.

केलिकिलावती (केलि किला मतुप् ङीप्) स्त्री० ती. कामदेवनी पत्नी रति. [ઉંટ, ઉષ્ટ્ર.

केलिकीर्ण (केलिनिमित्तकैर्धूलिभिः कीर्णः) पु० र्णः

केलिकुंचिका (केलेः कुंचिकेव) स्त्री० का. साળी, पोतानी स्त्रीनी बहेन.

केलिकोष (केलीनां कोष इव) पु० षः नट, नटवो.

केलिगृह (केलेः गृहं) क्ली० हं. क्रीडा करवानुं घर, स्त्रीसाथे विलास करवानुं घर. केलिमंदिर.

केलिनागर (केलिप्रधानो नागरः) पु० रः भोग जेने वहालो छे એवो नायक.

केलिपर (केलौ परः) त्रि० रः-रा-रं. क्रीडा करवामां तत्पर, खेल करनार. [स्त्री, विलास.

केलिमुख (केलीनां मुखमत्र) पु० खः परिहास, म-

केलिवन (केलेर्वनम्) क्ली० नं. वाडी.

'अवेक्षते केलिवने प्रविष्टः क्रमेलकः कंटकजालमेव'
किरातार्जुनीयकाव्यम्.

केलिवृक्ष (केलेः क्रीडार्थं वृक्षः) क्ली० क्षं. कदंबनुं झाड. [नार विदूषक.

केलिवृक्ष (केलेर्वृक्ष इव) पु० क्षः परिहास करवा-

केलिशयन (केलौ शयनमत्र) क्ली० नं. पलंग, खाटलो. [रित्री, भूमि, पृथ्वी.

केलिशुषि (केलिना शुष्यति शुष् कि) स्त्री० षिः ध-

केलिसचिव (केलौ सचिवः सहायः) पु० वः केलि करवामां मदद्गार विदूषक वगेरे.

केव् (भ्वा० आत्म० सेट् केवते) सेवबुं.

केवर्त्त (के जले वर्तते वृत् अच्) पु० र्त्तः कोळी, माछलानो वध करनार. कैवर्तक.

केवल (केव् कल्) त्रि० लः-ला-ली-लं. १ अद्वितीय. २ असहाय. ३ એક, એકજ. ४ सघळुं. ५ आખुं બધું

'निषेदुषी स्थंडिल एव केवले' रघुवंशम्.

केवल (,,) अव्य० लं. १ मात्र, फक्त. २ निश्चयपूर्वक, खरेખर.

'न केवलं संप्रति मागधीपतेः' रघुवंशम्.

केवल (,,) पु० लः એક જાતनो कुંભક.

केवल (,,) क्ली० लं. १ ब्रह्मनुं अद्वैतપણું मानवानुं निर्णयज्ञान. २ अवधारण.

केवलज्ञानिन् (केवलं शुद्धं ज्ञानमस्य) पु० नी. अर्हत् मतनो એક साधु. [तीर्थं.

केवलद्रव्य (केवलं च तद् द्रव्यं च) क्ली० व्यं. भरी,

केवलवैयाकरण (केवलो वैयाकरणः) पु० णः मात्र व्याકरणशास्त्र जाणनार, फक्त व्याकरणना ज्ञा-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નવાળો, બીજા કોઈ શાસ્ત્રનું જ્ઞાન નહિ છતાં માત્ર વ્યાકરણ જાણનાર.

केवलव्यतिरेकिन् (केवलो व्यतिरेकी) क्ली० कि. ન્યાયશાસ્ત્રમાં અનુમાનનો એક ભેદ.

केवलान्वयिन् (केवलोऽन्वयोऽस्त्यस्य इनि) त्रि० यी-यिनी-यि. ૧ કેવળ અન્વયવાળું. ૨ કોઈ પણ અભાવવિનાનું.

केवलिन् (केवलं शुद्धं ज्ञानमस्य) पु० ली. જેને શુદ્ધજ્ઞાન પ્રાપ્ત થયું છે એવો જૈન.

केवली (केवल ङीष्) स्त्री० ली. જ્ઞાનનો એક ભેદ.

केविका (केव् ण्वुल् टाप्) स्त्री० का. એક જાતનું પુષ્પ.

केश (क्लिश् अच्) पु० शः ૧ વનસ્પતિવાળો. ૨ વરુણ, દક્ષિણદિશાનો પતિ. ૪ દૈત્યની જાતિ. ૫ વિષ્ણુ. ૬ સૂર્ય અગ્નિ વગેરેનું કિરણ.

केश (के शिरसि शेते शी अच्) पु० शः વાળ, કેશ.

केशक (केशेषु प्रसिद्धः ठन्) त्रि० कः-शिका-कं. કેશની રચના કરવામાં તત્પર.

केशकर्मन् (केशानां कर्म रचनादि) क्ली० र्म. કેશ સુધારવાનું, સાફ કરવાનું, સંસ્કાર કરવાનું કર્મ.

केशकलाप (केशानां कलापः) पु० पः કેશનો સમૂહ, કેશનો જથ્થો. [शैलडी, ४क्षु.

केशकार (केशं केशाकारं करोति कृ अण्) पु० रः

केशकारिन् (केशं तद्रचनां करोति कृ णिनि) त्रि० री-रिणी-रि. કેશની રચના કરનાર.

केशकीट (केशेषु कीटः) पु० टः કેશનો કીડો, જૂ.

केशगर्भ (केशः गर्भेऽस्य) पु० र्भः વરુણ, દક્ષિણદિશાનો પતિ.

केशगर्भक (केशः गर्भेऽस्य कप्) पु० कः ચોટલાની અથવા ચોટલીની લટ, વેણી, કબરી.

केशगृहीत ( ) त्रि० तः-ता-तं. જેના કેશ પકડેલ હોય છે તે.

केशग्रह (केशस्य ग्रहः) पु० हः કેશનું પકડવું.

केशग्रहण (केशस्य ग्रहणं) क्ली० णं. ઉપલો શબ્દ જુઓ.

केशघ्न (केशान् हंति हन् टक्) क्ली० घ्नं. એક જાતનો રોગ જેમાં વાળ ખરી જાય છે, ઉંદરી. इंद्रलुप्तक.

केशच्छिद् (केशान् छिनत्ति छिद् क्विप्) पु० त्-द्. હજામ, વાળંદ, નાપિત. [જુઓ.

केशच्छिद (,,) पु० दः ઉપલો શબ્દ

केशट (केशेषु केशान् वा अटति अट् अच्) पु० टः ૧ વિષ્ણુ. ૨ બકરો, બોકડો. ૩ ભાઈ, બંધુ, ભ્રાત. ૪ માંકડ. ૫ શોપણ નામે કામદેવનું એક બાણ. ૬ શોનક વૃક્ષ. [જાતનું તૃણ.

केशधृत् (केशमिव धरति धृ क्विप्) पु० त्. એક

केशनामन् (केशस्य नामेव नाम यस्य) क्ली० म. સુગંધિ વાળો. [બ્દ જુઓ.

केशपक्ष (केशानां समूहः पक्षादेशः) केशकलाप श-

केशपंक्ति (केशानां पंक्तिः) स्त्री० क्तिः કેશની હાર, કેશની ઓળ. [સ્પતિ અધાડો.

केशपर्णी (केशमिव पर्णमस्याः ङीष्) स्त्री० र्णी. वन-

केशपाश (केशानां पाशः पाशादेशः) पु० शः केशकलाप शબ્દ જુઓ.

'तं केशपाशं प्रसमीक्ष्य कुर्युर्बालप्रियत्वं शिथिलं चमर्यः' कुमारसंभवम्.

केशपाशी ( ) स्त्री० शी. શિખા, ચોટલીની લટ જે કે માથામાં વચ્ચે હોય છે તે.

केशप्रसाधनी (केशः प्रसाध्यतेऽनया प्रसाध् ल्युट् ङीष्) स्त्री० नी. દાંતીઓ કાંસકી વગેરે વાળ સાફ કરવાનું સાધન. [મસ્તક.

केशभू (केशानां भूरुत्पत्तिस्थानं) स्त्री० भूः માથું

केशमथनी (केशो मथ्यतेऽनया मथ् ल्युट् ङीष्) स्त्री० नी. બીજાનું ઝાડ. शमीवृक्ष.

केशमार्जक (केशान् मार्ष्टि मृज् ण्वुल्) पु० कः દાંતીઓ કાંસકી. केशप्रसाधनी. [બ્દ જુઓ.

केशमार्जन (केशो मृज्यतेऽनेन) पु० नः ઉપલો શ-

केशमार्जन (केशस्य मार्जनं) क्ली० नं. વાળને સાફ કરવા તે. [બડાનું ઝાડ.

केशमुष्टि (केशानां मुष्टिरिव) पु० ष्टिः મોટા લીં-

केशर (के जले शिरसि वा शीर्यति शॄ अच्) पु० क्ली० रः-रं. કુસુમની અંદરનું કેશર, પદ્મ વગેરે ફુલમાં પેદા થનાર કેશના આકારનો તંતુ.

केशर (के जले शिरसि वा शीर्यति शॄ अच्) पु० रः ૧ નાગકેશરનું ઝાડ. ૨ પુન્નાગવૃક્ષ. ૩ કેશવાળી. ૪ કેસર, કુંકુમ. ૫ બકુલવૃક્ષ. [ઝાડ, હિંગ.

केशर (,,) क्ली० रं. હિંગનું

केशरचना (केशस्य रचना) स्त्री० ना. કેશનું ગુંથવું, ઓળવું વગેરે સંસ્કાર.

केशरंजन (केशान् रंजयति रंज् ल्युट्) पु० नः ભાંગરાનું ઝાડ. [ઉપલો શબ્દ જુઓ.

केशराज (केशा राजंतेनेन राज् घञ्) पु० जः

केशराल्ल (केशरे तदवच्छेदे आल्लः) पु० ल्लः ૧ ધંતુરાનું ઝાડ. ૨ સંતરાનું ઝાડ. ૩ બીજોરાનું ઝાડ.

केशरिन् (केशर णिनि) पु० री. ૧ સિંહ. ૨ ઘોડો. ૩ નાગકેસરનું ઝાડ. ૪ પુન્નાગ વૃક્ષ. ૫ બીજો-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાનું ઝાડ. ૬ હનુમાનનો બાપ. ૭ એક જાતનો વાંદરો.

केशरिसुत (केशरिणः सुतः) पु० तः હનુમાન્.

केशलुंच (केशान् लुंचति लुच् अच्) पु० चः મુંડિત-મુંડ, જૈનનો એક મુનિ.

केशव (केशाः प्रशस्ताः संत्यस्य) त्रि० वः-वा-वं. ૩ઝા કેશવાળું, ૩ડી કેશવાળી વાળું.

केशव (केशं केशिनं वाति हंति वा क) पु० वः ૧ વિષ્ણુ. ૨ પરમેશ્વર. ૩ વિષ્ણુમૂર્તિનો ભેદ.

केशव (के जले शवः) पु० वः પાણીમાં રહેલું મડદું.

'के शवं पतितं दृष्ट्वा द्रोणो हर्षमुपागतः'

विदग्धमुखमंडनम्.

केशवत् (केश मतुप्) त्रि० वान्-वती-वत्. કેશવાળું કેશવાળીવાળું. [केशवता.

केशवत्व (केशवस्य भावः) क्ली० त्वं. વિષ્ણુપણું.

केशवर्द्धिनी (केशा वर्द्धंतेऽनया वृद्ध् ल्युट् ङीप्) स्त्री० नी. વનસ્પતિ મહાબલા.

केशवायुध (केशवस्यायुधाकारोऽस्त्यस्य) पु० धः આંબાનું ઝાડ. આમ્રવૃક્ષ, સહકારવૃક્ષ; માકંદ-વૃક્ષ. [દિર. ૨ પિંપળાનું ઝાડ.

केशवालय (केशवस्यालयः) पु० यः ૧ વિષ્ણુમં-

केशवावाल ( ) पु० लः ઉપલો શબ્દ જુઓ. [શબ્દ જુઓ.

केशववास (केशवस्यावासः) पु० सः केशवालय

केशवेश (केशस्य वेशः) पु० शः ૧ કેશબંધરચના. ૨ કબરીબંધન.

केशहंतृफला (केशहंतृ फलमस्याः) स्त्री० ला. ખી-જડાનું ઝાડ. શમીવૃક્ષ, કેશહંત્રી.

केशहंत्री (केशान् हंति हन् तृच् ङीप्) स्त्री० त्री. ઉપલો શબ્દ જુઓ.

केशहस्त (केशो हस्त इव) पु० स्तः કેશનો સમૂહ, કેશનો જથ્થો.

'लक्ष्मीवान् सरसि रराज केशहस्तः' माघः

केशाकेशि (केशेषु केशेषु गृहीत्वा प्रवृत्तं युद्धं) अव्य० शि. સામસામે એક બીજાના કેશ પકડી થયેલું યુદ્ધ.

केशांत (केशतयति छेदनात्) पु० तः બ્રાહ્મણને ૧૬ માં વર્ષે ક્ષત્રિયને ૨૨ મા વર્ષે અને વૈશ્યને ૨૪ માં વર્ષે કેશછેદન નામનું ગોદાન કર્મ થાયછે તે.

केशांत (केशस्यांतः) पु० तः કેશનો અંતભાગ, કેશનો અગ્રભાગ.

'केशांतमंतः कुसुमं तदीयम्' कुमारसंभवम्.

केशांतिक (केशांतः केशपर्य्यंतः परिमाणमस्य ठक्) त्रि० कः-का-कं. કેશના અંતભાગ સુધી પોહોચ-નારૂં.

केशारि (केशस्य अरिः) पु० रिः નાગકેશરનું ઝાડ.

केशार्हा (केशं केशवर्णमर्हति अर्ह् अण्) स्त्री० र्हा. ગળીનું ઝાડ.

केशावकर्षण (केशानामवकर्षणं) क्ली० णं. ધણું-કરીને પ્રીતિથી કેશ ખેંચવા અથવા કેશ તાણવાતે.

केशि ( ) पु० शिः તે નામનો એક દા-નવ.

केशिक (प्रशस्तः केशो यस्य ठक्) त्रि० कः-का-कं. ૧ ૩ઝા કેશવાળું. ૨ વખાણવા યોગ્ય કેશવાળું.

केशिक (केशस्येदं) त्रि० कः-का-कं. કેશસંબંધી, કેશનું, કેશને લગતું. [ति सतावळ.

केशिका (केशीव कायति कै क) स्त्री० का. વનસ્પ-

केशिन् (केश प्राशस्त्ये भूम्नि वा इनि) त्रि० शी-शिनी-शि. ૩ઝા કેશવાળું, ઘણા કેશવાળું, કેશના જેવી કાળાશવાળું.

केशिन् (केश् इनि) पु० शी. દ્વાપરયુગમાં કૃષ્ણે મારેલો તે નામનો અસુર.

केशिनिसूदन (केशिनं निषूदयति नि सूद् ल्यु०) पु० नः વાસુદેવ, કૃષ્ણ.

केशिनी (केश इनि ङीप्) स्त्री० नी. ૧ વનસ્પતિ જટામાંસી. ૨ ૩ઝા કેશવાળી સ્ત્રી. ૩ ઘણા કેશવાળી સ્ત્રી. ૪ કન્યા૩૫માં અપ્સરાનો એક ભેદ. ૫ પાર્વ-તીની તે નામની એક સહચરી. ૬ અજમીઢ રા-જાની તે નામની એક પત્ની. ૭ સુહોત્ર રાજાની તે નામની ભાર્યા. ૮ સગર રાજાની તે નામની સ્ત્રી. ૯ રાવણની મા.

केशी (केश ङीप्) स्त्री० शी. ૧ ગળીનું ઝાડ. ૨ વ-નસ્પતિ જટામાંસી. ૩ વનસ્પતિ મહાસતાવરી.

केशोच्चय (केशानां उच्चयः) पु० यः કેશનો સમૂહ, વાળનો જથ્થો.

केश्य (केशाय हितः यत्) त्रि० श्यः-श्या-श्यं. કેશ-ના વધવામાં તથા કાળાશમાં ફાયદાકારક, કેશ માટે હિતનું.

केश्य (केश् यत्) क्ली० श्यं. કૃષ્ણાગુરૂચંદન.

केश्य (केशाय हितः यत्) पु० श्यः ભાંગરાનું ઝાડ.

केसर (के जले सरति सृ अच्) पु० क्ली० रः-रं. એ બન્ને લિંગનો કેશર શબ્દ જુઓ.

केसर (के जले सरति सृ अच्) पु० रः પુલ્લિંગી કેશ-ર શબ્દ જુઓ. [द्युसृण.

केसरवर (केसरेषु वरं) क्ली० रं કેશર. કુંકુમ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

केसराम्ल (के जलनिमित्तं सरति आम्लो रसोऽस्य) पु० म्लः केशराम्लः शब्द જુઓ.
केसारिका (के जले सरति सृ अच् टाप् इत्वं) स्त्री० का. सहदेवी લતા.
केसरिन् (केसरोऽस्त्यस्य इनि) पु० री. १ घोडो. २ सिंह. ३ पुन्नागनुं ઝાડ. ४ नागકેસરનું ઝાડ. ५ એક જાતના शरगवानुं ઝાડ. ६ હનુમાન્નો બાપ.
केसरिसुत (केसरिणः सुतः) पु० तः હનુમાન્, भाરૂति. [કરવો.
कै (भ्वा० पर० सेट् कायति) अवाज કરવો, शब्द
कैंशुक (किंशुकस्येदं अण्) क्ली० कं. કેસુડું, ખાખરાનું ફુલ. [રાજા.
कैकय (केकय स्वार्थे अण्) पु० यः કૈકય દેશનો
कैकयी (कैकय ङीप्) स्त्री० यी. દશરથ રાજાની રાણીઓ પૈકી તે નામની એક, ભરતની માતા.
कैकस (केकसः अस्तिसारतयाऽस्त्यस्य अण्) पु० सः તે નામનો એક રાક્ષસ. [મની એક કન્યા.
कैकसी (कैकस ङीप्) स्त्री० सी. सुमालीनी તે ना-
कैंकर्य (किंकरस्य भावः) क्ली० र्यं. ચાકરપણું, दास-પણું. किंकरत्व; किंकरता; दास्य.
कैकेय (केकयानां राजा अण्) पु० यः કૈકય દેશનો રાજા.
कैकेयी (कैकेय ङीप्) स्त्री० यी. कैकयी शब्द જુઓ.
कैटज (कुटज पृषो०) पु० जः कुटज शब्द જુઓ.
कैटभ ( ) पु० भः તે નામનો એક દૈત્ય, જેને વિષ્ણુએ માર્યો હતો. [વિષ્ણુ.
कैटभजित् (कैटभं जितवान् जि क्विप्) पु० त्-द्.
कैटभारि (कैटभस्य अरिः) पु० रिः વિષ્ણુ.
कैटभी (कैटभ अण् ङीष्) स्त्री० भी. મહાકાલી.
कैटर्य (कैटं राति रा क ष्यञ्) पु० र्यः १ वनस्पति કાયફલ. २ કરીયાતાનું ઝાડ. ३ पूतिકरંજનું ઝાડ. ४ भद्रवृक्ष.
कैटर्यक (कैटर्य स्वार्थे क) पु० कः ઉપલો शब्द જુઓ.
कैडर्य (कैडर्य पृषो०) पु० र्यः कैटर्य शब्द જુઓ.
कैतव (कितवस्य भावः कर्म वा अण्) क्ली० वं. १ शઠપણું. २ કપટ. ३ જુગાર, જુગટું. ४ वैदूर्य-મણિ.
कैतव (कैतव स्वार्थे अण्) त्रि० वः-वा-वं, १ કપટી. २ જુગારી, જુગટીઓ. ३ शठ.
कैतव (कितव अण्) पु० वः धंतुरानुं ઝાડ.
कैतवक ( ) क्ली० कं. ભયકારક અને સંકટ કારક જુગટું.
कैतवेय (कितवायाः अपत्यं ढक्) पु० यः अंशुमान् રાજાનો પુત્ર ઉલુક.
कैदार (केदारस्येदं अण्) त्रि० रः-रा-रं. ખેતરનું, ખેતર સંબંધી. [સમૂહ.
कैदार (के दार अण्) क्ली० रं. ખેતરો, ખેતરનો
कैदार (,,) पु० रः ભાત, ચોખા, शालि. [સમૂહ.
कैदारक (कैदार वुञ्) क्ली० कं. ખેતરો, ખેતરનો
कैदारिक (केदार ठञ्) क्ली० कं. ખેતરો, ખેતરનો સમૂહ. [ત્રસંબંધી.
कैदार्य (केदारस्येदं) त्रि० र्य्यः-र्य्या-र्यं. ક્ષેત્રનું ક્ષે-
कैदार्य (केदार ष्यञ्) क्ली० र्यं. ખેતરો, ખેતરનો સમૂહ. [न्नरસંબંધી.
कैन्नर (किन्नरस्येदं) त्रि० रः-री-रं. કિન્નરનું, કિ-
कैन्नर (किन्नरः तन्नामवर्षः अभिजनो यस्य ष्यञ्) त्रि० रः-री-रं. કિન્નરવર્ષમાં રહેનાર.
कैरलेय (केरलस्य राजा ढक्) पु० यः કેરલ દેશનો રાજા, મલબાર દેશનો રાજા.
कैरव (के जले रौति रु अच्) पु०क्ली०वः-वं. પોયણું.

' कस्मै नाथ समर्प्य कैरवकुलं व्योमांतमालंबसे '
उद्भटः

कैरव (किरव अण्) क्ली० वं. કપટવેશ, ઠગબાજી, કૈતવ.
कैरव (,,) पु० वः शत्रु, वैरी, दुश्मन.
कैरविणी (कैरवाणां समूहः) स्त्री० णी. १ પોયણા-નો સમૂહ, પોયણાનું ટોળું. २ પોયણાવાળું તલાવ.
कैरविणीखंड (कैरविणीनां समूहः) पु० डः પોય-ણાની વેલનો સમૂહ.
कैरविणीफल ( ) क्ली० लं. પોયણાનું બીજ. कुमुदिनीबीज. [चंद्र, चंद्रमा.
कैरविन् (कैरवं प्रकाशतयाऽस्त्यस्य इनि) पु० वी.
कैरवी (कैरवस्य प्रिया अण् ङीप्) स्त्री० वी. १ चां-दनी, चंद्रनुं અજવાળું. २ મેથી.
कैराटक (किरं पर्वतभूमिमटति अट् ण्वुल् ततः स्वार्थे अण्) पु० कः એક જાતનું સ્થાવર વિષ.
कैरात (किरात इव शूरः अण्) त्रि० तः-ता-तं. બ-લવાન्, शक्तिमान्, જોરાવર.
कैरात (किरातदेशे भवः अण्) क्ली० तं. १ वनस्पति કરીઆતુ. २ चंदनનો એક ભેદ.
कैरात (किरातस्येदं अण्) त्रि० तः-ती-तं. ભીલનું, ભીલસંબંધી. [રીઆતું.
कैरातक (कैरात स्वार्थे क) क्ली० कं. वनस्पति કરીઆતું.
कैराल (कैरं पर्वतभूमिमलति अल् अण् ततः स्वार्थे

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

अण्) क्ली० लं. वनस्पति वावडींग.
कैराली (कैराल ङीप्) स्त्री० ली. ઉપલો શબ્દ જુઓ. [विलास.
कैल (केलीनां समूहः) क्ली० लं. ક્રીડા, ખેલ, રમત.
कैलास (कैल तेनास्यतेऽत्र आस् घञ्) पु० सः તે નામનો એક પર્વત, જેના ઉપર શિવ અને કુબેર રહે છે.
'कैलासस्य त्रिदशवनितादर्पणस्यातिथिःस्याः' मेघदूतम्.
कैलासनाथ (कैलासस्य नाथः) पु० थः १ शिव. २ કુબેર. [१ કુબેર. २ મહાદેવ, शिव.
कैलासनिकेतन (कैलासः निकेतनमस्य) पु० नः
कैलासौकस् (कैलास ओको यस्य) पु० काः १ કુબેર. २ शिव.
कैवर्त्त (के जले वर्तते वृत् अच् ततः स्वार्थे अण्) पु० र्त्तः કેળી વગેરે, માછલાં મારનાર.
कैवर्त्तक (कैवर्त्त स्वार्थे क) पु० कः ઉપલો શબ્દ જુઓ. [વેલો. वल्लरंगा.
कैवर्त्तिका (कैवर्त्ती कन्) स्त्री० का. એક જાતનો
कैवर्त्तमुस्तक (कैवर्तमुस्त कन्) क्ली० कं. वनस्पति જલ મુસ્તા. कैवर्त्तमुस्त.
कैवर्ती (कैवर्त्तस्य स्त्री) स्त्री० र्ती. કૈવર્ત્તની પત્ની.
कैवर्ती (कैवर्त अण् ङीप्) स्त्री० र्ती. એક જાતની મોથ. [રપતિ વાવડીંગ.
कैवल (के वलते वल् अच् स्वार्थे अण्) क्ली० लं. वन-
कैवल्य (केवलस्य भावः ष्यञ्) क्ली० ल्यं. આત્યંતિક દુઃખના દૂર થવા રૂપી મુક્તિનો એક ભેદ, કેવળપણું, નિરાળાપણું.
कैवल्य (केवल एव स्वार्थे क ष्यञ्) क्ली० ल्यं. અદ્વિતીય વસ્તુ, એકજ વસ્તુ.
कैवल्य (कैवल्यं स्वरूपत्वेनास्त्यस्य) त्रि० ल्यः-ल्या-ल्यं. કૈવલ્ય સ્વરૂપ જેને છે તે, એકલું, એકાકી.
कैशव (केशवस्येदं) त्रि० वः-वा-वं. કેશવનું, કેશવ-સંબંધી.
कैशिक (केशानां समूहः ठक्) क्ली० कं. કેશનો સમૂહ, કેશનો જથ્થો.
कैशिक (केश ठन्) पु० कः १ शृंगार. २ તે નામનો એક રાજા. ३ પ્રીતિ.
कैशिकी (कैशिक ङीप्) स्त्री० की. નાટકપ્રસિદ્ધ કૈશિકી, આરભટી, સાત્વતી અને ભારતી એવી ચાર પ્રકારની વૃત્તિમાંહેલી તે નામની એક.
कैशोर (किशोरस्य भावः अञ्) क्ली० रं. કિશોરપણું, બાલકપણું, પંદર વર્ષસુધીની અવસ્થા.
कैशोरक (कैशोर स्वार्थे क) क्ली० कं. ઉપલો શબ્દ જુઓ.
कैश्य (केश यत्) क्ली० श्यं. ઘણા કેશ, ૩ડા કેશ.
कैशी ( ) स्त्री० शी. वनस्पति પહાડમૂલ.
कोक (कुक् अच्) पु० कः १ ચકવો પક્ષી, ચક્રવાક. २ દેડકો. ३ કાકીડો. ४ ખજુરીનું ઝાડ. ५ વિષ્ણુ. ६ વરૂ.
कोकड (कोकं तद्रवं लाति ला क) पु० डः એક જાતનો મૃગ. चमरमृग. [પારેવું કબુતર.
कोकदेव (कोक इव दिव्यति दिव अच्) पु० वः
कोकनद (कोकान् नदति नादयति नद् अच्) पु० दः રાતું પદ્મ, રાતું પોયણું.
कोकनदच्छवि (कोक नदस्य च्छविरिव च्छविर्यस्य) पु० विः રાતો વર્ણ, રક્તવર્ણ.
कोकनदच्छवि (,,) त्रि० वि:-विः-वि. રાતું, રાતા રંગવાળું.
कोकवंधु (कोकयोर्मेलनकारित्वात् वंधुरिव) पु० धुः १ સૂર્ય, સૂરજ. २ આકડાનું ઝાડ.
कोकरक ( ) पु० ब० काः તે નામનો એક દેશ. [वः એક જાતનો મૃગ.
कोकवाच (कोकस्य वाचेव वाचा रवो यस्य) पु०
कोकामुख (कोकः आमुखे यस्य) क्ली० खं. ભારત-પ્રસિદ્ધ તે નામનું એક તીર્થ. [ધોડો. कर्क.
कोकाह (कोक इवाहंति आ हन् ड) पु० हः ધોળો
कोकिल (कुक् इलच्) पु० लः १ કોયલપક્ષી, કોકિલપક્ષી, કોયલ જનાવરનો નર. २ અંગાર.
कोकिलक (कोकिल संज्ञायां कन्) पु० कः તે નામનો એક છંદ.
कोकिलनयन(कोकिलस्य नयनमिव नयनमस्य) पु० नः રાતા પુષ્પવાળું એક જાતનું વૃક્ષ.
कोकिला (कोकिल टाप्) स्त्री० ला. १ કોયલપક્ષી, કોયલપક્ષીની માદા. २ વનસ્પતિ કાંકોલી.
कोकिलाक्ष (कोकिलस्य अक्षीव रक्तं पुष्पमस्य टच्) पु० क्षः कोकिलनयन શબ્દ જુઓ.
कोकिलावास (कोकिलस्य आवासो यत्र) पु० सः આંબાનું ઝાડ. [જાતની શેલડી.
कोकिलेक्षु (कोकिल इव कृष्णः इक्षुः) पु० क्षुः એક
कोकिलेष्टा (कोकिलस्य इष्टा) स्त्री० ष्टा. મોટા જાંબુડાનું ઝાડ. [આંબાનું ઝાડ.
कोकिलोत्सव (कोकिलानामुत्सवोऽत्र) पु० वः
कोंक ( ) पु० ब० काः કોંકણદેશ.
कोंकण ( ) पु० ब० णाः ઉપલો શબ્દ જુઓ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

कौंकण (कोंकण अण्) क्ली० णं. એક જાતનું અસ્ત્ર.
कौंकणा (कोंकणदेशोद्भवा अण्) स्त्री० णा. પરશુરામની મા. રેણુકા.
कौंकणासुत (कोंकणायाः सुतः) पु० तः પરશુરામ, જમદગ્નિનો પુત્ર. [એક જાતિ.
कोच (कुच् घञ्) पु० चः ૧ સંકોચ. ૨ તે નામની
कोजागर (को जागर्ति इति लक्ष्म्या उक्तिरत्र काले) पु० रः शरद् पुनम, આશ્વિનમાસની પૌર્ણમાસી.
कोट (कुट् घञ्) पु० टः ૧ કુટિલપણું, વાંકાપણું. ૨ ગઢ, કોટ. ૩ ઝુંપડી. ૪ છાપરું.
कोटक (कुट् ण्वुल्) त्रि० कः-का-कं. ૧ વાંકું વળનાર. ૨ કુટિલથનાર. ૩ વાંકું, વક્ર.
कोटक (कुट् ण्वुल्) पु० कः ઝુંપડી, ઝીલ્લો, કોટ વગેરે બાંધનાર પુરૂષ.
कोटर (कोटं कौटिल्यं राति रा क) पु० क्ली० रः-रं. વૃક્ષના સ્કંધ વગેરેમાં ગુંફા જેવો પોલો ભાગ.
' उपवनतरुकोटरे विहंगः ' भोजप्रबंधः
कोटरावण (कोटरं दुर्गसन्निकृष्टवनं तथाभूतवृक्षाणां वनं) क्ली० णं. ગુંફા જેવું પોલાણ જે ઝાડના સ્કંધ વગેરેમાં છે એવાં ઝાડવાળું વન.
कोटरी (कोटं कौटिल्यं रीणाति री क्विप्) स्त्री० री. ૧ નગ્ન સ્ત્રી. ૨ પાર્વતી, દુર્ગા.
कोटवी (कोटं कौटिल्यं वाति वा क ङीप्) स्त्री० वी. ઉપલો શબ્દ જુઓ.
कोटि (कुट् इन्) स्त्री० टिः ૧ ધનુષ્નો અગ્રભાગ. ૨ વસ્તુમાત્રનો અગ્રભાગ.. ૩ અસ્ત્રની ધાર. ૪ જેમાં સો લક્ષ આવેછે એવી કરોડની સંખ્યા. ૫ સંશયનું અવલંબન જેને છે એવો વાદ. ૬ પૂર્વપક્ષ. ૭ લંબરેખા. ૮ ઉત્કર્ષ, મોટાઇ, શ્રેષ્ઠતા. ૯ એક જાતની વનસ્પતિ. ૧૦ ત્રિકોણની સરલ રેખા.
कोटिक (कोट्या बहुधा कायति कै क) पु० कः એક જાતનો ચોમાસામાં પેદા થતો રાતો કીડો. इंद्रगोपकीट.
कोटिकास्य (कोटिकस्येवास्यमस्य) पु० स्यः शिवि વંશમાં પેદા થયેલ સુરથ રાજાનો પુત્ર.
कोटिजित् (कोटिं कविकोटिं जितवान् जि क्विप्) पु० त्. રઘુવંશ વગેરે કાવ્ય નાટક કરનાર મહા કવિ કાલિદાસ. [ષ્ટતા સાધવાનું એક અંગ.
कोटिज्या ( ) स्त्री० ज्या. ગ્રહની રપ-
कोटिपात्र (कोटिरग्रं पात्रे जलाशये यस्य) पु० क्ली० त्रः-त्रं. વહાણનું સુકાન. [કોટિનું ફલ.
कोटिफल (कोटेः फलम्) क्ली० लं. ત્રિકોણ વગેરેના
कोटिर (कोटिं राति रा क) पु० रः ૧ ધનુષ્. ૨ નોળીઓ. ૩ પતંગિયો કીડો.
कोटिवर्ष (कोटि वृष् अप्) क्ली० र्षं. બાણાસુરની રાજધાનીનું શહેર.
कोटिश (कोटि शो क) पु० शः ક્ષેત્ર વગેરેનાં ઢેફાં ભાંગી નાખવાનું એક જાતનું ઓજાર.
कोटिश (कोट्या अग्रेण श्यति शो क) पु० शः નાગનું એક કુલ.
कोटिशस् (कोटि शस्) अव्य० शः કરોડોકરોડ.
' गाः कोटिशः स्पर्शयता घटोघ्नीः ' रघुवंशम्.
कोटी (कोटि ङीष्) स्त्री० टी. ૧ कोटि શબ્દ જુઓ. ૨ એક જાતનું શાક.
कोटीर (कोटिमीरयति ईर् अण्) पु० रः ૧ શિરોભૂષણ, તાજ, મુકુટ. ૨ જટા.
' कटोरे कोटीरेस्खलसि जहि जंभारिमुकुटम् '
आनंदलहरी.
कोटीवर्ष (कोटी वृष् अप्) क्ली० र्षं. कोटिवर्ष શબ્દ જુઓ. [મગદળ.
कोटीश (कोटी शो क) पु० शः ઢેફાં ભાગવાનો
कोट्ट (कुट् घञ्) पु० ट्टः ૧ ગઢ, કોટ. ૨ પુરનો એક ભેદ.
कोट्टवी (कोट्टं वाति वा क ङीप्) स्त्री० वी. ૧ નાગી સ્ત્રી. ૨ દુર્ગા, પાર્વતી. ૩ બાણાસુરની મા.
कोट्टवीपुर (कोट्टव्याः पुरम्) क्ली० रं. બાણાસુરનું શહેર.
कोट्टार (कुट्ट् आरक्) पु० रः ૧ કુવો. ૨ તલાવ વગેરેમાં ઉતરવાને કરેલાં પગથીઆં ઘાટ વગેરે. ૩ દુર્વ્યસની પુરૂષ. ૪ નાગર.
कोड (कुडि अच्) पु० डः ગોળ ચાંમહાં જેમાં થાય છે એવો કુષ્ટ રોગ.
कोडर (कुडि अट् पृषो०) पु० रः એક જાતનું વૃક્ષ.
कोण (कुण् घञ् अच् वा) पु० णः ૧ સારંગી વગેરે બજાવવાનું કામઠા જેવું સાધન. ૨ તલવાર વગેરેની ધાર. ૩ ઢોલ વગેરે વગાડવાની દાંડી. ૪ લાકડી, યષ્ટિકા. ૫ મંગલગ્રહ. ૬ શનિગ્રહ. ૭ ખુણો. ૮ ધનુષ્નો એક ભાગ. ૯ ગ્રહ વગેરેનો એક દેશ.
कोणकुण (कोणे मस्तेके कुणति कुण् अच्) पु० णः માંકડ.
कोणप (कोण पा क) पु० पः રાક્ષસ, પિત્તરોગ.
कोणापात (कोणानामाघाता यत्र) पु० तः વાદ્યનો સંઘાત.
' कोणापातेषु गर्जत्प्रलयघनघटान्योन्य संघट्टचंडः '
वेणीसंहारः
कोणि (कुण् इन्) त्रि० णिः-णिः-णि. હુંઠા હાથવા-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ળું, વાંકા હાથવાળું.

કોથ (કુથ્ ઘञ્) પુ० થः ૧ એક જાતનો નેત્ર રોગ. એક જાતનો ભગંદર રોગ. ૩ પડવું, ગલન. ૪ માનખંડન.

કોથ (કુથ્ અચ્) ત્રિ० થः-થા-થં. ગલિત, પડેલું.

કોદંડ (કોः શબ્દિતો દંડો યસ્ય) ક્લી० પુ० ડં-ડः ધનુષ્, ધનુરાશિ. [દેશ. ૨ ભમ્ભર, ભ્રૂલતા.

કોદંડ (,,) પુ० ડः તે નામનો એક

કોદ્રવ (કોः સન્ દ્રવતિ દ્રુ અચ્) પુ० વः એક જાતનું ધાન્ય, કોદરા. [તનું પક્ષી.

કોનાલક (કોને જલોને અલતિ) પુ० કः એક જા-

કોન્વશિર ( ) પુ० રः બ્રાહ્મણના શાપ વડે શૂદ્રપણાને પામેલો ક્ષત્રિય.

કોપ (કુપ્ ઘञ્) પુ० પः ૧ ક્રોધ, ગુસ્સો. ૨ શૃંગારરસનું એક અંગ, પ્રણય કોપ, ધાતુનું વૈષમ્ય કરનાર દોષનો એક જાતનો વિકાર.

કોપક્રમ (કોપસ્ય ક્રમः) પુ० મः ક્રોધનો ક્રમ.

કોપક્રમ (કસ્યં બ્રહ્મણ ઉપક્રમः) પુ० ક્લી० મः-મં. બ્રહ્માએ પ્રથમ જાણીને પ્રારંભ કરેલી જગત્ની સૃષ્ટિ. [વાળું, કોપકનાર.

કોપન (કુપ્ યુચ્) ત્રિ०નः-ના-નં. ગુસ્સાવાળું, ક્રોધ-

કોપન (કુપ્ ણિચ્ લ્યુટ્) ક્લી० નં. ૧ કોપનિષ્પાદક. ૨ કોપસાધક.

કોપન (કુપ્ યુચ્) પુ० નः તે નામનો એક અસૂર.

કોપનક (કોપન કન્) ક્લી० કં. એક જાતનું સુગંધી દ્રવ્ય.

કોપના (કુપ્ યુચ્ ટાપ્) સ્ત્રી० ના. કોપવાળી સ્ત્રી.

' કયાસિ કામિન્ સુરતાપરાધાત્પાદાનતः કોપનયાવધૂતः ' કુમારસંભવમ્.

કોપનીય (કુપ્ અનીયર્) ત્રિ० યः-યા-યં. ૧ કોપ કરવા યોગ્ય. ૨ દ્વેષવિષય. [ખોટો કોપ.

કોપપદ (કોપસ્ય પદં) ક્લી० દં. ક્રોધનો દેખાવ,

કોપયિતૃ (કુપ્ ણિચ્ તૃચ્) ત્રિ० તા-ત્રી-તૃ. ગુસ્સે કરાવનાર, કોપાવિષ્ટ કરનાર.

કોપયિષ્ણુ (કુપ્ ણિચ્ ઇષ્ણુચ્) ત્રિ० ષ્ણુः-ષ્ણુ:-ષ્ણુ. કોપ કરાવતું, ગુસ્સો કરાવતું.

કોપવત્ (કોપ મતુપ્) ત્રિ० વાન્-વતી-વત્. કોપવાળું, ગુસ્સાવાળું.

કોપવૈરિ ( ) પુ० રिः અગથીઆનું ઝાડ.

કોપિત (કુપ્ ણિચ્ ક્ત) ત્રિ० તः-તા-તં. ગુસ્સે ભરાએલું, કોપાવિષ્ટ કરાવેલું. [સંપાદક.

કોપિન્ (કુપ્ ણિચ્ ણિનિ) ત્રિ० પી-પિની-પિ. કોપ-

કોપિન્ (કોપ ણિનિ) ત્રિ० પી-પિની-પિ. કોપવાળું, ગુસ્સાવાળું, ક્રોધવાળું.

કોપિન્ (,,) પુ० પી. પાણીનું. પારેવું.

કોમલ (કુ કલચ્ મુટ્) ત્રિ० લः-લા-લં. ૧ મનોહર. ૨ કુમળું. ૩ દેખાવડું.

' નિશા ચ શય્યા ચ શશાંકકોમલા ' નૈષધીયમ્.

કોમલક (કોમલ સ્વાર્થે ક) ત્રિ० કः-કા-કં. પાણી.

કોમલક (કોમલ સંજ્ઞાયાં કન્) ક્લી० કં. કમલની નાલમાંહેલો તંતુ. [મૃદુપણું, કોમળપણું.

કોમલતા (કોમલસ્ય ભાવः) સ્ત્રી० તા. કુમળાપણું,

કોમલત્વ (કોમલસ્ય ભાવः) ક્લી० ત્વં. ઉપલો શબ્દ જુઓ. [ગવાનું ઝાડ.

કોમલપત્રક (કોમલાનિ પત્રાણ્યસ્ય) પુ० કः શર-

કોમલા (કોમલ ટાપ્) સ્ત્રી० લા. ૧ એક જાતનું ઝાડ. ૨ કુમળી.

કોમાસિકા (ઈષદુમેવાસ્તે આસ્ ણ્વુલ્ ઇત્વં) સ્ત્રી० કા. કુટનું ૫ળ. જાલિકા.

કોયષ્ટિ (કં જલં યષ્ટિરિવાસ્ય) સ્ત્રી० ષ્ટिः એક જાતનું જલચર પક્ષી. [જુઓ.

કોયાષ્ટિકા (કોયષ્ટिः કન્) સ્ત્રી० કા. ઉપલો શબ્દ

કોર (કુલ્ અચ્) પુ० રः દેહસ્થ સંધિનો એક ભેદ.

કોર (કુલ્ ઘञ્) પુ० રः પુલની કળી.

કોરક (કુલ્ ણ્વુલ્) પુ० ક્લી० કः-કં. પુલની કળી. ૨ એક જાતનું સુગંધી દ્રવ્ય. ૩ વનસ્પતિ કંકોલ. ૪ ચકોરપક્ષી. ૫ કમલના નાળનો તંતુ.

કોરકિત (કોરક ઇતચ્) ત્રિ० તः-તા-તં. જેને કળી આવેલ છે તે, જેને કળી પેદા થયેલ છે તે.

કોરંગી (કુર્ અંગચ્ ઙીષ્) સ્ત્રી० ગી. ૧ નાની એલા યચી, સૂક્ષ્મૈલા. ૨ તીખી પીંપર.

કોરદૂષ (કોરં દૂષયતિ દૂષ્ અણ્) પુ० ષः એક જાતનું ધાન્ય કોદ્રા. [ઉપલો શબ્દ જુઓ.

કોરદૂષક (કોરં દૂષયતિ દૂષ્ અણ્ ક) પુ० કः

કોરદૂષ્ય ( ) પુ० ષ્યः કોરદૂષ શબ્દ જુઓ. [કિત શબ્દ જુઓ.

કોરિત (કોર જાતાર્થે ઇતચ્) ત્રિ० તः-તા-તં. કોર-

કોલ (કુલ્ અચ્) પુ० લः ૧ ભુંડ, ડુક્કર. ૨ નાની હોડી, નાનું પડાવું, નાંનું વહાણ. ૩ શનિગ્રહ. ૪ આલિંગવું, ભેટવું. ૫ એક જાતનું શસ્ત્ર. ૬ બોળો. ૭ સંકર જાતિનો મનુષ્ય. ૮ ભિલ્લ, રાની કોળી વગેરે. ૯ કંકોળનું ઝાડ. ૧૦ ચિત્રાનું ઝાડ. ૧૧ તે નામનો એક ક્ષત્રિય જેને સગર રાજાએ ન્યાત બહાર મુક્યો હતો. [ઝાડ.

કોલ (કુલ્ અચ્) પુ० સ્ત્રી० લः-લા-લી. બોરડીનું

કોલ (કોલસ્ય ફલં અણ્) ક્લી० લં. બોરડીનું ૫ળ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બોર.

કોલ (કુલ્ અચ્) ક્લી૦ લં. ૧ વૈદ્યકશાસ્ત્રમાં એક જાતનું તોલ, એક તોલો. ૨ કાળુંભરી. ૩ વનસ્પતિ ચવ્યક.

કોલક (કુલ્ ણ્વુલ્) પુ૦ ક્લી૦ કઃ-કં. ૧ કાળું ભરી. ૨ તીખીપીંપર. ૩ વનસ્પતિ કંકોલ.

કોલકંદ (કોલ ઇવ કંદોઽસ્ય) પુ૦ દઃ એક જાતનું મહાકંદ. [જાતની બોરડીનું ઝાડ.

કોલઘોંટા (કોલા ચાસૌ ઘોંટા ચ) સ્ત્રી૦ ટા. એક

કોલદલ (કોલં બદરિફલમિવ દલમસ્ય) ક્લી૦ લં. સુગંધિ દ્રવ્ય નખલો.

કોલનાસિકા (કોલસ્ય સૂકરસ્ય નાસિકેવ) સ્ત્રી૦ કા. એક જાતની વનસ્પતિ. રંકિની.

કોલપુચ્છ (કોલસ્ય સૂકરસ્ય પુચ્છમિવ પુચ્છમસ્ય) પુ૦ ચ્છઃ કંકપક્ષી.

કોલમૂલ (કોલં બદરીફલમિવ મૂલમસ્ય) ક્લી૦ લં. ઔષધિ પીંપળીમૂળ. પિપ્પલીમૂલ.

કોલંબક (કુલ્ અંબચ્ કન્) પુ૦ કઃ તારરહિત તુંબડા વગેરે સહિત વીણા.

કોલવલ્લી (કોલ ઇવ વલ્લી) સ્ત્રી૦ લ્લી. ઔષધિ ગજપીંપર. ગજપિપ્પલી.

કોલા (કુલ્ અણ્ ટાપ્) સ્ત્રી૦ લા. ૧ ઔષધિ પીંપળીમૂળ. ૨ વનસ્પતિ ચવ્યક. ૩ બોરડીનું ઝાડ. ૪ કોલાપુર.

કોલાંચ ( ) પુ૦ બ૦ ચાઃ કલિંગ દેશ.

કોલાપુર (કોલેવ પુરમ્) ક્લી૦ રં. દક્ષિણ હિંદુસ્થાનમાં તે નામનું એક શહેર, જેમાં લક્ષ્મીનું સ્થાનક છે.

કોલાવિધ્વંસિન્ (કોલાં વિધ્વંસિતું શીલમસ્ય ઇનિ) પુ૦ સી. એક જાતના પહાડી ભૂંડ૦૭.

કોલાહલ (કુલ્ ઘઞ્ તં હલતિ હલ્ અચ્) પુ૦ ક્લી૦ લઃ-લં. ધોંધાટ, દૂર સંભળાય તેવો અવ્યક્ત શબ્દ.

'ततो हलहलाशब्दः पुनः कोलाहलो महान्'

रामायणम्.

કોલિ (કુલ્ ઇન્) સ્ત્રી૦ લિઃ બોરડીનું ઝાડ.

કોલિસર્પ ( ) પુ૦ ર્પઃ સગરવડે ભૂંડ૦૭પણાને પામેલ તે નામનો એક ક્ષત્રીય.

કોલિ (કોલિ ઙીપ્) સ્ત્રી૦ લી. બોરડીનું ઝાડ.

કોલ્યા (કોલમર્હતિ કુલ્ યત્) સ્ત્રી૦ લ્યા. ઔષધિ પીંપળી મૂળ. [૧ વિદ્વાન્. ૨ પંડિત.

કોવિદ (કોવેંદઃ તં વેત્તિ વિદ્ ક) ત્રિ૦ દઃ-દા-દં.

'आत्मनैव गुणदोषकोविदः' माघः

કોવિદાર (કું ભૂમિં વિદૃણાતિ વિ દૃ અણ્) પુ૦ રઃ એક જાતનું ઝાડ. [શબ્દ જુઓ.

કોવિદારક (કોવિદાર સ્વાર્થે ક) પુ૦ કઃ ઉપલો

કોશ (કુશ્ ઘઞ્ અચ્ વા) પુ૦ ક્લી૦ શઃ-શં. ૧ વૃષણ, અંડ. ૨ પુરૂષનું લિંગ. ૩ પુરૂષ વગેરેનો લોંડો. ૪ મુકુલ. ૫ અંગનું રક્ષણ કરનાર વસ્ત્ર, બંડી, અંગરખું વગેરે. ૫ તપાવેલા લોઢાને અડકાડવા વગેરેનો શપથ. ૬ એક જાતનું યજ્ઞપાત્ર, ચમસ. ૭ સમૂહ. ૮ ખડ્ગ વગેરેનું મીઆન. ૯ પક્ષી ઇલાદિનું ઇંડુ. ૧૦ ગર્ભાશય, ગર્ભસ્થાન. ૧૧ સોનું અથવા રૂપું. ૧૨ સોના રૂપાની બનાવેલ વસ્તુ. ૧૩ દ્રવ્ય, ધન વગેરેનાં આગાર, ખજાનો. ૧૪ શબ્દ પર્યાય. [મીઆન બનાવનાર પુરૂષ.

કોશકાર (કોશં કરોતિ) પુ૦ રઃ ખડ્ગ વગેરેનું

કોશકૃત્ (કોશં ખડ્ગાદ્યાવરણં વેષ્ટનં વા કરોતિ કૃ ક્વિપ્) પુ૦ ત્. ખડ્ગ વગેરેનું મીઆન બનાવનાર પુરૂષ, એક જાતની શેલડી.

કોશચંચુ (કોશઃ ચંચૌ યસ્ય) પુ૦ ચુઃ સારસપક્ષી.

કોશપાલ (કોશં પાલયતિ પાલ્ અણ્) પુ૦ લઃ ધન વગેરેના ખજાનાનું રક્ષણ કરનાર, ધનાધ્યક્ષ પુરૂષ.

કોશફલ (કોશે ફલમસ્ય) ક્લી૦ લં. કંકોલ, બોર.

કોશફલા (કોશે ફલમસ્યાઃ ટાપ્) સ્ત્રી૦ લા. વનસ્પતિ નસોતર.

કોશલા (કુશ્ કલ્) સ્ત્રી૦ લા. સરયૂ નદીના તટ ઉપર આવેલું અયોધ્યા શહેર, અયોધ્યા શહેરને ફરતો દેશ.

કોશલાત્મજા (કોશલાધિપસ્ય આત્મજા) સ્ત્રી૦ જા. દાશરથિ રામચંદ્રની ભાતા, કૌશલ્યા.

કોશલાધિપ (કોશલાયા અધિપઃ) પુ૦ પઃ અયોધ્યાનો રાજા.

કોશલિક (કુશલાય કર્મણે દીયતે ઠક્) ક્લી૦ કં. લાંચ, માણસ વગેરેને લલચાવવા આપેલું દ્રવ્ય.

કોશવત્ (કોશ મતુપ્) ત્રિ૦ વાન્-વતી-વત્. ૧ ખજાનાવાળું, દ્રવ્યાગારવાળું. ૨ મુકુલવાળું. ૩ ધનવાન્.

કોશવતી (કોશ મતુપ્ ઙીપ્) સ્ત્રી૦ તી. ૧ ખજાનાવાળી. ૨ એક જાતની વનસ્પતિ.

કોશવાસિન્ (કોશે વસતિ વસ્ ણિનિ) ત્રિ૦ સી-સિની-સિ. ૧ કોશની અંદર રહેનાર કીડો પ્રાણી વગેરે. ૨ મ્યાનમાં રહેનાર.

કોશવૃદ્ધિ (કોશસ્ય વૃદ્ધિરત્ર) પુ૦ દ્ધિઃ ૧ એક જાતનો રોગ. ૨ વધરાવલનો રોગ.

કોશશાયિકા (કોશે શેતે શી ણ્વુલ્) સ્ત્રી૦ કા. મીઆનમાં રહેનાર છરી તલવાર વગેરે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

कोशस्कृत् ( ) पु० त. रेशमनो કીડો.
कोशस्थ (कोशे तिष्ठति स्था क) त्रि० स्थः-स्था-स्थं. કોશની અંદર રહેનાર, મ્યાનની અંદર રહેનાર.
कोशागार (कोशस्यागारं) क्ली० रं. द्रव्यनो ખજાનો રાખવાનું ઠેકાણું. ધનાગાર.
कोशातक (कोशमतात अत् क्वुन्) पु० कः वेदशाખાનો એક ભેદ, કઠશાખા, કેશ.
कोशातकिन् ( ) पु० की. १ धंधो, उद्योग, व्यापार. २ व्यापारी. ३ वडवानल, समुद्र नीचेनो अग्नि.
कोशातकी (कोश अत् क्वुन् ङीप्) स्त्री० की. १ કાકડીનો વેલો. २ અધાડાનું ઝાડ.
कोशाध्यक्ष (कोशस्य अध्यक्ष) पु० क्षः द्रव्यना ખજાના ઉપર દેખરેખ રાખનારો પુરુષ, યક્ષરાજ કુબેર. [णुं, कोशयुक्त.
कोशिन् (कोश इनि) त्रि० शी-शिनी-शि. કોશવા-
कोशिन् (कोश इनि) पु० शी. આંબાનું ઝાડ.
कोशिला (कोश इलच्) स्त्री० ला. રાની મગનું ઝાડ. મુદ્ગપર્ણી.
कोशी (कुश् अच् ङीष्) स्त्री० शी. १ ચામડાના બ્યો-ગ, ચામડાની મોજડી. २ ધાન્ય વગેરેનો અગ્રભાગ.
कोष (कुष् अच्) पु० क्ली० षः-षं. कोश शब्द જુઓ. [२ ધંડુ.
कोषक (कोष् स्वार्थे क) पु० कः १ આંડવો, વૃષણ.
कोषकार (कोषं करोति) पु० रः कोशकार शब्द જુઓ. [शब्द જુઓ.
कोषकृत् (कोषं करोति कृ क्विप्) पु० त्. कोशकृत्
कोषग्रहण (कोष गृह् ल्युट्) क्ली० णं. કસમ લેવરાવવા, શપથ ખવરાવવા તે. कोशग्रहण.
कोषचंचु (कोशः चंचौ यस्य) पु० चुः कोशचंचु शब्द જુઓ. [शब्द જુઓ.
कोषनायक (कोष नी ण्वुल्) पु० कः कोशाध्यक्ष
कोषफल (कोषे फलमस्य) क्ली० लं. कोशफल शब्द જુઓ.
कोषल (कोष अलच्) पु० लः अयोध्या शहेर.
कोषला (कोष् अलच्) स्त्री० ला. ઉપલેટ શબ્દ જુઓ.
कोषलिक ( ) क्ली० कं. લાંચ આપવી, અમલદાર વગેરેને ધનથી લલચાવવા તે.
कोषवत् (कोष मतुप्) त्रि० वान्-वती-वत्. कोशવत् शब्द જુઓ. [રોગ, વધરાવલનો રોગ.
कोषवृद्धि (कोषस्य वृद्धिरत्र) पु० द्धिः અંડવૃદ્ધિનો
कोषशायिका (कोषे शेते शी ण्वुल्) स्त्री० का. મ્યાનમાં રહેનાર છરી, તલવાર ઇત્યાદિ.
कोषशुद्धि (कोषेण शुद्धिः) स्त्री० द्धिः કસમ ખાઇ શુદ્ધ હોવું, શપથ લઇ શુદ્ધ થવું.
कोषाध्यक्ष (कोषस्य अध्यक्षः) पु० क्षः कोशाध्यक्ष शब्द જુઓ.
कोषापहरण (कोषस्य अपहरणं) क्ली० णं. દ્રવ્યનું હરણ કરવું, ખજાનાનું હરણ કરવું.
कोषिन् (कोष इनि) पु० षी. આંબાનું ઝાડ.
कोष्ठ (कुश् थन्) पु० ष्ठः १ ઘરનો મધ્યભાગ. २ ઉદરનો મધ્યભાગ. ३ આમ, મૂત્ર, રક્ત, અગ્નિ, અન્ન વગેરેના સ્થાનકમાંથી પ્રત્યેક, જેમકે આમ-કોષ્ઠ, રક્તકોષ્ઠ, વગેરે.
कोष्ठ (कुश् थन्) पु० क्ली० ष्ठः-ष्ठं. અનાજ રાખ-વાની વખાર, કોઠાર, કુશૂલ.
कोष्ठ (,,) त्रि० ष्ठः-ष्ठा-ष्ठं. પોતાનું. આત્મીય, સ્વકીય.
कोष्ठक (कोष्ठ क) क्ली० कं. १ વખાર. २ કોઠાર. ३ પાણી વગેરે ભરી રાખવાનું ટાંકું વગેરે. ४ ધ-નાગાર. ५ कोष्ठक.
कोष्ठपाल (कोष्ठ पाल् अण्) पु० लः १ કોટવાળ. २ શહેર સુધારો કરનાર. ३ द्रव्यना ખજાનાની રક્ષા કરનાર. ४ ચોકીદાર, પહેરેગીર. ५ ધાન્યા-ગારનું રક્ષણ કરનાર. [વખાર.
कोष्ठागार (कोष्ठ आगारमिव) क्ली० रं. કોઠાર,
कोष्ठागारिक (कोष्ठागारे भवः तत्र नियुक्तो वा ठन्) त्रि० कः-की-कं. १ કોઠારમાં હોનાર, વખારમાં થનાર. २ કોઠારે નીમાયેલ. ३ વખારની સંભાળ માટે નિયુક્ત. [રાનલ.
कोष्ठाग्नि (कोष्ठस्य अग्निः) पु० ग्निः જઠરાગ્નિ. જઠ-
कोष्ण (ईषदुष्ण) त्रि० ष्णः-ष्णा-ष्णं. થોડું ઉનું, થોડું ગરમ.

'भुवं कोष्णेन पीनोधनी मेध्येनावभृथादपि'
रघुवंशम्.

कोष्ण (,,) क्ली० ष्णं. થોડી ગરમી, થોડી ઉનાશ, થોડી ઉષ્ણતા.
कोसल (कुस् अलच्) पु० ब० लाः अयोध्या देश.
कोसल (कोसला अभिजनो यस्य) पु० लाः अयो-ध्याना लोक. [राज.
कोसल (कोसलानां राजा) पु० लः अयोध्या देशनो
कोसला (कुस् अलच् टाप्) स्त्री० ला. अयोध्या शहेर. [योध्यानो राज.
कोसलाधिपति (कोसलस्याधिपतिः) पु० तिः अ-
कोसलेश (कोसलस्य ईशः) पु० शः अयोध्यानो

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

धणी. कोसलेश्वर.

कोहल (कौ हलति हल् अच्) पु० लः १ એક જાતનું વાદ્ય. २ એક જાતનો મધ. ૩ નાટકશાસ્ત્રકાર એક મુનિ. [ऋषि.

कोहनीय ( ) पु० यः તે નામનો એક

कौकली (कोकिलेन दृष्टा अण्) स्त्री० ली. કોકિલ ઋષિએ જોએલી સૌત્રાયણી.

कौकृत्य (कुत्सितं कृत्यं अण्) क्ली० त्यं. १ ખરાબ કામ, કુકર્મ, દુષ્કૃતિ. २ અનુતાપનો વિષય.

' कौकृत्यमनुतापे स्यादयुक्तकरणेपि च ' मेदिनी.

कौक्कुटिक (कुक्कुरीं मायां पादपतनदेशं च पश्यति ठक्) पु० कः १ પોતાના પગ નીચે જીવ જંતુ ન મરી જાય એવા વિચારથી ખાલી પગે ચાલનાર યતિ, સંન્યાસી વગેરે. २ દાંભિક, ઢોંગી, કપટી.

कौक्कुटिकंदल (कौक्कुटिः स इव कंदलः) पु० लः એક જાતનો સર્પ.

कौक्ष (कुक्षौ वद्धः) त्रि० क्षः-क्षा-क्षं. કુખે બાંધેલું, કુક્ષિએ બદ્ધ, પેટને લગતું, ઉદર સાથે સંબંધ રાખનાર. [બાંધેલ તરવાર વગેરે.

कौक्षेय (कुक्षौ भवः ठञ्) त्रि० यः-यी-यं. પેટ ઉપર

' असिं कौक्षेयमुद्यम्य चकाश वनसंमुखम् ' भट्टिः

कौक्षेयक (कुक्षौ वद्धः ढकञ्) पु० कः પેટે બાંધેલ ખડ્ગ, ખડ્ગ, તલવાર.

' कौक्षेयकेण सन्निहितविषधरेणेव चंदनलता '

कादंबरी.

कौंक (कोंक एव) पु० कः કોંકણ દેશ.

कौंकण (कोंकण अण्) पु० ब० णाः કોંકણ દેશ.

कौंकण (कोंकण अण्) पु० णः કોંકણ દેશનો રાજા.

कौंकिण (,,) क्ली० णानि. કોંકણ દેશ.

क्रौंच (क्रौंच एव स्वार्थे अण्) पु० चः क्रौंच પર્વત.

क्रौंचदारण (क्रौंच द्रु युच्) पु० णः કાર્તિકેય, કાર્તિકસ્વામી. [હાથીસંબંધી.

कौंजर (कुंजरस्येदं अण्) त्रि० रः-रा-रं. હાથીનું,

कौंजायनी (कौंजायन ङीप्) स्त्री० नी. બ્રાહ્મણી, બ્રાહ્મણસ્ત્રી. [ઋષિનો બાલક.

कौंजि (कुंजस्यापत्यं पुमान् इञ्) पु० जिः કુંજ

कौट (कूटे अद्रिशृंगे भवः अण्) पु० टः ઇંદ્રયવનું ઝાડ, કુટજ વૃક્ષ.

कौट (कुट्यां भवः अण्) त्रि० टः-टा-टं. સ્વતંત્ર.

कौट (कूटस्य भावः) क्ली० टं. १ મિથ્યા કહેલું. २ ખોટાપણું, જુઠ્ઠાપણું.

कौट (कूटस्येदं) त्रि० टः-टा-टं. १ ઘરનું, ઘરસંબંધી. २ ઘરમાં હોનાર, ઘરમાં થનાર.

कौट (कूट अण्) त्रि० टः-टा-टं- १ દગલબાજ. २ અપ્રામાણિક. ૩ કપટી. ४ જુઠ્ઠાણાભરેલું. ५ પ્રાંસામાં સપડાયેલ.

कौटकिक (कूटं मांसकूटं पण्यमस्य ठञ्) त्रि० कः-का-कं. માંસ વેચનાર, ખાટકી, કસાઈ.

कौटज (कौटे जायते जन् ड) पु० जः ઇંદ્રયવનું ઝાડ, કુટજ વૃક્ષ.

कौटतक्ष (कौटः स्वतंत्रः स चासौ तक्षा च) पु० क्षः પોતાને ઘેર બેસી ધડનાર સુતાર, २ સ્વતંત્ર સુતાર.

कौटल्य (कुटला यञ्) पु० ल्यः. તે નામનો એક મુનિ, वात्स्यायन.

कौटल्य (कुट् कलच् ष्यञ्) क्ली० ल्यं. १ વાંકાપણું. વક્રપણું, કુટિલપણું. २ અપ્રામાણિકપણું.

कौटसाक्ष्य (कूटसाक्षिणो भावः) क्ली० क्ष्यं. ખોટીશાખ, ખોટીગવાહી.

कौटि (कूटस्यापत्यं इञ्) पु० टिः. १ અપ્રમાણિક માણસનો બાલક. २ ખોટું બોલનાર માણસનો બાલક.

कौटिक (कूटेन मृगबंधनयंत्रेण चरति ठक्) त्रि० कः-का-कं. १ ખાટકી, કસાઈ. २ માંસવેચી ઉપજીવિકા કરનાર.

कौटिलिक (कुटिलिकया हरति मृगान् अंगारान् वा) पु० कः. १ લુહાર. २ ખાટકી, કસાઈ. ૩ પારધી.

कौटिल्य (कुटिलस्य भावः ष्यञ्) क्ली० ल्यं. વાંકાપણું.

' कौटिल्यं कचनिचये करचरणाधरतलेषु रागस्ते '

मम्मटः.

कौटिल्य (कुटिल स्वार्थे ष्यञ्) पु० ल्यः. ચાણક્યમુનિ.

' कौटिल्यः कुटिलमतिः स एष येन ' मुद्राराक्षसम्.

कौटीर्य (कुटीरः केवलः स्वार्थे ष्यञ्) त्रि० र्यः-र्या-र्यं. કેવલ, એકલુ, અસહાય. [વૈતી.

कौटीर्या (कौटिरिर्य्या यस्याः) स्त्री० र्या. દુર્ગા, પા-

कौटुंब (कुटुंबं तद् भरणं प्रयोजनमस्य अण्) त्रि० बः-बा-बं. કુટુંબના ભરણ પોષણ માટે ઉપયોગી દ્રવ્ય વગેરે.

कौटुंबिक (कुटंबस्तद् भरणे प्रसृतः ठक्) त्रि० कः-का-कं. કુટુંબના ભરણ પોષણમાં ગુંથાયેલ.

कौटुंबिक (कुटंबे भवः ठक्) त्रि० कः-का-कं. કુટુંબમાં હોનાર, કુટુંબમાં થનાર. कुटुंबमध्यपातिन्.

गंधतृण (गंधपुत्रं तृणं) क्ली० णं. એક જાતનું સુ-
गंधतैल (गंधयुक्तं तैलं) क्ली० लं. અત્તર વગેરે ખુશ્બોદાર તેલ. [લાયચી.
गंधत्वच् (गंधयुक्ता त्वग् यस्याः) स्त्री० क्-ग्. એ-
गंधदला (गंधयुक्तं दलं यस्याः) स्त्री० ला. વનસ્પતિ અજમોદ. અજમોદા.
गंधदारु (गंधप्रधानं दारु) क्ली० रु. ચંદન, સુખડ.
गंधद्रव्य (गंधप्रधानं द्रव्यं) क्ली० व्यं. નાગકેસર.
गंधद्विप (गंधप्रधानो द्विपः) पु० पः એક જાતનો ઉત્તમ જાતિનો હાથી.

'गंधद्विपस्येव मतंगजौघः' किरातार्जुनीयम्.

गंधधूलि (गंधप्रधाना धूलिः) स्त्री० लिः કસ્તુરી.
गंधन (गंध् ल्युट्) क्ली० नं. १ ઉત્સાહ. २ જરી મહેનત. ३ હિંસા, વધ. ४ સ્પષ્ટ કરવું, ખુલ્લું કરવું. ५ સુચવવું, સૂચના. ६ પ્રકાશન.
गंधनकुल (गंधेन नकुलः) पु० लः એક જાતની છછુંદર. [સ્પતિ રાસ્ના.
गंधनाकुली (गंधयुक्ता नाकुली) स्त्री० ली. વન-
गंधनामन् (गंधेति पदयुक्तं नाम अस्य) पु० मा. એક જાતની સુગંધી વનસ્પતિ, રાતી તુલસી.
गंधनाली (गंधस्य नालीव) स्त्री० ली. નાક, નાસિકા. गंधनालिका. [મોગરાનું ઝાડ. નવમલ્લિકા.
गंधनिलया (गंधयः निलयो यत्र) स्त्री० या. ખટ
गंधनिशा (गंधयुक्ता निशा) स्त्री० शा. १ આંબા હળદર, २ શટીકચુરો.
गंधप (गंध पा क) पु० पः પિતૃગણની જાતિ.
गंधपत्र (गंधयुक्तं पत्रं यस्य) पु० त्रः १ નારંગીનું ઝાડ. २ ધોળી તુળશી. ३ બીલાનું ઝાડ.
गंधपत्रा (गंधयुक्तं पत्रं यस्याः) स्त्री० त्रा. શટી કચુરો. [કા.નીચેનો શબ્દ જુઓ.
गंधपत्रिका (गंधयुक्तं पत्रं यस्याः कप् इत्वं) स्त्री०
गंधपत्री (गंधयुक्तं पत्रं यस्याः) स्त्री० त्री. १ વનસ્પતિ આસંધ. २ વનસ્પતિ અજમોદ. ३ એક જાતની વનસ્પતિ. [હળદર. હરિદ્રા.
गंधपलाशिका (गंधयुक्तं पलाशं यस्याः) स्त्री० का.
गंधपलाशी (गंधयुक्तं पलाशमस्याः) स्त्री० शी. १ વનસ્પતિ આંબાહળદર. २ વનસ્પતિ શઢીકચુરો.
गंधपाषाण (गंधयुक्तः पाषाणः) पु० णः ગંધક.
गंधपिशाचिका (गंधेन पिशाचिकेव) स्त्री० का. ધૂપ, ધૂમાડાથી ફેલાતો સુગંધ.
गंधपीता (गंधयुक्तं पीतं पत्रमस्याः) स्त्री० ता. गंधपलाशी શબ્દ જુઓ.
गंधपुष्प (गंधयुक्तं पुष्पमस्य) पु० ष्पः १ વેતસ. २ ગણીઆરીનું ઝાડ. ३ આશોપાલવનું ઝાડ. અક્ષોટ વૃક્ષ.
गंधपुष्पा (गंधयुक्तं पुष्पमस्याः) स्त्री० ष्पा. १ કેતકીનું ઝાડ. २ ગણીઆરીનું ઝાડ. ३ ગળોનો છોડ.
गंधप्रियंगु (गंधयुक्तः प्रियंगुः) पु० गुः ગંધપ્રિયંગુ.
गंधफणिज्झक (गंधप्रधानः फणिज्झकः) पु० कः એક જાતની તુલસી. [ઝાડ. २ બીલીનું ઝાડ.
गंधफल (गंधयुक्तं फलमस्य) पु० लः १ કોઠનું
गंधफला (गंधयुक्तं फलमस्याः टाप्) स्त्री० ला. વનસ્પતિ પ્રિયંગુ, વનસ્પતિ મેથી.
गंधफली (,, ङीप्) स्त्री० ली. સોનચંપાનું ઝાડ.
गंधबंधु (गंधस्य बंधुरिव) पु० धुः આંબાનું ઝાડ.
गंधबीजा (गंधं बीजं यस्याः) स्त्री० जा. મેથી.
गंधभद्रा (गंधेन भद्रमस्याः) स्त्री० द्रा. એક જાતનો વેલો. [જુઓ.
गंधभांड (गंधस्य भांड इव) पु० डः गर्दभांड शब्द
गंधमांसी (गंधप्रधाना मांसी) स्त्री० सी. વનસ્પતિ જટામાંસી.
गंधमातृ (गंधस्य मातेव) स्त्री० ता. પૃથ્વી, ભૂમિ.
गंधमादन (गंधेन मादयति मद् णिच् ल्युट्) पु० क्ली० नः नं. તે નામનો પર્વત.
गंधमादन (गंधेन मादयति मद् णिच् ल्युट्) पु० नः

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

१ वांदरो. २ भमरो. ३ गंधक.

गंधमादनी (गंधेन माद्यतेऽनया) स्त्री० नी. भदिरा.

गंधमादिन् (गंध माद् णिनि) त्रि० दी दिनी-दि. જેનો ગંધ મદ પમાડે છે તે.

गंधमादिनी (गंधमादिन् ङीप्) स्त्री० नी. १ એક જાતનો મધ. २ લાખ. ३ વનસ્પતિ મોરમાંસી.

गंधमार्जार (गंधप्रधानो मार्जारः) पु० रः એક જાતનો બીલાડો. [कुटी. शब्द જુઓ.

गंधमालिनी (गंध मत् णिनि ङीप्) स्त्री० नी. गंध-

गंधमुखा (गंधो मुखेऽस्याः) स्त्री० खा. એક જાતની છછુંદર. [જાતનો વેલો.

गंधमुंड (गंधं मुंडयति मुंड् णिच् अण्) पु० ड: એક

गंधमूल (गंधो मूले यस्य) पु० लः वनस्पति शटी.

गंधमूलक (गंधमूल कन्) पु० कः આંબા હળદર.

गंधमूला (गंधो मूले यस्याः) स्त्री० ला. १ આંબા-હળદર. २ લોબાનનું ઝાડ. ३ વનસ્પતિ રાસ્ના.

गंधमूली (,,) स्त्री० ली. ઉપલો શબ્દ જુઓ.

गंधमूषिक (गंधप्रधानः मूषिकः) पु० कः छछुंदर.

गंधमूषिका (गंधमूषि कन्) स्त्री० का. ઉપલો શબ્દ જુઓ. [શબ્દ જુઓ.

गंधमूषी (गंधप्रधाना मूषी) स्त्री० षी. गंधमूषक

गंधमृग (गंधप्रधानो मृगः) पु० गः કસ્તુરી મૃગ.

गंधमैथुन (गंधेन गंधघ्राणेन मैथुनमस्य) पु० नः બળદીઓ.

गंधमोदन (गंध मुद् णिच् ल्यु) क्ली० नं गंधक.

गंधमोहिनी (गंधेन मोहयति) क्ली० नी. ચંપાની કળી. [બોળ.

गंधरस (गंधयुक्तो रसो यस्य) पु० सः રાતી આ-

गंधराज (गंध राज् अच्) पु० जः ઉમદા ખુશ્બોદાર. દ્રવ્ય. [ગુગળ. २ એક જાતનું ઝાડ.

गंधराज (,,) पु० जः १ એક જાતનો

गंधराज (,,) क्ली० जं. ચંદન.

गंधराजी (गंधेन राजते) स्त्री० जी. સુગંધિ દ્રવ્ય નખલો.

गंधर्व (गंध अर्व् अच्) पु० वः १ એક જાતના દેવ. २ દેવગાયક. ३ ઘોડો. ४ કસ્તુરી મૃગ. ५ એક જાતનું હરણ. ६ મુઆ અને પછી જન્મ્યા અગાઉ જીવની પિશાચરૂપી સ્થિતિ. ७ કોયલ પક્ષી. ८ ગાયક, ગવૈઓ. ९ સૂર્ય. १० જ્ઞાની મનુષ્ય. ११ ધોળી કણેરનું ઝાડ. १२ આકડાનું ઝાડ.

गंधर्वनगर (गंधर्वाणां नगरं) क्ली० रं. ગંધર્વનું શહેર. २ આકાશમાંનું ઉડતું શહેર.

गंधर्व (गंध अर्व् अच्) पु० वः गंधर्व.

गंधर्वविद्या (गंधर्वस्य विद्या) स्त्री० द्या. નાચવું, ગાવું, બજાવવું વગેરે વિદ્યા.

गंधर्वविवाह (गंधर्वविधिना विवाहः) पु० हः આઠ પ્રકારના ધર્મશાસ્ત્રપ્રસિદ્ધ વિવાહ પૈકી તે નામનો એક. [પવેદ.

गंधर्ववेद (गंधर्वस्य वेदः) पु० दः सामवेदनो उ-

गंधर्वहस्त (गंधर्वस्य हस्त इव पत्रमस्य) पु० स्तः એરંડાનું ઝાડ. [શબ્દ જુઓ.

गंधर्वहस्तक (गंधर्वहस्त स्वार्थे क) पु० कः ઉપલો

गंधर्वा (गंधर्व टाप्) स्त्री० र्वा. કોકિલ પક્ષીની માદા.

गंधलता (गंधान्विता लता) स्त्री० ता. કાંગ.

गंधलोलुपा (गंधे लोलुपा) स्त्री० पा. માખી, ભક્ષિકા. [પદાર્થ વેચનારો. २ ગાંધી.

गंधवणिज् (गंधस्य वणिक्) पु० क्-ग्. १ સુગંધિ

गंधवत् (गध मतुप्) त्रि० वान्-वती-वत्. ગંધવાળુ, બોવાળું, વાસવાળું.

गंधवती (गंधवत् ङीप्) स्त्री० ती. १ પૃથ્વી, ભૂમિ. २ એક શહેરનું નામ. ३ એક જાતનો મધ. ४ સુગંધિ વનસ્પતિ તાલિસપત્ર. ५ નદીવિશેષ.

गंधवल्कल (गंधयुक्तं वल्कलं) क्ली० लं. तज, દાલચીની. [મહાપળા.

गंधवल्लरी (गंधान्विता वल्लरी) स्त्री० री. વનસ્પતિ

गंधवल्ली (गंधयुक्ता वल्ली) स्त्री० ल्ली. ઉપલો શબ્દ જુઓ. [બોવાળું, વાસવાળું.

गंधवह (गंधं वहति) त्रि० हः-हा-हं. ગંધવાળું,

गंधवह (,,) पु० हः १ કસ્તુરીમૃગ. २ પવન, વાયુ. ३ ખુશ્બો જેની પાંસેછે એવો નાયક.

'दिग्दक्षिणा गंधवहं मुखेन' कुमारसंभवम्.

गंधवहा (,, टाप्) स्त्री० हा. નાક, નાસિકા.

गंधवाह (गंधं वहति वह् अण्) पु० हः १ પવન. २ કસ્તુરીમૃગ. [સિકા.

गंधवाहा (,, टाप्) स्त्री० हा. નાક, ना-

गंधविह्वल (गंधेन विह्वलयति) पु० लः ઘઉં. गोधूम.

गंधवृक्ष (गंधयुक्तो वृक्षः) पु० क्षः સાગનું ઝાડ. गंधवृक्षक.

गंधव्याकुल (गंधेन व्याकुलयति) क्ली० लं. કંકોળ.

गंधशटी (गंधयुक्ता शटी) स्त्री० टी. गंधपलाशी शब्द જુઓ. [ચોખા.

गंधशालि (गंधयुक्तः शालिः) पु० लिः સુવાસિક

गंधशुंडिनी (गंधयुक्ता शुंडिनी) स्त्री० नी. गंधमूषिक शब्द જુઓ.

गंधशेखर (गंधः शेखरेऽस्य) पु० रः કસ્તુરી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

गंधसार (गंधयुक्तः सारो यस्य) पु० रः १ भणी-आगरुं. २ गंधक. ३ भोगरानुं झाड.
गंधसूची ( ) स्त्री० ची. गंधमुखी शब्द जुओ. [णानुं पुल.
गंधसोम (गंधार्थं सोमोऽस्य) क्ली० मं. धोळा पोय-
गंधहारिका (गंध हृ ण्वुल्) स्त्री० का. गंधकारिका शब्द जुओ.
गंधा (गंध् णिच् अच् टाप्) स्त्री० धा. १ ચંપાની કળी. २ शढी કચુरो. शटी.
गंधाखु (गंधयुक्तः आखुः) पु० खुः छछुंदर.
गंधाजीव (गंधेन आजीवति) पु० वः गंधवणिज् शब्द जुओ. [गंधवाणुं.
गंधाढ्य (गंधेनाढ्यः) त्रि० ढ्यः-ढ्या-ढ्यं. गंधभरेल,
गंधाढ्य (,,) पु० ढ्यः नारंगीनुं झाड.
गंधाढ्य (,,) क्ली० ढ्यं. चंदन.
गंधाढ्या (गंधेन आढ्या) स्त्री० ढ्या. १ पीणी जुઈ. २ ખુશ્બો જેની પાંસે છે એવી સ્त्री. ३ तરણી.
गंधापकर्षण (गंधस्यापकर्षणं) क्ली० णं. गंधनुं કઢાડી नांખवुं. [रानी भीन्जेरुं.
गंधाम्ला (गंधयुक्तोऽम्लोरसो यस्याः) स्त्री० म्ला.
गंधार (गंधमृच्छति ऋ अण्) पु० रः १ सप्त स्वर-पैકी ते नामनो એક स्वर. गांधार. २ सिंदुर. ३ राग. [એક देश. કંદહार.
गंधार (,,) पु० व० राः ते नामनो
गंधारि (गंधस्य अरिः) पु० रिः वनस्पति रातो धमासो. [એક જાતની वनस्पति.
गंधाला (गंधाय अलति अल् अच् टाप्) स्त्री० ला.
गंधालिका (गंधाली कन्) स्त्री० का. वनस्पति કપુरકાચली. [लो शब्द जुओ.
गंधाली (गंधमलति अल् अण् ङीप्) स्त्री० ली. उप-
गंधालीगर्भा (गंधाली गर्भे यस्याः) स्त्री० र्भा. नानी એલાયची. सूक्ष्मैला.
गंधाश्मन् (गंधयुक्तोऽश्मा) पु० श्मा. गंधक.
गंधाष्टक (गंधानां गंधव्याणामष्टकं) क्ली० कं. चंदन, કપુर, केसर, सुगंधी वाળो, नागरमोथ, गोरोચन, देवदार अने पुल એવાં આઠ सुगंधि द्रव्य.
गंधाह्वा (गंध आ ह्वे) स्त्री० ह्वा. राती तुलसी.
गंधिक (गंध् इन्) पु० कः १ गंधक. २ गंधवणिज् शब्द जुओ. [ओवाળु, गंधयुક्त.
गंधिन् (गंध णिनि) त्रि० धी-धिनी-धि. वासवाળु,
गंधिन् (,,) पु० धी. १ भांકડ. २ કस्तुरीमृग. ३ એક જાતની भाખी. [पत्र.
गंधिनी (गंधिन् ङीप्) स्त्री० नी. वनस्पति तालीस-
गंधोतु (गंधयुक्तः ओतुः) पु० तुः गंधमार्जार शब्द जुओ. [मद्य.
गंधोत्तमा (गंधेन उत्तमा उत्कृष्टा) स्त्री० मा. भदिरा,
गंधोद (गंधवासितं उदकं) क्ली०दं. खुश्बोदार पाणी.
गंधोपजीविन् (गंध उपजीव् णिनि) पु० वी. गंधाजीव शब्द जुओ.
गंधोली (गंध ओलच् ङीप्) स्त्री ली. १ उपलो शब्द जुओ. २ नागरमोथ. [२ किरण.
गभस्ति (गं वभस्ति भस् क्तिच्) पु० स्तिः १ सूर्य.
गभस्ति (,,) पु० स्तिः शिव.
' गभस्तिर्ब्रह्मकृद्ब्रह्मा ब्रह्मविद् ब्राह्मणो गतिः '
महाभारतम्.
गभस्ति (,,) स्त्री० स्तिः स्वाहा नाम्नी अग्निपत्नि. गभस्ती.
गभस्तिपाणि (गभस्तिः पाणिरिवास्य) पु० णिः १ सूरજ. २ आકડानुं झाड. गभस्तिकर. गभस्तिहस्त. [रજ. २ आકડानुं झाड. ३ किरण.
गभस्तिमत् (गभस्ति मतुप्) पु० मान्. १ सूर्य, सू-
गभस्ती (गभस्ति ङीप्) स्त्री० स्ती. स्वाहा नाम्नी अग्निपत्नि.
गभीर (गच्छति जलमत्र गम् ईरन् भादेशः) त्रि० रः-रा-रं. १ ઉંडुं. २ धाडुं. ३ ઉંडो. ४ गंभीर, જેનुं तળीयुं हाथ नहि लागे तेवुं, જેनो ताग न आवे तेवुं.
' जीर्णा तरिः सरिदतीवगभीरनीरा ' उद्भटः
गभीरध्वनि (गभीरश्चासौ ध्वनिश्च) पु० निः गंभीर नाद, ઉંडो अवाज. [नोभत.
गभीरिका (गभीर कन्) स्त्री० का. मोटुं नगारुं,
गभोलिक ( ) पु० कः नानुं गोળ ओशीकुं.
गम् (भ्वा० पर० सेट् गच्छति) જવुं, हालवुं, चालवुं, हांसीલ કरवुं, पामवुं, पहोंચवुं. अनु (अनुगच्छति) पांसे જવुं, अनुसरवुं, नકल કरवी. आ (आगच्छति) आववुं. आ (आगमयते) वार लगाડवी, वाट જोवी. अधि (अधिगच्छति) मेળववुं, पामवुं, अध्ययन કरवुं, छोડवुं, सुકवुं, शीખवुं. अप (अपगच्छति) पांसे જવुं, दूर જવुं, जुदा पડवुं. अव (अवगच्छति) જાણवुं, समજવुं. उत् (उद्गच्छति) पांसे જવुं, पांसे आववुं, ઉપર જવुं. उप (उपगच्छति.) पासे જવुं, उत्पन्न કरवुं, કमुल કरवुं. उप आ (उपागच्छति) पासे

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જવુ, પાસે આવવું, દુઃ (દુર્ગચ્છતિ) દુઃખથી જવું, મુશ્કેલીથી જવું. નિ (નિર્ગચ્છતિ) જ્ઞાન મેળવવું. નિઃ (નિર્ગચ્છતિ) બહાર જવું, પુંઠે જવું. પરિઉત્ (પર્યુદ્ગચ્છતિ) ઉપર ઉડવું. પરિ (પરિગચ્છતિ) ઘેરવું, ઘેરીલેવું, ઘેરોઘાલવો, બહાર જવું. પ્રતિ આ (પ્રત્યાગચ્છતિ) સામું આવવું. વિ (વિગચ્છતિ) શત્રુ ઉપર જવું. સં (સંગચ્છતે) એકઠું જવું, સંગે જવું, ભેટવું. સં આ (સમાગચ્છતિ) મળવું, મુલાકાત કરવી, એકઠું આવવું. સુ (સુગચ્છતિ) આનંદથી જવું, સુખે જવું.

गम (गम् अप्) पु० मः १ રસ્તો, માર્ગ. ૨ જવુ, ગમન. ૩ શત્રુ ઉપર જવું. ૪ ધૂતનો એક ભેદ. ૫ અક્ષવિવર્ત.

गमक (गम् णिच् ण्वुल्) त्रि० कः-का-कं. ૧ બોધક. ૨ જણવનાર. ૩ પહોંચાડનાર.

गमकारित्व (गमकारिणो भावः) क्ली० त्वं. અવિચારપણું. [ભાર્યુ, મુસા૫૨.

गमथ (गम् अथच्) पु० थः ૧ માર્ગ, રસ્તો. ૨ વટે-

गमन (गम् ल्युट्) क्ली०नं. જવું, પ્રયાણ. ૨ મેળવવું, પામવું. ૩ સ્ત્રીપાસે જવું. ૪ સ્ત્રી પુરૂષનો સંયોગ. ૫ શત્રુ વગેરે ઉપર જવું.

गमनार्ह (गमन अर्ह् अच्) त्रि० र्हः-र्ही-र्हं. જવાયોગ્ય, ગમન કરવા લાયક.

गमनीय (गम् अनीयर्) त्रि० यः-या-यं. ૧ ઉપલો શબ્દ જુઓ. ૨ પામવા યોગ્ય. ૩ મેળવવાયોગ્ય. ૪ સોધવાયોગ્ય. ૫ અનુસરવા લાયક.

गमयत् (गम् णिच् शतृ) त्रि० यन्-यंती-यत्. ગતિ કરાવતું, જવાડતું. [ગમનાગમન.

गमागम (गमश्च आगमश्च) पु० मः જવું આવવું,

गमित (गम् णिच् क्त) त्रि० तः-ता-तं. ૧ જવાડેલું, મોકલેલું, પ્રેષિત. [તા૨, ૨ જનાર.

गामिन् (गम इनि) पु० मी. ૧ વહાણમાં જનાર ઉ-

गंब् (भ्वा० पर० सेट् गंबति) ૧ જવું. ૨ ચાલવું.

गंभारी (गम् भृ अण्) स्त्री० री. એક જાતનું ઝાડ. गंभारिका.

गंभीर (गम् ईरन् भादेशः नुमागमश्च) त्रि० रः-रा-रं. ૧ ભંદ. ૨ ગભીર શબ્દ જુઓ.

गंभीर (,,) पु० रः ૧ પદ્મ. ૨ બી-જોરાનું ઝાડ. ૩ જારણ મારણ વગેરેનો મંત્ર.

गंभीरता (गंभीरस्य भावः) स्त्री० ता. ગંભીરપણું.

गंभीरनाद(गंभीरश्चासौ नादश्च) पु० दः ગંભીરધ્વનિ શબ્દ જુઓ. [જાતનો હાથી.

गंभीरवेदिन् (गंभीर विद् णिनि) पु० दी. એક

" चिरकालेन यो वेत्ति शिक्षां परिचितामपि।
गंभीरवेदी विज्ञेयः स गजो गजवेदिभिः ॥ "

गंभीरार्थ (गंभीरश्चासावर्थः) पु० र्थः ઉંડો અર્થ.

गंभीरिका (गंभीर कन् टाप् इत्वम्) स्त्री० का. તે નામની એક નદી. ૨ નદી. ૩ એક જાતનો દૃષ્ટિરોગ. [જુઓ. गंतव्य શબ્દ જુઓ.

गम्य (गम् यत्) त्रि० म्यः-म्या-म्यं. ગમનીય શબ્દ

गम्यता (गम्यस्य भावः) स्त्री० ता. ગમ્યપણું.

गम्यत्व (,, त्व) क्ली० त्वं. ઉપરનો શબ્દ જુઓ.

गय (गै घञ्) पु० यः ૧ જંગલી બળદ. ૨ તે નામનો એક રાજર્ષિ. ૩ અસુરનો એક ભેદ.

गया (गयासुरेण निर्मिता) स्त्री० या. અલાહબાદ પાસે ઉત્તર હિંદુસ્થાનમાં તે નામનું એક તીર્થ.

गर (गृ अच्) पु० क्ली० रः-रं. ૧ વિષ, ઝેર. ૨ વિષભંજક દવા. ૩ વછનાગ.

गर (गृ अप्) पु० रः ૧ રોગ. ૨ જ્યોતિષપ્રસિદ્ધ પાંચમું કરણ. ૩ ગળવું. ૪ ગળીજવું.

गर (,,) त्रि० रः-रा-रं. દુષ્ટ.

गरघ्न (गरं हंति) त्रि० घ्नः-घ्नी-घ्नं. ઝેરનો નાશ કરનાર. [છલી.

गरङ्गी (,,) स्त्री० ङ्गी. એક જાતની મા-

गरण (गृ ल्युट्) क्ली० णं. ૧ ગળવું, ગળીજવું. ૨ ભીનું કરવું, આર્દ્ર કરવું. ૩ પ્રેક્ષણ. ૪ ઝેર.

गरद (गरं ददाति दा क) त्रि० दः-दा-दं. ૧ ઝેર આપનાર. ૨ અપથ્યકારક. ૩ રોગજનક.

'किं कुर्मः कं प्रति ब्रूमो गरदायां स्वमातरि'
उम्दटः

गरद (गरदो क) क्ली० दं. વિષ, ઝેર. [ઝાડ.

गरद्रुम (गरयुक्तः द्रुमः) पु० मः એક જાતનું

गरभ (गृ अभच्) पु० भः ગર્ભ.

गरल (गिरति जीवनं गृ अलच्) क्ली० लं. ૧ વિષ, ઝેર. ૨ સર્પવિષ. ૩ તૃણનું મૂળ. ૪ ખડની થોકડી. ૫ એક જાતનું ધાન.

'गरलमिव कलयति मलयसमीरम्'
गीतगोविंदम्.

गरलारि (गरलस्य अरिः) पु० रिः ભરકત મણિ.

गरव्रत (गरः विषवत्सर्पः भोजनं व्रतमस्य) पु० तः મોર, મયૂરપક્ષી.

गरा (गृ अच् टाप्) स्त्री० रा. એક જાતનું ઝાડ.

गरा (गृ अ टाप्) स्त्री० रा. ૧ ગળવું, ગળીજવું. ૨ ખાવું. [તનું દેવતાડ દ્રુમ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

गरागरी (गर आ गृ अच् ङीष्) स्त्री० री. એક જા-
गरात्मक (गरस्य विषस्येव आत्मा यस्य क्यप्) क्ली० कं. શરગવાનું બી. [લાખ.
गराधिका (गरे गरप्रतिकारे अधिका) स्त्री० का.
गरायिका (गर इव आचरति क्यप् ण्वुल्) स्त्री० का. ઉપરનો શબ્દ જુઓ.
गरिमन् (गुरु इमनच्) पु० मा. १ મોટાઈ. २ શ્રેષ્ઠત્વ. ३ અણિમા વગેરે આઠ સિદ્ધ પૈકી તે નામની એક. ४ ભારેપણું.
गरिष्ठ (गुरु इष्ठन्) त्रि० ष्ठः-ष्ठा-ष्ठं. १ અત્યંત મોટું. २ અત્યંત શ્રેષ્ઠ. ३ અત્યંત ભારે.
गरी (गृ अच् ङीष्) स्त्री० री. गरागरी શબ્દ જુઓ.
गरीयस् (गुरु ईयस्) त्रि० यान्-यसी-यस्. ઘણું મોટું, અત્યંત મોટું ઘણું ભારે.
गरुड (गरुद्भ्यां डयते डी ड) पु० डः ગરૂડપક્ષી, વિષ્ણુનું વાહન, વિનતાને પેટે કશ્યપથી પેદાથયેલ પક્ષિરાજ.
गरुडध्वज (गरुडो ध्वजे यस्य) पु० जः વિષ્ણુ.
' समाहितमतिश्चैव तुष्टाव गरुडध्वजम् ' વિષ્ણુપુરાણમ્.
गरुडपुराण (गरुडेन प्रोक्तं पुराणं) क्ली० णं. ગરૂડપુરાણ.
गरुडकृत ( ) क्ली० तं. એક જાતનો ચાર ચરણવાળો છંદ જેના એકેક ચરણમાં સોળ અક્ષર હોય છે. [સારથિ.
गरुडाग्रज (गरुडस्य अग्रजः) पु० जः અરૂણ, સૂર્ય-
' विभिन्नवर्णा गरुडाग्रजेन ' माघः
गरुडचिन्हांकित (गरुडचिन्हेनांकितम्) क्ली० तं. એક જાતનું રત્ન. [જુઓ.
गरुडाश्मन् (गरुड इवाश्मा) पु० श्मा. ઉપલો શબ્દ
गरुडोत्तीर्ण (गरुडादुत्तीर्णो वर्णन) क्ली० र्णं. ભરકત મણિ. [૩ ગળવું.
गरुत् (गृ उति) पु० त्. १ પાંખ, પક્ષ. २ ખાવું.
गरुत्मत् (गरुत् मतुप्) पु० मान्. १ પંખી, પંખેરૂ, પક્ષી. २ ગરૂડપક્ષી. [તનું પક્ષી.
गरुद्योधिन् (गरुत् युध् णिनि) पु० धी. એક જા-
गरुल (गरुड इस्य लः) पु० लः ગરૂડ પંખી.
गर्ग (गृ ग) पु० र्गः બ્રહ્માનો પુત્ર, તે નામનો એક મુનિ. २ બળદ. ३ તાલનો એક ભેદ.
गर्गर (गर्ग इति राति रा क) पु० रः १ એક જાતનું માછલું. २ તરણ પશુ. ३ દહીં વલોવવાનું એક પાત્ર. ४ ગાગર.
गर्गसंहिता (गर्गेण कृता संहिता) स्त्री० ता. ગર્ગાચાર્યે બનાવેલ એક જ્યોતિર્ગ્રંથ.
गर्गरी (गर्गर ङीष्) स्त्री० री. ૧ નાની ગાગર. २ દહી વલોવવાની ગોળી.
गर्गा (गर्ग टाप्) स्त्री० र्गा. ગર્ગઋષિની પત્નિ.
गर्गाट (गर्ग अट् अच्) पु० टः એક જાતનું માછલું.
गर्गी (गर्ग ङीप्) स्त्री० र्गी. ગર્ગઋષિની પત્ની.
गर्गीय ( ) त्रि० यः-या-यं. ગર્ગઋષિના વંશમાં પેદા થનાર.
गर्ध् (भ्वा० पर० सेट् गर्धति) જવું, ગમન કરવું.
गर्ज (भ्वा० पर० सेट् गर्जति) ગર્જવું, ગાજવું.
' शरदि गर्जति न वर्षति वर्षासु वर्षति निःस्वनो मेघः
उद्भटः
गर्ज् (चुरा० उभय० सेट् गर्जयति-ते) ગર્જવું, ગાજવું.
गर्ज (गर्ज् घञ्) पु० र्जः ૧ હાથીનું ગર્જવું. २ મેઘ વગેરેનું ગાજવું.
गर्जक (गर्ज् ण्वुल्) पु० कः એક જાતનો મત્સ્ય.
गर्जन (गर्ज् ल्युट्) क्ली० नं. १ અવાજ. २ ગાજવું. ३ ક્રોધ. ४ દોષ. ५ સંતાપ. ६ મેઘ વગેરેની ગર્જના.
' वातोल्लासितकल्लोल धिक् ते सागर गर्जनम् '
उद्भटः
गर्जनीय (गर्ज् अनीयर्) त्रि० यः-या-यं. ગાજવા-યોગ્ય. [લસણ.
गर्जर (गरं जरयति) क्ली० रं. ૧ ગાજર. २ રાતું
गर्जरी (गर्ज् अरच् ङीष्) स्त्री० री. રાતું લસણ.
गर्जा (गर्ज् अ टाप्) स्त्री० र्जा. ગાજવું.
गर्जि (गर्ज् इन्) पु० र्जिः મેઘનો ગડગડાટ.
गर्जित (गर्ज् क्त) पु० तः મદોન્મત્ત હાથી.
गर्जित (,,) क्ली० तं. મેઘ વગેરેનું ગાજવું, મેઘ વગેરેનો ગડગડાટ. गर्जि.
गर्जित (गर्ज् इतच्) त्रि० तः-ता-तं. જેને ગર્જન પેદાથયેલ છે તે. [ગર્જના કરનાર.
गर्जित (गर्ज् क्त) त्रि० तः-ता-तं. १ ગાજેલું. २
गर्ज्य (गर्ज् यत्) त्रि० र्ज्यः-र्ज्या-र्ज्यं. ગાજવાયોગ્ય.
गर्त (गृ तन्) पु० र्तः ૧ ખાડ. २ જમીનની અંદર ખાડો. ३ સ્ત્રીના કુલા ઉપર બે ખાડા થાય છે તે.
गर्तिका (गर्तोऽस्त्यस्याः ठन्) स्त्री० का. સાળવીનું ઘર, જ્યાં સાળ રાખે છે તે સ્થળ.
गर्द् (भ्वा०पर० सेट् गर्दति) અવાજ કરવો, ગાજવું.
गर्द् (चुरा० उभय० सेट् गर्दयति-ते) ઉપલો ધાતુ જુઓ. गर्द्. [તની ગંધ.
गर्दभ (गर्द् अभच्) पु० भः ૧ ગધેડો. २ એક જા-
गर्दभ (,,) क्ली० भं. ૧ પોપણું. २ વ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

नस्पति वावडिंग. [ति भा.र.ग. मार्गी.
गर्दभगंधिका (गर्दभगंधी कन्) स्त्री० का. वनस्प-
गर्दभशाखी (गर्दभगंधी शाखायां यस्याः) स्त्री० खी. ઉપલો શબ્દ જુઓ.
गर्दभांड (गर्दभ अम् ड) पु० डः १ पारसपींपळो. २ लाખी पींपळो. [यणुं.
गर्दभाह्वय (गर्दभमिति आह्वा यस्य) क्ली० यं. पो-
गर्दभिका (गर्दभी कन्) स्त्री० का. १ गधेडी. २ કડુ. ૩ ધોળી ભોરીંગણી.
गर्दभी (गर्दभ ङीष्) स्त्री० भी. १ गधेडी. २ छाणनो કીડો. ૩ વનસ્પતિ ધોળી ગોકર્ણી.
गर्द्ध (गृध्) पु० र्द्धः १ લોભીઆપણું. २ गर्दभांड शब्द જુઓ. [लुब्ध.
गर्द्धन (गृध् युच्) त्रि०नः-ना-नं. લોભીયું, લાલચુ,
गर्द्धिन् (गृध् णिनि) त्रि० र्द्धी-र्द्धिनी-र्द्धि. ઉપલો શબ્દ જુઓ. [લગ્ન રાખવી.
गर्ध् (चुरा० उभय० सेट् गर्धयति-ते) ચાહવું, લા-
गर्न् (भ्वा० पर० सेट् गर्नति) જવું, ગમન કરવું.
गर्व् (चुरा० आत्म० सेट् गर्वयते) ભગરૂર થવું, અહંકાર રાખવો, ગર્વિષ્ટ થવું.
गर्व (गर्व अच्) पु० र्वः અહંકાર, ભગરૂરી.
गर्भ (गृ भन् भस्य बः) पु० र्भः ગર્ભ શબ્દ જુઓ.
गर्भा (,, अच् टाप्) स्त्री० र्भा. વખતનો મધ્ય ભાગ, સ્થલ અને સમયનો ભાગ.
गर्भ (गृ भन्) पु० र्भः १ ગર્ભ, ગાભ. २ ઉદરમાં-રહેલ પ્રાણી. ૩ બાળક. ४ પેટ, કુક્ષિ. ૫ નાટક સંધિનો ભેદ. ६ કૃણસનો કાંટો.
गर्भक (गर्भ कन्) क्ली० कं. બે રાત્રિ.
गर्भक (गर्भे केशमध्ये कायति कै क) पु० कः કેશમાં નાખેલી પુષ્પ વગેરેની ભાળા.
गर्भकंटक ( ) पु० कः પનસનું ઝાડ.
गर्भकर (गर्भं करोति) त्रि० रः-री-रं. ગાભ કરનાર.
गर्भकोश (गर्भस्य कोशः आधार इव) पु० शः પેટમાં ગર્ભને રહેવાનું ઠેકાણું, ગર્ભાશય.
गर्भगृह (गर्भ इव गृहं) क्ली० हं. ઘરનો મધ્ય ભાગ. ગર્ભભવન.
' कांता गर्भगृहे गवाक्षविवराद् व्यापारिताक्षी बहिः '
गर्भग्रहण (गर्भस्य ग्रहणं) क्ली० णं. ગર્ભ ધારણ કરવો.
गर्भघातिन् (गर्भं हन् णिनि) त्रि० ती-तिनी-ति. ગર્ભને મારનાર, ગાભનો નાશ કરનાર.
गर्भचलन (गर्भस्य चलनं) क्ली० नं. ગાભનું હાલવું.
गर्भच्युत (गर्भः च्युतः यस्मात्) त्रि० तः-ता-तं. ગાભ પાડનાર, કસુવાવડ કરનાર.
गर्भच्युति (गर्भस्य च्युतिः) स्त्री० तिः १ ગાભનું પાડવું, કસુવાવડ થવી. २ જન્મ આપવો.
गर्भंड (गर्भस्य अंड इव) पु० डः દુંટીનું વધવું.
गर्भद (गर्भं ददाति दा क) त्रि० दः-दा-दं. ગર્ભ આપનાર, ગર્ભકર.
गर्भद (,,) पु० दः १ વનસ્પતિ ધોળી રીંગણી. २ પુત્રજીવનું ઝાડ.
गर्भद्रुह (गर्भं द्रुह्यति द्रुह् क्विप्) त्रि० ध्रुक्-ध्रुग्-ध्रुट् ध्रुड्. ગર્ભ પાડનાર. [નાડ.
गर्भनाडी ( ) पु० स्त्री० डी. ગર્ભની
गर्भपरिस्राव ( ) पु० वः ગર્ભાશય શબ્દ જુઓ. [છી રોપાતો ભાત.
गर्भपाकिन् (गर्भपाक इनि) पु० की. બે મહીના પ-
गर्भपातक (गर्भं पातयति पत् णिच् ण्वुल्) पु० कः ગર્ભપાત કરનાર. [નું ઝાડ. रक्तशोभांजन.
गर्भपातक (,,) पु० कः રાતા શરગવા-
गर्भपातन (गर्भस्य पातनं) क्ली० नं. ગર્ભ પાડવો તે.
गर्भपातनी (गर्भं पत् णिच् ल्यु ङीप्) स्त्री० नी. ગણીઆરીનું ઝાડ.
गर्भपोषण (गर्भस्य पोषणं) क्ली० णं. ગર્ભનું પોષણ. [બાલક છોકરાનું પોષણ કરવું.
गर्भभर्मन् (गर्भस्य शिशोः भर्म भरणम्) क्ली० र्म.
गर्भरूप ( ) पु० पः બાળક, બચ્ચું.
गर्भरूपक (गर्भरूप कन्) पु० कः ઉપલો શબ્દ જુ-ઓ.
गर्भवती (गर्भ मतुप् ङीप्) स्त्री० ती. ગાભણી સ્ત્રી.
गर्भशंकु (गर्भाय शंकुः) पु० कुः ગાભને પેટમાંથી કહાડી લેવાનું એન્જર. [શબ્દ જુઓ.
गर्भशय्या (गर्भस्य शय्येव) स्त्री० य्या. गर्भाशय
गर्भसंभवा (गर्भे सं भू अच् टाप्) स्त्री० वा. એલા-ચચી. [ગર્ભમાં રહેનાર.
गर्भस्थ (गर्भे तिष्ठति स्था क) त्रि० स्थः-स्था-स्थं.
गर्भस्राव (गर्भस्य स्रावः) पु० वः પ્રસવકાળ અગા-ઉ રોગ વગેરેથી ગર્ભ પડીજાયછે તે.
गर्भागार (गर्भ एव आगारं) क्ली० रं. ૧ ઘરની અં-દરનો ઓરડો. ૨ ઘરનો ખાનગી ભાગ જ્યાં જ-નાનો ઓરત વગેરે બેસે છે. ૩ દેવાલયનો મંડપ જ્યાં મૂર્તિ વગેરે બેસાડેલ હોય છે.
गर्भागार (,,) क्ली० रं. गर्भस्थान.
गर्भाधान (गर्भे आ धा ल्युट्) क्ली० नं. ૧ ગર્ભ ધારણ કર્યા અગાઉ સ્ત્રીને જે એક સંસ્કાર કરે છે તે. ૨ ગર્ભ ધારણ કરવો તે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'गर्भाधानक्षणपरिचयान्नूनमावद्धमालाः' मेघदूतम्

गर्भाशय (गर्भस्य आशयः) पु० यः १ પેટની અંદર ગર્ભને રહેવાનું ઠેકાણું. २ પેટના ગર્ભને વીંટાતું ચામડું.

गर्भाष्टम (गर्भाद् गर्भग्रहणसमयादष्टमः) पु० मः ગર્ભ ગ્રહણ કર્યાના સમયથી આઠમો માસ.

'गर्भाष्टमेऽष्टमे वापि' स्मृतिः

गर्भिणी (गर्भ णिनि ङीप्) स्त्री० णी. ગર્ભવતી શબ્દ જુઓ. [નો મનોરથ.

गर्भिणीदोहद (गर्भिण्या दोहदं) क्ली० दं. गर्भिणी-

गर्भिण्यवेक्षण (गर्भिण्या अवेक्षणं) क्ली० णं. સુઆણીપણું, ગર્ભિણી ઉપર દેખરેખ રાખવી તે.

गर्भित (गर्भं इतच्) त्रि० तः-ता-तं. જેને ગર્ભ પેદા થયેલ છે તે. आपन्नगर्भा. सगर्भा.

गर्भोपघातिनी (गर्भं उपहंति) स्त्री० नी. ગર્ભધારણ કર્યા પછી પુરૂષનો સંગ કરી અથવા બીજું હરકાંઇ કામ કરી ગર્ભ પાડી નાખનારી.

गर्मुटिका (गर्मुत इव उटं पर्णमस्य) स्त्री० का. એક જાતના ચોખા. गर्मुच्छद.

गर्म्मुत् (गृ उति मुट्) स्त्री० त्-द्. १ સોનું. २ વેલ, વેલો. ३ એક જાતનું ધાન્ય.

गर्व्व (भ्वा० पर० सेट् गर्वति) मदपाभवुं, अहंકार કરવો, ગર્વ કરવો.

गर्व्व (चुरा० आत्म० गर्वयते) અહંકાર વધારવો.

गर्व (गर्व् घञ्) पु० र्वः अभिमान, अहंकार, दर्प.

गर्वर ( ) त्रि० रः-रा-रं. અભિમાની, અહંકારી, ગર્વિષ્ઠ.

गर्वाट (गर्वेण अटति) पु० टः १ ઘરનો પેહેરેગીર. २ ગામનો ચોકીદાર. ३ દ્વારપાળ.

गर्वित (गर्वो जातोऽस्य इतच्) त्रि० तः-ता-तं. જેને ગર્વ પેદા થએલ છે તે. मत्त.

'यूथं तदप्रसरगर्वितकृष्णसारम्' रघुवंशम्.

गर्ह् (भ्वा० उभय० सेट् गर्हति-ते) १ નિંદવુ. २ ધિક્કારવું, તિરસ્કારવું. [જુઓ.

गर्ह् (चुरा० उयय० सेट् गर्हयति-ते) ઉપલો ધાતુ

गर्हण (गर्ह् ल्युट्) क्ली० णं. १ ધિક્કારવું. २ નિંદા.

गर्हणा (गर्ह् युच्) स्त्री० णा. ઉપરનો શબ્દ જુઓ.

गर्हणीय (गर्ह् अनीयर्) त्रि० यः-या-यं. નિંદવા યોગ્ય.

'विधिरेव विशेषगर्हणीयः' उद्भटः

गर्हा (गर्ह् युच्) स्त्री० र्हा. गर्हण શબ્દ જુઓ.

गर्हित (गर्ह् क्त) त्रि० तः-ता-तं. १ નિંદેલું. २ ધિક્કારેલું, તિરસ્કારેલું. ३ ઠપકો દીધેલું. ४ અધમ, નીચ, હલકું, ખરાબ.

गर्हिन् (गर्ह् णिनि) त्रि० र्ही-र्हिणी-र्हि. નિંદા કરનાર.

गर्ह्य (गर्ह् यत्) त्रि० ह्यः-ह्या-ह्यं. गर्हणीय શબ્દ જુઓ. [વા લાયક વાણી બોલનાર.

गर्ह्यवादिन् (गर्ह्यं वदति) त्रि० दी-दिनी-दि. નિંદ-

गल् (भ्वा० पर० सेट् गलति) १ ખાવું, ભક્ષણ કરવું. २ પડવું. ३ સ્રવણ થવું. ४ ગળવું. [પડવું.

गल् (चुरा० आत्म० सेट् गलयते) १ ગળવું. २ ટ-

गल (गृ अच् गल् अच् वा) पु० लः १ ગળું. २ રાળ. ३ એક જાતનું ઝરૂ. ४ દોર, દોરી. ५ વાદ્ય-યંત્રવિશેષ. ६ એક જાતનું માછલું.

गलक (गल क) पु० कः એક જાતનું માછલું.

गलकंवल (गले कंवल इव) पु० लः ગાયણલદના ડોક ઉપર જુલતું ચર્મ. सास्ना [નો રોગ.

गलगंड (गले गंड इव) पु० डः એક જાતનો ગળા-

गलग्रह (गल ग्रह् अच्) पु० हः અનાધ્યાયનો દિવસ જેમ કે પડવો, ચોથ, સાતમ, આઠમ, નોમ, તેરશ, ચૌદસ પુનમ, અને અમાવાસ્યા.

गलत् (गल् शतृ) त्रि० न्-लंति-त्. १ નીચે પડતું. २ ટપકતું. ३ ગળતું.

गलन (गल् ल्युट्) क्ली० नं. १ ગળવું. २ પડવું. ३ ટપકવું. ४ ભરવું. ५ નીચે પડવું. [યોગ્ય.

गलनीय (गल् अनीयर्) त्रि० यः-या-यं. ગળવા-

गलंतिका (गल् शतृ ङीप् कन्) स्त्री० का. १ પાણી ની ગળતી. २ નાનું ઉદકપાત્ર. ३ ઝારી.

गलमेखला (गलस्य मेखलेव) स्त्री० ला. ગળામાં પહેરવાનો દોરો, કંઠભૂષણ.

गलविद्रधि ( ) पु० धिः ગળાનો રોગ.

गलव्रत (गलः सर्पः भक्षणं व्रतमस्य) पु० तः ભોર, મયૂર પક્ષી.

गलशुंडिका (गले शुंडिकेव) स्त्री० का. પડજીભી.

गलशुंडी (गले शुंडीव) स्त्री० डी. तालुरोग. [स्तनी.

गलस्तनी (गले स्तनमस्याः) स्त्री० नी. બકરી. गले-

गलहस्त ( ) पु० स्तः ગળું ધોળવું.

गलहस्तित (गलहस्त इतच्) त्रि० तः-ता-तं. જેનું ગળું ધોળાયેલ છે તે. [બાણ.

गलहस्तित (,,) पु० तः એક જાતનું

गला (गल् अच् टाप्) स्त्री० ला. રીસામણીનો વેલો.

गलांकुर (गले अंकुर इव) पु० रः ગંડમાળનોરોગ.

गलानिल (गले अनिलोऽस्य) पु० लः એક જાતનું માછલું. [બદ, ગળીઓ બળદ.

गलि (गृ इन् रस्य लः) पु० लिः જાડો આળસુ બ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

गलि (गल् इन्) स्त्री० लिः वेलो.

गलित (गल् क्त) त्रि० तः-ता-तं. १ पडेलुं. २ नीचे पडेलुं. ३ गळेलुं. ४ भरेलुं. ५ टपकेल. ७ निर्बंध. ८ भोकळुं.

' तनिम्ना शोभंते गलितविभवाश्चार्थिषु नृपाः '
भर्तृहरि.

गलितक (गलित कै क) पु० कः એક જાતનો નાચ.

गलितकुष्ठ (गलितं कुष्ठं यस्य) पु० ष्ठः असाध्य કુષ્ઠ રોગની જાતિ.

गलू ( ) स्त्री० लू. એક જાતનું રત્ન.

गलेगंड (गले गंड इव) पु० डः એક જાતનું પક્ષી.

गलेस्तनी (गलेस्तनमस्याः) स्त्री० नी. બકરી.

गल्भ् (भ्वा० आत्म० सेट् गल्भते) १ બાહાદુર થવું. २ હિમ્મતમંદ થવું. ३ વિશ્વાસુ થવું.

गल्भ (गल्भ् अच्) त्रि० ल्भः-ल्भा-ल्भं. १ બહાદુર. २ હિમ્મતમંદ. ३ ગર્વિષ્ઠ, અહંકારી.

गल्या (गलानां कंठानां समूहः) स्त्री० ल्या. ગળાનો સમુદાય, કંઠનો સમૂહ. २ ઘણું ગળાં.

गल्ल (गल् ल) पु० ल्लः ગાલ.

गल्लक (गल्ल स्वार्थे क) पु० कः ઉપલો શબ્દ જુઓ.

गल्लक (गलं लाति कन्) पु० कः મધ પીવાનું પાત્ર. चषक.

गल्लचातुरी (गल्ले चातुरी यस्याः) स्त्री० री. નાનું ગોળ ગાલ નીચે મુકવાનું ગાલમશરીયું.

गल्वर्क ( ) पु० र्कः એક જાતનો મણિ, વૈદૂર્યમણિ. [ઠપકો દેવો. ३ દૂષણ આપવું.

गल्ह् (भ्वा० आत्म० सेट् गल्हते) १ નિંદવું. २

गवय (गु अयच्) पु० यः ગાયના જેવું ગલકંબલ વિનાનું એક જાતનું પશુ, રોઝ. એક જાતનો વાનર.

गवयी (गवय ङीप्) स्त्री० यी. રોઝની માદા.

गवयोद्भाव ( ) क्ली० वं. તપખીર.

गवराज (गव राज् अच्) पु० जः બળદ.

गवल (गवं लाति ला क) पु० लः રાની પાડો.

गवल („) क्ली० लं. ભેંશનું શીંગડું, પાડાનું શીંગડું.

गवाक्ष (गो अक्ष् अप् ङीप्) पु० क्षः હવાને જવા માટે રાખેલું બાકું, ઝરખો, બારી. २ વનસ્પતિ ગોખરૂ. ३ એક જાતનો વાનર.

गवाक्षजाल (गवाक्षस्य जालः) क्ली० लं. બારી કે જાળીઆ ઉપરની જાળી, જાળીદાર કામ.

' गवाक्षजालैरभिनिष्पतंत्यः ' भट्टिः

गवाक्षी (गवाक्ष अण् ङीप्) स्त्री० क्षी. १ મોગરીની વેલ. २ એક જાતની ચિભડીની વેલ. ३ ઇંદ્રવારૂણી. [માળવું.

गवाची ( ) स्त्री० ची. એક જાતનું

गवादन (गोभिरद्यते अद् ल्युट्) क्ली० नं. ઘાસ, ખડ.

गवादनी („ ङीप्) स्त्री० नी. १ ઇંદ્રવારૂણી. २ ખડની ગંજી. ३ એક જાતનો ફાકડીનો વેલો.

गवालूक (गव् अल् ऊकञ्) पु० कः રોઝ.

गवाशन (गोमांसमश्नाति) पु० नः જાતિ બહાર મુકેલો માણસ જેણે ગાયનું માંસ ખાધેલ છે તે.

गवाषिका ( ) स्त्री० का. લાખ.

गवाह्निक (गो अहन् ढक्) क्ली० कं. ગાયનો એક દિવસનો ખોરાક, ગવાનક.

गविनी (गवां समूहः) स्त्री० नी. १ બળદનું ટોળું. २ ગાયનું ટોળું. [એક દાનવ.

गविष्ठ ( ) पु० ष्ठः સૂર્ય, તે નામનો

गवी (गौ ङीप्) स्त्री० वी. ગાય.

गवी ( ) स्त्री० वी. વ્યાખ્યાન, સંભાષણ.

गवीन ( ) त्रि० नः-ना-नं. પૂર્વે જ્યાં ગાય હતી તે સ્થળ.

गवीश्वर (गवामीश्वरः) पु० रः ગાયનો ધણી.

गवेडु (गवे दीयते दा कु) पु० डुः ઋષિથી ખાવા યોગ્ય ખડ ધાન્ય. [જુઓ.

गवेडुका (गवेडु कन् टाप्) स्त्री० का. ઉપલો શબ્દ

गवेधु (गवे धीयते धा कु) पु० धुः गवेडु શબ્દ જુઓ. [બ્દ જુઓ.

गवेधुका (गवेधु कन् टाप्) स्त्री० का. गवेडुका श-

गवेंद्र (गोरिंद्र इव) पु० द्रः મોટો બળદ.

गवेरुक ( ) क्ली० कं. ગેરૂ.

गवेष् (चुरा० उभय० सेट् गवेषयति-ते) શોધવું, તપાસવું. [પાસ.

गवेषण (गवेष् ल्युट्) क्ली० णं. શોધવું, શોધ, त-

गवेषणा (गवेष् युच्) स्त्री० णा. ઉપલો શબ્દ જુઓ.

गवेषित (गवेष् क्त) त्रि० तः-ता-तं. શોધેલું, તપાસેલું. [તપાસનાર.

गवेषिन् (गवेष् णिनि) त्रि० षी-षिणी-षि. શોધનાર,

गवोद्घ (प्रशस्ता गौः) पु० द्घः ઉત્તમ ગાય.

गव्य (गोर्विकारः यत्) त्रि० व्यः-व्या-व्यं. १ ગાયનો વિકાર, દૂધ, દહિં, ઘી, છાણ, ગોમૂત્ર વગેરે.

गव्य (गोर्हितं यत्) त्रि० व्यः-व्या-व्यं. ગાય બળદને હિતકારક, ગાય બલદને ફાયદામંદ.

गव्य (गोरिदं यत्) त्रि० व्यः-व्या-व्यं. ગાયનું, ગાય સંબંધી.

गव्य (गवि भवं यत्) त्रि० व्यः-व्या-व्यं. १ ગાયથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પેદાથનાર દૂધ, દહિ, ધી, છાણ, ગોમૂત્ર વગેરે.
गव्य (गो यत्) क्ली० व्यं. ધનુષ્ની દોરી.
गव्य (गोर्विकारः यत्) क्ली० व्यं. ગોરોચન.
गव्या (गोर्विकारः यत् टाप्) स्त्री० व्या. ગાયનું ટોળું, ગાયનો સમૂહ.
गव्या (,,) स्त्री० व्या. ધનુષ્ની દોરી.
गव्यूत (गव्यूतिः पृषो०) क्ली०तं. બેક્રોશની લંબાઈ, એક ક્રોશ, ચાર હજાર હાથ.
गव्यूति (गोर्यूतिः) स्त्री० तिः બે ક્રોશનું એક માપ, એક ક્રોશનું માપ. [પેસાય નહિ તેવું હોવું.
गह् (चुरा० उभय० सेट् गहयति-ते) ઉજડ થવું,
गह (गह् घञ्) पु० हः ૧ ગુફા. ૨ અરણ્ય, રાન.
गहन (गह् ल्युट्) क्ली० नं. ૧ ગુફા. ૨ અરણ્ય, જંગલ. ૩ પીડા, દુઃખ.
गहन (,,) त्रि० नः-ना-नं. પેસી શકાય નહિ તેવું. ૨ સમજી શકાય નહિ તેવું. ૩ ઉજડ.
'कर्मणां गहना गतिः' भगवद्गीता.
गहीय (गह् च्छ) त्रि० यः-या-यं. દુષ્પ્રવેશ, દુર્ગમ, દુર્જ્ઞેય.
गह्व (गह् व) क्ली० ह्वं. ૧ ગંભીરપણું. દુષ્પ્રવેશ.
गह्वर (गह् वरच्) क्ली०रं. ૧ ગુફા. ૨ રાન, અરણ્ય. ૩ દાંભિકપણું, ઢોંગ. ૪ રોવું, રૂદન. ૫ વિષમસ્થાન. ૬ અનેક અર્થથી સંકુલ.
'गौरीगुरोर्गह्वरमाविवेश' रघुवंशम्.
गह्वर (,,) पु० रः નિકુંજ, લતાગૃહ
गह्वरा (,, टाप्) स्त्री० रा. વનસ્પતિ વાવડિંગ.
गह्वरित (गह्वर इतच्) त्रि० तः-ता-तं. ગુફાની અંદર રહેલું
गह्वरी (गह् वरच् ङीप्) स्त्री० री. ગુફા, ગુહા.
गा (भ्वा० आत्म० अनिट् गाते) જવું, ગમન કરવું.
गा (जुहो० पर० सेट् जगाति) ૧ સ્તુતિ કરવી, વખાણવું. ૨ જન્મવું.
गा (गै क टाप्) स्त्री० गा. ગાથા, ગીત, પદ, શ્લોક ઇત્યાદિ કવિતાનું ગાન.
गांग (गंगा अण्) क्ली० गं. મેઘની ધારાનું જલ. ૨ સોનું. ૩ ધંતુરાનું જંડવું.
गांग (गंगाया इदं अण्) त्रि० गः-गा-गं. ગંગાનું, ગંગા સંબંધી.
'तथा न गांगैः सलिलैर्दिवच्युतैः' कुमारसंभवम्.
गांग (गंगाया अपत्यं पुमान् अण्) पु० गः ૧ કાર્તિકસ્વામી. ૨ ભીષ્મપિતામહ.
गांगट (गांग अट् अच्) पु० टः એક જાતનું નાછલું.
गांगटक (गांगट स्वार्थे कन्) पु० कः એક જાત નું માછલું.
गांगटय ( ) पु० यः गांगट शब्द જુઓ.
गांगाटेय (गांगट पृषो०) पु० यः गांगट शब्द જુઓ.
गांगायनि (गंगा फिञ्) पु० निः ૧ ભીષ્મપિતામહ. ૨ કાર્તિકસ્વામિ. ૩ પ્રવરપ્રવર્તક એક મુનિ.
गांगेय (गंगाया अपत्यं पुमान्) पु० यः ઉપલો શબ્દ જુઓ. ૧ ભીષ્મપિતામહ. ૨ કાર્તિકસ્વામી.
गांगेय (गंगा ढक्) क्ली० यं. ૧ એક જાતનું તૃણ. ૨ સોનું. ૩ વનસ્પતિ, નાગરમોથ. ૪ ધંતુરાનું જંડવું. [કી. વનસ્પતિ નાગબલા.
गांगेरुकी (गांगं जळमीरति ईर् कन् ङीप्) स्त्री०
गांगेष्ठी (गांगे गंगातीरे तिष्ठति स्था क) स्त्री० ष्ठी. એક જાતની વનસ્પતિ.
गांगोघ (गांगमोघं) क्ली० घं. ગંગાનો પ્રવાહ.
गाजर (गां जरयति जॄ णिच् अच्) पु० रः ગાજર.
गाजिकाय ( ) पु० यः એક જાતનું પક્ષી.
गाढ (गाह् क्त) क्ली० ढं. અતિશય દૃઢ.
'सद्यः कांडच्युतभुजलतामंथिगाढोपगूढे' मेघदूतम्.
गाढ (,,) त्रि० ढः-ढा-ढं. ૧ અત્યંત, ઘણું જ, પુષ્કળ. ૨ ભારે. ૩ અતિશય. ૪ દૃઢ. ૫ સેવેલું. ૬ મજબુત. ૭ કઠણ.
गाढता (गाढस्य भावः) स्त्री० ता. અતિશયપણું, અત્યંતપણું, ભારેપણું, અતિશયદૃઢતા, મજબુતી, કઠણપણું. [જુઓ.
गाढत्व (,,) क्ली० त्वं. ઉપલો શબ્દ
गाढमुष्टि (गाढा मुष्टिर्यत्र) त्रि० ष्टिः-ष्टिः-ष्टि. ૧ યજ્ઞોપયોગી તલવાર જેવી છરી. ૨ ખડ્ગ.
गाढमुष्टि (गाढा मुष्टिरस्य) त्रि० ष्टिः-ष्टिः-ष्टि. કૃપણ, લોભીયું. [ગણેશસંબંધી.
गाणपत (गणपतेरिदं) त्रि० तः-ती-तं. ગણેશનું,
गाणपत्य ( ) त्रि० त्यः-त्या-त्यं. ઉપલો શબ્દ જુઓ. [ભક્ત.
गाणपत्य (गणपतेरिदं) पु० त्यः ગણેશને માનનાર
गाणपत्य (गणपतेर्भावः) क्ली० त्यं. ૧ ટોળાનું મુખીપણું. ૨ ગણેશપણું.
गाणिक (गण इ क) त्रि० कः-की-कं. ૧ ગણસૂત્ર જાણનાર. ૨ ગણસૂત્રમાં કુશલ.
गाणिक्य (गणिकायाः समूहः) क्ली० क्यं. કસ્બણનું ટોળું, વેશ્યાનો સમૂહ.
गांडि (गंड् इन्) पु० डिः ગાંઠ.
गांडिव (गांडिर्ग्रंथिरस्यास्तीति) पु० क्ली० वः-वं.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

१ अर्जुनનું એક ધનુષ્. ૨ ધનુષ્.
गांडिविन् (गांडिव इनि) पु० नी. १ मध्यम पांडव अर्जुन. २ अर्जुन साहडानुं झाड. ३ धनुष्यवाळो.
गांडीव (गांडिर्ग्रंथिरस्यास्ति) पु० क्ली० वः-वं. गांडिव शब्द જુઓ. [જુઓ.
गांडीविन् (गांडीव इनि) पु० नी. गांडिविन् शब्द
गातव्य (गै तव्यच्) त्रि० व्यः-व्या-व्यं. गावालायक, गावाजोग.
गातु (गै तु) त्रि० तुः-तुः-तु. गुस्सावाळुं, क्रोधाविष्ट.
गातु („) पु० तुः १ गंधर्व. २ मोटो काळो भमरो. ३ कोयलपक्षी. ४ गवैओ, गानारो. ५ आयुष्यनी चाल. [करनार.
गातृ (गै तृच्) त्रि० ता-त्री-तृ. १ गानार, गायन-
गात्र (गा ष्ट्रन्) क्ली० त्रं. १ शरीर. २ हाथीनी जंघा वगेरे प्रदेश.
गात्रक (गात्र स्वार्थे क) क्ली० कं. शरीर, देह.
गात्रभंग (गात्रस्य भंगः) पु० गः शरीरनुं भागवुं.
गात्रभंगा (गात्रस्य भंगो यस्याः) स्त्री० गा. वनस्पति शुकरींबी. [साफ करवानुं वस्त्र.
गात्रमार्जनी (गात्रं मृज्यतेऽनया) स्त्री० नी. शरीर
गात्ररुह (गात्रे रोहति) क्ली० हं. रूंवाडां.
गात्रसंग्रव ( ) पु० वः એક જાતનું નાનું પક્षी.
गात्रानुलेपिनी (गात्रमनुलिप्यतेऽनया) स्त्री० नी. शरीरने सुगंधीवाळुं करवा माटे એક જાતની વર્તિ.
गात्रोत्सादन (गात्र उत् सद् णिच् ल्युट्) क्ली० नं. शरीरने सुगंधी पदार्थथी सुगंध युक्त करवुं.
गाथक (गै थकन्) पु० कः गवैयो, गायन करी-उपजीविका करनार, गानार.
गाथा (गै थन्) स्त्री० था. १ आर्याछंद. २ प्राकृत भाषा वगेरेमां रचेलुं पद्य ३ श्लोक.
गाथिक ( ) पु० कः गाथक शब्द જુઓ.
गाथिका ( ) स्त्री० का. श्लोक इत्यादीथी रचेली कविता. [જુઓ. गाथायुकत.
गाथिन् (गाथा इनि) पु० थी. १ गाथक शब्द
गाध् (भ्वा० आत्म० सेट् गाधते) १ शोधवुं. २ तजवीज करवी. ३ तपासवुं. ४ रहेवु. ५ उभा रहेवुं. ६ ग्रंथ इत्यादीनुं रचवुं.
गाध् (गाध् घञ्) पु० धः भणवानी इच्छा.
गाध („) पु० क्ली० धः-धं. तणीयुं ताग. [ते, छीछरं.
गाध (गाध् अच्) त्रि० धः-धा-धं. जे ऊंडु न होय
' सरितः कुर्वती गाधाः पथश्चाशानकर्दमान् ' रघुवंशम्.

५२

गाधि (गाध् इन्) पु० धिः चंद्रवंशमां पेदा थयेल कनोज देशनो राजा, विश्वामित्रनो पिता.
गाधिज (गाधेर्जायते जन् ड) पु० जः विश्वामित्र मुनि. [જુઓ.
गाधितनय (गाधेस्तनयः) पु० यः ઉપલો શબ્દ
गाधिपुर (गाधेः पुरं) क्ली० रं. कनोजशहेर.
गाधिभू (गाधेर्भवति भू क्विप्) पु० भूः विश्वामित्रमुनि. [જુઓ.
गाधेय (गाधेरपत्यं पुमान् ढक्) पु० यः ઉપલો શબ્દ
' विश्वामित्रस्तु गाधेयो राजा विश्वरथश्चह '
गान (गै ल्युट्) क्ली० नं. गाणुं, गायन, गीत, ध्वनि, अवाज, नाद.
गानिनी (गान इनि) स्त्री० नी. वनस्पति वेખંડ.
गानीय (गै अनीयर्) त्रि० यः-या-यं. गावायोग्य.
गांतु (गम् तु) त्रि० तुः-तुः-तु. जनार, चालनार, मुसाफर, वटेमार्गु. [ગ્ય गाडी.
गांत्री (गंत्री अण् ङीप्) स्त्री० त्री. બલદ જોડવાયो-
गांदिनी (गा दै णिनि पृषो०) स्त्री० नी. १ गंगानदी. २ अक्रूरनी माता. ३ काशीराजनी कन्या. ४ स्वफल्कनी पत्नी.
गांदिनीसुत (गांदिन्याः सुतः) पु० तः १ कृष्णनो काको अक्रूर. २ भीष्मपितामह. ३ कार्तिकस्वामी.
गांधर्व (गंधर्वस्येदं) त्रि० वः-र्वी-र्वं. १ गंधर्वनुं, गंधर्वसंबंधी. २ गंधर्व जेनो देवता छे એવું અસ્ત્ર વગેરે.
गांधर्व (गंधर्व अण्) क्ली० र्वं. गाणुं, गान, संगीत.
गांधर्व (गंधर्व अण्) पु० र्वः १ गंधर्व, देवगायक. २ એક જાતનો विवाह. ३ ते नामनो એક ઉપદ્વીપ. ४ ते नामनो એક વેદ. ५ घोडो.
गांधर्व („) क्ली० र्वं. स्त्रीपुरुषनी अन्योन्य भरजीथी शास्त्रविधिपूर्वक कराती अष्टविवाह पैकी ते नामनो એક विवाह.
गांधार (गंधं सौरभमृच्छति अण्) पु० रः १ सिंदूर. २ सप्तस्वरपैकी ते नामनो એક. ३ कंदहारદેશ. ४ गीतिभेद.
गांधार (गांधारे भवं) क्ली० रं. १ गंधरस.
गांधारराज (गांधाराणां जनपदानां राजा टच्) पु० जः १ दुर्योधनની माताનो બાપ सुબલराजा. २ दुर्योधनનો मामो शकुनी. ३ कंदहारदेशनो राजा.
गांधारी (गांधार इञ्) पु० रिः १ दुर्योधनનો मामो शकुनी. २ कंदहारनो राजा.
गांधारी (गंधारस्यापत्यं स्त्री) स्त्री० री. १ दुर्योधनની माता, धृतराष्ट्रराजानी पत्नी, सुબલ राजानी पुत्री.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

२ જૈનમતની એક દેવતા. ૩ વનસ્પતિ ધમાસો. ૪ કંદહારદેશના રાજની પ્રજા.

गांधारेय (गांधार्या अपत्यं ढक्) पु० यः १ દુર્યોધન વગેરે સો બંધુમાંથી પ્રત્યેક. ૨ ગાંધારીનું છોકરૂં.

गांधिक (गंध ठञ्) पु० कः १ લખનારો, લેખક. ૨ ગાંધી. ૩ સુગંધીદ્રવ્ય વેચનાર. ૪ એક જાતનો કીડો.

गामिन् (गम् णिनि) त्रि० मी-मिनी-मि. જનાર.

गामुक (गम् उकञ्) त्रि० कः-की-कं. જંતુ, હાલતું, ચાલતું.

गांभीर्य (गंभीरस्य भावः ष्यञ्) क्ली० र्यं. १ ગંભીરપણું. ૨ પાણીની ઉંડાઈ. ૩ અવિકારીપણું. ૪ અચપલપણું.

' मेघनिर्घोषगांभीर्यं प्रतिनादविधायिता '

गाय (गै घञ्) क्ली० यं. गान, गाणुं.

' यथाविधानेन पठन् सामगायमविच्युतम् '

याज्ञवल्क्यः

गाय (गै अच्) त्रि० यः-या-यं. ગાનાર.

गायक (गै ण्वुल्) त्रि० कः-की-कं. ગાનારૂં, ગાન કરનાર.

गायक („) पु० कः ગવૈયો. [કરતું.

गायत् (गै शतृ) त्रि० यन्-यंती-यत्. ગાતું, ગાન

गायत्र ( ) क्ली० त्रं. ગાણું, ગાન, ગીત.

गायत्री (गायंतं त्रायते त्रै क) स्त्री० त्री. १ એક જાતનો વેદોક્ત મંત્ર. ૨ ૭ અક્ષરના ચરણવાળો એક છંદ. ૩ વેદનો એક છંદ જેના અક્ષર ૨૪ અને ચરણ ૩ હોય છે તે.

गायन (गै ल्युट्) त्रि० नः-नी-नं. ગાણું કરી પોતાનું ગુજરાન ચલાવનાર.

गायन („) क्ली० नं. ગાણું, ગાન, સંગીત.

गारित्र (गृ णि त्रन्) क्ली० त्रं. એક જાતનું ધાન્ય, ચોખા. [કતભણિ. ૨ વિષમંત્ર. ૩ સોનું.

गारुड (गरुडो देवताऽस्य अण्) क्ली० डं. १ મરકતમણિ.

गारुडक (गरुडेन प्रोक्तं अण्) क्ली० डं. ગરૂડપુરાણ.

गारुडिक (गारुडेन विषमंत्रेण जीवति ठक्) पु० कः ગારૂડી, વિષવૈદ્ય. [૨ એક જાતનું અસ્ત્ર.

गारुत्मन् (गरुत्मन् अण्) क्ली० न्. १ મરકતમણિ.

गार्ग (गर्गस्यापत्यं अण्) त्रि० र्गः-र्गी-र्गं. ગર્ગઋષિના વંશમાં પેદા થનાર.

गार्गक (गार्गाणां समूहः) क्ली० कं. ગર્ગઋષિના વંશમાં પેદા થનારનું ટોળું.

गार्ग्य (गर्गस्यापत्यं) त्रि० र्ग्यः-र्ग्या-र्ग्यं. ગર્ગઋષિના વંશમાં પેદા થનાર.

गार्त्समद ( ) त्रि० दः-दी-दं. ગૃત્સમદ ઋષિસંબંધી. [ગીધનું, ગીધને લગતું.

गार्द्ध (गृद्धस्येदं) त्रि० र्द्धः-र्द्धी-र्द्धं. ગીધસંબંધી.

गार्द्धपक्ष (गार्द्धः पक्षो यस्य) पु० क्षः ગીધની પાંખથી રચેલું બાણ.

गार्ध्य (गृध्रस्य भावः) क्ली० र्ध्यं. લોભીઆપણું.

गार्ध्य ( ) क्ली० र्ध्यं. લોભીઆપણું, ઇચ્છા, આશા. [ઘપક્ષી સંબંધી.

गार्ध्र (गृध्रस्येदं) त्रि० ध्रः-ध्री-ध्रं. ગીધપક્ષીનું, ગી-

गार्ध्रपक्ष ( ) पु० क्षः गार्द्धपक्ष શબ્દ જુઓ.

गार्ध्रपत्र ( ) पु० त्रः गार्द्धपक्ष શબ્દ જુઓ.

गार्भ (गर्भस्येदं अण्) त्रि० र्भः-र्भी-र्भं. ગાભ સંબંધી, ગાભનું, ગાભને લગતું. [જુઓ.

गार्भिक (गर्भ ठक्) त्रि० कः-की-कं. ઉપલો શબ્દ

गार्भिण (गार्भिणीनां समूहः अण्) क्ली० णं. ગાભણીનું ટોળું, ગર્ભિણી સ્ત્રીઓનો સમૂહ.

गार्भिण्य (गार्भिणीनां समूहः यच्) क्ली० ण्यं. ઉપલો શબ્દ જુઓ. [યજ્ઞીય અગ્નિ.

गार्हपत्य (गृहपतेः नाम्ना युक्तः) पु० त्यः તે નામનો

गार्हस्थ्य (गृहस्थस्य भावः कर्म वा ष्यञ्) क्ली० स्थ्यं. ગૃહસ્થપણું, ગૃહસ્થનો ધર્મ, ગૃહસ્થનું કર્મ.

गाल (गल् घञ्) पु० लः ૧ પાણી થઈ જવું. ૨ વહેવું. ૩ ટપકવું, ટીપાં ભારૂક પાડવું.

गालन (गल् ल्युट्) क्ली० नं. પાણી જેવું કરવું, ગાળવું. [એક મુનિ. ૨ લોધ્રવૃક્ષ.

गालव (गालं वाति वा क) पु० वः ૧ તે નામનો

गालि (गल् इन्) पु० लिः शाप, ગાળ.

गालित (गल् णिच् क्त) त्रि० तः-ता-तं. ૧ ગાળેલું, ટપકાવેલું. ૨ પાણી જેવું કરેલું.

गालिन् ( ) त्रि० ली-लिनी-लि. ૧ ગાળનાર, પાણી ભારૂક કરનાર. ૨ ગાળ દેનાર.

गालिनी (गालिन् ङीप्) स्त्री० नी. એક જાતની મુદ્રા. [રોગ. ૨ મૂર્ખતા.

गालोडन (गो आ लोड् ल्युट्) क्ली० नं. ૧ ઉન્માદ,

गालोड्य (गो आ लोड् यत्) क्ली० ड्यं. ૧ કમલનું બીજ, એક જાતનું ધાન્ય.

गाह् (भ्वा० पर० सेट् गाहते) ૧ ડરવું. ૨ હાલવું. ૩ નાશ કરવો. ૪ ટોચવું. ૫ अव (अवगाहते) નહાવું, સ્નાન કરવું. वि (विगाहते) નહાવું, સ્નાન કરવું.

गाहन (गाह् ल्युट्) क्ली० नं. નહાવું, સ્નાન.

गाहित (गाह् क्त) त्रि० तः-ता-तं. ૧ નાહેલું, સ્ના-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

न કરેલું. ૨ નાશ કરેલું.
गाहितृ (गाह् तृच्) त्रि० ता-त्री-तृ. ૧ સ્નાન કરનાર, નહાનાર. ૨ કાપનાર. ૩ નાશ કરનાર.
गिर् (गृ क्विप्) स्त्री० गीः ૧ વાણી. ૨ વાગ્ય. ૩ વાગ્દેવતા, સરસ્વતી.
गिरण (गृ ल्युट्) क्ली० णं. ગળવું, ગળીજવું.
गिरा (गृ टाप्) स्त्री० रा. વાણી. गिर् શબ્દ જુઓ.
गिरि (गृ इ) पु० रिः ૧ પર્વત, પહાડ. ૨ એક જાતનો તાંત્રિક સંન્યાસી. ૩ પરિવ્રાજકની એક ઉપાધિ. ૪ પૂજ્ય.
गिरि (गृ अच्) स्त्री० रिः ૧ નાની ઉંદરડી. ૨ ગળીજવું, ગળવું. ૩ તે નામનો દશમો આશ્રમ.
गिरिकंटक (गिरेः कंटक इव) पु० कः ઈંદ્રનું વજ્ર.
गिरिकदंब (गिरेः कदंबः) पु० बः ડુંગરી કદંબનું ઝાડ. [કેળ.
गिरिकंदली (गिरिजाता कंदली) स्त्री० ली. રાની
गिरिकंदर (गिरेः कंदरः) पु० रः પર્વતની ગુફા.
गिरिकर्णिका (गिरिः कर्ण इव यस्याः) स्त्री० का. પૃથ્વી.
गिरिकर्णी (गिरेः कर्णमिव पत्रं यस्याः) स्त्री० र्णी. વનસ્પતિ ધોળી ગોકર્ણી. ૨ વનસ્પતિ વિષ્ણુકાંતા. ૩ અપરાજીતા. ૪ જવાસાનું ઝાડ. गिरिकर्णिका.
गिरिकल्प (गिरि कल्पप्) त्रि० ल्पः-ल्पा-ल्पं. પર્વત સરખું, પર્વતજેવું.
गिरिका (गिरिरेव क टाप्) स्त्री०का. નાની ઉંદરડી.
गिरिकाण (गिरिणा काणः) त्रि० णः-णा-णं. ૧ રોગથી અંધ થયેલ. ૨ એક ચક્ષુવાળું.
गिरिगुड (गिरौ गुड इव) पु० डः રમવાનો દડો.
गिरिज (गिरौ जायते जन् ड) त्रि० जः-जा-जं. પર્વતમાં પેદા થનાર.
गिरिज (,,) क्ली० जं. ૧ અભ્રક. ૨ લોબાન. ૩ લોખંડ, લોઢું. ૪ શિલાજીત.
गिरिज (,,) पु० जः મધુક વૃક્ષ.
गिरिजा (,, टाप्) स्त्री० जा. ૧ પાર્વતી, દુર્ગા. ૨ વનસ્પતિ રાસ્ના. ૩ गिरिकंदली.
गिरिजामल (गिरिज अम् कलच्) क्ली० लं. અભ્રક.
गिरिज्वर (गिरेः ज्वर इव) पु० रः ધંદ્રનું વજ્ર.
गिरित (गृ क्त) त्रि० तः-ता-तं. ૧ ગળેલું, ગળી ગયેલું. ૨ ખાધેલું.
गिरिदुर्ग (गिरौ दुर्गः) पु० र्गः પર્વતમાંહેલો કીલ્લો.
गिरिधातु (गिरिस्थो धातुः) पु० तुः ગેરૂ.
गिरिनिंब (गिरिस्थो निंबः) पु० बः ડુંગરી લીંબડો.
गिरिध्वज ( ) पु० जः ધંદ્રનું વજ્ર.
गिरिप्रिय (गिरिः प्रियो यस्य) त्रि० यः-या-यं. જેને ડુંગર વહાલો છે તે.
गिरिप्रिया (गिरिः प्रियो यस्याः) स्त्री० या. જેના કેશની ચમરી થાયછે તે ગાય.
गिरिभू (गिरौ भवति) त्रि० भूः-भूः-भू. પર્વતમાં હોનાર, ડુંગરમાં થનાર. [गंगा.
गिरिभू (गिरि भू क्विप्) स्त्री० भूः ૧ પાર્વતી. ૨
गिरिभू (,,) पु० भूः બટથોડો.
गिरिभू (गिरेः भूः) स्त्री० भूः પહાડની જમીન.
गिरिमल्लिका (गिरौ मल्लीव कन्) स्त्री० का. કુટજનું ઝાડ. कुटज. [વર હાથી.
गिरिमान (गिरिरिव मानमस्य) पु० नः મોટો જોરા-
गिरिमृद्भव (गिरिमृदि भवति) पु० वः ગેરૂ.
गिरिमेद (गिरेर्मेद इव) पु० दः એક જાતનું ખેરનું વૃક્ષ. गिरिमृत्. [तनुं वृक्ष.
गिरियक (गिरिं याति या कन्) पु० कः એક જા-
गिरियाक (गिरिं याति या क्विप् कन्) पु० कः ઉપલો શબ્દ જુઓ.
गिरिवासिन् (गिरौ वसति) त्रि० सी-सिनी-सि. પર્વતમાં હોનાર, ડુંગરા ઉપર વસનાર.
गिरिवासिन् (,,) पु० सी. પર્વતમાં હોનારૂં સુરણ. [तनी राजधानी.
गिरिव्रज (गिरिणां व्रजो यत्र) पु० जः મગધ પ્રાં-
गिरिश (गिरौ शेते इति) पु० शः शिव, महादेव.

'गिरिशमुपचचार प्रत्यहं सा सुकेशी'

कुमारसंभवम्.

गिरिशालिनी (गिरि शल् णिनि) स्त्री० नी. વનસ્પતિ અપરાજીતા. [पति.
गिरिशृंग (गिरि शृंग अच्) पु० गः ગણેશ ગણ-
गिरिशृंग (गिरेः शृंगः) पु० गः પર્વતની ટોચ, ડુંગરનું શિખર. [૨ લોઢું. ૩ કલઈ.
गिरिसार (गिरिषु सारः) पु० रः ૧ મલયાચલ.
गिरिसुत (गिरेः सुतः) पु० तः મૈનાક પર્વત.
गिरिसुता (गिरेः सुता) स्त्री० ता. પાર્વતી, દુર્ગા.
गिरी (गृ इन् ङीप्) स्त्री० री. નાની ઉંદરડી.
गिरीश (गिरेः कैलासस्य ईशः) पु० शः महादेव, शिव.
गिरीश (गिरीणामीशः) पु० शः હિમાલય.
गिरीश (गिर् ईशः) पु० शः બૃહસ્પતિ.
गिरीश ( ) स्त्री० ब. शाः અગિઆર સંખ્યાની સંજ્ઞા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

गिल (गृ क) पु० ल. १ ખીજોરૂ. २ પપનસ.
गिल (गृ घञ्) पु० लः ગળીજવું, ગળવું તે.
गिल (गृ अच्) त्रि० लः-ला-लं. ગળનાર, ગળીજનાર. [માછલું.
गिलग्राह (गिल ग्रह् अण्) पु० हः એક જાતનું
गिलत् (गृ शतृ) त्रि० न्-लंती-त्. ગળતું, ગળીજતુ.
गिलन (गृ ल्युट्) क्ली० नं. ગળવું, ગળીજવું,
गिलि (गिल् इन्) स्त्री० लिः ખાવું, ગળવું, ગળીજવું. [ળીગયેલું. ૩ ખાધેલું.
गिलित (गृ क्त) त्रि० तः-ता-तं. १ ગળેલું. २ ગ-
गिष्ण (गै इष्णुच्) पु० ष्णः १ સામવેદ ભણેલો બ્રાહ્મણ. २ ગાનારો. ३ નાટકકાર.
गीत (गै क्त) त्रि० तः-ता-तं. ગાયેલું, ગાનકરેલું.
गीत (,,) क्ली० तं. ગીત, ગાણું, ગાન.
गीतक (गीत क) क्ली० कं. ઉપલો શબ્દ જુઓ.
गीतमोदिन् (गीतेन मोदते) पु० दी. કિન્નર, એક જાતનો ઉપદેવ.
गीता (गै क्त टाप्) स्त्री० ता. ગુરુ શિષ્યની કલ્પનાથી રચેલ ઉપદેશાત્મક કથા વિશેષ જેમકે ભગવદ્ગીતા, રામગીતા વગેરે.
'गीता सुगीता कर्तव्या किमन्यच्छास्त्रविस्तरैः'
गीति (गै क्तिन्) स्त्री० तिः १ ગાન, ગાણું. २ આર્યાછંદનો તે નામનો એક ભેદ.
गीतिका (गीति अल्पार्थे कन्) स्त्री० का. નહાનું ગાણું. [રૂપતિ. २ જીવાત્મા.
गीरथ (गीः रथ इवास्य) पु० थः १ દેવગુરૂ, બૃહ-
गीर्ण (गृ क्त) त्रि० र्णः-र्णा-र्णं. १ સ્તુત, વખાણેલું. २ ગળી ગયેલું, ગળેલું.
गीर्णि (गृ क्तिन्) स्त्री० र्णिः १ વખાણ, તારીફ. २ સ્તુતિ. ३ ગળવું, ગળીજવું.
गीर्देवी (गिरां देवी) स्त्री० वी. સરસ્વતી, વાગ્દેવતા, શારદા. [કાંકણી.
गीर्वता ( ) स्त्री० ता. વનસ્પતિ માલ-
गीर्वाण (गीरेव वाणो यस्य) पु० णः देव.
गीष्पति (गिरः पतिरिव) पु० तिः १ બૃહસ્પતિ. २ પંડિત. गीर्पति.
गु (तुदा० पर० सेट् गुवति) હગવું.
गु (भ्वा० आत्म० सेट् गवते) અસ્પષ્ટ શબ્દ કરવો.
गुग्गुल (गुक् व्याधिः ततो गुडति रक्षति). पु० लुः ગુગળનું ઝાડ. २ રાતા શરગવાનું ઝાડ.
गुग्गुलु ( ) पु० लुः ઉપલો શબ્દ જુઓ.
गुच्छ (गुतं छ्यति छो क) पु० च्छः १ ફળી, ફૂલ, વગેરેનો ગોટો. २ બત્રીશ શેરનો હાર. ३ મોરનું પૂંછડું. [જુઓ.
गुच्छक (गुच्छ स्वार्थे क) पु० कः ઉપલો શબ્દ
गुच्छदंतिका (गुच्छ दंत कप् टाप् इत्वम्) स्त्री० का. કેળ.
गुच्छपत्र (गुच्छाकृतीनि पत्राण्यस्य) पु० त्रः તાડનું ઝાડ.
गुच्छफला (गुच्छाकृतीनि फलान्यस्याः) स्त्री० ला. १ કેળ. २ દ્રાક્ષની વેલ. ३ કાકમાચી.
गुच्छार्द्ध (गुच्छ ऋध् अ) पु० र्द्धः ચોવીશ શેરનો હાર. [સુગંધી તૃણ.
गुच्छाल (गुच्छ अल् अच्) पु० लः એક જાતનું
गुज् (तुदा० पर० सेट् गुंजति) અવાજ કરવો.
गुज् (भ्वा० पर० सेट् गोजति) ગુંજારવ કરવો, અસ્પષ્ટ શબ્દ કરવો. [રાગણી.
गुज्जरी ( ) स्त्री० री. તે નામની એક
गुंज (गुजि अच्) पु० जः ગુચ્છો, જુમખો.
गुंज (गुजि घञ्) पु० जः ગુણગુણ એવો અવાજ.
गुंजकृत् (गुजं करोति कृ क्विप्) पु० त्-द्. મોટો ભમરો.
गुंजत् (गुज् शतृ) त्रि० न्-जंती-त्. ગુંજારવ કરતું.
गुंजन (गुज् ल्युट्) क्ली० नं. ગુંજારવ કરવું, ગણુગણવું.
गुंजा (गुजि अच्) स्त्री० जा. १ ચણોઠીનો વેલો. २ ચણોઠી. ३ બેધડુના દાણાની બરોબર એક વજન. ४ એક જાતનું નગારૂં. ५ દારૂનું પીઠું. ६ ગુંજારવ. ७ ચર્ચા.
गुंजिका (गुंजी कन्) स्त्री० का. ત્રણ જવનું એક માન.
गुंजित (गुज् क्त) त्रि० तः-ता-तं. ગુંજારવ કરેલું.
गुंजित (,,) क्ली० तं. ગુંજારવ, ગણુગણવું તે.
गुटि (गु टिक्) स्त्री० टिः ગોળી. [જુઓ.
गुटिका (वटिका पृषो०) स्त्री० का. ઉપલો શબ્દ
'गुटिकाविशदं हिमांभः' रघुवंशम्.
गुटी (गुटिक् ङीप्) स्त्री० टी. गुटि शब्द જુઓ.
गुठ् (चुरा० पर० सेट् गुंठयति) १ ઢાંકવું. ઘેરી લેવું. अव (अवगुंठयति) પડદો કરવો. [કરવું.
गुड् (तुदा० पर० सेट् गुडति) બચાવવું, રક્ષણ
गुड् (चुरा० उभय० सेट् गुंडयति-ते) १ રક્ષણ કરવું, બચાવવું. २ गुठ् धातु જુઓ. ३ ચૂર્ણ કરવું, લોટ કરવો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

गुड (गुड् अच्) त्रि० डः-डा-डं. गोળ.

गुड (गुड् कन्) पु० डः १ गोળો. २ गोળ. ३ पति मुआ पछी ज्यर क्रमथी पेदा थयेल पुत्र. ४ हाथीनी पीठ उपर नाખवानुं आस्तरण.

गुडक (गुड कन्) पु० कः १ गोળभां तैयार करेल मुरબ્બો वगेरे. २ गोળाકार पदार्थ. ३ गोળभां पકावेल औषध.

गुडकाष्ट (गुडयुक्तं काष्टं) क्ली० ष्टं. शेલडी.

गुडची (गुड चि क्विप्) स्त्री० ची. वनस्पति गળो.

गुडतृण (गुडस्य गुडार्थं तृणं) क्ली० णं. शेલडी, गुडत्रिण. [तज, दालચिनी.

गुडत्वच् (गुड इव मधुरा त्वक् यस्य) पु० क्-ग्.

गुडत्वच (गुड इव मधुरा त्वचा यस्य) क्ली० चं. ज्यवंत्री. [तज, दालચिनी.

गुडत्वचा (गुड इव मधुरा त्वचा यस्याः) स्त्री० चा.

गुडदारु (गुडप्रधानो दारुः) पु० रुः शेલडी.

गुडधेनु (गुडनिर्मिता धेनुः) स्त्री० नुः दानने माटे धेनु तरीકे કલ્પેલો गोળनो ઢगलो. [पઉवान्नः.

गुडपिष्ट (गुडयुक्तं पिष्टं) क्ली० ष्टं. गोળ भेળवेलुं

गुडपुष्प (गुड इव मधुरं पुष्पमस्य) पु० ष्पः मधुક वृक्ष, महुडानुं ઝाड. [वृक्ष.

गुडफल (गुड इव मधुरं फलमस्य) पु० लः पीलु

गुडमूल (गुड इव मधुरं मूलमस्य) पु० लः तांदળजो.

गुडमूल ( ) पु० लः शेલडी.

गुडल (गुडं लाति ला क) क्ली० लं. गोળनो दारु.

गुडल (,,) त्रि० लः-ला-लं. गोળथी उत्पन्न थयेल. [रवृक्ष.

गुडबीज (गुड इव मधुरं बीजं यस्य) पु० जः मसूर

गुडशिग्रु (गुड इव मधुरः शिग्रुः) पु० ग्रुः रातो शरगवानुं ઝाड.

गुडा (गुड् किच टाप्) स्त्री० डा. १ वनस्पति गળो २ કાળी द्राक्षा. ३ चूर्ण, भूકी. ४ गोળी.

गुडाका (गुड् आ क) स्त्री० का. १ उंघ, निद्रा. २ आળस.

गुडाकेश (गुडाकाया ईशः वशित्वात्) पु० शः १ महादेव. २ मध्यम पांडव अर्જुन.

गुडाशय (गुड इव मधुरः आशयः गर्भमध्यं यस्य) पु० यः गुडफल शब्द જुओ.

गुडिका (गुड वुन्) स्त्री० का. गोળी.

गुडुची (गुड् उचट् ङीप्) स्त्री० ची. वनस्पति गળो.

गुडूची (गुड् ऊचट् ङीप्) स्त्री० ची. उपलो शब्द જुओ.

गुडेर (गुड् एरक्) पु० रः १ ढेબीयो, ग्रास. २ गोળो.

गुडेरक (गुडेर कन्) पु० कः ढेબीओ, ग्रास.

गुडोद्भवा (गुड उद्भवो यस्याः) स्त्री० वा. ખांड.

गुडौदन (गुडश्च ओदनं च) क्ली० नं. गोળ ચोખा.

गुण् (चुरा० उभय० सेट् गुणयति-ते) १ गुંथवुं. २ तेऽवुं. ३ उपદेश करवो.

गुण (गुण् अच्) पु० णः १ गुण. २ सत्व, रજ, तમ, એ नामना त्रण गुणपैકी प्रत्येક. ३ संधि विગ्रह वगेरे छ गुणमांथी प्रत्येક. ४ दोरी, दोर, रજ्જु. ५ ज्ञानेंद्रिय. ६ शुકल, नील वगेरे गुणमांथी प्रत्येક. ७ दान, त्याग. ८ आवृत्ति. ९ गुણवुं. १० विश्वना चराचर पदार्थनो मूળ धर्म. ११ ज्ञान अज्ञान वगेरे मनना धर्ममांनो प्रत्येક. १२ न्यायसंमत ३५ वगेरे चोवीश पदार्थमांथी प्रत्येક. १३ अप्रધान, अमनुष्य. १४ तंतु. १५ उत्कर्ष. १६ દૂधी. १७ व्याકरण प्रसिद्ध એકार ओકार गुण.

गुण (गुण् अच्) स्त्री० वः णाः त्रण संख्यानी संज्ञा [नार. ३ आवर्तक.

गुणक (गुण् ण्वुल्) पु० कः १ गुणव्य अंક. २ गुण-

गुणकथन (गुणस्य कथनं) क्ली० नं. १ गुणनुं કहेवुं. २ કामे करेली नायકनी એક अवस्था.

गुणकर्मन् (गुणं कर्म) क्ली० र्म. अप्रધान કाम.

गुणकार (गुणं करोति कृ अच्) पु० रः गुणाકार करनार, गुणनार. [सेन. २ रसोઇओ.

गुणकार (,,) पु० रः १ भीम, भीमसेन. २ रसोઇओ.

गुणगान (गुणस्य गानं) क्ली० नं. गुणनुं गावुं.

गुणगौरी (गुणेन गौरी शुद्धा) स्त्री० री. गुणेકरी शुद्ध स्त्री.

'अनृतगिरं गुणगौरि माकृथा माम्' माघः

गुणग्राह्य (गुणानां पक्षः) पु० ह्यः. गुणनो पक्षपाती.

गुणज्ञ (गुणं जानाति ज्ञा क) त्रि० ज्ञः-ज्ञा-ज्ञं. गुण જाणनार. [पણा मुજબ, गुणथी.

गुणतस् (गुण तसिल्) अ० तः गुण प्रमाणे, योग्य-

गुणता (गुणस्य भावः तल्) स्त्री० ता. गुणपणुं, उत्तमपणुं, योग्यता, अप्रधानपणुं. [जुओ.

गुणत्व (,, त्व) क्ली० त्वं. उपलो शब्द

गुणत्रय (गुणानां त्रयम्) क्ली० यं. सत्व रજ अने तम એ त्रण गुण. [भापवुं, गणवुं

गुणन (गुण् ल्युट्) क्ली० नं. गुणवुं, वर्णन करवुं,

गुणनिका (गुण् वुच् कन्) स्त्री० का. १ पुस्तक वगेरेनो वारंवार अभ्यास. २ शून्य. ३ तृस, नाच. ४ माला.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

गुणनिधि (गुणानां निधिः) पु० धिः गुणनो भंडार.
गुणनी (गुण् ल्युट् ङीप्) स्त्री० नी. पुस्तक वगेरेनुं वारंवार अनुशीलन.
गुणनीय (गुण अनीयर्) त्रि० यः-या-यं. १ गुणवा योग्य, गुणाकार करवा लायक. २ उपदेश करवा योग्य. [विधानो अभ्यास करवो ते.
गुणनीय (,,) पु० यः जुदी जुदी
गुणनीय (,,) क्ली० यं. गुण्य अंक.
गुणपूग ( ) पु० गः उत्तम गुण.
गुणलयनिका (गुणं लय नी कप्) स्त्री० का. तंबु.
गुणलयनी (गुण ली ल्युट् ङीप्) स्त्री० नी. उपलो शब्द जुओ. [नो लोभीओ.
गुणलुब्ध (गुणेन लुब्धः) त्रि० ब्धः-ब्धा-ब्धं गुण-
गुणलुब्धाः स्वयमेव संपदः ' किरातार्जुनीयम्.
गुणवत् (गुण मतुप्) त्रि० वान्-वती-वत्. १ गुणवाळुं, गुणी. २ दोरीवाळुं, दोरीओ बांधेलु.
गुणवत्तम (गुण मतुप् तमप्) त्रि० मः-मा-मं. अत्यंत गुणी. [गुणवाळुं.
गुणवत्तर (गुण मतुप् तरप्) त्रि० रः-रा-रं. बहु
गुणवत्ता (गुणवतो भावः) स्त्री० त्ता. गुणवाळा पणुं. [पण.
गुणवाचक (गुण वच् ण्वुल्) पु० कः गुणविशे-
गुणवाद (गुणस्य वादः) पु० दः १ एक जातनो अर्थवाद. २ गुण कहेनार. ३ गुण कहेवा ते.
गुणविशेष्य ( ) क्ली० ष्यं. गुणनुं विशेषणपणुं. [वहाणनो कुवो.
गुणवृक्ष (गुणानां बंधनाधारः वृक्ष इव) पु० क्षः
गुणवृक्षक (गुणवृक्षः कन्) पु० कः उपलो शब्द जुओ. [शास्त्र, पातंजल योग शास्त्र.
गुणसंख्यान (गुण सं ख्या ल्युट्) क्ली० नं. सांख्य
गुणसंपत् (गुणस्य संपत्) स्त्री० त्-द्. अत्यंत उत्तम गुण, गुणनी संपत्ति. [२ ब्रह्मदेव.
गुणसागर (गुणानां सागर इव) पु० रः १ बौद्ध.
गुणसागर (,,) पु० रः गुणनो दरीओ.
गुणा (गुण अच् टाप्) स्त्री० णा. धी.
गुणाकर (गुणस्य आकरः) पु० रः १ गुणनी खाण. २ बौद्ध. [युक्त.
गुणाढ्य (गुणेन आढ्यः) त्रि० ढ्यः-ढ्या-ढ्यं. गुण-
गुणाढ्य (गुणेन आढ्यः) पु० ढ्यः ते नामनो एक कवि. [तमथी अतीत परमेश्वर.
गुणातीत (गुणैरतीतः) पु० तः सत्व, रज अने
गुणिका (गुण इत् क) स्त्री० का. सुजेल अंग.
गुणित (गुण् क्त) त्रि० तः-ता-तं. गुणेलुं, ढगलो करेल, राशि करेल. [जुओ.
गुणिता (गुणिनो भावः) स्त्री० ता. गुणवत्ता शब्द
गुणिन् (गुण इनि) त्रि० णी-णिनी-णि. गुणवत्. शब्द जुओ-
' गुणिगणगणनारंभे न पतति कठिनी सुसंभ्रमाद्यस्य '
हितोपदेशः
गुणिन् (,,) पु० णी. धनुष्, चाप.
गुणीभूत (अगुणः गुणः भूतः) त्रि० तः-ता-तं. १ गुणयुक्त थयेलुं. २ अप्रधान थयेलुं. ३ अमुख्य थयेलुं.
गुणीभूतव्यंग्य (गुणीभूतं व्यंग्यमत्र) क्ली० ग्यं. अलंकारशास्त्रप्रसिद्ध मध्यम काव्य. [वाळुं.
गुणेश्वर (गुणानामिश्वरः) पु० रः चित्रकूट पर्वत.
गुणेश्वर (,,) त्रि० रः-रा-रं. उत्तम गुण
गुणोत्कर्ष (गुणस्य उत्कर्षः) पु० र्षः धणोज उत्तम गुण, गुणनुं उत्तमपणुं. [गान शब्द जुओ.
गुणोत्कीर्तन (गुणस्य उत्कीर्तनं) क्ली० नं. गुण-
गुणोपेत (गुणैरुपेतः) त्रि० तः-ता-तं. उत्तम गुणथी अक्षेलुं. गुणयुक्त.
गुणौघ (गुणानामोघः) क्ली० घं. गुणनो ढगलो.
गुंडित (गुंड् क्त) त्रि० तः-ता-तं. १ दळेलुं. चूर्णकरेलुं, लोट करेलुं. २ घेरेलुं, ढांकेलुं. ३ भुरखो करेल.
गुंड (गुंड् अच्) पु० डः १ एक जातनुं सुगंधी तृण. २ दळवुं, पेषण. ३ चूर्ण करेल.
गुंडक (गुंड कन्) त्रि० कः-का-कं. भेलुं.
गुंडक (गुंड् इञ्) पु० कः १ चूर्ण, लूटो, धूळ. २ तेल राखवानुं पात्र. ३ खराब खाणुं. ४ क्लेदोक्ति.
गुंडिक (गुंड् इञ्) पु० कः लोट करेल चोखा वगेरे.
गुंडिका (,, टाप्) स्त्री० का. उपलो शब्द जुओ.
गुंडिचा ( ) स्त्री० चा. रथयात्रामां अठवाडीआ सुधी जगन्नाथनो रथ जे स्थळे अटकी रहे छे ते. [ओल.
गुंडित (गुडि क्त) त्रि० तः-ता-तं. धूळथी खरडा-
गुण्य (गुण् यत्) त्रि० ण्यः-ण्या-ण्यं. १ गुणवा योग्य २ गुणवा लायक. ३ वखाणवा योग्य, स्तुत्य.
गुत्स (गुघ् स् किच) पु० त्सः खीलवः उपर आवेली कणी. ३ गोटो, गुच्छो. ४ सुगंधी वनस्पति ग्रंथिपर्णी.
गुत्सक (गुत्स स्वार्थे क) पु० कः १ चमरी. २ गोटो. ३ जुमखुं, गुच्छो. ४ ग्रंथनो परिच्छेद.
गुत्सपुष्प (गुत्सं पुष्पमस्य) पु० ष्पः एक जातनो

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

छोऽ. सप्तपर्णे. [हार.

गुत्सार्द्ध (गुत्स ऋध् अच्) क्ली. द्वं. चोवीश सरनो

गुद् (भ्वा० पर० सेट् गोदति) खेलवुं, रमवुं.

गुद (गुद् क) क्ली० दं. मलविष्टा त्याग करनारनुं अने अपानवायु कहाडवानुं એક द्वार, गांड.

गुदकील (गुदे कील इव) पु० लः हरसनो रोग.

गुदग्रह (गुदं गृण्हाति ग्रह् अच्) पु० हः १ કोष्ठवायु. २ आमवायु. ३ उद्गावर्तरोग.

गुदजघ्न (गुदजं हंति) पु० घ्नः કડવું सुरણ.

गुदभ्रंश (गुदस्य भ्रंशो यस्मात्) पु० शः એક જાતનो गुदरोग.

गुदा (गुद् अच् टाप्) स्त्री० दा. गुद शब्द જुओ.

गुदांकुर (गुदायामंकुर इव) पु० रः हरसनो रोग, मूल व्याधि..

गुदौष्ठ (गुदस्य ओष्ठ इव) पु० ष्ठः गांडनो એક अवयव. [होवुं.

गुद्र (चुरा० पर० सेट् गुंद्रयति) खोटुं बोलवुं, જુઠું

गुध् (भ्वा० आत्म० सेट् गोधते) रमवुं, खेलवुं.

गुध् (दिवा० पर० सेट् गुध्यति) वीटवुं, वीटीलेवुं. धेरवुं. [रसे थवुं.

गुध् (क्या० पर० सेट् गुध्नाति) કोपाविष्ट थवुं, गु-

गुधित (गुध् क्त) त्रि० तः-ता-तं. धेरेलुं, वींटी लीधेलुं. [णु करनार.

गुधेर (गुध् एरक्) त्रि० रः-रा-रं. બचावनार. रक्ष-

गुंदल (गुद् अलच् नुम्) पु० लः मृदंग वगेरे वाद्यनो ध्वनि.

गुंदाल (गुंद्रल पृषो०) पु० लः चકोरપક्षी.

गुंद्र (गुद् रक् नुम्) पु० द्रः એક जातनुं तृण.

गुंद्र (,,) क्ली० द्रं. १ वनस्पति प्रियंगु. २ वनस्पति नागरमोथ. ३ सुगंधी द्रव्य धोलेलो.

गुंद्र (गुंद्र अच्) त्रि० द्रः-द्रा-द्रं. खोटुं बोलनार, જુઠું બોલનાર.

गुंद्राल (गुंद्रा ला क) पु० लः गुंदाल शब्द જુओ.

गुप् (भ्वा० आत्म० सेट् गोपते) १ संताडवुं, छानुं राખवुं. २ ઠपકो आपवो. ३ धिક्कारवुं

જ્યેષ્ઠભાર્યા (જ્યેષ્ઠબંધોર્ભાર્યા) સ્ત્રી૰ ર્યા. મોટા ભા-

જ્યેષ્ઠવર્ણ (વર્ણાનાં જ્યેષ્ઠઃ) પુ૰ ર્ણઃ ૧ બ્રાહ્મણ. ૨ ઉત્કૃષ્ટ વર્ણ. [જેષ્ઠધર્મ.

જ્યેષ્ઠવૃત્તિ (જેષ્ઠસ્ય વૃત્તિઃ) સ્ત્રી૰ ત્તિઃ વડીલવૃત્તિ,

જ્યેષ્ઠશ્વશ્રૂ (જેષ્ઠા શ્વશ્રૂઃ) સ્ત્રી૰ શ્રૂઃ મોટી સાણી, પાટલાસાસુ. [અંગ.

જ્યેષ્ઠસામન્ (જેષ્ઠં સામ) ક્લી૰ મ. સામવેદનું એક

જ્યેષ્ઠા (જ્યેષ્ઠ ટાપ્) સ્ત્રી૰ ષ્ઠા. ૧ ત્રણ તારાવાળું તે નામનું અઢારમું નક્ષત્ર. ૨ વચલી આંગળી. ૩ દુર્દૈવ. ૪ લક્ષ્મીની મોટી બેન. ૫ ગંગાનદી. ૬ પતિની અધિક સ્નેહવાળી એક નાયિકા. ૭ મોટી બેન. ૮ ગૃહગોધા.

જ્યેષ્ઠાંશ (જ્યેષ્ઠબંધોરંશઃ) પુ૰ શઃ વડીલ ભાઇનો ભાગ.

જ્યેષ્ઠામૂલીય (જ્યેષ્ઠાં મૂલં વા અર્હતિ છ) પુ૰ યઃ જેઠ મહિનો. [મોટાથી મેળવવા યોગ્ય.

જ્યેષ્ઠાવાપ્ય (જ્યેષ્ઠેન અવાપ્યઃ) ત્રિ૰ પ્યઃ-પ્યા-પ્યં.

જ્યેષ્ઠાંબુ (જ્યેષ્ઠં પ્રશસ્તં અંબુ) ક્લી૰ બુ. ચોખ્ખા ધોયેલું પાણી. [બડાનું ઝાડ.

જ્યેષ્ઠામલક (જ્યેષ્ઠં આમલકમ્) પુ૰ કઃ કડવા લીં-

જ્યેષ્ઠાશ્રમ (જ્યેષ્ઠઃ પ્રશસ્તઃ આશ્રમઃ) પુ૰ મઃ ગૃહસ્થાશ્રમ. [ગૃહસ્થાશ્રમમાં રહેલો પુરૂષ.

જ્યેષ્ઠાશ્રમિન્ (જ્યેષ્ઠઃ પ્રશસ્તઃ આશ્રમી) પુ૰ મી.

જ્યૈષ્ઠ (જ્યૈષ્ઠી અણ્) પુ૰ ષ્ઠઃ જેઠ મહિનો.

જ્યૈષ્ઠસામન્ (જ્યૈષ્ઠં સામ) ક્લી૰ મ. સામવેદનું જેષ્ઠ સામન્ નામનું એક સામગાન છે તેનું અધ્યયન કરનારો.

જ્યૈષ્ઠિનેય (જ્યેષ્ઠાયા અપત્યમ્) ત્રિ૰ યઃ-યી-યં. ૧ પ્રથમ સ્ત્રી થકી પેદા થયેલ. ૨ મોટી સ્ત્રીને પેટે પેદા થયેલ.

જ્યૈષ્ઠી (જ્યેષ્ઠા અણ્ ડીપ્) સ્ત્રી૰ ષ્ઠી. જેઠી પુરૂષ.

જ્યૈષ્ઠ્ય (જ્યેષ્ઠસ્ય ભાવઃ ષ્યઞ્) ક્લી૰ ષ્ઠ્યં જ્યેષ્ઠતા શબ્દ જુઓ.

જ્યો (ભ્વા૰ પર૰ સેટ્ જ્યવતે) ૧ શીખવવું. ૨ ઉપદેશ કરવો. ૩ હુકમ કરવો. ૪ ધર્મ નિયમ વગેરે આચરવું.

જ્યોતિઃશાસ્ત્ર (જ્યોતિષાં શાસ્ત્રમ્) ક્લી૰ સ્ત્રં. જોષ જોવા બાબતનું શાસ્ત્ર, જ્યોતિઃશાસ્ત્ર.

જ્યોતિરિંગ (જ્યોતિરિવ ઇંગતિ) પુ૰ ગઃ આગીઓ જીવડો. [શબ્દ જુઓ.

જ્યોતિરિંગણ (,,) પુ૰ ણઃ ઉપલો

જ્યોતિરીશ (જ્યોતિષઃ ઈશઃ) પુ૰ શઃ તે નામનો એક ગ્રંથકર્તા.

જ્યોતિર્ગણ (જ્યોતિષાં ગ્રહાદીનાં ગણઃ) પુ૰ ણઃ ગગનસ્થ તેજસ્વી સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર વગેરેનો સમુદાય. [ઓ જીવડો.

જ્યોતિર્જીવ (જ્યોતિષો જીવમિવ) પુ૰ જઃ આગી-

જ્યોતિર્મય (જ્યોતિષ્ મયટ્) ત્રિ૰ યઃ-યા-યં. ૧ તેજસ્વરૂપ. ૨ અત્યંત પ્રકાશવાળું.

'ઋષીઞ્ જ્યોતિર્મયાન્ સપ્ત સસ્માર સ્મરશાસનઃ'

કુમારસંભવમ્.

જ્યોતિર્વિદ્ (જ્યોતિષં વેત્તિ વિદ્ ક્વિપ્) પુ૰ ત્-દ્. જોશી. ગણિત વિદ્યા જાણનાર ગણક, દૈવજ્ઞ.

જ્યોતિર્વિદ્યા (જ્યોતિષાં સૂર્યાદીનાં ગત્યાદિજ્ઞાનસાધનં વિદ્યા) સ્ત્રી૰ દ્યા. જ્યોતિઃશાસ્ત્ર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ज्योतिर्बीज (ज्योतिषः प्रकाशस्य बीजमिव) पु० जः आगीओ ७वडो.
ज्योतिश्चक्र (ज्योतिषां चक्रं) क्ली० क्रं. १ બાર રાશિનु चक्र. २ नक्षत्र. ३ भयक्र.
ज्योतिष (ज्योतिष् अच्) त्रि० षः षी-षं. ખગોલ સંબંધી, ખગોલનું, જ્યોતિષ્ સંબંધી, જ્યોતિષનું.
ज्योतिष (,,) पु० षः જોશી, મંત્રવિશેષ.
ज्योतिष (ज्योतिष् अच्) क्ली० षं. જ્યોતિઃશાસ્ત્ર.
ज्योतिषिक (ज्योतिष् ठक्) पु० कः જોશી.
ज्योतिषिन् (ज्योतिष् इनि) त्रि० षी-षिणी-षि. ઉપરનો शब्द જુઓ.
ज्योतिषी (ज्योतिष ङीप्) स्त्री० षी. જોશીની સ્ત્રી.
ज्योतिषी (ज्योतिष् अच् ङीप्) स्त्री० षी. તારા.
ज्योतिष्क (ज्योतिष् कै क) पु० ष्कः १ ગ્રહ, તારા, સૂર્ય, ચંદ્ર ઇત્યાદિમાંથી પ્રત્યેક. २ ગણીઆરીનું ઝાડ. ४ મેથીનું ઝાડ. ५ ચિત્રાનું ઝાડ.
ज्योतिष्क (ज्योतिरिव कायति कै क) क्ली० ष्कं. મેરૂપર્વતની સપાટી, અર્જુનનું એક શસ્ત્ર.
ज्योतिष्कल्प (ज्योतिष् कल्पप्) त्रि० ल्पः-ल्पा-ल्पं. તેજસ્વી, પ્રકાશવાળું, ચકચકિત.
ज्योतिष्का (ज्योतिरिव कायति कै क टाप्) स्त्री० ष्का. १ भालકાકણી. २ વજ્ર. ३ વેખંડ.
ज्योतिष्टोम ( ) पु० मः यज्ञविशेष, જેમાં સોળ ઋત્વિજ હોય છે અને સોમવલ્લીના રસનો હવન થાયછે.
ज्योतिष्मत् (ज्योतिष् मतुप्) त्रि० मान्-मती-मत् તેજવાળું, અજવાળાવાળું, પ્રકાશવાળું.

' कोकप्रीतिचकोरचारणभटुज्योतिष्मतीलोचने '
मुरारिः

ज्योतिष्मत् (,,) पु० ष्मान् १ सूर्य. २ આકડાનું ઝાડ. ३ તે નામનો એક પર્વત.
ज्योतिष्मती (ज्योतिष् मतुप् ङीप्) स्त्री० ती. १ भालકાંકણી. २ અંજવાળાવાળી ચાંદની.
ज्योतिस् ( ) क्ली० तिः १ नक्षत्र. २ तारा. ३ प्रકાશ. ४ આંખની પુતળી. ५ ज्ञान. ६ सर्वावભાસક ચૈતન્ય.
ज्योतिस् (ज्युत् इसुन्) पु० तिः १ सूर्य. २ अग्नि. ३ આકડાનું ઝાડ. ४ ચિત્રાનું ઝાડ. ५ એક જાતનું ઝાડ. [સ્વાધીન, જ્યોતીરૂપ.
ज्योतिस्सात (ज्योतिष् साति) अ० सात्. અગ્નિના
ज्योतीरथ (ज्योतिः ज्योतिर्युक्तो रथः) पु० थः ધ્રુવ नक्षत्र, उत्तानपाद राजानो पुत्र.
ज्योतीरस ( ) पु० सः એક જાતનું રત્ન.
ज्योत्स्ना (ज्योतिरस्त्यस्यां न) स्त्री० त्स्ना. १ ચાંદની शत, ચાંદની, ચંદ્રનું અજવાળું. २ દુર્ગા, રેણુકા નામનું સુગંધી દ્રવ્ય. [પક્ષી.
ज्योत्स्नाप्रिय (ज्योत्स्ना प्रिया यस्य) पु० यः ચકોર
ज्योत्स्नावत् (ज्योत्स्ना मतुप्) त्रि० वान्-वती-वत्. જ્યોત્સ્નાવાળું. [ઝાડ.
ज्योत्स्नावृक्ष (ज्योत्स्नाया वृक्षः) पु० क्षः દીવાનું
ज्योत्स्नी (ज्योत्स्ना अण् ङीप्) स्त्री० त्स्नी. १ રેણુકાબીજ. २ પટોલ. ३ અજવાળીરાત્રિ. ज्योत्स्निका.
ज्यौतिषिक (ज्योतिषमधीते वेद वा ठक्) पु० कः ज्योतिषिक शब्द જુઓ. २ જ્યોતિઃશાસ્ત્રનો અભ્યાસ કરનાર. [દનીવાળું.
ज्यौत्स्न (ज्योत्स्ना अण्) त्रि० त्स्नः-त्स्ना-त्स्नं. ચાં-
ज्यौत्स्निका (ज्योत्स्नी कन्) स्त्री० का. ચાંદનીવાળી રાત. [વાળી રાત્રી. ज्योत्स्नी.
ज्यौत्स्नी (ज्योत्स्ना अण् ङीप्) स्त्री० त्स्नी. अज-
ज्रि (भ्वा० पर० सेट् ज्रयति) १ જર્યપામવું, જીતવું. २ ફમી કરવું. ३ ફમી થવું. [થવું.
ज्री (क्र्या० पर० सेट् ज्रिणाति) वृद्ध थवुं, જીર્ણ
ज्री (भ्वा० पर० सेट् ज्रयति) ઉપલો ધાતુ જુઓ.
ज्री (चुरा० उभय० सेट् ज्रायति-ते) वृद्ध थवुं, જીર્ણ થવું. [જવરયુકત થવુ. २ માંદું થવું.
ज्वर् (भ्वा० पर० सेट् ज्वरति) १ तावવાળું થવું,
ज्वर (ज्वर् घञ्) पु० रः १ ताव, ताप. २ સંતાપ.
ज्वर (ज्वर अच्) त्रि० रः-रा-रं. तावવાળું, તાપવાળું, સંતપ્ત. [२नार, तापनाशક.
ज्वरघ्न (ज्वरं हंति) त्रि० घ्नः-घ्ना-घ्नं. तावने नाश કરનાર.
ज्वरघ्न (,,) पु० घ्नः ગળો.
ज्वरघ्नी (ज्वरं हंति) स्त्री० घ्नी. ભાંઠ.
ज्वरनाशन (ज्वरं नाशयति) पु० नः ખડશલીઓ પિત્તપાપડો. [२ ભાંઠ.
ज्वरनाशिनी (,,) स्त्री० नी. १ ગળો.
ज्वरहंतृ (ज्वरं हंति हन् तृच्) त्रि० ता-त्री-तृ. જ્વરને નાશ કરનાર.
ज्वरहंत्री (,, ङीप्) स्त्री० त्री. ભાંઠ.
ज्वाराग्नि (ज्वरस्य अग्निः) पु० ग्निः જ્વરનો અગ્નિ.
ज्वरांतक (ज्वरस्य अंतकः) त्रि० कः-का-कं. જ્વરનો અંત લાવનાર. [કરીઆતું. २ ગરમાળો.
ज्वरांतक (,,) पु० कः १ वनस्पति
ज्वरापह (ज्वरमपहंति) त्रि० हः-हा-हं. तावने હણનાર. [વનસ્પતિ, વેલશું૬.
ज्वरापहा (,,) स्त्री० हा. એક જાતની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ज्वरारि (ज्वरस्य अरिरिव) पु० रिः ગળો. ગડૂચી, અમૃતા.

ज्वरित (ज्वरो जातोस्य इतच्) त्रि० तः-ता-तं. તાવવાળું, તાપવાળું, દુઃખવાળું, સંતાપવાળું. જૂર્ણ.

ज्वरिन् (ज्वर इनि) त्रि० री-रिणी-रि. ઉપલો શબ્દ જુઓ. [ળકવું. ૩ પ્રકાશિત થવું.

ज्वल् (भ्वा० पर० सेट् ज्वलति) १ બળવું. ૨ ચ-

'ज़ज्वाल लौकस्थितये स राजा' भट्टिः

ज्वल (ज्वल् अच्) त्रि० लः-ला-लं. ૧ બળનાર. ૨ પ્રકાશિત, ચકચકિત. [ખા, જ્વાલા.

ज्वल (,,) पु० लः ૧ અગ્ન. ૨ અગ્નિશિ-

ज्वलका (ज्वल् वुन्) स्त्री० का. ઉપલો શબ્દ જુઓ.

ज्वलत् (ज्वल् शतृ) त्रि० न्-लंती-त्. ૧ બળતું. ૨ પ્રકાશતું. ૩ ચકચકતુ.

ज्वलन (ज्वल् ल्युट्) क्ली० नं. બળવું તે.

ज्वलन (ज्वल् युच्) पु० नः ૧ અગ્નિ. ૨ વનસ્પતિ ચિત્રો. ૩ કાડીખાર.

ज्वलन् (,,) त्रि० नः-ना-नं. ૧ બળનાર. પ્રકાશનાર, ચકચકનાર. [મણિ.

ज्वलनाश्मन् (ज्वलनः अश्मा) पु० श्मा. સૂર્યકાંત

ज्वलन्मणि (ज्वलन् मणिः) पु० णिः ૧ ચળકતો મણિ.૨ સૂર્યકાંત મણિ. [શબ્દ જુઓ.

ज्वलयत् (ज्वल् शतृ) त्रि० यन्-यंती-यत्. ज्वलत्

ज्वलित (ज्वल् क्त) त्रि० तः-ता-तं. ૧ બળેલું. ૨ પ્રકાશિત.

ज्वलिन् (ज्वल् इनि) त्रि० लीं-लिनी-लि. ૧ બળનાર. ૨ પ્રકાશનાર. ૩ જ્વાળાવાળું.

ज्वलिनी (ज्वल् इनि ङीप्) स्त्री० नी. ભોરવેલ.

ज्वाल (ज्वल् अण्) त्रि० लः-ला-लं. દીપ્તિવાળું.

ज्वाल (,,) पु० लः ૧ જ્વાલા. ૨ અગ્નિ-જ્વાલા. ૩ દીપ્તિ.

ज्वाला (ज्वल् ण टाप्) स्त्री० ला. ૧ બળેલા ચોખા. ૨ ચિત્રાનું ઝાડ. ૩ અગ્નિની ઝાળ.

'दृनींति तव वीक्ष्य कोपदहनज्वालाजटालोऽपि सन्'

भामिनीविलासः

ज्वालाग्नि (ज्वालायाः अग्निः) पु० ग्निः જ્વાલાનો અગ્નિ. [ગ્નિ, આગ. ૨ ચિત્રાનું ઝાડ.

ज्वालाजिह्व (ज्वाला जिह्वेव यस्य) पु० ह्वः ૧ અ-

ज्वालिन् (ज्वल् णिनि) त्रि० लीं-लिनी-लि. જ્વાલાયુક્ત, દીપ્તિવાળું. [જુઓ.

ज्वाली (,,) स्त्री० ली. જ્વાલ શબ્દ

झ.

झ વ્યંજન વર્ણ પૈકી નવમો વર્ણ.

झ (झट् ड) त्रि० झः-झा-झं. ૧ સુતેલું, ઉંઘેલું. ૨ નાશ પામેલું. ૩ ખોવાઇ ગયેલ.

झ (,,) पु० झः ૧ સુગ્રીવ, भृङ्गरातिः ૨ રાક્ષસનો એક નાયક. ૩ વા વરસાદ વગેરેનો ઝમ ઝમ અવાજ. ૪ તોફાની વા. ૫ ખોવાયેલ પદાર્થ. ૬ તાલ આપવી. ૭ બબડવું, વગાડવું. ૮ નેપથ્ય. ૯ જલનું વર્ષવું. ૧૦ ઉંચો વા.

झंकार (झमित्यव्यक्तशब्दस्य कारः) पु० रः માખીના ગુંજારવ સરખો અસ્પષ્ટ નાદ.

'प्रारब्धो मधुपैरकारणमहो झंकारकोलाहलः' उद्भटः

झंकारिणी (झंकारिन् ङीप्) स्त्री० णी. ગંગા.

झंकृता (झं कृ क्त टाप्) स्त्री० ता. તારાદેવી.

झंकृति (झं कृ क्तिन्) स्त्री० तिः झंकार શબ્દ જુઓ.

झंकारित (झंकार इतच्) त्रि० तः-ता-तं. ઝંકાર શબ્દ જેને થયેલ છે તે.

झंझन (झंझ् ल्युट्) क्ली० नं. ઘંટડી ઘુઘરી વગેરેના અવાજ જેવો અસ્પષ્ટ અવાજ.

झंझा (झं झट् ड) स्त्री० झा. ૧ તોફાની વા. ૨ એક જાતનો અવાજ. ૩ મુશલધારે વરસાદ. ૪ ખોવાયેલ પદાર્થ. [થેનો વાયુ.

झंझानिल (झंझायुक्तोऽनिलः) पु० लः વરસાદ સા-

झंझावात (झंझायुक्तो वातः) पु० तः ઉપલો શબ્દ જુઓ. [પેઠે ગુંચવાઇ જવું.

झट् (भ्वा० पर० सेट् झटति) વાળ ગુંથવા, જટાની

झटा (झट् जच् टाप्) स्त्री० टा. ભોંય આંબલીનું ઝાડ. [જુઓ.

झटामला ( ) स्त्री० ला. ઉપલો શબ્દ

झटि (झट् इनि) पु० टिः એક જાતનું તૃણ.

झटिति (झट् इण् क्तिन्) अ० ति. જલદીથી, ઉતાવળીથી.

'झटिति प्रविश गेहं मा बहिस्तिष्ठ कान्ते'

शृंगारतिलकम्.

झड् (भ्वा० पर० सेट् झडति) झट् ધાતુ જુઓ.

झणत्कार (झणत् कृ घञ्) पु० रः ચણચણાટ, ઝણઝણાટ. [વો અલંકારનો શબ્દ.

झनत्कार (झनत् कृ घञ्) पु० रः જુમ જુમ એ-

झम् (भ्वा० पर० सेट् झमति) ખાવું, જમવું.

झंप (लंफ पृषो०) पु० पः ૧ કુદવું, કુદકી મારવી. ૨ કુદવું, છલંગ મારવી. [જુઓ.

झंपा (लंफ अम् पृषो०) स्त्री० पा. ઉપલો શબ્દ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

झंपाक (झंपेन आकायति) पु० कः वानर, वांदरो.
झंपारु (झंप आ रा डु) पु० रुः उपलो शब्द जुओ.
झंपाशिन् (झंप अश् णिनि) पु० शी. पाणीमां डुभकी मारी मत्स्य वगेरे खानार पक्षी.
झंपिन् (झंप इनि) पु० पी. वांदरो वानर.
झर (झृ अच्) पु० रः पाणीनो झरो. [शाक.
झरसी ( ) स्त्री सी. એક જાતનું
झरा (झृ अच् टाप्) स्त्री० रा. पाणीनो झरो.
झरी (झृ अच् ङीष्) स्त्री० री. १ उपलो शब्द जुओ. २ तारादेवी.
झर्च् (तुदा० पर० सेट् झर्चति) १ બોલવું, કહેવું. २ दूषण लावबुं. ३ ઠપકો લાવવો ४ દુઃખદેવું. ५ ઠારમારવું.
झर्छ् (तुदा० पर० सेट् झर्छति) उपलो धातु जुओ.
झर्ज् (भ्वा० पर० सेट् झर्जति) १ બોલવું, કહેવું. २ दूषण लावबुं. ३ ઠપકો લાવવો.
झर्छ् (तुदा० पर० सेट् झर्छति) उपलो धातु जुओ.
झर्झ् (भ्वा० पर० सेट् झर्झति) १ બોલવું. કહેવું. २ दूषण लावबुं. ३ ઠપકો. ४ દુઃખદેવું. ५ ઠાર मारवुं.
झर्झ् (तुदा० पर० सेट् झर्झति) झर्च् धातु जुओ.
झर्झ् (चुरा० पर० सेट् झर्झयति) झर्च् धातु जुओ.
झर्झर (झर्झ् करच्) पु० रः १ એક જાતનું વાદ્ય. २ કલિયુગ. ३ એક નદ. ४ નગારું. ५ નેતરનો એક જાતનો દંડ. ६ રાંધવાનું એક જાતનું લોઢાનું साधन. [नाद थायछे तेवो नाद.
झर्झर (,,) क्ली० रं. पाणी पडवाथी જે
झर्झरक (झर्झर कन्) पु० कः कलियुग.
झर्झरा (झर्झ करच् टाप्) स्त्री० रा. १ वेश्या. २ तारादेवी. [ली. २ तारादेवी.
झर्झरिका (झर्झरा कन्) स्त्री० का. १ અડદની રોટ-
झर्झरिन् (झर्झर इनि) त्रि० री-रिणी-रि. ઝાંજવાળું.
झर्झरीक (झर्झर ईकन्) पु० कः १ देह. २ देश. ३ तम्भीर, छभ्भी. [नना ५ऽ५ऽाटनो नाद.
झलंझला (झलंतं ज्वलति) स्त्री० ला. हाथीना का-
झलरी ( ) स्त्री० री. १ ખંજરી. २ रचित केश, અંબોડો વગેરે.
झला (झरा पृषो०) स्त्री० ला. १ दीकरी, पुत्री. २ चકચકાટ, सूर्यप्रકાश. ३ એક જાતનો કીડો.
झालि (झल् इन्) स्त्री० लिः सोपारी ड्रेाश्ल.
झल्ल (झर्छ् किप् तं लाति) पु० ल्लः કુસ્તી, પહેલવાનગિરી, साઠમારી વગેરે કરનારો મલ્લ.
झल्लक (झल्ल कन्) पु० कः એક જાતનું વાદ્ય, ઝાંજ.
झल्लकंड (झल्लः तत्स्वर इव कंडः स्वरो यस्य) पु० ङः पारेवुं, કબુતર.
झल्लकी (झल्लक ङीप्) स्त्री० की ઝાંજ.
झल्लरा (झर्झ अरन् पृषो०) स्त्री० रा. नीचेनो शब्द जुओ.
झल्लरी (झर्झ अरन् ङीप्) स्त्री० री. १ ખંજરી, ડફ. २ वाद्यविशेष, ઝાંજ. ३ ભીનાશ, ભીનાપણું. ४ रचित केश, અંબોડો વગેરે. ५ शुद्धपणुं, स्वच्छपणुं. ६ शरीरने सुगंधवाळुं अने स्वच्छ કરવાનો એક ખુશ્બોદાર પદાર્થ.
झल्लिका (झर्झ ण्वुल् पृषो०) स्त्री० का. सूर्यनो प्रકાश, चકચકાટ, शरीरने ખુશ્બોદાર કરવા માટે वापरेलुं लुगडुं अथवा चीथरुं, शरीरने मसळी चोળીને તે ઉપરથી કહાડી નાખેલો મેલ.
झल्ली ( ) स्त्री० ल्ली. એક જાતનું વાદ્ય, ઝાંજ, ખંજરી, ડફ.
झल्लोल (झर्झ लोल पृषो०) पु० लः सूतरनो दोरो કહાડવા માટે धातुनो अथवा पथ्थरनो छेदवाळो गोળाકૃતિ એક પદાર્થ.
झष् (भ्वा० पर० सेट् झषति) १ लेवुं, ग्रहण કरवुं. २ ઠार मारवुं, भारी नाખवुं. ३ दुःખदेवुं. ४ शरीर ઉપર धारण કरवुं. ५ वापरवुं.
झष (झष् घ क्त वा) पु० षः १ माछलुं. २ मीनराशि. ३ ઉष्णुता. ४ ઝાડી. ५ अरण्य. ६ मगर.
झष (झष् अच्) क्ली० षं. १ पऽतर जमीन. २ ઉजऽ जमीन. ३ वन.
झषकेतन (झषः केतनेऽस्य) पु० नः કામ, કામદેવ.
झषकेतु (झषः केतुः यस्य) पु० तुः કામ, કામદેવ.
झषा (झष् अच् टाप्) स्त्री० षा. એક જાતની वनस्पति नागબલા.
झषांक (झषः अंकः यस्य) पु कः १ अनिरुद्ध, मदनपुत्र, उषापति. २ કામદેવ.
झषाशन (झषं अश्नाति) पु० नः १ माछलुं भક्षण કरनार मोटो मच्छ. २ माछलुं खानारो.
झषोदरी (झषःउदरमस्याः) स्त्री० री. व्यासमाता, सत्यवती.
झा (झ अच् टाप्) स्त्री० झा. पाणीनो धोध.
झांकृत (झां कृ क्त) क्ली० तं. १ ઝમ્ઝમ્ વાગે એवुं એક જાતનું पादभूषण. २ એક જાતનો क्षार.
झाट (झट् णिच् अच्) पु० टः १ कुंज, लतागृह. २ क्षत वगेरेनुं पाणीथी स्वच्छ કरवुं.
झाट (,,) क्ली० टं. १ ઝાડી. २ रान. ३ अरण्य.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઝાટલ (ઝટ્ ણિચ્ અલચ્) પુ० લः એક જાતનું ઝાડ.

ઝાટા (ઝટ્ ણિચ્ અચ્ ટાપ્) સ્ત્રી० ટા. ૧ જાઇની વેલ. ૨ વનસ્પતિ ભોંય આંબલી. [ગુ.

ઝાટાસ્ત્ર ( ) ક્લી० સ્ત્ર. પાણીનું ફાણી-

ઝાટાસ્ત્રક (ઝાટાસ્ત્ર કન્) ક્લી० કં. ઉપલો શબ્દ જુઓ.

ઝાટી (ઝટ્ ણિચ્ અચ્ ङीप्) સ્ત્રી० ટી. જાઇની વેલ. વનસ્પતિ ભોંયઆંબલી. [જુઓ.

ઝાટિકા (ઝાટા સ્વાર્થે ક) સ્ત્રી० કા. ઉપલો શબ્દ

ઝાવુ ( ) પુ० વુः ઝાવુ શબ્દ જુઓ.

ઝામક (ઝમ્ ण्वुल्) ક્લી० કં. ૧ બગેલી ધંટ. ૨ પાકી ધંટ.

ઝામર (ઝામં રાતિ રા ક) પુ० રः સોય વગેરે અણીદાર વસ્તુને સ્વચ્છ કરવા માટે સ્ત્રીઓથી વપરાતો નાનો પથ્થર.

ઝાર્ઝર (ઝર્ઝરી અણ્) પુ० રः ખંજરી વગાડનાર.

ઝાર્ઝરિક (ઝર્ઝર ઠક્) પુ० કः ખંજરી ડર વગેરે વગાડનાર, ઝાંઝ બજાવનાર.

ઝાલરી (ઝલર અણ् ङीप्) સ્ત્રી० રી. ૧ એક જાતનું વાદ્ય. ૨ ડર, ખંજરી.

ઝાલા ( ) સ્ત્રી० લા. ઝલા શબ્દ જુઓ.

ઝાલિ ( ) સ્ત્રી० લિः મીઠામાં આથેલ આંબાની કેરી. [ઝાડ. ઝાવુક.

ઝાવુ (ઝા इति वाति वा डु) પુ० વુः એક જાતનું

ઝાવુક (ઝાવુ સ્વાર્થે ક) પુ० કः ઉપલો શબ્દ જુઓ.

ઝાવૂ (ઝાવ્ ઉ) પુ० વૂः ઝાવુ શબ્દ જુઓ.

ઝિંગાક (લિંગિ આકન્ પૃષો०) પુ० કः એક જાતની કાકડી. [૨ કાકડી ઇત્યાદિ.

ઝિંગિની (લિંગિ ણિનિ પૃષો०) સ્ત્રી० ની. ૧ મશાલ.

ઝિંઝિમ (ઝિંઝિ મા ક) પુ० મः બળતું રાન.

ઝિંઝ્જી (ઝિંઝ્જા અચ્ ङीप्) સ્ત્રી० જ્જી. એક જાતનો કીટ, ડાંસ. [૨પતિ.

ઝિંઝિણી ( ) સ્ત્રી० ણી. એક જાતની વન-

ઝિંઝિરિટા ( ) સ્ત્રી० ટા. ઉપલો શબ્દ જુઓ. [નું ઝાડ.

ઝિંટી (ઝિમિતિ રટતિ પૃષો०) સ્ત્રી० ટી. એક જાત-

ઝિરિ (ઝિર્ इन्) સ્ત્રી० રિः એક જાતનો કીડો.

ઝિરિકા (ઝરિ કૈ ક) સ્ત્રી० કા. ઉપલો શબ્દ જુઓ.

ઝિલ્લિ (ચિલ્ ક્તિન્ પૃષો०) સ્ત્રી० લ્લી. ૧ ઝિલ્લિકા શબ્દ જુઓ. ૨ સૂર્યપ્રકાશ. ૩ પ્રકાશ. ૪ સુગંધી પદાર્થ શરીર ઉપર લગાડવા ઉપયોગમાં લીધેલુ વસ્ત્ર અથવા ચીંથરૂ. ૫ આંતરછાલ. ૬ એક જાતનો કીડો, તમરૂં.

ઝિલ્લિકા (ઝિલ્લિ કન્) સ્ત્રી० કા. ૧ એક જાતનો કીડો, તમરૂં. ૨ એક જાતનું વાદ્ય ઝાંઝ. ૩ વાટ, વર્તિ. [કીડો, તમરૂં.

ઝિલ્લી (ચિલ્ અચ્ પૃષો०) સ્ત્રી० લ્લી. એક જાતનો

ઝિલ્લીક ( ) પુ० કः ઝિલ્લિકા શબ્દ જુઓ. [ઠः પારેવું, કબુતર.

ઝિલ્લીકંઠ (ઝિલ્લિः તદ્રવ ઇવ કંઠः રવः યસ્ય) પુ०

ઝીરિકા ( ) સ્ત્રી० કા. ઝિજ્જિ શબ્દ જુઓ. [તમરૂં.

ઝીરુકા (ઝી રુક્ ક) સ્ત્રી० કા. એક જાતનો કીડો.

ઝુ (ભ્વા० આત્મ० સેટ્ ઝવતે) જવું, ગમન કરવું.

ઝુંટ (લુટ્ અણ્ પૃષો०) પુ० ટः ૧ એક જાતનું ઝાડ. ૨ સ્તંભ. ૩ ગુલ્મ.

ઝૂપિણી ( ) સ્ત્રી० ણીः એક જાતનું સોપારીનું ઝાડ. ૨ આકાશમાં અરિષ્ટ સૂચક દુઃશ્ચિન્હ. [રાગિણી.

ઝૂમેરિ ( ) સ્ત્રી० રિः તે નામની એક

ઝૂર્ (ભ્વા० પર० સેટ્ ઝૂષતિ) ૧ ઠાર મારવું. ૨ દુઃખદેવું.

ઝૃ (ઝૃ પર० સેટ્ ઝૃણાતિ) ૧ વૃદ્ધ થવું. ૨ જુનું થવું.

ઝોડ (ઝુડ્ અચ્) પુ० ડः સોપારીનું ઝાડ.

ઝૌલિક ( ) પુ० કः સોપારી નાખવાનું પાત્ર.

ઝ્યુ (ભ્વા०આત્મ० અનિટ્ ઝ્યવતે) જવું, ગમન કરવુ.

ઞ.

ઞ વ્યંજન પૈકી દશમો અનુનાસિક ઘોષાક્ષર.

ઞ (ઞ્ અચ્) પુ० ઞः ૧ શુક્રાચાર્ય, અસુરગુરૂ. ૨ બેલ, બલદ. ૩ અસ્પષ્ટ ધ્વનિ. ૪ ભૂષણનો નાદ.

ઞ (,,) ત્રિ० ઞः-ઞા-ઞં. ૧ પાખંડી, કુમાર્ગે જનાર. ૨ સંગીત કરનાર, ગાનાર.

ટ.

ટ વ્યંજન વર્ણ પૈકી અગીયારમો અઘોષાક્ષર.

ટ (ટક્ ડ) પુ० टः ૧ ધનુષની દોરીનો શબ્દ.

ટ (,,) ત્રિ० टः-टा-टं. ઠીગણું, વામન.

ટ (,,) ક્લી० टं. પોલું નાળીએર.

ટક્ (ભ્વા० પર० સેટ્ ટંકતિ) ૧ બાંધવું. ૨ ગુંથવું.

ટક્ (ચુરા० ઉભય० સેટ્ ટંકયતિ-તે) ઉપલો ધાતુ જુઓ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

टङ्कदेशीय (टङ्कदेशे भवः छ) पु० यः १ એક જાતનું શાક. २ ટક્ક દેશમાં હોનાર.
टङ्कर (टङ्क् कृ अर्) पु० रः એક જાતનો વાઘ
टंकित (टङ्क् क्त) त्रि० तः-ता-तं. બાંધેલ
'नाकृष्टं न च टंकितं न नमितं नोत्थापितं स्थानतः'
हनुमन्नाटकम्.
टगर (टः गर इव) त्रि० रः-रा-रं. ત્રાંસી આંખનું, બાડું.
टगर (टः गर इव) पु० रः १ ટંકણ ક્ષાર. २ વિપયમોજ. ३ ગભરાટ. ४ મનની ભ્રાંતિ. ५ ઇંદ્રિયનો શબ્દાદિ વિપય.
टंक (टकि अच्) पु० कः १ પથ્થર કાપવાનું ટાંકણું. २ તલવાર, ખડ્ગ. ३ એક જાતનું યજ્ઞીયશસ્ત્ર. ४ તલવારનુ મીઆન. ५ કુઆડો. ६ ક્રોધ, કોપ. ७ ચાર માસા બરોબરનું એક વજન. ८ અહંકાર, ગર્વ. ९ શીકોટો. १० જમીન ભીંત વગેરે ની પ્રાટ. ११ ટોચ, શીખર. १२ એક જાતનો આંબો.
टंक (टकि घञ् अच् वा) पु० क्ली० कः-कं. १ ખોદવાનું સાધન કોદાળી પાવડો વગેરે. २ એક જાતનું કોડીનું ઝાડ. ३ દર્પ.
टंक (टङ्क् अच्) पु० कः १ ખડ્ગ. २ ટાંકણું. ३ ચાર માસાનું એક વજન. ४ એક જાતનો ખેર.
टंकक (टंक कन्) पु० कः ધણું કરી રૂપાનું સીકોટો મારેલું નાણું. [ધણી.
टंककपति (टंककस्य पतिः) पु० तिः ટંક શાલાનો
टंककशाला (टंककस्य शाला) स्त्री० ला. ટંકશાળ, શીક્કાવાળું નાણું પાડવાની જગા.
टंकटीक (टंक इव टीकते टीक् अच्) पु० कः મહાદેવ, શિવ.
टंकण (टङ्क् ल्युट्) क्ली० णं. ટંકણક્ષાર.
टंकण (" ") क्ली० णं. १ બાંધવું. २ ધાતુને ઝાળી ચોડી દેવી. टंकन.
टंकशाला (टंकस्य शाला) स्त्री० ला. टंककशाला શબ્દ જુઓ.
टंका (टंकि अच् टाप्) स्त्री० का-१ પર્વતની બાજુ. २ જાંઘ. ३ તારાદેવી. [ઝાડ.
टंकानक (टंकमानयति अन् ण्वुल्) पु० कः શેતુરનું
टंकार (टङ्क् आरक्) पु० रः १ આશ્ચર્ય, અયંબો. २ ધનુષ્યની દોરીનો ટંકાર. ३ કીર્તિ. ४ પ્રસિદ્ધિ.
टंकारित (टंकार इतच्) क्ली० तं. ધનુષની દોરીનો ટંકાર.
टंग (टंक पृषो०) पु० गः १ પાવડો. २ કોદાળી. ३ કુઆડો. ४ ટાંકણું. ५ ટંકણક્ષાર. ६ ચારમાસાની બરોબરનું વજન. [ટાંકણું.
टंगन (टंकण पृषो०) क्ली० नं. १ ટંકણખાર. २
टंगिनी (टंकि णिनि पृषो०) स्त्री० नी. વનસ્પતિ પહાડ મૂલ. [જુઓ
टट्टनी ( ) स्त्री० नी. गृहगोधा શબ્દ
टट्टरी (टट्टेति शब्दं राति रा क) स्त्री० री. ભસ્કરી, ઠઠ્ઠો. २ નગારૂ. ३ હરકોઇ વાદ્ય. ४ મૃપાવાદ્ય.
टट्टुर (टट्टु रा क) पु० रः નગારાનો શબ્દ.
टल् (भ्वा० पर० सेट् टलति) १ ગભરાવવું. २ ભય ફિકર વગેરેથી વિહ્વળ થવું. [૩ હ્રેાગ.
टलन (टल् ल्युट्) क्ली० नं. १ ધાસ્તી. २ ગભરાટ.
टा (टल् ड टाप्) स्त्री० टा. १ પૃથ્વી. २ શપથ, કસમ. ३ પ્રતિજ્ઞા.
टांकर (टांकं राति रा क) पु० रः १ સોદો. २ લુચ્ચો. ३ રંડીબાજ. ४ એક જાતનું ઝાડ.
टांकृत ( ) क्ली० तं. અવાજ, ધ્વનિ
टार (टा कृ अण्) पु० रः १ ઘોડો. २ ગાંડભરાણેો.
टिक् (भ्वा० आत्म० सेट् टेकते) જવું, હાલવું.
टिटिभ (टिटि इति भणति भण्) पु० भः ટીટોડી.
टिटिभक (टिटिभ कन्) पु० कः એક જાતનું પક્ષી, ટીટોડી. [શબ્દ જુઓ.
टिट्टिभ (टिट्टि इति भणति भण्) पु० भः ઉપલેા 'कटुरटति निकटवर्ती वाचयां टिट्टिभोऽयम्' उद्भटः
टिट्टिभक (टिटिभः स्वार्थे क) पु० कः टिटिभक શબ્દ જુઓ. [જુઓ.
टिठिभक ( ) पु० कः ઉપલેા શબ્દ
टिंडिश ( ) पु० शः એક જાતનું ઝાડ.
टिप् (चुरा० पर० सेट् टेपयति) મોકલવું, પ્રેરવું, ફેંકવું.
टिप्पनी (टिपां पन्यने पन् क ङीप्) स्त्री० नी. હરકોઇ ગ્રંથમાં કઠણ શબ્દો વગેરેની ટીકા.
टीक् (भ्वा० आत्म० सेट् टीकते) १ જવું. २ હાલવું, ચાલવું. ३ ટીકા કરવી.
टीका (टीक् क टाप्) स्त्री० का. ટીકા. टिप्पणी.
टु ( ) पु० टुः १ સોનું. २ ચાહેતે વખતે બીજો વેષ બદલનાર ઠગ. ३ કામદેવ, મદન.
टुंटुक (टुंटु कै क) त्रि० कः-का-कं. १ ધાતકી, ક્રૂર. २ નીચ, હલકું.
टुंटुक (" ") पु० कः १ એક જાતનું ઝાડ. २ એક જાતનું નાનું પક્ષી. ३ કાળો ખેર.
टुंटुका (" " टाप्) स्त्री० का. એક જાતનું ઝાડ.
टेपन (टिप् ल्युट्) क्ली० नं. १ મોકલવું. २ પ્રેરવું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૩ ફેંકવું. [ત્રાંસુ.

ટેર ( ) ત્રિ૰ રઃ-રા-રં. તીરછું,

ટેરક (કેકર પૃષો૰) ત્રિ૰ કઃ-કા-કં. ઉપલો શબ્દ જુઓ.

ટૌક્ (ભ્વા૰ આત્મ૰ સેટ્ ટૌકતે) જવું.

ટ્વલ્ (ભ્વા૰ પર૰ સેટ્ ટ્વલતિ) ટલ્ ધાતુ જુઓ.

ઠ.

ઠ વ્યંજનમાં બારમો અઘોષાક્ષર.

ઠ (ટ પૃષો૰) ત્રિ૰ ઠઃ-ઠા-ઠં. ૧ શૂન્ય. ૨ રહિત, ખાલી. ૩ ધૂતારૂ. ૪ શેઠ.

ઠ (,,) પુ૰ ઠઃ ૧ શંભુ. ૨ મોટો અવાજ. ૩ સૂર્યમંડળ. ૪ ચંદ્રમંડળ. ૫ ગોળાકાર. ૬ ઇંદ્રિય વિષય, દેવની પ્રતિમા, જનસમૂહ.

ઠક્કુર ( ) પુ૰ રઃ ૧ ઠાકોરજી. ૨ દેવની મૂર્તિ. ૩ દેવતા, ઠાકોર.

ઠઠમ્ ( ) અ૰ ઠમ્. વાસણ વગેરેનો અવાજ.

ડ.

ડ વ્યંજન વર્ણ પૈકી તેરમો ઘોષાક્ષર.

ડ (ડી ડ) પુ૰ડઃ ૧ મહાદેવ. ૨ ભય, ડર. ૩ એક જાતનું વાદ્ય. ૪ અવાજ, નાદ. ૫ ઔર્વાગ્નિ.

ડંગરી (ડં વાસં ગિરતિ) સ્ત્રી૰ રી. લાંબી કાકડીનો વેલો. [બ્દ જુઓ.

ડંગારી (,,) સ્ત્રી૰ રી. ઉપલો શ-

ડપ્ (ચુરા૰ આત્મ૰ સેટ્ ડાપયતે) જમા કરવું, એકઠું કરવું, ઢગ કરવો.

ડપ્ (ચુરા૰આત્મ૰ સેટ્ ડંપયતે) ઉપલો ધાતુ જુઓ.

ડપ્ (ભ્વા૰ આત્મ૰ સેટ્ ડંપતે) ૧ જમા કરવું. ૨ ઢગ કરવો. [(વિડંવયતિ) છલવું.

ડબ્ (ચુરા૰ ઉભય૰ સેટ્ ડંબયતિ-તે) ફેંકવું. વિ

ડભ્ (ચુરા૰ ઉભય૰ સેટ્ ડંભયતિ-તે) જમા કરવું, ઢગ કરવો.

ડભ્ (ભ્વા૰ પર૰ સેટ્ ડંભતિ) ઉપલો ધાતુ જુઓ.

ડમ (ડ મા ક) પુ૰ મઃ કચરો વિષ્ટા વગેરે કહાડનાર ભંગી ઇત્યાદિ.

ડમર (ડમ્ રા ક) પુ૰ રઃ ૧ હથીઆરવિનાનું યુદ્ધ. ૨ પોકાર અને ચેષ્ટા કરી દુશ્મનને ભય આપવો તે. ૩ રાજા શિવાયનું નાનું યુદ્ધ. ૪ ગામડાના લોકનું પરસ્પર યુદ્ધ. ૫ દંગો. ૬ પ્રલય.

ડમર (ડમ્ રા ક) ક્લી૰ રં ભયથી નાશી જવું.

ડમરા (ડમ્ રા ક ટાપ્) સ્ત્રી૰ રા. પુ૰ ડમર શબ્દ જુઓ. [ડમરૂ.

ડમરિન્ (ડમર ઇનિ) પુ૰ રી. એક જાતનું વાદ્ય,

ડમરુ (ડમ્ રું કુ) પુ૰ રુઃ ૧ એક જાતનું વાદ્ય, ડમરૂ. ૨ આશ્ચર્યકારક વસ્તુ.

ડંબર (ડબિ અરન્) પુ૰ રઃ ૧ સમૂહ. ૨ આડંબર. ૩ આયોજન.

ડયન (ડી લ્યુટ્) ક્લી૰ નં. ૧ બુરખાવાળી ગાડી. ૨ મનુષ્યને લઈ જવાનું વાહન ડોલી પાલખી વગેરે. ૩ પક્ષી વગેરેનુ હવામાં ઉડવું.

ડલક (ડમ્ ણ્વુલ્) ક્લી૰ કં. ફલ ફુલ વગેરે લઈ જવાની ટોપલી વગેરે, ડાલુ.

ડાવિત્થ ( ) પુ૰ ત્થઃ લાકડાનો મૃગ,

ડહુ (દંહ્ ઉ) પુ૰ હુઃ એક જાતનું ઝાડ. લકુચવૃક્ષ.

ડહૂ (દહ્ ઊ) પુ૰ હૂઃ એક જાતનું ઝાડ.

ડા (ડી ડ ટાપ્) સ્ત્રી૰ ડા. ૧ ડાકણ. ૨ પિશાચી. ૩ ફુલ, ફલ વગેરે લઈ જવાની ટોપલી વગેરે.

ડાકિની (ડ અક્ ણિનિ ડીપ્) સ્ત્રી૰ ની. ડાકણ.

ડાકિનીતા (ડાકિન્યા ભાવઃ) સ્ત્રી૰ તા. ડાકણપણું.

ડાકિનીત્વ (,,) ક્લી૰ ત્વં. ઉપલો શબ્દ જુઓ.

ડામર (ડમર્ અણ્) પુ૰ રઃ પુલ્લિંગી ડમર શબ્દ જુઓ ૨ લડાઇનો અથવા ઉજાણીનો ધોંધાટ. ૩ આશ્ચર્યકારક વસ્તુ. ૪ આશ્ચર્યકારક બનાવ. ૫ શિવડામર, યોગડામર, દુર્ગાડામર વગેરે ૭ પ્રકારનાં ડામર. ૬ જનવિશેષ.

ડાલિમ (દાડિમ પૃષો૰) પુ૰ મઃ દાડમનું ઝાડ. દાડિમ. [દેશ.

ડાહલ ( ) પુ૰ લઃ ત્રિપુર નામનો એક

ડાહુક (ડ વ્હે ડુ ક) પુ૰ કઃ એક જાતનો પક્ષી.

ડિક્કરી ( ) સ્ત્રી૰ રી. જુઆન સ્ત્રી.

ડિંગર (ડંગર પૃષો૰) પુ૰ રઃ ૧ ફેંકવું, મોકલવું. ૨ પ્રેરવું. ૩ વન.

ડિંગર (,,) પુ૰ રઃ ચાકર, નોકર, ગુલામ, જાડો માણસ, શઠ, લુચ્ચો.

ડિંડિમ (ડિડિ મા ક) પુ૰ મઃ ૧ નગારું. ૨ એક જાતનો છોડ.

ડિંડિર (ડિડિ કિરચ્) પુ૰ રઃ સમુદ્રનું ફીણ.

ડિંડિરમોદક (ડિંડિર ઇવ, મોદયતિ) ક્લી૰ કં. ૧ લસણ. ૧ ગાંજો. [નરપતિ.

ડિંડિશ (ડિંડિક પૃષો૰) પુ૰ શઃ એક જાતની વ-

ડિત્થ ( ) પુ૰ ત્થઃ ૧ લાકડાનો હાથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૨ એક જાતનો સંજ્ઞા શબ્દ. ૩ ડિત્થ શબ્દ પ્રતિપાદ્ય એક અર્થ.

ડિપ્ (દિવા૰ પર૰ ડિપ્યતિ) ટિપ્ ધાતુ જુઓ.

ડિપ્ (ચુરા૰ આત્મ૰ સેટ્ ડેપયતિ-તે) ટિપ્ ધાતુ જુઓ.

ડિપ્ (ચુરા૰ આત્મ૰ સેટ્ ડેપયતે) ડપ્ ધાતુ જુઓ.

ડિપ્ (ભ્વા૰ પર૰ સેટ્ ડિંપતિ) ડપ્ ધાતુ જુઓ.

ડિપ્ (ચુરા૰ આત્મ૰ સેટ્ ડિંપયતિ-તે) ડપ્ ધાતુ જુઓ. [ફેંકવું.

ડિબ્ (ચુરા૰ ઉભય૰ સેટ્ ડિંબયતિ-તે) ઉડાવવું,

ડિમ્ (ચુરા૰ ઉભય૰ સેટ્ ડિંમયતિ-તે) જમા કરવું, ઢગ કરવો.

ડિમ્ (ભ્વા૰ પર૰ સેટ્ ડિંમતિ) ઉપલો ધાતુ જુઓ.

ડિમ (ડિમ્ ક) પુ૰ મઃ દશ રૂપકનો એક પ્રકાર.

ડિંબ (ડિંબિ ઘઞ્ અચ્ વા) પુ૰ વઃ ૧ શસ્ત્ર વિનાનું યુદ્ધ. ૨ નાની સુની લડાઇ. ૩ પરસ્પર યુદ્ધ. ૪ ઇંડું. ૫ કોશનિવાસી જંતુ. ૬ મૂત્રાશય. ૭ ગર્ભાશય. ૮ ગોળ, વર્તૂલાકાર. ૯ ભયથકી પેદા થયેલ ધોંધાટ. ૧૦ પ્લીહ. ૧૧ નાનું. ૧૨ બચ્ચું.

ડિંબાહવ (ડિંબ ભયધ્વનિયુક્ત આહવં) પુ૰ વઃ ૧ નાની સુની લડાઇ. ૨ રાજા વિનાનું પરસ્પર યુદ્ધ. ડિંબયુદ્ધ.

ડિંબિકા (ડિંબિ ણ્વુલ્) સ્ત્રી૰ કા. ૧ પાણીનું બડબડીયું. ૨ પરપોટો. ૩ જલભક્ષિકા. ૪ કામાતુર સ્ત્રી. ૫ જલબિંબ. ૬ એક જાતનું ઝાડ.

ડિંભ (ડિંભિ અચ્) પુ૰ મઃ ૧ નાનું બચ્ચું. ૨ બાલક, છોકરું. મૂર્ખ.

ડિંભક (ડિંભ કન્) પુ૰ કઃ ઉપલો શબ્દ જુઓ.

ડિંભચક્ર (ડિંભ ઇવ ચક્રં) ક્લી૰ ક્રં. શુભ અને અશુભ જોવાની ચંદ્રકુંડલી વગેરે.

ડિંભા (ડિંભ ટાપ્) સ્ત્રી૰ ભા. અત્યંત બાલક.

ડી (ભ્વા૰ દિવા૰ આત્મ૰ સેટ્ ડયતે ડીયતે) ૧ ઉડવું. ૨ ગમન કરવું. उत् (उड्डीयते, उड्डयते) ઉપર ઉડવું. परि (परिडयते, परिडीयते) ગોળાકારમાં ઉડવું. प्र (प्रडयते, प्रडीयते) ચંચલતાથી ઉડવું. सम् (संडयते, संडीयते) ટોળું વળી ઉડવું, એકઠું ઉડવું. सम्+ उत् (समुड्डयते, समुड्डीयते) અટકી અટકીને ઉડવું, હળવે હળવે ઉંડવું.

ડીન (ડી ક્ત) ક્લી૰ નં. ૧ ઉડવું. ૨ પક્ષિની એક જાતની ગતિ. ૩ એક જાતનું આગમ શાસ્ત્ર.

ડીનક (ડીન સ્વાર્થે ક) ક્લી૰ કં. પક્ષીનું વારંવાર હળવે હળવે ઉડવું.

ડીનાવડીન (ડીનેન સહ અવડીનમ્) ક્લી૰ નં. ૧ પક્ષીનું ઉંચે નીચે ઉડવું. ૨ ખરાબ રીતે ઉડવું.

ડુંડુ (ડુંડુમ પૃષો૰) પુ૰ ડુઃ એક જાતનો નિર્વિષ સર્પ.

ડુંડુભ (ડુંડુ ભા ક) પું૰ ભઃ ઉપલો શબ્દ જુઓ.

ડુંડુલ (ડુંડુ લા ક) પુ૰ લઃ નાનું ધુવડ પક્ષી.

ડુલ (ડુ લા ક) પુ૰ લઃ એક જાતનો ધુવડ.

ડુલિ (ડુલિ પૃષો૰) સ્ત્રી૰ લિઃ નાનો કાચબો. ૨ કાચબી. [એક નાનુ પક્ષી.

ડુલિકા ( ) સ્ત્રી૰ કા. દીવાળીધોડાજેવું

ડોર (દોષ્ રા ડ પૃષો૰) ક્લી૰ રં. ૧ કમરે અને હાથે બાંધવાની દોરી. ૨ ગાંસડી વગેરે બાંધવાની દોરી. [જુઓ.

ડોરક (ડોર સ્વાર્થે કન્) ક્લી૰ કં. ઉપલો શબ્દ

ડોરડી (ડોરમિવ ડયતે) સ્ત્રી૰ ડી. વૃહતિ.

ઢ.

ઢ વ્યંજન વર્ણ પૈકી ચૌદમો અઘોષાક્ષર.

ઢ (ઢૌક્ ડ) પુ૰ ઢઃ મોટું નગારું. ૨ કુતરો. ૩ કુતરાની પુંછડી. ૪ સર્પ. ૫ અવાજ. ૬ નિર્ગુણ.

ઢક્ક (ઢક્ કૈ ક) પુ૰ ક્કઃ ૧ ઢાક્કા શહેર. ૨ તિરોધાન. ૩ અદર્શન. ૪ ધર્માદાનું મકાન. ૫ અવાજ. ૬ નિર્ગુણ. [ડંકો.

ઢક્કા (ઢક્કિતિ કાયતિ કૈ ક ટાપ્) સ્ત્રી૰ ક્કા. નગારું,

ઢક્કારી (ઢક્ કૃ અણ્ ઙીપ્) સ્ત્રી૰ રી. તાંત્રિક મતમાં માનેલી દુર્ગાની એક મૂર્તિ. [ની સ્ત્રી.

ઢામરા (ઢે અમરેવ) સ્ત્રી૰ રા. હંસણ, હંસ પક્ષી-

ઢાલ (ઢ અલ્ અચ્) ક્લી૰ લં. ઢાલ. ફલક.

ઢાલિન્ (ઢાલ ઇનિ) પુ૰ લી. ઢાલવાળી.

ઢુઢ્ (ભ્વા૰પર૰ સેટ્ ઢુંઢતિ) ૧ ઢુંઢવું. ૨ તપાસવું. ૩ શોધવું. [૩ તપાસવું.

ઢુંઢન (ઢુઢ્ લ્યુટ્) ક્લી૰ નં. ૧ ઢુંઢવું. ૨ શોધવું.

ઢુંઢિ (ઢુંઢ્ ઇન્) પુ૰ ઢિઃ ગણેશનું નામ.

ઢુંઢિત (ઢુંઢ્ ક્ત) ત્રિ૰ તઃ-તા-તં. શોધેલું, તપાસેલું.

ઢોલ (ઢઃ તદાકારં લાતિ લા ક પૃષો૰) પુ૰લઃ ઢોલ.

ઢૌક્ (ભ્વા૰ આત્મ૰ સેટ્ ઢૌકતે) ૧ જવું. ૨ હાલવું. ૩ મોકલવું.

'वने रात्रिचरो ढुढोके' ભટ્ટિઃ

ઢૌકન (ઢૌક્ લ્યુટ્) ક્લી૰ નં. ૧ લાંચ, રૂશવત. ૨ જવું. ૩ પ્રેરવું.

ણ.

ણ વ્યંજન વર્ણ પૈકી પંદરમો ઘોષાક્ષર.

ણ (ણક્ ડ) પુ૰ ણઃ ૧ શંભુ. ૨ બિંદુનાભનો જૈન-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મતનો એક દેવ, દાન, દેણું. ૩ ડુક્કર. ૪ અલંકાર. ૫ જલગૃહ. ૬ નકારાર્થવાચક શબ્દ.

ण (,,) ત્રિ૰ णः-णा-णं. દુર્ગુણી.

णख् (ભ્વા૰ પર૰ સેટ્ णखति) ૧જવું. ૨ હાલવું.

णख् (,,) ૧ જવું. ૨ હાલવું. **णक्ष्.**

णट् (ભ્વા૰ પર૰ સેટ્ नटति) ૧ નાચવું. ૨ ચાળા કરવા. ૩ દુઃખ દેવું.

णद् (ભ્વા૰ પર૰ સેટ્ नदति) ૧ સમુદ્રસરખું ગર્જવું. ૨ પશુસરખો અવાજ કરવો. ૩ નાદ કરવો.

'नृत्यावसाने नटराजराजो ननाद ढक्कां नवपंचवारम्'
शब्देन्दुशेखरः

णद् (चुरा૰ उभय૰ सेट् नादयति-ते) ૧ પ્રકાશવું. ૨ કહેવું, બોલવું.

णभ् (ભ્વા૰ આત્મ૰ સેટ્ नभते) ૧ મારી નાખવું. ૨ હાર મારવું, હિંસા કરવી. ૩ ધ્વંસ કરવી. ૪ દુઃખદેવું. ૫ નહિં જેવું થવું.

णम् (ભ્વા૰ પર૰ સેટ્ नमति) ૧ નમવું. ૨ નીચે નમવું. ૩ વંદવું. ૪ શબ્દ કરવો.

णय् (ભ્વા૰ આત્મ૰ સેટ્ नयते) ૧ જવું. ૨ હાલવું. ૩ રક્ષવું. ૪ બચાવવું. [કરવો.

णर्द् (ભ્વા૰ પર૰ સેટ્ नर्दति) નાદ કરવો, અવાજ

णल् (ભ્વા૰ પર૰ સેટ્ नलति) ૧ સુંગવું. ૨ બાંધવું.

णश् (दिवा૰ पर૰ सेट् नश्यति) નાશ પામવું. ૨ હોતું નહોતું થવું. ૩ હોતુ બંધથવું. ૪ અદૃશ્ય થવું. [વાંકું કરવું.

णस् (ભ્વા૰ આત્મ૰ સેટ્ नसते) ૧ વાંકું થવું. ૨

णह् (दिवा૰ पर૰ सेट् नह्यति) બાંધવું. सम् (सन्नाहति) બખ્તર પહેરવું.

णास् (ભ્વા૰ આત્મ૰ સેટ્ नासते) ધોરવું.

णिज् (अदा૰ आत्म૰ सेट् निंक्ते) ૧ સ્વચ્છ કરવું. ૨ નિર્મલ કરવું.

णिज् (जुहो૰ उभय૰ सेट् नेनेक्ति नेनिक्ते) ૧ પાલવું. ૨ સ્વચ્છ કરવું. ૩ નિર્મલ કરવું.

णिद् (ભ્વા૰ પર૰ સેટ્ निंदति) ૧ નિંદવું. ૨ ધિક્કારવું. [પાસે જવું. ૩ પહોંચવું.

णिद् (ભ્વા૰ उभय૰ सेट् नेदति-ते) ૧ નિંદવું. ૨

णिल् (तुदा૰ पर૰ सेट् निलति) ૧ અસંપૂર્ણ રીતે સમજવું. ૨ ખરાબ રીતે સમજવું. ૩ ખોટી રીતે સમજવું. [કરવું.

णिव् (ભ્વા૰ પર૰ સેટ્ निव्वति) ૧ છાંટવું. ૨ ભીનું

णिश् (ભ્વા૰ આત્મ૰ સેટ્ नेशते) ૧ ગંભીરતાથી વિચારવું. ૨ શાંતિથી ધ્યાન કરવું.

णिष् (ભ્વા૰ આત્મ૰ સેટ્ नेषते) ૧ પ્રેક્ષણ કરવું. ૨ છાંટવું. [બચ્ચી લેવી.

णिस् (अदा૰ आत्म૰ सेट् निंस्ते) ૧ ચુંબન કરવું,

णी (ભ્વા૰ પર૰ સેટ્ नयति-ते) ૧ લઇ જવું. ૨ દોરવું. ૩ પામવું. ૪ મેળવવું. अनु (अनुनयति-ते) માગવું, યાચના કરવી, જાચવું, કૃપા કરવી. अप (अपनयति-ते) હરણ કરવું, લઇ જવું, આકર્ષણ કરવું, ઓઢવું, દૂર કરવું. अभि (अभिनयति-ते) દયાળુ થવું, માયાળુ થવું, ચિન્હથી બતાવવું. आङ् (आनयति-ते) આણવું, લાવવું. उत् (उन्नयते) ઉંચે કરવું, ઉંચું લેવું, ઉપાડવું. उप (उपनयति-ते) પાસે જવું, ઉંચે લેવું, ઉપાડવું. उप (उपनयते) ઉપનયન સંસ્કાર કરવો. दुस् (दुर्नयति-ते) ખરાબ રીતિથી વર્તવું. **निस्** (निर्णयति-ते) હરાવવું, નિશ્ચય કરવો, નિર્ણય કરવો, મળવું, પ્રાપ્ત થવું. परि (परिणयति-ते) પરણવું, શોધવું. प्र (प्रणयति-ते) પ્રીત કરવી, સ્નેહ કરવો, શિક્ષા કરવી. वि (विनयति-ते) લઇ જવું, વિનય કરવો, નમ્ર થવું. वि (विनयते) કર્જ વગેરે અદાકરવું, ધર્મ માટે ખર્ચવું. वि + अप (व्यपनयति-ते) વિખેરાઇ જવું, દૂર કરવું. वि + निस् (विनिर्णयति-ते) ન્યાયવડે નિશ્ચય કરવો. सम् (सन्नयति-ते) એકઠું કરવું, જમા કરવું, તજવું. सम् + अनु (समनुनयति) પ્રાર્થના કરવી, માગવું. सम + आङ् (समानयति) એકત્ર કરવું.

णील् (ભ્વા૰ પર૰ સેટ્ नीलति) નીલું હોવું. નીલું કરવું. [સ્થૂલ થવું, ધીંગું હોવું.

णीव् (ભ્વા૰ પર૰ સેટ્ नीवति) ૧ મોટું થવું. ૨

णु (अदा૰ पर૰ सेट् नौति) ૧ વખાણવું. ૨ પ્રશંસા કરવી. ૩ સ્તુતિ કરવી. आ (आनुते) દુઃખથી રડવું.

णुद् (तुदा૰ पर૰ आत्म૰ सेट् नुदति-ते) ૧ મોકલવું. ૨ પ્રેરવું. ૩ ગમન કરવું. ૪ ફેંકવું. अप (अपनुदते) દૂર કરવું. निस् (निर्णुदति-ते) બહાર ફેંકવું, કાઢાઢી નાખવું, કપુલ કરવું. वि (विनुदंति-ते) ખુશ થવું. सम् (सन्नुदति-ते) હાકવું.

णू (तुदा૰ पर૰ सेट् नुवते) ૧ વખાણવું. ૨ તારીફ કરવી, સ્તુતિ કરવી.

णेद् (ભ્વા૰ પર૰ આત્મ૰ સેટ્ नेदति-ते) ૧ પાસે જવું. ૨ દૂષણ લાવવું. ૩ કપટો દેવો.

णेष् (ભ્વા૰ આત્મ૰ સેટ્ नेषति) ૧ જવું. ૨ પાસે જવું. ૩ પાસે અડવવું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

त.

त व्यंजन वर्ण पैकी दंतस्थानीय अघोष सोळमो वर्ण.

त (तक् ड) पु० तः १ चोर. २ अमृत. ३ श्लेष्म. ४ केऽ. पुंछडुं. ५ गर्भाशय. ७ दुष्टजन. ८ झाऽ. ९ रत्न. १० बुध. ११ सुगतदेव. १२ शीयाळनुं. पुंछडुं.

त (,,) क्ली० तं. १ सद्गुण. २ उल्लंघन., ओळंऽवुं. ३ तरणु. ४ गौरववर्जित.

तक् (भ्वा० पर० सेट् तकति) १ खमवुं. २ उपहास करवो. [गाळवुं.

तक् (भ्वा० पर० सेट् तकति) दुःखमां वखतनुं

तक् (भ्वा० आत्म० सेट् तंकते) जवुं, गमन करवुं.

तक (तत् ढेरकच्) त्रि० कः-का-कं. ते, पेलुं.

ताकिल (तक् इलच्) त्रि० लः-ला-लं. १ दगलबाज. २ कपटी, ठग. ३ औषध.

ताकिला (,, टाप्) स्त्री० ला. औषध, वसाणुं.

तक्य (तक् यत्) त्रि० क्यः-क्या-क्यं. १ उपहास करवा योग्य. २ निंदवा लायक. ३ सहन करवा लायक. [छे એવी छास.

तक्र (तंच् रक्) क्ली० क्रं. चोथा हिस्सानुं जेमां पाणी

तक्रकूर्चिका (तक्रोत्थिता कूर्चिका) स्त्री० का. छाशमांथी पेदा थतो એક पदार्थ.

तक्रपिंड (तक्रोत्थः पिंडः) पु० डः એક चतुर्थांश पाणी छाशमां नाखी तेने वस्त्रमां गाळी कहाडेल मठो.

तक्रमांस (तक्रेण संस्कृतं मांसं) क्ली० सं. १ हींग, घी, हलदर अने छाश छांटेलुं राधेलुं मांस.

तक्राट (तक्रार्थमटति अट् अच्) पु० टः छाश करवानी रवाश.

तक्ष् (भ्वा० पर० सेट् तक्षति) १ ढांकवुं. २ ढांकण करवुं. सम् (सन्तक्षति) धिक्करवुं, तिरस्कारवुं.

तक्ष् (त्वा० पर० सेट् तक्ष्णोति) १ तासवुं. २ बारीक करवुं.

तक्ष (तक्ष् घञ्) पु० क्षः तनु करवुं ते.

तक्ष (तक्ष् अच्) पु० क्षः रामना भाई भरतनो એક पुत्र.

तक्षक (तक्ष् ण्वुल्) पु० कः १ सुतार. २ नाटकनो सूत्रधार. ३ विश्वकर्मा कारीगीर. ४ ते नामनी એક सर्प जाति. ५ वृक्षविशेष.

तक्षण (तक्ष् ल्युट्) क्ली० णं. तनु करवुं.

तक्षणी (तक्ष् ल्युट् ङीप्) स्त्री० णी. એક जातनुं अस्त्र.

तक्षन् (तक्ष् कनिन्) पु० क्षा. त्वष्टा.

तग् (भ्वा० पर० सेट् तंगति) १ गमन करवुं, जवुं. २ कांपवुं. ३ थरथरवुं. ४ अथडाइ पडवुं ५ लडथडी पडवुं. [डितगर. ३ तगरमूल.

तगर (त गृ अच्) पु० रः १ तगरनुं झाऽ. २ पिं-

तगरपादिक (तगरपाद ठञ्) क्ली० कं. तगरमूल.

तंक (तकि घञ्) पु० कः १ कुआडो. २ विरहनुं दुःख. ३ जप.

तंक (टंक पृषो०) पु० क्ली० कः-कं. पथ्थर कापवानुं टांकणुं. २ भीऽ. ३ वियोग.

तज्ज (तत् जन् ड) त्रि० ज्ञः-ज्ञा-ज्ञं. १ तरतनुं २ तत्कालनुं. ३ ते थकी पेदा थनार.

तज्जी (तज् क्विप् ङीप्) स्त्री० जी. हिंगुपत्री.

तंज् (भ्वा० पर० सेट् तंजति) जवुं, गमन करवुं.

तन् (रुधा० पर० सेट् तनक्ति) संकोच पामवुं.

तट् (भ्वा० पर० सेट् तटति) ऊंचेथवुं, ऊठवुं.

तट् (चुरा० पर० सेट् ताटयति) मारवुं, ताडन करवुं.

तट (तट् अच्) पु० क्ली० टः टं. कीनारो, कांठो.

तट (,,) क्ली० टं. क्षेत्र, खेतर.

'तटं नपुंसकं क्षेत्रे प्रतीहेतुतरंगिषु' मेदिनी.

तटस्थ (तट स्था क) त्रि० स्थः-स्था-स्थं. १ किनारा ઉપર रहेनार. २ अलगु रहेनार. ३ पासे रहेनार.

'तटस्थः स्वानर्थान् घटयति च मौनं च भजते'

मालतीमाधवम्.

तटस्थ (,,) क्ली० स्थं. એક जातनुं लक्षण.

तटा (तट् अच् टाप्) स्त्री० टा. कीनारो, कांठो, तीर.

तटाक (तट् अक् अण्) पु० कः तळाव.

तटिनी (तट इनि ङीप्) स्त्री० नी. तीरवाळी नदी.

'तटिनि तटद्रुमपातनपातकमेकं चिरस्थायि'

उद्भटः

तटी (तट् अच् ङीप्) स्त्री० टी. तीर, कांठो, कीनारो.

तट्य (तटे भवः यत्) त्रि० त्यः-त्या-त्यं. कीनारा ઉપર होनार. [ठोकवुं. २ प्रकाशवुं.

तड् (चुरा० उभय० सेट् ताडयति-ते) १ मारवुं,

तड् (भ्वा० आत्म० सेट् तंडते) ताडन करवुं.

तडग (तड् आग पृषो०) पु० गः तलाव.

तडाक (तड आ क) पु० कः तलाव.

तडाका (तडाक टाप्) स्त्री० का. कीनारो, कांठो.

तडाका (,,) स्त्री० का. १ आघात. २ दीप्ति.

तडाग (तडि आग) क्ली० गं. हरणु पकडवानी जाळ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ણ પકડવાની જાળ.

तडाग („) पु० गः १ તળાવ. २ હર-

तडागवत् (तडाग मतुप्) त्रि० वान्-वती-वत्. તળાવવાળું, तडागयुक्त. तडागिन्.

तडाघात (तटे आघातः पृषो०) पु० तः હાથીની ઉંચી કરેલી શુંઢાનો ઘા. [आघात.

तडि (तडि इन्) पु० डिः १ મારનારો, ઠોકનારો. २

तडित् (तड् इति) स्त्री० त्. વીજલી, વીજ.

तडित्वत् (तडित् मतुप्) त्रि० वान्-वती-वत्. વીજલીવાળું, ચમકનારું.

'समुदितं निचयेन तडित्वतीम्' किरातार्जुनीयम्

तडित्वत् („) पु० वान् १ મેઘ, વાદળું. २ નાગરમોથ. [स्वरूप.

तडिन्मय (तडित् मयट्) त्रि० यः-यी-यं. વીજલી

'तडिन्मयैरुन्मिषदैर्विलोचनैः' कुमारसंभवम्.

तडिल्लता (तडिदेव लता) स्त्री० ता. વીજલી, વીજ.

तंडक (तडि ण्वुल्) क्ली० कं. સંપૂર્ણ બજાવણી, બધી ક્રિયા.

तंडक („) पु० कः १ ઉપલો શબ્દ જુઓ. २ દીવાળીયોડો, ખંજન પક્ષી. ३ ફીણ. ४ ઝાડની શાખા. ५ ઘરનો સીધો થાંભલો. ६ પુષ્કળ સમાસવાળું વાકય. ७ બાળગર, જાદુગર. ८ બહુરૂપી પુરૂષ. ९ ઠગારો.

तंडक (तडि ण्वुल्) त्रि० कः-की-कं. ઉધ ધાતક.

तंडक („) पु० क्ली० कः-कं. પરિષ્કાર.

तंडु ( ) पु० डुः શિવના દ્વારપાસે રહેનારો એક ચોકીદાર, સંગીત નૃત્યકલાનો પહેલો શિક્ષક જેના થકી તાંડવ નામનું નૃત્ય નીકળેલછે તે.

तंडुरीण (तडुर ख) पु० णः १ એક જાતનો કીડો. २ મૂર્ખ, લબાડ. ३ ચોખાનું ધોવરામણ.

तंडुल (तडि उलच्) पु० लः १ ચોખા, ચોખાભાર વજન. २ વાવડીંગ.

तंडुला („ टाप्) स्त्री० ला. વાવડીંગ.

तंडुलांबु (तंडुलस्य अंबु) क्ली० बु. ચોખાનું પાણી.

तंडुलीक (तंडुलीयकः पृ०) पु० कः તાંદળજાની ભાજી.

तंडुलीय (तंडुल छ) पु०यः १ ઉપલો શબ્દ જુઓ. २ વાવડીંગ. ३ એક જાતનો ખનિજ પદાર્થ.

तंडुलीयक (तंडुलीयः कन्) पु० कः ઉપલો શબ્દ જુઓ.

तंडुलु (तंडुल पृषो०) पु० लुः વાવડીંગ, વિડંગ.

तंडुलेर (तंडुल एरक्) पु० रः તાંદળજાની ભાજી.

तंडुलोदक (तंडुलोत्थं उदकम्) क्ली० कं. ચોખાનું પાણી, ચોખાનું ઓસામણ. तंडुलोत्थ.

तंडुलौघ (तंडुलस्य ओघः) पु० घः ચોખાનો ઢગલો.

तंडुलौघ (तंडुलानामोघ इव) पु० घः એક જાતનો વાંસ.

तत् (तत् क्विप्) अ० त्. તે માટે, તેથી કરી, તે સંબધે, यत् શબ્દ સાથે સામો સંબંધ રાખનાર.

ततःप्रभृति (ततस् प्रभृति) अ० ति. ત્યારકેડે, ત્યારપછી. [अमुक.

ततम (तत् डतमच्) त्रि० मः-मा-मं. પુષ્કળમાંથી

ततर (तत् डतरच्) त्रि० रः-रा-रं. બેમાંથી અમુક.

ततस् (तत् तसिल्) अ० तः १ ત્યાર પછી २ ત્યારકેડે. ३ તેથી. ४ તદંતર. ५ તે માટે. ६ ત્યાંથી.

'ततो वैकारिकाः स्मृताः'

ततस्ततस् (ततस् ततस्) अ० तः ત્યાંથી, ત્યારથી, ત્યારપછી.

ततस्त्य (ततस् त्यप्) त्रि० स्त्यः-स्त्या-स्त्यं. १ ત્યાંથી થનાર, ત્યાંથી હોનાર. २ ત્યાંનું.

'ततस्ततस्त्या विनियंतुमक्षमाः' माघः

ततामह (ततस्य पितुः पिता) पु० हः બાપનો બાપ, દાદો. [तीनि. તેટલું.

तति (तत्परिमाणं येषां इति) त्रि० व०-तयः-तयः-

तत्कर (तत्करोति) त्रि० रः-रा-रं. તે કરનાર.

तत्काल (सः कालः) पु० लः તે સમય, તે વેળા. २ વર્તમાન સમય. [ળમાં હોનાર.

तत्काल (सः कालो यस्य) त्रि० लः-ला-लं. તે કા-

तत्कालधी (तस्मिन् काले धीर्यस्य) पु० धीः સમયસૂચક મનુષ્ય.

तत्क्रिय (सा क्रिया यस्य) त्रि० यः-या-यं. ભાડું મેહનતાણું અને પગાર શિવાય કામ કરનાર.

तत्क्षण (सचासौ क्षणः) क्ली० णं. તે ક્ષણ, વર્તમાન ક્ષણ.

'सेकांते मुनिकन्याभिस्तत्क्षणोज्झितवृक्षकम्'

रघुवंशम्.

तत्त्व (तत् त्व) क्ली० त्त्वं. १ પદાર્થ વગેરેનો સાર. २ આત્મસ્વરૂપ. ३ મૂલ. ४ બીજ. ५ ખરાપણું. ६ ચિત્ત. ७ પૃથ્વી વગેરે પંચભૂત. ८ વિલંબિત અને અવકાશવાળું નૃત્ય. ९ પંચભૂત. १० દશેંદ્રિય. ११ મન. १२ અહંકાર. १३ પંચવિષય. १४ મહત્ત્વ १५ માયા અને ઈશ્વર એવા પચીશ તત્વ-માંથી પ્રત્યેક. १६ વાદ્યવિશેષ. [ध्यानी संज्ञा.

तत्त्व („) क्ली० ब. त्त्वानि. પચીશની સંજ્ઞા.

तत्त्वतस् (तत्त्व तसिल्) अ० तः १ ખરાપણાથી,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

२ मूलथी. मुख्यतवेकरीने. [भां हाथना चाळा.

तत्त्वन्यास (तत्त्वेन न्यासः) पु० सः पूजा वगेरे-

तत्त्वविद् (तत्त्वं वेत्ति विद् क्विप्) त्रि० त्. १ ખરापणुं જાणुनार. २ वस्तु वगेरेनुं यथार्थ ३५ જાणुनार.

तत्त्वावबोध (तत्त्वस्य अवबोधः) पु० धः तत्त्वज्ञान.

तत्त्वाभियोग (तत्त्वस्य अभियोगः) पु० गः ખरे तहोमत.

तत्पर (तत्परं उत्तमं यस्य) त्रि० रः-रा-रं. १ उद्योगी. २ उद्यमी. ३ तैयार.४ आसक्त, लं५ट. ५ तद्गत.

तत्पर (तस्मात् परः) पु० रः १ निमेषनो त्रीशमो भाग. २ तेनाथीपर. [आसक्त, लं५ट.

तत्परायण (तदेवपरमयनं यस्य) त्रि० णः-णा-णं.

तत्पुरुष (सः पुरुषः) पु० षः १ ते पुरुष. २ व्याકरणप्रसिद्ध ते नामनो એક समास.

तत्पूर्व (तस्य पूर्वम्) त्रि० र्वः-र्वा-र्वं. तेनी अगाउ, तेनी पूर्व.

तत्पूरुष (सः पूरुषः) पु० षः तत्पुरुष शब्द જुओ.

तत्फल (तत् फलं) क्ली० लं. ते ५ल, करेला कर्मनुं भोगववा योग्य ५ल.

तत्फल (,, यस्य) त्रि० लः-ला-लं. करेला कर्मनुं ५ल જेने प्राप्त थयुं छे ते.

तत्र (चुरा० पर० सेट् तंत्रयति) १ ५सरवुं. २ કुटुंબनुं संरक्षण करवुं.

तत्र (तस्मिन् त्रल्) अ० त्र. त्यां.

तत्रत्य (तत्र भवः त्यप्) त्रि० त्यः-त्या-त्यं. त्यां होનार, त्यां थनार, अमूक स्थले होनार.

तत्रभवत् (तत्र भवत्) त्रि०वान्-वती-वत्. १ पूज्य. २ श्रेष्ठ. ३ आर्य. [रहेनार.

तत्रस्थ (तत्र स्था क) त्रि० स्थः-स्था-स्थं. त्यां

तत्त्व (तत्त्व पृषो०) क्लि० त्वं. तत्त्व शब्द જुओ.

तथा (तत् थाल्) अ० था. १ तेम, ते प्रमाणे. २ तेना જेवुं. ३ सत्य. ४ ખरेખर. ५ यथा शब्द साथे सामो संબंध राખनार अव्यय.

तथागत (तथा गम् क्त) त्रि० तः-ता-तं. ते प्रमाणे गयेल. [तथाराज.

तथागत (तथा सत्यं गतं ज्ञानं यस्य) पु० तः બुद्ध.

तथाच (तथा च च च) अ० च. अने, એम, ते प्रमाणे.

तथात्व (तथाभावः त्व) क्ली० त्वं. ते प्रमाणेपणुं, तेમपणुं, तेनाभળतापणुं. तथाता. [छतां.

तथापि (तथा च अपि च) अ० पि. तोयपण, ते

तथाविध (तथा विधा यस्य) त्रि० धः-धा-धं. ते प्रકारनुं, तेनुं.

' तथाविधस्तावदशेषमस्तु सः ' कुमारसंभवम्.

तथाविधेय (तथा विधेयम्) त्रि० यः-या-यं. ते प्रકारे होनाર, ते प्रકारे थनार.

तथाहि (तथा च हि च) अ० हि. तेમ४.

तथैव (तथा च एव च) अ० व. ते प्रमाणेज, तेમ४.

तथ्य (तथा यत्) त्रि० थ्यः-थ्या-थ्यं. साचुं, ખरुं.

तथ्य (,,) क्ली० थ्यं. साचापणुं, ખरापणुं.

' सा तथ्यमेवाभिहिता भवेन ' कुमारसंभवम्.

तथ्य (,,) अ० थ्यं. ખरापणानी रीते, साची रीते. [सत्ये.

तथ्यतस् (तथ्य तसिल्) अ० तः ખरापणाथी,

तद् (भ्वा० आत्म० सेट् तंदते) संताप पामवुं, सुખी थवुं. [शैક सर्वनाम.

तद् ( ) त्रि० सः-सा-तद्. ते, ६-

तदतिपात (तस्य अतिपातः) त्रि० तः-ता-तं. ६६-ખहार जनार, पारજनार. [त्यारકेडे.

तदनंतर (तस्य अनन्तरम्) अ० रं. त्यारપछी,

तदंत (तस्य अंतम्) अ० तं. त्यांसुधी, त्यांपर्यंत.

तदर्थ (स अर्थो यस्य) त्रि० र्थः-र्था-र्थं. १ જेने तेवो अर्थ होयछे ते, तेने माटेनुं.

तदर्थ (तस्य अर्थम्) क्ली० र्थं. तेनाभाटे, तेनाअर्थे.

तदर्पण (तस्य अर्पणम्) क्ली० णं. ते आपवुं, ते सोंपवुं.

तदा (तत् दा) अ० दा. त्यारे, ते वेળा.

तदात्व (तदेत्यस्य भावः त्व) क्ली० त्वं. तत्काल शब्द જुओ.

तदानीम् (तत् दानीम्) अ० म्. त्यारे, ते समये.

तदानींतन (तदानीं भवः) त्रि० नः-नी-नं. त्यारे होनार. [त्यारકेडे.

तदाप्रभृति (तदा च प्रभृति च) अ० ति त्यारપछी,

' तदाप्रभृत्येव विमुक्तसंगः ' कुमारसंभवम्.

तदामुख (तदा मुखं यस्य) त्रि० खः-खा-खं. प्रा-रંभ, शरૂ करेल. [आसक्त.

तदुत (तत् गतः) त्रि० तः-ता-तं. १ तत्५र. २

तद्गुण (तस्य गुण ऐव गुणो यस्य) पु० णः ते नामनो એક अर्थालंકार.

तद्गुण (तस्य गुणः) पु० णः तेनो गुण.

तद्गुण (तस्मिन् प्रधाने गुणः विशेषणम्) पु० णः तद्गुणसंविज्ञान બहुव्रीहि समास.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

तदीय (तद् छ) त्रि० यः-या-यं. तेनुं, ते संबंधी.
तादिन (तत् दिनम्) क्ली० नं. ते रोज, अमुकदिन.
तादिन (,,) अ० नं. दिवसे दिवसे, એક દિનની દરમીઆન. [सूप.
तद्धन (तदेव धनं यस्य) त्रि० नः-ना-नं. કૃપણ,
तद्धर्मन् (स धर्मः यस्य) त्रि० र्मा-र्मा-र्म. તે ધર્મવાળું. [સિદ્ધ એક જાતનો પ્રત્યય.
तद्धित (तस्मै हितं) पु० क्ली० नः-तं. व्याકરણ પ્રતદ્धित (,,) त्रि० तः-ता-तं. તે માટેનું, તેના હિતનું.
तद्राज (तस्य राजा टच्) पु० जः તેનો રાજા.
तद्वत् (तत् वति) अ० त्. તે સરખું, તેનાજેવું.
तद्वत् (तत् मतुप्) त्रि० वान्-वती-वत्. તે વાળું, તે યુક્ત. [બાણ.
तद्वल (तस्मिन्वलं यस्मात्) पु० लः એક જાતનું
तद्भाल (तस्य भालः) पु० लः १ તેનો ભાલ. २ તદુપપ્રાપ્તિ. ३ તદ્વિષયકચિંતન.
तद्विध (सा विधा यस्य) त्रि० धः-धा-धं. તે પ્રકારનું તે રીતનું, તેવું. [२ વિસ્તારવું.
तन् (तना० उभय० सेट् तनोति-तनुते) १ ફેલાવવું.
तन् (भ्वा० पर० सेट् तनति) १ વિશ્વાસ કરવો. २ માનવું. ३ ઇચ્છા વિનાનું થવું ४ દુઃખવવું. ५ દુઃખ દેવું. ६ મદત કરવી. ७ લંબાવવું. ८ વિસ્તારવું. ९ ફેલાવવું.
तन् (चुरा० पर० सेट् तानयति) ઉપસર્ગ ધાતુ જુઓ. [२ લગ્નાવધિક પંચમસ્થાન.
तनय (तनोति कुलम् तन् कयच्) पु० यः १ પુત્ર.
तनया (तन् कयच् टाप्) स्त्री० या. १ પુત્રી. २ વનસ્પતિ ચક્રકુલ્યા. ३ એક જાતની કુવાર.
तनिका (तन्यतेऽनया) स्त्री० का. બાંધવાની દોરી.
तनिमन् (तनोर्भावः) पु० मा. १ તનુપણું. २ કૃશપણું.
तनिष्ठ (तनु इष्ठन्) त्रि० ष्ठः-ष्ठा-ष्ठं. १ ઘણું નાનું. २ ઘણું થોડું. ३ ઘણું બારીક. ४ ઘણુંજ નાજુક.
तनीयस् (तनु ईयसुन्) त्रि० यान्-यसी-यस्. ઉપસર્ગ શબ્દ જુઓ.
तनु (तन् उन्) त्रि० नुः-नुः-न्वी-नु. १ નાનું. २ થોડું. ३ બારીક. ४ નાજુક. ५ કૃશ, પાતળું. ६ સૂક્ષ્મ. ७ વિરલ.
तनु (,,) स्त्री० नुः १ शरीर, દેહ. २ છાલ, ત્વચા. ३ સ્વાંગ, પોતાનું શરીર.
'तनुभिरवतुवस्ताभिरष्टाभिरीशः' शाकुन्तलम्.
तनुक (तनु कन्) त्रि० कः-का-कं. બારીક, સૂક્ષ્મ.
तनुक (तनु संज्ञायां कन्) पु० कः બહેડાનું ઝાડ, એક જાતનું ઝાડ.
तनुरूप ( ) पु० पः રૂવાડાનું કાણું.
तनुच्छद (तनुं छादयति) पु० दः બખ્તર.
तनुज (तनु जन् ड) पु० जः પુત્ર દીકરો.
तनुजा (,, टाप्) स्त्री० जा. પુત્રી, દીકરી.
तनुता (तनोर्भावः) स्त्री० ता. સૂક્ષ્મપણું બારીકપણું, તનુપણું. [જુઓ.
तनुत्व (,,) क्ली० त्वं. ઉપલો શબ્દ
तनुत्र (तनुं त्रायते त्रै क) क्ली० त्रं. બખ્તર.
तनुत्रवत् (तनुत्र मतुप्) त्रि० वान्-वती-वत्. બખ્તરવાળું.
'रक्षन् विप्रांस्तनुत्रवान्' भट्टिः
तनुत्राण (तनुं त्रायते त्रै ल्यु) क्ली० णं. બખ્તર.
तनुत्रिन् (तनुत्र इनि) त्रि० त्री-त्रिणी-त्रि. બખ્તરવાળું. [ઝાડ.
तनुपत्र (तनूनि पत्राणि यस्य) पु० त्रः એક જાતનું
तनुभस्त्रा (तनोर्भस्त्रेव) स्त्री० स्त्रा. નાક, નાસિકા.
तनुभृत् (तनुं बिभर्ति भृ क्विप्) त्रि० त्-द्-ती-त्-द्. શરીરધારી. [पुं, દેહી.
तनुमत् (तनु मतुप्) त्रि० मान्-मती-मत्. શરીરવા-
तनुमध्या (तनु मध्यं यस्याः) स्त्री० ध्या. નાજુક કમરવાળી સ્ત્રી.
तनुरस (तनो रस इव) पु० सः ધામ, બકારો.
तनुरुह् (तनौ रोहति रुह् क्विप्) क्ली० ट्-ड्. અંગ ઉપરના કેશ. तनूरुह. [જુઓ.
तनुरुह (तनौ रोहति रुह् क) क्ली० हं. ઉપલો શબ્દ
तनुल (तनु उलच्) त्रि० लः-ला-लं. પસરેલું. ફેલાયેલું. [ભાગ.
तनुवात (तनुः वातः यस्मिन्) पु० तः નરકનો એક
तनुवात (तनुः वातः यस्मिन्) त्रि० तः-ती-तं. જ્યાં થોડો વા છે તે સ્થાનક.
तनुवार (तनु वृ अण्) क्ली० रं. બખ્તર.
तनुव्रण (तनौ व्रणा यस्मात्) पु० णः એક જાતનો રોગ.
तनुस् (तन् उसि) क्ली० नुः शरीर, દેહ.
तनुसंचारिणी (तनु अल्पं संचरति) स्त्री० णी. જુવાન સ્ત્રી. २ દશ વર્ષની કન્યા. [રો.
तनुसर (तनोः सरति स अच्) पु० रः સ્વેદ, બફારો.
तनुहृद (तनो ह्रद इव) पु० दः पायु શબ્દ જુઓ.
तनू (तन् ऊङ्) स्त्री० नूः शरीर, દેહ.
तनूकृत (तनू कृ क्त) त्रि० तः-ता-तं. તનુ કરેલ.
तनूज (तनू जन् ड) पु० जः પુત्र, દીકરો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

तनूजानि (तनोर्जनिः यस्य) पु० निः ઉપલો શબ્દ-જુઓ. तनूजात, तनूद्भव. [तनूद्भवा.
तनूजा (तनू जन् ड टाप्) स्त्री० જા. પુત્રી, દીકરી.
'समादिदेश प्रयतां तनूजाम्' कुमारसंभवम्.
तनून (तनू उन्) पु० नः પવન, વાયું.
तनूनप (तन्वा ऊनं पाति पा क) क्ली० पं. धी, धृत.
तनूनपाद् (तनूनपमत्ति) पु० त्.द्. અગ્નિ.
तनूरुह (तनौ रौहति रुह् क) क्ली० हं. १ અંગ ઉપરના કેશ. २ પંખીની પાંખ.
'चंद्रांशुगौरैश्छुरितं तनूरुहैः' भागवतम्.
तनूरुह (तनू रुह् क) पु० हः १ પુત્ર. २ વાળ. ३ ગરુત્. [नद्वार.
तनूह्रद (तन्वां ह्रद इव) पु० दः ગુદ, ગાંડ, અપા-
तन्नि ( ) स्त्री० न्निः વનસ્પતિ ચક્રકુલ્યા.
तन्मय (तद् मयट्) त्रि० यः-यी-यं. તદ્રૂપ, તલ્લીન.
तंति (तन् क्तिन्) पु० तिः વણકર.
तंति (तन् क्तिन्) स्त्री० तिः લાંબી પ્સારેલી દોરડી.
तंतु (तन् तुन्) पु० तुः १ સંતતિ. २ સૂતર વગેરેનો જીણો તંતુ. ३ એક જાતનો મોટો મત્સ્ય.
तंतुक (तंतु कै क) पु० कः રાઇ.
तंतुकाष्ट (तंतुयुक्तं काष्टं) क्ली० ष्टं. १ ચિત્ર વગેરેનો કુચો. २ વસ્ત્રના તંતુ સાફ કરવાનો કુચો.
तंतुकी (तंतु कै क ङीप्) स्त्री० की. રક્તવાહિની, ધોરી નસ, રગ.
तंतुकोट (तंतोः कीटः) पु० टः રેશમનો કીડો.
तंतुण (तन् तुनन्) पु० णः એક જાતનો મોટો મત્સ્ય. [ઓ.
तंतुनाग (तंतुर्नाग इव) पु० गः ઉપલો શબ્દ જુ-
तंतुनाभ (तंतुर्नाभौ यस्य अच्) पु० भः કરોળીયો.
तंतुनिर्यास (तंतूनां निर्यासः यस्मात्) पु० सः તાડનું ઝાડ. [વણ શુદ્ધ પૂર્ણિમા.
तंतुपर्वन् (तंतोर्यज्ञोपवीतसूत्रस्य पर्व) क्ली० र्वं. श्रा-
तंतुभ (तंतुना भाति भा क) पु० भः १ રાઇ. २ ગામતું વાછડું. [યુક્ત મૂલ. મૃણાલ.
तंतुर (तंतुर्विद्यतेऽस्य र) क्ली० रं. કમળના તંતુ
तंतुल (तंतुर्विद्यतेऽस्य लच्) क्ली० लं. ઉપલો શબ્દ જુઓ. [તાણેો.
तंतुवाप (तंतु वप् घञ्) पु० पः કાપડ વણવાનો
तंतुवाप (तंतून् वपति वप् अण्) पु० पः વણકર.
तंतुवाय (तंतून् वयति वे अण्) पु० यः १ ઉપલો શબ્દ જુઓ. २ કરોળીઓ. [ઝાડ.
तंतुविग्रहा (तंतवो विग्रहे यस्याः) स्त्री० हा. કેળનું
तंतुशाला (तंतूनां शाला) स्त्री० ला. કાપડ વણવાની જગા.
तंतुसतत (तंतुभिः सततं) क्ली० तं. શીવેલ કાપડ.
तंतुसार (तंतव इव सारोऽस्य) पु० रः સોપારીનું ઝાડ. [જુઓ.
तंतुसारक (तंतुसारः कन्) पु० कः ઉપલો શબ્દ
तंत्र (तंत्र् अच्) त्रि० त्रः-त्रा-त्रं. તાંબાનું, અધીન.
तंत्र (तंत्र् घञ्) क्ली० त्रं. १ જે શાસ્ત્રમાં શિવપાર્વતીપ્રોક્ત સંવાદ છે એવું એક શાસ્ત્ર. २ જે શાખામાં મારણ જારણ મોહન વગેરેની એક વિદ્યા છે એવી એક વેદશાખા. निश्चितं यं. ४ સિદ્ધાંત. ५ વસ્ત્ર, લુગડું. ६ સિદ્ધ કરેલ ઔષધ. ७ ઔષધનું કામ કરનાર મંત્ર. ८ હેતુ, સબળ. ९ કુટુંબસંરક્ષણ. १० ધૃતિ કર્તવ્યતા. ११ અવશ્ય કરવા યોગ્ય કર્મ. १२ મુખ્ય. १३ સૈન્ય. १४ રાજ્ય. १५ દેશ. १६ કપાસ રેશમ વગેરેનો દોરો. १७ અધીનપણું. १८ ઉસમ, શપથ. १९ પુષ્પમાલા વગેરેનું જય દેખાડી આપનારૂ ચિન્હ કરે છે તે. २० ઢગલો. २१ જમાવ, સમુદાય. २२ ધૃત. २३ ઘર. २४ વણવાનું હથીઆર. २५ સાલ. २६ સુખ. २७ સહેલાઇ, સુગમપણું. २८ સત્તા. २९ બલ. ३० કુલ, વંશ. ३१ ઘોડાં રથ પાયદલ વગેરે. ३२ રાજાનો દબદબો. ३३ રાજાના રક્ષણ માટે અને મોહોટાઇ માટે રાખેલું સરંજામ. ३४ બે અર્થનો એક પ્રયોગ. ३५ પારકા છંદનું અનુગમન. ३६ પોતાના દેશની ચિંતા. ३७ પ્રબંધ.
तंत्रक (तंत्र कन्) क्ली० कं. ઝેરૂં વસ્ત્ર.
तंत्रकाष्ट (तंत्रस्य काष्ठं) क्ली० ष्टं. तंतुकाष्ट शब्द જુઓ.
तंत्रता (तंत्रस्य भावः) स्त्री० ता. १ તાબેદારી, અધીનપણું. २ તંત્ર વિદ્યાનો ગુણ દોષ. ३ એક ક્રિયામાં અનેક વિધિ કરવા તે. [જુઓ.
तंत्रत्व (,,) क्ली० त्वं. ઉપલો શબ્દ
तंत्रवाप (तंत्रं वपति वप् अण्) पु० पः સાળવી, વણકર.
तंत्रवाप (तंत्र वप् घञ्) पु० क्ली० पः-पं. સાળ.
तंत्रवाय (तंत्र वे अण्) पु० यः સાળવી, વણકર.
तंत्रा (तंत्रि अ) स्त्री० त्रा. થોડી નિદ્રા, તંદ્રા.
तंत्रि (तंत्रि इन्) स्त्री० त्रिः १ એક જાતનું વાદ્ય, વીણા. २ થોડી નિદ્રા, તંદ્રા.
तंत्रिका (तंत्रि क) स्त्री० का. વનસ્પતિ ગળો. तंत्री.
तंत्रित (तंत्रा जाताऽस्य इतच्) त्रि० तः-ता-तं. આળસવાળું.
तंत्रिन् (तंत्र इनि) त्रि० त्री-त्रिणी-त्रि. १ વણેલું,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કાતેલું, દોરાનું બનાવેલું, દોરાવાળું.
तंत्रिन् („) પુ० त्री. ૧ ગર્વયો. ૨ તાંત્રિકમતાનુસારી. ૩ તંત્રવાળું.
तंत्रिपालक (तंत्रि पाल् ण्वुल्) પુ० कः ભારતપ્રસિદ્ધ શૂરવીર જયદ્રથ.
तंत्री (तंत्र् ई) સ્ત્રી० त्री. ૧ સૂતરની દોરી. ૨ વીણાની દોરી. ૩ રગ, નસ. ૪ વનસ્પતિ ગળો. ૫ તે નામની એક નદી. ૬ વીણા.
तंद्रवाय (तंत्रवाय पृषो०) પુ० यः વણકર, સાળવી. [પેલ આલસ. ૨ થોડી નિદ્રા.
तंद्रा (तंद्रि अ) સ્ત્રી० द्रा. ૧ નિદ્રા વગેરેથી પેદા થ-
तंद्रालु (तंद्रि आलुच्) ત્રિ० लुः-लुः-लु. ૧ આળસવાળું. ૨ થોડી નિદ્રાવાળુ.
तंद्रि (तंदि क्विन्) સ્ત્રી० द्रिः तंद्रा શબ્દ જુઓ.
तंद्रिन् (तंद्रा णिनि) ત્રિ० द्री-द्रिणी-द्रि. तंद्रालु શબ્દ જુઓ.
तंद्रित (तंद्रा जाताऽस्य इतच्) ત્રિ० तः-ता-तं. ૧ આળસવાળું. ૨ થોડી નિદ્રાવાળું.
तंद्री (तंद्रि ई) સ્ત્રી० द्री. तंद्रा શબ્દ જુઓ. तंद्रिका.
तान्नि (तत् नी डि) સ્ત્રી० न्निः એક જાતની વનસ્પતિ. चक्रकुल्या.
तन्मय (तत् मयट्) ત્રિ० यः-या-यं. તદ્રૂપ.
तन्मात्र (तदेव मात्रच्) ક્લી० त्रं. પૃથ્વી, જલ, તેજ વાયુનો સૂક્ષ્મ અંશ.
तन्मात्रता (तन्मात्रस्य भावः तल्) સ્ત્રી० ता. પૃથ્વી જલ તેજ અને વાયુના સૂક્ષ્માંશપણું.
तन्मात्रत्व (तन्मात्रस्य भावः त्व) ક્લી० त्वं. ઉપલો શબ્દ જુઓ.
तन्यतु (तन् यतुच्) પુ० तुः ૧ રાત્રિ. ૨ વાયુવિશેષ.
तन्वत् (तन् शतृ) ત્રિ० न्वन्-न्वती-न्वत्. ફેલાતું, પ્રસરતું. [લપર્ણી.
तन्वी (तनु ङीप्) સ્ત્રી० न्वी. ૧ નાજુક સ્ત્રી. ૨ શા-
तप् (भ्वा० उभय० सेट् तपति-ते) ૧ તપવું. ૨ ગરમ થવું. ૩ બાળવું. ૪ તપાવવું. ૫ આશ્ચર્યકારક સામર્થ્ય થવું. [જુઓ.
तप् (दिवा० उभय० सेट् तप्यति-ते) ઉપલો ધાતુ
तप् (चुरा० उभय० सेट् तापयति-ते) ઉપલો ધાતુ જુઓ.
तप (तप् अच्) પુ० पः ગ્રીષ્મઋતુ, ઉનાળાની મોશમ. ૨ સૂર્ય. ૩ તપશ્ચર્યા. ૪ ઉષ્ણપણું.
तप („) ત્રિ० पः-पा-पं. ૧ તપાવનાર. ૨ તાપનાર. ૩ પ્રકાશનાર. ૪ બાળનાર. ૫ તપ કરનાર.

तपःकर (तपः करोति) પુ० रः ૧ એક જાતનું માછલું. ૨ તપીઓ. [દુબળું થયેલું.
तपःकृश (तपसा कृशः) ત્રિ० शः-शा-शं. તપવડે
तपःक्लेशसह (तपसः क्लेशं सहते) ત્રિ० हः-हा-हं. તપના દુઃખને ખમનાર, તપસ્વી.
तपःस्थली (तपसः स्थली) સ્ત્રી० ली. ૧ કાશીક્ષેત્ર, બનારસ. ૨ તપ કરવાનું સ્થાન.
तपत् (तप् शतृ) ત્રિ० न्-न्ती-त्. ૧ તપતું. ૨ તાપતુ. ૩ તપશ્ચર્યા કરતું.
तपती (तपत् ङीप्) સ્ત્રી० ती. ૧ છાયા, સૂર્યપત્ની. ૨ સૂર્યપુત્રી. ૩ તે નામની એક નદી.
तपन (तप् ल्यु) પુ० नः સૂર્ય. ૨ ઉષ્ણતા. ૩ માનસિક દુઃખ. ૪ તે નામનું એક નરક. ૫ ગ્રીષ્મઋતુ. ૬ ભીલામું. ૭ આકડાનું ઝાડ. ૮ આગીયો. ૯ એક જાતનું ઝાડ.
तपनकर (तपनस्य करः) પુ० रः સૂર્યકિરણ.
तपनतनय (तपनस्य तनयः) પુ० यः ૧ કર્ણ. ૨ યમ. ૩ શનિ. ૪ સુગ્રીવ.
तपनतनया (तपनस्य तनया) સ્ત્રી० या. ૧ યમુના. ૨ લીંબડાનું ઝાડ.
तपनमणि (तपनः तेजस्को मणिः) પુ० णिः સૂર્યકાંતમણિ, આગીઓ કાચ. [કિરણ.
तपनांशु (तपनस्य सूर्यस्य अंशुः) પુ० शुः સૂર્ય-
तपनात्मज (तपनस्य आत्मजः) પુ० जः ૧ કર્ણ. ૨ સુગ્રીવ. ૩ યમ.
तपनात्मजा (तपनस्यात्मजा) સ્ત્રી० जा. ૧ ગોદાવરી નદી. ૨ યમુના નદી. [નદી.
तपनी (तप्यते पापमनया) સ્ત્રી० नी. ગોદાવરી-
तपनीय (तप अनीयर्) ક્લી० यं. ૧ સોનું. ૨ ધંતુરો. [યોગ્ય, તપ કરવા લાયક.
तपनीय („) ત્રિ० यः-या-यं. તપાવવા
' असंस्पृशंतौ तपनीयपीडम् ' રઘુવંશમ્.
तपनीयक (तपनी कन्) ક્લી० कं. ૧ સોનું. ૨ ધંતુરો. [નાનું, સોનાનું કરેલું.
तपनीयमय (तपनीय मयट्) ત્રિ० यः-यी-यं. સો-
तपनेष्ट (तपनस्य सूर्यस्य इष्ट) ક્લી० ष्टं. તાંબુ.
तपस् (तप् असुन्) પુ० पाः ૧ ઉનાળાની ઋતુ.
तपस् („) ક્લી० पः ૧ તપ, તપશ્ચર્યા. ૨ તે નામનો એક યોગ. ૩ સદ્‌ગુણ. ૪ અગ્નિ. ૫ બ્રાહ્મણોનું વેદાધ્યયન. ૬ ક્ષત્રિયનો પ્રજાપાલન વગેરે ધર્મ.
तपस (तप् असच्) પુ० सः ૧ ચંદ્ર. ૨ પક્ષી. ૩ કપુર. ૪ સૂર્ય. ૫ આકડાનું ઝાડ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

तपस्तक्ष (तपस्तक्षति तक्ष् अण्) पु० क्षः ઇંદ્ર. જંભારિ.

तपस्समाधि (तपसे समाधिः) पु० धिः તપશ્ચર્યા કરવામાં પ્રાણાયામ વગેરે કરી મનોનિગ્રહ કરવો તે.

तपस्य (तपसि साधुः यत्) पु० स्यः १ ફાલ્ગુનમાસ ૨ અર્જુન. ૩ અર્જુન સાદડાનું ઝાડ.

तपस्य (तपस्य घञ्) पु० स्यः તપશ્ચર્યા.

तपस्यत् (तपस् क्यच् शतृ) त्रि० स्यन्-स्यंती-स्यत्. તપ કરવું.

' स्थाणुं तपस्यन्तमधित्यकायाम् ' कुमारसंभवम्.

तपस्या (तपस् क्यच् अ) स्त्री० स्या. તપશ્ચર્યા.

तपस्यातनुजन्मन् (तपस्याया तनुजन्मा) पु० न्मा. ધર્મરાજા, યુધિષ્ઠિર.

तपस्विता (तपस्विनो भावः) स्त्री० ता. તપસ્વી-

तपस्वित्व („) क्ली० त्वं. ઉપલો શબ્દ જુઓ.

तपस्विन् (तपस् विनि) त्रि० स्वी-स्विनी-स्वि. ૧ તપશ્ચર્યા કરનાર. ૨ દયા લાવવા યોગ્ય. ૩ ગરીબ.

तपस्विन् („) पु० स्वी. ૧ નારદમુનિ. ૨ યોગી. ૩ ચકલો. ૪ એક જાતનું માછલું.

तपस्विनी (तपस्विन् ङीप्) स्त्री० नी. ૧ તપશ્ચર્યા કરતી સ્ત્રી. ૨ વનસ્પતિ જટામાંસી. ૩ વનસ્પતિ કટુરોહિણી.

तपस्विप्रिय (तपस्विप्रियं पत्रमस्य) पु० त्रः એક

तपात्मक ( ) त्रि० कः-त्मिका-कं. તપ કરનાર.

तपात्यय (तपस्य अत्ययो यत्र) पु० यः વર્ષાઋતુ.

' तपात्यये वारिभिरुक्षिता नवैः ' कुमारसंभवम्.

तपांत (तपस्य अंतो यत्र) पु० तः ઉપરનો શબ્દ જુઓ.

तपित (तप् क्त) त्रि० तः-ता-तं. તપાવેલું, તપ્ત.

तपुस् (तप् उसि) पु० पुः ૧ અગ્નિ. ૨ સૂર્ય. ૩ ચિત્રાનું ઝાડ. ૪ આકડાનું ઝાડ.

तपोधन (तप एव धनमस्य) पु० नः तपस्वी.

' तपोधनाभ्यागमसंभवा मुदः ' माघः

तपोधन (तप इव धनं) क्ली० नं. તપ તેજ ધન.

तपोधना (तप एव धनमस्याः) स्त्री० ना. એક જાતની વનસ્પતિ.

तपोनुभाव (तपसः अनुभावः) पु० वः તપનું તેજ.

तपोमय (तपस् मयट्) पु० यः ૧ તપઃ પ્રચૂર. ૨ પરમેશ્વર.

तपोमूर्ति (तपः आलोचनभेद एव मूर्तिरस्य) पु०र्तिः તપશ્ચર્યા કરનાર યોગી, પરમેશ્વર.

तपोराशि (तपसो राशिः) पु० शिः તપનો ઢગલો.

तपोलोक (तपोनामा लोकः) पु० कः તપોલોક.

तपोवट (तपसोऽवट इव) पु० टः ૧ પવિત્ર ભૂમિ. ૨ મધ્યહિંદુસ્થાનનો એક ભાગ.

तपोवत् (तपस् मतुप्) त्रि० वान्-वती-वत्. તપવાળું, તપશ્ચર્યા કરનારું.

तपोवन (तपसे वनम्) क्ली० नं. તપ કરવાનું વન.

तप्त (तप् क्त) त्रि० प्तः-प्ता-प्तं. ૧ તપેલું, ૨ દુઃખી. ૩ સંતાપ પામેલ. ૪ તપ કરેલ. ૫ પ્રાયશ્ચિત્ત કરેલ. ૬ ઓપ દીધેલ. ૭ ઝલેલ આપેલ.

तप्तकुंभ (तप्तः कुंभः यत्र) पु० भः નરકવિશેષ.

तप्तकृच्छ्र (तप्तेनाचरितं कृच्छ्रं) पु० क्ली० च्छ्रः-च्छ्रं. એક જાતનું વ્રત જેમાં ઉનું પાણી ઘી અને દૂધ ત્રણ દિવસ પીવું અને ત્રણ દિવસ ઉનો વાયુ ભક્ષણ કરવો. [કરેલ છે તે.

तप्ततपस् (तप्तं तपो येन) पु० पाः તપશ્ચર્યા જેણે

तप्तपाषाणकुंड (तप्तः पाषाणकुंडः यत्र) क्ली० डं. નરકવિશેષ. [શિકંજો.

तप्तमुद्रा (तप्ता मुद्रा) स्त्री० द्रा. તપાવેલી છાપ,

तप्तरहस् (तप्तरहः अच्) क्ली० सं. તપેલું ખાનગી કરવાનું સ્થાનક.

तप्तरूपक (तप्तं रूपकं) क्ली० कं. શુદ્ધ રૂપું.

तप्तवालुक (तप्ता वालुका यत्र) क्ली० कं. નરકવિશેષ. [દાહક.

तप्तृ (तप् तृच्) त्रि०प्ता-प्त्री-प्तृ. તપાવનાર,

तप्त्वा (तप् क्त्वा) अ० प्त्वा. તપશ્ચર્યા કરીને, તપાવીને.

तप्स्यत् (तप्स्य तृच्) त्रि० प्स्यन्-प्स्यंती-प्स्यत्. તપ કરતું, તપ કરવા માટે યોજના કરતું,

तमःप्रवेश (तमसि प्रवेशः) पु० शः ૧ અંધારામાં પેસવું. ૨ મનનું આડે રસ્તે જવું.

तमःस्थित (तमसि स्थितः) त्रि० तः-ता-तं. અંધારામાં રહેલ. [નરકવિશેષ.

तमःस्थित (तमसि स्थितं स्थानं यत्र) क्ली० तं.

तम् (दिवा० पर० सेट् ताम्यति) ૧ ચાહવું. ૨ માનસિક વ્યથા ભોગવવી. ૩ શારીરિક વ્યથા ભોગવવી.

दंतपत्र (दंत इव पत्रमत्र) क्ली० त्रं. એક જાતનું કર્ણભૂષણ.
'विलासिनीविभ्रमदंतपत्रं' रघुवंशम्.
दंतपत्र (दंतेन गजदंतेन निर्मितं पत्रम्) क्ली० त्रं. હાથીદાંતની કાંશકી.
दंतपत्रिका (दंत इव शुभ्रं पत्रं दलं यस्याः) स्त्री० का. મોધરાનું ઝાડ. દંતપત્રક.
दंतपवन (दंत पू ल्युट्) क्ली० नं. ૧ દાતણ કરવું, દાંત સાફ કરવા. ૨ દંતચૂર્ણ. ૩ દાતણ.
दंतपात (दंतस्य पातः) पु० तः દાંત પડવા તે.
दंतपाली (दंतस्य पाली) स्त्री० ली. દાંતનો અગ્રભાગ.
दंतपुप्पुटक (दंत पुप्पुट कै क) पु० कः દાંતની હારમાં ફોડલો પડે છે તે, દંતવ્રણ.
दंतपुष्प (दंत इव शुभ्रं पुष्पं यस्य) क्ली० ष्पं. ૧ મોધરાનું ઝાડ. ૨ કતકફલ.
दंतफल (दंत इव शुभ्रं फलमस्य) क्ली० लं. કતકફલ.
दंतफल (दंतवत् शुभ्रं फलमस्य) पु० लः કોઠનું ઝાડ. [સ્પતિ પીપર.
दंतफला (दंत इव शुभ्रं फलमस्याः) स्त्री० ला. वन-
दंतभाग (दंतस्य भागः) पु० गः દાંતનો ભાગ.
दंतभाग (,,) पु० गः હાથીના મુખથી તે સ્કંધ સુધીનો અગ્રભાગ. : [નો રોગ.
दंतभेद (दंतस्य भेदो यस्मात्) पु० दः એક જાત
दंतमल (दंतमग्नं मलं) पु० क्ली० लः-लं. દાંતનો મેલ. [એક જાતની ઔષધિ, દાંતી.
दंतमूलिका (दंत इव शुभ्रं मूलं यस्याः) स्त्री० का.
दंतमूलीय (दंतमूले भवः छ) पु० यः દાંતના મૂલમાં હોનાર તવર્ગ વગેરે.
दंतवस्त्र (दंतस्य वस्त्रमिव) क्ली० स्त्रं. હોઠ, ઓષ્ઠ.
दंतवासस् (दंतस्य वास इव) क्ली० सः હોઠ, ઓષ્ઠ.
'तुलां यदारोहति दंतवाससा'
कुमारसंभवम्
दंतवीज (दंत इव वीजमस्य) पु० जः દાડમનું ઝાડ. [જુઓ
दंतवीजक (दंतवीज कन्) पु० कः ઉપરનો શબ્દ
दंतव्यसन (दंतस्य व्यसनं) क्ली० नं. દાંત હાલવા તે, દાંત પડી જાય તે.
दंतशठ (दंतान् शठति शठ अच्) पु० ठः १ લીંબુનું ઝાડ. ૨ નારંગીનું ઝાડ. ૩ કોઠનું ઝાડ. ૪ ખટાશ. ૫ અંબાડાનું ઝાડ.
दंतशठा (दंत शठ् अच् टाप्) स्त्री० ठा. ૧ એક જાતનું ઝાડ. ૨ આંબલી. [બાલરોગ.
दंतशद्व (दंतस्य शद्वः यत्र) पु० द्वः એક જાતનો
दंतशर्करा (दंते शर्करेव) स्त्री० रा. દાંતની ખેરી, દાંતનો મેલ. [રવાનું ચૂર્ણ વગેરે.
दंतशाण (दंतस्य शाण इव) क्ली० णं. દાંત સાફ કરવા તે.
दंतशुद्धि (दंतानां शुद्धिः) स्त्री० द्धिः દાંત સાફ કરવા તે.
दंतश्लिष्ट (दंते श्लिष्टः) त्रि० ष्टः-ष्टा-ष्टं. ૧ દાંતમાં ગુંચવાઇ ગયેલ. ૨ દાંતમાં સપડાઇ ગયેલ.
दंतसक्त (दंते सक्तः) त्रि० क्तः-क्ता-क्तं. ઉપલો શબ્દ જુઓ. [ચેનો માંસવાળો ભાગ.
दंतसीरा (दंतस्य सीरा यत्र) स्त्री० रा. દાંતનો નी-
दंतहर्ष (दंतानां हर्षो यत्र) पु० र्षः १ ખાટો પદાર્થ ખાવાથી દાંતનું અંબાઇ જવાપણું. ૨ દાંત પુટવા તે. ૩ દાંત આવવા તે.
दंतहर्षक (दंत हृष् ण्वुल्) पु० कः લીંબુનું ઝાડ.
दंतहर्षण (दंत हृष् ल्यु) पु० णः ઉપલો શબ્દ જુઓ.
दंताघात (दंतस्य आघातः) पु० तः દાંતનો કરડ.
दंताघात (दंतान् आहंति) पु० तः લીંબુનું ઝાડ.
दंतादंति (दंतैश्च दंतैश्च प्रहृत्य प्रवृत्तं युद्धम्) अव्य० ति. હાથીનું પરસ્પર દાંતે દાંતે યુદ્ધ.
दंतायुध (दंता आयुधमिव यस्य) पु० धः ભુંડ.
दंतालिका (दंतान् अलति अल् ण्वुल्) स्त्री० का. લગામ. [ઉપરનો શબ્દ જુઓ.
दंताली (दंतान् अलती अल् अच् ङीष्) स्त्री० ली.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉપરનો શબ્દ જુઓ.

दंताली (दंतानामाली) स्त्री० ली. દાંતની પંગત.

दंतावल (दंत वलच्) पु० लः હાથી, હસ્તી.

दंतायुध (दंत आयुधमस्य) पु० धः રાની ડુક્કર.

दंतार्बुद (दंतस्य अर्बुदमिव) पु० दः એક જાતનો દંતરોગ. [લગભ. કંવિકા.

दंतालिका (दंत अल् अच् डीप्) स्त्री० का. ઘોડાની

दंतिका (दंती क) स्त्री० का વનસ્પતિ દાંતી.

दंतिजा (दंतिका पृषो०) स्त्री० जा. ઉપલો શબ્દ જુઓ.

दंतिन् (दंत इनि) त्रि० ती-तिनी-ति. દાંતવાળું.

दंतिन् (,,) पु० ती. १ હાથી. २ પર્વત. ૩ શીઆળ. ૪ જેપાળનું ઝાડ. [સંજ્ઞા.

दंतिन् (,,) पु० ब० नः આઠ સંખ્યાની

दंतिनी (,, डीप्) स्त्री० नी. १ વનસ્પતિ દાંતી. २ હાથણી. [ળનું ઝાડ.

दंतिनीबीज (दंतिनी इव बीजमस्य) पु० जः જેપા-

दंतिबीज (दंतिन इव बीजमस्य) पु० जः ઉપલો શબ્દ જુઓ.

दंतिमद (दंतिनो मदः) पु० दः હાથીના કુંભસ્થળ-માંથી વહેતું જલ. દાનોદક.

दंती (दंत अच् डीप्) स्त्री० ती. વનસ્પતિ દાંતી.

दंतीबीज (दंत्या इव बीजमस्य) पु० जः જેપાળ-નું ઝાડ.

दंतुर (दंत उरच्) त्रि० रः-रा-रं. १ લાંબા અને બહાર નીકળતા દાંતવાળું. २ દરીઆના મોજાની પેઠે ઉતરતું ચઢતું. ૩ ઉભા કેશવાળું.

' अमलमणिशलाकादंतुराभिः किरीटकोटिभिः '

कादंबरी.

दंतुरच्छद (दंतुरः छदो यस्य) पु० दः બીજોરાનું ઝાડ. मातुलुंग.

दंतुरित (दतुर इतच्) त्रि० तः-ता-तं. જેને લાંબા અને બહાર નીકળતા દાંત પેદા થયેલ છે તે.

दंतोज्वला (दंत इव उज्ज्वला) स्त्री० ला. ધોળી જાયનો વેલો. [દાંત પુટવાતે.

दंतोद्भेद (दंतस्य उद्भेदः) पु० दः દાંત આવવા તે,

दंतोलूखलिक (दंतोलूखल ठञ्) पु० कः ભરડયા, દળ્યા, વાટયા વગેરે સિવાયના દાણા ખાનારો, અરણ્યવાસી. [ઓષધનો સમૂહ.

दंतौष्ठ (दतौष्ठानां समाहारः) क्ली० ष्ठं. દાંત અને

दंतोष्ठ्य (दंतोष्ठे भवः यत्) त्रि० ष्ठ्यः-ष्ठ्या-ष्ठ्यं. દાંત અને હોઠથી ઉચ્ચારવા લાયક વ વગેરે.

दंत्य (दंत यत्) त्रि० त्यः-त्या-त्यं. १ દાંતનું, દાંત સંબંધી. २ દાંતનું હિતકારક.

दंदश (दश्यते नेन) पु० शः દાંત.

दंदशूक (दंश् ऊक) त्रि० कः-का-कं. १ કુભાંડી. २ અપકારક. ૩ દુષ્ટ. ૪ ઝેરી, વિષયુક્ત.

दंद्रम (द्रम् अच्) क्ली० मं. આસ્તે આસ્તે જવું, હળવે હળવે જવું.

दंद्रमण (द्रम् ल्युट्) क्ली० णं. ઉપલો શબ્દ જુઓ.

दंद्रमण (द्रम् यङ् शानच्) त्रि० णः-णा-णं. વાંકી ગતિવાળું. [મ કરવો.

दभ् (चुरा० पर० सेट् दभयति) આજ્ઞા કરવી, હુકમ-

दभ् (चुरा० पर० सेट् दंभयति) ઉપલો ધાતુ જુઓ.

दभ्र (दभ् रक्) पु० भ्रः સમુદ્ર, દરીઓ.

दभ्र (,,) त्रि० भ्रः-भ्रा-भ्रं. થોડું, અલ્પ.

दम् (दिवा० पर० सेट् दाम्यति) १ શાંત કરવું. २ પશુનું પાળવું. ૩ દમન કરવું. ૪ શત્રુની પેઠે તાબે કરવું.

दम् (दम् क्विप्) अव्य० म्. દમન કરેલી સ્ત્રી.

दम (दम् घञ्) पु० मः १ ઇંદ્રિય સંયમ. २ સીજ્ઞ કરવી, શાસન કરવું, દંડ. ૩ તાબે કરવું. ૪ દમન કરવું. ૫ કચરો, ગાળ. ६ યજ્ઞસ્થાન. ७ દમયંતીનો ભાઇ.

दमक (दम् ण्वुल्) त्रि० कः-कां-कं. १ પાળનાર. २ તાબે કરનાર. ૩ દમન કરનાર.

दमघोष (दम घुष् घञ्) पु० षः શિશુપાલનો પિતા.

दमघोषसुत (दमघोषस्य सुतः) पु० तः શિશુપાલ. दमघोषज.

दमथ (दम् अथ) पु० क्ली० थः-थं. १ સીજ્ઞ કરવી, શાસન, દંડ. २ ઇંદ્રિયનિગ્રહ, આત્મસંયમ. ૩ તાબે કરવું. [કરવું. ૩ દમન કરવું.

दमथ (,,) क्ली० थं. १ પાળવું. २ તાબે

दमथु (दम् अथुच्) पु० थुः १ શાસન, સીજ્ઞ કરવી, દંડ. २ ઇંદ્રિયનિગ્રહ.

दमन (दम् ल्युट्) क्ली० नं. १ નિગ્રહ કરવો. २ તાબે કરવું. ૩ શાસન કરવું.

दमन (,,) पु० नः १ તત્ત્વવેત્તા. २ શૂરો. ૩ એક જાતની સુગંધિ વનસ્પતિ. ૪ તે નામનો એક ઋષિ. ૫ ઉપશાંત. ६ દમયંતીનો ભાઇ.

दमनक (दमन कन्) पु० कः એક જાતની સુગંધી વનસ્પતિ. [શુકલ પૂનમ.

दमनपौर्णिमा (दमनार्थे पौर्णिमा) स्त्री० मा. ચૈત્ર

दमनी (दम् ल्युट् ङीष्) स्त्री० नी. એક જાતનું ઝાડ.

दमनीय (दम् अनीयर्) त्रि० यः-या-यं. પાળવા યોગ્ય, તાબે કરવા લાયક.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

दमयत् (दम् णिच् शतृ) त्रि० यन्-यंती-यत् १ शासन કરતું. २ તાબે કરતું. ३ દમન કરતું.

दमयितृ (दम् तृच्) त्रि० ता-त्री-तृ १ शासन કરનાર. २ દમન કરનાર. [स्त्री, ભીમક પુત્રી.

दमयंती (दम् यत् ङीष्) स्त्री० ती. નલરાજાની

दमस्वसृ (दमस्य स्वसा) स्त्री० सा. દમયંતી, ભીમક પુત્રી.

दमित (दम् णिच् क्त) त्रि० तः-ता-तं. १ નિગ્રહ કરેલું. २ તાબે કરેલું. ३ પાળેલું. ४ शासन કરેલું. ५ દમન કરેલું. ६ सर्व दुःख चिंता વગેરે સહન કરનાર.

दमिन् (दम् घिनुण्) त्रि० मी-मिनी-मि. १ ઇંદ્રિય-નિગ્રહ કરનાર. २ દમન કરનાર. ३ પાળનાર.

दमुनस् (दम् ऊनस् पृषो०) पु० नाः १ અગ્નિ. २ शुक्राचार्य, દૈત્યગુરૂ. ३ ચિત્રાનું ઝાડ.

दमूनस् (दम् ऊनस्) पु० नाः ઉપલો शब्द જુઓ.

दंपति (जायाच पतिश्च) पु० द्वि०-ती. સ્ત્રી અને પુરૂષ, ધણીઆણી અને ધણી.

'तौ दंपती स्वां प्रति राजधानीं प्रस्थापयामास वशी वशिष्ठः' रघुवंशम्.

दंश् (स्वा० पर० सेट् दन्शति) १ કરવું. २ ઢોંગ કરવો. ३ ફાડવું. ४ ચીરવું. ५ ભાગ કરવા.

दंभ् (चुरा० पर० सेट् दंभयति) १ એકઠું કરવું. २ એકત્ર કરવું. ३ ગોઠવવું. ४ રચવું.

दंभ (दंभ् घञ्) पु० भः १ કપટ વેશ કરી સાધુપણાનો દેખાવ કરવો તે. २ ઢોંગ. ३ गर्व, अभिमान. ४ કપટ. ५ શઠપણું. [३ ઠગનાર.

दंभक (दंभ् ण्वुल्) पु०कः १ ઢોંગી. २ અભિમાની.

दंभन (दंभ् ल्युट्) क्ली० नं. १ ઢોંગ, ઠગાઇ. २ अभिमान. ३ મોહન.

दंभिन् (दंभ् इनि) त्रि० भी-भिनी-भि. १ ઠગારૂં. २ ઢોંગી. ३ પાખંડી. ४ કપટી. ५ અભિમાની.

दंभोलि (दंभ् उलि) पु० लिः १ ઇંદ્રનું વજ્ર. २ હીરો. [शब्द જુઓ.

दम्य (दम् यत्) त्रि० म्यः-म्या-म्यं. દમનીય

दम्य (,,) पु० म्यः જુવાનીમાં આવેલ બળદ.

दय् (भ्वा० आत्म० सेट् दयते) १ આપવું, દેવું. २ બક્ષીસ કરવું. ३ दान કરવું. ४ લેવું. ५ ચાલવું. ६ બચાવવું. ७ प्रतिपालन કરવું. ८ ધાર મારવું.

दय (दय् अङ्) त्रि० यः-या-यं. દયાવાળું, કરૂણાવાળું.

दय (,,) पु० यः દયા, કરૂણા, કરૂણારસ.

दयमान (दय् शानच्) त्रि० नः-ना-नं. બચાવતું, રક્ષણ કરતું.

दया (दय् अङ् टाप्) स्त्री० या. દયા, કરૂણા.

'धनुर्भृतोप्यस्य दयार्द्रभावम्' रघुवंशम्.

दयाकूर्च (दयायाः कूर्च इव) पु० र्चः બુદ્ધ.

दयाल ( ) पु० लः કિનારાનું તુટવું, કાંઠાનું તુટી જવું.

दयालु (दया आलुच्) त्रि० लुः-लुः-लु. દયાવાળું,

'यशःशरीरे भव मे दयालुः' रघुवंशम्.

दयालुता (दयालोर्भावः) स्त्री० ता. દયાળુપણું.

दयालुत्व (,,) क्ली० त्वं. ઉપલો शब्द જુઓ.

दयावत् (दया मतुप्) त्रि० वान्-वती-वत्. દયાવાળું, દયાળુ. दयाशील, करुणाशालिन्.

दयावीर (दयायां वीरः) पु०रः १ દયાને વિષે શૂરવીર. २ દયા સાથે વીરરસ. [હાલું. ३ आशङ्क.

दयित (दय् क्त) त्रि० तः-ता-तं. १ ચાહેલું. २ प-

दयित (,,) पु० तः पति, કંથ.

दयिता (दय् क्त टाप्) स्त्री० ता. લગ્ન કરેલી સ્ત્રી.

दयिताधीन (दयिताया अधीनं) त्रि० नः-ना-नं. સ્ત્રીવશ, ઓરતને તાબે વર્તતું.

दयित्नु (दय् इत्नु) त्रि० त्नुः-त्नुः-त्नु. દયાવાળું.

दर (दृ अच्) पु० क्ली० रः-रं. १ ડર, ભય, त्रास. २ ભીતના અંદર ખાડો.

'दरादराभ्यां दरकंपिनीपथे' नैषधीयम्.

दर (,,) क्ली० रं. १ विष. २ શંખ.

दर (,,) पु० रः ગુફા. દરી.

दर (,,) क्ली० रं. થોડું, જરા.

दरक (दर वुन्) त्रि० कः-का-कं. ખીજણ.

दरकंटिका (दर ईशत्कंटो यस्याः) स्त्री० का. सताવળ.

दरणि (दृ अनि) पु० णिः પાણીનો પ્રવાહ.

दरद् (दृ अद) स्त्री० द्. १ ડર. २ अंतःકરણ. ३ કિનારો. [ચળતિ.

दरद् (,,) पु० त्-द्. १ પર્વત. २ ડર. ३ म्लेच्छ.

दरद (दर दैप् क) पु० दः १ કુંગરી દેશ. २ જંગલી मनुष्यनी એક જાત. ३ હીંગલોક.

दरद (,,) क्ली० दं. હીંગલોક.

दरद (दर दा क) त्रि० दः-दा-दं. ડર આપનાર.

दरविदलित (दरं ईषत् विदलितं) त्रि० तः-ता-तं. થોડું ભાંગેલું. २ થોડું કુટેલું.

दरसान (दृ असानच्) पु० नः ધોત.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દરા (દૃ અડ્ ટાપ્) સ્ત્રી॰ રા. પર્વતની ગુફા, પહાડની બખોલ.

દરિ (દૃ ઇન્) સ્ત્રી॰ રિઃ ઉપલો શબ્દ જુઓ.

દરિત (દર ઇતચ્ દૃ ક્ત) ત્રિ॰ તઃ-તા-તં. ૧ ડર પામેલું. ૨ ત્રાસ પામેલું. ૩ બીનેલું. ૪ ફાડેલું. ૫ ચીરેલું. ૬ ભાગ કરેલું.

દરિદ્ર (દરિદ્રા અચ્) ત્રિ॰ દ્રઃ-દ્રા-દ્રં. કંગાલ, દરિદ્ર.

દરિદ્રતા (દરિદ્રસ્ય ભાવઃ) સ્ત્રી॰ તા. કંગાલપણું, ગરીબપણું, દારિદ્ર્ય.

' પ્રણીય દારિદ્ર્ય દરિદ્રતાં નલઃ ' નૈષધીયમ્.

દરિદ્રત્વ (,,) ક્લી॰ ત્વં. ઉપલો શબ્દ જુઓ. [કંગાલ થવું

દરિદ્રા (અદા॰ પર॰ સેટ્ દરિદ્રતિ) ગરીબ થવું.

દરિદ્રાયક (દરિદ્રા ણ્વુલ્) ત્રિ॰ કઃ-કા-કં. દરિદ્ર શબ્દ જુઓ. [કંગાલ, દરિદ્ર.

દરિદ્રિત (દરિદ્રા ક્ત) ત્રિ॰ તઃ-તા-તં. ગરીબ,

દરિદ્રિતૃ (દરિદ્રા તૃચ્) ત્રિ॰ તા-ત્રી-તૃ. ઉપલો શબ્દ જુઓ.

દરિન્ (દૃ ઇનિ) રી-રિણી-રિ. ભયવાળું.

દરી (દૃ ઇન્ ઙીપ્) સ્ત્રી॰ રી. ગુંફા, કોતર.

' દરિગૃહદ્વારાવિલંબિવિબ્વાસ્તિરસ્કારિણ્યો જલદા ભવન્તિ '

કુમારસંભવમ્.

દરીભૂ (દર્યા ભૂઃ) સ્ત્રી॰ ભૂઃ કોતરની ભોંય.

દરીભૃત્ (દરીં બિભર્તિ) પુ॰ ત્. પર્વત, પહાડ.

દરીવત્ (દરી મતુપ્) ત્રિ॰ વાન્-વતી-વત્. ગુંફાવાળું, કોતરવાળું. [જેવું

દરીવત્ (દરી વત્) અવ્ય॰ ત્. ગુફા સરખું, કોતર

દરોદર (દરજનકમુદરં યસ્ય) પુ॰ રઃ પાસો.

દરોદર (,,) ક્લી॰ રં. જુગાર, જુગટું.

દર્દર (દૃ યઙ્ અચ્) ત્રિ॰ રઃ-રા-રં. ૧ ચીરાઈ ગયેલ. ૨ થોડું ફુટેલું વાસણ વગેરે.

દર્દર (,,) પુ॰ રઃ પર્વતવિશેષ.

દર્દરામ્ર (દર્દરે પર્વતે આમ્ર ઇવ) પુ॰ મ્રઃ એક જાતનું ફરીઆણું. [વાંસળી વગેરે વાદ્ય.

દર્દરીક (દૃ ણિચ્ ઈકન્) પુ॰ ક્લી॰ કઃ-કં. મોરલી,

દર્દરીક (,,) પુ॰ કઃ ૧ મેઘ. ૨ દેડકું. ૩ નાગરમોથ.

દર્દુર (દૃણાતિ કર્ણૌ શબ્દેન) પુ॰ રઃ ૧ દેડકું. ૨ મેઘ. ૩ પર્વત વિશેષ. ૪ મોરલી, વાંસળી, પાવો વગેરે વાદ્ય. ૫ બીલાગાનું ઝાડ. ૬ ઋષભ નામનું ઔષધ. ૭ નાગરમોથ. [દાય.

દર્દુર (,,) ક્લી॰ રં. ગામડાનો સમુ-

દર્દુરક (દર્દુર કૈ ક) પુ॰ કઃ વાંસળી.

દર્દુરક (દર્દુરં કન્) પુ॰ કઃ દેડકો.

દર્દુરપુટ (દર્દુરસ્ય પુટઃ) પુ॰ ટઃ મોરલી, વાંસળી, પાવો વગેરે વાદ્યનું મુખ.

દર્દુરા (દૃણાતિ કર્ણૌ શબ્દેન ઉરચ્ ટાપ્) સ્ત્રી॰ રા. ૧ પાર્વતી. ૨ એક જાતનું શાલિધાન્ય.

દર્દૂ (દરિદ્રા ઉ) પુ॰ દૂઃ એક જાતનો રોગ., દરાજ ખરજવું વગેરે. દર્દુ [વનસ્પતિ. દર્દુઘ્ન.

દર્દુઘ્ન (દર્દુ હંતિ હન્ ટક્) પુ॰ ઘ્નઃ એક જાતની

દર્દૂણ (દર્દૂ ન) ત્રિ॰ ણઃ-ણા-ણં. દદ્રુણ શબ્દ જુઓ.

દર્પ (દૃપ્ ઘઞ્) પુ॰ પઃ ૧ અહંકાર, ગર્વ. ૨ તાપ, ગરમી. ૩ એક જાતની વનસ્પતિ. ૪ કસ્તુરી.

દર્પક (દર્પ કન્) પુ॰ કઃ ૧ કામદેવ. ૨ સિંહ. ૩ કસ્તુરી. ૪ એક જાતની વનસ્પતિ..

દર્પક (દૃપ્ ણિચ્ ણ્વુલ્) ત્રિ॰ કઃ-કા-કં. ૧ અહંકાર કરનાર. ૨ મોહ કરનાર.

દર્પણ (દૃપ્ લ્યુ) પુ॰ ણઃ ૧ આરસો, કાચ. ૨ તે નામનો એક પર્વત, ૩ તે નામનો એક નદ.

દર્પણ (દૃપ્ લ્યુટ્) ક્લી॰ ણં. નેત્ર, સંતપ્ત આંખ.

દર્પધ્માત (દર્પેણ ધ્માતઃ) ત્રિ॰ તઃ-તા-તં. ગર્વથી ફુલાઈ ગયેલ.

દર્પપત્ર (દર્પયુક્તં પત્રમસ્ય) પુ॰ ત્રઃ એક જાતનું તૃણ. [જુઓ.

દર્પપત્રક (દર્પપત્ર કન્) પુ॰ કઃ ઉપલો શબ્દ

દર્પહ (દર્પ હંતિ) ત્રિ॰ હઃ-હા-હં. ગર્વને હણનાર, ગર્વને મટાડનાર.

દર્પારંભ (દર્પસ્યારંભઃ) પુ॰ ભઃ પ્રારંભનો ગર્વ.

દર્પિન્ (દર્પ ણિનિ) ત્રિ॰ પી-ર્પિણી-ર્પિ. અહંકારી, ગર્વિષ્ઠ.

દર્પોપશાંતિ (દર્પસ્ય ઉપશાંતિઃ) સ્ત્રી॰ તિઃ અહંકાર મટાડવો તે, ગર્વને શાંત પમાડવો તે.

દર્ભ (દૃભ્ ઘઞ્) પુ॰ ર્ભઃ ૧ દર્ભ નામનું તૃણ. ૨ એક જાતનું તૃણ. ૩ કાશ તૃણ.

દર્ભટ (દૃભ્ અટન્) પુ॰ ટઃ ૧ ધરનો ખાનગી ભાગ. ઓરડો વગેરે. ૨ એકાંત સ્થાન.

દર્ભપત્ર (દર્ભસ્યેવ પત્રમસ્ય) પુ॰ ત્રઃ એક જાતનું તૃણ, કસાડો.

દર્ભર (દર્ભ ર) પુ॰ રઃ એક જાતનું પંખી.

દર્ભાહ્વય (દર્ભ આ હ્વે શ) પુ॰ યઃ મુંજતૃણ.

દર્ય્ય (દરસ્ય હિતં) ત્રિ॰ ર્ય્યઃ-ર્ય્યા-ર્ય્યં. ડરનું સાધન

દર્વ (દૃ વ) પુ॰ ર્વઃ ૧ રાક્ષસ. ૨ નુકસાન કરનાર મનુષ્ય, જાનવર વગેરે. દર્વ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

दर्वट (दर्वाय अटति अट् अच्) पु० दः गामडानो के शहेरनो फोजदार, द्वारपाल. दर्वट.

दर्वरीक ( ) पु० कः १ ४ंद्र. २ पवन. ३ એક જાતનું વાદ્ય. दर्वरीक.

दर्वि (दृ वि) स्त्री० र्विः १ કડછી, કડછો. २ સાપની ફેણ.

दर्विक (दर्वि कन्) पु० कः કડછી, કડછો.

दर्विका (दर्वि कन्) स्त्री० का. १ એક જાતનું શાક. २ કડછી, કડછો. [પની ફેણ.

दर्वी (दृ वि ङीष्) स्त्री० र्वी. १ કડછી, કડછો. २ સા-

दर्वीकर (दर्वी फणा कर इवास्य) पु० रः ફેણવાળો સર્પ, નાગ.

दर्श (दृश् घ) पु० र्शः १ અમાવાસ્યાતિથિ. २ સૂર્ય ચંદ્રનો સંગમ. ३ દૃષ્ટિ, નજર, જોવું. ४ દરેક પડવાની તિથિએ અગ્નિહોત્રી જે ઇષ્ટિ કરે છે તે.

दर्शक (दृश् ण्वुल्) त्रि० कः-र्शिका-कं. १ જોનાર. २ શોધનાર. ३ સ્પષ્ટ કરી સમજાવનાર. ४ દેખાડનાર, બતાવનાર.

दर्शक (,,) पु० कः १ કલા કુશલતા જાણનારો પુરૂષ. २ દેખાડનારો. ३ દ્વારપાલ

दर्शक (,,) पु० ब० काः લોક વિશેષ.

दर्शत (दृश् अतच्) पु० तः १ સૂર્ય. २ ચંદ્ર. ३ કપુર. ४ આકડાનું ઝાડ.

दर्शन (दृश् ल्युट्) क्ली० नं. १ જોવું. २ નજર, દૃષ્ટિ. ३ આંખ. ४ આરસો, કાચ. ५ દેખાડવું, બતાવવું. ६ રૂપ. ७ ડોળ. ८ ધાટ. ९ શિખવવું १० ઉપદેશ, બોધ. ११ સમજણ, સ્વપ્ન. १२ સારો ગુણ. १३ ધર્મસંબંધી જ્ઞાન. १४ બુદ્ધિ, અક્કલ. १५ સાંખ્ય, પાતંજલ, ન્યાય, વૈશેષિક મીમાંસા અને વેદાંત એવાં ષટ્દર્શન પૈકી પ્રત્યેક १६ હોમ, યજ્ઞ. १७ રંગ. १८ દેવદર્શન કરવું. १९ સુશોભિત કરવું. २० અલંકૃત કરવું. २१ દૃષ્ટિમાં પડવું. २२ વારંવાર જોવું. २३ ચોકશી કરવી. २४ મત. २५ અભિપ્રાય. २६ દૃષ્ટિની પછી આણવું. २७ કહાડી દેખાડવું. [જમીન.

दर्शनप्रतिभू (दर्शनाय प्रतिभूः) पु० भूः હાજર

दर्शनप्रातिभाव्य (दर्शनाय प्रातिभाव्यम्) क्ली० व्यं. હાજર કરવાની જમીનગીરી, હાજર કરવાની ખાતરી કરી આપવી તે. [દુર્ગા.

दर्शनी (दृश् णिच् ल्यु ङीष्) स्त्री० नी. पार्वती,

दर्शनीय (दृश् अनीयर्) त्रि० यः-या-यं. १ જોવા યોગ્ય. २ સુંદર.

दर्शनीयमानिन् (आत्मानं दर्शनीयं मन्यते) त्रि० नी-निनी-नि. પોતાને સુંદર માનનારૂં. २ પોતાને જોવા લાયક માનનારૂં. ३ બડાઇખોર.

दर्शयामिनी (दर्शस्य यामिनी) स्त्री० नी. અમાવાસ્યાની રાત્રિ.

दर्शयितुकाम (दर्शयितुं कामः) त्रि० मः-मा-मं. દેખાડવાને ઇચ્છતું, બતાવવાને ચાહતું.

दर्शयितृ (दृश् णिच् तृच्) त्रि० ता-त्री-तृ. બતાવનાર, દેખાડનાર.

दर्शयितृ (दृश् तृच्) पु० ता. १ દેખાડનારો, બતાવનારો. २ દ્વારપાલ. ३ ભોમીઓ.

दर्शयित्वा (दृश् णिच् क्त्वा) अव्य० त्वा. १ દેખાડીને, બતાવીને. २ ખુલ્લું કરીને.

दर्शयिष्यत् (दृश् णिच्) त्रि० ष्यन्-ष्यंती-ष्यत्. દેખાડતું, બતાવતું, સમજાવતું, ખુલ્લું કરતું.

दर्शविपद् (दर्श विपद्यस्य) पु० त्-द्. ચંદ્ર, ચાંદો.

दर्शित (दृश् णिच् क्त) त्रि० तः-ता-तं. १ દેખાડેલ, બતાવેલ. २ દાખવેલ. ३ ખુલ્લું, સ્પષ્ટ. ४ સમજાવેલું. જોયેલું. ५ સમજેલું.

दर्शितवत् (दर्शित वतु) त्रि० वान्-वती-वत्. १ બતાવનાર, દેખાડનાર. २ સમજાવનાર. ३ શીખવનાર.

दर्शिन् (दृश् णिनि) त्रि० र्शी र्शिणी-र्शि. १ જોનાર. २ દાખવનાર. ३ બતાવનાર. ४ દેખાડનાર. ५ જોયેલું. ६ શીખવનાર. ७ ઉપદેશક.

दर्शिवस् (दृश् ईयसुन्) पु० वान् જોનાર.

दल् (भ्वा० पर० सेट् दलति) १ ભાગ કરવા. २ તોડવું. ३ ફાડવું. ४ ટુકડા કરવા. ५ ઉઘાડું કરવું. ६ બતાવવું. ७ સમજાવવું. ८ ગ્લાનથવું.

दल् (चुरा० उभय० सेट् दालयति-ते) ઉપલો ધાતુ જુઓ.

दल (दल् अच्) पु० क्ली० लः-लं. પાન, પાંદડું.

दल (,,) क्ली० लं. १ ભાગ. २ ફાડવું. ३ ફોડવું. ४ કાપવું. ५ તલવારનું મ્યાન. ६ ખરાબપદાર્થનું મિશ્રણ કરવાથી સારો પદાર્થ ખરાબ કરવો તે. ७ તમાલપત્ર. ८ જથ્થો. ९ ઢગલો.

दलकपाट (दलस्य कपाटः) पु० टः પુલની પાંખડી. [ઝાડ.

दलकोष (दलान्येव कोषो यस्य) पु० षः ચંમેલીનું

दलत् (दल् शतृ) त्रि० लन्-लंती-लत्. १ ફોડતું २ ફાડતું. ३ કાપતું. ४ કપાયેલું થતું. ५ ફોડેલું થતું.

दलन (दल् ल्युट्) क्ली० नं. १ ફાડવું. २ ફોડવું. ३ કાપવું. ४ દબવું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

दलन (दल् ल्यु) त्रि० नः-ना-नं. १ ફોડનાર. ૨ ફાડનાર. ૩ કાપનાર. ૪ તોડનાર. ૫ દલનાર.

दलनिर्मोक (दलं निर्मोक इव यस्य) पु० कः ભૂર્જવૃક્ષ. [૨ ભાટીનું ઢેકું. ૩ દળનારી.

दलनी (दल् ल्युट् ङीष्) स्त्री० नी. ૧ ભાટીનો લોંદો.

दलप (दल् क अप्) त्रि० पः-पा-पं. વિદારક.

दलप (दल् कपन्) क्ली० पं. ૧ પ્રહરણ. ૨ સોનું.

दलप (दलं पाति पा क) त्रि० पः-पा-पं. દલનો ધણી.

दलपुष्पा (दल इव पुष्पमस्याः) स्त्री० ष्पा. કેતકી.

दलपुष्पी (,,) स्त्री० ष्पी. ઉપલો શબ્દ જુઓ. [કોળીનું શાક.

दलमालिनी (दलेन मलति मल् णिनि) स्त्री० नी.

दलशस् (दल शस्) अव्य० शः ૧ કટકે કટકા. ૨ તુકડે તુકડા. ૩ દલેદળ.

दलसूचि (दलस्य सूचिरिव) पु० चिः કાંટો.

दलसूची (दलस्य सूचीव) स्त्री० ची. કાંટો.

दलस्नसा (दलस्य स्नसा) स्त्री० सा. પાંદડાની રગ. પાંદડાની રેખા.

दलाढक (दलेन आढक इव) पु० कः ૧ જંગલી તલ. ૨ નાગકેસર. ૩ ગેરૂ. ૪ પ્રીણુ. ૫ ખાખં. ૬ ચમેલીનું ઝાડ. ૭ હાથીનો કાન. ૮ ભાવત. ૯ વાવાઝરડું. ૧૦ ધણું મોટું.

दलाढ्य (दलेन द्वैधेन आढ्यः) पु० द्यः નદીના કીનારા ઉપરનો કીચડ.

दलाढ्यक (दलाढ्य कन्) पु० कः કુંદ વૃક્ષ.

दलामल (दलेन अमलम्) क्ली० लं. એક જાતની વનસ્પતિ. [णिका શબ્દ જુઓ.

दलाम्ल (दलेन आम्लम्) क्ली० म्लं. આમ્લલો.

दलाह्वय (दल इति आह्वा यस्य) पु० यः त'બોલી પાનનો વેલો, નાગરવેલ.

दलि (दल् इन्) स्त्री० लिः ભાટીનું ઢેકું.

दलिक (दल् इकच्) पु० कः ઇમારતી લાકડું. લાકડું.

दलित (दल् क्त) त्रि० तः-ता-तं. ૧ ફાડેલું. ૨ ફોડેલું. ૩ તોડેલું. ૪ દળેલું. ૫ પ્રસૃત કરેલું, ઉઘાડેલું. ૬ આધું કરેલ.

दली (दल् इन् ङीप्) स्त्री० ली. ભાટીનું ઢેકું.

दलेगंधि (दले गंधो यस्याः) पु० धिः એક જાતનું ઝાડ. સપ્તપર્ણ.

दलभ (दल् भ) पु० भः ૧ દગો, કપટ. ૨ અપ્રમાણિકપણું. ૩ પાપ. ૪ ચક. ૫ તે નામનો એક ऋषि.

दलिभ (दल् भि) पु० भिः ૧ ઇંદ્ર. ૨ ઇંદ્રનું વજ્ર.

दव् (भ्वा० पर० सेट् दन्वति) જવું. ગમન કરવું.

दव (दु अच्) पु० वः ૧ અરણ્યનો અગ્નિ. ૨ રાન, અરણ્ય. ૩ અગ્નિ. ૪ સંતાપ. ૫ ગરમી.

दवथु (दु अथुच्) पु० थुः ૧ એક જાતનો રોગ જેમાં આંખમાં બળતરા ચાલે છે. ૨ ચિંતા, ફીકર. ૩ દુઃખ. [એક જાતનું તૃણ.

दवदग्धक (दवेन दग्धं सत् कायति कै क) पु० गः

दवदहन (दवजातो वनजातो दहनः) पु० नः દવાગ્નિ. [દૂર મુકવું.

दवयत् (दव् शतृ) त्रि० यन्-यंती-यत्. દૂર કરવું,

दवाग्नि (दवजातो वनजातो अग्निः) पु० ग्निः અરણ્યનો અગ્નિ, દાવાનલ.

दविष्ठ (दूर इष्ठन्) त्रि० ष्ठः-ष्ठा-ष्ठं. અત્યંત દૂર, બહુજ છેટે. [૩ બખ્તર પહેરવું. ૪ જોવું.

दश् (भ्वा० पर० सेट् दशति) ૧ ડસવું. ૨ કરડવું.

दश् (चुरा० पर० सेट् दंशयति) ઉપલો ધાતુ જુઓ.

दश् (चुरा० उभय० सेट् दंशयति-ते) પ્રકાશવું.

दशक (दश कन्) त्रि० कः-का-कं. દશ, જ્યાં દશ હોય છે તે. [રાવણ.

दशकंठ (दश कंठा यस्य) पु० ठः દશ કંઠવાળો

दशकंठजित् (दशकंठं जितवान्) पु० त्-द्. દાશરથી રામ. દશકંઠારિ.

दशकंधर (दश कंधराणि यस्य) पु० रः દશ ડોક વાળો, રાવણ. દશકંઠ.

दशकामजव्यसन (दशकामजं व्यसनं) क्ली० नं. જુગટું, દિવસે સુવું, છીનાળું, મદોન્મતપણું, શીકાર, ગાળ આપવાપણું, નૃત્ય, ગાયન, બન્દવવું, દાંભિકપણું એવી દશ ઇચ્છાથી પેદા થયેલ વ્યસનનો સમુદાય.

दशगुण ( ) अव्य० णं. દશગણું.

दशग्रंथ (दश ग्रंथाः) पु० थाः સંહિતા, બ્રાહ્મણ, આરણ્યક, શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિઘંટુ, છંદ અને નિરુક્ત એવા દશ ગ્રંથ.

दशग्राम (दशनां ग्रामाणां समाहारः) क्ली० मं. દશ ગામનો સમુદાય, દશ ગામડાં.

दशग्रामिन् (दशग्राम णिनि) पु० मी. દશ ગામનો અધિકારી, દશ ગામડાંનો અમલદાર.

दशग्रीव (दश ग्रीवा यस्य) पु० वः રાવણ.

दशतम (दश तमप्) त्रि० मः-मा-मं, દશમું.

दशति (दशावृता दश) स्त्री० तिः સો (સંખ્યામાં).

दशधा (दश् धाच्) अव्य० धा. દશ પ્રકારે, દશ રીતે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

दशन् (दश् अन्) त्रि० ब० शाः दश.
दशन (दश् ल्युट्) पु० क्ली० नः नं. दांत.
दशन (,,) पु० ब० नाः બत्रीस सं-ख्यानी सं'ज्ञा.
दशन (,,) पु० नः પर्वतनुं शिખर.
दशन (,,) क्ली० नं. બખ्तर.
दशनबीज (दशनमिव बीजं यस्य) पु० जः दाढ-मनुं ઝाડ.
दशनवासस् (दशनानां वास इव) क्ली० सः ओष्ठ.
दशनविहीन (दशनैर्विहीनः) त्रि० नः-ना-नं. दांत विनानुं, જेમां दांत नथी ते, બोખुं. दंतरहित.
दशनांशु (दशनानामंशुः) पु० शुः दांतनुं धोળा-પણुं अने तेજ.
दशनांक (दशनस्यांकः) पु० कः १ दांतनो ડाघ. दांतनुं चिन्ह. ३ दंतव्रण, ४ दांतना કરડनो ડाघ.
दशनाढ्या (दशन आढ्यो यस्याः सेवनात्) स्त्री० ख्या. એક જातनुं ખाडु शाક.
दशनोच्छिष्ट (दशनैरुच्छिष्टः) त्रि० ष्टः-ष्टा-ष्टं. दांत-विनानुं, જेમां दांत नथी ते, બोખुं. [ओष्ठ.
दशनोच्छिष्ट (दशनेन उच्छिष्टः) पु० ष्टः होઠ.
दशनोच्छिष्ट (दशनेन उच्छिष्टं यत्र) क्ली० ष्टं. होઠ વगेરेनुं चुंબन.
दशपारमिताधर (दशभिर्बलैः पारमितः अधरो-त्तेन) पु० रः ते नामनो એક બौद्ध साधु.
दशपुर (दश पृ क) क्ली० रं. नાગरमोथ.
दशपुर (दशः पुरः यत्र अच्) क्ली० रं. मालवानो એક भाग. [लो शब्द जुओ.
दशपूर (दश दिशः पूरयति पूर अण्) क्ली० रं. ઉप-
दशबल (दश बलानि यस्य) पु० लः બुद्धदेव.
दशभूमिग (दश भूमि गम् ड) पु० गः साधु બुद्ध-देव. [जुओ.
दशभूमीश (दशभूमेरीशः) पु० शः ઉपलो शब्द
दशम (दशन् मट्) त्रि० मः-मी-मं. दशमुं.
दशमहाविद्या ( ) स्त्री० द्या. पार्वती, दुर्गा.
दशमहाविद्या (दशावृता महाविद्या) स्त्री० ब० द्याः श्री विद्या જेने आदि छे तेवी दश महा विद्या.
दशमाल (दशनां मालानां समाहारः) क्ली० लं. दश-मालानो समुदाय. [जुओ.
दशमाली (दशमाल ङीप्) स्त्री० ली. ઉपलो शब्द
दशमास्य (दशमासे भवं) त्रि० स्यः-स्या-स्यं. दश महिनानुं. [जुनुं, धણुं धरडुं.
दशमिन् (दशमी इनि) त्रि० मी-मिनी-मि. धણुं
दशमी (दशम ङीष्) स्त्री० मी. १ तिथि दशम. २ मनुष्यनां सो वर्षमांथी छेल्लां दश वर्ष.
दशमींगत (दशमीं गतः) त्रि० तः-ता-तं. १ मनु-ष्यनां सो वर्षमांथी छेल्लां दश वर्षने पामेलुं. २ धणुं जुनुं. ३ धणुं धरडुं.
दशमीस्थ (दशमी स्था क) त्रि० स्थः-स्था-स्थं. नेवुं वर्षथी ते सो वर्षनी अंदरना वयनुं, अशक्त, दुબળुं, धणुं जुनुं, धणुं धरडुं, मरवाना બीछा-ना ઉपर आवेल.
दशमुख (दश मुखानि यस्य) पु० खः रावण.
'दशमुखमौलिवलिं रमणीयम्' गीतगोविंदम्.
दशमुखांतक (दशमुखस्यांतकः) पु० कः दाशरथि राम.
दशमूल (दश मूलानां समाहारः) क्ली० लं. दश मूल-नो समुदाय, दश मूल એકठां करी करेलुं औषध.
दशरथ (दशसु दिक्षु गतो रथो यस्य) पु० थः रामन-नो બाप, अयोध्यानो ते नामनो એક राजन.
दशरथललिता (दशरथेन ललिता) स्त्री० ता. आ-श्विन मासनी कृष्ण चतुर्थी.
दशरात्र (दशनांरात्रीणां समाहारः) क्ली० त्रं. दश रातनो समुदाय.
दशरूपभृत् (दशरूपं बिभर्ति) पु० त्-द्. विष्णु.
दशलक्षण (दशानां लक्षणानां समाहारः) क्ली० णं. दश लक्षणो, दश लक्षणनो समुदाय.
दशवाजिन् (दश वाजिनो रथे यस्य) पु० जी. १ चंद्र, चांदो. २ કपुर. जैवातृक.
दशशत (दशगुणितं शतं) क्ली० तं. हजार, सहस्त्र.
दशसहस्र (दशगुणितं सहस्रं) क्ली० स्रं. दश हजार.
दशहरा (दश पापानि हरति) स्त्री० रा. गंगानो જन्म दिवस.
दशा (दश अङ्) स्त्री० शा. १ वस्त्रना બे छेडानुं सूतर. २ बाल, तरुण अने वृद्ध એवी जिंदगीनी हालत के स्थिति. ३ दीवानी वाट. ४ मन, बुद्धि वगेरे ज्ञानेंद्रिय. ५ जन्म કालथी लईने गणितवडे समજायेलो प्राणिनो आयुष् समय. ६ तेमां प्रा-णीने सुख, दुःख वगेरे भोगववा थयेला ग्रहनो विभाग. ७ हालत, स्थिति, (आ शब्द दश એवा शब्दना पुल्लिंगना બहु वचनमां वपरायछे दशाः).
दशाकर्ष (दशया तैलादिकमाकर्षति) पु० र्षः दीवो, दीप. [ઉपलो शब्द जुओ.
दशाकर्षिन् (दशया तैलादिकमाकर्षति) पु० र्षी.
दशाधिपति (दशाया अधिपतिः) पु० तिः १ दशा-पति. २ जन्मादार. दशानाथ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

दशानन (दश आननान्यस्य) पु० नः रावण. दशवदन.
'दशाननकिरीटेभ्यस्तत्क्षणं राक्षसप्रियः' रघुवंशम्.
दशानिक (दशाभेदे आनिकः) पु० कः वनस्पति दांती. [वाटनो छेडो.
दशांत (दशायाः अंतः) पु० तः १ धरऽपणु. २ 'निर्विष्टविषयस्नेहः सदशांतमुपेयिवान्' रघुवंशम्.
दशामय (दशा मया यस्मात्) पु० यः ४ द्र.
दशार्ण (दश ऋणानि यत्र) पु० र्णः विंध्याद्रिना अग्निकोणमां रहेलो એક प्रांत जेमां दश किल्ला छे.
दशार्ण (दशार्ण अण्) पु० र्णः दशार्ण देशनो राजा.
दशार्ण (,,) पु०ब० र्णाः दशार्ण देशमां रहेनार लोक वगेरे.
दशार्णक (दशार्णः कन्) पु० कः दशार्णदेश.
दशार्णा (दश ऋणानि यत्र) स्त्री० र्णा. विंध्याद्रिमांथी नीकळती ते नामनी એક नदी.
दशार्णेयु ( ) पु० युः चंद्रवंशमां पेदा थयेल ते नामनो એક राजा.
दशार्द्ध (दशानामर्द्धं) क्ली० र्द्धं. पांच.
दशार्ह (दशा अर्हं अण्) पु० र्हः १ बौद्ध. २ जैन. ३ हिंदुस्तानની दक्षिण दिशामां ते नामनो यदुराजानो देश. [लोक यादव.
दशार्ह (दशार्ह अण्) पु० ब० र्हाः दशार्ह देशना
दशावतार (दश अवतारा यस्य) पु० रः विष्णु.
दशाविशेष (दशाया विशेषः) पु० षः એક जातनी दशा, એક जातनी हालत, खासहाल.
दशाश्व (दश अश्वा रथे यस्य) पु० श्वः १ चंद्र, चांदो. २ કપુર. [लत, हाल.
दशास्थिति ( ) स्त्री० तिः हा-
दशास्य (दश आस्यानि यस्य) पु० स्यः रावण.
दशास्यजित् (दशास्यं जयति) पु० त्-द्. दाशरथि राम. [सनो समुदाय.
दशाह (दशानामन्हां समाहारः) क्ली० हं. दश दिव-
दशिका (दश् ण्वुल्) स्त्री० का. એક जातनी वनभक्षिका.
दशिन् (दश इनि) त्रि० शी-शिनी-शि. १ जेनी पासे दश होय छे ते. २ दश गामनो ઉपरी.
दशिन् (दशा.इनि) त्रि० शी-शिनी-शि. १ वस्त्रना छेडावाळुं. २ वाटवाळु. ३ दशावाळुं.
दशेंद्रिय (दश इंद्रियाणि) क्ली० ब० याणि. पांच कर्मेंद्रिय अने पांच ज्ञानेंद्रिय मळी दश इंद्रिय.
दशैधन (दशा वर्तिका इन्धनं काष्ठमिव यस्य) पु० नः दीवो, दीप. [करनार जानवर वगेरे.
दशेर (दंश् एरक) पु० रः अपकारक अने हिंसा
दशेरक (दशेर कन्) पु० कः १ पाणी विनानो देश. २ मध्यदेश. ३ नानुं ઊंट.
दशेरक (दशेरक अण्) पु० कः १ दशेरक देशनो रहेनार. २ दशेरक देशनो राजा. दशेरुक
दशेश (दशानां ग्रामाणां ईशः) पु० शः दश गामनो अधिपति.
दशेश (दशाया ईशः) पु० शः दशानाथ.
दष्ट (दश् क्त) त्रि० ष्टः-ष्टा-ष्टं. १ डसेलुं, करडेलुं. २ એકहुं. भीलाप पामेलुं.
दस् (दिवा० पर० सेट् दस्यति) १ नाश पामवुं. २ खोवुं. ३ झेंकवुं. ४ उडाडवुं. ५ प्रेरवुं.
दस् (चुरा० आत्म० सेट् दासयते) जोवुं.
दस् (चुरा० पर० सेट् दंसयति) १ डसवुं, करडवुं. २ जोवुं. ३ चळकवुं, प्रकाशवुं.
दस् (भ्वा० पर० सेट् दंसति) उपलो शब्द जुओ.
दसन (दस् ल्युट्) क्ली० नं. १ झेंकवुं. २ उडाडवुं. नाश करवुं. [टनुं ब्रच्युं.
दसेरक ( ) पु० कः १ भरदेश. २ उं-
दस्त (दस् क्त) त्रि० स्तः-स्ता-स्तं. १ नाश करेलुं. २ झेंकेलुं. ३ उडाडेलुं. ४ त्याग करेलुं.
दस्म (दस् मक्) पु० स्मः १ यज्ञकर्ता. २ अग्नि. ३ चोर. ४ ठग. ५ ब्रित्रानुं आड.
दस्यु (दस् युच्) पु० स्युः १ चोर. २ पोतानुं कर्म छोडी देवाथी जेने बहिष्कृत कर्यो होय ते. ३ शत्रु, दुश्मन. ४ जुलम करनारो. ५ भक्ष. ६ असुर.
दस्युसात् (दस्यु सात) अव्य० सात् चोरने आधिन.
दस्युह (दस्युं हंति) पु० हः वाली नामनो वानर.
दस्र (दस् रक्) पु० स्रः १ अश्विनी कुमारमांथी प्रत्येक. २ अश्विनी नक्षत्र. ३ गधेडो, द्विवचन (स्त्री) अश्विनी कुमार.
दस्र (,,) क्लि० स्रं. शिशिर.
दस्रदेवता (दस्रौ देवते यस्याः) स्त्री० ता. अश्विनी नक्षत्र.
दस्रभ (दस्रं भं) क्ली० भं उपलो शब्द जुओ.
दस्रसू (दस्र सू क्विप्) स्त्री० सूः सूर्यपत्नी संज्ञा.
दह् (भ्वा० पर० अनिट् दहति) १ बाळवुं. २ राख करी नाखवुं. [शवुं.
दह् (चुरा० पर० सेट् दंहयति) १ बाळवुं. २ प्रकाशवुं.
दहत् (दह् शतृ) त्रि० न्-हंती-त् १ बाळतुं. २ तपावतुं.
दहन (दह् ल्युट्) पु० नः १ अग्नि. २ अग्निदेव-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તા. ૩ દુષ્ટ માણસ. ૪ ભીક્ષામાનું ઝાડ. ૫ ગુગળ. ૬ ચિત્રક ઝાડ. ૭ હોલો પક્ષી, કપોત પક્ષી.

દહન (દહ્ લ્યુટ્) ક્લી॰ નં. ૧ બાળવું તે. ૨ દેન દેવું તે. ૩ દગ્ધ થવું તે, બળવું તે. ૪ વનસ્પતિ અગર.

દહનકેતન (દહનસ્ય કેતનં ઇવ) પુ॰ નઃ ધુમાડો.

દહનપ્રિયા (દહનસ્ય પ્રિયા) સ્ત્રી॰ યા. અગ્નિપત્ની સ્વાહા.

દહનબહુલ (દહનં બહુલં યત્ર) પુ॰ લઃ ૧ અગ્નિ, [આગ. ૨ ચિત્રાનું ઝાડ,

દહનર્ક્ષ ( ) ક્લી॰ ર્ક્ષં, કૃત્તિકા નક્ષત્ર.

દહનારાતિ (દહનસ્યારાતિઃ) પુ॰ તિઃ જલ, પાણી.

દહનારિ (દહનસ્યારિઃ) પુ॰ રિઃ ઉપલો શબ્દ જુઓ.

દહની (દહ્ લ્યુટ્ ડીપ્) સ્ત્રી॰ ની. મેારવેલ

દહનીય (દહ્ અનીયર્) ત્રિ॰ યઃ-યા-યં. બાળવા યેાગ્ય.

દહનોપલ (દહનાય હિતઃ ઉપલઃ) પુ॰ લઃ સૂર્યકાંતમણિ. [રીક, જીણું. ૩ સારૂં. ૪ દુર્બોધ.

દહર (દહ અરઃ) ત્રિ॰ રઃ-રા-રં. ૧ પાતળું. ૨ બા-

દહર (,,) પુ॰ રઃ ૧ ઉંદર. ૨ જનાવરનું બચ્ચું. ૩ બાલક. ૪ નાનો ભાઇ. ૫ નરક.

દહ્યમાન (દહ્ શાનચ્) ત્રિ॰ નઃ-ના-નં. બાળતું.

દહ્ર (દહ્ રક્) પુ॰ હ્રઃ ૧ અગ્નિ, આગ. ૨ દાવાગ્નિ. ૩ જઠર. ૪ નરક.

દા (દા. ક્લિપ્) સ્ત્રી॰ દા. ૧ સ્વચ્છ કરવું તે. ૨ સંરક્ષા. ૩ પશ્ચાત્તાપ. ૪ કાપ, છેદ.

દા (ભ્વા॰ પર॰ સેટ્ યચ્છતિ) આપવું, દેવું. સં (સંયચ્છતિ) એક વસ્તુ આપી બીજી વસ્તુ લઇ અદલો બદલ કરવું.

દા (જુહો॰ ઉભય॰ સેટ્॰ દદાતિ દત્તે॰ આ॰) (આદત્તે) લેવું, મેળવવું, અંગીકાર કરવું. સ્વીકાર કરવું. પ્ર (પ્રયચ્છતિ, પ્રદત્તે) આપવું, દેવું. વિ+આઙ્ (વ્યાદત્તે) ઉઘાડવું સમ્+આઙ (સમાદત્તે) પસંદ કરવું, પસંદ કરી લેવું.

દા (અદા॰ પર॰ સેટ્ દાતિ) ૧ કાપવું. ૨ તોડવું.

દાક ( ) પુ॰ કઃ ૧ દાન કરવા વાળો. ૨ યજ્ઞ કરાવવાવાળો, યજમાન.

દાક્ષ (દક્ષસ્યેદં અણ્) ત્રિ॰ ક્ષઃ ક્ષી-ક્ષં. ૧ દક્ષનું, દક્ષ સંબંધી. ૨ ચતુરનું, ચતુર સંબંધી.

દાક્ષક (દક્ષ વુઞ્) ક્લી॰ કં. દક્ષના વંશજનું ટોળું, દક્ષના વંશજનેા સમુદાય.

દાક્ષાયણ (દક્ષસ્ય યુવાઽપત્યં ફઞ્) પુ॰ ણઃ દક્ષની ચેાથી પહેડીની સંતતિ. દાક્ષિઃ પિતા, દાક્ષાયણઃ પુત્રઃ

દાક્ષાયણ (દક્ષ ફિઞ્) ક્લી॰ ણં. ૧ સેાનું. ૨ કર્ણ ભૂષણ વગેરે સેાનાનેા અલંકાર.

દાક્ષાયણ (દક્ષ ફિઞ્) ત્રિ॰ ણઃ-ણા-ણં. ૧ દક્ષનું, દક્ષ સંબંધી. ૨ દક્ષના કુલમાં ઉત્પન્ન થયેલું.

દાક્ષાયણિન્ (દાક્ષાયણ ણિનિ) ત્રિ॰ ણી-ણિની-ણિ. ૧ જેની પાસે સેાનું હેાય છે તે. ૨ જેની પાસે સુવર્ણનેા અલંકાર હેાય છે તે.

દાક્ષાયણિન્ (,,) પુ॰ ણી. સેાનાનાં કુંડલ જેના કાનમાં છે એનેા બ્રહ્મચારી.

દાક્ષાયણી (દક્ષ ફિઞ્ ડીષ્) સ્ત્રી॰ ણી. ૧ પાર્વતી, ભવાની. ૨ રેાહિણી નક્ષત્ર. ૩ વનસ્પતિ દંતિકા. ૪ નક્ષત્ર. (ણ્યઃ) રેાહિણી વગેરે સત્તાવીશ નક્ષત્ર.

દાક્ષાયણીપ (દાક્ષાયણીં પાતિ પા ડ) પુ॰ યઃ ૧ શિવ. ૨ ચંદ્રમા. ૩ કપુર. [શબ્દ જુઓ.

દાક્ષાયણીપતિ (દાક્ષાયણ્યાઃ પતિઃ) પુ॰ તિઃ ઉપલેા

દાક્ષાયણીરમણ (દાક્ષાયણ્યાઃ રમણઃ) પુ॰ ણઃ ૧ શિવ. ૨ ચંદ્રમા. ૩ કપુર.

દાક્ષાયણીવલ્લભ (દાક્ષાયણ્યાઃ વલ્લભઃ) પુ॰ ભઃ ઉપલેા શબ્દ જુઓ. [પુત્ર, દેવ.

દાક્ષાયણ્ય (દાક્ષાયણી યત્) પુ॰ ણ્યઃ દાક્ષાયણીનેા

દાક્ષાય્ય (દક્ષાય્ય એવ સ્વાર્થે અણ્) પુ॰ ય્યઃ ગીધ પક્ષી. ગૃધ્ર.

દાક્ષિ (દક્ષસ્ય ગોત્રાપત્યં અપત્યં વા ઇઞ્) પુ॰ ક્ષિઃ ૧ દક્ષનેા પુત્ર. ૨ દક્ષનું ત્રીજી પહેડીનું સંતાન.

દાક્ષિકંથા (દાક્ષીણાં કંથા) સ્ત્રી॰ થા. બાલ્હીક દેશમાં તે નામનું એક સ્થાન.

દાક્ષિકંથીય (દાક્ષિકંથા છ) ત્રિ॰ યઃ-યા-યં. બાલ્હીક દેશમાં હેાનાર, બાલ્હીક દેશમાં પેદા થનાર.

દાક્ષિણ (દક્ષિણસ્ય દક્ષિણાયા વા ઇદં અણ્) ત્રિ॰ ણઃ-ણા-ણં. ૧ દક્ષિણ દિશાનું. ૨ દક્ષિણ દિશા સંબંધી ૩ દક્ષિણાનું, દક્ષિણા સંબંધી.

દાક્ષિણાત્ય (દાક્ષિણ ત્યક્) ત્રિ॰ ત્યઃ-ત્યા-ત્યં. ૧ દક્ષિણનું. ૨ દક્ષિણસંબંધી. ૩ દક્ષિણ દિશામાં પેદા થનાર. [ઝાડ.

દાક્ષિણાત્ય (,,) પુ॰ ત્યઃ નાળીએરનું

દાક્ષિણ્ય (દક્ષિણામર્હતિ ણ્યત્) ત્રિ॰ ણ્યઃ-ણ્યા-ણ્યં. ૧ દક્ષિણા આપવા યેાગ્ય. ૨ દક્ષિણા લેવા યેાગ્ય.

દાક્ષિણ્ય (દક્ષિણસ્ય ભાવઃ) ક્લી॰ ણ્યં. ૧ શાણપણું, ચતુરપણું. એક સંપીલાપણું. ૩ હરકેાઇનું સાંત્વન કરવું. ૪ સુજનપણું.

દાક્ષી (દક્ષસ્ય અપત્યં ઇઞ્) સ્ત્રી॰ ક્ષી. ૧ દક્ષની દીકરી, પાણિનિની ભા. [પાણિનિ.

દાક્ષીપુત્ર (દાક્ષ્યાઃ પુત્રઃ) પુ॰ ત્રઃ વૈયાકરણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

दाक्षेय (दाक्षी ठक्) पु० यः वैयाकरण पाणिनि.
दाक्ष्य (दक्षस्य भावः ष्यञ्) क्ली० क्ष्यं. १ शाणपणुं, चतुराइ, डहापण. २ दक्षपणुं. दक्षता, दक्षत्व.
दाघ (दह घञ्) पु० घः दाह.
दाडक (दल णिच् ण्वुल्) पु० कः मोटो दांत.
दाडिम (दल् इमप्) पु० क्ली० मः-मं. १ दाडमनुं आड, दाडमडी. २ नानी એલાયચી.
दाडिम (दाडिमस्य फलं अण्) क्ली० मं. १ दाडम, दाडमडीनुं फल. २ नानी એલાયચી.
दाडिमपत्रक (दाडिमस्य पत्रमिव पत्रमस्य, कप्) पु० कः २गतरोहिडानुं आड.
दाडिमपुष्प (दाडिमस्य पुष्पमिव पुष्पमस्य) पु० ष्पः उपलो शब्द जुओ. [रोहीडानुं आड.
दाडिमपुष्पक (दाडिम पुष्प कन्) पु० कः २गत-
दाडिमप्रिय (दाडिमं प्रियं यस्य) पु० यः पोपट.
दाडिमभक्षण (दाडिमं भक्षयतीति । भक्षि ल्युः) पु० णः पोपट. [दाडमडी.
दाडिमी (दल् इमच् ङीप्) स्त्री० मी. दाडमनुं आड,
दाडिव ( ) पु० वः दाडमनुं आड.
दाडी (दम घञ् ङीप्) स्त्री० डी. दाडमडी.
दाढा (दाढ राच्) स्त्री० ढा. १ दांत, दाढ. २ ४२च्छा ३ समुदाय. ४ प्रार्थना.
दाढिका (दाढा इक्) स्त्री० का. १ दाढी. २ भूछ.
दांड (दंडस्येदं अण्) त्रि० डः-डी-डं. १ दंडनुं, दंडसंबंधी. २ शासननुं, शासनसंबंधी.
दांड (दंड अण्) क्ली० डं. १ दंडपणुं. २ दंडनो समुदाय. [१ दगाभोर. २ अप्रमाणिक.
दांडाजिनिक (दंडाजिन ठञ् क) त्रि० कः-की-कं.
दांडिक (दंड ठञ्) त्रि० कः-की-कं. दंड धारण करी गुजरान चलावनार. [करेलुं.
दात (दा क्त) त्रि० तः-ता-तं. १ कापेलुं. २ भाग-
दातव्य (दातव्यच्) त्रि० व्यः-व्या-व्यं. आपवा योग्य, देवालायक. देय. [शुद्धि.
दाति (दाय क्तिन्) स्त्री० तिः ९ कापवुं, तोडवुं. २
दातृ (दा तृच्) त्रि० ता-त्री-तृ. आपनार, देनार, दान करनार, दाता.
दात्यूह (दाति ऊह अण्) पु० हः १ चातक पक्षी. २ એક જાતનुं પંખी. ३ मेघ, वादणुं. ४ જલકાક. ५ शितिकंठ, महादेव. [जुओ.
दात्यौह (दात्यूह ण्य अण्) पु० हः उपलो शब्द
दात्यौह (दात्यूहस्येदं अण्) त्रि० हः-ही-हं. १ १ दात्यूहनुं, दात्यूहसंबंधि. २ चातकनुं, चातक

संबंधि. ३ मेघनुं, मेघसंबंधि. ४ महादेवसंबंधि. [तनी छरी.
दात्र (दो त्रन्) क्ली० त्रं. १ दातरडुं. २ એક જા-
दात्व (दा त्वन्) पु० त्वः १ आपनारो, देनारो, दाता. क्ली० त्वं. यज्ञकर्म. [दान.
दाद (दद् घञ्) पु० दः आपवुं, देवुं, देणगी,
दादद ( ) पु० दः आपनारो, देनारो, दाता. [देतुं, दान करतुं.
दादिन् (दद् णिनी) त्रि० दी-दिनी-दि. आपतुं,
दाध्निक (दधि ठक्) त्रि० कः-की-कं. १ दहींनुं करेलुं. २ दहींએ भींजवेलुं. ३ दहींએ प्रोक्षण करेलुं. [२ सीधुं करवुं. उसीधुं थवुं.
दान् (भ्वा० उभय० सेट् दिदासति-ते) १ कापवुं.
दान (दा दो वा ल्युट्) क्ली० नं. १ कापवुं, तोडवुं, २ स्वच्छ करवुं, निर्मल करवुं. ३ रक्षण करवुं. ४ आपवुं, देवुं. ५ दान. ६ हाथीना गंडस्थलमांथी निसरतुं पाणी. ७ भारवुं, डोकवुं. ८ બક્ષીસ, ઇનામ. १० જંગલી મધ.
दानक (दान कन्) क्ली० कं. कुत्सित दान.
दानकर्म (दानमेव कर्म) क्ली० र्मं. दान क्रिया.
दानकुल्या (दानस्य कुल्या) स्त्री० ल्या. हाथीना गंडस्थलमांथी निसरता पाणीनो प्रवाह.
दानतस् (दान तसिल्) अव्य० तः. दानथकी.
दानधर्म (दानरूपो धर्मः) पु० र्मः दान करवानो धर्म, देवानो धर्म, आपवानो धर्म.
दानपति (दाने पतिरिव) पु० तिः १ दानपरायण पुरुष. २ अक्रूर नामनो એક यादव.
दानप्रतिभाव्य (दानाय प्रतिभाव्यम्) क्ली० व्यं. कर्ज आपवा माटे जामीनगीरी.
दानफल (दानस्य फलम्) क्ली० लं. दाननुं फल.
दानभिन्न (दानेन भिन्नम्) त्रि० न्नः-न्ना-न्नं. १ हरकोइ वस्तु आपी भेद पमाडेल. २ लांच आपी शत्रु करेल.
दानव (दनु अण्) पु० वः राक्षस, असुर, दनुपुत्र.
दानवगुरु (दानवस्य गुरुः) पु० रुः शुक्राचार्य.
दानवज्र (दाने वज्र इव) पु० ज्रः १ दैन्य. २ એક જાતनो धोडो. [णुं, दाता, दानशील.
दानवत् (दान मतुप्) त्रि० वान्-वती-वत्. दानवा-
दानवप्रिया (दानवस्य प्रिया) स्त्री० या. नागरवेलनो वेलो, तांबूलनो वेलो.
दानवर्षिन् (दानस्य वर्षः वर्षणमस्य) पु० षीं. १ मदजलवाळो हाथी. २ दानपरायण पुरुष.
दानवारि (दानवानामरिः) पु० रिः १ देव, सुर.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

२ विष्णु.

दानवारि (दानस्य वारि) क्ली० भद्दुं पाणी.

दानवीर (दाने वीरः) पु० रः दान करवामां शूर.

दानव्यत्यास (दानस्य व्यत्यासः) पु० सः जेने दान करवुं योग्य छे तेने नहि करी बीजाने आपवुं ते. [ला-लं. सभावत, उदार, दाता.

दानशील (दानं शीलं सततमनुष्ठानं यस्य) त्रि० लः-

दानशौंड (दाने शौंडः) त्रि० डः-डा-डं. उपलो श-ब्द जुओ.

'निर्गुणोपि विमुखो न भूपतेर्दानशौण्डमनसः पुरोऽभवत् ॥ माघे १४४६॥

दानिन् (दान णिनि) त्रि० नी-निनी-नि. दान करनार, दाता. [ज्य, देवाल्लायक. दातव्य, देय.

दानीय (दा अनीयर्) त्रि० यः-या-यं. आपवा यो-

दानीय (,,) क्ली० यं. १ दान. २ पक्षीस.

दानु (दा नु) पु० नुः १ आपनारो, देनारो. २ छो-तनारो, जय पामनारो. ३ आपादी.

दानोदक (दानस्य उदकम्) क्ली० कं. हाथीना कुं-भस्थळमांथी नसरतुं जल. मदजल.

दांत (दम् क्त) त्रि० तः-ता-तं. १ पाळेलुं. २ ताबे करेलुं. ३ दुःख चिंता वगेरे धैर्यथी सहन करतुं.

दांत (दंतस्येदं अण्) त्रि० तः-ता-तं. १ दांतनुं, दांत संबंधी. २ हस्तीना दांतनुं, हस्तीना दांत सं-बंधी. [सेनो कूवो. २ दाता, आपनारो.

दांत ( ) पु० तः १ पर्वतनी टोच पा-

दांति (दम् क्तिन्) स्त्री० तिः इंद्रियनिग्रह, इंद्रि-यसंयम. २ तप वगेरेना क्लेशनी सहिष्णुता. ३ दम, दमन. [वुं, दान करावबुं.

दापन (दा णिच् ल्युट्) क्ली० नं. अपावबुं, देवरावबुं.

दापयित्वा (दा णिच् क्त्वा) अव्य० त्वा. १ अपा-वीने, देवरावीने. २ दंड करीने, दंडीने

दापित (दा णिच् क्त) त्रि० तः-ता-तं. १ अपावे-लुं, देवरावेलुं. २ दंड करेलुं. ३ शिक्षा करेलुं. ४ स्वच्छ करेलुं. ५ साधित.

दाप्य (दा णिच् यत्) त्रि० प्यः-प्या-प्यं. १ दंड कर-वः योग्य शिक्षा करवा लायक. २ अपावबा लायक.

दाम (दो मत्) क्ली० मं. १ दामणुं. २ संघात.

दामन् (दो मनिन्) क्ली० म. १ दोरडुं. २ दामणुं, दामण. ३ केडे बांधवानुं दोरडुं. ४ क्षत वगेरेना पाटा उपर बांधवानो दोर. ५ माला.

दामन (दाम इदं अण्) त्रि० नः-नी-नं. १ दोरडानुं, दोरडा संबंधी. २ दामणानुं, दामणा संबंधी.

दामनपर्वन् (दामनं पर्व यत्र) क्ली० र्व. चैत्र शुद्ध-पूर्णिमा. [दामणुं.

दामनी (दामन् अण् ङीप्) स्त्री० नी. दोर बांधवानुं

दामलिप्त (दाम्ना लिप्त इव) क्ली० सं. कोई देशनुं नाम.

दामा (दामन् डाप्) स्त्री० मा. दामन् शब्द जुओ.

दामांजन (दाम्नः अंजनम्) क्ली० नं. घोडाना पा-छला पगे बांधवानुं दोरडुं. दामांजल.

दामनी (दामन् इति ङीप्) स्त्री० नी. पीजणी.

दामोदर (दाम उदरे यस्य) पु० रः १ कृष्ण. २ द्वापर युगमां थेला थयेला ते नामनो एक जैन.

दांपत्य (दंपती यद्) क्ली० त्यं. दंपतीनी प्रीति.

दांभिक (दंभ ठक्) त्रि० कः-की-कं. १ ढोंगी, क-पटी, ढंग. [गलो.

दांभिक (दंभ ठक्) पु० कः १ ढोंग, कपट. २ ब-

दाम्य (दम् ण्यत्) त्रि० म्यः-म्या-म्यं. हुकम करवा लायक, आज्ञा करवा लायक, नियम करवा लायक.

दाय् (भ्वा० आत्म० सेट् दायते) आपबुं, देबुं.

दाय (दाय् अच्) पु० यः १ देबुं, आपबुं. २ प-क्षीस. ३ मुंजसंस्कारमां भिक्षुकने अपातुं दान. ४ वारसो. ५ नाश. ६ झेडबुं. ७ तोडबुं. ८ भाग करवो. ९ स्थानक. १० व्याजस्तुति. ११ स्कंधन.

दायक (दा ण्वुल्) त्रि० कः यिका-यिका-कं. आप-नार, देनार.

दायक (दो ण्वुल्) त्रि० यिका-कं. खंडन करनार.

दायक (दायेन कायति कै क) पु० कः वारस.

दायबंधु (दाये बंधुः) पु० धुः १ वारसानो भागी-दार बंधु. २ भाई.

दायभाग (दायस्य भागः) पु० गः वारसानो भाग.

दायविभाग (दायस्य विभागः) पु० गः उपलो शब्द जुओ.

दायाद (दायमादत्ते) पु० दः १ वारसो लेनार, वारस. २ पुत्र. ३ लांबा अथवा पासेना संबंध-वाळा गोत्रज, बंधु, सभानोदक वगेरे.

दायादव ( ) पु० वः वारसो लेनार, वारस, वारसाना भागीदार बांधव, गोत्रज, वगेरे.

दायादवत् (दायाद मतुप्) त्रि० वान्-वती-वत्. वा-रसवाळुं, जेने वारसो लेनार होय छे ते.

दायादवत् (दायाद मतुप्) पु० वान्. पिता, बाप.

दायादा (दायमादत्ते) स्त्री० दा. १ वारसो लेनारी, वारस. २ पुत्री.

दायादी (दायमादत्ते) स्त्री० दी. उपलो शब्द जुओ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

दायाद्य (दायादस्य भावः ष्यञ्) क्ली० यं. १ ऋ-क्थविभाग. २ वारसपणुं.
दायापवर्त्तन (दायस्य अपवर्त्तनम्) क्ली० नं. वारसानो अभाव, वारसो न होय ते.
दायित (दाय णिच् क्त) त्रि० तः-ता-तं. आपेल.
दार (दृ घञ्) पु० व० राः वहू, लग्नकरेली स्त्री.
दार (दृ घञ्) पु० रः १ खेडवुं खेतर. २ अेक जातनुं औषध. ३ विदारण.
दारक (दृ ण्वुल्) पु० कः १ बालक, छोकरुं. २ २ जनावरनुं बच्चुं. ३ विष्णुनो सारथि. ४ गा-मडानुं डुक्कर. [पुत्री.
दारक (,,) पु० द्वि० कौ. पुत्र अने
दारक (,,) त्रि० कः-रिकी-कं. १ फाडनार. २ फोडनार. ३ तोडनार. ४ विदारण करनार.
दारकर्मन् (दाराणां तद्भावस्य प्रतिपादकं कर्म) क्ली० र्म. विवाह, लग्न. उद्वाह, परिणयन, दारविधि.
दारक्रिया (दाराणां तद्भावस्य प्रतिपादिका क्रिया) स्त्री० या. उपलो शब्द जुओ. [करवो.
दारण (दृ ल्युट्) क्ली० णं. फाडवुं, तोडवुं, भाग
दारण (दृ णिच् ल्युट्) क्ली० णं. अेक जातनुं घ्रण.
दारण (दृ ल्यु) त्रि० णः-णी-णं. फाडनार, विदारण करनार. [वैती.
दारणी (दृ णिच् ल्युट् ङीप्) स्त्री० णी. दुर्गा, पा-
दारद (दरद अण्) पु० दः १ पारो. २ हिंगळोक. ३ समुद्र. ४ अेकजातनुं झेर.
दारपरिग्रह (दाराणां परिग्रहो यस्मात्) पु० हः लग्न, विवाह.
दारबलिभुज् (दारेण चंचुपुटेन बलिं भुंक्ते) पु० क्-ग्. १ भगलो. २ कागडो. ३ चकलो.
दारव (दारु अण्) त्रि० वः-वी-वं. १ लाकडानुं. २ लाकडानुं बनावेल. ३ लाकडाथकी थयेलुं.
दारसंग्रह (दाराणां संग्रहो यस्मात्) पु० हः लग्न, विवाह [रेली स्त्री.
दारा (दृ णिच् अच् टाप्) स्त्री० रा. वहू, लग्न क-
दारि (दृ इन्) स्त्री० रिः १ कापवुं. २ फाडवुं, वि-दारण, तोडवुं.
दारि (दृ णिच् इन्) त्रि० रिः-रिः-रि. फाडनार.
दारिका (दृ ण्वुल् टाप्) स्त्री० का. १ कन्या. २ वेश्या. [दान.
दारिकादान (दारिकाया दानम्) क्ली० नं. कन्या-
दारित (दृ णिच् क्तः) त्रि० तः-ता-तं. १ फाडेलुं. २ विभाग करेलुं.
दारिद्र (दरिद्र अण्) क्ली० द्रं. दरिद्रपणुं, गरीबी.
दारिद्र्य (दरिद्रस्य भावः ष्यञ्) क्ली० द्र्यं. उपलो शब्द जुओ.
दारिन् (दार इन्) पु० रीन् १ पति, कंथ. २ घणी स्त्रीओ करवी अेवो भत भाननारो.
दारु (दृ उण् दारु वा) त्रि० रुः-रुः-रु. १ सभावत, उदार, दाता. २ शिल्पज्ञानी. ३ कारीगर. ४ फाडनार. ५ तोडनार.
दारु (दृ उण्) पु० क्ली० रुः-रु. लाकडुं, काठ, काष्ठ.
दारु (,,) क्ली० रु. १ देवदारनुं झाड. २ पित्तळ. [रधि.
दारुक (दारु संज्ञायां कन्) पु० कः श्रीकृष्णनो सा-
दारुक (दारु कन्) क्ली० कं. देवदारनुं झाड.
दारुकदली (दारु इव कदली) स्त्री० ली. १ जंग-ली केळ. २ अेक जातनी केळ. [पूतणी.
दारुका (दारुणा कायति कै क) स्त्री० का. लाकडानी
दारुगर्भा (दारुमयो गर्भो यस्याः) स्त्री० र्भा. १ अेक जातनी केळ. २ लाकडानी पूतणी.
दारुज (दारुणो जायते) त्रि० जः-जा-जं. १ लाकडा-थी पेदा थनार. २ लाकडानुं करेलुं.
दारुज (दारु जन् ड) पु० जः अेक जातनुं वाघ.
दारुण (दृ णिच् उनन्) त्रि० णः-णा-णं. १ भयंकर. २ घोर, भयानक. ३ बीहामणुं. ४ तीक्ष्ण. ५ ठ-ठण. ६ जुलमी. ७ निर्दय.
दारुण (,,) पु० णः १ भयानकपणुं, बीहामणापणुं. २ भयंकरपणुं. ३ भयानकरस. ४ वनस्पति चित्रो. ५ कपालरोग.
दारुणक (दारुणवत् कायतीति कै कः) क्ली० कं. माथामां थतो अेक जातनो रोग.
दारुणता (दारुणस्य भावः) स्त्री० ता. १ भयंकर-पणुं, बीहामणपणुं. २ निर्दयपणुं.
दारुणत्व (,,) क्ली० त्वं. उपलो शब्द जुओ. [लह२.
दारुनिशा (दारु प्रधाना निशा) स्त्री० शा. दा३ह-
दारुपत्री (दारुणः पत्रमिव पत्रमस्याः) स्त्री० त्री. वनस्पति, भाकणी.
दारुपात्र (दारुणः पात्रं) क्ली० त्रं. लाकडानुं पात्र.
दारुपीता (दारुणा पीता) स्त्री० ता. दा३ह्लह२.
दारुपुत्रिका (दारु मयी पुत्रिका) स्त्री० का. लाक-डानी पूतणी.
दारुफल ( ) पु० लः पीस्तानुं झाड.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

दारुमय (दारु मयट्) त्रि० यः-यी-यं. १ લાકડાનું. २ લાકડાનું બનાવેલ.
दारुवधू (दारुमयी वधूः वधूरिव वा) स्त्री० धूः १ લાકડાની પૂતળી. २ સ્ત્રીની લાકડાની મૂર્તિ.
दारुसार (दारुषु सारः) पु० रः સુખડનું ઝાડ.
दारुसिता (दारुणि सिता शर्करेव) स्त्री० ता. દાલચીની. [પૂતળી.
दारुस्त्री. (दारु निर्मिता स्त्री) स्त्री० स्त्री. લાકડાની
दारुहरिद्रा (दारुमयी हरिद्रा) स्त्री० द्रा. દારૂહલદર. [ડાની કડછી
दारुहस्तक (दारुणे हस्त इव कन्) पु० कः લાક-
दारोपसंग्रह (दारुणामुपसंग्रहः) पु० हः વિવાહ. લગ્ન. [ધીના યજ્ઞમાં હોનાર.
दार्घसत्र (दीर्घसत्र अण्) पु० त्रः લાંબા કાલ સુ
दार्ढ्य (दृढस्य भावः) क्ली० र्ढ्यं. १ દૃઢપણું. કઠણપણું. ३ બલ, પરાક્રમ. ટકાઉપણું. દૃઢતા, દૃઢત્વ. [२ લાખ. ३ પાણી.
दार्दुर (दर्दुर ण) क्ली० रं. १ જમણા મુખનો શંખ.
दार्दुर (दर्दुर अण्) त्रि० रः-री-रं. १ મેઘસંબંધી, મેઘનું. २ દેડકાનું, દેડકાસંબંધી. ३ પર્વતનું, પર્વતસંબંધી.
दार्दुरिक (दर्दुर इन्) पु० कः કુંભાર.
दार्भ (दार्भस्येदं अद्) त्रि० र्भः-र्भी-र्भं. દર્ભનામના ઘાસનું, દર્ભસંબંધી, દર્ભનું બનેલું, દાભનું.
दार्भ्य (दर्भ यत्) त्रि० र्भ्यः-र्भ्या-र्भ्यं. દર્ભમાં હોનાર. [કરેલું.
दार्व (दारु अण्) त्रि० र्वः-र्वी-र्वं. લાકડાનું, લાકડાનું
दार्वट (दारु अण् क.) क्ली० टं. १ કચેરી, સભાસ્થળ. २ મસલત કરવાનું સ્થળ.
दार्वंड (दारु इव कठिनः अंडः यस्य) पु० डः ભોર.
दार्वाघाट (दारु आहंति) पु० टः લક્કડકુટ પક્ષી.
दार्वाघात (,,) पु० तः ઉપલો શબ્દ જુઓ.
दार्विका (दार्वीक) स्त्री० का. १ દારૂ હલદર પીસી કરેલું એક જાતનું રસાંજન. २ વનસ્પતિ પાથરી. ३ દારૂ હલદર. [કા. વનસ્પતિ પાથરી.
दार्विपत्रिका (दार्व्याः पत्रविमव पत्रमस्याः) स्त्री०
दार्विपत्री (दार्व्याः पत्रमिव पत्रमस्य) स्त्री० त्री. ઉપલો શબ્દ જુઓ.
दार्वी (दारु अण् ङीप्) स्त्री० र्वी. १ દારૂ હલદર. २ દેવદારનું ઝાડ. ३ હલદર. ४ વનસ્પતિ પાથરી. ५ દારૂ હલદર પીસી કરેલું એક જાતનું રસાંજન.
दार्वीक्काथोद्भव (दार्वीक्काथादुद्भवति) क्ली० वं. દારૂ હલદરનો ક્વાથ કરી તેમાંથી કઢારેલું રસાંજન. [હોનાર.
दार्श (दर्शभवं अण्) त्रि० र्शः-र्शी--र्शं. દર્શમાં
दार्श (दर्शिभवं अण्) त्रि० र्शः-र्शी-र्शं. નેત્રમાં હોનાર. [હોનાર.
दार्शिक (दर्शे भवं इञ्) त्रि० कः-की-कं. દર્શમાં
दार्षद (दृषद् अण्) त्रि० दः-दी-दं. १ પત્થરનું, પત્થર સંબંધી. २ પત્થર ઉપર વાટેલું કે દળેલું.
दार्ष्टांतिक (दृष्टांतेन युतः) त्रि० कः-की-कं. દૃષ્ટાંતયુક્ત.
दाल (दल अण्) क्ली०-लं १ વૃક્ષ વગેરે ઉપર રહેલું મધ. ઝાડનો બખોલમાં થતું મધ.
दाल (,,) पु० लः એક જાતનું ધાન્ય.
दालन (दल् णिच् ल्युट्) क्ली० नं. દાંત કૂંખવાનો રોગ. [ઝેર.
दालवब (दल् उन् अण्) पु० वः-वः એક જાતનું
दालि (दल् इन्) स्त्री० लिः દાભ, દ્વિદલ.
दालि (दाडिः डस्य लः) स्त्री० लिः १ દાડમનું ઝાડ. २ એક જાતનો વેલો.
दालिम (दाडिमः) पु० मः દાડમડી, દાડમનું ઝાડ.
दालिम (दालिम अण्) क्ली० मं. દાડમ, દાડમડીનું ફલ.
दाली (दल् इन् ङीप्) स्त्री० लि. દાળ, દ્વિદલ.
दाल्भ्यः (दल्भस्य गोत्रापत्यं यञ्) पु० ल्भ्यः તે નામનો એક ઋષિ.
दालिभ (दल् भिन् पु० ल्भिः ધ્રુવ.
दाव (दु ण) पु० वः १ અગ્નિ. २ વડવાગ્નિ. ३ અરણ્ય, રાન.
दाव (दु घञ्) पु० वः १ પરિતાપ, २ તાપ.
दावाग्नि (दावः अग्निः) पु० ग्निः અરણ્યનો અગ્નિ. વડવાગ્નિ. [જુઓ.
दावानल (दावः अनलः) पु० लः ઉપલો શબ્દ
दाविक (देविका अण्) त्रि०-कः-की-कं. દેવિકા નદીનું, દેવિકા નદી સંબંધિ.
दाश् (भ्वा० उभय० सेट् दाशति-ते) આપવું, દેવું. [જુઓ.
दाश् (चुरा० आत्म० सेट् दाशयते) ઉપલો ધાતુ
दाश् (स्वा० पर० सेट् दाश्नोति) १ ક્ષય મારવું, મારી નાખવું. २ પીડવું.
दाश (दाश् अच्) पु० शः १ વહાણનો ખલાશી. २ મછીમાર. ३ અયોગવીના પેટે નિષાદથી પેદા થયેલ પુત્ર. ४ ચાકર દાસ. ५ કૈવર્ત્ત.
दाशनंदिनी (दाशस्यनंदिनी) स्त्री०-नी. વ્યાસ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

भाता, सत्यवती.

दाशपुर (दाश पृ क) क्ली०-रं नागरमोथ.

दाशपूर (दाश पूर् अण्) क्ली०-रं उपलेा शब्द जुओ. [रामचंद्र.

दाशरथ (दशरथस्यापत्यं पुमान् अण्) पु० थः ' प्रदीयतां दाशरथाय मैथिली महानाटकम्.

दाशरथ (दाशरथेरिदं अण्) त्रि०-थः-था-थं. १ दशरथना वंशमां पेदा थयेल. २ दशरथसंबंधी.

अजीगणद्दाशरथं न वाक्यम्. ॥ भट्टिः ॥

दाशरथि (दशरथस्यापत्यं पुमान् इञ्) पु० थिः रामचंद्र.

यथा यथा दाशरथिर्धर्ममेवाश्रितोऽभवत् ।
तथा तथा प्रकृतयो रामं पतिमकामयन् ॥
रामायणम् ॥

दाशराज्ञ (दशानां राज्ञामिदम्) त्रि० ज्ञः-ज्ञी-ज्ञं. दश राजानुं. [ए देशमां पेदा थनार.

दाशार्णक (दशार्णे भवम्) त्रि० कः-र्णिका-कं. दशा-

दाशार्ह (दाश अर्ह् अण्) पु० र्हः कृष्ण.

दाशार्ह (दशार्ह अण्) त्रि० र्हः-र्ही-र्हं. दशार्ह देशमां पेदा थनार. [लेाक.

दाशार्हक (दाशार्ह कन्) पु० ब० काः दशार्ह देशना

दाशी (दाशस्य स्त्री) स्त्री० शी. १ चाकरडी. २ दासी ३ कैवर्तनी स्त्री. ४ माछीमारनी स्त्री.

दाशेय (दाशी ढक्) पु० यः १ चाकरडीनेा दीकरेा, माछीमारणनेा दीकरेा. [सत्यवती.

दाशेयी (दाशी इक् ङीष्) स्त्री० यी. व्यासमाता,

दाशेर (दाश्या अपत्यं ढक्) पु० रः १ चाकरडीनेा दीकरेा. २ माछीमारणनेा दीकरेा.

दाशेरक (दाशेर कन्) पु० कः १ भाळवा प्रांत. भाळवानेा राजा. [वत, दाता दाशुस्.

दाश्व (दाश श्वत्) त्रि० श्वः-श्वा-श्वं. उदार, सखा-

दाश्वत् (,,) त्रि० श्वन्-श्वंती-श्वत्. उपलेा शब्द जुओ.

दास् (भ्वा० उभय० सेट् दासति-ते) आपवुं, देवुं.

दास् (स्वा० पर० सेट् दास्नोति) १ ठार मारवुं, मारी नाखवुं. २ पीडवुं.

दास (दास् घञ्) पु० सः १ कोणी. २ माछीमार. ३ दास, चाकर. ४ शूद्र, वर्णाश्रम पैकी चेाथेा, छेल्लेा वर्ण. ५ शूद्रनुं विशेषण. ६ जे दान पात्र होय छे ते. ७ जेणे आत्मा जाणेल छे तेवेा साधु.

दासता (दासस्य भावः) स्त्री० ता. दासपणुं, चाकरपणुं, सेवा. दास्य. [जुओ.

दासत्व (,,) क्ली० त्वं. उपलेा शब्द

दासनंदिनी (दासस्य नंदिनी) स्त्री० नी. व्यासमाता सत्यवती.

दासदासानुदास (दासदासस्य अनुदासः) पु० सः सेवकना सेवकनेा सेवक.

दासदासी (दासस्य दासी) स्त्री०सी. दासनी दासी.

दासपत्नी (दासस्य पत्नी) स्त्री० त्नी. दासनी पत्नी.

दासपुर (दास पृ क) क्ली० रं. नागरमोथ.

दासपूर (दास पूर् अण्) क्ली० रं. उपलेा शब्द जुओ. [जेने सेवक पुष्कळ होय छे ते.

दासप्रवर्ग (दासस्य प्रवर्गः यस्य) त्रि० र्गः-र्गा-र्गं.

दासमित्र (दासस्य मित्रं) क्ली० त्रं. चाकरनेा भाईबंध.

दासिका (दासी कन्) स्त्री० का. दासी, चाकरडी.

दासित (दस् क्त) त्रि० तः-ता-तं. १ झेंकेलुं. २ उडाडेलुं. ३ खेाये‍लुं. ४ नाश करेलुं.

दासी (दासस्य स्त्री ङीप्) स्त्री० सी. १ दासनी स्त्री. २ चाकरडी. ३ दासी. ४ कोळण. ५ कैवर्त्तनी स्त्री. ६ शूद्र स्त्री. ७ वेश्या. ८ कांगनुं झाड. ९ वेदी.

दासीपुत्र (दास्याः पुत्रः) पु० त्रः १ दासीनेा पुत्र. २ चाकरडीनेा दीकरेा. ३ वेश्यापुत्र.

दासीसभ (दास्याः सभा) क्ली० भं. १ चाकरडीनुं टेाळुं. २ दासीनी सभा. [कोळी. ३ कैवर्त्त.

दासेय (दासी ढक्) पु० यः १ दासीनेा दीकरेा. २

दासेयी (,,) त्रि० यः-यी-यं. दासी के दास थकी पेदा थयेल. [सवती.

दासेय (,, ङीप्) स्त्री० यी. व्यास भाता, स-

दासेर (दासी ढक्) पु० रः १ शूद्र, सेवक. कोळी.

दासेर (दास एरच्) पु० रः उंट.

दासेरक (दासेर कन्) पु० कः १ शूद्र. २ कोळी. ३ उंट.

दासेरक (,,) पु० ब० काः लेाकविशेष.

दास्य (दासस्य भावः ष्यञ्) क्ली० स्यं. दासता शब्द जुओ.

दास्र (दस्रौ देवते यस्य) क्ली० स्रं. अश्विनीनक्षत्र.

दाह (दह घञ्) पु० हः १ गरमी. २ संताप. ३ बळतरा. ४ बळवुं. [ज्ञि. ३ चित्रानुं झाड.

दाहक (दह ण्वुल्) पु० कः १ रातेा चीत्रेा. २ अ-

दाडक (,,) त्रि०कः-हिका-कं. १ बाळनार. २ दहन करनार. [हाजुरे.

दाहकाष्ठ (दाहस्य दाहार्थं काष्ठमस्य) क्ली० ष्ठं. इ-

दाहज्वर (दाह प्रधानो ज्वरः) पु० रः शरीरमां बळतरा पेदा करनार ताव.

दाहदा (दाह दा क टाप्) स्त्री० दा. नागवेल.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

दाहन (दह् णिच् ल्युट्) क्ली० नं. १ બાળવું. २ રક્ષા કરવું. ३ ડાગ દેવું. [નું અગુરુ.

दाहनागुरु (दाहनाय अगुरु) क्ली० रु. એક જાત-

दाहवत् (दाह मतुप्) त्रि० वान्-वती-वत्. જેના થકી બળતરા, સંતાપ વગેરે થાય છે તે.

दाहसर (दाह सृ अच्) पु० रः મશાણ, સ્મશાન.

दाहसरस् ( ) क्ली० रः ઉપલો શબ્દ જુઓ. [વાળો.

दाहहरण (दाहो ह्रियतेऽनेन) क्ली० णं સુગંધી-

दाहिन् (दह् णिनि) त्रि० ही-हिनी-ही नि. દાહકરનાર, બાળનાર. [જુઓ.

दाह्य (दह् ण्यत्) त्रि० ह्यः-ह्या-ह्यं. દહનીય. શબ્દ

दिक् (दिक् कैक) पु० क्कः નાનો હાથી, વીશ વર્ષનો હાથી. [કન્યા.

दिक्कन्या (दिश् एव कन्या) स्त्री०-न्या. દિશારૂપી

दिक्कर (दिश् कृ ट) त्रि०-रः-री-रं. १ તરણ, જુવાન. २ શિવ. [દિક્કરી.

दिक्करी (दिश् कृ टच् ङीप्) स्त्री०-री. જુવાન સ્ત્રી.

दिक्पति (दिशः पतिः) पु०-तिः આઠ દિશાના પતિપૈકી પ્રત્યેક. જેમકે પૂર્વનો સૂર્ય, દક્ષિણનો મંગલ, પશ્ચિમનો શનિ, ઉત્તરનો બુધ, ઈશાન કોણનો બૃહસ્પતિ, વાયવ્ય કોણનો ચંદ્ર, અગ્નિ કોણનો શુક્ર અને નૈઋત્યનો રાહુ.

सूर्यः शुक्रः क्षमापुत्रः सैंहिकेयः शनिः शशी ।
सौम्यस्त्रिदशमन्त्री च प्राच्यादिदिगधीश्वराः ॥
ज्योतिस्तत्वम् ॥

दिक्पाल (दिशः पालः) पु० लः આઠ દિશાના પાલક પૈકી પ્રત્યેક, જેમકે પૂર્વનો ઇંદ્ર, દક્ષિણનો યમ, પશ્ચિમનો વરૂણ, ઉત્તરનો કુબેર, ઈશાન કોણનો ઈશાન, વાયવ્ય કોણનો વાયુ, અગ્નિ કોણનો અગ્નિ, અને નૈઋત કોણનો નિઋતિ.

दिक्शूल (दिशि शूलमिव) क्ली०-लं જ્યોતિષ્ પ્રસિદ્ધ એક જાતનો ખરાબ યોગ; જેમાં સૂર્ય અને દૈત્યગુરૂ પશ્ચિમ દિશામાં આવે છે વગેરે.

शुक्रादित्यदिने न वारुणदिशं न ज्ञे कुजे चोत्तरां
मन्देन्दोश्च दिने न शक्रककुभं याम्यां गुरौ न व्रजेत् ।
शूलानीति विलंघ्य यान्ति मनुजा ये वित्तलाभाशया
भ्रष्टाशाः पुनरापतन्ति यदि ते शुक्रेण तुल्या अपि ॥
ज्योतिःसारसंग्रहः ॥

दिक्साधन (दिशःसाध्यतेऽनेन) क्ली०-नं. દિશા સાધવાનું સાધન. [દૃષ્ટિમર્યાદા.

दिगंत (दिशोऽन्तं) क्ली०-रं. १ દિશાનો અંત ૨

'भुजार्जितानां च दिगंतसंपदाम्' रघुवंशम्.

दिगंतर (दिशोऽतरं) क्ली०-रं. १ આકાશ, પોકળ. २ વાતાવરણ.

'संचारपूतानि दिगंतराणि' रघुवंशम्.

दिगंतराल (दिशोऽतरालं) क्ली०-लं. १ આકાશ, પોકળ. २ વાતાવરણ.

दिगंबर (दिश एवांबरं यस्य) त्रि०-रः-रा-री-रं १ દિશા તેજ જેને વસ્ત્ર છે તે. २ નાગું, નગ્ન, વસ્ત્ર પેહેર્યા વિનાનું.

दिगंबर (,,) पु० रः १ બૌદ્ધમત પ્રસિદ્ધ નગ્ન કે ભગવાં વસ્ત્ર ધારણ કરનાર સાધુ. २ મહાદેવ. ३ અંધકાર. ४ જૈનમતના પાર્શ્વનાથ.

दिगंबरी (दिगंबरस्य पत्नी ङीष्) स्त्री०-री પાર્વતી, દુર્ગા.

दिग्गज (दिशि स्थितो गजः) पु० जः પુરાણપ્રસિદ્ધ આઠ દિશાની રક્ષા માટે રહેલા ઐરાવત, પુંડરીક, વામન, કુમુદ, અંજન, પુષ્પદંત, સાર્વભૌમ અને સુપ્રતીક એ નામના આઠ હાથી.

ऐरावतः पुंडरीको वामनः कुमुदोऽञ्जनः ।
पुष्पदन्तः सार्वभौमः सुप्रतीकश्च दिग्गजाः ॥
अमरः ॥

दिग्दाह (दिशां दाहः) पु० हः ૧ દિશાઓનું સ્વાભાવિક શાતાપણું દેખાય છે તે. २ અશુભસૂચક એક જાતનો ઉત્પાત. [લીંપેલું.

दिग्ध (दिह् क्त) त्रि० ग्धः-ग्धा-ग्धं. १ ચોપડેલું. २

दिग्ध (,,) पु० ग्धः १ વિષવાળું બાણ. २ અગ્નિ. ३ સાચી કે ખોટી વાર્તા. ४ સ્નિગ્ધ પદાર્થ. ५ વનસ્પતિ ચિત્રો.

दिग्वारण (दिक्षु स्थितो वारणः) पु० णः દિગ્ગજ.

दिग्वासस् (दिश एव वासो यस्य) त्रि० सः-सा-सः नागुं, नग्न. दिग्वस्त्र.

दिग्वासस् (दिश एव वासोऽस्य) पु० सः महादेव, शिव. दिग्वस्त्र.

दिग्विजय (दिशां तत्स्थनृपलोकानां विजयः) पु० यः १ शास्त्रसिद्ध सिद्धांत वडे બધા પંડિત વગેરે ઉપર વિજય મેળવવો તે. २ સેનાથી સર્વ દિશામાં વિજય કરવો તે.

दिग्विभाग (दिशां विभागः) पु० गः. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ વગેરે દિશાનો વિભાગ.

दिग्विभावित (दिक्षु विभावितम्) त्रि० तः-ता-तं. સર્વ દિશામાં કીર્તિથી પ્રસિદ્ધ થયેલું.

दिग्व्यापिन् (दिक्षु व्यापी) त्रि० पी-पिनी-पि. દિશામાં વ્યાપનાર.

दिंक (दिङ् कै क) पु० कः લીખ, જૂનું બંડું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

दिङ्मंडल (दिशां मंडलम्) क्ली० लं. १ દિશાનું મંડલ. ૨ બધી દિશા.

दिङ्मुख (दिशां प्रति मुखमस्य) त्रि० खः-खी-खं. દિશા તરફ જેનું મુખ હોય છે તે, દિશા તરફ જોનાર.

दिङ्मुख (दिशां मुखम्) क्ली० खं. દિશાનું મુખ.

दिङ्मूढ (दिशा मूढः) त्रि० ढः-ढा-ढं. દિશા ન સૂઝે એવી રીતે ભ્રમિત. [૬૬ જુઓ.

दिङ्नाग (दिक्षु स्थितः नागः) पु० गः दिग्गज श० 'दिङ्नागानां पथि परिहरन्स्थूलहस्तावलेपान्'। मेघदूतम्.

दित (दो क्त) त्रि० तः-ता-तं. १ કાપેલું. ૨ તોડેલું. ૩ ભાગ કરેલું.

दिति (दो क्तिन्) स्त्री० तिः १ કાપવું. ૨ છેદવું. ૩ તોડવું. ૪ કશ્યપપત્ની, દક્ષની સાઠ કન્યા પૈકી તે નામની એક. ૫ હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુની મા. ૬ દૈત્યની માતા.

दिति (,,) पु० तिः કોઇ રાજાનું નામ.

दितिज (दित्या जायते) पु० जः રાક્ષસ, દૈત્ય. दिति-पुत्र, दितिसूनु. [જુઓ.

दितिसुत (दित्याः सुतः) पु० तः ઉપલો શબ્દ

दित्य (दिति अण्) पु० त्यः રાક્ષસ, દૈત્ય.

दित्सा (दातुमिच्छा) स्त्री० त्सा. १ દેવાની ઇચ્છા, આપવાની ઉમેદ. ૨ દાન કરવાની ઇચ્છા.

दित्सु (दातुमिच्छुः) त्रि० त्सुः-त्सुः-त्सु. १ આપવાને ઇચ્છનાર, દેવાને ઇચ્છનાર. ૨ દાન કરવાને ચાહનાર. [શબ્દ જુઓ.

दिदित्सु (,,) त्रि० त्सुः-त्सुः-त्सु. ઉપલો

दिदृक्षमाण (दृश शानच्) त्रि० णः-णा-णं. જોવાને ઇચ્છતું, તપાસવાની ઉમેદ રાખતું.

दिदृक्षा (दृश अङ् टाप्) स्त्री० क्षा. જોવાની ઇચ્છા, તપાસવાની ઉમેદ.

'एकस्थसौंदर्यदिदृक्षयेव.'। कुमारसंभवम्.।

दिदृक्षावत् (दिदृक्षा मतुप्) त्रि० वान्-वती-वत्. જોવાની ઇચ્છાવાળું, તપાસવાની ઉમેદવાળું.

दिदृक्षु (दृश सन् उ) त्रि० क्षुः-क्षुः-क्षु. જોવાને ઇચ્છનાર, તપાસવાને ચાહનાર.

'व्यवहारान् दिदृक्षुस्तु ब्राह्मणैः सह पार्थिवः' मनुः

दिदिविषत् (दिव् सन् शतृ) त्रि० न्-षंती-त्. ખેલવાને ઇચ્છતું, ક્રીડા કરવા ચાહતું.

दिद्युत् (द्युत् क्विप्) त्रि० त्. ચળકતું, પ્રકાશતું, દીપ્યમાન. [રવાને ઇચ્છતું.

दिद्योतिषु (द्युत् सन् उ) त्रि० षुः-षुः-षु. પ્રકાશ કરવાને ઇચ્છતું. ૨ બળવાને ઇચ્છતું.

दिधक्षमाण (दह् शानच्) त्रि० णः-णा-णं. १ બળવાને ઇચ્છતું. ૨ બળવાને ઇચ્છતું.

दिधक्षयत् (दह् शतृ) त्रि० यन्-यंती-यत्. બાળવાને ઇચ્છતું. [ઇચ્છા. ૨ બળવાની ઇચ્છા.

दिधक्षा (दह् सन् टाप्) स्त्री० क्षा. ૧ બાળવાની

दिधक्षु (दह् सन् उ) त्रि० क्षुः-क्षुः-क्षु. ૧ બાળવાને ઇચ્છનાર, ૨ બળવાને ઇચ્છનાર.

दिधि (धा कि) स्त्री० धिः १ ધૈર્ય, ધીરજ, સબુરી. ૨ સ્થિરતા.

दिधिशाय्य ( ) पु० य्यः કૃત્રિમમિત્ર.

दिधिषु (दिधि इष क्विप्) स्त्री० षुः પુનરૂદ્વાહ જેણે કરેલો છે એવી સ્ત્રી. [સ્ત્રીનો બીજો પતિ.

दिधिषु (,,) पु० षुः બે વાર પરણેલી

दिधिषू ( ) पु० षूः ઉપલો શબ્દ જુઓ. સ્થિરપણું, ચંચલપણું.

दिधिषू (दा वा सो-कू) स्त्री० षूः १ પુનરૂદ્વાહ જેણે કરેલો છે એવી સ્ત્રી. ૨ નાની બેન.

दिधिषूपति (दिधिष्वाः पतिः) पु० तिः પુનરૂદ્વાહ જેણે કરેલો છે એવી સ્ત્રીનો ધણી.

दिन (दो इनच्) पु०-क्ली०-नः-नं. દિવસ.

दिनकर (दिनं करोति) पु०-रः १ સૂર્ય, સૂરજ. ૨ આંકડાનું ઝાડ.

दिनकरपरितापात्क्षीणतोयाः समा न्तात्
विदधति भयमुच्चैर्वीक्षमाणा वनान्ताः ॥ ऋतुसंहारम् ॥

दिनकरतनय (दिनकरस्य तनयः) पु०-यः १ શનિ. ૨ કર્ણ. ૩ યમ. ૪ સુગ્રીવ.

दिनकरसुता (दिनकरस्य सुता) स्त्री०-ता. १ યમુના નદી. ૨ તાપી નદી. [શબ્દ જુઓ.

दिनकरात्मजा (दिनकरस्यात्मजा) स्त्री० जा. ઉપલો

दिनकृत् (दिनं करोति कृ क्विप्) पु०-त्-द् १ સૂર્ય, સૂરજ. આંકડાનું ઝાડ.

दिनकेशव (दिनस्य केशव इव अंतकत्वात्) पु०-वः અંધકાર, અંધારું. [તેજ, દિવસનું તેજ.

दिनज्योतिस् (दिनस्य ज्योतिः) क्ली०-तिः સૂર્યનું

दिनदुःखित (दिनमुद्दिश्य दुःखितः उत्कंठितः) पु० तः ચકવો, ચકવાકપક્ષી.

दिनप (दिनं पाति) पु०-पः १ સૂર્ય. ૨ આકડાનું ઝાડ. ૩ રવિવાર વિગેરે વાર. ૪ દિવસનો પતિ.

दिनपति (दिनस्य पतिः) पु०-तिः ઉપરનો શબ્દ જુઓ.

दिनपति (दिनस्य पतिः) पु०-तः દિવસનો ક્ષય.

दिनप्रणी (दिनः प्रणीयते यस्मात्) पु०-णीः સૂર્ય, સૂરજ. ૨ આંકડાનું ઝાડ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

दिनपिंड (दिनस्य पिंड इव) पु०-ण्डः अहर्गणु.
दिनबल (दिने बलमस्य) कुंभराशि, मीनराशि, सिंहराशि, वृश्चिकराशि. [આંકડાનું ઝાડ.
दिनमणि (दिने मणिरिव) पु०-णिः १ सूर्य, सूरज,

दिनमणिमण्डलमंडन ! भवखण्डन !
मुनिजनमानसहंस ! जय जय देव हरे ॥
गीतगोविंदम् ॥

दिनमयूख (दिने मयूखो यस्य) पु०-खः १ सूर्य. २ આંકડાનું ઝાડ. [उदयाचल.
दिनमूर्द्धन् (दिनस्य मूर्द्धेव आद्यस्थानत्वात्) पु० द्वी.
दिनयौवन (दिनस्य यौवनमिव) क्ली. नं. બપોર.
दिनरत्न (दिनस्य रत्नमिव) पु० त्नः १ सूर्य. २ આંકડાનું ઝાડ. [र्य વગેરે દિવસના ભાગ.
दिनांश (दिनस्यांशः) पु० शः प्रातः, मध्याह्न, सा-
दिनादि (दिनस्यादिः) पु० दिः प्रातःકાળ, પરોઢિયું. दिनमुख, दिनागम.
दिनांत (दिनस्यांतः) पु० तः सायंકાળ.

'कृत्वा दिनांते निलयाय गन्तुम्'
रघुवंशम्.

दिनान्तरम्योऽभ्युपशान्तमन्मथो
निदाघकालः समुपागतः प्रिये ॥
ऋतुसंहारम् ॥

दिनांतक (दिनमंतयति) पु० कः અંધારું, अंधકાર. [ढीयुं. दिनमुख.
दिनारंभ (दिनस्यारंभः) पु० भः प्रातःકાળ, પરો-
दिनावसान (दिनस्यावसानम्) क्ली० नं. सायंકાળ.

'दिनावसानोत्सुकबालवत्सा' रघुवंशम्.

दिनिका (दिन उक्) स्त्री०-का. १ એક દિવસનું ભાડું. २ એક દિવસનો પગાર, રોળ, વેતન વગેરે.
दिनेश (दिनस्य ईशः) पु०-शः १ सूर्य. २ આંકડાનું ઝાડ. ३ દિનનો ધણી.
दिनेशात्मज (दिनेशस्य आत्मजः) पु०-जः १ शनि. २ यम. ३ કર્ણ. ४ सुग्रीव.
दिनेशात्मजा (दिनेशस्य आत्मजा) स्त्री०-जा. १ यमुना. तापी. [હુકમ કરવો.
दिभ् (चुरा० पर० सेट् दिंभयति) आज्ञा કરવી.
दिंप् (चुरा० उभय० सेट् दिंभयति-ते) आज्ञा કરવી, હુકમ કરવો. [જુઓ.
दिंप् (भ्वा० उभय० सेट् दिंपति-ते) ઉપલો શબ્દ
दिंभ् (चुरा० उभय० सेट् दिंभयति) ઉપલો ધાતુ જુઓ. २ એકઠું કરવું. ३ જમા કરવું.
दिरिपक ( ) पु०-कः દડો.
दिलीप (दिलीं पाति पा) पु०-पः સૂર્યવંશમાં પેદા થયેલ એ નામનો અયોધ્યાનો રાજા.
दिलीपराज् (दिलीप एव राट् राजा) पु०-ट्-ड्. ઉપલો શબ્દ જુઓ.
दिलीर (दल् ईर् पृषो०) पु० रः ચોમાસામાં પેદા થતી કાગડાની ટોપી, છત્રાક.
दिव् (दिवा० पर० सेट् दीव्यति) १ રમવું, ખેલવું, ક્રીડા કરવી. २ ચાહવું. ३ ચઢીઆતા થવામાં હોંશીલા થવું. ४ જીતવું. ५ વેચાણ ખરીદી સાદું વગેરેનો ઉદ્યમ કરવો. ६ તેજસ્વી હોવું. ७ પ્રકાશવું. ८ વખાણવું, તારીફ કરવી. ९ આનંદ, અહંકાર વગેરે મનોવિકારથી ફૂલાઈ જવું. १० ગાંડા થઈ જવું. ११ ઉદ્ધતાઈ થવું.
दिव् (चुरा० पर० सेट् देवयति) १ દુઃખ સહન કરવું. २ ભાગવું, જાચવું. ३ જવું.
दिव् (भ्वा० उभय० सेट् देवति-ते) शोक કરવો.
दिव् (भ्वा० पर० सेट् दिन्वति) १ ખુશી થવું. ખુશી કરવું. [२ સ્વર્ગ. ३ દિવસ.
दिव् (दिव् क्विप्) स्त्री० द्यौः-दिवौ-दिवः १ આકાશ.
दिव् (दिव् क) क्ली० वं. १ સ્વર્ગ. २ આકાશ. ३ દિવસ. ४ ઓડી, રાન.
दिवंगम (दिवं गच्छति इति) त्रि० मः-मा-मं. १ આકાશમાં જનાર. २ સ્વર્ગમાં જનાર.
दिवन् (दिव् अन्) पु० वा. दिवस.
दिवस (दिव् कसच्) पु० क्ली०-सः-सं. દિવસ.

'दिवसाः परिणामरमणीयाः' शाकुंतलम् ॥

दिवसकर (दिवसे करा यस्य वा दिवसं करोतीति) पु० रः सूर्य, सूरज. २ આંકડાનું ઝાડ.
दिवसमणि (दिवसे मणिरिव) पु० णिः ઉપલો શબ્દ જુઓ. [પરોઢીયું.
दिवसमुख (दिवसस्य मुखं) क्ली० खं. प्रातःકાળ,
दिवसात्यय (दिवसस्यात्ययः) पु० यः सायंકાળ, दिवसांत. दिनात्यय. [શબ્દ જુઓ.
दिवसावसान (दिवसस्यावसानं) क्ली० नं. ઉપલો
दिवस्पति (दिवः पतिः) पु० तिः ઇંદ્ર.
दिवस्पुत्र (दिवः पुत्रवत् प्रियः) पु० त्रः આકાશને પુત્ર પેઠે વહાલો, સૂર્ય. [આકાશ અને પૃથ્વી.
दिवस्पृथिवी (द्यौश्च पृथिवी च) स्त्री०द्वि० व० व्यौ.
दिवस्पृश् (दिवः स्पृक्) पु० क्-ग्. १ પગવડે સ્વર્ગને અડકનાર, પરમેશ્વર. २ આકાશ સુધી પહોંચનાર० (શબ્દ વગેરે.)
दिवा (दिव का) अव्यय० वा. દિવસે.
दिवाकर (दिवा करोति कृ-ट) पु० रः १ सूर्य, सूरज. २ કાગડો. ३ સૂર્યથી ઉઘડે તે, કમલ વગેરે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

४ આકડાનું ઝાડ.
'दिवाकरादक्षति यो गुहासु' ॥ कुमारसंभवम् ॥

दिवाकरसुत (दिवाकरस्य सुतः) पु० तः १ यम. २ शनि. ३ सुग्रीव. ४ कर्ण. [भुना. २ तापी.

दिवाकरसुता (दिवाकरस्य सुता) स्त्री० ता. १ य-

दिवाकीर्ति (दिवैव कीर्तिः कृत्यं यस्य) पु० र्तिः धुडपक्षी. २ चांडाल. ३ वाणंद, हजाम.

दिवाकृत (दिवा कृतं) त्रि० तः-ता-तं. दिवसे करेलुं, दिवस छतां करेलुं.

दिवाचर (दिवा चरति) त्रि० रः री-रं. दिवसे फरनाइं, दिवसे चालनाइं.

दिवाचर (दिवा चर ट) पु० रः १ એક જાતનું पंખी. २ चांडाल. [गडो. २ चंडाल.

दिवाटन (दिवा अटति अट ल्युः) पु० नः १ का-

दिवातन (दिवा टयुः तुट् च) त्रि० नः-नी नं. दिवसनुं होनाइं.
"शशिन इव दिवातनस्य लेखा किरणपरिक्षय-
धूसराप्रदेशम्" ॥ कुमारसंभवम् ॥

दिवातर (दिवा तरप्) क्ली० रं. दिवसे अतिशय प्रकाशतुं. [अने रात्रि.

दिवानिश (दिवा च निशा च) क्ली० शं. दिवस

दिवांध (दिवा अंधः) त्रि० धः-धा-धं. दिवसे आंधळुं.

दिवांध (,,) पु० धः धुडपक्षी.

दिवांधकी (दिवांध क ङीष्) स्त्री० की. छछुंदर.

दिवाभीत (दिवा भीतः) पु० तः १ चोर. २ धुड-पक्षी. ३ घेाणुं कमल.
'लीनं दिवाभीतमिवांधकारम्' ॥ कुमारसंभवम् ॥

दिवाभीति (दिवा भीतिर्यस्य) पु० तिः धुडपक्षी.

दिवामणि (दिवा मणिरिव) पु० णिः १ सूर्य, सू-रज. २ आकडानुं झाड. [थपोर.

दिवामध्य (दिवा मध्यं) क्ली० ध्यं. मध्याह्न, ખરા

दिवारात्र (दिवा च रात्री च) क्ली०त्रं. दिवस अने रात. [अने रात.

दिवारात्रि (दिवा च रात्रिश्च) स्त्री० त्रिः दिवस

दिवावसु (दिवा वसुः किरणो यस्य) पु० सुः १ सूर्य. २ आकडानुं झाड.

दिवाशय (दिवा शेते शी अच्) त्रि० यः-या-यं. १ दिवसे सुनार. २ दिवसे प्रकाशनार.
"आरुरोह कुमुदाकरोपमां रात्रिजागरपरो दिवाशयः"
रघुवंशम्.

दिवाशयता (दिवाशयस्य भावः) स्त्री० ता. दिवसे सुवुं ते.

दिवाशयन (दिवा शी ल्युट्) क्ली० नं. उपलो शब्द जुओ. दिवास्वाप.

दिवास्वप्न (दिवा दिवसे स्वप्नः) पु० प्नः दिवसे निद्रा. [शब्द जुओ.

दिवास्वाप (दिवा दिवसे स्वापः) पु० पः उपरनो

दिवास्वाप (दिवा दिवसे स्वापो यस्य) पु० पः धुडपंखी.

दिवि (दिव इन्) पु० विः चापपक्षी.

दिविज (दिवि जायते जन-ड) त्रि० जः-जा-जं १ आकाशमां पेदा थनार. २ स्वर्गमां पेदा थनार.

दिविज (,,) पु० जः देव, सुर.

दिविज (,,) क्ली० जं. कुंकुमागुरु.

दिविरथ (दिवि युक्तो रथो यस्य) पु० थः ते नामनो એક राजा. [देवता.

दिविषद् (दिवि सीदति सद् क्विप्) पु० त्-द्. देव,
सान्द्रानन्दपुरन्दरादिदिविषद्वृन्दैरमन्दादरा-
दानम्रैर्मुकुटेन्द्रनीलमणिभिः संदर्शितेन्दीवरम्
॥ गीतगोविंदम् ॥

दिविषि (दिवमिच्छति इष-क्विच्) त्रि० षिः-षिः-षि स्वर्गनी इच्छा राखनार.

दिविष्ठ (दिवि तिष्ठति स्था क) त्रि० ष्ठः-ष्ठा-ष्ठं. १ आकाशनुं. २ आकाशमां रहेनार. ३ स्वर्गनुं. ४ स्वर्गमां रहेनार.

दिविस्पृश् (दिवि स्पृशति स्पृश् क्विन्) त्रि० क्-ग्. आकाशने अडकनार, आकाशमां स्पर्श करनार.

दिवी (दिव इन्) स्त्री० वी. એક જાતનो क्रीडो.

दिवौकस् (दिवौको यस्य) पु० कः १ देव, देवता. २ चातक पक्षी.

दिवोदास (दिवः स्वर्गात् दासो दानं यस्मै) पु० सः काशीक्षेत्रनो राजा, ते नामनो એક, જેણे वैद्यक शास्त्रनुं स्थापन करेलुं छे.

दिवोद्भव (दिवे स्वर्गे उद्भवति) त्रि० वः-वा-वं. १ आकाशमां पेदा थनार. २ स्वर्गमां पेदा थनार.

दिवोद्भवा (दिवे वने उद्भवो यस्याः) स्त्री० वा. એલાયચી.

दिवौकस् (दिवः ओको यस्य) पु० कः १ देव. २ चातकपक्षी. ३ हरण. ४ हाथी. ५ भ्रमर.

दिव्य (दिव यत्) त्रि० व्यः-व्या-व्यं. १ स्वर्गनुं. २ आकाशनुं. ३ स्वर्गमां होनार. ४ आकाशमां होनार. ५ सुंदर. ६ रमणीय. ७ उमदा. ८ तेजस्वी. ९ वीरविद्या जाणनार.

दिव्य (दिव यत्) पु० व्यः १ भगवत्ना गुण. २ गुगळ. ३ अर्जुन. ४ साडडानुं झाड.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

दिव्य (,,) क्ली० व्यं. १ लविंग. २ એક જાતનું ચંદન. ૩ અગ્નિ ઉપર આલવું, તપાવેલા તેલમાં હાથ બોળવા વગેરેનું શપથ.

दिव्यक (दिव्य इव कायति कै क) पु० कः એક જાતનો સર્પ. [रिणी-रि. दिव्य करनार.

दिव्यकारिन् (दिव्यं करोति कृ णिनि) त्रि० री-

दिव्यगंध (दिव्यः गंधो यस्य) पु० धः ગંધક.

दिव्यगंध (,,) क्ली० धं. लविंग.

दिव्यगंध (दिव्यः गंधः) पु० धः अलौकिक गंध.

दिव्यगंधा (दिव्यः गंधो यस्याः) स्त्री० धा. १ એલાયચી. २ એક જાતનું શાક.

दिव्यगायन (दिव्यः [स्वर्गीयः] गायनः) पु० नः ગંધર્વ.

दिव्यचक्षुस् (दिव्यं चक्षुर्यस्य) त्रि० क्षुः-क्षुः-क्षः १ સુંદર નેત્રવાળું. २ આંધળું, ૩ પ્રજ્ઞાચક્ષુસ્. ४ દિવ્ય નેત્રવાળું. [ज्ञान. २ वांदरूं.

दिव्यचक्षुस् (दिव्यं चक्षुर्यस्मात्) पु० क्षुः १ अंत-

दिव्यचंदन (दिव्य चन्दनं) क्ली० नं. १ लविंग. २ એક જાતનું ચંદન. [दिव्यत्व.

दिव्यता (दिव्यस्य भावः तल्) स्त्री० ता. દિવ્યપણું.

दिव्यदोहद (दिव्यं दोहदम्) क्ली० दं. હોમવા યોગ્ય પદાર્થ વગેરે.

दिव्यनदी (दिव्या नदी) स्त्री० दी. આકાશગંગા.

दिव्यनारी (दिव्या नारी) स्त्री० री. અપ્સરા.

दिव्यपंचामृत (दिव्यं पंचामृतम्) क्ली० तं. દહીં, દૂધ, ઘી, મધ અને સાકરનું મિશ્રણ.

दिव्यपुष्प (दिव्यं मनोज्ञं पुष्पं यस्य) पु० ष्पः ધોળા કરેણનું ઝાડ. [राता आकडानुं झाड.

दिव्यपुष्पिका (दिव्यं पुष्पं यस्याः) स्त्री० का.

दिव्यरत्न (दिव्यं रत्नं) क्ली० त्नं. चिंतामणि नाभनुं रत्न. [२ विमान.

दिव्यरथ (दिव्यो रथः) पु० थः १ દેવનો રથ.

दिव्यरस (दिव्यो रसः) पु० सः १ પારો, પારદ. २ મનભાવતો રસ.

दिव्यलता (दिव्या लता) स्त्री० ता. ભોરવેલ.

दिव्यवस्त्र (दिव्यं वस्त्रं) क्ली० स्त्रं. અતિસુંદર વસ્ત્ર.

दिव्यसार (दिव्यः सारो यस्य) पु० रः १ સણનું ઝાડ. २. शालवृक्ष.

दिव्या (दिवि भवा) स्त्री० व्या. १ આંબળીનું ઝાડ. २ रसशास्त्र प्रसिद्ध એક નાયિકા.

दिव्यादिव्यः (दिव्यः अदिव्यश्च) पु० व्यः रसशास्त्रप्रसिद्ध એક નાયક.

दिव्यादिव्या (दिव्या च अदिव्या च) स्त्री० व्या. १ रसशास्त्रप्रसिद्ध એક નાયિકા. २ એક ઉપદેવી.

दिव्यान्न (दिव्यं अन्नं) क्ली० न्न. ઉમદા અન્ન.

दिव्योदक (दिव्यमुदकम्) क्ली० कं. १ વરસાદ, ઝાકળ, વગેરે આકાશનું પાણી. २ ભાગીરથીનું પાણી.

दिव्योषपादुक (दिव्य उप पद् उकञ्) त्रि० कः की-कं. १ સ્વર્ગ લોકમાં પેદા થનાર દેવ વગેરે. २ આકાશમાં ઉત્પન્ન હોનાર.

दिव्यौघ (दिव्यानां स्वर्गीयगुणानां ओघः समूहःयत्र) पु० घः तंत्रशास्त्रप्रसिद्ध शिवनां स्वरूपो.

दिश (तुदा० उभय० सेट् दिशति-ते) १ દેખાડવુ, બતાવવું. २ આજ્ઞા કરવી. ૩ સમજાવવું. ४ બોલવું, કહેવું. ५ આપવું, દેવું. आ (आदिशति) હુકમ કરવો. अप (अपदिशति-ते) વેશ બદલ કરવો. उत् (उद्दिशति-ते) જાહેર કરવું, પ્રસિદ્ધ કરવું, દેખાડવું. उप (उपदिशति) ઉપદેશ કરવો, निस् (निर्दिशति) મોઢેથી બોલવું, તપસીલવાર કહેવું, સમજાવવું. प्र (प्रदिशति-ते) १ બતાવવું. २ અક્ષીસ કરવી, આપવું. विनिस् (विनिर्दिशति-ते) સ્પષ્ટ કહેવું. वि-अप (व्यपदिशति-ते) બહાનું કાઢવું. सं (संदिशति-ते) १ સંદેશો કહેવો. २ બતાવવું, દાખવવું.

दिश् (दिश् क्विन्) स्त्री० क्-ग्. દિશા.

दिश (दिशति दिश क) त्रि० शः-शा-शं. १ બતાવનાર. २ વિષ્ણુ. [संज्ञा.

दिशस् (दिश कसुन्) स्त्री० शाः દિશા.(शः) દશની "यया दिशा धावति वेधसः स्पृहा" ॥ नैषधीयम् ॥

दिशा (दिश् टाप्) स्त्री० शा. દિશા.

दिशागज (दिशायां स्थितो गजः) पु० जः દિગ્ગજ.

दिशापाल (दिशां पालयति) पु० लः દિક્પાલ.

दिश्य (दिश् यत्) त्रि० श्यः-श्या श्यं. દિશામાં થનાર, દિશામાં હોનાર.

दिष्ट (दिश् क्त) त्रि० ष्टः-ष्टा-ष्टं. १ બતાવેલ, દેખાડેલ. २ દાખવેલ. ૩ સમજાવેલ. ४ ઉપદેશ કરેલ. [दाश हलद्दर.

दिष्ट (,,) पु० ष्टः १ સમય, કાલ. २

दिष्ट (,,) क्ली० ष्टं. દૈવ, શુભાશુભ કર્મ. [२ प्रारब्धनी समाप्ति.

दिष्टांत (दिष्टस्य अंतः) पु० तः १ મૃત્યુ, મરણ.

'दिष्टांतमाप्स्यति भवानपि पुत्रशोकात्'
रघुवंशम्.

दिष्टि (दिश् क्तिन्) स्त्री० ष्टिः १ સુખ, આનંદ, ખુશી. २ એક જાતનું માપ. ૩ ઉત્સવ. ४ કહેવું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે. ૫ ઉપદેશ. ૬ ભાગ્ય.
'राजकुले दिष्टिवृद्धिसंभ्रमो महानभूत्'
कादंबरी.

दिष्ट्या (दिशं स्त्यायति स्त्यै क्विप्) अव्य० ष्ट्या. ૧ સુખથી, આનંદથી, ખુશીથી. ૨ ખુશીમાં ૩ ભાગ્યવડે. [દેનાર, દાતા.

दिष्णु (दा गिष्णु) त्रि० ष्णुः-ष्णुः-ष्णु. આપનાર,

दिह् (अदा० उभय० अनिट् देग्धि-दिग्धे) ૧ વધારવું. ૨ જમાવવું. ૩ એકઠું કરવું. ૪ જમા કરવું. ૫ ચોપડવું, લીંપવું.

दी (दिवा० आत्म० अनिट् दीयते) થોડું થવું, ઓછું થવું, કમ થવું, ક્ષીણ થવું, ક્ષય પામવું.

दी (दी क्विप्) स्त्री० दीः क्षय, नाश.

दीक्ष् (भ्वा० पर० सेट् दीक्षति) ૧ મુંડન કરવું, ક્ષૌર કરવું. ૨ યજ્ઞ કરવો. ૩ દીક્ષા આપવી. ૪ ઉપદેશ કરવો. ૫ ધર્મ શીખવવો. ૬ ઇંદ્રિયનિગ્રહ કરવો. [મંત્રણ.

दीक्षण (दीक्ष् ल्युट्) क्ली० णं. ૧ દીક્ષા. ૨ અભિ-

दीक्षणीयेष्टि (दीक्षणीया इष्टिः) स्त्री० ष्टिः દીક્ષા લીધા અગાઉ જે ઇષ્ટિ થાય છે તે. ૨ દીક્ષા દેવા સાધનભૂત થયેલું બલિદાન વગેરે.

दीक्षा (दीक्ष अ टाप्) स्त्री० क्षा. ૧ દીક્ષા. ૨ યજ્ઞ કરવો તે. ૩ પૂજા. ૪ તપનું આચરણ કરવું તે. ૫ હોમવ્રત વગેરે. ૬ આરંભેલા કર્મના તેની સમાપ્તિ સુધી નિયમનો સ્વીકાર. ૭ ઉપદેશ દેવો તે, દીક્ષણ.

दीक्षागुरु (दीक्षायां गुरुः) पु० रुः મંત્રનો ઉપદેશક.

दीक्षांत (दीक्षायाः प्रधानयागस्य अंतः) पु० तः अवभृथ स्नान.

दीक्षायूप (दीक्षांगं यूपः) पु० क्ली० पः-पं. દીક્ષાના અંગમાં પશુ વગેરે બાંધવા માટે કરેલો કાષ્ઠનો યૂપ.

दीक्षित (दीक्ष क्त) त्रि० तः-ता-तं. ૧ જેણે સોમયજ્ઞ વગેરે કરેલ છે તે, હોમવ્રત વગેરે આરંભેલા કર્મની સમાપ્તિ પર્યંત જેણે તેના નિયમનો સ્વીકાર કરેલ છે તે. ૩ જેને દીક્ષા થયેલ છે તે.

दीक्षित (,,) पु० तः ૧ યજ્ઞમાં ઋત્વિજનું ટોળું. ૨ તપસ્વિનો શિષ્ય.

दीक्षितृ (दीक्ष तृच्) त्रि० ता-त्री-तृ. દીક્ષા આપનાર, ઉપદેશક, ગુરૂ. [કરેલું.

दीद (दी द) त्रि० द-दा-दं. ૧ નાશ કરતું. ૨ નાશ

दीदिवि (दिव क्विन्) त्रि० विः-विः-वि. ૧ ઉપર ચઢેલું. ૨ ઉપર ગયેલું. ૩ વારંવાર દીપતું.

दीदिवि (,,) पु० स्त्री० त्रि:-वि. ૧ ઉકાળેલા ઓખા. ૨ અન્ન. [આર્ય. ૨ સ્વર્ગ.

दीदेवि (,,) पु० विः બૃહસ્પતિ, સુરા-

दीधिति (दीधी क्तिच्) पु० तिः ૧ કિરણ. ૨ તેજ, પ્રકાશ. ૩ કાંતિ.
'पुपोष वृद्धिं हरिदश्वदीधितेः' रघुवंशम्.

दीधितिमत् (दीधिति मतुप्) पु० मान्. ૧ સૂર્ય. ૨ આકડાનું ઝાડ. [ખેલવું, ક્રીડવું.

दीधी (अदा० आत्म० सेट् दीधीते) ૧ પ્રકાશવું. ૨

दीन (दी क्त) त्रि० नः-ना-नं. ૧ ગરીબ. ૨ કંગાલ. ૩ દુઃખી. ૪ ભય પામેલું, બીનેલું.

दीन (दी नक्) क्ली० नं. તગર પુષ્પ.

दीनकं (दीन कन्) अव्य० कम्. ગરીબીથી, કંગાળીથી. [રીબ, દરિદ્ર, કંગાળ.

दीनचेतन (दीनं चेतनं यस्य) त्रि० नः-ना-नं. ગ-

दीनता (दीनस्य भावः तल्) स्त्री० ता. દીનપણું. દૈન્ય. [બ્દ જુઓ.

दीनत्व (दीनस्य भावः) क्ली० त्वं. ઉપલો શબ્દ

दीनमुख (दीनं मुखं यस्य) त्रि० खः-खी-खं. ગરીબડા મોંવાળું.

दीना (दीन टाप्) स्त्री० ना. ઉંદરડી.

दीनार (दी आरन् नुट्) पु० रः ૧ સોનાનો અલંકાર. ૨ સિક્કો. ૩ બત્રીશ ચણોઠી પ્રમાણનું એક નાણું. ૪ બત્રીશ રતીના પ્રમાણનું એક વજન. ૫ એકસો આઠ તોલાનું એક વજન.

दीप् (दिवा० आ० सेट् दीप्यते) તેજસ્વી થવું, પ્રકાશવું, ચળકવું. [ઝાડ.

दीप (दीप् णिच् अच्) पु० पः ૧ દીવો. ૨ ચિત્રાનું

दीपक (दीप् ण्वुल्) त्रि० कः-पिका-कं. ૧ પ્રકાશ કરનાર. ૨ દીપ્ત કરનાર. ૩ જઠરાગ્નિ દીપ્ત કરનાર. ૪ પુષ્ટિ કરવાવાળું. ૫ બાળનાર. ૬ ઉત્તેજન કરનાર.

दीपक (,,) पु० कः ૧ દીવો. ૨ જીરું. ૩ ચિત્રાનું ઝાડ. ૪ સીંચાણો પક્ષી. ૫ કેશર. ૬ કામદેવ. ૭ તે નામનો એક રાગ. ૮ એક જાતની વનસ્પતિ. ૯ મોરના માથા ઉપરની કલગી.

दीपक (,,) क्ली० कं. તે નામનો એક વાકયાલંકાર.

दीपकिट्ट (दीपस्य किट्टम्) क्ली० ट्टं. કાજળ.

दीपकूपी (दीपस्य कूपीव) स्त्री० पी. દીવાની વાટ, દીવાની બત્તી. [જુઓ.

दीपखोरी (दीपस्य खोरी) स्त्री० री. ઉપલો શબ્દ

दीपध्वज (दीपस्य ध्वज इव) पु० क्ली० जः-जं. दी-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

वानो झाड. [देवदारनुं झाड.
दीपतरु (दीपः दीपनकारकः तरुः) पु० रुः सरल, देवदारनुं झाड.
दीपतरु (दीपानां तरुः) पु० रुः दीवानुं झाड.
दीपन (दीप णिच् ल्यु) त्रि० नः-ना-नं. दीपक शब्द जुओ.
दीपन (,,) क्ली० नं. १ प्रदीप्त करवुं ते. २ उत्तेजन. ३ पाळवुं ते. ४ तगरनुं मूल. ५ केशर.
दीपन (,,) पु० नः १ एक जातनुं शाक. २ डुंगळी. ३ एक जातनुं झाड.
दीपनी (दीप् ल्युट् ङीष्) स्त्री० नी. १ झाडी. २ मेथी. ३ पहाडमूल. ४ यवानी.
दीपनीय (दीप् अनीयर्) त्रि० यः-या-यं. १ प्रदीप्त करवा योग्य. २ प्रकाश करवा लायक. ३ संतप्त करवा योग्य.
दीपनीय (,,) पु० यः शुंठ, पीपर, अने तीणानो जठराग्नि प्रदीप्त करे तेवो पदार्थ.
दीपपात्र (दीपस्य पात्रं) क्ली० त्रं. दीवानुं वासण.
दीपपादप (दीपस्य पादपः इव) पु० पः दीवा मुकवानी दीवी. २ शुभाद्यानी, चीरागद्यानी. ३ दीवानुं झाड. [सोनचंपानुं झाड.
दीपपुष्प (दीपः तत्कलिकेव पुष्पमस्य) पु० ष्पः
दीपभाजन (दीपस्य भाजनं) क्ली० नं. दीपपात्र शब्द जुओ.
दीपमाला (दीपानां माला) स्त्री० ला. दीपमाळ.
दीपयत् (दीप् शतृ) त्रि० यन्-यंती-यत्. १ प्रदीप्त करतुं. २ उत्तेजित करतुं. ३ प्रकाशित करतुं.
दीपवृक्ष (दीपस्य वृक्ष इव) पु० क्षः दीपपादप शब्द जुओ.
दीपशत्रु (दीपस्य शत्रुरिव) पु० त्रुः पतंगीओ.
दीपशिखा (दीपस्य शिखा) स्त्री० खा. १ दीवानी झाळ. २ झाळ. [हार, दीवानी पंक्ति.
दीपशृंखला (दीपानां शृंखलेव) स्त्री० ला. दीवानी
दीपसंज्ञ (दीप इति संज्ञा यस्य) पु० ज्ञः चीत्रानुं झाड.
दीपान्विता (दीपैरन्विता) स्त्री० ता. १ दीवानी हार. २ आश्विनवद अमावास्या. ३ कार्तिकवद अमावास्या, जे दिवसे कार्तिक स्वामीनी प्रीतिने अर्थे दीवानी पंक्ति सळगावे छे.
दीपावली (दीपानामावली) स्त्री० ली. उपरो शब्द जुओ. दीपाली. [दीप.
दीपिका (दीप् णिच् ण्वुल् टाप्) स्त्री० का. दीवो,
दीपित (दीप् क्त) त्रि० तः-ता-तं. १ प्रदीप्त करेलुं. २ प्रकाशित करेलुं. ३ संतप्त करेलुं.
दीपितृ (दीप् तृच) त्रि० ता-त्री-तृ. १ प्रदीप्त करनार. २ प्रकाशित करनार. ३ स्पष्ट करनार. ४ उधाडुं करनार.
दीप्त (दीप् क्त) त्रि० प्तः-प्ता-प्तं. १ प्रकाशेलुं. २ बळेलुं. ३ तेजस्वी. ४ प्रकाशमान्. ५ बळतुं.

ततः शकुनयो दीप्ता मृगाश्च क्रूरभाषिणः ।
दीप्तायां दिशि भाषन्तो भयमावेदयन्ति मे ॥
॥ हरिवंशम् ॥

दीप्त (दीप् क्त) क्ली० प्तं. १ सोनुं. २ हींग.
दीप्त (,,) पु० प्तः १ सिंह. २ नागुं लिंबु. ३ एक जातनो नासिकानो रोग.
दीप्तक (दीप्त कन्) क्ली० कं. सोनुं. [णवी.
दीप्तजिह्व (दीप्ता जिह्वा यस्याः) स्त्री० ह्वा. शिया-
दीप्तपिंगल (दीप्तः पिङ्गलश्च दीप्तं [स्वर्णं] तद्वत् पिंगलो वा) पु० लः सिंह. [झीडो.
दीप्तरस (दीप्तः रसो यस्य) पु० सः एक जातनो
दीप्तलोचन (दीप्ते लोचने यस्य) पु० नः णीलाडो.
दीप्तलोह (दीप्तं लोहं) क्ली० हं. १ कांसुं. २ टीपेलुं लोहुं. [२ भोर.
दीप्ताक्ष (दीप्ते अक्षिणी यस्य) पु० क्षः १ णीलाडो.
दीप्ताग्नि (दीप्तः अग्निर्यस्य) पु० ग्निः अगस्त्य ऋषि.
दीप्ताग्नि (,,) त्रि० ग्निः-ग्निः-ग्नि. १ जेनो प्रदीप्त थयेल छे ते. २ प्रकाशवाळुं. ३ अग्निजेवुं संतप्त.
दीप्ताग्नि (दीप्तः अग्निः) पु० ग्निः दीपेलो अग्नि.
दीप्तांग (दीप्तमंगं यस्य) पु० गः भोर, मयूर.
दीप्ति (दिप् क्तिन्) स्त्री० प्तिः १ तेज, कांति. २ शोभा. ३ अभिव्यक्ति. ४ प्राणुनुं चपल जवुं ते. ५ स्त्रीनी सुंदरता.
दीप्ति (दीप् क्तिच्) स्त्री० प्तिः १ लाख. २ कांसुं.
दीप्ति (,,) पु० प्तिः विश्वदेवनो भेद.
दीप्तिक (दीप्त्या कायति कै क) पु० कः एक जातनुं झाड. दुग्धपाषाण.
दीप्तिमत् (दीप्ति मतुप्) त्रि० मान्-मती-मत्. १ चळकाटवाळुं. २ प्रकाशवाळुं. ३ तेजस्वी. ४ कांतिवाळुं.
दीप्तिमत् (,,) पु० मान्. सत्यभामानो पेटे कृष्णथी पेदा थयेल पुत्र. [एक तीर्थ.
दीप्तोद (दीप्तं उदकं यत्र) क्ली० दं ते नामनुं
दीप्तोपल (दीप्तः सूर्यकरसंसर्गाज्ज्वलित उपलः) पु० लः सूर्यकांत मणि.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

दीप्त्य (दीप्त्यै हितं यत्) त्रि० प्त्यः-प्त्या-प्त्यं. दीप्ति माटे हितकारक.

दीप्य (दीप्याय अग्निदीप्त्यै हितं) क्ली० प्यं. १ જી રૂ. २ यभानी, अजमोद. [જુઓ.

दीप्य (दीप् यत्) त्रि० प्यः-प्या-प्यं. दीपनीय शब्द

दीप्यक (दीप्य कन्) पु० कः १ अजमोदा, वनस्पति. २ मयूरशिखा. ३ तगरनुं आऽ. ४ लींपुडीनुं आऽ.

दीप्यका (दीप्य कन् टाप) स्त्री० का. अजमोदा.

दीप्यमान (दीप शानच्) त्रि० नः-ना-नं. दीप्तिमत् शब्द જુઓ.

दीप्र (दीप् र) त्रि० प्रः-प्रा-प्रं. ચળકતું, प्रકાશમાન पु० प्रः अग्नि, देवता.

दीर्घ (दृ घङ्) पु० र्घः લંબાઇ. २ व्याકરણપ્રસિદ્ધ द्विमात्रयुत अક્ષર. ३ सागनुं आऽ. ४ सिंह, કન્યા, तुला, वृश्चिक, એ चारमांथी प्रत्येક. ५ रामબાણ. ६ ઉંટ. ७ नाળीએરનું आऽ.

दीर्घ (,,) त्रि० र्घः-र्घा-र्घं. लांबुं, લંબાઇવાળું. [જુઓ.

दीर्घक (दीर्घ कन्) पु० कः पुंछिगी दीर्घ शब्द

दीर्घकणा (दीर्घाः कणाः यस्या) स्त्री० णा. धोળું જીરું. [आऽ.

दीर्घकंटक (दीर्घः कंटको यस्य) पु० कः બાવળનું

दीर्घकंठ (दीर्घः कंठो यस्य) पु० ठः १ બગલો. २ ते नामनो એક દાનવ.

दीर्घकंद (दीर्घः कंदो यस्य) पु० दः भूળो.

दीर्घकंदिका (दीर्घकन्दक टाप्) स्त्री० का. मुशળी.

दीर्घकंधर (दीर्घः कंधरो यस्य) पु० रः બગલો.

दीर्घकंधर (दीर्घश्चासौ कंधरश्च) पु० रः લાંબી ડોક.

दीर्घकांड (दीर्घः कांडो यस्य) पु० डः એક જાતનું तृण.

दीर्घकाल (दीर्घः कालः) पु० लः લાંબો વખત.

दीर्घकील (दीर्घः कीलो यत्र) पु० लः અંકોટ वृक्ष.

दीर्घकील (दीर्घः कीलः) पु० क्ली० लः-लं. લાંબો ખીલો. [થતી એક જાતની शाળ.

दीर्घकूर (दीर्घं कूरं) क्ली० रं. आंध्रदेशमां पेदा

दीर्घकेश (दीर्घः केशो यस्य) पु० शः રીંછ.

दीर्घकेश (दीर्घाः केशा यस्य) त्रि० शः-शा-शं. લાંબા કેશવાળું. [જાતનો मत्स्य.

दीर्घकोषिका (दीर्घः कोषो यस्याः) स्त्री० का. એક

दीर्घगति (दीर्घा गतिरस्य) पु० तिः ઉંટ, ઉષ્ટ્ર.

दीर्घग्रंथि (दीर्घा ग्रंथिरस्याः) स्त्री० थिः ગજપીપર. गजपिप्पली.

दीर्घग्रीव (दीर्घा ग्रीवा यस्य) पु० वः १ બગલો ૫ક્ષી. २ ઉંટ.

दीर्घग्रीव (,,) त्रि० कः-वा-वं. લાંબી ડોકવાળું. [ઉંટ.

दीर्घघाटिक (दीर्घा घाटाऽस्त्यस्य ठन्) पु० कः

दीर्घचंचु (दीर्घा चंचुरस्य) पु० चुः એક જાતનું પક્ષી. पारस्कर.

दीर्घचंचु (दीर्घा चंचुः) स्त्री० चुः લાંબી ચાંચ.

दीर्घच्छद (दीर्घाश्छदा यस्य) पु० दः १ शेलडी. २ सागनुं आऽ. [मत्स्य.

दीर्घजंगल (दीर्घः जंगलः) पु० लः એક જાતનો

दीर्घजंघ (दीर्घा जंघा यस्य) पु० घः ઉંટ, ઉષ્ટ્ર.

दीर्घजंघ (,,) त्रि० घः-घा-घं. લાંબી જાંઘવાળું.

दीर्घजिह्व (दीर्घा जिह्वा यस्य) पु० ह्वः १ सर्प, साप. २ दानवભેદ. ३ ते नामनो એક राक्षस. ४ ते नामनो કુમારનો એક अनुચર.

दीर्घजिह्व (,,) त्रि० ह्वः-ह्वा-ह्वं. લાંબી જીભવાળું. [જીભ.

दीर्घजिह्वा (दीर्घा चासौ जिह्वा च) स्त्री० ह्वा. લાંબી

दीर्घजिह्वी (दीर्घजिह्व ङीप्) स्त्री. ह्वी. सापણ, सर्पણ. [ળ सुधी જીવનાર.

दीर्घजीव (दीर्घं जीवति) त्रि० वः-वा-वं. લાંબા કાળ-

दीर्घजीविन् (दीर्घं जीवति जीव् णिनि) त्रि० वी-विनी-वि. ઉપલો शब्द જુઓ.

दीर्घतंतु (दीर्घाः तन्तवः स्तुतयः यस्य, दीर्घः तंतुः वा.) पु०-तुः. १ જેમની स्तुति ઘણી થાય છે એવા देवादिक. २ લાંબો तंतु.

दीर्घतपस् (दीर्घं तपो यस्य) पु०पाः. १ इक्ष्वाकु राजाना वंशमां પેદા થયેલ चंद्रवंशनो એક राजा. २ गौतम. [उतथ्य ऋषिनो पुत्र.

दीर्घतमस् (दीर्घतमो तमोगुणो यस्य) पु० माः.

ऋषिर्दीर्घतमा नाम जात्यन्धो गुरुशापतः।
त्वत्प्रसादाच्च चक्षुष्मांस्तेन सत्येन मोक्षय" ॥
॥ हरिवंशम् ॥

दीर्घतरु (दीर्घः तरुः) पु० रुः १ ताऽनुं आऽ. २ લાંબું आऽ, ઉંચું आऽ. [आई. दीर्घत्व, दैर्घ्य.

दीर्घता (दीर्घस्य भावः) क्ली० ता. લાંબापણुं, લંબाई.

दीर्घतिमिषा (दीर्घतिम किषन् टाप्) स्त्री० षा. झाऽडी. [મુખવાળું.

दीर्घतुंड (दीर्घं तुंडं यस्य) त्रि० डः-डा-डं. લાંબા-

दीर्घतुंड (दीर्घं च तत्तुंडं च) क्ली० डं. લાંબું મુખ.

दीर्घतुंडा (दीर्घं तुंडमस्याः) स्त्री० डा. छछुंदर.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

दीर्घदंड (दीर्घो दंड इव कांडेन) पु० डः. १ એરંડાનું ઝાડ. २ તાડનું ઝાડ. ३ રોહીડાનું ઝાડ.

दीर्घदंडक (दीर्घदंड कन्) पु० कः. ઉપલો શબ્દ જુઓ. [दर्शीपणुं.

दीर्घदर्शिता (दीर्घदर्शिनो दर्भावः) स्त्री० ता. दीर्घ-

दीर्घदर्शित्व (,,) क्ली० त्वं. ઉપલો શબ્દ જુઓ.

दीर्घदर्शिन् (दीर्घ दृश णिनि) पु० र्शी. १ ભાવિ કાર્ય જાણનારો. २ પંડિત. ३ ગીધપક્ષી. ४ રીંછ.

दीर्घदर्शिन् (,,) त्रि० र्शी-र्शिनी-र्शि. જેની દૃષ્ટિ લાંબી હોય તે. [શબ્દ જુઓ.

दीर्घदृष्टि (दीर्घा दृष्टिर्यस्य) त्रि० ष्टिः-ष्टिः-ष्टि. ઉપલો-

दीर्घदृष्टि (दीर्घा दृष्टिरस्य) पु० ष्टिः १ ભાવિ કાર્ય જાણનારો. २ પંડિત.

दीर्घदृष्टि (दीर्घा दृष्टिः) स्त्री० ष्टिः લાંબી નજર.

दीर्घद्रु (दीर्घः द्रुः) पु० द्रुः તાડનું ઝાડ.

दीर्घद्रुम (दीर्घः द्रुमः) पु० मः. શીમળાનું ઝાડ.

दीर्घनाद (दीर्घो विस्तीर्णो नादो यस्य) पु० दः शंખ.

दीर्घनाद (दीर्घश्चासौ नादश्च) पु० दः લાંબો નાદ.

दीर्घनाद (दीर्घो नादो यस्य) त्रि० दः-दा-दं. ઘણા કાળસુધી જેનો નાદ રહે તે, લાંબા અવાજ વાળું. [तृण.

दीर्घनाल (दीर्घं नालं यस्य) पु० लः એક જાતનું

दीर्घनास (दीर्घो नासा यस्य) त्रि० सः-सा-सं. લાંબા નાકવાળું. [નાક.

दीर्घनासा (दीर्घा चासौ नासा च) स्त्री० सा. લાંબું

दीर्घनिद्रा (दीर्घा निद्रा) स्त्री० द्रा. १ લાંબી ઉંઘ. २ મૃત્યુ.

" सोऽस्य मत्कार्मुकाक्षेपविदीपितदिगन्तरैः ।
शरैर्विभिन्नसर्वाङ्गो दीर्घनिद्रां प्रवेक्ष्यति "

॥ मार्कण्डेयपुराणम् ॥

दीर्घनिश्वास (दीर्घः निश्वासः) पु० सः લાંબો નિશ્વાસ. [પક્ષી.

दीर्घपक्ष (दीर्घौ पक्षौ यस्य) पु० क्षः એક જાતનું

दीर्घपक्ष (दीर्घश्चासौ पक्षश्च) पु० क्षः લાંબી પાંખ.

दीर्घपक्ष (दीर्घौ पक्षौ यस्य) त्रि० क्षः-क्षा-क्षं. લાંબી પાંખવાળું. [का. એક જાતનો વેલો.

दीर्घपटोलिका (दीर्घा पटोलिका पटली कन्) स्त्री०

दीर्घपत्र (दीर्घाणि पत्राण्यस्य) पु० त्रः १ લસણનું ઝાડ. २ દર્ભની એક જાતિ. ३ તાડનું ઝાડ. ४. કુપિલુનું ઝાડ.

दीर्घपत्र (दीर्घं पत्रं यस्मिन्) त्रि० त्रः-त्रा-त्री-त्रं. લાંબા પાંદડાવાળું.

दीर्घपत्र (दीर्घं च तत्पत्रं च) क्ली० त्रं. લાંબું પાંદડું.

दीर्घपत्रक (दीर्घं पत्रं कन्) पु० कः १ રાતા લસણનું ઝાડ. २ એરંડાનું ઝાડ. ३ કેરડાનું ઝાડ. ४ હિજ્જલનું ઝાડ. ५ જલમધૂંકનું ઝાડ. ६ વેતસનું ઝાડ.

दीर्घपत्रा (दीर्घाणि पत्राण्यस्याः) स्त्री० त्रा. १ કેતકીનું ઝાડ. २ કેળનું ઝાડ. ३ કેરડું.

दीर्घपत्रिका (दीर्घपत्र कन् टाप्) स्त्री० का. ધોળી વજ. २ કેરડું. [ઝાડ.

दीर्घपर्णी (दीर्घं पर्णमस्याः) स्त्री० र्णी. પૃશ્નિપર્ણીનું

दीर्घपल्लव (दीर्घः पल्लवो यस्य) पु० वः શણનું ઝાડ.

दीर्घपल्लव (,,) त्रि० वः-वा-वं. લાંબા પલ્લવવાળું. [પલ્લવ.

दीर्घपल्लव (दीर्घः पल्लवः) पु० क्ली० वः-वं. લાંબું

दीर्घपाद् (दीर्घः पादो यस्य) त्रि० त्-द् લાંબા પગવાળું.

दीर्घपाद (दीर्घौ पादौ यस्य) पु० दः કંકપક્ષી.

दीर्घपादप (दीर्घः पादपः) पु० पः १ તાડનું ઝાડ. २ સોપારીનું ઝાડ. ३ લાંબું ઝાડ.

दीर्घपृष्ठ (दीर्घं पृष्ठमस्य) पु० ष्ठः साप, सर्प.

दीर्घपृष्ठी (दीर्घपृष्ठ ङीप्) स्त्री० ष्ठी. सापण, सर्पिण.

दीर्घप्रज्ञ (दीर्घा प्रज्ञा यस्य) पु० ज्ञः દ્વાપરયુગમાં વૃષપર્વાસુરનો અવતાર. २ લાંબી બુદ્ધિવાળો.

दीर्घफल (दीर्घाणि फलान्यस्य) पु० लः ગરમાળાનું ઝાડ. [ઝાડ.

दीर्घफलक (दीर्घफल कन्) पु० कः અગથીઆનું

दीर्घफलिका (दीर्घाणि फलान्यस्याः) स्त्री० का. १ એક જાતની દ્રાક્ષ. २ જતુકા.

दीर्घबाली (दीर्घः बालः केशः यस्याः) स्त्री० ली. ચમરી ગાય [એક શિવનો અનુચર.

दीर्घबाहु (दीर्घौ बाहू यस्य) पु० हुः તે નામનો

दीर्घबाहु (दीर्घौ बाहू यस्य) त्रि० हुः-हुः-हु. લાંબા હાથવાળું, જેના લાંબા હાથ છે તે.

' दीर्घबाहुर्दिलीपस्य रघुर्नाम्नाऽभवत्सुतः '

हरिवंशम्.

दीर्घबाहु (दीर्घश्चासौ बाहुश्च) पु० हुः લાંબો હાથ.

दीर्घभुज (दीर्घश्चासौ भुजश्च) पु० जः લાંબો હાથ, લાંબો ભુજ. [ક શિવાનુચર

दीर्घभुज (दीर्घौ भुजौ यस्य) पु० जः તે નામનો એ-

दीर्घमारुत (दीर्घो मारुतो वेगवायुरस्य) पु० तः હાથી, હસ્તી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

दीर्घमारुती (दीर्घमारुत ङीप्) स्त्री० ती. હાથણી.
दीर्घमुख (दीर्घं मुखं यस्य) त्रि० खः-खी-खं. લાંબા મુખવાળું; જેનું મોં લાંબું છે તે.
दीर्घमुख (दीर्घं च तन्मुखं च) क्ली० खं. લાંબું મુખ, લાંબું મોઢું.
दीर्घमुखी (दीर्घं मुखमस्याः) स्त्री० खी. છછુંદર.
दीर्घमूल (दीर्घं च तन्मूलं च) क्ली० लं. લાંબું મૂળ.
दीर्घमूल (दीर्घं मूलं यस्य) त्रि० लः-ली-लं. લાંબા મૂળવાળું, જેનું મૂળ લાંબું હોય છે તે.
दीर्घमूल (दीर्घं मूलमस्य) पु० लः १ એક જાતનું બીલીનું ઝાડ. २ વનસ્પતિ ધમાસો. [જાલુ.
दीर्घमूल (,,) क्ली० लं. વનસ્પતિ લા-
दीर्घमूला (दीर्घं मूलमस्याः) स्त्री० ला. १ વનસ્પતિ शालपर्णी. २ स्याभलता.
दीर्घमूली (दीर्घं मूलमस्याः ङीप्) स्त्री० ली. વનસ્પતિ ધમાસો. દુરાલભા.
दीर्घयज्ञ (दीर्घः बहुकालव्यापको यज्ञो यस्य) त्रि० ज्ञः-ज्ञा-ज्ञं. १ ઘણા કાળસુધી યજ્ઞ કરનાર. २ દ્વાપર યુગમાં અયોધ્યાના રાજાઓનો એક ભેદ.

अयोध्यायां तु धर्मज्ञं दीर्घयज्ञं महाबलम् ।
अजयत् पाण्डवश्रेष्ठो नातितीव्रेण कर्मणा ॥
महाभारतम् ॥

दीर्घरत (दीर्घं रतं यस्य) पु० तः હુડ્ડર, ભૂંડ.
दीर्घरद (दीर्घो रदोऽस्य) पु० दः ઉપલો શબ્દ જુઓ.
दीर्घरद (दीर्घश्चासौ रदश्च) पु० दः લાંબો દાંત.
दीर्घरद (दीर्घो रदो यस्य) त्रि० दः-दा-दं. લાંબા દાંતવાળું, જેને દાંત લાંબો હોય છે તે.
दीर्घरदी (दीर्घरद ङीप्) स्त्री० दी. ભૂંડણ, હુડ્ડર-ની સ્ત્રી.
दीर्घरसन (दीर्घा रसनाऽस्य) पु० नः સર્પ, સાપણ.
दीर्घरसन (दीर्घा रसना यस्य) त्रि० नः-ना-नं. લાંબી જીભવાળું, જેને જીભ લાંબી હોય છે તે.
दीर्घरसना (दीर्घा चासौ रसना च) स्त्री० ना. લાંબી જીભ. [સર્પણ.
दीर्घरसनी (दीर्घरसन ङीप्) स्त्री० नी. સાપણ,
दीर्घरागा (दीर्घो बहुकालस्थायी रागो रंजनमस्याः) स्त्री० गा. હલદર.
दीर्घरात्र (दीर्घा बह्व्यो रात्रयो वर्तंतेऽत्र) क्ली० त्रं. લાંબો વખત, ઘણો સમય.
दीर्घरात्र (दीर्घा चासौ रात्रिश्च) पु०तः લાંબી રાત.
दीर्घरोमन् (दीर्घाणि रोमाण्यस्य) पु० मा. १ રીંછ. २ धृतराष्ट्रनो એક પુત્ર. ३ शिवनो એક अनुचर.
दीर्घरोहिषक (दीर्घरोहिष कन्) क्ली० कं. એક જાતનું તૃણ.
दीर्घलोचन (दीर्घमायतं लोचन यस्य) त्रि० नः-ना-नं. લાંબી આંખવાળું, જેને લાંબાં નેત્ર છે તે.
दीर्घलोचन (दीर्घं च तल्लोचनं च) क्ली० नं. લાંબી આંખ. [૫૩. नलतृण.
दीर्घवंश (दीर्घो वंश इव) पु० शः એક જાતનું
दीर्घवंश (दीर्घश्चासौ वंशश्च) पु० शः લાંબો વંશ, લાંબી પહેલી. संततकुल. [હરતી.
दीर्घवक्त्र (दीर्घं वक्त्रमस्य) पु० क्त्रः હાથી,
दीर्घवक्त्र (दीर्घं च तद्वक्त्रं च) क्ली० क्त्रं. લાંબું મુખ, લાંબું મોઢું.
दीर्घवक्त्र (दीर्घं वक्त्रं यस्य) त्रि० क्त्रः-क्त्रा क्त्रं. લાંબા મુખવાળું, લાંબું જેને મુખ છે તે.
दीर्घवक्त्री (दीर्घं वक्त्र ङीप्) स्त्री० क्त्री. હાથણી.
दीर्घवच्छिका (दीर्घवत् दीर्घेण तुल्यं शीकते सिञ्चति शीक क) स्त्री० का. એક જાતનો મોટો मत्स्य. [વર્ષા.
दीर्घवर्ण (दीर्घश्चासौ वर्णश्च) पु० र्णः બે માત્રાનો
दीर्घवर्षाभू (दीर्घा वर्षाभूः) पु० स्त्री० भूः-भूः વનસ્પતિ, ધોળી સાટોડી. श्वेतपुनर्नवा.
दीर्घवल्ली (दीर्घा चासौ वल्ली च) स्त्री० ल्ली. લાંબો વેલો. [તાડનું ઝાડ.
दीर्घवृक्ष (दीर्घः वृक्षः) पु० क्षः १ સાગનું ઝાડ. २
दीर्घवृंत (दीर्घं वृन्तमस्य) पु० तः સ્યોનાકવૃક્ષ.
दीर्घवृंतक (,,) पु० कः ઉપલો શબ્દ જુઓ. [પર્ણી.
दीर्घवृंतिका (दीर्घवृंत कन् टाप्) स्त्री० का. એલા-
दीर्घशाख (दीर्घा शाखाऽस्य) पु०खः. સાગનું ઝાડ.
दीर्घशाखिका (दीर्घा शाखा यस्याः) स्त्री० का. વનસ્પતિ રાસ્ના. [છીકનીનું ઝાડ. क्षव.
दीर्घशिंबिका (दीर्घा शिंबा यस्य) स्त्री० का. નાક-
दीर्घशूक (दीर्घः शूकोऽग्रमस्य) पु० कः એકજા-તની શાળી. [અન્ન. राजान्न.
दीर्घशूककक (दीर्घशूक कप्) पु० कः એક જાતનું
दीर्घसत्र (दीर्घं सत्रम्) क्ली० त्रं. બહુ કાલ ચાલે તેવો યજ્ઞ.
दीर्घसत्रिन् (दीर्घं सत्रमस्त्यस्य इनि) त्रि० त्री-त्रि-णी-त्रि. બહુ કાલ ચાલે તેવો યજ્ઞ કરનાર.
दीर्घसुरत (दीर्घं सुरतमस्य) पु० तः કૂતરો.
दीर्घसुरत (दीर्घं च तत्सुरतं च) क्ली० तं. લાંબો કાલ ચાલે તેવું સુરત.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

दीर्घसुरती (दीर्घसुरत ङीष्) स्त्री० ती. કૂતરી. शुनी.

दीर्घसूत्र (दीर्घेण चिरकालेन सूत्रमीप्सितव्यापारो यस्य) त्रि० त्रः-त्रा-त्रं. थोडा કામમાં વિશેષ વેળા લગાડનાર.

दीर्घसूत्रता (दीर्घसूत्रस्य भावः) स्त्री० ता. थोडा કામમાં વિશેષ વેળા લગાડવી તે.

दीर्घसूत्रत्व (,,) क्ली० त्वं. ઉપલો શબ્દ જુઓ. [दीर्घसूत्र शब्द જુઓ.

दीर्घसूत्रिन् (दीर्घसूत्र इनि) त्रि० त्री-त्रिणी-त्रि. "अयुक्तः प्राकृतः स्तब्धः शठो नैकृतिकोऽलसः । विषादी दीर्घसूत्री च कर्ता तामस उच्यते" ॥ भगवद्गीता ॥

दीर्घस्कंध (दीर्घः स्कंधोऽस्य) पु० धः તાડનું ઝાડ.

दीर्घस्वर (दीर्घश्चासौ स्वरश्च) पु० रः. લાંબો સ્વર, ઊંચો સ્વર.

दीर्घा (दीर्घ टाप्) स्त्री० र्घा. પૃશ્નિપર્ણી.

दीर्घाकुर (दीर्घः अंकुरः यस्य) पु० रः એક જાતની શાળી. [લાંબો રસ્તો ચાલનાર.

दीर्घाध्वग (दीर्घं अध्वन् गम् ड) त्रि० गः-गा-गं.

दीर्घाध्वग (दीर्घं अध्वानं गच्छति गम् ड) पु० गः १ ઉંટ. ૨ જાસુદ, ઝાસદ. ૩ ખેપીઓ. ૪ ટપાલીઓ. [રસ્તો.

दीर्घाध्वन् (दीर्घश्चासावध्वा च) पु० ध्वा. લાંબો

दीर्घायुध (दीर्घं दंतरूपमायुधं यस्य) पु० धः ડુક્કર, ભૂંડ.

दीर्घायुध (दीर्घं च तदायुधं च) क्ली० धं. ભાલો, બરછી, વિગેરે લાંબું આયુધ.

दीर्घायुष्य (दीर्घमायुष्यं यस्य) त्रि० ष्यः-ष्या-ष्यं. લાંબી આવરદાવાળું, લાંબો વખત જીવનાર.

दीर्घायुष्य (दीर्घमायुष्यमस्य) पु० ष्यः १ श्वेतभंडारनुं ઝાડ. ૨ માર્કંડેય મુનિ. [આવરદા.

दीर्घायुष्य (दीर्घं च तदायुष्यं च) क्ली० ष्यं. લાંબું

दीर्घायुस् (दीर्घमायुरस्य) पु० युः १ માર્કંડેય મુનિ. ૨ શ્વેતભંડારનું ઝાડ. ૩ કાગડો. ૪ જીવક વૃક્ષ.

दीर्घायुस् (दीर्घमायुर्यस्य) त्रि० युः-युः-युः લાંબી આવરદાવાળું, લાંબો વખત જીવનારૂં.

दीर्घालर्क (दीर्घोऽलर्क इव) पु० कः શ્વેતભંડારનું ઝાડ. [ભોસમ. निदाघकाल.

दीर्घाह्न (दीर्घाण्यहानि यस्मिन्) पु०ह्ना. ઉનાળાની

दीर्घिका (दीर्घैव दीर्घा कन्) स्त्री० का. १ એક જાતનું જલાશય, વાવ. ૨ જલાશય.

दीर्घेर्वारु (दीर्घा इर्वारुः) पु० रुः એક જાતનો છોડવો. ડફુરી.

दीर्ण (दृ क्त) त्रि० र्णः-र्णा-र्णं. ૧ ફાડેલું. ૨ બીનેલું, ભય પામેલું. [૨ ફાડવું તે.

दीर्ण (,,) क्ली० र्णं. ૧ ભય, બ્હીક.

दोर्वि (,,) पु० विः બાજપક્ષી.

दीर्स (दीर्स्यति दी क्विप् सो क) त्रि० सः-सा-सं. ક્ષયનો નાશ કરનાર.

दु (भ्वा० पर० अनिट् दवति) જવું, ગમન કરવું.

दु (स्वा० पर० अनिट् दुनोति) ૧ તૃપ્ત કરવું. ૨ દુઃખ દેવું. ૩ દુઃખ ભોગવવું. ૪ પીડવું.

'वर्णप्रकर्षे सति कर्णिकारं दुनोति निर्गन्धतया स्म चेतः' कुमारसंभवम्.

दुःकर्ण (दुष्टौ कर्णावस्य) पु० र्णः ધૃતરાષ્ટ્રનો તે નામનો એક પુત્ર.

दुःख् (कंड्वा० पर० सेट् दुःख्यति) દુઃખ કરવું.

दुःख् (चुरा० पर० सेट् दुःखयति) દુઃખ દેવું, પીડવું.

दुःख (दुष्टानि खानि यस्मिन्, दुष्टं खनति खन ड, दुःख अच् वा) क्ली० खं. ૧ દુઃખ, પીડા, ૨ રજોગુણથી પેદા થયેલ ચિત્તધર્મનો એક ભેદ. ૩ આત્મધર્મનો એક ભેદ. [નાર, પીડા કરનાર.

दुःखकर (दुःखं करोति) त्रि० रः-री-रं. દુઃખ કર-

दुःखग्राम (दुःखानां ग्रामोऽत्र) पु० मः સંસાર.

दुःखग्राम (दुःखानां ग्रामः) पु० मः દુઃખનો સમુદાય. [છેદાય તેવું.

दुःखच्छिन्न (दुःखेन छिन्नम्) त्रिः न्नः-न्ना-न्नं. દુઃખથી

दुःखजात (जातं दुःखमस्य) त्रि०तः-ता-तं- જેને દુઃખ પેદા થયેલ છે તે. [દાય.

दुःखजात (दुःख जात) क्ली० तं. દુઃખનો સમુ-

दुःखत्रय (दुःखानां त्रयं) क्ली० यं. અધ્યાત્મ, અધિભૂત અને અધિદૈવ નામનાં ત્રણ દુઃખ.

दुःखदिर (दुष्टः खदिरः) पु० रः એક જાતના ખેરનું ઝાડ. મહાસાર, દુષ્ખદિર.

दुःखदोह्या (दुःखेन दोह्या) स्त्री० ह्या. મુશ્કેલાઇથી દોવાય તેવી ગાય.

दुःखशील (दुःखं शीलयति शील अण्) त्रि० लः-ला-लं. દુઃખનો અનુભવ કરનાર.

'कामेकपत्नीव्रतदुःखशीलाम्' ॥ कुमारसंभवम् ॥

दुःखसागर (दुःखस्य सागर इव) पु० रः મૃત્યુલોક, સંસાર, દુઃખના દરીઆ જેવું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

दुःखित (दुःख इतच्) त्रि० तः-ता तं. दुःખी, दुःખ પામેલું.
'दुखिता यत्र दृश्येरन् विकृताः पापकारिणः'
मनुः
दुःखित (,,) क्ली० तं. दुःખ, પીડા, કષ્ટ.
दुःखिन् (दुःख इनि) त्रि० खी-खिनी-खि. दुःખी, પીડા પામેલું.
दुःशकुन (दुष्टं शकुनं) क्ली० नं. ખરાબ शકુન.
दुःशला ( ) स्त्री. ला. धृतराष्ट्रनी ते नामनी એક કન્યા.
दुःशासन (दुःखेन शिष्यतेऽसौ शास् युच्) त्रि० नः-नी-नं. મુશ્કેલાઇથી જેનું शासन થાય છે તે. दुश्शासन.
दुःशासन (दुःखेन शिष्यतेऽसौ शास् युच्) पु० नः धृतराष्ट्रना दुर्योधन વગેરે પુત્રમાંહેથી તે નામનો તેનો એક પુત્ર.
दुःशील (दुष्टं शीलमस्य) त्रि० लः-ला-लं. १ ખરાબ शीलવાળું. २ ખરાબ વર્ત્તણૂકવાળું.
दुःशोध (दुर् शुध् खल्) त्रि० धः-धा-धं. १ મુશ્કેલાઇથી शोધાય તેવું. २ દુઃખથી પ્રતીકાર થાય તેવું.
दुःसन्धि (दुष्टः सन्धिः) पु० न्धिः અયોગ્ય સલાહ.
दुःसमम् (दुष्टं सममत्र) अव्य०म्. બરોબર રીતે નહિ, ભાયક રીતે નહિ, યોગ્ય રીતે નહિ.
दुःसूति (दुष्टः सूतिः) पु० तिः દુષ્ટ પુત્ર.
दुःसंधान (दुःखेन संधीयतेऽसौ) त्रि० नः-ना-नं મુશ્કેલાઇથી એકઠું કરવા યોગ્ય, દુઃખે કરી સંધિ કરવા લાયક.
"मृद्घटवत्सुखभेद्यो दुःसन्धानश्च दुर्जनो भवति ।
सुजनस्तु कनकघटवद्दुर्भेद्यश्चाशु सन्धेयः ॥
दुःसम (दुष्टं सममत्र) त्रि० मः-मा.मं. ગેરવાજબી, અયોગ્ય.
दुःसह (दुःखेन सह्यतेऽसौ) त्रि० हः-हा-हं. મુશ્કેલાઇથી ખમાય તેવું सहन મુશ્કેલાઇથી થાય તેવું.
" भवत्यनिष्टादपि नाम दुःसहात् " ॥ कुमारसंभवम् ॥
दुःसहा (,,) स्त्री० हा. નાગદમની.
दुःसक्थिः (दुष्टं सक्थि यस्य) त्रि० क्थिः-क्थिः-क्थि. ખરાબ સાથળવાળું. दुःसक्थ.
दुःसाधिन् (दुष्टं साधयति साध् णिनि) पु० धी. ચોકીદાર, પેહેરેગીર.
दुःसाध्य (दुःखेन साध्यं) त्रि० ध्यः-ध्या-ध्यं. १ दुःખથી સધાય તેવું. २ મુશ્કેલાઇથી પૂરું થાય એવું.
दुःसाध्य.

दुःस्त्री (दुष्टा स्त्री.) स्त्री० स्त्री. નઠારી સ્ત્રી.
दुःस्त्रीता (दुष्टस्त्रिया भावः) स्त्री० ता. દુષ્ટ સ્ત્રીપણું. दुःस्त्रीत्व.
दुःस्थ (दुष्टं तिष्ठति स्था क) त्रि० स्थः-स्था-स्थं. १ ગરીબ, કંગાલ. २ લુચ્ચું. ३ દુર્ગત. ४ ખરાબ સ્થિતિવાળું. ५ દુષ્ટ રીતે રહેલું. ६ મૂર્ખ. ७ અજાણ્યું. ८ દુર્દશામાં આવેલું.
'दुःस्थं तिष्ठसि यच्च पथ्यमधुना कर्तास्मि तच्छ्रोष्यसि'
॥ अमरुशतकम् ॥
दुःस्थिति (दुष्टा स्थितिः) स्त्री० तिः ખરાબ સ્થિતિ, દુર્ગતિ.
दुःस्पर्श (दुःखेन स्पृश्यतेऽसौ) त्रि० र्शः-र्शा-र्शं. १ મુશ્કેલાઇથી અડકાય તેવું. २ અડકવાને અયોગ્ય.
दुःस्पर्शा (,,) स्त्री० र्शा. १ વનસ્પતિ ધમાસો. २ વનસ્પતિ ભોરીંગણી. ३ આકાશવલ્લી. ४ કપિકચ્છુ.
दुःस्फोट (दुष्टं स्फोटयति स्फुट अच्) पु० टः १ ખરાબ ફોડલો. २ ખરાબ વ્રણ. ३ એક જાતનું હથીઆર.
दुस्वप्न (दुष्टः स्वप्नः) पु० प्नः અનિષ્ટસૂચક स्वप्न.
दुकूल (दु ऊलच् कुक्) क्ली० लं. १ સુતરાઉ વસ્ત્ર. २ રેશમી વસ્ત્ર. ३ ઝીણું વસ્ત્ર.
'वधूदुकूलकलहंसलक्षणम्' कुमारसंभवम्.
दुगूल (दुकूल पृषो०) क्ली० लं. ઉપલો શબ્દ જુઓ.
दुग्ध (दुह् क्त) त्रि० ग्धः-ग्धा-ग्धं. १ દોહેલું. २ ભરેલું, પૂર્ણ કરેલું. [पुं ते.
दुग्ध (दुह् क्त) क्ली० ग्धं. १ દૂધ. २ દોહન, દોહ-
दुग्धकूपिका (दुग्धस्य कूपिकेव) स्त्री० का. એક જાતનું પડવાન્ન. [ભાવ.
दुग्धता (दुग्धस्य भावः) स्त्री० ता. દુધપણું, દુધનો
दुग्धतालीय (दुग्धस्य तालाय प्रतिष्ठायै हितं छ) क्ली० यं. १ દુધનું ઝીણ. २ દુધની તર, દુગ્ધાભ્ર.
दुग्धपाचन (दुग्धं पच्यतेऽनेन) क्ली० नं. દુધ રાંધવાનું ઠામ. [णः એક જાતનું ઝાડ.
दुग्धपाषाण (दुग्धं निर्यासः पाषाण इव यस्य) पु०
दुग्धपाषाणक (दुग्ध पाषाण क) पु० कः ઉપલો શબ્દ જુઓ.
दुग्धपुष्पी (दुग्धवत् शुभ्रं पुच्छं मूलदेशो यस्याः) स्त्री० च्छी. એક જાતની વનસ્પતિ.
दुग्धफला (दुग्धमिव फलमस्या) स्त्री० ला. એક જાતનું ઝાડ. [धनी तर.
दुग्धफेन (दुग्धस्य फेनं) क्ली० नं. દુધનું ઝીણ, દુ-
दुग्धफेन (दुग्धस्य फेनो यत्र) पु० नः साકर स-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

हित, क्षीरान्न.

दुग्धफेनी (दुग्ध फेन ङीष्) स्त्री० नी. એક જાતની વનસ્પતિ. क्षुपभेद. दुग्धफेनिका.

दुग्धबंध (दुग्धार्थं बंधः) पु० धः દોહવા માટે ગાયનો બંધ.

दुग्धबंधक (दुग्ध बंध क) पु० कः ઉપલો શબ્દ જુઓ. [ઓ, क्षीरसमुद्र.

दुग्धसमुद्र (दुग्धस्य समुद्रः) पु० द्रः દૂધનો દરિ-

दुग्धाक्ष (दुग्धमिव अक्षं नेत्रं यस्य) पु० क्षः એક જાતનો પત્થર. [તનો પત્થર.

दुग्धांक (दुग्धमिव शुभ्रोंऽकोऽस्य) पु० कः એક જા-

दुग्धाब्धि (दुग्धस्याब्धिः) पु० ब्धिः દૂધનો દરિ-ઓ, क्षीर समुद्र. [लक्ष्मी.

दुग्धाब्धितनया (दुग्धाब्धेस्तनया) स्त्री० या.

दुग्धाश्मन् (दुग्धं निर्यासः अश्मा इव) पु० श्मा. એક જાતનું ઝાડ. दुग्धपाषाण. [કેરી.

दुग्धाम्र (दुग्धं पक्कमाम्रं) क्ली० म्रं. દૂધમાં પકાવેલ

दुग्धिका (दुग्ध ठन्) स्त्री० का. દૂધીનો વેલો, એક જાતની વનસ્પતિ. [વાળું.

दुग्धिन् (दुग्ध इनि) त्रि० ग्धी-ग्धिनी-ग्धि. દૂધ-

दुग्धिनिका (दुग्धिनि निर्यासे कायति कै क) स्त्री० का. ૧ રાતો અંધાડો. ૨ કડવા દૂધીઆનો વેલો.

दुग्धी (दुग्धमिव निर्यासोऽस्त्यस्याः) स्त्री० ग्धी. ૧ દૂધી. ૨ વનસ્પતિ क्षीरी. ૩ એક જાતનું ઝાડ.

दुघ (दोग्धि दुह क) त्रि० घः-घा-घं. દોહનાર, દોહન કરનાર. [સુગંધિ ઔષધિ.

दुच्छक (दु क्विप् शक् अच्) पु० कः મુરા નામની

दुच्छुन् (दुष्टः श्वा पृषो०) पु० श्वा. નઠારો કૂતરો.

दुच्छून (दुष्टः उच्छूनः पृषो.) त्रि० नः-ना-नं. ખરાબ સુજેલું. [૨ કોળી.

दुडि (दुलिः लस्य डः) स्त्री० डिः ૧ નાની કાચબી.

दुंडुक (दुंडुभ इव कायति कै क) त्रि० कः-का-कं. ૧ દુષ્ટ ચિત્તવાળું. ૨ અલ્પપ્રાણિક. ૩ દગલબાજ.

दुंडुभ (दुंडुभ पृषो०) पु० भः એક જાતનો નિર્વિષ મોટો સર્પ.

दुंडुभि (दुंडुभिरेव) पु० भिः दुंडुभि शब्द જુઓ.

दुत (दुक्त) त्रि० तः-ता तं. પીડા પામેલું, પીડિત.

दुत्थोत्थदवीय ( ) पु० यः તાજકપ્રસિદ્ધ વર્ષપ્રવેશમાં યોગનો એક ભેદ.

दुद् (दु क्विप्) स्त्री० त्-द्. બેચેની, મનોવ્યથા.

दुद ( ) पु० दः તે નામનો એક પર્વત.

दुद्रुह ( ) पु० द्रुहः અનુવંશમાં પેદા થયેલ તે નામનો એક રાજા; धृतराजनो पुत्र; ધર્મના પુત્રનો પુત્ર.

दुद्यूषु (देवितुमिच्छुः) त्रि० षुः-षुः-षु. રમવાને ઇચ્છતું, ક્રીડા કરવાને ચાહતું

दुद्रुम (दुष्टो द्रुमः) पु० मः લીલા રંગવાળી દુંગળી.

दुधुक्षु (दोग्धुमिच्छुः) स्त्री० क्षुः-क्षुः-क्षु. દોહવાને ઇચ્છતું. [ને ઇચ્છનાર.

दुधूषत् (धवितुमिच्छन्) त्रि० न्-षती-त्. હલાવવા.

दुंदभ (भ) (दुंद इत्यव्यक्तं शब्दं भणति भण ड) पु० भः નગારું, એક જાતનું વાદ્ય.

दुंदु ( ) पु० दुः ૧ શ્રીકૃષ્ણપિતા વસુદેવ. ૨ એક જાતનું નગારું, વાદ્ય.

दुंदुभि (दुंदु इत्यव्यक्तशब्देनोभाति पूरयति उन् कि) पु० भिः ૧ નગારું. ૨ એક જાતનું વાદ્ય. ૩ વરુણ. ૪ તે નામનો એક દૈત્ય. ૫ તે નામનો એક રાક્ષસ. ૬ विष, ઝેર. ૭ પાસો. ૮ સાઠ સંવત્સર પૈકી છપ્પનમો સંવત્સર. ૯ જોડું, યુગ્મ.

दुंदुभिक (दुंदुभि कन्) पु० कः એક જાતનો કીડો.

दुंदुभिनिर्ह्राद (दुंदुभिरेव निर्ह्रादोऽस्य) पु० दः તે નામનો એક દાનવ. [નો એક રાજા.

दुंदुभिषेण (दुंदुभिः सेनायां यस्य) पु० णः તે નામ-

दुंदुभिस्वन (दुंदुभेः स्वनः) पु० नः નગારાનો અવાજ.

दुंदुभी (दुंदुभि ङीष्) स्त्री० भी. ૧ તે નામની એક गंधर्व स्त्री. ૨ પાસો. ૩ ચારે બાજુએ ત્રણ ટપકાવાળો પાસાની જોડ.

दुन्दुभ्य (दुन्दुभि यत्) पु० भ्यः ૧ રુદ્રનો એક ભેદ. ૨ દુન્દુભિ વગાડવામાં સાધનરૂપ એક મન્ત્ર.

दुंदुमार (धुंधुमार एव) पु० रः ૧ धंधुमार देश. ૨ એક જાતનો રાતો કીડો. ૩ ખીલાડો. ૪ ઘરનો ધૂમાડો.

दुफानिकुत्थ ( ) क्ली० त्थं. તાજકપ્રસિદ્ધ વર્ષપ્રવેશમાં યોગનો એક ભેદ.

दुंबक ( ) पु० कः એક જાતનો મેષ.

दुर् (दु रुक् सुक् वा) अव्य० दुः ૧ પીડા. ૨ દુષ્ટપણું. ૩ હલકાપણું, ઓછાપણું. ૪ નિંદા. ૫ નિષેધ. ૬ દુઃખ. ૭ અસંપત્તિ અને સંકટ બતાવનાર અવ્યય. [ગલબાજ પાસો.

दुरक्ष (दुष्टोऽक्षः) पु० क्षः ૧ ખરાબ પાસો. ૨ દુ-

दुरक्ष (दुष्टोऽक्षो यत्र) पु० क्षः-क्षा-क्षं. ખરાબ પાસાવાળું જૂગ વગેરે.

दुरतिक्रम (दुःखेन अतिक्रम्यतेऽसौ) त्रि० मः-मा-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

मं. १ કરી ન શકાય તે. २ દુઃખથી ઓળંગાય તેવું, દુર્લંઘ્ય.

दुरतिक्रम (,,) पु० मः विष्णु.

दुरत्यय (दुःखेनात्ययते दुर् अति इ खल्) त्रि० यः-या-यं. १ ઓળંગી શકાય નહિ તેવું, જેનું અતિક્રમણ થાય નહિ તેવું, અલંઘનીય. २ દુસ્તર.

" स्वर्गमार्गपरिघो दुरत्ययः " ॥ रघुवंशम् ॥

दुरदृष्ट (दुष्टमदृष्टं) क्ली० ष्टं. દુર્ભાગ્ય, દુર્દૈવ.

दुरद्मनी (दुष्टा अद्मनी अद् मनिन् ङीप् वा) स्त्री० नी. નઠારું ભોજન.

दुराधिग (दुःखेनाधिगम्यतेऽसौ) त्रि० गः-गा-गं. १ મુશ્કેલાઇથી જાણી શકાય તેવું. २ કઠણપણાથી જેનું જ્ઞાન થાય તે. ३ મુશ્કેલાઇથી મેળવાય તેવું, દુષ્પ્રાપ.

दुराधिगम (दुःखेनाधिगम्यतेऽसौ अधिगम् खल्) त्रि० मः-मा-मं. ઉપલો શબ્દ જુઓ.

" इह दराधिगमैः किंचिदेवागमैः " ॥ किरातार्जुनीयम् ॥

दुरधीत (दुष्टमधीतं) क्ली० तं. १ ખરાબ રીતે ભણવું તે. २ વર્ણનો જેવો સ્વર અને સ્થાન હોય તે પ્રમાણે ઉચ્ચારણ નહિ કરી ભણવું તે.

दुरध्ययं (दुःखेनाधीयतेऽसौ अधि इ खल्) त्रि० यः-या-यं. १ મુશ્કેલાઇથી જેનું અધ્યયન થાય તે. २ દુર્જેય. ३ મુશ્કેલાઇથી જે મેળવાય તે, દુષ્પ્રાપ

दुरध्व (दुष्टोऽध्वा अच्) पु० ध्वः ખરાબ રસ્તો, દુષ્ટ માર્ગ.

दुरंत (दुर्जेयोंऽतः परिच्छेदो यस्य) त्रि० तः-ता-तं. १ જેનો અંત મુશ્કેલાઇથી આવે તે. २ જેનો તાગ દુઃખથી આવે તે. ३ ગભીર. ४ દુર્જેય, અતિક્રમણ ન થાય તેવું.

दुरंत (दुष्टोंऽतः अवसानं यस्य) त्रि० तः-ता-तं. જેનો અંત ખરાબ આવે એવું, મૃગયા, મદ્યપાન વગેરે.

' इयमुदरदरीदुरंतधारा यदि न भवेदभिमानभंगभूमिः '

उद्भटः

दुरंतक (दुरंत कप्) पु० कः असंख्यमर्याद शिव.

दुरन्वय (दुःखेनान्वीयतेऽसौ अनु इ खल्) त्रि० यः-या-यं. મુશ્કેલાઇથી પાછળ જઈ શકાય એવું, મુશ્કેલાઇથી જેનો અન્વય થઈ શકે એવું.

दुरपचार (दुःखेनापचर्यतेऽसौ) त्रि० रः-रा-रं. १ મુશ્કેલાઇથી નાખુશ થાય તેવું. २ મુશ્કેલાઇથી ખીજે તેવું.

दुराभेग्रह (दुःखेनाभिमत्व्येन गृह्यतेऽसौ अभि गृह खल्) पु० हः वनस्पति અંધાડો.

दुरभिग्रह (दुःखेनाभिगृह्यतेऽसौ) त्रि० हः-हा-हं. १ દુઃખથી ગ્રહણ થાય તેવું. २ મુશ્કેલાઇથી પકડી શકાય તેવું.

दुराभिग्रहा (,,) स्त्री० हा. १ વનસ્પતિ ધમાસો. २ વનસ્પતિ કપિકચ્છુ.

दुरवग्रह (दुःखेनावगृह्यतेऽसौ अव गृह खल्) त्रि० हः-हा-हं. મુશ્કેલાઇથી જેનો નિગ્રહ થાય તે.

दुरवस्था (दुष्टा अवस्था) स्त्री० स्था. ખરાબ અવસ્થા, ખરાબ હાલત.

दुरवाप (दुःखेनावाप्यतेऽसौ दुर् अव आप खल्) त्रि० पः-पा-पं. દુઃસાધ્ય, દુષ્પ્રાપ્ય.

दुराक (दुर् अक घञ्) पु० कः ક્લેચ્છ લોકનો એક દેશ.

दुराक्रम (दुःखेनाक्रम्यतेऽसौ दुर् आ क्रम् खल्) त्रि० मः-मा-मं. १ અજિત. २ મુશ્કેલાઇથી હારે તેવું, મુશ્કેલાઇથી જિતાય તેવું. ३ ઉલ્લંઘન કરાય નહિ તેવું.

दुराचर (दुःखेनाचर्यतेऽसौ दुर् आ चर खल्) त्रि० रः-रा-रं. મુશ્કેલાઇથી આચરવા યોગ્ય, દુઃખથી આચરણીય.

दुराचर (दुष्टमाचरति आ चर अच्) त्रि० रः-री-रं मुશ્કેલાઇથી આચરવા યોગ્ય, દુઃખથી આચરણીય.

दुराचर (दुष्टमाचरति आ चर अच्) त्रि० रः रा-रं. ખરાબ રીતે આચરણ કરતું, દુષ્ટ આચરણવાળું.

दुराचार (दुष्ट आचारः) पु० रः १ ખરાબ આચરણ, દુષ્ટ આચાર. २ દુષ્કર્મ.

दुराचार (दुष्ट आचारो यस्य) त्रि० रः-रा-रं. १ ખરાબ આચરણવાળું. २ દુષ્કર્મવાળું.

" दुराचारो हि पुरुषो लोके भवति निंदितः " मनुः

दुराढ्य (दुःखेन आढ्यः) त्रि० ढ्यः-ढ्या-ढ्यं. કંગાળ. તાલેવર નહિ તે.

दुराढ्यंकर (दुःखेन आढ्यं क्रियते) त्रि० रः-रा-रं. તાલેવર થઇને મોટા દુઃખથી ખરચ કરે તે, ગરીબે કરેલું.

दुराढ्यंभव (दुःखेन अनाढ्येनाढ्येन भूयते दुर् आढ्य च्वि खल् सुम्) क्ली० वं. દુઃખથી અનાઢ્યનું આઢ્ય થવું તે. [દુષ્ટતા.

दुरात्मता (दुरात्मनो भावः) स्त्री० ता. દુષ્ટપણું,

दुरात्मत्व (,,) क्ली० त्वं. ઉપલો શબ્દ જુઓ.

दुरात्मन् (दुष्ट आत्मा अंतःकरणं यस्य) त्रि० त्मा. १ દુષ્ટ આત્માવાળું. २ દુષ્ટ અંતઃકરણવાળું.

दुरात्मन् (दुष्ट आत्मा) पु० त्मा. १ ખરાબ આત્મા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

२ ખરાબ અંતઃકરણ.

दुरात्मवत् (दुरात्मन् मतुप्) त्रि० वान्-वती-वत्. ખરાબ આત્માવાળું. ખરાબ અંતઃકરણવાળું.

दुराधन ( ) पु० नः તે નામનો એક ધૃતરાષ્ટ્રપુત્ર. [धृतराष्ट्र पुत्र.

दुराधर (दुष्ट आ धृ अच्) पु० रः તે નામનો એક

दुराधर्ष (दुष्टान् राक्षसान् आधर्षति आ धृष् अच्) पु० र्षः ધોળો સરુ.

दुराधर्ष (दुःखेन आ ईषदपि धृष्यतेऽसौ दुर् आ धृष अच्) त्रि० र्षः-र्षी-र्षं १ વારી ન શકાય તેવું, અનિવાર્ય. २ પ્રાણસંકટનું.

" जगन्नाथो दुराधर्षो गङ्गां भागीरथीं प्रति "
॥ महाभारतम् ॥

दुराधर्षा (दुर् आ धृष् अच् टाप्) स्त्री० र्षा. કુંવાંપિની વૃક્ષ.

दुराधार (दुःखेनाधार्य्यतेऽसौ आ धारि खल्) त्रि० रः-रा-रं. દુઃખથી આધાર કરવા લાયક. २ ચિંતનીય.

दुराधार (दुःखेनाधार्यतेऽसौ) पु० रः મહાદેવ.

दुराधि (दुर् आ धा कि) त्रि० धिः-धिः-धि. કષ્ટકારક, દુઃખકારક. [કષ્ટલાઇથી નમાવવા યોગ્ય.

दुरानम (दुःखेनानम्यतेऽसौ) त्रि० मः-मा-मं. मु- ' स विचिंत्य च धनुर्दुरानमम् ' ॥ रघुवंशम् ॥

दुराप (दुःखेनाप्यते दुर् आप् खल्) त्रि० पः-पा-पं. દુષ્પ્રાપ્ય, દુર્લભ.

' अस्त्रं हरादासवता दुरापम् ' ॥ रघुवंशम् ॥

दुराप (दुर् आप् भावे खल्) क्ली० पं. મુશ્કેલાઇથી મેળવવું, દુષ્પ્રાપ્તિ.

दुरापादन (दुर् आ पद् णिच् ल्युट्) त्रि० नः-नी-नं. આસપાસ લાવવાને જે કઠણ હોય તે.

दुरापूर (दुखेनापूर्यते) त्रि० रः-रा-रं. १ મુશ્કેલાઇથી સંતુષ્ટ થાય તે. २ ખુશી થવાને કઠણ હોય તે.

दुरारिहन् (दुष्टमियर्ति दुर् ऋ णिनि दुरारी [दुर्गामी असुरः] तं हन्ति हन् क्विप्) पु० हा. વિષ્ણુભગવાન્.

दुरारुह (दुःखेनारुह्यतेऽसौ आरुह् खल्) पु० हः १ બીલીનું ઝાડ. २ નાળીએર.

दुरारुह (दुःखेन आरुह्यते) त्रि० हः-ह्या-हं. १ દુઃખ ઉગે તેવું. २ દુઃખથી ચઢાય તેવું.

दुरारुहा (दुःखेनारुह्यतेऽसौ आरुह् खल् टाप्) स्त्री० हा. ખજુરીનું ઝાડ. [કાકીડો.

दुरारोह (दुःखेनारुह्यते आरुह् खल्) पु० हः

दुरारोह (दुःखेनारुह्यतेऽसौ ,,) त्रि० हः-ह्या-हं. દુઃખથી ચઢાય તેવું, મુશ્કેલાઇથી ચઢાય તેવું.

दुरारोह (दुःखेनारोहः) पु० हः દુઃખથી ચઢવું તે, મુશ્કેલાઇથી ચઢવું તે.

दुरारोहा (दुःखेनारुह्यतेऽसौ आरुह् खल् टाप्) स्त्री० हा. બીલીનું ઝાડ. २ સીમળાનું ઝાડ.

दुरालभ (दुःखेनालभ्यतेऽसौ आ लभ् खल्) त्रि० भः-भा-भं. १ મુશ્કેલાઇથી મેળવાય તેવું. २ દુઃખથી સ્પર્શ થાય તેવું.

दुरालभा (दुःखेनालभ्यतेऽसौ आ लभ् खल् टाप्) स्त्री० भा. વનસ્પતિ ધમાસો.

दुरालंभा (दुर् आ लभ् खल् टाप् मुम्) स्त्री० भा. ઉપરનો શબ્દ જુઓ.

दुरालाप (दुष्ट आलापः) पु० पः ખરાબ ભાષણ, ગાળ, ભુંડું બોલવું તે.

दुरालोक (दुःखेन आलोक्यतेऽसौ) त्रि० कः-का-कं. १ દુઃખથી જોવાય તેવું, મુશ્કેલાઇથી જોવાય તેવું. २ તેજસ્વી. [ચળકાટ.

दुरालोक (दुर् आ लुच् घञ्) पु०कः તેજસ્વીપણું,

दुराशय (दुष्ट आशयः) पु० यः ખરાબ આશય.

' स्फुटनिर्भिन्नो दुराशयोऽधमः ' । माघः ।

दुराशय (दुष्ट आशयो यस्य) त्रि० यः-या-यं. દુષ્ટ આશયયુક્ત.

' उपेयिवान् भूवमशेषमूलं दुराशयः कामदुघांघ्रिपस्य '
। श्रीमद्भागवतम् ।

दुराशा (दुष्टा आशा) स्त्री० शा. દુઃખથી પૂર્ણ થાય તેવી આશા. २ ખરાબ આશા.

दुरास (दुर् आस् खल्) त्रि० सः-सा-सं. મુશ્કેલાઇથી બહાર કહાડી મૂકાય તેવું. २ કઠિનતાથી જિતાય તેવું.

दुरासद (दुःखेनासद्यतेऽसौ आ सद् खल्) त्रि० दः-दा-दं. १ મુશ્કેલાઇથી પમાય તેવું. २ મુશ્કેલાઇથી મેળવાય તેવું. ३ દુર્ગમ, દુષ્પ્રાપ્ય.

" स बभूव दुरासदः परैः " । रघुवंशम् ।

दुरित (दुर् इत) क्ली० तं. પાપ, પાતક.

' कामीवार्द्रापराधः स दहतु दुरितं शांभवो वः शराग्निः '
। अमरुशतकम् ।

दुरित (दुरित अच्) त्रि० तः-ता तं. પાપી, પાતકી, પાપવાળું.

दुरितदमनी (दुरितं दम्यतेऽनया) स्त्री० नी. બીજોરાનું ઝાડ. સમડીનું ઝાડ. शमीवृक्ष.

दुरितारि (दुरितस्य अरिः) पु० रिः १ પાપનો શત્રુ. २ જૈનનો એક શાસન દેવ.

दुरिष्ट (दुष्टमिष्टं यज्ञः) क्ली० ष्टं. ખરાબ યજ્ઞ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

दुरिष्टि (दुष्टा इष्टिः) स्त्री० ष्टिः अशास्त्रीय यज्ञ.
दुरिष्ठ (दुर् इष्ठन्) पु० ष्ठः. अतिमन्द.
दुरीश (दुष्ट ईशः) पु० शः १ खराब धणी. २ निंदित प्रभु. [राज्य चाहवुं ते.
दुरीषणा (दुष्टा ईषणा) स्त्री० णा. १ शाप. २ ખ-
दुरु (,,) पु० रुः. ते नामनो એક पर्वत.
दुरुक्त (दुष्टमुक्तं प्रा० स०) त्रि० क्तः-क्ता-क्तं. १ खराब वेणु २ गाળ, दुष्ट भाषण.
' लक्ष्मि क्षमस्व वचनीयमिदं दुरुक्तम् ' । उद्भटः ।
दुरुच्छेद (दुःखेनोच्छिद्यतेऽसौ उत् छिद् खल्) त्रि० दः-दा-दं. १ दुर्निवार. २ मुश्केलाइथी જેनो उच्छेद थाय ते. [निवारण.
दुरुच्छेद (दुर् उत् छिद् घञ्) पु० दः दुःખथी
दुरुत्तर (दुःखेनोत्तीर्यतेऽसौ दुर् उत् तृ खल्) त्रि० रः-रा-रं. १ उल्लंघन न थाय तेवुं. २ दुस्तर.
' दुरुत्तरे पंक इवांधकारे ' । भट्टिः ।
दुरुत्तर (दुष्टमुत्तरं) क्ली० रं. खराब उत्तर, दुष्ट उत्तर, वाक्य.
दुरुत्तर (दुःखेन उत्तरं यस्य) त्रि० रः-रा-रं. उत्तर देवाने अशक्य, मुश्केलाइथी उत्तर अपाय तेवुं.
दुरुदाहर (दुःखेनोदाह्रियते) त्रि० रः-रा-रं. मुश्केलाइथी બોલાय तेवुं.
" अनुज्ञिज्ञतार्थसंबंधः प्रबंधो दुरुदाहरः " ॥ माघः ॥
दुरुदाहर (दुष्टः उदाहरः) पु० रः दुष्ट उदाहरण.
दुरुद्वह (दुःखेन उद्वहति) त्रि० हः-हा-हं. दुःખे भार वहन करी शके तेवुं. [चांद्रयोग.
दुरुधुरा (,,) स्त्री० रा. ते नामनो એક
दुरुपक्रम (दुःखेन उपक्रमो यस्य) त्रि० मः-मा-मं. पहोंचवाने मुश्केल, दुःખथी उपचार थाय तेवुं. हराववाने કઠણ.
दुरुपचार (दुःखेन उपचारो यस्य) त्रि० रः-रा-रं. दुःખथी उपचार थाय तेवुं.
दुरुपलक्ष (दुःखेनोपलक्ष्यतेऽसौ) त्रि० क्षः-क्षा-क्षं. १ दुःખथी જોवाये तेवुं. २ मुश्केलाइथी लक्षमां लेवाय तेवुं.
दुरुपस्थान (दुःखेन उपस्थानं यस्य) त्रि० नः-ना-नं. पहोंची न शकाय तेवुं, पामी न शकाय तेवुं.
दुरुफ (,,) पु० फः ताज्जकप्रसिद्ध ते नामनो એક योग.
दुरूह (दुःखेन ऊह्यते दुर् ऊह कर्मणि खल्) त्रि० हः-हा-हं. मुश्केलाइथी જेनो तर्क थाय तेवुं.
" जानीते जयदेव एव शरणः श्लाघ्ये दुरूहद्रुते " ॥
॥ गीतगोविन्दम् ॥
दुरोदर (दुष्टमासमंतादुदरं यस्य) पु० रः १ जुगटीओ, जुगारी. २ કપટપેચની રમત करी द्रव्य लेनारो. ३ पण. [गढुं. २ पासो.
दुरोदर (,,) क्ली० रं. १ जुगार, जु-
" दुरोदरच्छद्मजितां समीहते नयेन जेतुं जगतीं सुयोधनः "
॥ किरातार्जुनीयम् ॥
दुर्ग (दुःखेन गम्यतेऽसौ दुर् गम् उ) पु० क्ली० र्गः-र्गं. १ किल्लो. २ आश्रय. ३ नदी, डुंगर नेरां वगेरे वाळो देश.
दुर्ग (,,) पु० र्गः १ ते नामनो એક असुर. २ परमेश्वर. ३ गुगળ. [दुर्जय.
दुर्ग (,,) स्त्रि० र्गः-र्गा-र्गं. १ दुर्गम. २
दुर्गकर्मन् (दुर्गार्थं दुर्गे वा कर्म कार्यं) क्ली० र्म. दुर्गसाधन काम.
दुर्गकारक (दुर्गं करोति कृ ण्वुल्) त्रि० कः-रिका-कं. १ કઠણ काम करनार. २ साहस काम करनार. ३ किल्लो करनार. [आड.
दुर्गकारक (,,) पु० कः એક જાતનું
दुर्गत (दुर्गच्छति दुर् गम् क्त) त्रि० तः-ता-तं. १ खराब अवस्थामां आवेलुं. २ दरिद्र. ३ पीडित. ४ दीनताने पामेलुं.
' समाश्वसिमि केनाहं कथं प्राणिमि दुर्गतः '
॥ भट्टिः ॥
दुर्गतता (दुर्गतस्य भावः) स्त्री० ता. खराब हाल, दरिद्रावस्था. दौर्गत्य, दुर्गति. [जुओ.
दुर्गतत्व (,,) क्ली० त्वं. उपलो शब्द
दुर्गतरणी (दुर्गं तीर्यतेऽनया तृ ल्युट् ङीप्) स्त्री० णी. १ ते नामनी એક देवी. २ दुर्ग तरवानुं साधन.
" सावित्री दुर्गतरणी वीणा सप्तविधा तथा "
॥ महाभारतम् ॥
दुर्गति (दुर् गम् क्तिन्) स्त्री० तिः १ नरक. २ दरिद्रावस्था.
दुर्गति (दुःस्थिता गतिर्यस्य) त्रि० तिः-तिः-ति. १ दरिद्रावस्थापण्युं. २ खराब हालतवाळुं.
दुर्गतिनाशिनी (दुर्गतिं नाशयति) स्त्री० नी. दुर्गादेवी. [किल्लामां वास करनार.
दुर्गनिवासिन् (दुर्गे निवसति) त्रि० सी-सिनी-सि.
दुर्गंध (दुःस्थितो गंधो यस्य) पु० धः संचलखार.
दुर्गंध (,,) त्रि० धः-धा-धं. खराब બો-वाळुं, खराब गंधवाळुं.
दुर्गंध (दुष्टो गंधः) पु० धः खराब गंध, खराब બો.
दुर्गंध ( ) पु० धः १ आंબાतुं आड.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૨ ખરાબ બોવાળો પદાર્થ.

दुर्गंधांग (दुर्गंधः अंगे यस्य) त्रि० गः-गी-गं. ખરાબ બોવાળા અંગવાળું. [ખરાબ બોવાળું.

दुर्गंधिन् (दुर्गंधोऽस्त्यस्य इनि) त्रि० धी-धिनी-धि.

दुर्गंपति (दुर्गस्य पतिः) पु० तिः १ કિલ્લાનો રક્ષક. ૨ કિલ્લાનો સ્વામી. ૩ કિલ્લાનો અધ્યક્ષ, કિલ્લેદાર. [પાલક. ૨ કિલ્લાનો રક્ષક.

दुर्गपाल (दुर्गे दुर्गं वा पालयति) पु० लः १ કૃચ્છ્ર-

दुर्गपुर (दुर्गयुक्तं पुरम्) क्ली० रं. કિલ્લાવાળું શહેર.

दुर्गपुष्पी (दुर्गे पुष्पमस्याः) स्त्री० ष्पी. એક જાતની વનસ્પતિ. [અમુર.

दुर्गम (दुःखेन गम्यतेऽसौ) पु० मः તે નામનો એક

दुर्गम (,,) त्रि० मः-मा-मं. ૧ દુઃખથી પમાય તેવું ૨ મુશ્કેલાઇથી જવાય તેવું. ૩ દુર્ગેય.

दुर्गम (दुःखेन गम्यते ज्ञायते) पु० मः પરમેશ્વર.

दुर्गल (दुःस्थितो गलो लोकानां यत्र) पु० लः તે નામનો એક દેશ.

दुर्गलंघन (दुर्गं लंघ्यतेऽनेन) पु० नः ઊંટ, ઉષ્ટ્ર.

दुर्गलंघन (दुर्गं लंघि ल्युट्) त्रि० नः-नी-नं. મુશ્કેલાઇ ઓળંગી જવું, મુશ્કેલ કામ, આપત્તિ વિગેરે વટી જવું.

दुर्गव्यसन (दुर्गे व्यसनम्) क्ली० नं. પૂરતા રક્ષક ન હોવા વિગેરે કિલ્લાના દોષ.

दुर्गसंस्कार (दुर्गस्य संस्कारः) पु० रः જીર્ણ થઇ ગયેલ કિલ્લાને મરામત કરી સુધારવો તે.

' अतो दुर्गसंस्कारे आरब्धव्ये किं कौमुदीमहात्सवेन '
। मुद्राराक्षसं ।

दुर्गसंचर (दुर्गःसंचर्य्यतेऽनेन) पु० रः ૧ નહિ જવાય તેવા ભાગમાં રસ્તો કરવો તે. ૨ નદી નેકું વિગેરે ઉતરવા બાંધેલ પુલ, પાળ, સેતુ વિગેરે.

दुर्गसंचार (,,) पु० रः ઉપલો શબ્દ જુઓ. [મંપત્તિ.

दुर्गसंपत् (दुर्गस्य संपत्) स्त्री० त्-द्. કિલ્લાની

दुर्गसिंह (दुर्गः सिंह इव) पु० हः તે નામનો એક કલાપપરિશિષ્ટકર્ત્તા વિદ્વાન્.

दुर्गा (दुर्खैर्गम्यतेऽसौ दुर् गम् उ टाप्) स्त्री० र्गा. ૧ પાર્વતી, ઉમા. ૨ ગળીનું ઝાડ. ૩ અપરાજિતા. ૪ એક જાતનું પંખી. ૫ તે નામની એક દેવી.

दुर्गाढ (दुर गाह् क्त) त्रि० ढः-ढा-ढं. ૧ દુઃખથી ઘુસી મરાય તેવું. ૨ દુઃખથી પ્રવેશ થાય તેવું.

' दुर्गाढां नयमार्गोऽयमित्याहुस्तद्विदो जनाः
। हरिवंशम् ।

પૂયમાનયવ (પૂયમાના નિસ્તુષીક્રિયમાણા યવા યત્ર) અવ્ય૰ વં. ફોતરાં કાઢી નાંખેલાં છે યવનાં જ્યાં એવું ખળું વગેરે.
પૂયરક્ત (પૂયયુક્તં રક્તમત્ર) પુ૰ ક્તઃ એક જાતનો નાકનો રોગ, જેમાં નાકમાંથી લોહી અને પરૂ વહે છે. પૂયશોણિત.
પૂયરક્ત (પૂયયુક્તં રક્તં) ક્લી૰ ક્તં. પરૂસાથે લોહી.
પૂયશોણિત (પૂયયુક્તં શોણિતમત્ર) પુ૰ તઃ પુલ્લિંગી પૂયરક્ત શબ્દ જુઓ.

' દોષૈર્વિદગ્ધે રથવાપિ જંતો-
ર્લલાટદેશેઽભિહતસ્ય તૈસ્તુ ।
નાસા સ્રવેન્પૂયમસૃગ્વિમિશ્રં
તં પૂયરક્તં પ્રવદંતિ રોગમ્ ' ॥

સુશ્રુતઃ

પૂયારિ (પૂયસ્ય અરિઃ તન્નાશકત્વાત્) પુ૰ રિઃ લીંબડો.
પૂયાલસ (પૂયેન અલસઃ) પુ૰ સઃ એક જાતનો સંધિગત રોગ.

' પક્વઃ શોકઃ સંધિજઃ સંસ્રવેદ્યઃ સાસ્રં પૂયં પૂતિપૂયાલસઃ સઃ ' સુશ્રુતઃ

પૂયોદ (પૂયમેવોદકમત્ર) પુ૰ દઃ તે નામનું એક નરક.
પૂર્ (દિવા આત્મ સેટ્ પૂર્યતે) ૧ પૂર્ણ કરવું, પૂરું કરવું. ૨ ખુશી કરવું, આનંદ પમાડવું.
પૂર (ચુરા૰ ઉભય૰ સેટ્ પૂરયતિ-તે) ઉપલો ધાતુ જુઓ.
પૂર (પૂર્ ક) પુ૰ રઃ ૧ નદી વગેરેમાં પાણીનું પૂર. ૨ વ્રણ, ક્ષત, ગુમડું વગેરે મટાડવું તે.
પૂર (પૂર્ ક) ક્લી૰ રં. દારૂગુર.
પૂરક (પૂર્ ણ્વુલ્) ત્રિ૰ કઃ-રિકા-કં. ૧ ભરનાર. ૨ પૂરનાર, પૂર્ણ કરનાર. ૩ તૃપ્ત કરનાર. ૪ આનંદ પમાડનાર. ૫ ખુશી કરનાર.
પૂરક (પુર્ ણ્વુલ્) પુ૰ કઃ ૧ બીજોરાનું ઝાડ. ૨ ગણિતમાં ગુણક અંક. ૩ પ્રાણાયામની ક્રિયામાં નસકોરાંથી શ્વાસ ભરવો તે. ૪ પોતાના અશૌચ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કાલમાં પ્રેતનો દેહપૂરક અપાતો પિંડ.

पूरकाह्व (पूरकं आह्व यस्य) पु० ह्वः બીજોરાનું ઝાડ. [પૂરું કરેલું.

पूरकृत (पूर कृ क्त) त्रि० तः-ता-तं. પૂર્ણ કરેલું,

पूरण (पूर् ल्यु) त्रि० णः-णी-णं. પૂરણ કરનાર, ભરનાર, સંપૂર્ણ કરનાર.

पूरण (पूर् ल्युट्) क्ली० णं १ પૂર્ણ કરવું-ભરવું તે. ૨ શ્રાદ્ધની સંપૂર્તિમાં છેવટે આપવા યોગ્ય પિંડ. ૩ ગુણવું તે, ગુણાકાર. ૪ વરસવું, વૃષ્ટિ. ૫ સંખ્યાપૂરણ.

पूरण (पूर् ल्यु) पु० णः ૧ શીમળાનું ઝાડ. ૨ સમુદ્ર. ૩ સેતુ. ૪ વાપતંતુ.

पूरणी (पूर् ल्युट् ङीप्) स्त्री० णी. જેવડે સંખ્યા સંપૂર્ણ થાય છે એવી સંખ્યા.

पूरयितृ (पूर तृच्) त्रि० ता-त्रीं-तृ. ૧ સંપૂર્ણ કરનાર, ભરનાર. ૨ આનંદ પમાડનાર, ખુશ કરનાર.

पूरयित्वा (पूर् क्त्वा) अव्य० त्वा. સંપૂર્ણ કરીને, ભરીને.

पूराम्ल (पूरमम्लमत्र) पु० म्लः વૃક્ષામ્લ.

पूरिक ( ) पु० कः પૂરણપોળી.

पूरिका (पूर् ण्वुल् टाप्) स्त्री० का. ઉપલો શબ્દ જુઓ. [કરેલું. ૨ ભરેલું, ગુણેલું.

पूरित (पूर् क्त) त्रि० तः-ता-तं. ૧ પૂર્ણ સંપૂર્ણ

'को न याति वशं लोके मुखे पिण्डेन पूरितः'

भर्तृहरिः.

पूरिन् (पूर् णिनि) त्रि० री-रिणी-रि. ૧ સંપૂર્ણ કરનાર. ૨ પૂરં કરનાર. ૩ પૂરવાળું.

पूरु ( ) पु० रुः ૧ વૈરાજ મનુનો નહુષલાના પેટે પેદા થયેલો એક પુત્ર. ૨ જહ્નુ રાજાનો પુત્ર. ૩ યયાતિ રાજાનો એક પુત્ર.

पूरुष (पूर् उषन्) पु० षः ભરદ, નર, પુરુષ.

पूर्ण (पूर् क्त) त्रि० र्णः-र्णा-र्णं. ૧ પૂરું, સંપૂર્ણ. ૨ સમગ્ર, સકલ.

पूर्ण (पूर् क्त) पु० र्णः ૧ અપેક્ષાશૂન્ય મનુષ્ય વગેરે. ૨ કેટલાંક પંખીનો એક જાતનો સ્વર. ૩ દેવનો એક ગંધર્વ, નાગભેદ.

पूर्णक (पूर्ण संज्ञायां कन्) पु० क. ૧ કુકડો. ૨ ચાષપંખી. [વસ્થામાં આવેલો શબ્દ.

पूर्णककुद् (पूर्ण ककुदमस्य) पु० त्-द्. તરુણ અવ-

पूर्णकाम (पूर्णः कामो यस्य) त्रि० मः-मा-मं. જેની કામના પૂર્ણ થયલી છે તે. [પંખી.

पूर्णकुट (पूर्णः कूटः यस्य) पु० टः એક જાતનું

पूर्णकुंभ (पूर्णः कुंभः) पु० भः ભરેલો ઘડો

पूर्णकोशा (पूर्णः कोशः यस्याः) स्त्री० शा. એક જાતની ઓષધિ. [તિ નાગરમોથ.

पूर्णकोष्टा (पूर्ण कोष्टं यस्याः) स्त्री० ष्टा. વનસ્પ-

पूर्णचंद्र (पूर्णः चंद्रः) पु० द्रः સંપૂર્ણ ચંદ્રમા.

पूर्णता (पूर्णस्य भावः तल्) स्त्री० ता. પૂર્ણપણું.

पूर्णत्व (पूर्णस्य भावः त्व) क्ली० त्वं. ઉપલો શબ્દ જુઓ.

पूर्णपर्वेंदु (पूर्णः पर्वणि इंदुः यत्र) स्त्री० दुः पुनभ.

पूर्णपात्र (पूर्णं पात्रं) क्ली० त्रं. વધામણી લાવનારને હર્ષને લીધે અલંકાર, વસ્ત્ર વગેરે આપવામાં આવે છે તે, વધામણ.

'किं पूर्णपात्रस्य न पात्रमासीत्'

रामायणचम्पूः.

पूर्णप्रज्ञ (पूर्णा प्रज्ञा यस्य) पु० ज्ञः ૧ સંપૂર્ણ બુદ્ધિવાળો. ૨ વાયુનો ત્રીજો અવતાર, આનંદતીર્થ. ૩ એક જાતનો વિષ્ણુસંપ્રદાય સ્થાપનાર એક આચાર્ય. [ઝાડ. બીજપૂરક.

पूर्णबीज (पूर्णं बीजं यस्य) पु० जः બીજોરાનું

पूर्णभद्र (पूर्णं भद्रं यस्मात्) पु० द्रः ૧ તે નામનો એક નાગ. ૨ તે નામનો એક યક્ષ.

पूर्णमा (पूर्णः कलापूर्णः चंद्रः मीयतेऽस्यां मा क) स्त्री० मा. પુનભ. [ઉપલો શબ્દ જુઓ.

पूर्णमास् (पूर्णः कलाभिः माः चंद्रः यत्र) स्त्री० माः

पूर्णमास् (पूर्णं मासं मिमीते मा असुन्) पु० माः ૧ સૂર્ય. ૨ ચંદ્ર. ૩ કપૂર. ૪ આકડાનું ઝાડ.

पूर्णमास (पूर्णमासी विधानकालत्वेनास्त्यस्य अच्) पु० सः ૧ પુનમના રોજે કર્તવ્ય એક યાગ. ૨ ધાતૃ નામના આદિત્યનો એક પુત્ર.

पूर्णमासी (पूर्णः मासः चांद्रमासो यत्र ङीप्) स्त्री० सी. પુનભ.

पूर्णमुख (पूर्णं मुखमस्य) पु० खः જનમે જયના સત્રમાં બળી ગયલો એક જાતનો નાગ.

पूर्णयोग (पूर्णः योगः यस्मात्) पु० गः એક જાતનું બાહુયુદ્ધ. [નો એક શૂન્યવાદી બૌદ્ધ.

पूर्णवैनाशिक ( ) पु० कः તે નામ-

पूर्णहोम (पूर्णो होमः) पु० मः પૂર્ણ થયેલો હવન, પૂર્ણાહૂતિ. [૩. દશમ.

पूर्णा (पूर्ण टाप्) स्त्री० र्णा. ૧ પુનભ. ૨ પાંચમ.

पूर्णांगद (पूर्णः अंगदः अस्य) पु० दः તે નામનો એક નાગ.

पूर्णानक (पूर्णः आनकः यस्मिन्) क्ली० कं. ૧ નો-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બતનો શબ્દ. ૨ ચંદ્રકિરણ. ૩ ઉત્સવને દિવસે વસ્ત્રાલંકાર વગેરે લુંટાવી દેવાં તે.

પૂર્ણાલક (પૂર્ણ અલ્ ણ્વુલ્) ક્લી૰ કં. ઉત્સવને દિવસે વસ્ત્રાલંકાર લુંટાવી દેવાં તે.

પૂર્ણાનંદ (પૂર્ણઃ આનંદો યત્ર) પુ૰ દ. ૧ પરમેશ્વર. ૨ તંત્ર પ્રકરણ કરનાર તે નામનો એક વિદ્વાન્.

પૂર્ણાભિષેક (પૂર્ણઃ અભિષેકઃ) પુ૰ કઃ તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ કૌલમાર્ગીનો એક અભિષેક.

પૂર્ણાયુસ્ (પૂર્ણમાયુર્યસ્ય) પુ૰ યુઃ પ્રાધેય ગંધર્વ.

પૂર્ણાયુસ્ (,, .) ત્રિ૰ યુઃ-યુઃ યુઃ સો વર્ષના આયુષ વાળું.

પૂર્ણાયુસ્ (પૂર્ણ આયુઃ) ક્લી૰ યુઃ સો વર્ષનું આયુષ્.

પૂર્ણાવતાર (પૂર્ણઃ અવતારો યસ્ય) પુ૰ રઃ ૧ નૃસિંહ. ૨ રામ. ૩ શ્રીકૃષ્ણ.

પૂર્ણાશા (પૂર્ણા આશા યસ્ય સઃ) ત્રિ૰ શઃ-શા-શં. જેની આશા પૂર્ણ થઇ છે તે.

' પૂર્ણાશા બહવઃ કૃતા વિતરણૈર્યેન ત્વયા યાચકાઃ '

પૂર્ણાશા (પૂર્ણા આશા) સ્ત્રી૰ શા. સંપૂર્ણ આશા.

પૂર્ણાહૂતિ (પૂર્ણા આહુતિઃ) સ્ત્રી૰ તિઃ હોમની સમાપ્તિ.

પૂર્ણિ (પૃ ણિચ્) સ્ત્રી૰ ણિઃ પૂર્તિ શબ્દ જુઓ.

પૂર્ણિકા (પૂર્ણી કન્) સ્ત્રી૰ કા. એક જાતનું પક્ષી.

પૂર્ણિમા (પૂર્ણિ પૂર્તિ મિમીતે મા ક) સ્ત્રી૰ મા. પુનમ. [ચંદ્ર.

પૂર્ણેંદુ (પૂર્ણ ઇંદુઃ) પુ૰ દુઃ પંદર કલાનો સંપૂર્ણ

પૂર્ણોત્કટ (પૂર્ણઃ ઉત્કટઃ) પુ૰ ટઃ તે નામનો એક દેશ. [ઉપમાલંકાર.

પૂર્ણોપમા (પૂર્ણા ઉપમા) સ્ત્રી૰ મા. તે નામનો એક

પૂર્ત (પૂર્ ક્ત) ત્રિ૰ તઃ-ર્તા-ર્તં. પૂર્ણ કરેલું, સમાપ્તિએ પહોંચાડેલું.

પૂર્ત (પૃ ક્ત) ત્રિ૰ તઃ-ર્તા-ર્તં. પાળેલું.

પૂર્ત (પૃ ક્ત) ક્લી૰ ર્તં. ૧ પાલવું, પાલન. ૨ વાવ, કૂવા, તળાવ, ધર્મશાળા વગેરે બાંધવાનું, દેવાલય રચવાનું તથા અન્ન આપવાનું પુણ્યકર્મ.

' વાપીકૂપતડાગાદિ દેવતાયતનાનિ ચ ।
અન્નપ્રદાનમારામઃ પૂર્તમિત્યભિધીયતે ' ॥

પૂર્તિ (પૂર્ ક્તિન્) સ્ત્રી૰ ર્તિઃ ૧ પૂરવું, પૂર્ણ કરવું. ગુણવું, ગુણન

પૂર્તિન્ (પૂર્તમનેન ઇનિ) ત્રિ૰ ર્તીઃ-ર્તિની-ર્તિ. ૧ પૂરું કરનાર, સંપૂર્ણ કરનાર. ૨ સંપૂર્ણ કરેલું છે જેણે તે.

પૂર્ભિદ્ (પુર્ ભિદ્ ક્વપ્) ક્લી૰ દ્યં. શહેરનો નાશ.

પૂર્દ્વાર (પુરઃ દ્વારમ્) ક્લી૰ રં. શહેરનો દરવાજો. ગોપુર.

પૂર્વ્ (ચુરા૰ ઉભય૰ સેટ્ પૂર્વયતિ-તે) ૧ બોલાવવું. ૨ તેડું કરવું. ૩ રહેવું, વસવું.

પૂર્ય (પૃ ક્યપ્ પૂર્ ણ્યત્) ત્રિ૰ ર્યઃ-ર્યા-ર્યં. પૂરવા યોગ્ય. ૨ પાલવા લાયક.

પૂર્વ (ભ્વા૰ પર૰ સેટ્ પૂર્વતિ) ૧ બોલાવવું, તેડું કરવું. ૨ રહેવું, વસવું.

પૂર્વ (પૂર્વ્ અચ્) ત્રિ૰ ર્વઃ-ર્વા-ર્વં. ૧ પ્રથમ. ૨ આઘ. ૩ અગાઉનું, આગળનું. ૪ પૂર્વ દિશાનું. ૪ પૂર્વ તરફનું. [વર્જ.

પૂર્વ (પૂર્વ્ અચ્) પુ૰ બ૰ વ૰ઃ બાપ દાદા વગેરે પૂ-

પૂર્વ (પૂર્વ્ અચ્) ક્લી૰ વ૰. આગળના કાળથી ચાલી આવેલ વાત.

પૂર્વ (પૂર્વ્ અચ્) અવ્ય૰ વ૰. અગાઉ, આગળ, પૂર્વે.

પૂર્વક (પૂર્વ સ્વાર્થે કન્) ત્રિ૰ કઃ-ર્વિકા-કં. આગળનું, અગાઉનું. [ગણનું કામ, અગાઉનું કર્મ.

પૂર્વકર્મન્ (પૂર્વં કર્મ) ક્લી૰ ર્મ. પ્રથમ કર્મ, આ-

પૂર્વકાય (પૂર્વં કાયસ્ય) પુ૰ યઃ કાયનો પૂર્વભાગ.

પૂર્વકાલ (પૂર્વઃ કાલઃ) પુ૰ લઃ અગાઉનો વખત, આગળનો સમય.

પૂર્વકાલિક (પૂર્વઃ કાલઃ સાધનતયાઽસ્ત્યસ્ય ઠન્) ત્રિ૰ કઃ-કા-ક. અગાઉના વખતમાં સાધવા યોગ્ય.

પૂર્વકાલીન (પૂર્વસ્મિન્ કાલે ભવઃ ઇન્) ત્રિ૰ નઃ-ના-નં. પૂર્વ કાલમાં હોનાર.

પૂર્વકાષ્ઠા (પૂર્વા કાષ્ઠા) સ્ત્રી૰ ષ્ઠા. પૂર્વ દિશા.

પૂર્વકૃત્ (પૂર્વસ્મિન્ કાલે કરોતિ કૃ ક્વિપ્) ત્રિ૰ ત્-દ્. પૂર્વ કાલે કરનાર.

પૂર્વકૃત્ (પૂર્વા કરોતિ કૃ ક્વિપ્) પુ૰ ત્-દ્. પૂર્વદિશાસૂચક આદિત્ય. ૨ પૂર્વદિશાનો અધિપતિ ઇંદ્ર.

પૂર્વકોટિ (પૂર્વા કોટિઃ) સ્ત્રી૰ ટિઃ પૂર્વપક્ષ.

પૂર્વગંગા (પૂર્વસ્યા ગંગા) સ્ત્રી૰ ગા. નર્મદાનદી.

પૂર્વગ (પૂર્વં ગમ્ ડ) ત્રિ૰ ગઃ-ગા-ગં. પૂર્વમાં જનાર, પૂર્વે હોનાર

પૂર્વગા (પૂર્વં ગમ્ ડ ટાપ્) સ્ત્રી૰ ગા. ગોદાવરી નદી.

પૂર્વચિત્તિ (પૂર્વં ચિત્ ક્તિન્) સ્ત્રી૰ તિઃ તે નામની એક અપ્સરા.

પૂર્વજ (પૂર્વસ્મિન્ કાલે જાયતે જન્ ડ) ત્રિ૰ જઃ-જા-જં. પૂર્વે હોનાર, પૂર્વ કાલમાં પેદા થનાર.

પૂર્વજ (પૂર્વં જાયતે જન્ ડ) પુ૰ જઃ ૧ બડીલ ભાઇ. ૨ ચંદ્રલોકમાં રહેતો એક પિતૃગણ.

પૂર્વજ (,,) પુ૰ બ૰ જાઃ બાપ, દાદા વગેરે પૂર્વજ. [બહેન.

પૂર્વજા (પૂર્વં જાયતે જન્ ડ ટાપ્) સ્ત્રી૰ જા. મોટી

પૂર્વાજિન (પૂર્વઃ જિનઃ) પુ૰ નઃ ભંજુઘોષ આદિ પ્રા-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચીન જિન.

पूर्वतन (पूर्वस्मिन् भवः तनप्) त्रि० नः-नी नं. १ પૂર્વે હોનાર. ૨ અગાઉનું, આગળનું.

पूर्वतस् (पूर्व तसिल्) अव्य० तः પૂર્વ દિશાથી, પૂર્વે.

पूर्वत्र (पूर्व त्रल्) अव्य० त्र. પૂર્વે.

पूर्वदक्षिणा (पूर्वस्या दक्षिणस्याश्चांतराला दिक्) स्त्री० णा. અગ્નિકોણ.

पूर्वदिग्पति (पूर्वस्या दिशः पतिः) पु० तिः ૪૬.

पूर्वदिगीश (पूर्वस्या दिश ईशः) पु० शः ઉપરો શબ્દ જુઓ. [णी दिशा.

पूर्वदिश् (पूर्वा दिक्) स्त्री० क्-ग् પૂર્વ દિશા, ઉગમ.

पूर्वदिष्ट (पूर्वं दिष्टं अच्) क्ली० ष्टं. પૂર્વભાગ્યના અનુસારે પેદા થયેલું દુઃખ વગેરે.

पूर्वदिष्ट (पूर्वं दिष्टं) त्रि० ष्टः-ष्टा-ष्टं પૂર્વવિહિત.

पूर्वदेव (पूर्वः देवः) पु० वः અસુર.

पूर्वदेव (पूर्वौ देवौ) पु० द्वि० वौ. નરનારાયણ.

पूर्वदेवता (पूर्वा देवता) स्त्री० ता. દેવના પૂર્વજ.

पूर्वदेश (पूर्ववर्त्ती देवः) पु० शः પૂર્વ દિશામાંહેલો દેશ.

पूर्वपक्ष (पूर्वः पक्षः) पु० क्षः ૧ શુક્લપક્ષ. ૨ બીજાને ઉત્તર આપવાની જરૂર પડે તેવા બુદ્ધિથી કલ્પેલો પ્રશ્ન. ૩ શાસ્ત્રીય સંશયના નિરાકરણ માટે કરેલો પ્રશ્ન. ૪ સિદ્ધાંતવિરુદ્ધ કોટિ.

' विषयो विशयश्चैव पूर्वपक्षस्तथोत्तरम् '

पूर्वपद (पूर्ववर्ति पदं) क्ली० दं. ૧ વિભક્તિનું પૂર્વવર્તિ પદ. ૨ પૂર્વવર્તિ સ્થાન.

पूर्वपदिक (पूर्वं पदं वेत्ति आधीते वा इकन्) त्रि० कः-का-कं. ૧ પૂર્વપદનો અભ્યાસ કરનાર. ૨ પૂર્વ પદ જાણનાર.

पूर्वपर्वत (पूर्वः पर्वतः) पु० तः ઉદયાચલ.

पूर्वपांचालक (पूर्वपांचाले भवः वुञ्) त्रि० कः-का-कं. પૂર્વપાંચાલ દેશમાં હોનાર.

पूर्वपाटलिपुत्रक (पूर्वपाटलि पुत्रे भवः वुञ्) त्रि० कः-का-कं. પૂર્વપાટલિપુત્રમાં હોનાર.

पूर्वपाद (पूर्वं पादस्य) पु० दः અગ્રચરણ.

पूर्वपालिन् (पूर्वां दिशं पालयति पाल् इनि) पु० ली. ૪૬. [બાપ.

पूर्वपितामह (पूर्वः पिताम हात्) पु० हः દાદાનો

पूर्वपीडिका (पूर्वा पीडिका) स्त्री० का. કથાના અર્થની એક અવતરણિકા. [ત્રણ પુરુષ.

पूर्वपुरुष (पूर्वः पुरुषः) पु० षः બાપ વગેરે ચઢતા

पूर्वप्रवृत्त (पूर्वस्मिन् काले प्रवृत्तः) त्रि० त्तः-त्ता-त्तं. પૂર્વેકાલે પ્રવર્તેલું.

पूर्वफल्गुनी (पूर्वं फल्गुन्याः) स्त्री० नी. તે નામનું એક નક્ષત્ર.

पूर्वफल्गुनीभव (पूर्वफल्गुन्यां भवः) पु० वः ૧ બૃહસ્પતિ. ૨ પૂર્વફલ્ગુની નક્ષત્રમાં હોનાર.

पूर्वभद्रपदा (पूर्वदिक्स्था भद्रपदा) स्त्री० दा. તે નામનું એક પચીશમું નક્ષત્ર.

पूर्वभाद्रपदा (पूर्वदिक्स्था भाद्रपदा) स्त्री० दा. ઉપરો શબ્દ જુઓ.

पूर्वभाव (पूर्वो भावः) पु० वः પૂર્વનો ભાવ.

पूर्वभुक्ति (पूर्वा भुक्तिः) स्त्री० क्तिः પૂર્વનો ભોગવટો. [त्तम जिन.

पूर्वयक्ष (पूर्वो यक्षः) पु० क्षः મણિભદ્ર વગેરે ઉ-

पूर्वरंग (पूर्वं रज्यतेऽस्मिन् रंज् घञ्) पु० गः. નાટકમાં મંગલાચરણ, નાંદી વગેરેનો પાઠ.

' यन्नाट्यवस्तुनः पूर्वं रंगविघ्नोपशांतये ।
कुशीलवाः प्रकुर्वंति पूर्वरंगः स उच्यते ' ॥

पूर्वराग (पूर्वो रागः) पु० गः નાયક નાયિકા વગેરેના મેળાપ પછી પરસ્પર તેઓના હૃદયમાં પ્રીતિયુક્ત ભાવ થાય છે તે.

' श्रवणात् दर्शनाद्वाऽपि मिथः संरूढरागयोः ।
दशाविशेषो योऽप्राप्तौ पूर्वरागः स उच्यते ' ॥

पूर्वरात्र (पूर्वं रात्रेः अंच्) पु० त्रः રાત્રિનો પહેલો ભાગ, આગલી રાત.

पूर्वरूप (पूर्वं रूपम्) क्ली० पं. ૧ તે નામનો એક અર્થાલંકાર. ૨ થતા વ્યાધિને જણાવનારૂં લિંગ.

' स्थानसंश्रयिणः कुद्धाः भाविन्याधिप्रबोधनं ।
दोषाः कुर्वंति यल्लिंग पूर्वरूपं तदुच्यते ॥ '

पूर्वलक्षणं (पूर्वं लक्षणं) क्ली० णं. પૂર્વનું લક્ષણ.

पूर्ववत् (पूर्वं वत्) अव्य० त्. અગાઉ પ્રમાણે, સદરહુ મુજબ.

पूर्ववयस् (पूर्वं वयः कलावस्थाभेदो यस्य) त्रि० याः-याः-यः બાલક અવસ્થાવાળું.

पूर्ववयस् (पूर्वं वयः) क्ली० यः બાલકઅવસ્થા.

पूर्ववर्त्तिन् (पूर्वं वर्तते वृत् णिनि) त्रि० र्त्ती-र्त्तिनी-र्त्ति. ૧ પૂર્વે વર્તનાર. ૨ અન્યથા સિદ્ધિવિનાનું પ્રાગ્વર્તિ કારણ. [प्रतिज्ञापूर्वक બોલવું તે.

पूर्ववाद (पूर्वो वादः) पु० दः વાદીનું આક્ષેપપૂર્વક-

' पूर्ववादं परित्यज्य योऽन्यमालम्बते पुनः ।
पदसंक्रमणाज्ज्ञेयो हीनवादी स वै नरः ' ॥
मिताक्षरा ॥

पूर्ववादिन् (पूर्वं वदति णिनि) पु० दी. પહેલો આક્ષેપ કે પ્રતિજ્ઞા કરનાર વાદી.

पूर्ववार्षिक (पूर्ववर्षेषु भवः ठक्) त्रि० का-की-कं. વર્ષના પહેલા ભાગમાં હોનાર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

पूर्वविद् (पूर्वं वेत्ति विद् क्विप्) त्रि० त्-द्. पूर्वनुं जाणनार.

पूर्ववृत्त (पूर्वं वृत्तं) क्ली० त्तं. पूर्वनुं वृत्तांत ઇतिहास वगेरे. [ऋतुनी पूर्वे होनार.

पूर्वशारद् (पूर्वशरदे भवः) त्रि० दः-दी-दं. शरद्

पूर्वशैल (पूर्वः शैलः) पु० लः पूर्वपर्वत शब्द जुओ.

पूर्वसक्थ (पूर्वं सक्थ्नः) पु० क्थः साथळनो पूर्व-भाग. [नार, पूर्वे जनार.

पूर्वसर (पूर्वं सरति) त्रि० रः-रा-रं. आगळ चाल-

पूर्वसार (पूर्वं सरति) त्रि० रः-रा-रं. उपलो शब्द जुओ. अग्रगामिन्.

पूर्वा (पूर्व टाप्) स्त्री० र्वा. पूर्व दिशा.

पूर्वाचरित (पूर्वं आचरितं) त्रि० तः-ता-तं. पूर्वे आचरण करेलुं.

पूर्वाद्रि (पूर्वः अद्रिः) पु० द्रिः. उदयाचल.

पूर्वातिल (पूर्वस्यां दिशि स्थितः अतिलः) पु० लः पूर्व दिशानो वायु. [तनो दृष्टि व.द.

पूर्वानुयोग (पूर्वं अनु युज् घञ्). पु० गः એક जा-

पूर्वापर (पूर्वं च अपरं) त्रि० रः-रा-रं. १ पूर्वनुं अने पछीनुं. २ पूर्व दिशानुं अने पश्चिम दिशानुं.

' पूर्वापरौ तोयनिधीवगाह्य
स्थितः पृथिव्या इव मानदण्डः '
कुमारसंभवम्.

पूर्वार्ध (पूर्वं अर्ध) क्ली० र्धं. पहेलो अर्धभाग.

पूर्वार्ध्य (पूर्वार्धे भव. यत्) त्रि० र्ध्यः-र्ध्या-र्ध्यं. पूर्वार्धमां होनार.

पूर्वावतार (पूर्वं अव तॄ घञ्) पु० रः १ रोग सं-ताप वगेरेनो प्रथम प्रवेश. २ अगाउनो अवतार.

पूर्वावेदक (पूर्वः आवेदकः) पु० कः १ वादी, फ-र्यादी. २ पूर्वनुं आवेदन करनार.

पूर्वाश्रम (पूर्वः आश्रमः) पु० मः पहेलो आश्रम, आगलो आश्रम.

पूर्वाषाढा (पूर्वा आषाढा) स्त्री० ढा. अश्विनी वगेरे नक्षत्रमां वीशमुं नक्षत्र.

पूर्वाह्ण (पूर्वमह्नः) पु० ह्णः दिवसनो पहेलो भाग, अपोरनी आगळनो भाग.

'श्वःकार्यमद्य कुर्वीत पूर्वाह्णे चापराह्णिकम्.

पूर्वाह्णतन (पूर्वाह्णे भवः ट्यु तुट् च) त्रि० नः-नी-नं. दिवसना पहेला भागमां होनार.

पूर्वाह्णतन.

पूर्वाह्णतन (पूर्वाह्णः सोढो येन) त्रि० नः-ना-नं. दि-वसनो पहेलो भाग वेहनार.

पूर्वाह्णिक (पूर्वाह्णः साधनतयाऽस्त्यस्य) त्रि० कः-का-कं. दिवसना पहेला भागमां साधवा योग्य कर्म वगेरे. [होलातुं.

पूर्विक (पूर्व इक) त्रि० कः-का-कं. पूर्वनुं, प-

पूर्विन् (पूर्वं कृतमनन इनि) त्रि० वी-र्विणी-र्वि. १ पूर्वे क्रिया करनार. २ अगाउ करनार.

पूर्वेण ( ) अव्य० ण. पूर्व दिशामां, पूर्वे.

पूर्वेद्युस् (पूर्वस्मिन् अहनि पूर्वं एद्युस्) अव्य० द्युः. गयो काल, गयो दिवस, पूर्वदिन, प्रभात समय.

पूर्वेवुकामशमी ( ) स्त्री० मी. ते नामनी એક नगरी. [आगळ बोलेलुं.

पूर्वोक्त (पूर्वं उक्तं) त्रि० क्तः क्ता-क्तं. पूर्वे कहेलुं,

पूर्वोत्तरा (पूर्वस्याः उत्तरस्याश्चातरालं दिक्) स्त्री० रा. ઇशान कोण. [शब्द जुओ.

पूर्वोदित (पूर्वं उदितं) त्रि० तः-ता-तं. पूर्वोक्त

पूल् (भ्वा० पर० सेट् पूलति) १ એકठुं करवुं. २ ढगलो करवो.

पूल् (चुरा० पर० सेट् पूलयति) उपलो शब्द जुओ.

पूलक (पूल् ण्वुल्) पु० कः १ तृण वगेरेनुं तूप. २ धान्य तृण वगेरेनी सृष्टि.

पूलाक (पूलाक पृषो०) पु० कः तुच्छ धान्य.

पूलिका (पूरिकारस्य लः) स्त्री० का. पोणी, पूरी.

पूष् (भ्वा० पर० सेट् पूषति) वधवुं, वृद्धि पामवुं.

पूष (पूष् क) पु० षः એક जातनुं झाड. ब्रह्मदारु.

पूषक (पूष् ण्वुल्) पु० कः उपलो शब्द जुओ.

पूषदंतहर (पूष्णः सूर्यभेदस्य दंतं हरति) पु० रः शिवांश वीरभद्र. [मनो એક पुत्र.

पूषध्र ( ) पु० ध्रः वैवस्वत मनुनो ते ना-

पूषन् (पूष् कनिन्) स्त्री० षा. १ सूर्य, सुरज. २ आકडानुं झाड. [द्रनी नगरी.

पूषभासा (पूषेव भासते भास् अच्) स्त्री० सा. ध-

पूषात्मज (पूष्णः आत्मजः)पु० जः ध्रुवदेव. २ मेघ.

पूषासुहृद् (पुष्णः असुहृद्) पु० त्-द्. महादेव.

पॄ (स्वा० पर० सेट् पृणोति) खुश करवुं, तृप्त करवुं.

पॄ (जुहा० पर० सेट् पिपर्ति) १ भरवुं. २ पूरं क-रवुं. ३ रक्षण करवुं, पाळवुं. [३ करवुं.

पॄ (चुरा० उभय० सेट् पारयति-ते) भरवुं, भरी पू-

पृक्का (पृच् कन्) स्त्री० क्का. એક जातनी वनस्पति.

पृक्त (पृच् क्त) त्रि० क्तः-क्ता-क्त. १ संबंध पामे-लुं. २ मेળवेलुं. ३ मिश्र करेलुं. ४ स्पर्श करेलुं.

पृक्त (पृच् क्त) क्ली० क्तं. धन, दोलत.

पृक्ति (पृच् क्तिन्) स्त्री० क्तिः १ स्पर्श. २ संबंध, मिश्रण. [स्पर्श करवो.

पृच् (अदा० आत्म० सेट् पृक्ते) १ अडवुं, अडकवुं.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

पृच् (चुरा० उभय० सेट् पर्चयति-ते) १ ઉપલો ધાતુ જુઓ. २ દાબવું. ३ ચોળવું. ४ ઘસવું.
पृच् (भ्वा० पर० सेट् पर्चति) ઉપલો ધાતુ જુઓ.
पृच्छक (प्रच्छ् ण्वुल्) त्रि० कः-च्छिका-कं. १ પૂછનાર, પ્રશ્ન કરનાર. २ ચોકસી કરનાર.
पृच्छन् (प्रच्छ् ल्युट्) क्ली० नं. १ પૂછવું. २ પ્રશ્ન
पृच्छा (प्रच्छ् अ) स्त्री० च्छा. પૂછપાછ, જાણવાની ઇચ્છાવડે કરેલો પ્રશ્ન.
पृच्छय (प्रच्छ् क्यप्) त्रि० त्रि० च्छयः-च्छया-च्छयं. પૂછવાયોગ્ય. [શ કરવો.
पृज् (अदा० आत्म० सेट् पृक्ते) १ અડકવું. २ સ્પર્શ
पृड् (तुदा० पर० सेट् पृडति) १ હર્ષ પામવું. २ આનંદ કરવો. ३ હરખવું.
पृण् (तुदा० पर० सेट् पृणति) १ સંતોષ પામવું. २ તૃપ્ત થવું.
पृत् (पृ क्विप्) स्त्री० त्-द्. સેના.
पृतना (पृ तनन् किच्च) स्त्री० ना. १ સેના. २ સંગ્રામ, યુદ્ધ. ३ જેમાં ૨૪૩ હાથી, ૨૪૩ રથ, ७૨૯ ઘોડા અને ૧૨૧૫ પાળા હોય છે એવી સેના.
पृतनाज्य ( ) क्ली० ज्यं. સંગ્રામ, યુદ્ધ.

'पृतनानामजनाद्वा पृतनाज्यं जयनाद्वा'
निरु०.

पृतनासाह् (पृतनां सहते सह् ण्वि) पु० षाट्-षाड्. ४ द्र. [ઉડાડવું.
पृथ् (चुरां० उभय० सेट् पार्थयति-ते) १ ફેંકવું. २
पृथक् (पृथ् ककि) अव्य० क्-ग्. १ જુદું, ભિન્ન. २ તરેહતરેહનું. ३ શિવાય, વિના.
पृथक्करण (पृथक् कृ ल्युट्) क्ली० णं. १ જુદું કરવું, નિરાળું કરવું. २ ભિન્ન કરવું.
पृथक्कृत (पृथक् कृ क्त) त्रि० तः-ता-तं. १ જુદું કરેલું, નિરાળું કરેલું. २ ભિન્ન કરેલું.
पृथक्क्षेत्र (पृथक् क्षेत्रं उत्पत्तिस्थानं यस्य) पु० त्रः એક બાપ અને જુદી જુદી માથી પેદા થયેલી સંતતિ.
पृथक्त्व (पृथक् भावः त्व) क्ली० त्वं. १ જુદાપણું, નિરાળાપણું. २ ભિન્નપણું. पृथक्ता.
पृथक्त्वचा (पृथक् त्वचा यस्याः) स्त्री० चा. વનસ્પતિ મુરવેલ. મુર્વા.
पृथक्पर्णी (पृथक् पर्णान्यस्याः) स्त्री० र्णी. १ વનસ્પતિ પીઠવણ. २ ઓષધિ ઉંદરકાણી.
पृथक्पिंड (पृथक् पिंडः यस्य) पु० ण्डः કેવળ ઉદકતર્પણના અધિકારી પિતૃ.
पृथगात्मता (पृथगात्मनो भावः तल्) स्त्री० ता. १ ભેદ. २ વિશેષ. ३ જુદાપણું.
पृथगात्मिका (पृथक् आत्मा यस्याः कप्) स्त्री० का. व्यक्ति शब्द જુઓ.
पृथग्गुण (पृथग् गुणः) पु० णः જુદો ગુણ.
पृथग्जन (पृथग् भिन्नो जनो महाजनो यस्मात्) पु० नः १ પામર. २ નીચ. ३ મૂર્ખ.
पृथग्जन ( ) पु० नः-नाः पृथक् क्षेत्र शब्द જુઓ.
पृथग्विध (पृथग् भिन्ना विधा यस्य) त्रि० धः-धा-धं. १ જુદા પ્રકારનું. २ નાનારૂપવાળું.
पृथग्वीज (पृथग् बीजान्यस्य) पु० जः ભીલામાનું ઝાડ.
पृथवी (प्रथ् षवन्) स्त्री० वी. पृथ्वी शब्द જુઓ.
पृथा ( ) स्त्री० था. પાંડુરાજાની પત્ની, કુંતી, કુંતીભોજ રાજાની કન્યા.
पृथाज (पृथायां जायते जन् ड) पु० जः १ કુંતીપુત્ર, યુધિષ્ઠિર વગેરે. २ અર્જુન સાદડાનું ઝાડ.
पृथापति (पृथायाः पतिः) पु० तिः પાંડુરાજા.
पृथिका (पृथा कन् इत्वम्) स्त्री० का. शतपदी शब्द જુઓ. [पृथ्वी.
पृथिवि (प्रथते विस्तारमेति प्रथ् षिवन्) स्त्री० विः
पृथिवी (,,) स्त्री० वी. ઉપલો શબ્દ જુઓ.

'पृथिवी पञ्चमं भूतं घ्राणं चाध्यात्ममुच्यते'
भा० आश्व०

पृथिवीक्षित् (पृथिवी क्षि [ऐश्वर्ये] क्विप्) पु० त्-द्. રાજા, નૃપ.
पृथिवीजय (पृथिवीं जयति) पु० यः १ પૃથ્વીને જિતનારો. २ તે નામનો એક દાનવ.
पृथिवीतल (पृथिव्याः तलं) क्ली० लं. પૃથ્વીની સપાટી. भूतल.
पृथिवीपति (पृथिव्याः पतिः) पु० तिः १ રાજા. २ જમ. ३ ઋષભ નામની ઓષધિ.
पृथिवीपाल (पृथिवीं पालयति पाल् अच्) पु० लः રાજા. भूपाल. [શબ્દ જુઓ.
पृथिवीपालक (,, पाल् ण्वुल्) पु० कः ઉપલો
पृथिवीभव (पृथिवी भू अ) पु० वः सुरोधार.
पृथिवीभुज् (पृथिवीं भुंक्ते भुज् [अवने] क्विप्) पु० क्-ग्. રાજા. भूभुज्. [શબ્દ જુઓ.
पृथिवीभुज् (पृथिवीं भुंक्ते भुज् क) पु० जः ઉપલો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

पृथिवीरुह् (पृथिव्यां रोहति रुह् क) पु० हः ઝાડ.
पृथिवीशक्र (पृथिव्यां शक्र इव) पु० क्रः રાજા.
पृथु (पृथ् कु) त्रि० थुः-[थुः-थ्वी] थु. ૧ વિસ્તીર્ણ. ૨ મોટું.

पृथु (प्रथ् कु) पु० थुः ૧ વેન રાજાનો તે નામનો એક પુત્ર. ૨ અગ્નિ. ૩ મહાદેવ. ૪ વિષ્ણુ. ૫ ચતુર્થ મન્વંતરમાં સપ્તર્ષિપૈકી તે નામનો એક ઋષિ. ૬ કાકુત્સ્થવંશમાં પેદા થયેલા અનેનસ્ રાજાનો પુત્ર. ૭ અજમીઢવંશમાં પેદા થયેલા પારપુત્રનો પુત્ર. ૮ ક્રોષ્ટુવંશમાં પેદા થયેલા ચિત્રનો પુત્ર. ૯ કાળું જીરું. ૧૦ અશ્વિન્. ૧૧ વૃક્ષ વગેરેનું મુધું. ૧૨ ચિત્રાનું ઝાડ.

पृथुक (पृथु कं शिरोऽस्य) पु० कः બાલક, બચ્ચું. ' विचित्रं तद् गेहं भवति पृथुकार्तस्वरमयम् '

पृथुक (पृथु कै क) पु० कः चपिटक શબ્દ જુઓ.
पृथुका (पृथुक टाप्) स्त्री० का. હિંગુપત્રી.
पृथुकीय (पृथुकाय हितं छ) त्रि० यः-या-यं. બાલકના હિતનું. [બહેન.
पृथुकीर्ति (पृथ्वी कीर्तिरस्याः) स्त्री० र्तिः વસુદેવની
पृथुकोल (पृथुः कोलः) पु० लः મોટું બોર. રાજબદર.
पृथुक्य (पृथुकाय हितं यत्) त्रि० क्यः-क्या-क्यं. બાલકના હિતનું.

पृथुगंधा (पृथुः गंधः यस्य) स्त्री० धा. કપૂરકાચલી. पृथुपलाशिका.
पृथुग्रीव (पृथ्वी ग्रीवा यस्य) पु० वः તે નામનો એક રાક્ષસ. [ઊંચ ડોકવાળું.
पृथुग्रीव (पृथ्वी ग्रीवा यस्य) त्रि० वः-वा-वं. વિસ્તી-
पृथुच्छद (पृथुः छदो यस्य) पु० दः. એક જાતનો દર્ભ. [પાંદડાવાળું.
पृथुच्छद (,,) त्रि० दः-दा-दं. મોટા
पृथुता (पृथोर्भावः तल्) स्त्री० ता. ૧ વિસ્તીર્ણપણું. ૨ મોટાપણું. [જુઓ.
पृथुत्व (पृथोर्भावः त्व) क्ली० त्वं. ઉપલો શબ્દ
पृथुपत्र (पृथूनि पत्राण्यस्य) पु० त्रः રાતું લસણ.
पृथुपत्रक (पृथुपत्रः स्वार्थे क) पु० कः ઉપલો શબ્દ જુઓ. [સઢીકચુરો.
पृथुपलाशिका (पृथूनि पलाशान्यस्याः) स्त्री० का.
पृथुरुक्म ( ) पु० क्मः તે નામનો એક રાજા.
पृथुरोमन् (पृथूनि रोमाण्यस्य) पु० मा. માછલું.
पृथुरोमन् (,, यस्य) त्रि० मा-मा-म. મોટાં રૂવાડાંવાળું.

पृथुल (पृथु लच्) त्रि० लः-ला-लं. ૧ વિસ્તીર્ણ. ૨ મોટું. ૩ સ્થૂલ.
पृथुला (पृथुल टाप्) स्त्री० ला. હિંગુપત્રી શબ્દ જુઓ.
पृथुलाक्ष (पृथुले अक्षिणी यस्य) त्रि० क्षः-क्षा-क्षं. મોટાં નેત્રવાળું.
पृथुलाक्ष (,,) पु० क्षः પુરુવંશમાં પેદા થયેલા ચતુરંગનો એક પુત્ર.
पृथुवक्त्र (पृथु वक्त्रं यस्य) त्रि० क्त्रः-क्त्रा-क्त्रं. મોટા મુખવાળું. [ભેદ.
पृथुशिंब (पृथ्वी शिंबा यस्य) पु० बः श्योनाक
पृथुशेखर (पृथु शेखरं यस्य) पु० रः પર્વત.
पृथुश्रवस् (पृथुः श्रवाः यस्य) पु० वाः-वा-वस्. મોટા કાનવાળું.
पृथुसेन (पृथ्वी सेना यस्य) पु० नः અનુવંશમાં પેદા થયેલો તે નામનો એક રાજા.
पृथुस्कंध (पृथुः स्कंधो यस्य) पु० धः ડુક્કર, ભૂંડ.
पृथूदक (पृथु उदकं यस्मिन्) क्ली० कं. તે નામનું એક તીર્થ. [મેષરાશિ.
पृथूदर (पृथु उदरं यस्य) पु० रः ૧ મેંઢો, ઘેટો. ૨
पृथूदर (,,) त्रि० रः-रा-रं. મોટા પેટવાળું. [૨ હિંગુપત્રી. ૩ કાળું જીરું.
पृथ्विका (पृथ्वी स्वार्थे क) स्त्री० का. ૧ એલાયચી.
पृथ्वी (पृथुत्वगुणयुक्ता पृथु ङीष्) स्त्री० थ्वी. ૧ પૃથુત્વ ગુણવાળી સ્ત્રી. ૨ પૃથ્વી, ભોંય, જમીન. ૩ કાળું જીરું. ૪ મોટી એલાયચી. ૫ હિંગુપત્રી. ૬ વનસ્પતિ ધોળી સાટોડી. ૭ મત્તર અક્ષર જેના એક ચરણમાં છે એવો તે નામનો એક છંદ. ૮ માતૃકાભેદ.

" जसौ जसयला वसुग्रहयतिश्च पृथ्वी गुरुः "
वृत्तरत्नाकरः

पृथ्वीका (पृथ्वी स्वार्थे क) स्त्री० का. ૧ મોટી એલાયચી. ૨ કાળું જીરું. ૩ હિંગુપત્રી. ૪ સૂર્યફૂલનું ઝાડ. [કઃ ધોળું ભંડારનું ઝાડ.
पृथ्वीकुरबक (पृथ्व्यां कुरबक इव शुभ्रत्वात्) पु०
पृथ्वीगर्भ (पृथ्वीव लंबमान्नो गर्भ उदरमस्य) पु० र्भः गणपति. लंबोदर.
पृथ्वीज (पृथ्व्यां जायते जन् ड) त्रि० जः-जा-जं. ૧ પૃથ્વીમાં પેદા થનાર. ૨ જમીન ઉપર ઉત્પન્ન થનાર.
पृथ्वीज (,,) क्ली० जं. સુરોખાર.
पृथ्वीधर (पृथ्वीं धरति धृ अच्) पु० रः પર્વત, महीधर.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

पृथ्वीभर (पृथ्वीं बिभर्ति) पु० रः ते नामनो એક છંદ.

पृदाकु (स्पर्द् आकु) पु० कुः १ સર્પ. ૨ વીંછી. ૩ વાઘ. ૪ ચિત્તો. ૫ હાથી. ૬ ઝાડ.

पृदाकुसानु (पृदाकुः गज इव सानुः समुन्नतः) पु० नुः ઇંદ્ર.

पृश्नि (स्पृश् प्रच्छ् वा नि क्कि ञ्च) त्रि० श्निः-श्निः-श्नि. १ સાધારણ. ૨ સ્વલ્પ, થોડું. ૩ દૂબળું અને કેવલ હાડકાંવાળું. ૪ ઠીંગણું, ખર્વ.

पृश्नि (,,) पु० श्निः १ કિરણ. ૨ તે નામનો એક ઋષિ. ૩ યુધાજિત રાજાનો તે નામનો એક પુત્ર.

पृश्नि (,,) स्त्री० श्निः १ જન્માન્તરમાં શ્રીકૃષ્ણની માતા અને દ્વાપર યુગમાં દેવકીરૂપે પેદા થયેલી. ૨ વસુદેવની પત્ની. ૩ સવિતૃની તે નામની પત્ની. ૪ વનસ્પતિવિશેષ.

पृश्निका (पृश्नि स्वल्पं कं जलं यस्याः) स्त्री० का. એક જાતની વનસ્પતિ. कुंभिका.

पृश्निगर्भ (पृश्नेः गर्भः साधनत्वेनास्य अच्) पु० र्भः नारायण.

पृश्निगु (पृश्नयो नानावर्णत्वात् साधारणा गावो रश्मयः यस्य) त्रि० गुः-गुः-गु. જુદા જુદા વર્ણની દીપ્તિવાળું.

पृश्निपर्णिका (पृश्निपर्णी स्वार्थे क) स्त्री० का. नीचलो शब्द જુઓ. [वनस्पति पीठवण.

पृश्निपर्णी (पृश्नि स्वल्पं पर्णमस्याः ङीप्) स्त्री० र्णी.

पृश्निभद्र (पृश्नेः नाना भद्रं यस्मात्) पु० द्रः नारायण.

पृश्निमातृ (पृश्निः नानावर्णाभूमिर्मातेव यस्य) त्रि० ता-ता-तृ. જુદા જુદા વર્ણની પૃથ્વીમાં પેદા થનાર.

पृश्निशृंग (पृश्नि शृंगमग्रं यस्य) पु० गः गणपति. हेरंब. [गः नारायण.

पृश्निशृंग (पृश्निः शृंगमिवास्य उत्पत्तित्वेन) पु०

पृश्नी (पृश्नि ङीप्) स्त्री० श्नी. पृश्निका शब्द જુઓ. [૨ છાંટવું.

पृष् (भ्वा० आत्म० सेट् पर्षते) १ પ્રેક્ષણ કરવું.

पृषत् (पृष् अति कित्) क्ली० त्. ટીપું, ટપકું, બિંદુ. [પ્રેક્ષણ કરનાર, સિંચન કરનાર.

पृषत् (,,) त्रि० त्-ती-त्. છાંટનાર,

पृषत (पृष् अतच् किच्च) पु० तः १ ધોળાં ટપકાંવાળો મૃગ. ૨ ટપકું, ટીપું, બિંદુ. ૩ વાયુવાહન મૃગ. ૪ ભરદ્વાજનો તે નામનો એક પુત્ર.

पृषतांपति (पृषतां पतिः) पु० तिः वायु, પવન.

पृषताश्व (पृषतो मृगभेदोऽश्व इव यस्य) पु० श्वः ઉપલો શબ્દ જુઓ. [भाषु.

पृषत्क (पृषंति बिंदव इव को वायुरत्र) पु० त्कः

' अपि कुसुमपृषत्कैर्देवदेवस्य जेता
जयति सुरतलीलानाटिकासूत्रधारः '

विद्धशालभञ्जिका.

पृषदंश (पृषति बिंदौ अंशो यस्य) पु० शः वायु.

पृषदश्व (पृषन् मृगभेदोऽश्व इव यस्य) पु० श्वः ઉપલો શબ્દ જુઓ. [દહિં છાંટેલું ઘી.

पृषदाज्य (पृषयुक्तं दधिसेकयुक्तं आज्यं) क्ली० ज्यं.

पृषद्बल (पृषन्नेव बलमस्य) पु० लः વાયુનો ઘોડો.

पृषद्ध्र (पृषत् धृ क) पु० ध्रः વૈવસ્વત મનુનો એક પુત્ર. [શિરના પક્ષમાં રહેનારો એક રાજા.

पृषद्ध्रु ( ) पु० ध्रुः દ્વાપરયુગમાં યુધિ-

पृषंति (पृष् झि) पु० तिः ટીપું, ટપકું, બિંદુ.

पृषभाषा (पृष् सेके क तादृशी भाषा यस्य) स्त्री० षा. ઇંદ્રની રાજધાની અમરાવતી.

पृषाकरा (पृष् दिवा कीर्यते आ कृ अच्) स्त्री० रा. વજન કરવાનો નાનો પથ્થર.

पृषातक (पृषंतं पृषदाज्यं तकते तक् अच्) क्ली० कं. દહિં છાંટેલું ઘી.

पृषोदर (पृषदिवो दरं यस्य) त्रि० रः-रा-रं. ૧ જેના પેટ ઉપર કુંડાળું કે ટપકું હોય છે તે. ૨ સ્વલ્પોદર.

पृषोदर (पृषंति उदरे यस्य) पु० रः वायु, પવન.

पृषोद्यान (पृषत् उद्यानं) क्ली० नं. નાનો બાગ.

पृष्ट (पृष् प्रच्छ् वा क्त) त्रि० ष्टः-ष्टा-ष्टं. ૧ છાંટેલું, પ્રેક્ષણ કરેલું. ૨ પૂછેલું.

पृष्टहायन पृष्टं हायनमस्य) पु० नः ૧ હાથી. ૨ એક જાતનું ધાન્ય.

पृष्टि (प्रच्छ् क्तिन्) स्त्री० ष्टिः ૧ પૂછવું તે. ૨ પ્રશ્ન.

पृष्टि (पृष् क्तिन्) स्त्री० ष्टिः ૧ છાંટવું તે. ૨ પ્રેક્ષણ.

पृष्ट्वा (प्रच्छ् क्त्वा) अव्य० ष्ट्वा. પૂછીને.

पृष्ठ (स्पृश् पृष् वा थक्) क्ली० ष्ठं ૧ વાંસો. ૨ પીઠ. ૩ સપાટી. ૪ એક જાતનું સ્તોત્ર.

पृष्ठगोप (पृष्ठं गोपायति) पु० पः વાંસાના ભાગનું રક્ષણ કરનાર એક યોધો.

पृष्ठग्रंथि (पृष्ठे ग्रंथिर्यस्य) त्रि० थिः-थिः-थि. ખુંધું, કોંટીયું, કુબડું. [क्षुः रीढ.

पृष्ठचक्षुस् (पृष्ठे पश्चादभागे चक्षुः दृष्टिर्यस्य) पु०

पृष्ठज (पृष्ठे पश्चाज्जायते जन् ड) त्रि० जः-जा-जं. પાં-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

से पेदा थनार. [द्या थयेलुं.
पृष्ठजात (पृष्ठे पश्चाज्जातः) त्रि० तः-ता-तं. वांसे पे-
पृष्ठतल्पन (पृष्ठस्य तल्पनं तल्प वदाचरणं) क्ली० नं. केवल पीठ उपर सुवुं ते.
पृष्ठतस् (पृष्ठ तसिल्) अव्य० तः वांसे, पीठे.
पृष्ठदृष्टि (पृष्ठे दृष्टिस्तद्व्यापारो यस्य) पु० ष्टिः रींछ.
पृष्ठफल (पृष्ठस्य फलम्) क्ली० लं. सपाटीनुं क्षेत्रफल.
पृष्ठमर्मन् (पृष्ठस्य मर्म) क्ली० र्मे. वांसानुं मर्मनुं हाडकुं. [ठनुं मांस.
पृष्ठमांस (पृष्ठस्य मांसं) क्ली० सं. पशु वगेरेनी पी-

'प्राक् पादयोः पतति खादति पृष्ठमांसं'
हितोपदेशः.

पृष्ठमांसाद (पृष्ठे परोक्षे मांसाद इव) पु० दः हरकोइना परोक्ष तेना दोषने कही बतावनार चाडीओ.
पृष्ठमांसाद (पृष्ठमांसमत्ति) त्रि० दः-दा-दं. पशु वगेरेनी पीठनुं मांस खानार.
पृष्ठमांसादन (पृष्ठे परोक्षे मांसादनमिव) क्ली० नं. १ चाडी करवी ते. २ हरकोइना परोक्ष तेना दोष गावा ते.

'पृष्ठे मांसादनं यत् तत् परोक्षे दोषकीर्तनं'

पृष्ठमांसादन (पृष्ठे परोक्षे मांसमत्ति इव) त्रि० नः-नी-नं. १ चाडी करनार. २ हरकोइना परोक्षं तेना दोष गानार.
पृष्ठमांसादन (पृष्ठमांसस्य अदनं भक्षणं) क्ली० नं. पशु वगेरेनी पीठनुं मांस खावुं ते.
पृष्ठयान (पृष्ठेन यानं गमनं) क्ली० नं. पीठ उपर चढी जवुं ते.
पृष्ठवंश (पृष्ठे वंश इव) पु० शः पीठनुं हाडकुं.
पृष्ठवाह् (पृष्ठं पश्चाद्भागं युगपार्श्वं वा वह्णि) त्रि० ट्-ड्. १ पीठ उपर चढावी वही जनार अलद वगेरे. २ वांसाना भागने वही जनार.
पृष्ठवाह्य (पृष्ठेन वाह्यं वहनं यस्य) त्रि० ह्यः-ह्या-ह्यं. पीठ उपर चढावी वही जनार अलद वगेरे.
पृष्ठशय (पृष्ठे शेते शी अच्) त्रि० यः-या-यं. केवळ पीठ लांबी करी सुनार. उत्तानपाद.
पृष्ठशृंग (पृष्ठे शृंगमस्य) पु० गः रानी भोकडो.
पृष्ठशृंगिन् (पृष्ठ शृंग णिनि) पु० गी. १ भीमसेन. २ नपुंसक. ३ पाडो. ४ भेंढो.
पृष्ठानुग (पृष्ठे अनुगच्छति गम् ड) त्रि० गः-गा-गं. वांसा वांसे जनार. [पीठवण.
पृष्ठिपर्णी ( ) स्त्री० र्णी. वनस्पति
पृष्ठेमुख (पृष्ठे मुखमस्य) पु० खः कुभारनो एक अनुचर.
पृष्ठोदय (पृष्ठेनोदयो यस्य) पु० यः राशिभेद.
पृष्ठ्य (पृष्ठानां स्तोत्रभेदानां समूहः यत्) क्ली० ष्ठ्यं. एक जातनो स्तोत्रनो समूह.
पृष्ठ्य (पृष्ठे भवः यत्) त्रि० ष्ठ्यः-ष्ठ्या-ष्ठ्यं. १ वांसे होनार. २ पीठमां होनार.
पृष्ठ्य (पृष्ठेन वहति यत्) पु० ष्ठ्यः १ सवारीनो घोडो. २ पृष्ठवाहक. [जुदा वर्णवाळुं.
पृष्णि (पृष्णिन पृषो०) त्रि० ष्णिः-ष्णिः-ष्णि जुदा
पृष्णि (,,) स्त्री० ष्णिः पगनी एडी.
पॄ (क्र्या० पर० सेट् पृणाति) १ पालवुं. २ भरवुं. ३ पूरं करवुं.
पॄ (जुहो० पर० सेट् पिपर्ति) उपलो धातु जुओ.
पॄ (चुरा० उभय० सेट् पारयति-ते) १ भरवुं. २ पूर्ण करवुं.
पेचक (पच् वुन् अतः एच) पु० कः १ घूड. २ मेध. ३ पलंग, खाटलो. ४ हाथीना पूंछडानो अग्रभाग. ५ जू. ६ गुदाच्छादक मांसपिंड.
पेचकिन् (पेचक इनि) पु० की. हाथी.
पेचिल (पच् इलच् अतः एच) पु० लः उपलो शब्द जुओ.
पेचु (पच् उन् अतः एच) क्ली० चु. नीचलो शब्द जुओ.
पेचुली (पेचुल ङीष्) स्त्री० ली. एक जातनुं शाख.
पेट (पिट् अच्) त्रि० टः-टा-टं. संहतिकारक.
पेट (पिट् अच्) पु० टः विस्तार करेलो हाथ.
पेटक (पिट् ण्वुल्) पु० क्ली० कः-कं. वांस, काठ वगेरेनी बनावेली पेटी, पेटारो.
पेटक (पिट् ण्वुल्) क्ली० कं. जभाव, समूह.
पेटाक (पेटक पृषो०) पु० कः वांस, काठ वगेरेनी बनावेली पेटी पेटारो.
पेटिका (पिट् ण्वुल्) स्त्री० का. उपलो शब्द जुओ.
पेटी (पेट अल्पार्थे ङीष्) स्त्री० टी. नानी पेटी.
पेटा (पेट पृषो०) स्त्री० टा. मोटो पेटारो. मंजूषा.
पेढान ( ) पु० नः अवसर्पिणी कालमां पेदा थयेलो एक जिनोत्तम.
पेण् (भ्वा० पर० सेट् पेणति) १ जवुं, गणन करवुं. २ पीसवुं. ३ भेटवुं.
पेत्व (पा इत्वन्) क्ली० त्वं. १ अमृत. २ घी.
पेपीयमान (पा यङ् यक् शानच्) त्रि० नः-ना-नं. वारंवार पीवा योग्य.
पेय (पा यत्) त्रि० यः-या-यं. पीवा योग्य, पान क-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રવા લાયક. પાનીય, પાતવ્ય.
'भोज्यं पेयं तथा चूष्यं लेह्यं खाद्यं च चर्वणम् ।
निष्पेयं चैव भक्ष्यं स्यादन्नमष्टविधं स्मृतम्' ॥
राजनि० ॥

પેય (पा यत्) क्ली० यं. १ પાણી, દૂધ.
પેયા (पेय टाप्) स्त्री० या. १ ક્વાથ, કષાય. ૨ ખાની કાંજી.
પેયૂષ (पीय् ऊषन्) क्ली० षं. १ અમૃત. ૨ તાજું ધી. ૩ પહેલા સાત દિવસનું વિઆયલી ગાયનું દૂધ.
પેરજ ( ) क्ली० जं. એક જાતનો હીરો.
પેરા (पि रे) स्त्री० रा. એક જાતનું વાદ્ય.
પેરુ (पीयते रसान् पी रु) पु० रुः અગ્નિ, આદિત્ય.
પેરુ (पॄ ड) पु० रुः સમુદ્ર.
પેરોજ (पिरोज पृषो०) क्ली० जं. એક જાતનો હીરો.
પેલ્ (भ्वा० पर० सेट् पेलति) ૧ જવું. ૨ કંપવું, હાલવું.
પેલ (पेल् अच्) क्ली० लं. પેળ, પેળીઓ.
પેલ (पेल् घञ्) पु० लः ૧ જવું તે, ગમન. ૨ કંપવું તે, હાલવું તે.
પેલવ (पेलं वाति वा क) त्रि० वः-वा-वं. ૧ કુમળું, કોમળ. ૨ દૂબળું. ૩ નાજુક. ૪ વિરલ, વિરવું.
પેલિ (पेल इन्) त्रि० लि-लि-लि. જનાર.
પેલિન્ (पेल इनि) पु० ली. ઘોડો, અશ્વ.
પેલિની (पेलिन् ङीप्) स्त्री० नी. એક જાતનું શાક.
પેવ્ (भ्वा० आत्म० सेट् पेवते) સેવવું, ચાકરી કરવી.
પેશલ (पिश् अलच्) त्रि० लः-ला-लं. ૧ સુંદર. ૨ ડાહ્યું, શાણું. ૩ કુમળું, કોમલ. ૪ ધૂતારું.
'किंवा तत्वनिवेशपेशलमतिर्योगीश्वरः कोऽपि किम्'
भर्तृहरिः.
પેશલ (पेश लच्) पु० लः વિષ્ણુ. [કોષ.
પેશસ્ (पिश् असुन्) क्ली० शः ૧ રૂપ. ૨ સોનું. ૩
પેશસ્કાર (पेशं रूपांतरं करोति स्वगृहीतकीटस्य) पु० रः એક જાતનો કીડો.
પેશસ્કૃત્ (,, ,, कृ क्विप्) पु० त्-द्. ઉપલો શબ્દ જુઓ. [દ્રનું વ૦૭.
પેશી (पिश् इन्) स्त्री० शिः ૧ અડદની દાળ. ૨ ધૈ-
પેશિકા (पेशी कन्) स्त्री० का. ૪લની છાલ.
પેશી (पेषिः ङीप्) स्त्री० षी. ૧ ધૈડું. ૨ અડદની દાળ. ૩ પાકી કળી. ૪ માંસનો કટકો. ૫ માંસ-પિંડી. ૬ તલવારનું મ્યાન. ૭ શરીરમાંહેલી માંસ-પેશી, સ્નાયુ પેશી વગેરે. ૮ તે નામની એક નદી. ૯ પિશાચસ્ત્રી. ૧૦ વનસ્પતિ જટામાંસી. ૧૧ તે નામની એક રાક્ષસી. ૧૨ ગર્ભને વીંટી રહેનારો ચામડાનો પડદો. ૧૩ વાદ્યવિશેષ.
પેશીકોષ (पेष्या कोष इव) पु० षः પેળ, પેળીઓ, કોષીઓ. [કરનાર.
પેશ્વર (पिश् वरच्) त्रि० रः-रा-रं. દળનાર, ચૂર્ણ
પેષ્ (भ्वा० आत्म० सेट् पेषते) ૧ ઠરાવવું. ૨ નિ-શ્ચય કરવો. ૩ સેવવું. [રવું.
પેષણ (पिष् ल्युट्) क्ली० णं. ૧ દળવું. ૨ ચૂર્ણ ક-
પેષણ (पिष् ल्युट्) क्ली० णं. ચૂર્ણ કરવાનું કે દળ-વાનું સાધન; ખલનો બત્તો, સાંબેલું, મુસલી વ-ગેરે.
પેષણિ (पिष् अनि) स्त्री० णिः હળદર વગેરે દળવા કે ચૂર્ણ કરવાનું સાધન; ધૈંટી, ખલ, છીપર વગેરે.
પેષણી (पेषणिः ङीप्) स्त्री० णी. ઉપલો શબ્દ જુઓ. [શબ્દ જુઓ.
પેષલ (पिष् अलच्) त्रि० लः-ला-लं. त्रिलिंगी પેશલ
પેષાક (पिष् आकन्) पु० कः મશાલો વગેરે વાટ-વાની એક નાની છીપર વગેરે. પેષણી.
પોષિ (पिष् इन्) पु० पिः વજ્ર.
પેસ્ (भ्वा० पर० सेट् पेसति) જવું, ગમન કરવું.
પેસલ (पिस् अलच्) त्रि० लः-ला-लं. त्रिलिंगी પેશલ શબ્દ જુઓ. [૨નાર ૪૨નાર.
પેસ્વર (पिस् वरच्) त्रि० रः-रा-रं. ૧ જનાર. ૨ ૪-
પૈ (भ्वा० पर० सेट् पायति) સુકાઈ જવું.
પૈંગ (पिंग अण्) पु० गः તે નામનો એક ઋષિ.
પૈંગલ (पिंगलस्यापत्यं यञ्) पु० व० ल्लाः पिंगल-ઋષિના દીકરા. [મુનિના શિષ્ય.
પૈંગલ (पिंगलस्य छात्राः यञ्) पु० व० ल्लाः पिंगल
પૈંગલ્ય (पिंगलस्य भावः ष्यञ्) क्ली० ल्यं. पिंगलप-ણું. पिंगलता, पिंगलत्व.
પૈંગિ (पिंगस्यापत्यं पुमान् पिंग इञ्) पु० गिः पिंग-મુનિનો પુત્ર. પૈંગી.
પૈંગિન્ (पिंगेनर्षिणा प्रोक्तः कल्पः इनि) पु० गी. પિંગ મુનિએ કહેલું કલ્પશાસ્ત્ર.
પૈંગ્ય (पिंगस्यापत्यं पुमान् यञ्) पु० ग्यः पिंगल મુનિનો પુત્ર. [વન રાજાનો પુત્ર.
પૈયવન (पियवनस्यापत्यं पुमान् इण्) पु० नः पिय-
પૈંજૂષ (पिंज् ऊष स्वार्थे अण्) पु० षः ઝાન, કણું.
પૈઠર (पिठरे संस्कृतं पक्वं अण्) त्रि० रः-री-रं. તપે-લી વગેરે વાસણમાં પકાવેલું. [અસુર.
પૈઠિક ( ) पु० कः તે નામનો એક
પૈઠિનસિ ( ) पु० सिः ૧ ઉપસ્મૃતિ કરનાર તે નામનો એક ઋષિ. ૨ તે નામનો એક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

गोत्रप्रवर्त्तक मुनि. [नीचलो शब्द जुओ.
पैंडिक्य (पिंडिकस्य भावः यक् ष्यञ् वा) क्ली० क्यं.
पैंडित्य (पिंडिनो भावः ष्यञ्) क्ली० त्यं. पारकानुं अनाज भागी पेट भरवुं ते.
पैंड्य (पिंड्यां भवः ष्य) त्रि० ड्यः-ड्या-ड्यं. गाडी-डीनी नाभिमां होनार.
पैतृक (पितृत आगतः ठञ्) त्रि० कः-का-कं. बापथकी आवेली मिलकत वगेरे. [संबंधी.
पैतृक (पितुरिदं ठञ्) त्रि० कः-का-कं. बापनुं, बाप
पैतृमत्य (पितृमत्यां अनूढायां कन्यायां भवः ष्य) त्रि० त्यः-त्या-त्यं. कोइने नहि परणेली स्त्रीना पेटे पेदा थयेलो पुत्र वगेरे. कानीन.
पैत्रयज्ञिय (पितृयज्ञस्येदं) त्रि० यः-या-यं. पितृयज्ञनुं, पितृयज्ञसंबंधी.
पैतृष्वसेय (पितृष्वसुपत्यं पुमान् ढक्) पु० यः बापनी बहेननो दीकरो, कोइनो दीकरो.
पैतृष्वस्रीय (पितृष्वसुरपत्यं पुमान् छण्) पु० यः उपलो शब्द जुओ. [लोट वगेरेनुं, पिष्टसंबंधी.
पैत्त (पित्तादागतः अण्) त्रि० त्तः-त्ता-त्तं. पित्त थकी आवेलो ताव वगेरे. [पित्त संबंधी.
पैत्त (पित्तस्येदं अण्) त्रि० त्तः-त्ता-त्तं. पित्तनुं,
पैत्तिक (पित्तेन निर्वृत्तः ठञ्) त्रि० कः-का-कं. पित्त थकी पेदा थयेलो व्याधि वगेरे.
पैत्र (पितुरिदं अण्) त्रि० त्रः-त्री-त्रं. पितानुं, पितासंबंधी श्राद्ध वगेरे. [दिन.
पैत्र (पितुरिदं अण्) क्ली० त्रं. पितृतीर्थ, पितानो
पैत्राहोरात्र (पैत्रः अहोरात्रः) पु० त्रः मनुष्यनो एक महिनो. [नुं, पिनाक संबंधी.
पैनाक (पिनाकस्येदं अण्) त्रि० कः-की-कं. पिनाक-
पैप्पल (पिप्पलस्येदं अण्) त्रि० लः-ली-लं. पिपळानुं, पिपळा संबंधी.
पैप्पलाद (पिप्पलादेन ऋषिणा प्रोक्तं अधीयते) पु० व० दाः. पिप्पलाद ऋषिए बनावेला शास्त्रनो अभ्यास करनाराओ. [पिप्पलाद ऋषिनो पुत्र.
पैप्पलादि (पिप्पलादस्यापत्यं पुमान् इञ्) पु० दिः
पैल (पीलायाः अपत्यं पुमान्) पु० लः १ ऋग्वेदने प्रसिद्धिमां आणनार ते नामनो एक ऋषि. २ पीलानो पुत्र.
पैलगर्ग (पैलः गर्गः) पु० र्गः ते नामनो एक ऋषि.
पैलव (पीलोरिदं अण्) त्रि० वः-वी-वं. पीलुना झाडनुं, पीलुना झाड संबंधी.
पैलव (पीलौ दीयते कार्यं वा अण्) त्रि० वः-वी-वं. १ पीलुना प्रास वगेरे आपवा योग्य. २ पीलुना फाल वगेरे करवा लायक. [नो पुत्र.
पैलेय (पीलाया अपत्यं पुमान् ढक्) पु० यः पीला-
पैशल्य (पेशलस्य भावः ष्यञ्) क्ली० ल्यं. १ कुमळापणुं, कोमलता. २ सुंदरपणुं.
पैशा (पिशाचस्य इदं अण्) त्रि० चः-ची-चं. पिशाचनुं, पिशाचसंबंधी.
पैशाच (पिशाचः स्वार्थे अण्) पु० चः पिशाच.
पैशाच (पिशाचेन निर्वृत्तः अण्) पु० चः धर्मशास्त्रप्रसिद्ध आठ विवाह पैकी ते नामनो एक विवाह.
'सुप्तां मत्तां प्रमत्तां वा रहो यत्रोपगच्छति ।
स पापिष्ठो विवाहानां पैशाचः.....' ॥ मनुः
पैशाच (,,) त्रि० चः-ची-चं. पिशाचे करेलुं.
पैशाच (,,) क्ली० चं. एक जातनुं द्यूत.
पैशुन (पिशुनस्य भावः अण्) क्ली० नं. १ चाडीआपणुं. २ चाडीचुगली. पिशुनता, पिशुनत्व.
पैशुन्य (पिशुनस्य भावः ष्यञ्) क्ली० न्यं. उपलो शब्द जुओ. [लोट वगेरेनुं, पिष्टसंबंधी.
पैष्ट (पिष्टस्येदं अण्) त्रि० ष्टः-ष्टी-ष्टं. पिष्ट पदार्थ-
पैष्टिक (पिष्ट ठञ्) क्ली० कं. एक जातनुं मद्य.
पैष्टी (पिष्टस्येयं अण् ङीप्) स्त्री० ष्टी. एक जातनी सुरा.
" पैष्टी कटूम्लतीक्ष्णा स्यादीषद्गौडीसमा परा ।
वातहृत्कफकृत्स्त्रीषत् पित्तकृन्मोहनी च सा " ॥
राजनि० ॥
पो (पवते पुनाति वा पु पू वा विच्) त्रि० पौः-पौः-पौ. १ शुद्ध. २ शुद्ध करनार, पवित्र करनार. ३ पवित्र.
पोगंड (पौः शुद्धो गंड एकदेशो यस्य) पु० डः पांचथी ते दश वर्ष सुधीनो बालक.
पोगंड (,,) त्रि० डः-डा-डं. १ जेनुं हरकोइ अंग क्रम होय छे ते. २ जेनुं हरकोइ अंग अधिक होयछे ते. ३ विकल अंगवाणुं.
पोट (पुट् घञ्) पु० टः १ मेलाप. २ सेळभेळ थवुं. ३ घरनो पायो.
पोटगल (पोटेन संश्लेषमात्रेण गलति) पु० लः एक जातनुं भरु. २ कसाळो. ३ एक जातनुं माछलुं.
पोटलक (पोटेन लीयते ली ड) क्ली० कं. वस्त्रनी पोटली. [जुओ.
पोटलिका (पोटली कन्) स्त्री० का. उपलो शब्द
पोटा (पुट् अच् टाप्) स्त्री० टा. मूढ वगेरे पुरुषनां लक्षण जेनामां छे एवी स्त्री.
पोटिक ( ) पु० कः गुमडुं.
पोटी ( ) स्त्री० टी. एक जातनुं भो.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માછલું. [પોટલી.
पोट्टलिका (पोटलिका पृषो०) स्त्री० का. વસ્ત્રની
पोट्टली (पोटली पृषो०), स्त्री० ली. ઉપલો શબ્દ જુઓ.
पोडु (पुड् उ) पु० डुः ખોપરીના હાડકાનું તળિયું.
पोत (पू तन्) पु० तः १ મનુષ્ય, પશુ, પક્ષીવગેરેનું બાળક, ૨ દશ વર્ષનું હાથીનું બચ્ચું. ૩ વહાણ, નૌકા. ૪ વસ્ત્ર, કાપડ. ૫ બીજાંકુર. ૬ ધરની જગા.

'पोतो दुस्तरवारिराशितरणे दीपोऽन्धकारागमे'

सुभाषितम्.

पोतक (पोत स्वार्थे कन्) पु० कः ઉપરનો શબ્દ જુઓ.
पोतक (पोत इव कायति कै क) पु० कः એક જાતનો નાગ.
पोतकी (पोतक ङीष्) स्त्री० की. ૧ વનસ્પતિ ક્ષેત્રનાક. ૨ એક જાતનું શાક. ૩ એક જાતનું પંખી.
पोतज (पोतः सन् जायते जन् ड) पु० जः મૈથુનવિના જેને ગર્ભ રહે છે એવું મનુષ્યને ખાનાર પ્રાણી. [વિત્રપણું કરનાર.
पोतन (पू तन्) त्रि० नः-ना-नं. ૧ પવિત્ર. ૨ પ-
पोतप्लव (पोतेन प्लवते प्लु अच्) पु० वः વહાણવડે તરનારો પુરુષ.
पोतवाणिज् (पोते वणिक्) पु० क्-ग्. વહાણવડે વેપાર કરનારો પુરુષ. [સુકાન.
पोतरक्ष (पोतं रक्षति रक्ष् अच्) पु० क्षः વહાણનું
पोततकप्रिय ( ) पु० यः તે નામનો એક બુદ્ધ. [લાવનાર ખલાસી.
पोतवाह (पोतं वहति वह् अण्) पु० हः વહાણુ ચ-
पोती (पू तन्) स्त्री० ता. મનુષ્ય, પશુ, પક્ષી વગેરેનું બચ્ચું. [ખુ, રાવટી.
पोताच्छादन (पोतस्येव आच्छादनं) क्ली० नं. त-
पोताधान (पोतानां अंडजातमत्स्यानां आधानं) क्ली० नं. નાનાં માછલાંનો સમૂહ.
पोतास (पोत इव आसति आस् अच्) पु० सः ભીમસેની કપૂર.
पोतिका (पूतिका पृषो०) स्त्री० का. ૧ એક જાતનું શાક. ૨ વનસ્પતિ શતપુષ્પી. ૩ મૂલપીતી.
पोतु (पू तुन्) पु० तुः ૧ માન. ૨ ભાંડ. ૩ શોધક. [જ્.
पोतृ (पुनाति पू तृन्) पु० ता. કલ્પમાં એક ઋત્વિ-
पोत्या (पोतानां समूहः य) स्त्री० त्या. વહાણનો સમૂહ.
पोत्र (पू त्र) क्ली० त्रं. ૧ વજ્ર. ૨ ડુક્કરના મુખનો અગ્રભાગ. ૩ બાંગલનો અગ્રભાગ. ૪ વહિત્ર.
पोत्रायुध (पोत्रं आयुधमिवास्य) पु० धः ડુક્કર, ભૂંડ.
पोत्रिदंष्ट्राज (पोत्रिणो दंष्ट्रायां जायते जन् ड) क्ली० जं. ડુક્કરની દાઢમાં પેદા થતું એક રત્ન.
पोत्रिन् (पोत्रमस्त्यस्य इनि) पु० त्री. ડુક્કર, ભૂંડ.
पोत्रिरशा (पोत्रीरथ इव गतिसाधनमस्याः) स्त्री० या. તે નામની એક જિનશક્તિ.
पोत्रीय (पोतुः कर्म छ) क्ली० यं. પોતૃનું કામ.
पोथकी ( ) स्त्री० की. આંખ ઉપર થતી આંજણી.

'कंडूस्रावान्विता गुर्व्यो रक्तसर्षपसन्निभाः।
पीडकाश्च रुजावत्यः पोथकस्य इति संज्ञिकाः'॥

सुश्रुतः॥

पोनःपुन्य (पुनः पुनः पुनावि) त्रि० यः-न्या-न्यं. વારંવાર પવિત્ર કરનાર, ધણું શુદ્ધ કરનાર.
पोल (पुल् ण) त्रि० लः-ला-लं. મહત્ત્વયુક્ત.
पोलिका (पोली स्वार्थे क) स्त्री० का. પૂરી, પોળી.
पोलिन्द (पोतस्य आलिंद इव पृषो०) पु० दः વહાણનો એક ભાગ. [જુઓ.
पोली (पुल् ण ङीष्) स्त्री० ली. पोलिका શબ્દ
पोष (पुष् घञ्) पु० षः ૧ ઉછેરવું. ૨ પાલવું, પોષવું.
पोषण (पुष् ल्युट्) क्ली० णं. ઉપલો શબ્દ જુઓ.
पोषणीय (पुष् अनीयर्) त्रि० यः-या-यं. પોષવા યોગ્ય, પાલવા લાયક.
पोषयितव्य (पुष् तव्यत्) त्रि० व्यः-व्या-व्यं. ઉપલો શબ્દ જુઓ.
पोषयित्नु (पुष् णिच् इत्नु) त्रि० त्नुः-त्नुः-त्नु. પોષણ કરનાર, પોષનાર, પોષક. [પિક.
पोषयित्नु ( ) पु० त्नुः કોયલ પંખી.
पोषिन् (पुष् णिनि) त्रि० षी-षिणी-षि. પોષણ કરનાર, પાલનાર. પોષક. [જુઓ.
पोषुक (पुष् उकञ्) त्रि० कः-का-कं. ઉપરનો શબ્દ
पोष्टृ (पुष् तृच्) त्रि० ष्टा-ष्ट्री-ष्टृ. પોષણ કરનાર, પોષક.
पोष्टृ (पुष् तृच्) पु० ष्टा. કરંજભેદ.
पोष्य (पुष् ण्यत्) त्रि० ष्यः-ष्या-ष्यं. પોષણ કરવા લાયક, અન્યસ્ય પોષવા લાયક.
पोष्यता (पोष्यस्य भावः तल्) स्त्री० ता. પોષણ કરવા યોગ્યપણું. [બ્દ જુઓ.
पोष्यत्व (पोष्यस्य भावः त्व) क्ली० त्वं. ઉપલો શ-
पोष्यपुत्र (पोष्यः पुत्रः) पु० त्रः પોષીને મોટો ક-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રેલ બીજાનો પુત્ર.

'अधुना कृत्तिकादीनां षण्णां यः पोष्यपुत्रकः ।
तन्नाम चक्रुस्तां प्रेम्णा कार्तिकश्चेति कौतुकात्' ॥
ब्रह्मवै० ॥

પોષ્યવર્ગ (पोष्यः वर्गः) पु० गः જેનું પોષણ અવશ્ય કરવું જોઇએ તે; પુત્ર, સ્ત્રીવગેરે.

પૌંશ્ચલેય (पुंश्चल्या अपत्य पुमान् ठक्) पु० यः પુંશ્ચલીનો પુત્ર, છીનાળનો દીકરો.

પૌંશ્ચલ્ય (पुंश्चल्या भावः यत्) क्ली० ल्यं. ૧ અસતી પણું. ૨ સ્ત્રીપુરુષનો પરસ્પર વ્યભિચાર.

પૌંસવન (पुंसवनमिव स्वार्थे अण्) क्ली० नं. पुंसवन शब्द જુઓ. [મરદાઇ.

પૌંસ્ન (पुंसो भावः स्नञ्) क्ली० स्नं. પુરુષપણું.

પૌંસ્ય (पुंसि साधु ष्य) क्ली० स्यं. બલ, જોર.

પૌગંડ (पोगंड स्वार्थे अण्) त्रि० डः-डा-ड. त्रिलिंगी पोगंड शब्द જુઓ. [શબ્દ જુઓ.

પૌગંડ (पोगंड स्वार्थे अण्) पु० डः पुल्लिंगी पोगंड

પૌગંડ (पोगंडस्य भावः अण्) क्ली० डं. પાંચથી તે દશ વર્ષ સુધી બાલકની અવસ્થા. [જુઓ.

પૌગંડક (पोगंड स्वार्थे क) क्ली० कं. ઉપલો શબ્દ

પૌણિક્યા (पुणगोत्रस्य स्त्री अण् ष्यङ्) स्त्री० क्या. પુણગોત્રની સ્ત્રી.

પૌંડરીક (पुंडरिकमिव अण्) क्ली० कं. એક જાતની વનસ્પતિ જેનાં પાંદડાં બાળુસ અને હાથાની આંખને ફાયદાકારક છે. [વૃક્ષ. ૨ સ્થલકમલ.

પૌંડર્ય (पुंडर्यमेव अण्) क्ली० र्यं. ૧ પુંડરીક

પૌંડ્ર (पुंड्र अण्) पु० ड्रः તે નામનો એક દેશ.

પૌંડ્ર (पुंड्रस्य राजा) पु० ड्रः પુંડ્ર દેશનો રાજા

પૌંડ્ર (पौंड्रो अभिजनो यस्य अण्) पु० ड्रः પૌંડ્રદેશનો રહેવાસી લોક.

"पौंड्रश्च वलिनां वरः" हरिवंशम्.

પૌંડ્ર (पौंड्रो पुंड्र अण्) पु० ड्रः ભીમસેનનો શંખ. ૨ એક જાતની શેલડી. ૩ ક્રિયાલોપવડે શૂદ્રપણાને પામેલી એક ક્ષત્રિયજાતિ.

પૌંડ્રક (पौंड्रः कन्) पु० कः ૧ એક જાતની શેલડી. ૨ ક્રિયાલોપે શૂદ્રપણાને પામેલો એક જાતનો ક્ષત્રિય. [દ્વારપ્રાંત.

પૌંડ્રવર્દ્ધન (पौंड्रं इक्षुविशेषं वर्द्धयति) पु० जः બિ-

પૌંડ્રવાસુદેવ (पौंड्रो वासुदेवः) पु० वः શ્રીકૃષ્ણનો સામાવાળો એક ભૂપાલ. [શેલડી.

પૌંડ્રિક (पुंड्रः स्वार्थे ठञ्) पु० कः એક જાતની

પૌણ્ય (पुण्येषु साधुः अण्) त्रि० ण्यः-ण्यी-ण्यं. પુણ્યનું કામ કરનાર.

પૌતવ (पौतव पृषो०) क्ली० वं. બાપ, વજન.

પૌતિક (पूतिकेन दुर्गंधिना निवृत्तं अण्) त्रि० कः-का-क દુર્ગંધથી નીવડેલું.

પૌતિનાસિક્ય (पौतियुक्तं नासिकं) क्ली० क्यं. દુર્ગંધિયુક્ત નાકમાંહેલું લીંટ.

પૌતિમાસ (पूतिमासस्य छात्राः अण्) पु० बo त्राः પૂતિમાસ ઋષિના ચેલા.

પૌતૃક (पोतुरिदं इञ्) त्रि० कः-का-कं. યજ્ઞના ઋત્વિજ્-પોતૃ-સંબંધી; પોતૃનું.

પૌતિક (पूतिकाभिर्मधुमक्षिकाभेदैः निर्वृत्तं ठञ्) क्ली० कं. એક જાતનું મધ. [ત્રે. દીકરાનો દીકરો.

પૌત્ર (पुत्रस्यापत्यं पुमान् अण्) पु० त्रः પુત્રનો પુત્ર

'पौत्रेणानन्त्यमश्नुते' स्मृतिः

પૌત્રિક (पुत्रस्येदं ठञ्) त्रि० कः-की-क. પુત્રનું, પુત્રસંબંધી. [પુત્રીનો પુત્ર, દૌહિત્ર.

પૌત્રિકેય (पुत्रिकाया अपत्यं पुमान् ढक्) पु० यः

પૌત્રિકેયા (पुत्रिकाया अपत्यं स्त्री ढक् टाप्) स्त्री० या. પુત્રીની પુત્રી; દૌહિત્રા. [હોય છે તે.

પૌત્રિન્ (पौत्र णिनि) त्रि० त्री-त्रिणी-त्रि. જેને પૌત્ર

પૌત્રી (पुत्रस्यापत्यं स्त्री अण् ङीप्) स्त्री० त्री. પુત્રની પુત્રી. [નગર.

પૌદન્ય ( ) पु० न्यः અશ્મક રાજાનું

પૌનઃપુનિક (पुनःपुनः भवः ठञ्) त्रि० कः-का-कं. વારંવાર હોનાર, વારંવાર બનાર.

પૌનઃપન્ય (पुनः पुनः भावः ष्यञ्) क्ली० न्यं. વારંવારપણું. આભીક્ષ્ણ્ય. [રુક્તિ.

પૌનરુક્ત (पुनरुक्तस्य भावः अण्) क्ली० क्तं. પુનરુક્તિ

પૌનરુક્તિક (पुनरुक्तमर्थं वेत्ति तत्पदं अधीते वा ठक्) त्रि० कः-का-कं. ૧ પુનરુક્ત અર્થને જાણનાર. ૨ પુનરુક્ત પદના અભ્યાસ કરનાર.

પૌનર્ભવ (पुनर्भू अञ्) पु० वः પ્રથમ વિધવાપણું પામી બીજા પરણેલા પતિથી ઉત્પન્ન થયેલો તે સ્ત્રીનો પુત્ર.

'पत्या या च परित्यक्ता विधवा वा स्वयेच्छया ।
उत्पादयेत् पुनर्भूत्वा पौनर्भवः स उच्यते' ॥
मनुः ॥

પૌનર્ભવ (पुनर्भुवं विंदति अण्) पु० वः વિધવા સ્ત્રીને પરણનારો પુરુષ.

'पौनर्भवेन भर्त्रा सा पुनः संस्कारमर्हति'
मनुः

પૌર (पुरे वसति शैषिकोऽण्) त्रि० रः-री-रं. શહેરમાં હોનાર લોક વગેરે.

પૌર (,,) क्ली० रं. એક જાતનું તૃણ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૌર (પુરોગવઃ પુરસ્ અણ્) ત્રિ૦ રઃ-રી-રં. પૂર્વે હોનાર, અગાઉના સમયમાં થનાર.
' પૌરા બુધગુરુવિજા નિલ્વમ્ ' વૃ૦ સં૦.

પૌરક (પૌર ઇવ કાયતિ કૈ ક) ક્લી૦ કં. ધરની પાસેનો ભાગ.

પૌરકુત્સ (પુરુકુત્સસ્યાપત્યં સ્ત્રી ઇઞ્ ઙીપ્) સ્ત્રી૦ ત્સી. ત્રાધિરાજની ભા.

પૌરજન (પૌરો જનઃ) પુ૦ નઃ શહેરનું માણસ; શ-

પૌરંજન ( ) ત્રિ૦ નઃ-ની-નં. પુરંજનના વંશમાંહેનું. [કરનાર, પૂરનાર.

પૌરણ (પૂરણ સ્વાર્થે અણ્) ત્રિ૦ ણઃ-ણી-ણં. પૂરણ

પૌરંદર (પુરંદરસ્યેદં અણ્) ત્રિ૦ રઃ-રી-રં. ઇન્દ્રનું, ઇન્દ્રસંબંધી. [નક્ષત્ર.

પૌરંદર (પુરંદરો દેવતાઽસ્ય અણ્) ક્લી૦ રં. જ્યેષ્ઠા

પૌરવ (પુરોર્ગોત્રાપત્યં અણ્) પુ૦ વઃ યયાતિ રાજાના પુત્રનાં ૪૨૬૬.
' ત્રિનેત્રાઃ પૌરવાશ્ચૈવ ગન્ધર્વાશ્ચ દ્વિજોત્તમ '.

પૌરવ (પુરોરિદં અણ્) ત્રિ૦ વઃ-વી-વં, પુરુરાજનું, પુરુરાજસંબંધી.

પૌરવીય (પૌરવો રાજા ભક્તિર્યસ્ય છ) ત્રિ૦ યઃ-યા-યં. પુરુરાજના વંશજની ભક્તિ કરતું.

પૌરસખ્ય (પૌરેણ સહ સખ્યં) ક્લી૦ ખ્યં. નગરનિવાસી મનુષ્યની દોસ્તી.

પૌરસ્ત્ય (પુરસ્ ભવાર્થે ત્યક્) ત્રિ૦ ત્યઃ-સ્યા-ત્યં. ૧ અગાઉ હોનાર. ૨ પ્રથમ, પુરાતન.

પૌરસ્ત્રી (પૌરી સ્ત્રી) સ્ત્રી૦ સ્ત્રી. શહેરની ઓરત.

પૌરાણ (પુરાણસ્યેદં અણ્) ત્રિ૦ ણઃ-ણી-ણં. પુરાણનું, પુરાણ સંબંધી.

પૌરાણ (પુરાણે પઠિતઃ અણ્) ત્રિ૦ ણઃ-ણી-ણં. પુરાણમાં કહેલું, પુરાણમાં બોલેલું.

પૌરાણિક (પુરાણં વેત્તિ અધીતે વા ઠક્) ત્રિ૦ કઃ-કી-કં. ૧ પુરાણને જાણનાર. ૨ પુરાણનો અભ્યાસ કરનાર, પુરાણી.

પૌરાણિક (પુરાણે પઠિતઃ ઠક્) ત્રિ૦ કઃ-કી-કં. પુરાણમાં કહેલું, પુરાણમાં બોલેલું.

પૌરિક (પૌર ઠક્) પુ૦ કઃ દાક્ષિણાત્ય દેશ.

પૌરુકુત્સ (.) ત્રુ૦ ત્સઃ તે નામનો એક ગોત્રપ્રવર ઋષિ.

પૌરુષ (પુરુષસ્ય ભાવઃ કર્મ વા અણ્) ક્લી૦ ષં. ૧ પુરુષપણું. ૨ પુરુષનું કામ, મરદાઈ. ૩ વીર્ય. ૪ પરાક્રમ, બલ. ૫. ઉદ્યમ. પુરુષત્વ, પુરુષતા.
' દૈવં નિહત્ય કુરુ પૌરુષમાત્મશક્ત્યા '

પૌરુષ (પુરુષસ્યેદં અણ્) ત્રિ૦ ષઃ-ષી-ષં- ૧ પુરુષનું, પુરુષસંબંધી. ૨ પુરુષના પગ પાસેથી તે ઉંચા કરેલા હાથના અગ્રભાગ સુધીનું માપ.
' જ્યેઽપિ માનેઽપિ ચ પૌરુષાધિકમ્ ' નૈષધીયમ્.

પૌરુષ (પુરુષઃ સ્વાર્થે અણ્) પુ૦ ષઃ પુરુષ, મરદ.

પૌરુષતા (પૌરુષસ્ય ભાવઃ તલ્) સ્ત્રી૦ તા. પુરુષપણું, મરદાઈ. [બદ જુઓ.

પૌરુષત્વ (પૌરુષસ્ય ભાવઃ ત્વ) ક્લી૦ ત્વ. ઉપલો શ-

પૌરુષેય (પુરુષસ્ય વયાદિ ઠક્) પુ૦ યઃ ૧ પુરુષનો વર્ગ. ૨ પુરુષનો વિકાર. ૩ પુરુષનો સમૂહ.

પૌરુષેય (પુરુષેણ કૃતં ઠક્) ત્રિ૦ યઃ-યા-યં. પુરુષે કરેલું. [મરદાઈ.

પૌરુષ્ય (પુરુષસ્ય ભાવઃ ષ્યઞ્) ક્લી૦ ષ્યં. પુરુષપણું,

પૌરેય (પુરસ્યાદૂરદેશાદિ ઢક્) ત્રિ૦ યઃ-યા-યં. શહેરપાસેનો દેશ વગેરે.

પૌરોગવ (પુરોગુઃ સ્વાર્થે અણ્) પુ૦ વઃ. પાકશાલા ઉપર દેખરેખ રાખનાર અધ્યક્ષ.

પૌરોડાશ (પુરોડાશઃ સ્વાર્થે અણ્) પુ૦ શઃ. પુરોડાશ શબ્દ જુઓ.

પૌરોડાશિક (પુરોડાશઃ ઠક્) પુ૦ કઃ. પુરોડાશનો હવન કરતાં મંત્ર ભણનારો ઋત્વિજ્.

પૌરોધસ (પુરોધસો ભાવઃ કર્મ અણ્) ક્લી૦ સં. ગોરપણું, ગોરનું કામ. [ત્સર.

પૌરોભાગ્ય (પુરોભાગસ્ય ભાવઃ ષ્યઞ્) ક્લી૦ ગ્યં. ભ-

પૌરોહિત (પુરોહિતસ્ય ધર્મ્યં અણ્) ત્રિ૦ તઃ-તી-તં. ગોરના ધર્મનું.

પૌરોહિત્ય (પુરોહિતસ્ય ભાવઃ કર્મ વા ષ્યઞ્) ક્લી૦ ત્યં. ૧ ગોરપણું. ૨ ગોરનું કામ. પુરોહિતતા, પુરોહિતત્વ. [એક જાતનું વૈદિક કર્મ

પૌર્ણદર્વ (પૂર્ણયા દર્વ્યા નિષ્પાદ્યં કર્મ અણ્) ક્લી૦ વં.

પૌર્ણમાસ (પૂર્ણમાસ્યાં ભવઃ અણ્) પુ૦ સઃ પુનમના દિવસે કરવા યોગ્ય એક યાગ.
' દર્શપૌર્ણમાસાભ્યાં યજેત ' શ્રુતિઃ

પૌર્ણમાસ (પૂર્ણો માસઃ ચંદ્રઃ તસ્યેદં અણ્) ત્રિ૦ સઃ-સા-સં. પૂર્ણ ચંદ્રનું, પૂર્ણ ચંદ્રસંબંધી.

પૌર્ણમાસ (પૂર્ણો માસો યસ્યાં વર્તતે અણ્) ત્રિ૦ સઃ-સી-સં. જ્યાં માસ પૂર્ણ થાય છે એવી પુનમ વગેરે તિથિ.

પૌર્ણમાસી (પૌર્ણમાસ ઙીપ્) સ્ત્રી૦ સી. પુનમ.

પૌર્ણમાસિક (પૂર્ણમાસ્યાં ભવઃ ઠક્) ત્રિ૦ કઃ-કા-કં. પુનમના દિવસે હોનાર યાગ વગેરે.

પૌર્ણમાસ્ય (પૌર્ણમાસ્યાં ભવઃ યત્) ત્રિ૦ સ્યઃ-સ્યા-સ્યં. ઉપલો શબ્દ જુઓ.

પૌર્ણમી (પૂર્ણતયા ચંદ્રો . મીયતેઽત્ર મા ઘઞ્ સ્વાર્થે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

अण् ङीप्) स्त्री० मी. पुनम.
पौर्तिक (पूर्ताय साधु ठक्) त्रि० कः-की-कं. पूर्त माटे सारुं. [राजनो पुत्र.
पौर्य्य (पुरस्यापत्यं पुमान् ण्य) पु० र्य्यः पुरनामना
पौर्व (पूर्वस्येदं अञ्) त्रि० र्वः-र्वी-र्वं. पूर्वनुं, पूर्वसंबंधी.
पौर्वपदिक (पूर्वपदं गृह्णाति ठक्) त्रि० कः-की-कं. समास वगेरेमां पूर्व पदनुं ग्रहण करनार.
पौर्वातिथ ( ) पु० थः ते नामनो એક गोत्रप्रवर ऋषि.
पौर्वापर्य्य (पूर्वापरस्य भावः ष्यञ्) क्ली० र्य्यं. १ पूर्वापरपणुं. २ आगळपाछळनो संबंध.
पूर्वापरता, पूर्वापरत्व.
पौर्वार्द्ध (पूर्वार्द्धे भवः अञ्) त्रि० र्द्धः र्द्धा-र्द्धं. शहेर गाम वगेरेना पूर्व भागमां होनार.
पौर्वार्द्धिक (पूर्वार्द्धे भवः ठक्) त्रि० कः-की-कं. उपलो शब्द जुओ. [उपलो शब्द जुओ.
पौर्वाह्ण (पूर्वाह्णे भवः यत) त्रि० ह्न्यं-ह्न्यी-ह्न्यं. द्रिवसना पूर्व भागमां होनार.
पौर्विक (पूर्वकाले भवः ठञ्) त्रि० कः-की-कं. पूर्वकाले होनार, अगाउनुं.
जातिं स्मरति पौर्विकीम्' मनुः.
पौलस्ती (पुलस्तस्यापत्यं स्त्री यत् ङीप्) स्त्री० ती. रावणनी बहेन शूर्पणखा.
पौलस्त्य (पुलस्तस्यापत्यं पुमान् यत्) पु० स्त्यः १ रावण. २ कुंभकर्ण. ३ विभीषण. ४ कुबेर.
पौलाक (पुलाकस्य विकारः अञ्) त्रि० कः का-कं. पुलाकनो विकार.
पौलि (पुल् इन् वृद्धिश्च) पु० लिः १ थोडुं बळेलुं अने पाकवानी दशामां आवेलुं. २ पोणी.
पौलिक (पौलिः स्वार्थे क) पु० कः उपलो शब्द जुओ. [भंद्राणी.
पौलोमी (पुलोम्नोऽपत्यं स्त्री अण् ङीप्) स्त्री० मी. पुलोमजा, शची.
पौष (पौषी पौर्णमासी यत्र मासे पुष्य अण्) पु० षः १ पौष महिनो. २ पौषी पुनमवाळुं पखवाडियुं.
पौषी (पुष्येण युक्ता पौर्णमासी पुष्य अण् ङीष्) स्त्री० षी. पौषी पुनम. [पुष्करमूल.
पौष्कर (पुष्करस्याकारोऽस्त्यस्य मूले अण्) क्ली० रं.
पौष्कर (पुष्करस्येदं अण्) त्रि० रः-री-रं. १ पुष्कर नामना तीर्थनुं. २ पुष्कर नाम तीर्थसंबंधी. ३ पुष्कर नामना द्वीपनुं. ४ काळा कमलनुं.
पौष्कर (,,) पु० रः पाद्म कल्प.
पौष्करमूल (पुष्करमूलमेव अण्) क्ली० लं. वनस्पति पुष्करमूल.
पौष्करिणी (पुष्करिण्येव स्वार्थे अण् ङीप्) स्त्री० ष्णी. पुष्करिणी शब्द जुओ.
पौष्करेयक (पुष्करे जातं ढकञ्) त्रि० कः-का-कं. १ पुष्कर द्वीपमां होनार. २ पुष्कर तीर्थमां होनार.
पौष्कल (पुष्कलेन निवृत्तं अण्) त्रि० लः-ली-लं. पुष्कल नीपजेलुं. [धान्य.
पौष्कल (पुष्कल अण्) क्ली० लं. એક जातनुं
पौष्कलावत ( ) पु० तः आयुर्वेदना ज्ञान माटे धन्वंतरिने प्रश्न करनारो सुश्रुतनो એક सहाध्यायी मित्र. [लपणुं.
पौष्कल्य (पुष्कलस्य भावः ष्यञ्) क्ली० ल्यं. पुष्क-
पौष्टिक (पुष्ट्यै हितं) त्रि० कः-की-कं. १ पुष्टिकारक. २ पुष्टिना हितनुं.
पौष्टी (पुष्टो पत्नी अण् ङीप्) स्त्री० ष्टी. पुष्टराजनी ते नामनी એક स्त्री. [क्षत्र.
पौष्ण (पूषा देवताऽस्य अण्) क्ली० ष्णं. रेवती न-
पौष्णभ (पौष्णं भं) क्ली० भं. उपलो शब्द जुओ.
पौष्प (पुष्पस्येदं अण्) त्रि० ष्प्यं-ष्प्यी-ष्प्य. फूलनुं, फूलसंबंधी.
'धनुः पौष्पं मौर्वी मधुकरमयी पंच विशिखाः'
आनंदलहरी.
पौष्पी (पुष्पेण निर्वृत्ता ङीप्) स्त्री० ष्पी. એક जातनुं मध. [पुत्र, पटना.
पौष्पी (पुष्पस्येयं अण् ङीप्) स्त्री० ष्पी. पाटलि-
पौष्य (पुष्प अण्) पु० ष्यः पुष्पराजनो ते नामनो એક पुत्र.
पौष्य (पुष्यस्येदं अण्) त्रि० ष्यः-ष्यी-ष्यं. पुष्य नक्षत्रनुं, पुष्य नक्षत्रसंबंधी.
प्ता ( ) स्त्री० प्ता. जटा.
प्याट् ( ) अव्य० ट्. संबोधनमां वपराते। अव्यय [भवुं.
प्याय् (भ्वा० आत्म० सेट् प्यायते) वधवुं, वृद्धि पा-
प्यायस्थण ( ) पु० णः ते नामनो એक गोत्रप्रवर ऋषि. [ग करवो.
प्युष् (चुरा० उभय० सेट् प्योषयति-ते) छोडवुं, त्या-
प्युष् (दिवा० पर० सेट् प्युष्यते) १ बळवुं. २ विभाग करवो.
प्युस् (दिवा० पर० सेट् प्युस्यते) भाग करवो.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધ્યૈ (ભ્વા૦ આત્મ૦ સેટ્ ધ્યાયતે) ધ્યાવું, વૃદ્ધિ પામવું.

પ્ર (પ્રથ્ ડ) આરંભ, ગતિ, મોટાઇ, ઉત્કર્ષ, પ્રથમપણું, સર્વતોભાવ, ઉત્પત્તિ, ખ્યાતિ, વ્યવહાર, અધિકપણું અને ગેરહાજરી બતાવનાર ઉપસર્ગ. ' प्र आदिकर्मदीर्घेशभृशसंभवतृप्तिवियोगशुद्धिशक्तीच्छाशान्तिपूजाप्रदर्शनेषु. '

પ્રકટ (પ્ર કટ્ અચ્) ત્રિ૦ ટઃ-ટા-ટં. ૧ સ્પષ્ટ. ૨ ખુલ્લું. ૩ ઉઘાડું.

પ્રકટન (પ્ર કટ્ લ્યુટ્) ક્લી૦ નં. ૧ ઉઘાડું કરવું, ખુલ્લું કરવું. ૨ સ્પષ્ટ કરવું.

પ્રકટિત (પ્ર કટ્ ક્ત) ત્રિ૦ તઃ-તા-તં. ૧ સ્પષ્ટ થયેલું. ૨ ઉઘાડું કરેલું. ૩ પ્રકાશ કરેલું. ૪ પ્રકાશિત. ૫ પ્રસિદ્ધ કરેલું.

પ્રકટીકરણ (પ્રકટ ચ્વિ કૃ લ્યુટ્) ક્લી૦ ણં. ૧ ખુલ્લું કરવું તે. ૨ ઉઘાડું કરવું તે. ૩ સ્પષ્ટ કરવું તે. ૪ પ્રસિદ્ધ કરવું તે.

પ્રકટીકૃત (પ્રકટ ચ્વિ કૃ ક્ત) ત્રિ૦ તઃ-તા-તં. ૧ ખુલ્લું કરેલું. ૨ ઉઘાડું કરેલું. ૩ સ્પષ્ટ કરેલું. ૪ પ્રસિદ્ધ કરેલું. ૫ પ્રકાશિત.

પ્રકણ્વ (પ્રકૃષ્ટાઃ કણ્વા યત્ર) પુ૦ ણ્વઃ તે નામનો એક દેશ. [કંપ.

પ્રકંપ (પ્ર કંપ્ ઘઞ્) પુ૦ પઃ હાલવું-કંપવું તે,

પ્રકંપન (પ્ર કંપ્ ણિચ્ લ્યુટ્) પુ૦ નઃ ૧ વા, પવન. ૨ તે નામનું એક નરક.

' प्रकंपने नानुचकंपिरे सुराः ' माघः

પ્રકંપન (પ્રકર્ષેણ કંપતિ કંપ્ લ્યુટ્) ત્રિ૦ નઃ-ની-નં. અતિવેગથી કંપનાર.

પ્રકંપન (પ્રકર્ષેણ કંપનં) ક્લી૦ નં. ૧ ધણોજ કંપારો. ૨ અતિ વેગથી કાંપવું.

પ્રકંપમાન (પ્રકર્ષેણ કંપમાનઃ) ત્રિ૦ નઃ-ના-નં. ૧ ધણુંજ ધ્રુજતું. ૨ અતિવેગથી કાંપતું.

પ્રકંપયત્ (પ્ર કંપ્ ણિચ્ શતૃ) ત્રિ૦ યન્-યંતી-યત્. ૧ ધણુંજ કંપાવતું. ૨ અતિવેગથી હલાવતું.

પ્રકર (પ્રકર્ષેણ કરોતિ) ત્રિ૦ રઃ-રા-રં. ૧ અતિશય કરનાર. ૨ રૂડું કરનાર.

પ્રકર (પ્ર કૃ અપ્) પુ૦ રઃ ૧ સમૂહ. ૨ ઢગલો. ૩ ભદ્દ, સહાય. ૪ ફેંસલાવવું. ૫ અતિક્ષેપ.

' प्रकानां प्रकरेण कूर्मरमणी दुग्धोदधे रोधसि. '

પ્રકર (પ્ર કૃ અપ્) ત્રિ૦ રઃ-રા-રં. વેરેલાં ફૂલ વગેરે.

પ્રકર (પ્ર કૃ અપ્) ક્લી૦ રં. અગુરુ ચંદન.

मध्यमसंग्रह (मध्यमः संग्रहः) पु० हः. બીજાની સ્ત્રીસાથે પદ્ધતનતનો વ્યવહાર કરવામાટે તે સ્ત્રીને પૂલ, ખુશબોદાર પદાર્થવગેરે મોકલાવવા તે.
' प्रेषणं गंधमाल्यानां धूपभूषणवाससां ।
प्रलोभनं चान्नपानैः संग्रहो मध्यमो मतः ' ॥ व्यासः. ॥

मध्यमसाहस (मध्यमः साहसः) पु० सः. ૧ વચલા દરજ્જના ગુન્હાને યોગ્ય સજા. ૨ ઈમારતવગેરે પાડી નાંખવાની હરકત કરવી તે.

मध्यमा (मध्यम टाप्) त्रि० मा. ૧ તે નામની એક નાયિકા. ૨ પરાવગેરે ચાર વાણીમાંની તે નામની એક. ૩ જેને નવો અટકાવ આવેલો છે એવી નારી. ૪ પુષ્પના ગુચ્છામાંહેનું વચ્ચેનું પુષ્પ. ૫ હાથની વચલી આંગળી.

मध्यमीय (मध्ये भवः छ) त्रि० यः-या-यं. મધ્યમાં હોનાર, મધ્યમાં થનાર.

मध्यमाहरण (मध्यमस्य आहरणमस्मिन्) क्ली० णं. બીજગણિતમાં એક જાતનું ગણિત,

मध्ययव (मध्यः यवः) पु० वः. ૭ જવ બરાબર એક વજન. [निशीथ.

मध्यरात्र (मध्यं रात्रेः अच्) पु० त्रः. મધરાત.

मध्यलोक (मध्यः लोकः) पु० कः. મૃત્યુલોક, ભૂલોક. [પક્ષો શબ્દ જુઓ.

मध्यलोकक (मध्यलोकः स्वार्थे कन्) पु० कः. ઉ-

मध्यलोकेश (मध्यलोकस्य ईशः) पु० शः मृत्युलोकनો અધિપતિ. મધ્યલોકપાલ.

मध्यवर्तिन् (मध्ये वर्त्तते वृत् णिनि) त्रि० र्ती-र्तिनी-र्ति. ૧ મધ્યમાં વર્તનાર. ૨ પોતાના સ્વાર્થને અવિરોધ આવે તેવી રીતે બે પક્ષનું નિરાકરણ કરનાર ત્રાહિત માણસ. ૩ વચમાં આવી સમાધાન કરનાર.

मध्यवृत्त (मध्ये वृत्तं) क्ली० त्तं. ટૂંટી, નાભિ.

मध्यस्थ (मध्ये तिष्ठति स्था क) त्रि० स्थः-स्था-स्थं. ૧ મધ્યમાં રહેનાર, મધ્યે વર્તનાર. ૨ ત્રાહિત.

मध्यस्थ (,,) पु० स्थः. પંચ, ત્રાહિત. [ધ્યસ્થપણું. माध्यस्थ्य.

मध्यस्थता (मध्यस्थस्य भावः तल्) स्त्री० ता. भ-
' मध्यस्थतानैकतरोपहासः ' नैषधीयम्.

मध्यस्थत्व (,, त्व) क्ली० त्वं. ઉપલો શબ્દ જુઓ. [ચ્ચેનું સ્થલ.

मध्यस्थल (मध्यं स्थलम्) क्ली० लं. ૧ કેડ. ૨ વ-

मध्यस्थली (मध्या स्थली) स्त्री० ली. ઉપરનો શબ્દ જુઓ.
' कुचौ मरिचसंनिभौ मुरजमध्यमध्यस्थली '
उद्भटः.

मध्या (मध्य टाप्) स्त्री० ध्या. ૧ જેને નવો અટકાવ આવેલો છે એવી સ્ત્રી. ૨ મહની એક જાતની ગતિ. ૩ તે નામની એક નાયિકા. ૪ છંદોભેદ.

मध्याह्न (मध्यमह्नः टच्) पु० ह्नः. મધ્યાહ્ન, દિવસનો ત્રણ મુહૂર્તવાળો મધ્યભાગ.
' प्रातःकालो मुहूर्तास्त्रीन् संगवस्तावदेव तु ।
मध्याह्नस्त्रिमुहूर्तं स्यात् ' ॥ दक्षः. ॥

मध्याह्निक (मध्याह्ने भवः) पु० कः. બપોરીઆનું ઝાડ.

मध्याम्लकेसर (मध्ये आम्लकेसरे अस्य) पु० रः. બીલ્લેરાનું ઝાડ.

मध्वरांति (मधोर्दैत्यस्य अरातिः) पु० तिः. विष्णु.

मध्वरि (मधोर्दैत्यस्य अरिः) पु० रिः. विष्णु.

मध्वल (मधु अल् अच्) पु० लः. मधुवार शब्द જુઓ.

मध्वालु (मधुः मधुरः आलुः) पु० लः. એક જાતનું મીઠું આળુ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

मध्वालुक (मध्वालुः स्वार्थे क) पु० कः. ઉપલો શબ્દ જુઓ.
मध्वावास (मधोः आवासो यस्मात्) पु० सः. આંબાનું ઝાડ. [મહુડાંનો દારુ.
मध्वासव (मधुना पुष्परसेन कृतः आसवः) पु० वः.
मध्वासवानक (मध्वासवन ठन्) पु० कः. મહુડાં વગેરેનો દારૂ કહાડનાર.
मध्विजा (मधु इज्ज क) स्त्री० जा. મધ, દારૂ.
मन् (भ्वा० पर० सेट् मनति) १ પૂજવું. २ ગર્વ ધરવો.
मन् (चुरा० आत्म सेट् मानयते) ગર્વિષ્ઠ થવું.
मन् (तना० आत्म० सेट् मनुते) १ જાણવું. २ સમજવું. ३ વિચાર કરવો.
मन् (दिवा० आत्म० अनिट् मन्यते) ઉપલો ધાતુ જુઓ. [ધરવું
मन् (चुरा० उभय० सेट् मनयति-ते) ધારણ કરવું,
मन (मन् अच्) पु० नः. વનસ્પતિ જટામાંસી.
मनआप (मन आप्नोति आप् अण्) त्रि० पः-पी-पं. મનોજ્ઞ શબ્દ જુઓ. [એક ગ્રહ- મણડ.
मनउ ( ) पु० उः. વર્ષાકાલમાં ઉગનારો
मनःशिल (मनःशिला पृषो० ह्रस्वत्वं) पु० लः. મણસલ.
'टंकैर्मनःशिलमुद्दैरवदीर्यमाणा' मृच्छकटिकम्.
मनःशिला (मनःशब्दवाच्या शिला) स्त्री० ला. ઉપલો શબ્દ જુઓ.
'मनःशिलाविच्छुरिता निषेदुः' रघुवंशम्.
मनन (मन् ल्युट्) क्ली० नं. १ અનુમાન. २ યુક્તિથી પદાર્થનો નિર્ણય કરવો તે. ३ વિચાર.
मनस् (मन्यतेऽनेन मन् असुन्) क्ली० नः. મન, અંતઃકરણ.
मनसा (मनं मननं स्यति सो क) स्त्री० सा. १ આસ્તિક મુનિની મા. २ વાસુકિની બેન. ३ જરત્કારુની પત્ની. [શબ્દ જુઓ.
मनसादेवी (मनसा दीव्यति) स्त्री० वी. ઉપલો શ-
मनसाज्ञायिन् (मनसा जानाति) त्रि० यी-यिनी-यि. મનથી જાણનાર. [પેદા થનાર.
मनसिज (मनसि जन् ड) त्रि० जः-जा-जं. મનમાં
मनसिज (मनसि जायते जन् ड) पु० जः. કામદેવ. મનોજ.
'अकृतार्थेऽपि मनसिजे रतिमुभयप्रार्थना कुरुते' शाकुन्तलम्.
मनसिशय (मनसि शेते शी अच्) पु० यः. ઉપલો શબ્દ જુઓ.
मनस्कार (मनसः कारः व्यापारभेदः) पु० रः. મનના સુખમાં તત્પરપણું.
मनस्ताप (मनसः तापः) पु० पः. १ મનની પીડા. २ માનસિક દુઃખ. ३ પશ્ચાત્તાપ. ४ અનુતાપ.
मनस्ताल (मनसि तालः प्रतिष्ठा यस्य) पु० लः. દુર્ગાદેવીનો સિંહ. [નટભૂષણ.
मनस्ताल (मनसि तालः यस्य) क्ली० लं. હરતાલ.
मनस्विता (मनस्विनो भावः तल्) स्त्री० ता. મનસ્વીપણું. [શબ્દ જુઓ.
मनस्वित्व (मनस्विनो भावः त्व) क्ली० त्वं. ઉપલો.
मनस्विन् (प्रशस्तं मनोऽस्त्यस्य विनि) त्रि० स्वी-स्विनी-स्वि. ૧ શાણું, ડાહ્યું. ૨ જેનું મન પોતાને અધીન હોય છે તે. ૩ પ્રશસ્ત મનવાળું. મનસ્વી.
'क्वचित्कन्थाधारी क्वचिदपि च दिव्यांबरधरो।
मनस्वी कार्यार्थी न गणयति दुःखं न च सुखम्' ॥
भर्तृहरिः ॥
मनस्विन् (,,) पु० स्वी. શરભ જનવર. [મંદ.
मनाक् (मन् आ कि) अव्य० क्-ग्. થોડું, જરા,
मनाका (मन् आक् टाप्) स्त्री० का. હાથણી.
मनाकर (मनाक् करोति कृ अच्) पु० रः. એક જનતના અગુરુનું ઝાડ.
मनाकर (,,) त्रि० रः-रा-रं. ૧ થોડું કામ કરનાર. ૨ આળસુ. ૩ મંદ.
मनायी (मनोः पत्नी ङीप् औङ् च) स्त्री० यी. મનુની સ્ત્રી. [બ્દ જુઓ.
मनावी (मनोः पत्नी ,,) स्त्री० वी. ઉપલો શ-
मानित (मन् क्त) त्रि० तः-ता-तं. જાણેલું, વિદિત.
मनीक (मन् ईक) क्ली० कं. એક જાતનું નેત્રાંજન.
मनीषा (मनसः ईषा) स्त्री० षा. બુદ્ધિ, જ્ઞાન.
मनीषिन् (मनीषाऽस्त्यस्य इनि) त्रि० षी-षिणी-षि. બુદ્ધિશાળી, અક્કલમંદ.
मनीषिन् (,,) पु० षी. પંડિત.
मनु (मन् उ) स्त्री० नुः १ મનુની સ્ત્રી. २ વનસ્પતિ પૂઇકા.
मनु (,,) पु० नुः १ તે નામનો એક પ્રજાપતિ. २ તે નામનો એક ધર્મશાસ્ત્રકર્તા. ३ ચૌદ મનુપૈકી પ્રત્યેક. ४ (मनवः) ચૌદ સંખ્યાની સંજ્ઞા. [નુષ્ય.
मनुज (मनोः जायते जन् ड) पु० जः માણસ, મ-
मनुजेंद्र (मनुजानामिंद्रः) पु० द्रः રાજા.
मनुष्य (मनोरपत्यं यत् सुक्) पु० ष्यः માણસ, આદમી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

मनुष्यता (मनुष्यस्य भावः तल्) स्त्री० ता. मनुष्यपणुं. मानुष्य. [शब्द ९मुओ.

मनुष्यत्व (मनुष्यस्य भावः त्व) क्ली० त्वं. ७पलो

'दुर्लभं त्रयमेवैतद् देवानुग्रहहेतुकम्।
मनुष्यत्वं मुमुक्षुत्वं महापुरुषसश्रयः' ॥
विवेकचूडामणिः ॥

मनुष्यधर्मन् (मनुष्यस्येव धर्मोऽस्य अनिच्) पु० र्मा. कुबेर. [नी सभा

मनुष्यसभा (मनुष्याणां सभा) स्त्री० भा. माणुस-

मनुष्ययज्ञ (मनुष्यार्थं यः यज्ञः) पु० ज्ञः पंचमहायज्ञपैकी ते नामनो એક यज्ञ, अतिथिपूजावगेरे.

मनुष्यो (मनुष्यस्य स्त्री) स्त्री० ष्यॅ. नारी.

मनोगत (मनसि गतं) त्रि० तः-ता-तं. मनमां ગएलुं, मनमां होनारुं. [प्राय.

मनोगत (,,) क्ली० तं. मननो अभि-

मनोगति (मनसः गतिः) स्त्री० तिः. मननी गति.

मनोगति (मनसः गतिरिव गतिर्यस्य) त्रि० तिः-तिः-ति. मनना सरखो जेनो वेग होय छे ते.

मनोगम्य (मनसा मनसि वा गम्यः) त्रि० म्यः-म्या-म्यं. १ मनवडे જાणवालायक. २ मनमां જाणवा लायक. ३. मनथी अभिप्राय એवुं. [आशा.

मनोगवी ( ) स्त्री० वी. ઇच्छा,

मनोगुप्ता (मनसा मनःशब्देन तच्छब्दवाचकत्वात् गुप्ता) स्त्री० प्ता. मणसल.

मनोज (मनसि जायते जन् ड) त्रि० जः-जा-जं. मनमां पेदा थनार.

मनोज (,,) पु० जः. કामदेव.

मनोजव (मनोजवं वेगवत् नमनाय यस्मिन्) त्रि० वः-वा-वं. બાપસरખुं, पितृतुल्य.

मनोजव (मनस इव जवो यस्य) त्रि० वः-वा-वं. मनसरખा वेगवाणुं.

मनोजव (,,) पु० वः. विष्णु.

मनोजव (मनसो जवः) पु० वः. मननो वेग.

मनोजवस (मनस् जु असच्) त्रि० सः-सा-सं. पितृतुल्य.

मनोजवा (मनसो जव इव जवो यस्याः) स्त्री० वा. १ ते नामनी એક अग्निजिह्वा. २ ते नामनी એક दुर्गाशक्ति.

'काली कराली च मनोजवा च' श्रुतिः.

मनोजवृद्धि (मनोजस्य वृद्धिर्यस्मात्) पु० द्धिः. એક જातनुं ઝાड. [वनी वृद्धि.

मनोजवृद्धि (मनोजस्य वृद्धिः) स्त्री० द्धिः. કामदे-

मनोज्ञ (मनो जानाति ज्ञापयति बोधनाय प्रवीणो करोति ज्ञा क) त्रि० ज्ञः-ज्ञा-ज्ञं. मनोहर, सुंदर.

'इयमधिकमनोज्ञा वल्कलेनापि तन्वी।
किमिव हि मधुराणां मण्डनं नाकृतीनाम्' ॥
शाकुन्तलम् ॥

मनोज्ञ (मनस् ज्ञा क) क्ली० ज्ञं. सरल देवदारनुं ઝाड.

मनोज्ञा (मनस् ज्ञा क टाप्) स्त्री० ज्ञा. १ मणसल. २ पांઝणी કाકडी. ३ કटली. ४ ભૂરું. ५ मदिरा. ६ राજपुत्री. ७ જાई.

मनोदंड (मनसः दंडः) पु० डः. मननो निग्रह.

मनोनिग्रह (मनसः निग्रहः) पु० हः. मननो निग्रह, मननो संयम. [भंग.

मनोभंग (मनसः भंग) पु० गः. मनना उत्साहनो

मनोभव (मनसि भवति भू अच्) पु० वः. कामदेव.

मनोभव (मनसि भवति भू अच्) त्रि० वः-वा-वं. मनमां पेदा थनार.

'दृश्यमाना विनार्थेन न दृश्यन्ते मनोभवाः'
भाग्वतम्.

मनोभाव (मनसो भावः) पु० वः. मननो भाव.

मनोभू (मनसि भवति भू क्विप्) पु० भूः. कामदेव.

'श्यामा शुशुभे शशिना तया मनोभूः'
कलादिलासः.

मनोयायिन् (मन इव याति या णिनि) त्रि० यी-यिनी-यि. मननी पेठे જनार.

मनोयोनि (मन एव योनिरस्य) पु० निः. कामदेव.

मनोरंजन (मनस् रंज् ल्युट्) क्ली० नः मनने खुशी કरवुं ते.

मनोरथ (मन एव रथोऽत्र) पु० थः. मननी ઇच्छा.

'उत्पद्यंते विलीयंते दरिद्राणां मनोरथाः'
उद्भटः.

'आशा नाम नदी मनोरथजला'
वैराग्यशतकम्.

मनोरम (मनो रमयति रम् अण्) त्रि० मः-मा-मं. १ मनोहर. २ खुशी કरनार.

'पुरस्ताद्विमले पात्रे सुविस्तीर्णे मनोरमे'
सुश्रुतः.

मनोरम (,,) पु० मः. १ मुचुकुंदनुं ઝाड. २ कुंदवृक्ष, मोगरो.

मनोरमा (मनोरम टाप्) स्त्री० मा. १ गोरोચना. २ रुચिमनुनी पत्नी. ३ पीणी જुઈ. ४ એક विद्याधरनी पुत्री. [चणपणुं.

मनोलौल्य (मनसो लौल्यम्) क्ली० ल्यं. मननुं च-

मनोवृत्ति (मनसः वृत्तिः) स्त्री० त्तिः. मननी वृत्ति.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

मनोहत (मनः हतं यस्य) त्रि० तः-ता-तं. नाઉમેદ थयलुं, જેના મનના ઉત્સાહનો ભંગ થયો છે તે.
मनोहर (मनो हरति ह अच्) क्ली० रं. સોનું.
मनोहर (,,) पु० रः. કુંદવૃક્ષ, મોગરો.
मनोहर (,,) त्रि० रः-रा-रं. ખુબસુરત, મનને હરણ કરે તેવું.
'मनोहरा अमी वृक्षा दृश्यन्ते पुष्पधारिणः'
मनोहरा (,, टाप्) स्त्री० रा. પીળી જુઈ, જાઈ.
मनोहर्तृ (मनस् ह तृच्) त्रि० र्ता-र्त्री-र्तृ. મનને હરણ કરનાર.
मनोहारिन् (मनः हरति ह णिनि) त्रि० री-रिणी-रि. ખુબસુરત, મનને હરણ કરે તેવું.
'आवासः क्रियतां गांगे मनोहारिणि वारिणि' भर्तृहरिः.
मनोह्वा (मनःशब्देनाह्यते ह्वे क) स्त्री० ह्वा. મણસલ.
'मनःशीला मनोगुप्ता मनोह्वा नागजिह्विका' भावप्रकाशः.
मंतव्य (मन् तव्यच्) त्रि० व्यः-व्या-व्यं. १ માનવાયોગ્ય. ૨ મનમાં હસવા લાયક. ૩ મનન કરવાયોગ્ય. [૩ પ્રજાપતિ.
मंतु (मन् उन् तुट्) पु० तुः. १ અપરાધ ૨. મનુષ્ય.
मंतृ (मन् तृच्) पु० ता. १ સલાહ આપનારો. ૨ પવિત્ર જ્ઞાનવાળો ઋષિ. ૩ માનનારો. ૪ વિદ્વાન્
मंत्र (मंत्रि अच्) पु० त्रः. १ ગુપ્ત ભાષણ કરવું તે ૨ એકાંતમાં મસલત કરવી તે. ૩ દેવવગેરેના સાધનમાટે તંત્રવગેરેથી યુક્ત એક જાતનો શબ્દ. ૪ વેદનો તે નામનો એક વિભાગ.
'मंत्रो योध इवाधीरः सर्वांगैः संवृतैरपि' माघः.
मंत्रकृत् (मंत्रं तत्स्मरणं वा करोति कृ क्विप्) पु० त्-द्. १ વજીર, દીવાન. ૨ વેદમંત્રનું સ્મરણ કરનાર ઋષિ. ૩ સલાહ આપનાર. ૪ મંત્ર કરનાર. ૫ દૂતપણું કરનાર. ૬ મંત્રપ્રયોગ કરનાર.
'नवमंत्रकृतो मंत्रैर्दूरात्प्रशमितारिभिः' रघुवंशम्.
मंत्रकृत (मंत्रेण कृतं संस्कृतं) त्रि० तः-ता-तं. મંત્રવડે સંસ્કાર પામેલું.
मंत्रगंडक (मंत्रप्रधानो गंडकः) पु० कः. વિદ્યા.
मंत्रगुप्ति (मंत्रस्य गुप्तिः) स्त्री० प्तिः. એકાંતની મસલત.
मंत्रगूढ (मंत्राय गूढः) पु० ढः છાનો ખાતમીદાર.
मंत्रगृह (मंत्रस्य गृहम्) क्ली० हं. १ મસલત કરવાનું ઘર. ૨ મંત્ર જપવાનું ઘર.
मंत्रजिह्व (मंत्र एव जिह्वा यस्य) पु० ह्वः १ અગ્નિ. ૨ ચિત્રાનું ઝાડ.
मंत्रज्ञ (मंत्रं जानाति ज्ञा क) त्रि० ज्ञः-ज्ञा-ज्ञं. १ મંત્રને જાણનારો અધ્યાપક વગેરે. ૨ ખાતમીદાર. ૩ મંત્ર જાણનાર દીવાન.
'मंत्रज्ञैर्मंत्रिभिश्चैव विनीतः प्रविशेत्सभाम्' मनुः.
मंत्रण (मंत्र् ल्युट्) क्ली० णं. १ ગુપ્ત ભાષણ. ૨ ખાનગી મસલત. ૩ મંત્ર.
मंत्रणा (मंत्र् युच्) स्त्री० णा. ઉપલો શબ્દ જુઓ.
'गर्वी खर्व ..... मंत्रणायंत्रितः' स्तोत्रम्.
मंत्रतस् (मंत्र तसिल्) अव्य० तः મંત્રથી.
मंत्रद (मंत्रं ददाति दा क) त्रि० दः-दा-दं. १ મંત્ર આપનાર., મંત્રનો ઉપદેશ કરનાર. ૨ ગુરુ.
मंत्रदातृ (मंत्रं ददाति दा तृच्) पु० ता. १ ગુરુ. ૨ મંત્ર આપનાર. [ગ્નિ. ૨ ચિત્રાનું ઝાડ.
मंत्रदीधिति (मंत्रेण दीधितिरस्य) पु० तिः. १ અ-
मंत्रपूत (मंत्रेण पूतः) त्रि० तः-ता-तं. મંત્રથી પવિત્ર કરેલું. [ગરુડ.
मंत्रपूतात्मन् (मंत्रेण पूतः आत्माऽस्य) पु० त्मा.
मंत्रफल (मंत्रस्य फलं) क्ली० लं. મંત્રનું ફલ.
मंत्रवित् (मंत्रं वेत्ति विद् क्विप्) त्रि० त्-द्. મંત્રજ્ઞ શબ્દ જુઓ. [મંત્રવડે સંસ્કાર દીધેલું.
मंत्रित (मंत्र इतच्) त्रि० तः-ता-तं. १ મંત્રેલું. ૨
मंत्रिता (मंत्रिणो भावः तल्) स्त्री० ता. १ મંત્રીપણું. ૨ વજીરપણું, દીવાની. [જુઓ.
मंत्रित्व (मंत्रिणो भावः त्व) क्ली० त्वं. ઉપલો શબ્દ
मंत्रिन् (मंत्र इनि) पु० त्री. १ સલાહ આપનારો. ૨ મંત્રી. ૩ દીવાન, વજીર. [મણ, સૂચના.
मंत्रोपदंभ ( ) पु० भः સલાહ, શીખા-
मंथ् (भ्वा० पर० सेट् मंथति) १ દુઃખ દેવું. ૨ ક્લેશ પામવું. ૩ વલોવવું, મથન કરવું, મથવું.
मंथ् (क्या० पर० सेट् मथ्नाति) વલોવવું, મથવું.
मंथ (मंथ् घञ्) पु० थः. १ વલોવવું-મથવું તે. ૨ દુઃખ દેવું તે, મારણ. ૩ રવાઇ. ૪ એક જાતનું પેય. ૫ આંખના ચીપડા. ૬ કિરણ.
'चूर्णं चतुष्पले शीते क्षुण्णद्रव्यं पलं क्षिपेत्।
मृत्पात्रे मन्थयेत् सम्यक् तस्माच्च द्विपलं पिबेत्' ॥
भावप्रकाशः ॥
मंथज (मंथाज्जायते जन् ड) क्ली० जं. માખણ. નવનીત.
मंथदंडक (मंथार्थं दंडकः) पु० कः. રવાઇ.
मंथन (मंथ् ल्युट्) क्ली० नं. १ વલોવવું-મથવું તે. ૨ રવાઇ. ૩ દુઃખ દેવું તે. ૪ ક્લેશ. ૫ મારણ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મંથનઘટી (મથનાર્થે ઘટી) સ્ત્રી૦ ટી. દહિં વલોવવા-ની નાની ગોળી.

મંથર (મંથ્ અરચ્) ત્રિ૦ રઃ-રા-રં. ૧ વાકું, વક્ર. ૨ હલકું, નીચ. ૩ ભારે, વજનદાર. ૪ જડ. ૫ મંદ, ધીમું. ૬ સૂચક. ૭ નિશ્ચલ.

' ...મંથરા દૃષ્ટિપાતાઃ કિં ક્ષિપ્યંતે વિરમ વિરમ વ્યર્થ એષ શ્રમસ્તે ' ભર્તૃહરિઃ.

મંથર (,,) ક્લી૦ રં. કમુંબો.

મંથર (,,) પુ૦ રઃ. ૧ રવાઇ. ૨ હળવે ચાલનારો સીપાઇ. ૩ ગુપ્ત બાતમીદાર. ૪ ભંડાર, ખજનો, ક્રોપ. ૫ કૂબ. ૬ આંધ. ૭ અટકાવ. ૮ તાળું આખણ. ૯ કિલ્લો. ૧૦ હરણ. ૧૧ વૈશા-ખમાસ. ૧૨ ક્રોધ. ૧૩ મંદરાચલ.

મંથરા (મંથ્ અરચ્ ટાપ્) સ્ત્રી૦ રા. કૈકેયીની તે ના-મની એક દાસી.

' મંથરાં પ્રવિશસ્વાદૌ કૈકેયીં ચ ततः परम् '
અધ્યાત્મરામાયણમ્.

મંથરુ (મંથ્ અરુન્) પુ૦ રુઃ ચમરીનો વા. કુઠેરુ.

મંથશૈલ (મંથાય કલ્પિતઃ શૈલઃ) પુ૦ લઃ મંદરા-ચલ. [णानुं ઝાડ. ૩ મંદરાચલ.

મંથાન (મંથ્ આનચ્) પુ૦ નઃ ૧ રવાઇ. ૨ ગરમા-

' પ્રવિવેશાથ પાતાલં મંથાનઃ પર્વતોપમઃ '
રામાયણમ્.

મંથાનક (મંથાન કન્) ક્લી૦ કં. એક જાતનું તૃણ.

મંથિન્ (મંથ્ ણિની) ત્રિ૦ થી-થિની-થિ. ૧ વલો-વતું, મથતું. ૨ દુઃખદેનાર.

મંથિની (મંથિન્ ङીપ્) સ્ત્રી૦ ની. દહિં વગેરે વલોવ-વાની નાની ગોળી. [ધનો દરિયો.

મંથોદધિ (મંથાર્થે ઉદધિઃ) પુ૦ ધિઃ ક્ષીરસમુદ્ર, દૂ-

મંદ (મંદિ અચ્) ત્રિ૦ દઃ-દા-દં. ૧ હળવું ચાલના-ર. ૨ ધીમું ચાલનાર. ૩ મૂર્ખ. ૪ અભાગિયું. ૫ માંદું, રોગી. ૬ સ્વલ્પ, થોડું. ૭ સ્વતંત્ર. ૮ લુ-ચ્યું. ૯ કોમલ, મૃદુ. ૧૦ મદવગેરે પીને છાકટું થયેલું.

' મંદઃ કવિયશઃપ્રાર્થી ગમિષ્યામ્યુપહાસ્યતામ્ '
રઘુવંશમ્.

મંદ (મંદિ અચ્) પુ૦ દઃ ૧ શનિગ્રહ. ૨ હાથી. ૩ યમ. ૪ પ્રલય.

મંદગ (મંદં ગચ્છતિ ગમ્ ડ) ત્રિ૦ ગઃ-ગા-ગં. આરતે જનાર, ધીમે જનાર, હળવે જનાર.

મંદગ (,,) પુ૦ ગઃ શનિગ્રહ.

મંદગત (મંદં ગતં ગતિર્યસ્ય) ત્રિ૦ તઃ-તા-તં. જેની ગતિ ધીમી હોય છે તે.

મંદગતિ (મંદા ગતિર્યસ્ય) ત્રિ૦ તિઃ-તિ-તિ. ઉપલો શબ્દ જુઓ.

મંદગતિ (મંદા ગતિઃ) સ્ત્રી૦ તિઃ ધીમી ગતિ.

મંદગામિન્ (મંદં ગચ્છતિ ગમ્ ણિનિ) ત્રિ૦ મી-મિની-મિ. ધીમે જનાર. [શનિગ્રહની માતા.

મંદજનની (મંદસ્ય જનની) સ્ત્રી૦ ની. સૂર્યની પત્ની,

મંદટ (મંદ્ અટચ્) પુ૦ ટઃ એક જાતનું ઝાડ. પારિ-ભદ્રવૃક્ષ.

મંદતા (મંદસ્ય ભાવઃ તલ્) સ્ત્રી૦ તા. ૧ આળસ. ૨ માંદાપણું. ૩ જડપણું. ૪ ધીમાપણું. માંદ.

' ઉચ્ચૈરસ્યતિ મન્દનામરસતામ્ ' ચંદ્રાલોકઃ.

મંદત્વ (મંદસ્ય ભાવઃ ત્વ) ક્લી૦ ત્વં. ઉપલો શબ્દ જુઓ.

મંદન (મદિ લ્યુ) ક્લી૦ નં. વખાણ, સ્તુતિ.

મંદબુદ્ધિ (મંદા બુદ્ધિર્યસ્ય) ત્રિ૦ દ્ધિઃ-દ્ધિઃ-દ્ધિ. ૧ મંદ બુદ્ધિવાળું. ૨ બેવકૂફ, મૂર્ખ.

મંદબુદ્ધિ (મંદા બુદ્ધિઃ) સ્ત્રી૦ દ્ધિઃ. મંદબુદ્ધિ.

મંદભાગ્ય (મંદં ભાગ્યં યસ્ય) ત્રિ૦ ગ્યઃ-ગ્યા-ગ્યં. અભાગિયું, દુર્ભાગી.

મંદમતિ (મંદા મતિર્યસ્ય) ત્રિ૦ તિઃ-તિઃ-તિ. ૧ મંદ બુદ્ધિવાળું. ૨ બેવકૂફ, મૂર્ખ. [મંદ.

મંદર (મદિ અરન્) ત્રિ૦ રઃ-રા-રં. ૧ ઘણું, બહુ. ૨

મંદર (,,) પુ૦ રઃ. ૧ મંદરાચલ. ૨ મંદારવૃક્ષ. ૩ એક જાતનો હાર. ૪ સ્વર્ગ. ૫ દર્પણ. [त्रानुं ઝાડ. ૩ પ્રાણ. ૪ ઉંઘ, નિદ્રા.

મંદસાન (મંદ અસાનચ્) પુ૦ નઃ. ૧ અગ્નિ. ૨ ચિ-

મંદસાનુ (મંદ સન્ ઉણ્) પુ૦ નુઃ. ૧ જીવ. ૨ સ્વપ્ન. [મંદ સ્ત્રી.

મંદા (મંદ્ ટાપ્) સ્ત્રી૦ દા. ૧ સંક્રાંતિવિશેષ. ૨

મંદાકિની (મંદ્ અક્ ણિનિ) સ્ત્રી૦ ની. ૧ સ્વર્ગગા. ૨ એક જાતની સંક્રાંતિ.

' સ્વર્ગે મન્દાકિની તથા ' પુરાણમ્.

મંદાક્રાંતા (મંદા સતિ આક્રાંતા) સ્ત્રી૦ તા. સત્તર અક્ષરના ચરણવાળો તે નામનો એક છંદ. (– – –, –⏑⏑, ⏑⏑⏑, – –⏑, – –⏑, – –).

' મંદાક્રાન્તા જલધિષડજૈર્ભૌ નતૌ તૌ ગુરૂ ચેત્ '
વૃત્તરત્નાકરઃ.

મંદાક્ષ (મંદં સંકુચિતં અક્ષિ યસ્માત્ ષચ્) ક્લી૦ ક્ષં. લાજ, શરમ. વ્રીડા, ત્રપા, હ્રી.

' મંદાક્ષ મંદાક્ષરમુદ્રમુક્ત્વા ' નૈષધીયમ્.

મંદાગ્નિ (મંદઃ પચને અલ્પશક્તિકઃ અગ્નિઃ સ યસ્મા-દ્વા) પુ૦ ગ્નિઃ. ૧ ખાધું વગેરે હજમ ન થાય એવો થોડી શક્તિવાળો અગ્નિ. ૨ જેથી જઠરાગ્નિ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મંદ થાય છે તેવો રોગવગેરે.
मंदात्मन् (मंदः आत्मा यस्य) त्रि० त्मा-त्मा-त्मं. ધીમું, આળસુ.
मंदादर (मंदः आदरो यस्य त्रि० दः-दा-दं. થોડો આદર કરે તેવું, અનાદર કરતું.
मंदानिल (मंदः अनिलः) पु० लः. ધીમો પવન.
मंदायमान (मंद क्यच् शानच्) त्रि० नः-ना-नं. १ ઢીલ કરતું. २ વિલંબ કરતું. ३ આળસ કરતું. ४ ધીમે જતું. [થોડા આયુષ્યવાળું.
मंदायुस् (मंदं अल्पं आयुर्यस्य) त्रि० युः-युः-युः.
मंदार (मदि आरक्) पु० रः. १ એક જાતનું સ્વર્ગનું ઝાડ. २ પારિભદ્રનું ઝાડ. ३ હાથ. ४ ધૂતારો. આકડાનું ઝાડ. ५ તે નામનું એક તીર્થ.
' वृंदारकारिविजये सुरलोकलब्ध-
मंदारमाल्यमधुवासितवासभूमिः '
रामायणचम्पूः.
मंदास्य (मंदं आस्यं यस्मात्) क्ली० स्यं. લાજ, શરમ. [તું ભાગ્યું.
मंदिकुकुर ( ) पु० रः. એક જાત-
मंदिर (मदि किरच्) क्ली० रं. १ ઘર. २ શહેર.
' मणिमयमंदिरमध्ये पश्यति पिपीलिका छिद्रम् '
सुभाषितम्.
मंदिर („) पु० रः. १ જાતુનો પાછલો ભાગ. २ સમુદ્ર. [ઘર.
मंदिरा (मदि किरच् टाप्) स्त्री० रा. भंदिर, भंदर,
मंदुरा (मदि उरच्) स्त्री० रा. १ તબેલો. २ સુવાની સાદડીવગેરે.
' क्षुरांचलैः क्षोभितमंदरोदरम् ' नैषधीयम्.
मंदीभव (मंद च्वि भू घञ्) पु० वः. ભૂર્ખપણું, જડપણું, ભંદપણું. [ઉંચી કે નીચી ગતિ.
मंदोच्च (मंदश्च उच्चश्च) पु० क्ली० च्चः-च्चं. ગ્રહની
मंदोदरी (मंदं उदरं अस्याः) स्त्री० दी. મયદાનવની પુત્રી, રાવણની પટરાણી.
' मंदोदरी कुटिलकोमलकेशपाश ' प्रसन्नराघवम्.
मंदोदरीश (मंदोदर्या ईशः) पु० शः. રાવણ.
मंदोष्ण (मंदं ईषदुष्णं) त्रि० ष्णः-ष्णा-ष्णं. થોડું ગરમ, થોડું ઉનું, કોકરવર્ણું, ઉપાયલું.
मंदोष्ण („) क्ली० ष्णं. થોડો ગરમી, થોડી ઉનાશ. [ગંભીર ધ્વનિ.
मंद्र (मदि रक्) पु० द्रः. १ એક જાતનું વાઘ. २
मंद्र (मंद्र अच्) त्रि० द्रः-द्रा-द्रं. ગંભીર ધ્વનિવાળું.
' मंद्रास्निग्धैर्ध्वनिभिरबलावेणमिोक्षोत्सुकानि '
मेघदूतम्.
मन्मथ (मन् क्विप् मथ् अच्) पु० थः. १ કામદેવ. २ કોકનું ઝાડ. ३ કામચિંતા.
' न मन्मथस्त्वं स हि नास्ति मूर्तिः '
नैषधीयम्.
मन्मथानंद (मन्मथ आ नंद् अच्) पु० दः. કરમી આંબો. [આંબાનું ઝાડ. २ સ્ત્રીની યોનિ.
मन्मथालय (मन्मथस्य आलय इव) पु० यः. १
मन्मथिन् (मन्मथ णिनि) त्रि० थी-थिनी-थि. १ કામચિંતાવાળું. २ કામી.
मन्मय (मत् मयट्) त्रि० यः-यी-यं. મારારૂપ.
मन्मयान (मन् शानच्) त्रि० नः-ना नं. १ માનતું. २ વિચારતું. [ગની સિરા.
मन्या (मन् क्यप्) स्त्री० न्या. ડોકના વાંસેના ભા-
' दोषास्तु दृष्टास्त्रय एव मन्या ' सुश्रुतः.
मन्याका (मन्या कन्) स्त्री० का. ઉપલો શબ્દ જુઓ.
मन्यु (मन् युच्) पु० न्युः. १ ક્રોધ, ગુસ્સો. २ દીનપણું. ३ શોક, પશ્ચાત્તાપ. ४ અહંકાર. ५ યજ્ઞ. ६ રુદ્રદેવ.
मन्युमत् (मन्यु मतुप्) त्रि० मान् मती-मत्. १ શોકવાળું. २ ક્રોધવાળું. ३ અહંકારવાળું. ४ દૈન્યવાળું, દીન.
मन्वंतर (मनूनामंतरं अवकाशः तदुपलक्षितः कालः वा) पु० रः. १ સ્વાયંભુવગેરે મનુનો અધિકાર. २ દરેક મનુનો કાળ, ૩૧૧૪૪૪૮૦૦૦ વર્ષ.
' मन्वंतरस्तु दिव्यानां युगानामेकसप्ततिः ' अमरः.
मन्वान (मन् शानच्) त्रि० नः-ना-नं. માનતું. २ વિચારતું. ३ આદર કરતું.
मभ् (भ्वा० पर० सेट् मभ्रते) જવું.
मम (मा डम) अव्य० म. મારું.
ममता (मम भावः तल्) स्त्री० ता. १ મારાપણું. २ અહંકાર, ગર્વ, ભગરી. [જુઓ.
ममत्व (मम भावः त्व) क्ली० त्वं. ઉપલો શબ્દ
' ममत्वं मम राज्यस्य ' देवीमाहात्म्यम्.
ममापताल (मव् आलन् अपतुक्) पु० लः. વિષય.
मय् (भ्वा० आत्म० सेट् मयते) જવું, ગમન કરવું.
मय (मय् अच्) पु० यः. १ ઉંટ. २ ખચ્ચર. ३ મયાસુર. ४ તુરશાન, ખરાબી.
' उपनीय विंदुसरसो मयने सा. '
मया (मय् अच् टाप्) स्त्री० या. ઔષધક્રિયા.
मयष्टक (मयं प्रक्षेप स्तकते स्तक् अच्) पु० कः. રાની મૃગ. [નાવેલી ઝૂંપડી.
मयट् (मय् अटच्) पु० टः. તૃણ, પત્રવગેરેની બ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

मयु (मि उ) पु० युः. १ किन्नर. २ मृग.

मयुष्टक (मि उ स्तक् अच्) पु० कः. रानी मृग. मयुष्टक.

मयूख (माङ् ऊख मयादेशः) पु० खः १ कांति. २ अजवाणुं. ३ किरण. ४ शिखा. ५ शोभा. ६ खीलो.

मयूर (मी ऊरन्) पु० रः. १ मोर. २ मयूरशिखानुं आड. ३ अधाडो. ४ ते नामनो एक कवि, सूर्यशतकनो कर्ता.

' यस्याश्वोरश्विकुरनिकरः कर्णपूरो मयूरः '
प्रसन्नराघवम्.

मयूर (,,) क्ली० रं. मोरथुथु.

मयूरक (मयूरः स्वार्थे कन्) पु० कः. वनस्पति अधाडो.

मयूरक (मयूरं स्वार्थे क) क्ली० कं. मोरथुथु.

मयूरग्रीवक (मयूरग्रीवेव कन्) क्ली० कं. उपलो शब्द जुओ. मयूरग्रीव.

मयूरचटक ( ) पु० कः. कूकडो.

मयूरचूड ( ) पु० डः. मयूरशिखानुं आड. [श्येनाकवृक्ष.

मयूरजंघ (मयूरस्येव जंघेव मूलमस्य) पु० घः.

मयूरतुत्थ (मयूर इव तद्वर्ण तुत्थं) क्ली० त्थं. मोरथुथु. [रेलां चिह्न.

मयूरपदक (मयूर पद कन्) क्ली० कं. नखनां पा-

मयूरविदला (मयूरैर्विदल्यते) स्त्री० ला. अंबष्ठा शब्द जुओ.

मयूरशिखा (मयूरस्येव शिखाऽस्याः) स्त्री० खा. वनस्पति मयूरशिखा. नीलकंठशिखा.

' नीलकंठशिखा लघ्वी पित्तश्लेष्मातिसारजित् '
भावप्रकाशः.

मयूरारि (मयूरस्य अरिः) पु० रिः. डाकोडो.

मयूरिका (मयूरः तदाकारोऽस्त्यस्याः ठन्) स्त्री० का. अंबष्ठा शब्द जुओ.

मयूरी (मयूर ङीप्) स्त्री० री. १ ढेल. २ अजमोद.

मयूरोल्लासक (मयूर उत् लस् ण्वुल्) पु० कः. वर्षाऋतु.

मर ( ) क्ली० रं. विष.

मरक (मृ वुन्) पु० कः. मरडीनो रोग.

मरकत (मरकं मारिभयं तरत्यनेन वृ ड) क्ली० तं. लीलो मणि. [ब्द जुओ.

मरकतक (मरकतं स्वार्थे क) क्ली० कं. उपलो श-

मरकतपत्री (मरकतपत्र ङीप्) स्त्री० त्री. वनस्पति पाची. [जुओ.

मरक्त (मरकन् पृषो०) क्ली० क्तं. मरकत शब्द

मरंजिका ( ) स्त्री० का. एक जातनुं आड.

मरट ( ) पु० टः. एक जातनो घेर.

मरण (मृ ल्युट्) क्ली० णं. मृत्यु, मरण, मोत.

मरण (,,) क्ली० णं. वछनाग.

मरणज (मरणाज्जायते जन् ड) त्रि० जः-जा-जं. मरणथी पेदा थनार.

मरत (मृ अतच्) पु० तः. मोत, मरण, मृत्यु.

मरंद (मरं मरणं ददाति भ्रमराणां दो क) पु० दः. मध. मकरंद. [जुओ.

मरंदक (मरंदः स्वार्थे कन्) पु० कः. उपलो शब्द

मरंदौकस् (मरंदस्य ओकः) क्ली० कं. फूल, पुष्प.

मराकाली (मराकः वृश्चिकः स इवालति अल् अच् ङीष्) स्त्री० ली. वृश्चिकालु.

मरार ( ) पु० रः धान्यनो कोठार.

मराल (मृ आलच्) पु० लः १ राजहंस. २ धोडो. ३ मेघ. ४ काजळ. ५ हंस. ६ झाडनुं वन. ७ एक जातनुं पंखी.

' तत्रामरालयमरालमरालकेशी ' नैषधीयम्.

मराल (,,) त्रि० लः-ला-लं. भूरु, कोभळ, चीकणुं.

मरालक (मरालः स्वार्थे क) पु० कः हंस.

मरालिका ( ) स्त्री० का. वनस्पति शिकाकाई.

मरिच (मृ इच) क्ली० चं. भरी, कंकोळ. मरीच.

मरिचपत्रक (मरिचस्येव पत्रमस्य कप्) पु० कः तेजपातर्नु आड. मरीचपत्रक.

मरिचसदृश ( ) क्ली० शं. कंकोळ.

मरिमन् (मृ मनिन्) पु० मा. मोत, मृत्यु.

मरीच (मृ इच दीर्घः) क्ली० चं. १ भरी. २ कंकोळ.

मरीचि (मृ ईचि) पु० चिः सप्तर्षिपैकी ते नामनो एक ऋषि.

मरीचि (,,) त्रि० चिः-चिः-चि. कृपण.

मरीचि (,,) पु० स्त्री० चिः-चिः. किरण.

' हुताग्निकल्पैः सवितुर्मरीचिभिः ' ऋतुसंहारम्.

मरीचिका (मरीचौ सूर्यकिरणे कमिव यत्र) स्त्री० का. आंजवानां पाणी. मृगतृष्णा, मृगतृष्णिका.

मरीचिमालिन् ( ) पु० ली. सूर्य.

मरु (मृ उ) पु० रुः १ पर्वत. २ निर्जल देश. ३ एक जातनुं आड. ४ मारवाड.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'यद्धात्रा निजभालपट्टलिखितं स्तोकं महद्वा धनं।
तत्प्राप्नोति मरुस्थलेऽपि नितरां मेरौ ततो नाधिकम्'॥
भर्तृहरिः॥

मरुज (मरौ जायते जन् ड) पु० जः नभलो.
मरुज (,,) त्रि० जः-जा-जं. मारवाड-मां पेदा थनार., निर्जल देशमां उत्पन्न थनार.
मरुजा (,, टाप्) स्त्री० जा. એક જાતની વનસ્પતિ. [स्त्री.
मरुटा (मृ उटच् टाप्) स्त्री० टा. उंचा. કપાળવાળી
मरुंडा ( ) स्त्री० डा. उपलो शब्द જુઓ. [उ मरुवक.
मरुत् (मृ उति) पु० त्-द्. १ वायु, पवन. २ देव.
'मरुतां पश्यतां तस्य शिरांसि पतितान्यपि'
रघुवंशम्.
मरुत् (,,) क्ली० त्. वनस्पति ग्रंथि-पर्ण.
मरुत् (,,) स्त्री० त्. वनस्पति पृश्निका
मरुत (मारुत पृषो० ह्रस्वः) पु० तः १ देव. २ वायु. [भा प.
मरुत्करं (मरुतं अपानवायुं करोति) पु० रः राज-
मरुत्क्रिया (मरुतः क्रिया) स्त्री० या. पादवुं ते, पर्दन. [क्षो ते नामनो એક राज.
मरुत्त ( ) पु० त्तः चंद्रवंशमां पेदा थये-
मरुत्तक (मरुत् इव तकति तक् अच) पु० कः કાળા मरवा. मरुवक. [न्मार्ग, देवयान.
मरुत्पथ (मरुतां पंथाः) पु० थः. आकाश. मरु-
मरुत्पाल (मरुतो देवान् पालयति पाल् अण्) पु० लः. ४६. [हनुमान्.
मरुत्पुत्र (मरुतः पुत्रः) पु० त्रः. १ भीमसेन. २
मरुत्पुत्री (मरुतः पुत्रीव) स्त्री० त्री. राती नगोड.
मरुत्प्रिय (मरुत् प्रियः यस्य) पु० यः. उंट.
मरुत्प्लव (मरुतं प्रति प्लवोऽस्य) पु० वः. सिंह.
मरुत्फल (मरुतां फलमिव) क्ली० लं. કરેા.
मरुत्वत् (मरुत् मतुप) पु० त्वान्. १ इंद्र. २ हनुमान्. [कन्या, धर्मऋषिनी पत्नी.
मरुत्वती (मरुत्वत् ङीप्) स्त्री० ती. दक्षप्रजापतिनी
मरुत्सख (मरुतो वायोः सखा टच्) पुं० खः. १ अग्नि. २ चित्रानुं आड. ३ इंद्र.
मरुदांदोल (मरुतमांदोलयत्यनेन आंदोल घञ्) क्ली० लं. पंभेा, पींजणेा.
मरुदिष्ट (मरुतां देवानामिष्टः) पु० ष्टः. गुगल.
मरुद्भवा (मरुतो वायोः भवति) स्त्री० वा. એક જાતની वनस्पति.
मरुद्रथ (मरुतां रथः) पु० थः. देवरथ.
मरुद्रथ (मरुत् वायू रथः यानमिव अस्य) पु० थः. घेाडेा. [એક જાતના ખેરનું आड.
मरुद्द्रुम (मरोः निर्जलदेशस्य द्रुमः) पु० मः.
मरुद्वर्त्मन् (मरुतां वर्त्म) क्ली० र्त्मा. आकाश.
मरुद्वाह (मरुत् वाहो यस्य) पु० हः. १ अग्नि. २ चित्रानुं आड. ३ धूमाडेा.
मरुद्विप (मरुदेशे द्विप इव) पु० पः. उंट.
मरुद्वृता (मरुद्भिर्वृता) स्त्री० ता. કાવેરી नदी.
मरुन्माला (मरुतो मालेव) स्त्री० ला. वनस्पतिः पृक्षा.
मरुभू (मरुर्भूर्यत्र) पु० भूः. मारवाड देश.
मरुभू (मरुः भूः) स्त्री० भूः. જલવિનાની જમીન.
मरुभूरुह (मरौ विरोहति रुह् क) पु० हः. કરવીર वृक्ष.
मरुभूरुह (मरुभुविरोहति रुह् क) त्रि० हः-हा-हं. मरु भूमिमां उगनार आडवगेरे. मरुभूरुह.
'सत्पुंसौ मरुभूरुह इव जीवनमात्रमाशास्यम्'
आर्यासप्तशती.
मरुव (मरुं निर्जलदेशं वाति वा क) पु० वः. એક जातनुं आड.
मरुवक (मरुवः स्वार्थे क) पु० कः. १ मरवानुं आड. २ भीन्नेरानुं आड. ३ वाध. ४ राहु. ५ भयानक.
मरुसंभव (मरौ संभवति) पु० वः. मेाटेा भूखेा.
मरुसंभवा (,,) स्त्री० वा. એક જાતनेा धमासेा. मरुस्था. [ताळ देश.
मरुस्थल (मरोः स्थलम्) क्ली० नं. જલવિનાનेा रे-
मरुस्थली (मरोः स्थली) स्त्री० ली. उपलो शब्द જુઓ.
मरूद्भवा (मरौ उद्भवति उत् भू अच् टाप्) स्त्री० वा. १ धमासेा. २ रातेा कपास. ३ એક જાતनेा खेर. [२ मेार.
मरूक (मृ ऊक) पु० कः. १ એક જાતनेा मृग.
मरोल (मरौ लीयते पृषो०) पु० लः. भगर, नक.
मरोलि ( ) पु० लिः. उपलो शब्द જુઓ.
मर्क् (भ्वा० पर० सेट् मर्कति) જવું.
मर्क ( ) पु० कः. १ वांदरेा. २ देह. ३ वायु.
'मर्कान्भोक्ष्यन् विभजति न.....भांडं भिनत्ति'
श्रीमद्भागवतम्.
मर्कक (मर्क कन्) पु० कः. એક જાતनेा झीडेा, कરेाळियेा.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મર્કટ (મર્ક અટન્) પુ૰ ટઃ. ૧ વાંદરો. ૨ રાતામુખવાળો વાંદરો. ૩ કરોળિયો. ૪ મોટો બગલો. ૫ એક જાતનું ઝેર.
'યુક્તં સભાયાં ખલુ મર્કટાનામ્' ભામિનીવિલાસઃ

મર્કટક (મર્કટઃ સ્વાર્થે ક) પુ૰ કઃ. ૧ કરોળિયો. ૨ વાંદરો.

મર્કટક (મર્કટઃ સંજ્ઞાયાં કન્) પુ૰ કઃ. ૧ એક જાતનું ભાજીનું. ૨ એક જાતનો દાનવ.

મર્કટતિંદુક (મર્કટપ્રિયઃ તિંદુકઃ) પુ૰ કઃ. એક જાતનું અમતુસનું ઝાડ. કુપીલુ.

મર્કટપિપ્પલી (મર્કટપ્રિયા પિપ્પલી) સ્ત્રી૰ લી. વનસ્પતિ અધાડો. [ઝાડ.

મર્કટપ્રિય (મર્કટસ્ય પ્રિયઃ) પુ૰ યઃ. એક જાતનું

મર્કટવાસ (મર્કટસ્ય વાસઃ) પુ૰ સઃ. ૧ કરોળીઆનું જાળું. ૨ વાંદરાનો વાસ.

મર્કટવાસક (મર્કટવાસઃ સ્વાર્થે ક) પુ કઃ. ઉપલો શબ્દ જુઓ. [હીંગળોક.

મર્કટશીર્ષ (મર્કટસ્ય વાનરસ્ય શીર્ષમિવ) ક્લી૰ ર્ષં.

મર્કટાસ્ય (મર્કટસ્ય વાનરસ્ય આસ્યામિવ રક્તત્વાત્) ક્લી૰ સ્યં. તાંબું.

મર્કટાસ્ય (,,) પુ૰ સ્યઃ રાતો રંગ.

મર્કટાસ્ય (મર્કટાસ્ય અચ્) ત્રિ૰ સ્યઃ-સ્યા-સ્યં. રાતું, રાતા રંગવાળું. [મુખ.

મર્કટાસ્ય (મર્કટસ્ય આસ્યમ્) ક્લી૰ સ્યં. વાંદરાનું

મર્કટી (મર્કટ અચ્ ડીપ્) સ્ત્રી૰ ટી. ૧ અજમોદ. ૨ અધાડો. ૩ કરંજનું ઝાડ. ૪ પિંગલછંદશાસ્ત્રપ્રસિદ્ધ માત્ર, મેરુ, મર્કટીવગેરે. ૫ કપિકચ્છુ.

મર્કટી (મર્કટ ડીપ્) સ્ત્રી૰ ટી. વાંદરી.

મર્કટીકંઠ (મર્કટીકંઠમિવ કંઠમસ્ય) પુ૰ ઠઃ. વનસ્પતિ રાતો અધાડો. [ભાંડ.

મર્કર (મર્ક અરચ્) પુ૰ રઃ. ૧ ભાંગરો. ૨ વાસણ,

મર્કરા (મર્ક અરચ્ ટાપ્) સ્ત્રી૰ રા. ૧ વાંઝણી સ્ત્રી. ૨ સુરંગા.

મર્ચ્ (ચુરા૰ ઉભય૰ સેટ્ મર્ચયતિ-તે) ગ્રહણ કરવું.

મર્જ્ (મૃજ્ ઉન્) પુ૰ જુઃ. ૧ ધોબી. ૨ પીઠમર્દ શબ્દ જુઓ. [અછંદપણું.

મર્જુ (,,) સ્ત્રી૰ જુઃ. ૧ શુદ્ધિ. ૨ સ્વ-

મર્ત (મૃ તન્) પુ૰ ત્તઃ. ૧ મનુષ્ય. ૨ ભૂલોક. ૩ માણવક. [લાયક.

મર્તવ્ય (મૃ તવ્યચ્) ત્રિ૰ વ્યઃ-વ્યા-વ્યં. મરવા-

મર્તુકામ (મર્તું કામઃ યસ્ય) ત્રિ૰મઃ-મા-મં. મરવાને ઇચ્છા રાખનાર. [વાને મન રાખનાર.

મર્તુમનસ્ (મર્તું મનો યસ્ય) ત્રિ૰ નાઃ-નાઃ-નઃ. મર-

મર્ત્ય (મર્તે ભવઃ યત્) ત્રિ૰ ર્ત્યઃ-ર્ત્યાઃ-ર્ત્યં. ભૂલોકમાં હોનાર.

મર્ત્ય (,,) પુ૰ ર્ત્યઃ. માણસ.
'ક્ષીણે પુણ્યે મર્ત્યલોકં વિશન્તિ' ભગવદ્ગીતા.
'તે મર્ત્યલોકે ભુવિ ભારભૂતા મનુષ્યરૂપેણ મૃગાશ્ચરન્તિ' ભર્તૃહરિઃ.

મર્ત્યમુખ (મર્ત્યમુખમિવ મુખમસ્ય) પુ૰ ખઃ. એક જાતનો ઉપદેવ.

મર્દ (મૃદ્ અચ્) ક્લી૰ દં. ગ્રહણના ગણિતમાં ઉપયોગી એક જાતનું ઉપકરણ.

મર્દક (મર્દ કન્) પુ૰ કઃ. ૧ એક જાતનું ઝાડ. ૨ એક જાતની વનસ્પતિ.

મર્દન (મૃદ્ લ્યુટ્) ક્લી૰ નં. ૧ ચોળવું-મર્દન કરવું તે. ૨ ચૂર્ણ કરવું તે. ૩ લઢવું તે.

મર્દનક (મર્દન કન્) ક્લી૰ કં. તેજ.

મર્દનીય (મૃદ્ અનીયર્) ત્રિ૰ યઃ-યા-યં. મર્દન કરવાલાયક. [વાઘ.

મર્દલ (મર્દં લાતિ લા ક) પુ૰ લઃ. એક જાતનું

મર્દિત (મૃદ્ ક્ત) ત્રિ૰ તઃ તા-તં. ૧ ચોળેલું, મર્દન કરેલું. ૨ ગ્રથિત.

મર્દિન્ (મૃદ્ ણિનિ) ત્રિ૰ દ્દીં-ર્દિની-ર્દિ. મર્દન કરનાર.

મર્વ્ (ભ્વા૰ પર૰ સેટ્ મર્વતિ) જવું, ગમન કરવું.

મર્મજ્ઞ (મર્મ જાનાતિ જ્ઞા ક) ત્રિ૰ જ્ઞઃ-જ્ઞા જ્ઞં. તત્ત્વને જાણનાર, મર્મને જાણનાર. મર્મવિદ્, મર્મવેદિન્.

મર્મન્ (મૃ મનિન્) ક્લી૰ મં. ૧ શરીરનો સંધિ. ૨ ગૂઢાર્થ. ૩ તાત્પર્ય. ૪ જીવનસ્થાન.

મર્મર (મૃ અરુન્ મુટ્) પુ૰ રઃ. ૧ ઝાડના પાંદડાનો અવાજ. ૨ વસ્ત્રનો અવાજ.

મર્મરી (મર્મર ડીષ્) સ્ત્રી૰ રી. ૧ પીતદારુનું ઝાડ. ૨ હલદર. [શરીરના સંધિસ્થાનને પીડનાર.

મર્મસ્પૃશ્ (મર્મ સ્પૃશતિ સ્પૃશ્ ક્વિન્) ત્રિ૰ ક્-ગ્.
'ત એતે હૃદયમર્મસ્પૃશઃ સંસારભાવા યેભ્યો વીભત્સમાનાઃ' ઉત્તરરામચરિતમ્.

મર્માવિધ્ (મર્મ સંધિસ્થાનં આવિધ્યતિ વિધ્ ક્વિપ્) ત્રિ૰ ત્-દ્. ઉપલો શબ્દ જુઓ.

મર્ય (મૃ યત્) પુ૰ ર્યઃ. મનુષ્ય, માણસ.

મર્યા (ક્રિયતેઽવશિષ્યતેઽત્ર મૃ યત્) સ્ત્રી૰ ર્યા. હદ, મરજાદ.

મર્યાદા (મર્યા દા ક) સ્ત્રી૰ દા. ૧ ન્યાયના માર્ગમાં રહેવું તે. ૨ સીમા, મરજાદ, હદ. ૩ નદીવગેરેનું તીર.

મર્યાદિન્ (મર્યાદા ણિનિ) ત્રિ૰ દી-દિની-દિ. મર્યાદામાં રહેનાર, હદબહાર ન જનાર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

मर्व् (भ्वा० पर० सेट् मर्वति) ભરવું, પૂર્ણ કરવું.
मर्श (मृश् घञ्) पु० शः. મસલત, ઉપદેશ, સલાહ.
मर्शण (मृश् ल्युट्) क्ली० णं. १ સલાહ આપવી તે. २ ઉપદેશ કરવો તે.
मर्ष (मृष्) पु० र्षः સહનશીલપણું, સહેનારપણું.
मर्षण (मृष् ल्युट्) क्ली० णं. સહેવું-ખમવું-સહન કરવું તે. [કરેલું.
मर्षित (मृष् क्त) त्रि० तः-ता-तं. ખમેલું, સહન
मर्षितवत् (मर्षित वतु) त्रि० वान्-वती-वत्. ખમનાર, સહેનાર. [પહેરવું.
मल् (भ्वा० आत्म० सेट् मलते) १ ધારણ કરવું. २
मल (मृज्यते शोध्यते मृज् कल्) पु० लः १ પાપ. २ મેલ. ३ ગુ, મળ. ४ કપૂર. ५ દુષ્ટ. ६ વાત, પિત્ત અને કફ. ७ સંબંધ.

' वसाशुक्रसमृड्मज्जामूत्रं विट्कर्णविड्नखाः ।
श्लेष्माश्रुदूषिका स्वेदो द्वादशैते नृणां मलाः ' ॥
स्मृतिः ॥

मलघ्न (मलं हंति हन् क) पु० घ्नः એક જાતનો કંદ. शाल्मलीकंद.
मलघ्न (,,) त्रि० घ्नः-घ्ना-घ्नं. १ પાપનો નાશ કરનાર. २ મેલનો નાશ કરનાર. ३ મળનો નાશ કરનાર. मलहन्, मलनाशक.
मलघ्नी (मलघ्न ङीप्) स्त्री० घ्नी. વનસ્પતિ નાગદમની.
मलज (मलाज्जायते जन् ड) १ પાપથી પેદા થનાર. २ મેલથી પેદા થનાર. ३ મળથી ઉત્પન્ન થનાર.
मलज (,,) क्ली० जं. પરૂ.
मलदूषित (मलेन दूषितं) त्रि० तः-ता-तं. १ મળવાળું. २ મેલથી દોષ પામેલું. ३ મેલે બગાડેલું.
मलद्रावेन् (मलं द्रावयति रेचयति) पु० वी. નેપાળો. જયપાલ. [ડાનું બનાવેલું ઘર.
मलन (मल् ल्यु) पु० नः तंબુ, રાવટીવગેરે લૂગ-
मलपू (मलं मलस्थानं पुनाति पू क्विप्) स्त्री० पूः એક જાતના ઉંબરાનું ઝાડ.
मलभुज् (मलं भुंक्ते भुज् क्विप्) त्रि० क्-ग्. કાગડો.
मलभेदिन् (मलं भेदयति भिद् णिच् णिनि) पु० दी. કટુકા શબ્દ જુઓ. [સાધન લંગોટીવગેરે.
मलमल्लक ( ) पु० कः ગુહ્યાંગ ઢાંકવાનું
मलमास (मलः दुष्टः मासः) पु० सः. સૂર્યસંક્રાંતિ વિના બે માસમાં બે અમાસ આવે તે, અધિકમાસ, पुरुषोत्तमभास, મળમાસ.

' अमावास्याद्वयं यत्र रविसंक्रान्ति वर्जितम् ।
मलमासः स विज्ञेयः '.

मलय (मल् कयन्) पु० यः. १ મલયાચલ. २ મલબાર દેશ. ३ વાડી, બાગ. ४ શૈલાંગ. ५ ઇંદ્રનું નંદન વન. ६ તે નામનો એક ઉપદ્વીપ. ७ ઋષભ દેવનો તે નામનો એક પુત્ર.

' ललितलवंगलतापरिशीलनकोमलमलयसमीरे '
गीतगोविंदम्.

मलयगंधिनी ( ) स्त्री० नी. પાર્વતીની તે નામની એક સખી. [શમાં વાતો વા.
मलयज (मलये जायते जन् ड) पु० जः. મલય દે-
मलयज (,,) पु० क्ली० जः-जं. ચંદન.

' अयि मलयज महिमायं कस्य गिरामस्तु विषयस्ते '
भामिनीविलासः.

मलयज (,,) त्रि० जः-जा-जं. મલયાચલમાં પેદા થનાર, મલબાર દેશમાં પેદા થનાર.
मलया (मलय अच् टाप्) स्त्री० या. નસોતર.
मलयाचल (मलयनामा अचलः) पु० लः. મલયપર્વત.
मलयानिल (मलयदेशे मलयदेशाद्वा प्रवर्तमानः अनिलः) पु० लः. મલય દેશમાં વાનારો વા.
मलयू ( ) स्त्री० यूः. વનસ્પતિ બાબચી.
मलविनाशिनी (मलं तद्दोषं विनाशयति वि नश् णिच् णिनि) स्त्री० नी. વનસ્પતિ शंખપુષ્પી.
मला (मल् अच् टाप्) स्त्री० ला. ભોંયાંબલી.
मलाकर्षिन् (मलमाकर्षति आ कृष् णिनि) पु० पीं. १ ઝાડું કહાડનાર ભંગીઓ વગેરે. २ મેલ કહાડનાર. [३ કામિની.
मलाका (मल् आक) स्त्री० का. १ હાથણી. २ કૂતી.
मलापकर्षण (मल् अप कृष् ल्युट्) क्ली० णं. મેલ કહાડવો તે, સાફ કરવું તે. [ક્ષાર.
मलारि (मलस्य कलंककिट्टादेररिः) पु० रिः. સર્વ-
मलावह (मलमावहति आ वह् अच्) त्रि० हः-हा-हं. १ મલનું વહન કરનાર. २ મલ કરનાર.
मलावह (मलस्य आवहः) पु० हः. કરમાવેલા પાપની કબુલત કરવી તે. [હોવું.
मलि (मल् इन्) स्त्री० लिः. યુક્ત થવું, વિશિષ્ટ
मलिन (मल् इनन्) त्रि० नः-ना-नं. १ મેલું, મલવાળું. २ દૂષિત. ३ કાળું. ४ નિત્યનૈમિત્તિક ક્રિયાનો ત્યાગ કરનાર. ५ નિકૃષ્ટ.

' प्रकटीभवंति मलिनाश्रयतः ' माघः.
' मलिनमपि हिमांशोर्लक्ष्मलक्ष्मीं तनोति '
शाकुन्तलम्.

मलिन् (,,) क्ली० नं. છાશનો મઠો. २ દોષ. ३ અપરાધ. ४ ટંકણખાર. ५ કથીર.
मलिनप्रभ (मलिना प्रभा यस्य) त्रि० भः-भा-भं.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જેની કાંતિ મલિન થઈ ગઈ હોય તે.

मलिनमुख (मलिनं मुखं यस्य) पु० खः. १ અગ્નિ. २ ચિત્રાનું ઝાડ. ३ વાંદરો. ४ પ્રેત.

मलिनमुख (,,) त्रि० खः-खा-खं. १ કૂર. २ ખલ. ३ મલિન મુખવાળું.

मलिनता (मलिनस्य भावः तल्) स्त्री० ता. મલિનપણું. માલિન્ય. [શબ્દ જુઓ.

मलिनत्व (,, त्व) क्ली० त्वं. ઉપલો

मलिनय् (નામધા० પર० સેટ્ मलिनयति) મલિન કરવું, બગાડવું, કલંકિત-દૂષિત કરવું.

मलिनांग (मलिनं अंगं यस्य) त्रि० गः-गी-गं. જેનું અંગ મેલવાળું હોય છે તે. [તિ ડોરલી.

मलिनांगी (मलिनं अंगं अस्याः) स्त्री० गी. વનસ્પ-

मलिनांबु (मलिनं अंबु) क्ली० बु. १ મેલવાળું પાણી. २ શાક. [સ્ત્રી.

मलिनी (मल इनि ङीप्) स्त्री० नी. અટકાવવાળી

मलिम्लुच (मली दुष्टः सन् म्लोचति) पु० चः. १ ચોર. २ અગ્નિ. ३ ચિત્રાનું ઝાડ. ४ વાયુ. ५ ભલભાસ. [મલિન.

मलिष्ठ (मलिन् इष्ठन्) त्रि० ष्ठः-ष्ठा-ष्ठं. અતિશય

मलिष्ठा (मलिन् इष्ठन् टाप्) स्त्री० ष्ठा. અટકાવવાળી સ્ત્રી.

मलीमस (मल ईमसस्) त्रि० सः-सा-सं. મલિન.

मलीमस (,,) पु० सः. १ લોહું. २ હીરાકસી.

मल् (भ्वा० आत्म० सेट् मल्लत) ધારણ કરવું.

मल्ल (मल् अच्) पु० ल्लः. १ મલ્લ, પહેલવાન. २ કંકપક્ષી. ३ એક વર્ણસંકર જાતિ. ४ ગાલ. ५ પાત્ર, વાસણ. ६ એક જાતનું માછલું. ७ તે નામનો એક દેશ.

' प्रभवति मल्लो मल्लेन ' व्याकरणम्.

मल्ल (मल् अच्) त्रि० ल्लः-ल्ला-ल्लं. અત્યંત બલવાળું, બહુ જોરાવર.

मल्लक (मल्लः संज्ञायां कन्) पु० कः. દાંત.

मल्लक (मल्लयतेऽत्र मल् वुन्) पु० कः. १ કોડિયું. २ દીવો, પ્રદીપ. ३ નાળિયેરના ફલભાંથી કરેલું પાત્ર. ४ ભોગરાનું ઝાડ. [ભરી.

मल्लज (मल्ले देशे जायते जन् ड) क्ली० जं. કાળાં

मल्लभू (मल्लक्रीडनस्य योग्या भूः) स्त्री० भूः. પહેલવાનને યુદ્ધ કરવાનો અખાડો.

मल्लभूमि (मल्लक्रीडनस्य योग्या भूमिः) स्त्री० मिः. ઉપલો શબ્દ જુઓ.

मल्लयुद्ध (मल्लस्य युद्धं) क्ली० द्धं. પહેલવાનનું યુદ્ધ.

मल्लार (मल्ल इव ऋच्छति ऋ अण्) पु० रः. તે નામનો એક રાગ.

मल्लारी (,, ङीप्) स्त्री० री. તે નામની એક રાગિણી. [તે. २ જૈનમતનો એક સાધુ.

मल्लि (मल् इन्) पु० ल्लिः. १ ધારણ કરવું-ધરવું

मल्लि (,,) स्त्री० ल्लिः. ભોગરાનું ઝાડ. मल्ली. [२ માધમાસ.

मल्लिक (मल्लिः कन्) पु० कः. १ એક જાતનો હંસ.

मल्लिका (मल्लिः क) स्त्री० का. ભોગરાનું ઝાડ.

' वनमल्लिकामतल्लिकोद्वेल्लितधमिल्लो '

भारतचंपूः.

मल्लिकाक्ष (मल्लिका पुष्पमिव अक्षि अस्य) पु० क्षः. એક જાતનો હંસ.

' एतस्मिन्मदकलमल्लिकाक्षपक्षव्याधूतस्फुर-
दुरुदंडपुंडरीकाः '

उत्तररामचरितम्.

मल्लिकापुष्प (मल्लिकाया इव पुष्पमस्य) पु० ष्पः. કુટજવૃક્ષ. [નું ફૂલ.

मल्लिकापुष्प (मल्लिकायाः पुष्पं) क्ली० ष्पं. ભોગરા-

मल्लिकाख्य (मल्लिका आख्या यस्य) पु० ख्यः. મેલા પગ અને ચાંચવાળો એક જાતનો હંસ.

मल्लिकाख्या (मल्लिकेति आख्या अस्याः) स्त्री० ख्या. એક જાતનું પુષ્પ. [અગુરુચંદન.

मल्लिगंधि (मल्लिकाया गंध इव गंधोऽस्य) क्ली० धि.

मल्लिपत्र (मल्लिरिव पत्रमस्य) क्ली० त्रं. છત્રાક શબ્દ જુઓ.

मल्ली (मल् इन् ङीप्) स्त्री० ल्ली. ભોગરાનું ઝાડ.

' किं मल्ली मुकुलैः स्मितं विकसितं किं मालती कुड्मलैः '

राजेन्द्रकर्णपूरम्.

मल्लु (मल् उ) पु० ल्लुः. રીંછ.

मव् (भ्वा० पर० सेट् मवति) બાંધવું.

मवित (मव् क्त) त्रि० तः-ता-तं. બાંધેલું.

मव्य् (भ्वा० पर० सेट् मव्यति) બાંધવું.

मश् (भ्वा० पर० सेट् मशति) १ નાદ કરવો, અવાજ કરવો. २ કોપ પામવું, ગુસ્સે થવું.

मशक (मश् वुन्) पु० कः. १ મચ્છર, ડાંસ. २ ચામડાની મશક. ३ એક જાતનો રોગ.

' सर्वं खलस्य चरितं मशकः करोति '

हितोपदेशः.

मशकिन् (मशकोऽस्त्यस्य इनि) पु० की. ઉંબરાનું ઝાડ. [तृण.

मशच्छद (मश छद् अच्) पु० दः. એક જાતનું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

मशहरी (मशं मशकं हरति ह् टं) स्त्री० री. मछरदानी. चतुष्की. [लिङ्ग.
मशि (मश् इन्) स्त्री० शीः १ शाप. २ नीलशेप्रा-
मशिधान (मशिः धीयतेऽत्र धा ल्युट्) क्ली० नं. ખડીઓ. मशिपात्र. [शब्द જુઓ.
मशिधानी (,, ल्युट् ङीप्) स्त्री० नी. ઉપલો
मशी (मश् इन् ङीप्) स्त्री० शी. शाप.
'शिरसि मशीपटलं दधाति दीपः' भामिनीविलासः.
मष् (भ्वा० पर० सेट् मषति) १ દુઃખ દેવું. २ भारी नाખવું, ઠાર मारवुं.
मषि (मष् इन्) स्त्री० षिः. शाप.
मषिका (मषी कन्) स्त्री० का. એક જાતની वनस्पति.
मषिकूपी (मष्याधारः कूपी) स्त्री० पी. ખડીઓ.
मषिधान (मषिः धीयतेऽत्र धा ल्युट्) क्ली० नं. ખડીઓ. मषिपात्र. [જુઓ.
मषिधानी (ङीप्) स्त्री० नी. ઉપલો शब्द
मषी (मष् इन् ङीप्) स्त्री० षी. शाप.
मस् (दिवा० पर० सेट् मस्यति) १ भापवुं, भोजवुं. २ રૂપાંતર કરવું.
मस (मस् घञ्) पु० सः भापवुं, भोजवुं, भापणी, भोજણી. [२ सोभराजितुं ઝાડ.
मसन (मस् ल्युट्) क्ली० नं. १ ઉપલો शब्द જુઓ.
मसरा (मस् अरच्) स्त्री० रा. मसूर शब्द જુઓ.
मसार (मस् ऋ अण्) पु० रः ઘેરનીલ મણિ.
'मसारतारासि ससारमात्मना' नैषधीयम्.
मसारक (मसार कन्) पु० कः. ઉપરનો शब्द જુઓ. [કાતું વૃક્ષ.
मसि (मस् इन्) पु० स्त्री० सिः १ शाप. २ शेप्रालि-
मसिका१ (मसीव इवार्थे कन्) स्त्री० का. એક જાતની वनस्पति. [ડીઓ.
मसिकूपिका (मस्याधारः कूपिका) स्त्री० का. ખ-
मसिकाकूपी (मस्याधारः कूपी) स्त्री० पी. ઉપલો शब्द જુઓ.
मसिजल (मसिमिश्रितं जलं) क्ली० जं. शाप.
मसिधान (मसिः धीयतेऽत्र ल्युट्) क्ली० नं. ખડીઓ. [शब्द જુઓ.
मसिधानी (,, ङीप्) स्त्री० नी. ઉપલો
मसिन (मस् इनन्) क्ली० नं. પ્રેતને પિંડદાન કરવા માટે અધિકારવાળો સંબંધ.
मसिपण्य (मसिस्तदुपलक्षितमक्षरमेत्र पण्यं यस्य) पु० ण्यः. १ લહીયો. २ કારકુન, मुत्सद्दी.
मसिपथ (मसेः पंथाः अच्) पु० थः. કલમ, લેખણ.
मसिप्रसू (मसिः प्रसूरिव यस्याः) स्त्री० सूः. ઉપલો शब्द જુઓ.
मसिप्रसू (मस्याः प्रसूरिव) स्त्री० सूः. ખડીઓ.
मसिवर्द्धन (मसि वृध् ल्यु) क्ली० नं. वनस्पति ગંધરસ.
मसी (मस् इन्) स्त्री० सी. शाप.
मसीना (मस ईनन्) स्त्री० ना. અતસી.
मसुर (मस् उरच्) पु० रः. એક જાતનું धान्य. मसुरा, मसूर, मसूरा. [જાતના ચોખા. मसूरा.
मसुरा (मसुर टाप्) स्त्री० रा. १ वेश्या. २ એક
मसूर (मस् ऊरच्) पु० रः मसुर शब्द જુઓ.
मसूरक (मसूरः संज्ञायां कन्) पु०कः गालभशुरीयुं.
मसूरविदला (मसूरस्येव विदलं यस्याः) स्त्री० ला. કાળું નશોતર. [જુઓ.
मसूरा (मस् ऊरच् टाप्) स्त्री० रा. मसुरा. शब्द
मसूरिका (मसूरेव इवार्थे कन्) स्त्री० का. १ वसंतराग. २ કુટણી સ્ત્રી, વેશ્યા.
मसूरी (मस् ऊरच ङीप्) स्त्री० री. १ वसंतराग. २ નશોતર. ३ કાળું નશોતર.
मसृण (मस् ऋण) त्रि० णः-णा-णं. १ ચીકણું. २ स्निग्ध. ३ કર્કશ નહિ તે.
'भग मसृणवाणि करवाणि चरणद्वयं
सरसलसदलक्तकरागम्' गीतगोविंदम्.
मसृणा (मसृण टाप्) स्त्री० णा. मसीना शब्द જુઓ.
मस्क् (भ्वा० पर० सेट् मस्कति) જવું.
मस्कर (मस्क् अरच्) पु० रः १ वांस. २ કાણાવાળો वांस. ३ गति. ४ ज्ञान.
मस्करिन् (मस्करः ज्ञानमस्त्यस्य इनि) पु० री. १ એક જાતનો સંન્યાસી. २ चंद्र. ३ કપૂર.
मस्ज् (तुदा० पर० सेट् मज्जति) નાહવું, स्नान કરવું; उद् (उन्मज्जति) પાણીમાંથી બહાર નીકળવું; नि (निमज्जति) ડૂબી જવું, ગરકી જવું, तिरोहित થવું, अदृश्य થવું, लय पामवुं.
'एको हि दोषो गुणसंनिपाते'
निमज्जतीन्दोः किरणेष्विवांकः' कुमारसंभवम्.
मस्त (मस् त) क्ली० स्तं. भाथुं.
मस्त (मस् त) त्रि० स्तः-स्ता-स्तं. ઊંચું.
मस्तक (मस्तं स्वार्थे क) पु० क्ली० कः-कं. भाथुं.
मस्तकस्नेह (मस्तकस्य स्नेहः) पु० हः. भगજમાંથી તેલ સરખો पदार्थ भोંઉપર નીકળેછે તે.
मस्तदारु (मस्तं दारु) क्ली० रु. देवदार.
मस्तमूलक (मस्तस्य मूलमिव इवार्थे कन्) क्ली०

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

कं. ગરદન.

मस्ति (मस् क्तिन्) स्त्री० स्तिः ભાપવું, ખોજવું.

मस्तिष्क (मस्ति मुष्कति मुष् अच् पृषो०) क्ली० ष्कं. मस्तकस्नेह शब्द જુઓ.

मस्तु (मस् तुन्) क्ली० स्तु. દહિંની તર.

मस्तुलुंग (मस्तु इव लिंगं सादृश्यमस्य) पु० गः. मस्तकस्नेह शब्द જુઓ. [शब्द જુઓ.

मस्तुलुंगक (मस्तुलुंगः स्वार्थे क) पु० कः. ઉપલો

महू (भ्वा० पर० सेट् महति) १ પૂજવું. २ સંમાન કરવું. [જુઓ.

मह् (चुरा० उभय० सेट् महयति-ते) ઉપલો ધાતુ

मह् (भ्वा० आत्म० सेट् महते) વધવું, વૃદ્ધિ પામવું. [शवुं.

मह् (चुरा० पर० सेट् महयति) १ બોલવું. २ પ્રકા-

मह (मह् घनर्थे क) पु० हः. १ પાડો. २ યજ્ઞ. ३ ઉત્સવ. ४ સ્થાયી આનંદ પેદા કરે તેવો વ્યાપાર. ५ કાંતિ, તેજ.

' महमसाविति बंधुतयोदितैः ' माघः.

महक (मह् वुन्) पु० कः.१ ઉમદા માણસ. २ કાવ્યમાં. ३ વિષ્ણુ. [ફેલાતી ખુશબો.

महक्क (महस् के क पृषो०) पु० क्कः. ચારે તરફ

महच्छद (महत् छद् अच्) पु० दः. એક જાતની વનસ્પતિ. [२ वृक्ष.

महत् (मह् अति) त्रि० हान्-हती-हत. १ મોટું.

' तस्मिन् रामशरोत्कृत्ते बले महति रक्षसाम् '
रघुवंशम्.

' महान्महत्स्वेव करोति विक्रमम् '

महत् (,,) क्ली० त्. १ राज्य. २ બ્રહ્મ.

महत् (,,) पु० हान्. १ सांख्यशास्त्र-प्रसिद्ध महत्तत्व. २ હિરण्यगर्भनो लिंगदेह.

' बुद्धेरात्मा महान्परः ' श्रुतिः.

महती (महत् ङीप्) स्त्री० ती. १ એક જાતની વીણા. २ नारदनी वीणा. ३ મોટી સ્ત્રી. ४ વનસ્પતિ, વૃહતી. ५ વનસ્પતિ વાર્તાકી.

' अवेक्षमाणं महती मुहुर्मुहुः ' माघः.

महत्तत्व (महत् तत्वम्) क्ली० त्वं. सांख्यशास्त्रप्रसिद्ध એક તત્વ. [અતિશય મોટું.

महत्तम (अतिशयेन महान् तमप्) त्रि० मः-मा-मं.

महत्तर (महत् तरप्) त्रि० रः-रा-रं. ઘણું મોટું.

महत्तर (महत् तरप्) पु० रः. १ ગામનો મુખી. २ સભાસદ.

' शूद्रः स्यात्पादजो दासो ग्रामकूटो महत्तरः '
त्रिकाण्डशेषः.

महत्ता (महतो भावः तल्) स्त्री० त्ता. મોટાપણું, મોટાઈ. महिमन्.

महत्त्व (महतो भावः त्व) क्ली० त्वं. १ ઉપલો શબ્દ જુઓ. २ શ્રેષ્ઠપણું. [आश्रय.

महदाश्रय (महतः आश्रयः) पु० यः. મોટાનો

महद्विल (महत् विलम्) क्ली० लं. आकाश.

महनीय (मह् अनीयर्) त्रि० यः-या-यं. પૂજવા લાયક, પૂજ્ય.

महर् (मह् अरु) अव्य० हः. १ સપ્ત લોકપૈકી તે નામનો એક લોક. २ व्याहृतिभेद.

महर्लोक (महः लोकः) पु० कः. ઉપલો શબ્દ જુઓ. [કચ્છુ.

महर्षभी (महती चासौ ऋषभी च) स्त्री० भी. कपि-

महर्षि (महांश्चासौ ऋषिः) पु० र्षिः. વેદવ્યાસવગેરે મોટા ઋષિ. [રૂપતિ ધોળી રીંગણી.

महर्षिका (महती चासौ ऋषिका) स्त्री० का. वन-

महल्लक ( ) पु० कः. સ્ત્રીના જનાનખાનામાં રહેનાર નાઝર.

महल्लिक (महांतं लिखति लिख् क पृषो.) पु० कः. પેળીયાવગરનો અને ગુહ્યસ્થાનરહિત સ્ત્રીસ્વભાવવાળો માણસ, ખોજો.

' मुष्कशून्योऽनुपस्थो यः स्त्रीस्वभावो महल्लिकः '
शब्दमाला.

महस् (मह् असुन्) क्ली० हः १ તેજ, કાંતિ. २ યજ્ઞ. ३ ઉત્સવ. ४ આનંદ.

' मन्महे किमपि तुन्दिलं महः ' मल्लिनाथः.

महस (मह् असच्) क्ली० सं. १ જાત. २ જ્ઞાન, સમજ. [२ गाय.

महा (मह् अच्) स्त्री० हा. १ એક જાતનો વેલો.

महाकंटकिनी (महती चासौ कंटकिनी च) स्त्री० नीं. એક જાતનું ઝાડ.

महाकच्छ (महान् कच्छः अस्य) पु० च्छः १ हरीओ. २ વરણ. ३ પર્વત.

महाकंद (महांश्चासौ कंदश्च) पु० दः. १ મોટો ભૂળો. २ લસણ. ३ મોટી કુંગળી.

महाकपित्थ (महांश्चासौ कपित्थश्च) पु० त्थः. १ બીલીનું ઝાડ. २ રાતું લસણ. ३ મોટો ભૂળો.

महाकर (महांश्चासौ करश्च) पु० रः. મોટો હાથ.

महाकर (महान् करो यस्य) त्रि० रः-रा-रं. જેનો હાથ મોટો હોય છે તે. [જાતનું ઝાડ.

महाकरंज (महांश्चासौ करंजः) पु० ञ्जः એક

महाकर्णिकार (महांश्चासौ कर्णिकारश्च) पु० रः. ગરભાળો. आरग्वध.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

महाकर्मन् (महत् कर्म अस्य) पु० मां. विष्णु.
महाकर्मन् (महत् कर्म यस्य) त्रि० मां-मीं-मं. मोटा कामवाळुं.
महाकर्मन् (महत् कर्म) क्ली० मं. मोटुं काम.
महाकाय (महान् कायो यस्थ) पु० यः १ हाथी. २ शिवनो गण, नंदि. [शरीरवाळुं.
महाकाय (,,) त्रि० यः-या-यं. मोटा
महाकाय (महांश्चासौ कायश्च) पु० यः मोटुं शरीर.
महाकार्तिकी (महती चासौ कार्तिकी च) स्त्री० की. रोहिणी नक्षत्रयुक्त कार्तिक मासनी पुनम.
महाकाल (महांश्चासौ कालः) पु० लः. १ अनवच्छिन्न काल. २ शिव. ३ भैरवभेद. ४ એક જાતનो वेलो.

'महाकालं यजेद्देव्या दक्षिणे धूम्रवर्णकम्'
कालीतन्त्रम्.

महाकाली (महती चासौ काली च) स्त्री० ली. १ दुर्गानी એક मूर्ति. २ वनस्पति मेंढाशींगी. ३ જૈનની એક देवता.
महाकाव्य (महत्काव्यं) क्ली० व्यं. सर्गबंधरूपे अढारथी वधारे सर्गवाळो એક જાતનो ग्रंथ.
महाकुंभी (महती कुंभीव) स्त्री० भी. कायफल.
महाकुमारिका (महाकुमारी कन्) स्त्री० का. १ गुलाबी शेवती. २ मोटी शेवती.
महाकुमारी (महती कुमारीव) स्त्री० री. ઉપલो शब्द जुओ.
महाकुल (महत् कुलं) क्ली० लं. १ मोटुं कुळ. २ ज्ञानदान कुळ. ३ मोटुं टोळुं. ४ दश पुरुषसुधी वेदनो अभ्यास करनार वंश.

'दशपुरुषविख्यातं श्रोत्रियाणां महाकुलम्'
मनुः.

महाकुलीन (महाकुले भवः खच्) त्रि० नः-ना-नं. १ मोटा कुळमां पेदा थनार. २ ज्ञानदान कुळमां पेदा थनार. ३ दश पुरुषसुधी वेदनो अभ्यास करनार वंशमां पेदा थनार.
महाकुष्ट (महच्च तत्कुष्टं च) क्ली० ष्टं. એક જાતना कोढनो रोग.
महाकूप (महांश्चासौ कूपश्च) पु० पः. मोटो कूवो.
महाकृष्णा (महती चासौ कृष्णा च) स्त्री० ष्णा. गोकर्णीनो वेलो.
महाकोश (महान् कोशोऽस्य) पु० शः. विष्णु.
महाकोषातकी (महती चासौ कोषातकी) स्त्री० की. हस्तिघोषा.
महाक्रतु (महान् क्रतुरस्य) पु० तुः विष्णु.
महाक्रम (महान् क्रमः अस्य) पु० मः. ઉપલो शब्द जुओ.
महागद (महांश्चासौ गदः) पु० दः. ताव, ज्वर.
महागंध (महान् गंधो यस्य) पु० धः. १ हरिचंदननुं झाड. २ जलवेतस. ३ બોल. ४ गंधरस.
महागंधी (महान् गंधो यस्याः) स्त्री० धा. १ चामुंडा. २ वनस्पति नागબला.
महागर्त (महान् गर्तः अस्य) पु० तः विष्णु.
महागर्दभगंधिका (महागर्दभ गंधी कन्) स्त्री० का. भारंग.
महागिरि (महांश्चासौ गिरिः) पु० रिः. मोटो पर्वत.
महागुरु (महांश्चासौ गुरुश्च) पु० रुः. १ पिता, माता अने आचार्य–એ त्रण मोटा गुरु. २ स्त्रीनो मोटो गुरु पति.

'त्रयः पुरुषस्यातिगुरवो भवन्ति पिता माता चाचार्यश्च'
स्मृतिः.

महागुल्मा (महान् गुल्मो यस्याः) स्त्री० ल्मा. सोभवल्ली. [वणु. पृश्निपर्णी.
महागुहा (महती गुहेव) स्त्री० हा. वनस्पति पीठ.
महागुहा (महती गुहा) स्त्री० हा. मोटी गुफा.
महागोया (महती चासौ गोया च) स्त्री० या. वनस्पति उपजसरी. [मूर्ति.
महागौरी (महती गौरी) स्त्री० री. दुर्गानी એક
महाग्रीव (महती ग्रीवाऽस्य) पु० वः. ઊंट.
महाग्रीव (महती ग्रीवा यस्य) त्रि० वः-वा-वं. मोटी डोकवाळुं. [२ द्राक्षानो मध.
महाघूर्णा (महती घूर्णाऽस्याः) स्त्री० र्णा. १ मध.
महाघृत (महत् घृतं) क्ली० तं. એકसो दश वर्षनुं घी.
महाघोष (महांश्चासौ घोषः) पु० षः. मोटो अवाज.
महाघोष (महान् घोषः अत्र अस्य वा) क्ली० षं. १ બज्जर, पीठ. २ मेळो, गुजरी.
महाघोष (महान् घोषः यस्य) त्रि० षः-षा-षं. जेनो मोटो अवाज होय छे ते, मोटा नादवाळुं.
महाघोषा (महान् घोषः अस्याः) स्त्री० षा. १ वनस्पति काकडाशींगी. २ शेष गुंदरनुं झाड.
महांग (महदंगमस्य) पु० गः. १ ઊंट. २ वनस्पति चित्रो. ३ गोખरु. [गवाळुं.
महांग (महदंग यस्य) त्रि० गः-गी-गं. मोटा अं-
महांग (महदंगं) क्ली० गं. मोटुं अंग.
महाचंड (महान् चंडः) त्रि० डः-डा-डं. अत्यंत गरम. [झाड.
महाच्छद (महान् छदो यस्य) पु० दः. देवताऽनुं
महाच्छाय (महती छाया यस्य) पु० यः. वडलानुं

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઝાડ. [છાયાવાળું.
महाच्छाय (,,) त्रि० यः-या-यं. મોટી
महाच्छिद्र (महत् छिद्रं यस्य) त्रि० द्रः-द्रा-द्रं. મોટા કાણાવાળું, મોટા છેદવાળું. [મહામેદા.
महाछिद्रा (महत् छिद्रं यस्याः) स्त्री० द्रा. વનસ્પતિ
महाज (महांश्चासावजः) पु० जः. મોટો બોકડો.
महाजट (महती जटा यस्य) त्रि० टः-टा-टं. મોટી જટાવાળું. [તનું ઝાડ. રુદ્રજટા.
महाजटा (महती जटा यस्याः) स्त्री० टा. એક જા-
महाजटा (महतीजटा) स्त्री० टा. મોટી જટા.
महाजन (महांश्चासौ जनः) पु० नः. ૧ વેદવાક્યઉપર શ્રદ્ધા રાખનાર પુરુષ. ૨ મોટું માણસ. ૩ મહાજન.

' महाजनो येन गतः स पन्थाः '

' महाजनस्य संपर्कः कस्य नोन्नतिकारकः ।
पद्मपत्रस्थितं तोयं धत्ते मुक्ताफलश्रियम् ' ॥

महाजंबु (महती जंबुः) स्त्री० बुः. મોટા જાંબુનું ઝાડ. महाजंबू. [ટી જાઓ.
महाजाति (महती चासौ जातिश्च) स्त्री० तिः. મો-
महाजाति (महती जातिः) स्त्री० तिः. મોટી જાત.
महाजातीय (महाजाति छ) त्रि० यः-या-यं. મોટી જાતનું. [સોનામુખી.
महाजालि ( ) स्त्री० लिः. વનસ્પતિ
महाजालिनी (महती चासौ जालिनी च) स्त्री० नी. ઉપલો શબ્દ જુઓ.
महाजाली (महती चासौ जाली च) स्त्री० ली. ૧ પીત વર્ણની ધોષા. ૨ વનસ્પતિ રાજકોપાતકી.
महाज्यैष्ठी (महती चासौ ज्यैष्ठी च) स्त्री० રવિવાર-યુક્ત જ્યેષ્ઠમાસની પૂર્ણિમા.

' पूर्णिमा रविवारेण महाज्यैष्ठी प्रकीर्तिता '

महाज्योतिष्मती (महती ज्योतिष्मती) स्त्री० ती. મોટી માલકાંકણીનો વેલો.
महाज्वाल (महती ज्वाला अस्य) पु० लः. યજ્ઞાગ્નિ.
महाज्वाला (महति ज्वाला) स्त्री० ला. મોટી જ્વાલા. [ઝાડ.
महाढ्य (महेन उत्सवेन आढ्यः) पु० ढ्यः. કદંબનું
महाढ्य (महान् आढ्यः) त्रि० ढ्यः-ढ्या-ढ्यं. મોટો પ્રભુ.
महातपस् (महत् तपः अस्य) पु० पाः. વિષ્ણુ.
महातपस् (महत् च तत् तपः च) क्ली० पः. મોટું તપ.
महातरु (महांश्चासौ तरुः) पु० रुः. મોટું ઝાડ.
महातरु (,,) पु० रुः. સ્તુહી વૃક્ષ.
महातल (सहच्च तत्तलं च) क्ली० लं. સાત પાતાળ-પૈકી પાંચમું પાતાળ.
महातारा (महती चासौ तारा च) स्त्री० रा. ૧ તે નામની એક જૈન દેવી. ૨ તે નામની એક તારિણી.
महातिक्त (महान् तिक्तः) पु० क्तः. લીંબડાનું ઝાડ.
महातिक्त (,,) त्रि० क्तः-क्ता-क्तं. અતિશય કડવું.
महातिक्ता (महातिक्त टाप्) स्त्री० क्ता. ૧ વનસ્પતિ પાઠ. ૨ વનસ્પતિ યવતિક્તા.
महातीक्ष्ण (महान् तीक्ष्णः) त्रि० क्ष्णः-क्ष्णा-क्ष्णं. ૧ અત્યંત તીખું. ૨ અતિશય તીક્ષ્ણ.
महातीक्ष्णा (महातीक्ष्ण टाप्) स्त्री० क्ष्णा. ભીલા-માનું ઝાડ.
महातुंबी (महती तुंबी) स्त्री० बी. મોટી તુંબડી.
महातेजस् (महत् तेजोऽस्य) पु० जाः. ૧ પારો. ૨ અગ્નિ. ૩ ચિત્રાનું ઝાડ. ૪ કાર્તિકસ્વામી.
महातेजस् (महत् तेजः यस्य) त्रि० जाः-जाः-जं. ઘણા તેજવાળું.
महातेजस् (महत् तेजः) क्ली० जः. મોટું તેજ.
महात्मन् (महान् आत्मा स्वभावः आशयो वा यस्य) त्रि० त्मा-त्मा-त्म. ૧ ધૈર્યવગેરે ગુણથી સંપન્ન. ૨ મોટા મનવાળું. ૩ મોટા વિચારવાળું. महाशय.

' विपदि धैर्यमथाभ्युदये क्षमा सदसि वाक्पटुता युधि विक्रमः ।
यशसि चाभिरुचिर्व्यसनं श्रुतौ प्रकृतिसिद्धमिदं हि महात्मनाम् ' ॥ भर्तृहरिः ॥

महादंत (महान् दंतो यस्य) त्रि० तः-ता-तं. મોટા દાંતવાળો (હાથીવગેરે).
महादंत (महांश्चासौ दंतः) पु० तः. મોટો દાંત.
महादान (महत् दानं) क्ली० नं. પુરુષ જેટલું સોનું તોળીને આપવું એવગેરે સોળ જાતનાં મહાદાન.

' अथातः संप्रवक्ष्यामि महादानस्य लक्षणम् '

महादारु (महांश्चासौ दारुश्च) पु० रुः देवदारनुं ઝાડ.
महादीर्घ (महान् दीर्घः) पु० र्घः. સરલ દેવદારનું ઝાડ. [નો ભાત.
महादूषक (महांश्चासौ दूषकः) पु० कः. એક જાત-
महादेव (महांश्चासौ देवः) पु० वः. ૧ શિવ. ૨ (वाः) અગીઆરની સંખ્યાની સંજ્ઞા.
महादेवी (महती देवी) स्त्री० वी. ૧ પાર્વતી. ૨ મોટી દેવી. [મોટું રણવાદ્ય.
महादुंदु (महांश्चासौ दुंदुश्च) पु० दुः એક જાતનું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

महाद्रुम (महांश्चासौ द्रुमश्च) पु० मः पीपળાનું ઝાડ.

महाद्रुम (महांश्चासौ द्रुमश्च) पु० मः મોટું ઝાડ.

महाधन (महत् मूल्यरूपं धनं यस्य) त्रि० नः-ना-नं. મોટી કીમતનું, મોટા મૂલ્યનું.

महाधन (,, अस्य) क्ली० नं. १ સોનું. २ સેલારસ. ३ સુંદર વસ્ત્ર.

महाधन (महत् धनं यस्मात्) पु० नः ખેતી, કૃષિ.

महाधन (महत् धनं यस्य) त्रि० नः-ना-नं. ઘણા ધનવાળું, પૈસાદાર. [સુવર્ણ.

महाधातु (महांश्चासौ धातुश्च) पु० तुः. સોનું,

महानट (महांश्चासौ नटः प्रलयकाले) पु० टः. શિવ, મહાદેવ. [२ તે નામની એક નદી.

महानदी (महती नदी) स्त्री० दी. १ મોટી નદી.

महानंद (महान् आनंदोऽत्र) पु० दः. મોક્ષ.

महानंद (महांश्चासौ आनंदश्च) पु० दः મોટો આનંદ, પરમ સુખ. [ઘણો આનંદવાળું.

महानंद् (महान् आनंदः यस्य) त्रि० दः-दा-दं.

महानंदा (महान् आनंदः यस्याः) स्त्री० दा. १ સુરા. २ તે નામની એક નદી. ३ भाध भासनी शुक्ल नवमी.

'माघमासस्य या शुक्ला नवमी लोकपूजिता ।
महानन्देति सा प्रोक्ता '.

महानरक (महान् नरकः) पु० कः. એક જાતનું નરક. [પારક.

महानल (महान् अनलः अस्य) पु० लः. પારો,

महानवमी (महती चासौ नवमी च) स्त्री० मी. આશ્વિન શુક્લ નવમી.

'ततोऽनु नवमी यस्मात्सा महानवमी स्मृता'

महानस (महदनः अच्) क्ली० सं. રસોડું, રસોઇખાનું, રાંધણીયું

महानाटक (महच्च तन्नाटकं च) स्त्री० कं. દૃश्य કાव्य नाटकनो એક भेद, महानाटक.

'एतदेव यदा सर्वैः पताकास्थानकैर्युतम् ।
अङ्कैश्च दशभिर्धीरा महानाटकमूचिरे ' ॥ सा० द० ॥

महानाद (महान्नादोऽस्य) पु० दः १ હાથી. २ સિંહ. ३ ઊંટ. ४ કાન. ५ મેઘ. ६ શંખ. ७ એક જાતનું કંકવાધ.

महानाद (महांश्चासौ नादः) पु० दः મોટો અવાજ.

महानाद (महान् नादो यस्य) त्रि० दः-दा-दं. જેનો અવાજ મોટો હોય છે તે.

महानिद्रा (महती निद्रा) स्त्री० द्रा. મરણ, મૃત્યુ.

महानिधि (महांश्चासौ निधिः) पु० धिः મોટો ભંડાર.

महानिधि (महान् निधिरस्य) पु० धिः. વિષ્ણુ.

महानिंब (महांश्चासौ निंबश्च) पु० बः એક જાતનો પહાડી લીંબડો.

महानिवेश (महान् निवेश यस्मिन्) त्रि० शः-शा-शं. १ કઠણ. २ ધાટું. ३ અલંકૃત.

महानिशा (महती निशा) स्त्री० शा. રાત્રિના વચલા બે પહોર. [નીચ.

महानीच (महांश्चासौ नीचश्च) त्रि० चः-चा-चं. ઘણો

महानीच (,,) पु० चः ધોબી.

महानील (महान् नीलः) पु० लः १ ભાંગરો. २ એક જાતનો મણિ. ३ એક જાતનો નાગ. ४ મોટાં જાંબુડાનું ઝાડ. [तंत्र.

महानील (महत् नीलम्) क्ली० लं. એક જાતનું

महानीली (महती नीली) स्त्री० ली. वनस्पति नीलापराजिता.

महानुभाव (महान् अनुभावः आशयो यस्य) त्रि० वः-वा-वं. १ ઉદાર મનનું. २ મોટા મનવાળું. ३ કામ ક્રોધ વગેરેથી જેનું મન અવ્યાપ્ત હોય છે તે. महाशय.

'महानुभावा हि नितांतमर्थिनः' माघः.

'एतान्यनीकानि महानुभावं गृह्णन्ति मेघा इव रश्मिमन्तम्'.

महापंचमूलक (महत् पंचमूलकम्) क्ली० कं. १ બિલ્વ, અગ્નિમંથ, શ્યોનાક, કાશ્મરી અને પાટલા.

महापंचविष (महत् पंचविषम्) क्ली० षं. शृंगी, कालकूट, मुस्तक, वत्सनाभक, अने शंखकर्णी.

'शृंगी च कालकूटश्च मुस्तको वत्सनाभकः ।
शंखकर्णीति योगोऽयं महापंचविषाभिधः'

महापत्र (महत्पत्रमस्य) पु० त्रः. એક જાતનું કંદ.

महापत्रक (महत्पत्रमस्य कप्) पु० कः. સાગનું ઝાડ. [शब्द જુઓ. २ ઓષધિ નાગબલા.

महत्पत्रा (महत्पत्रमस्याः) स्त्री० त्रा. १ महाजंबु

महापथ (महांश्चासौ पंथाश्च) पु० थः. १ રાજમાર્ગ, સરીયામ રસ્તો. २ મોટો રસ્તો. ३ હિમાલયની ઉત્તર દિશામાં સ્વર્ગમાં ચઢવાનો રસ્તો.

महापद्म ( ) पु० द्मः. १ આઠ નાગમધ્યે તે નામનો એક નાગ. २ કુબેરનો તે નામનો એક નિધિ. ३ એક, દશવગેરે સંખ્યાપૈકી તેરમી સંખ્યા. ४ મહાનંદિ રાજાનો એક પુત્ર.

महापद्म (महत् पद्मं) क्ली० द्मं. १ ધોળું કમલ. २ મોટું કમલ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

महापातक (महच्च तत् पातकं च) पु० क. બ્રહ્મહત્યા, સુરાપાન, ચોરી, ગુરુસ્ત્રી સાથે વ્યભિચાર અને એ પાપ કરનારનો સંસર્ગ–એ પાંચ મોટાં પાપ.

' ब्रह्महत्या सुरापानं स्तेयं गुर्वङ्गनागमः ।
महान्ति पातकान्याहुस्तत्संसर्गश्च पंचमः ' ॥

महापाप (महत्पापं) क्ली० पं. ઉપલો શબ્દ જુઓ.

महापिंडीतक (महान् पिंडितकः) पु० कः. એક જાતનું ઝાડ. [લુંનું ઝાડ.

महापीलु (महांश्चासौ पीलुश्च) पु० लुः. મોઠા પી-

महापुराण (महत्पुराणं) क्ली० णं. વ્યાસપ્રણીત એક જાતનું પુરાણ.

' महापुराणं विज्ञेयमेकादशकलक्षणम् '
ब्रह्मवै०

महापुरुष (महांश्चासौ पुरुषश्च) पु० षः. ૧ શ્રેષ્ઠ નર. ૨ નારાયણ. ૩ મોટો માણસ.

सुकर्मन् (शोभनं कर्म यस्य) त्रि० र्मा-र्मा र्म. સારાં કામ કરનાર. [૨ તે નામનો એક યોગ.
सुकर्मन् (सुष्ठु कर्म यस्मात्) पु० र्मा. ૧ વિશ્વકર્મા.
सुकल (सु कल् अच्) त्रि० लः-ला-लं. જ્ઞાન આપવામાં અને જગાડવામાં પ્રખ્યાત થયલું.
सुकल (सुष्ठु कलम्) त्रि० लः-ला-लं. સારો મધુર અને અવ્યક્ત શબ્દ કરનાર.
सुकांड (सुष्ठु कांडो यस्य) पु० डः. કારેલાંનો વેલો.
सुकांडिन् (सुकांड इनि) पु० डी. ભમરો.
सुकाम्या (सुष्ठु काम्यतेऽसौ) स्त्री० म्या. વનસ્પતિ ત્રાયમાણ.
सुकाष्ठ (सुष्ठु काष्ठं यस्य) स्त्री० ष्ठ. દેવદારનું ઝાડ.
सुकाष्ठ (शोभनं काष्ठं) क्ली० ष्ठ. રૂડું લાકડું.
सुकाष्ठा ( ) स्त्री० ष्ठा. ૧ કાષ્ઠકદલી. ૨ કડુકા.
सुकुंदक (सु कुदि ण्वुल्) पु० कः. ડુંગળી.
सुकुमार (सु कुमार् अच्) त्रि० रः-रा-रं. ૧ સારી કુમાર અવસ્થાવાળું. ૨ અત્યંત કોમળ.
सुकुमार (,,) पु० रः. ૧ એક જાતની શેવડી. ૨ રાની ચંપો. ૩ નવમલ્લિકા. ૪ સામો ધાન્ય. [લપત્ર.
सुकुमारक (सुकुमार. संज्ञायां कन्) क्ली० कं. તમા-
सुकुमारक (,,) पु० कः. શાળ.
सुकुमारा (सु कुमार् अच् टाप्) स्त्री० रा. ૧ જાઈનું ફૂલ. ૨ નવમલ્લિકા. ૩ કેળ. ૪ માલતી. ૫ વનસ્પતિ પૃશ્નિ.
सुकृत (सु कृ क्विप्) त्रि० त्-द्. ૧ પુણ્યકારક. ૨ ધાર્મિક જન.
सुकृत (सु कृ क्त) क्ली० तं. પુણ્ય, ધર્મ.
सुकृत (शोभनं कृतं) क्ली० तं. રૂડું કામ.

'न क्षुद्रोऽपि प्रथमसुकृतापेक्षया संश्रयाय'
मेघदूतम्.

सुकृत (सुष्ठु कृतं) त्रि० तः-ता-तं. ૧ શુભ. ૨ સારી રીતે કરેલું.
सुकृति (सु कृ क्तिन्) स्त्री० तिः. ૧ મંગલ. ૨ પુણ્ય. ૩ શુભ કામ. ૪ સારી કૃતિ.
सुकृतिन् (सुकृतमनेन इति) त्रि० ती-तिनी-ति. ૧ પુણ્યશાલી. ૨ શુભયુક્ત. ૩ સારાં કામ કરનાર.

'जयन्ति ते सुकृतिनो रससिद्धाः कवीश्वराः ।
नास्ति येषां यशःकाये जरामरणजं भयम्' ॥
भर्तृहरिः ॥

सुकेसर (सुष्ठु केसरो यस्य) पु० रः. બીજોરાનું ઝાડ.
सुकोलो ( ) स्त्री० ली. ક્ષીરકાકોલી.
सुक्रिया (सुष्ठु क्रिया) स्त्री० या. સારું કામ, સારી ક્રિયા.
सुख् (चुरा० उभय० सेट् सुखयति-ते) સુખી કરવું.
सुख (सुख् अच्) क्ली० खं. અનુકૂલ વેદનીય, સુખ, આનંદ.
सुख (सुखमस्त्यस्य अच्) त्रि० खः-खा-खं. સુખી,
सुखकर (सुखं करोति) त्रि० रः-रा-रं. સુખ કરનાર.
सुखंकर. [ઝાડ.
सुखंकरी (,, कृ खच् मुम्) स्त्री० री. જયંતીનું
सुखंगुण (सुख गुण् क मुम्) पु० णः. એક જાતનું શિવનું હથિયાર. [ઉત્તમ ઘોડો.
सुखचार (सुखः सुखकारकः चारो यस्य) पु० रः.
सुखच्छेद्य (सुखेन छेद्यः) त्रि० द्यः-द्या-द्यं. સહેલાઈથી છેદવાલાયક. [સુખ પેદા થયલું છે તે.
सुखजात (जातं सुखं यस्य) त्रि० तः-ता-तं. જેને
सुखजात (सुखेन जातः) त्रि० तः-ता-तं. સહેલાઈથી પેદા થયલું.
सुखद (सुखं ददाति दा क) पु० दः. વિષ્ણુ.
सुखद (,,) त्रि० दः-दा-दं. સુખ આપનાર.

'नखमुखलालनसुखदा रामा यामा नितंबविस्तारा'
उद्भटः.

सुखदा (,, टाप्) स्त्री० दा. ૧ સ્વર્ગની વેશ્યા. ૨ ખીજડાનું ઝાડ.
सुखदोह्या (सुखेन दोह्या दुह् ण्यत्) स्त्री० ह्या. મહેનત, મુશ્કેલાઈવિના દોહવા દે તેવી ગાય.
सुखप्रतीक्ष (सुखस्य प्रतीक्षा यस्य) त्रि० क्षः-क्षा-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

क्षं. सुખની આશા રાખનાર.

सुखमाज् (सुखं भजते भज् क्विप्) त्रि० क.ग् सुખી, सुખવાળું. [शीથી. ૩ સહેલાઇથી.

सुखम् (सुख् अमु) अव्य० म्. १ सुખેથી. २ ખુ-

' अज्ञः सुखमाराध्यः सुखतरमाराध्यते विशेषज्ञः '

भर्तृहरिः.

सुखमय (सुख मयट्) त्रि० यः-यी.यं. सुખથી ભરેલું, सुખસ્વરૂપ. [तनुं ઝાડ.

सुखमोदा ( ) स्त्री० दा. એક જા-

सुखरात्रि (सुखा सुखकरी रात्रिर्यस्यां) स्त्री० त्रिः. આશો ભાસની અમાસ, દીવાળી.

सुखरात्रिका (सुखा सुखकरी रात्रिर्यस्याः कप्) स्त्री० का. ઉપલો शब्द જુઓ.

' पूजनीया तदा लक्ष्मीर्विज्ञेया सुखरात्रिका '

ज्योतिर्वचनम्.

सुखवर्चक (सुखं वर्चयति वर्च् ण्वुल्) पु० कः. સાજખાર. [ઉપલો शब्द જુઓ.

सुखवर्चस् (सुखं सुखकरं वर्चो यस्य) पु० चः.

सुखवास (सुखः सुखकरो वासो यस्य) पु० सः. तरબુજ.

सुखवासन (सुखं सुखकरं वासनं यस्य) पु० नः. મુખને ખુશબોદાર કરે તેવો સુગંધિ પદાર્થ.

सुखसाध्य (सुखेन साध्यः) त्रि० ध्यः-ध्या-ध्यं. १ સુખે સધાય તેવું. २ સહેલાઇથી આરામ થાય તેવું.

सुखा (सुख अच् टाप्) स्त्री० खा. વરુણની નગરી.

सुखाधार (सुखानामाधारः) पु० रः. સ્વર્ગ.

सुखानुभव (सुखस्य अनुभवः) पु० वः. સુખનો અનુભવ.

सुखांत (सुखस्य अंतः) पु० तः. સુખનો અંત.

सुखायत (सुखेनायम्यते) पु० तः. ઉત્તમ સુશીલ ઘોડો.

सुखायन (सुख अय् ल्युट्) पु० नः. ઉત્તમ ઘોડો.

सुखार्थ (सुखाय इति) अव्य० र्थं. સુખમાટે.

सुखार्थिन् (सुखस्य अर्थी) त्रि० र्थी-र्थिनी-र्थि. સુખ ભોગનાર. [हं. સુખ પેદા કરનાર.

सुखावह (सुखमावहति आ वह् अच्) त्रि० हः-हा-

सुखाश (सुखा सुखकरी आशा यस्य) पु० शः. વરુણ. [જાતનું ઝાડ.

सुखाश (सुखेन अश्यते अश् घञ्) पु० शः. એક

सुखाश (,,) त्रि० शः-शा-शं. સુખે ખવાય તેવું. [सुखाशन.

सुखाश (सुख अश् घञ्) पु० शः. સુખનું ખાણું.

सुखाशक (सुखाशः स्वार्थे क) पु० कः. એક જા-

तनुं ઝાડ. [બેરડું, ચેનથી બેરડું.

सुखासीन (सुखेनासीनं) त्रि० नः-ना-नं. સુખથી

सुखास्वाद (सुखस्य आस्वादः) पु० दः. સુખનો સ્વાદ. [शब्द જુઓ.

सुखाहर (सुखं आहरति) त्रि० रः-रा-रं. સુખાવહ

सुखिन् (सुख इनि) त्रि० खी-खिनी-खि. સુખી.

सुखेच्छा (सुखस्य इच्छा) स्त्री० च्छा. સુખની ઇચ્છા. [ઇચ્છનાર.

सुखैषिन् (सुखमिच्छति) त्रि० षी-षिणी-षि. સુખને

सुखोत्सव (सुखः सुखकरः उत्सवो यस्मात्) पु० वः. ધણી, કંથ, પતિ. [નંદકારક ઓચ્છવ.

सुखोत्सव (सुखः सुखकरः उत्सवः) पु० वः आ-

सुखोदक (सुखं सुखकरं उदकं) क्ली० कं. સુખકારક પાણી.

सुखोदय (सुखस्य उदयः) पु० यः સુખનો ઉદય.

सुखोद्य (सुखेन उद्यः) त्रि० द्यः-द्या-द्यं. १ સુખે બોલવાલાયક, २ સહેલાઇથી કહેવાયોગ્ય.

सुखोपविष्ट (सुखेनोपविष्टः) त्रि० ष्टः-ष्टा-ष्टं. સુખાસીન शब्द જુઓ.

' प्रासादपृष्ठे सुखोपविष्टानां राजपुत्राणां पुरस्तात् '

हितोपदेशः.

सुखोर्जिक (सुख ऊर्ज् ठन्) पु० कः. સાજખાર.

सुख्यात (सु ख्या क्त) त्रि० तः-ता-तं. પ્રખ્યાત.

सुख्याति (सु ख्या क्तिन्) स्त्री० तिः. પ્રખ્યાતિ.

सुग (सुष्ठु गच्छति गम् ड) क्ली० गं. વિષ્ઠા, शु.

सुग (सु गम् ड) त्रि० गः-गा-गं. सुगम शब्द જુઓ.

सुगण (सु गण् क्विप्) त्रि० ण्. १ સારી રીતે ગણનાર. २ એકદમ ગણનારો. ३ સહેલાઇથી ગણનાર.

सुगणित (सुष्ठु गणितं) त्रि० तः-ता-तं. १ સારી રીતે ગણેલું २ બરાબર ગણેલું.

सुगत (सु गम् क्त) पु० तः. બુદ્ધ.

सुगत (सुष्ठु गतं यस्य) त्रि० तः-ता-तं. સારી ગતિવાળું.

सुगंध (सुष्ठु गंधो यस्य) त्रि० धः-धा-धं. સારા ગંધવાળી દુકાનગેરે, ખુશબોદાર.

सुगंध (सुष्ठु गंधोऽस्य. न इत्) पु० धः. એક જા-

તનું તૃણ. २ ચંદન. ३ ઑણું જીરું. ४ કાળું કમલ. ५ ગંધિપર્ણી. ६ ચણો. ७ ગંધક. ८ રાતો શરગવો.

सुगंध (सुष्ठु गंधः) पु० धः સારી ગંધ, ખુશબો.

सुगंधक (सुष्ठु गंधो यस्य कप्) क्ली० कं. १ રાતી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

तुलसी. २ गंधक. ३ नारंगी. ४ काकडी.

सुगंधपत्रा (सुगंधं पत्रं यस्याः) स्त्री० त्रा. वनस्पति २द्रज्झटा. [२पति २।२ना. २ आहुन.

सुगंधमूला (सुगंधं मूलं यस्याः) स्त्री० ला. १ वन-

सुगंधा (सुगंध अच् टाप्) स्त्री० धा. १ २।२ना. २ બીજોરું ३ वांजणी काकडी. ३ वनस्पति २द्रज्झटा. ५ शढीकचुरो. ६ सुवा. ७ वनस्पति नाकुली. ८ तुलसी. ९ नवमल्लिका. १० वनस्पति पृश्निा. ११ એક જાતની જુઈ. १२ वनस्पति शतपुष्पा. १३ वनस्पति स्वर्णयूथिका. १४ वनस्पति सल्लकी. १५ अनन्ता. १६ मातुलुंगक.

सुगंधि (सुष्ठु गंधो यस्य इत्) त्रि० धिः-धिः-धि. सारा गंधवाळुं, खुशबोदार.

' एकेनापि सुवृक्षेण पुष्पितेन सुगन्धिना ।
वासितं तद्वनं सर्वं सुपुत्रेण कुलं यथा ' ॥

सुगंधि (सुष्ठु गंधोऽस्य इत्) पु० धिः. सारा गंधवाळो आंबो.

सुगंधि (,,) क्ली० धिः. १ मोथ. २ कशेरु. ३ એક જાતનું खुशबोदार खड. ४ धाणा. ५ पीपलीमूल. [એક જાતના ચોખા.

सुगंधिक (सुगंधिः स्वार्थे क) पु० कः. १ गंधक. २

सुगंधिक (सुगंधि स्वार्थे क) क्ली० कं. १ कल्हार. २ એક જાતનું पुष्करमूल. २ सुगंधि वाळो.

सुगंधिकुसुम (सुगंधि कुसुमं यस्य) पु० मः. पीणी कणेरनुं आड. [सुगंधि फूलवाळुं.

सुगंधिकुसुम (,,) त्रि० मः-मा-मं.

सुगंधिकुसुम (सुगंधि कुसुमं) क्ली० मं. खुशबोदार फूल. [वनस्पति पृश्निा.

सुगंधिकुसुमा (सुगंधि कुसुमं यस्याः) स्त्री० मा.

सुगंधित्रिफला (सुगंधि त्रिफलमस्याः अच् टाप्) स्त्री० ला. १ जायफल. २ सोपारी.

सुगंधिता (सुगंधेर्भावः तल्) स्त्री० ता. सुगंधिपणुं, खुशबोदार होवुं ते.

सुगंधित्व (सुगंधेर्भावः त्व) क्ली० त्वं. सुगंधिपणुं, खुशबोदार होवुं ते. [वाळो.

सुगंधिमूल (सुगंधि मूलमस्य) क्ली० लं. सुगंधि

सुगंधिमूषिका (सुगंधिः विरोधिलक्षणया दुर्गंधिः मूषिका) स्त्री० का. छछुंदर.

सुगम (सुष्ठु गम्यते) त्रि० मः-मा-मं. १ जवाय तेवुं. २ समजाय तेवुं. [पणुं. सुगमत्व.

सुगमता (सुगमस्य भावः तल्) स्त्री० ता. सुगम-

सुगहन (सुष्ठु गहनं) त्रि० नः-ना-नं. अत्यंत धाटुं.

सुगहना ( ) स्त्री० ना. यज्ञमां कुतरावगेरेनुं दर्शन वारवामाटे करेली वाडवगेरे.

सुगहनावृति (सुगहना आवृतिः) स्त्री० तिः. उपलो शब्द जुओ.

सुगुप्त (सुष्ठु गुप्तं) त्रि० प्तः-प्ता-प्तं. १ अत्यंत गुप्त. २ सारी रीते संताडेलुं.

सुगृह (सुष्ठु गृहं यस्य) पु० हः. એક જાતનું પક્ષી.

सुगृह (सुष्ठु गृहं) क्ली० हं. साउं घर.

सुगृहीत (सुष्ठु गृहीतं) त्रि० तः-ता-तं. १ मजबुत पकडेलुं. २ सारी रीते आवेलुं.

सुगृहीतनामन् (सुगृहीतं प्रातःकाले स्मरणीयं नाम यस्य) पु० मा. सवारमां जेनुं नाम संभारवालायक छे एवो पुरुष, प्रातःकाल स्मरणीय.

सुग्रन्थि (सुष्ठु ग्रन्थिर्यस्य) पु० न्थिः. चोरक वृक्ष.

सुग्रन्थि (,,) त्रि० न्थिः-न्थिः-न्थि. सुंदर गांठवाळुं. [डोकवाळुं.

सुग्रीव (सुष्ठु ग्रीवा यस्य) त्रि० वः-वी-वं. सारी

सुग्रीव (सुष्ठु ग्रीवाऽस्य) पु० वः. १ सुग्रीव वानर. २ श्रीकृष्णनो घोडो.

सुग्रीवेश (सुग्रीवस्य ईशः) पु० शः दाशरथि राम.

सुग्लं (सु ग्लै क) त्रि० ग्लः.ग्ला-ग्लं. सारी रीते ग्लानि पामेलुं.

सुघटित (सुष्ठु घटितं) त्रि० तः-ता-तं. १ सारी रीते गोठवेलुं. २ उडी रीते घटावेलुं.

' सुघटितचक्रा प्रभातवेलेव '
उद्भटः.

सुघोर (सुष्ठु घोरः) त्रि० रः-रा-रं. अत्यंत घोर.

सुघोष (सुष्ठु घोषः) पु० षः. सारो अवाज.

सुचक्षुस् (सुष्ठु चक्षुरिव फलमस्य) पु० क्षुः. उंबरानुं आड. [सुंदर नेत्रवाळुं.

सुचक्षुस् (शोभने चक्षुषी यस्य) त्रि० क्षुः-क्षुः-क्षुः

सुचक्षुस् (शोभनं चक्षुः) क्ली० क्षुः. सुंदर आंख.

सुचञ्चुका ( ) स्त्री० का. महाचंचु शाक. [वर्त्तणुकवाळुं, सारी चालवाळुं.

सुचरित्र (सुष्ठु चरित्रं यस्य) त्रि० त्रः-त्रा-त्रं. सारी

सुचरित्रं (सुष्ठु चरित्रं) क्ली० त्रं. सारी चाल, शुद्ध वर्त्तणुक. [ता स्त्री.

सुचरित्रा (सुष्ठु चरित्रं यस्याः) स्त्री० त्रा. पतिव्र-

सुचर्मन् (सुष्ठु चर्मेव वल्कलं यस्य) पु० र्मा. भूर्जवृक्ष. [બસુરત અત્યંત, સુંદર.

सुचारु (सुष्ठु चारु) त्रि० रुः-रुः-र्वी-रु. धणुंज खु-

सुचारुस्वन (सुचारुः स्वनः यस्य) त्रि० नः-ना-नं. अत्यंत सुंदर अवाजवाळुं.

सुचित्रक (सुचित्रेण कायति कै क) पु० कः. १ એક જાતનું પક્ષી. २ डाणरचित्रो सर्प.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

सुचित्रबीजा (सुचित्रं बीजं यस्याः) स्त्री० जा. पावडिंग.
सुचित्रा (सुष्ठु चित्रा) स्त्री० त्रा. चीभडुं.
सुचिंता (सुष्ठु चिंता) स्त्री० ता. १ सारी रीते विचारवुं ते. २ योग्य विचार. सुचिंतन.
सुचिंतित (सुष्ठु चिंतितं) त्रि० तः-ता-तं. वाजबी विचारेलुं. [काळ.
सुचिरम् (सुष्ठु चिरम्) अव्य० रम्. घणो लांबो
सुचिरायुस् (सुचिरमायुर्यस्य) पु० युः. देव.
सुचुटी (सु चुट् क ङीष्) स्त्री० टी. चीपियो, चीमटो.
सुचेलक (सुष्ठु चेलकः) पु० कः. झीणुं वस्त्र.
सुचेलक (सुष्ठु चेलो यस्य कप्) त्रि० कः-लिका-कं. झीणुं वस्त्र धारण करनार.
सुच्छत्री (सुष्ठु छत्रमस्याः) स्त्री० त्री. सतलज नदी.
सुजन (सुष्ठु जनः) त्रि० नः-ना-नं. १ सारुं माणुस. २ सद्गुणी.
सुजनता (सुजनस्य भावः तल्) स्त्री० ता. सज्जनता.
'ऐश्वर्यस्य विभूषणं सुजनता शौर्यस्य वाक्संयमः'
भर्तृहरिः.
सुजनत्व (,, त्व) क्ली० त्वं. उपलो शब्द जुओ. सौजन्य.
सुजन्मन् (सुष्ठु जन्म यस्य) त्रि० न्मा-न्मा-न्म. उंचा कुलमां उत्पन्न थयलुं, प्रानदान.
'या कौमुदी नयनयोर्भवतः सुजन्मा'
मालतीमाधवम्.
सुजल (शोभनं जलं यस्मात्) क्ली० लं. कमल.
सुजल (शोभनं जलं) क्ली० लं. १ सुंदर पाणी. २ सारुं पाणी. [जलवाळुं.
सुजाति (सुष्ठु जातिर्यस्य) त्रि० तिः-तिः-ति. सारी
सुजात (सु जन् क्त) त्रि० तः-ता-तं. भनोज्ञ.
सुजाता (,, टाप्) स्त्री० ता. तुवेर.
सुजीवित (सुष्ठु जीवितं) क्ली० तं. सारुं जीवतर.
सुट्ट् (चुरा० उभय० सेट् सुट्टयति-ते) अनादर करवो. षुट्ट्.
सुत (सु क्त) पु० तः. १ पुत्र. २ राजा.
सुत (,,) त्रि० तः-ता-तं. १ उत्पन्न. २ संगृहीत. ३ पीलेलुं.
सुतक (सुतात् जननादागतं कन्) क्ली० कं. १ जणवानुं सूतक. २ आशौच.
सुतनु (सुष्ठु तनुर्यस्याः) स्त्री० नुः. नारी. सुतनू.
'सुतनु ! सत्यमलंकरणाय ते' शिशुपालवधम्.
सुतनु (सुष्ठु तनुर्यस्य) त्रि० नुः-नुः-न्वी-नु. सुंदर तनवाळुं, खुबसुरत.
सुतनु (सुष्ठु तनुः) त्रि० नुः-नुः-न्वी-नु. अत्यंत नाजुक. २ घणुंज बारीक.
सुतनु (शोभना तनुः) स्त्री० नुः सुंदर अंग.
सुतपस् (सुष्ठु तपति तप् असि) पु० पाः. १ सूर्य. २ आकडानुं झाड.
सुतपस् (सुष्ठु तपो यस्य) पु० पाः. मुनि.
सुतपस् (,,) त्रि० पाः-पाः-पः. घणा तपवाळुं.
सुतपस् (सुष्ठु तपः) क्ली० पः. सारुं तप.
सुतप्त (सुष्ठु तप्तं) त्रि० प्तः-प्ता-प्तं. सारुं तपेलुं.
सुतराम् (सु तरप् आम्) अव्य० राम्. १ घणुं सारुं. २ अत्यंत ठीक. ३ अलबत. ४ छेवट.
'मय्यप्यास्था न ते चेत् त्वयि मम सुतरामेष राजन् गतोऽस्मि' भर्तृहरिः.
सुतर्दन (सुष्ठु तर्दति खेण तृद् ल्यु) पु० नः. डोयल.
सुतल (सुष्ठु तलं यत्र) पु० क्ली० लः-लं. १ ते नामनुं एक पाताळ. २ तळियुं.
सुतल (,,) पु० लः. मोटी धभारतनुं तळियुं के पायो. [वाळुं.
सुतवत् (सुत मतुप्) त्रि० वान्-वती-वत्. छोकरांसुतवस्करा (सुता वस्करा इव यस्याः बहुत्वात्) स्त्री० रा. सात छोकरांनी मा.
सुतश्रेणी (सुता निष्पीडिता श्रेणीव) स्त्री० णी. उंट दोडानी.
सुता (सु क्त टाप्) स्त्री० ता. १ दीकरी. २ धभासो.
सुतात्मज (सुतस्य सुतायाः वा आत्मजः) स्त्री० जः. १ दीकरानो दीकरो. २ दीकरीनो दीकरो.
सुतात्मजा (सुतस्य सुतायाः वा आत्मजा) स्त्री० जा. १ दीकरानी दीकरी. २ दीकरीनी दीकरी.
सुतिक्त (सुष्ठु तिक्तः) पु० क्तः. पीतपापडो.
सुतिक्तक (सुतिक्तः संज्ञायां कन्) पु० कः. १ लींबडो. २ पारिभद्रनुं झाड.
सुतिक्ता ( ) स्त्री० क्ता. डोषातडी.
सुतिन् (सुत इनि) पु० ती. दीकरावाळो पुरुष.
सुतिनी (,, ङीप्) स्त्री० नी. १ मा. २ दीकरावाळी.
'गुणिगणगणनारंभे पतति न कठिनी सुसंभ्रमाद्यस्य ।
तेनाम्बा यदि सुतिनी वद वन्ध्या कीदृशी भवति' ॥
हितोपदेशः ॥
सुतीक्ष्ण (सुष्ठु तीक्ष्णं) त्रि० क्ष्णः-क्ष्णा-क्ष्णं. १ अत्यंत तीक्ष्ण. २ बहुज तीखुं.
सुतुंग (सुष्ठु तुंगः) पु० गः. नाळियेरनुं झाड.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

सुतुंग („) त्रि० गः-गा-गं. अत्यंत ઉંચું. [એક જૈન સાધુ.
सुतेजस् (सुष्ठु तेजो यस्य) पु० जा. તે નામનો
सुतेजस् („) त्रि० जाः-जाः-जः. સારા તેજવાળું.
सुतोत्पति (सुतस्य सुतायां वा उत्पत्तिः) स्त्री० त्तिः. १ દીકરાનો જન્મ. २ દીકરીનો જન્મ.
सुत्या (षु क्यप्) स्त्री० त्या. १ સોમરસ કાઢવો તે. २ યજ્ઞાર્થ સ્નાન. ३ જન્મ આપવો તે, ઉત્પાદન.
सुत्रामन् (सुष्ठु त्रायते त्रै मनिन्) पु० मा. ઇંદ્ર. સૂત્રામન્.
सुत्वन् (सुनोति स्म सु क्वनिप्) पु० त्वा. યજ્ઞાર્થ સ્નાન જેણે કરેલું હોય છે તે. २ સોમનું નિષ્પીડન જેણે કર્યું હોય છે તે. [એક રાજા.
सुदक्षिण (सुष्ठु दक्षिणः) पु० णः. વિદર્ભ દેશનો
सुदक्षिणा (सुष्ठु दक्षिणा) स्त्री० णा. દિલીપ રાજાની પત્ની.
सुदंड (सुष्ठु दंडो यस्मात्) पु० डः. નેતર.
सुदत् (सुष्ठु दंतो यस्य) त्रि० दन्-दती-दत्. સારા દાંતવાળું. [દાંતવાળી સ્ત્રી.
सुदती (सुष्ठु दंतो यस्याः ङीप्) स्त्री० ती. સારા
सुदत्त (सुष्ठु दत्तं) त्रि० त्तः-त्ता-त्तं. १ સારી રીતે આપેલું. २ વાજબી રીતે દીધેલું.
सुदंत ( ) पु० तः. નટવો, નાચનારો.
सुदम (सुष्ठु दमः दमनं यस्य) त्रि० मः-मा-मं. १ સહેલી રીતે પળાય તેવું. २ મુશ્કેલાઇવિના તાબે થાય તેવું. [ભવાળું.
सुदर्भ (सुष्ठु दर्भो यत्र) त्रि० र्भः-र्भा-र्भं. સારા દા-
सुदर्शन (सुष्ठु दृश्यते दृश् युच्) पु० नः. १ વિષ્ણુનું ચક્ર. २ મેરુ. ३ જાંબુડાનું ઝાડ.

'ततः प्रीतः प्रभुः पादात् विष्णवे प्रवरं वरम् ।
प्रत्यक्षं तैजसं श्रीमान् दिव्यं चक्रं सुदर्शनम्' ॥
वामनपुराणम् ॥

सुदर्शन („) स्त्री० नं. ઇંદ્રપુર.
सुदर्शन (सुष्ठु दर्शनं यस्य) त्रि० नः-ना-नं. १ સુંદર. २ જોવામાં સારું.
सुदर्शनचूर्ण (सुदर्शनसंज्ञितं चूर्णं) क्ली० र्णं. વૈદ્યકશાસ્ત્રપ્રસિદ્ધ તે નામનું એક ચૂર્ણ.
सुदर्शना (सु दृश् युच् टाप्) स्त्री० ना. १ આજ્ઞા. २ એક જાતની ઔષધિ. ३ ખુબસુરત સ્ત્રી.
सुदर्शनी („ ङीप्) स्त्री० नी. અમરાવતી.
सुदला (सुष्ठु दलान्यस्याः) स्त्री० ला. વનસ્પતિ સાલવણ.
सुदामन् (सुष्ठु ददाति दा मनिन्) पु० मा. १ મેઘ. २ તે નામનો એક પર્વત. ३ સમુદ્ર. ४ શ્રીકૃષ્ણનો તે નામનો એક મિત્ર. ५ તે નામનો એક ગોવાળ. ६ ઐરાવત હાથી. ७ ડહોળા દાતા.
सुदाय (सुष्ठु दीयते दा घञ्) पु० यः. એક જાતનું સ્ત્રીધન. [એક પર્વત.
सुदारु (सुष्ठु दारु यत्र) पु० पु० रुः. તે નામનો
सुदि (सुष्ठु दीव्यति दिव् डि) अव्य० दि. માસનો શુક્લપક્ષ, સુદ.
सुदिन (सुष्ठु दिनं) क्ली० नं. સારો દિવસ.
सुदिन (सुष्ठु दिनमस्मात्) त्रि० नः-ना-नं. પ્રશસ્ત, સારું. [દિવસ, મંગલ-શુભ દિન.
सुदिनाह (सुदिनं प्रशस्तमहः टच्) पु० हः. સારો
सुदीर्घ (सुष्ठु दीर्घः) त्रि० र्घः-र्घा-र्घं. અત્યંત લાંબું.

'सुचिन्त्य चोक्तं सुविचार्य यत्कृतं
सुदीर्घकालेऽपि न याति विक्रियाम्'
हितोपदेशः.

सुदीर्घधर्मा ( ) स्त्री० र्मा. અસનપર્ણી.
सुदीर्घा (सुष्ठु दीर्घा) स्त्री० र्घा. એક જાતની કાકડી. [અત્યંત મુશ્કેલીથી જિતાય તેવું.
सुदुर्जय (सुतरां दुःखेन जयो यस्य) त्रि० यः-या-यं.
सुदुर्लभ (सुष्ठु दुर्लभम्) त्रि० भः-भा-भं. અત્યંત દુર્લભ. [અધરું.
सुदुष्कर (सुष्ठु दुष्करम्) त्रि० रः-रा-रं. અત્યંત
सुदूर (सुष्ठु दूरं) त्रि० रः-रा-रं. અત્યંત દૂર.
सुदृश् (सुष्ठु दृशो यस्य) त्रि० क्-ग्. સારી આંખવાળું.
सुदृढ (सुष्ठु दृढं) त्रि० ढः-ढा-ढं. અત્યંત દૃઢ.
सुद्युम्न ( ) पु० म्नः. વૈવસ્વત મનુનો પુત્ર.
सुधन्वन् (सुष्ठु धनुर्यस्य) पु० म्ना. १ સારો ધનુર્ધર. २ વિશ્વકર્મા. ३ તે નામનો એક રાજા. ४ આંગિરસ મુનિ. ५ અનંત નાગ.
सुधर्मन् (सु धृ मनिन्) स्त्री० र्मा. દેવની સભા.
सुधर्मन् („) पु० र्मा. કુટુંબી.
सुधर्मा (सुष्ठु धर्मो यस्याः) स्त्री० र्मा. દેવની સભા.
सुधर्मी (सुष्ठु धर्मो यस्याः) स्त्री० र्मी. ઉપલો શબ્દ જુઓ.
सुधा (सुष्ठु धीयते धे धा वा क) स्त्री० धा. १ અમૃત. २ જલ. ३ રસ. ४ ગંગા. ५ સાલવણ. ६ ઇંટ. ७ ચૂનો. ८ મૂર્વા લતા. ९ વીજળી. १० હરડે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

११ धात्री. १२ मध.
' सुधासौन्दर्यं ते सलिलमशिवं नः शमयतु '
गंङ्गालहरी.

सुधांशु (सुधेवाह्लादकाः अंशवो यस्य) पु० शुः. १ चंद्र. २ કપૂર. [लं. કપૂરની વાસવાળું તેલ.

सुधांशुतैल (सुधांशुना कर्पूरेण वासितं तैलं) क्ली०

सुधांशुरत्न (सुधांशुप्रियं रत्नं) क्ली० त्नं. મોતી.

सुधाकर (सुधायुक्ताः कराः यस्य) पु० रः. १ चंद्र. २ કપૂર. [शब्द જુઓ.

सुधांग (सुधेवाप्यायनमंगमस्य) पु० गः. ઉપલો

सुधाजीविन् (सुधा आ जीव् णिनि) पु० वी. કડિયો. [ચુનાથી ધોળેલું.

सुधाधवलित (सुधया धवलितं) त्रि० तः-ता-तं.

सुधाधार (सुधाया आधारः) पु० रः. १ चंद्र. २ કપૂર. [धिः. ઉપલો શબ્દ જુઓ.

सुधानिधि (सुधा निधीयतेऽत्र नि धा कि) पु०

सुधापाणि (सुधा पाणावस्य) पु० णिः. धन्वंतरि.

सुधाभवन (सुधालिप्तं भवनं) क्ली० नं. ચુનો દીધેલું ઘર. [देव.

सुधाभुज् (सुधां भुक्तवान् भुज् क्विप्) पु० क्-ग्.

सुधाभूति (सुधा भू क्तिच्) पु० तिः. १ चंद्र. २ કપૂર. ૩ યજ્ઞ. सुधासूति.

सुधामय (सुधा मयट्) त्रि० यः-यी-यं. १ અમૃતવાળું. २ ચુનાવાળું. [જાનું ઘરવગેરે.

सुधामय (,,) क्ली० यं. ચુનાવાળું રા-

सुधावर्ष (सुधाया वर्षः) पु० र्षः. અમૃતનો વરસાદ.

सुधावार्षिन् (सुधां वर्षति वृष् णिनि) पु० र्षी. १ चंद्र. २ કપૂર. ૩ ઋદ્ધા. ४ ખુદ્ધ.

सुधावास (सुधाया आवासो यत्र) पु० सः. १ चंद्र. २ કપૂર. [२साद.

सुधावृष्टि (सुधाया वृष्टिः) स्त्री० ष्टिः. અમૃતનો વ-

सुधासित (सुधेव सितः सुधया सितो बद्धो वा) त्रि० तः-ता-तं. १ અમૃત જેવું શ્વેત. २ અમૃતજેવું ઉજ્જ્વલ.. ३ અમૃતથી બાંધેલું.
' जगतीशरणे युक्तो हरिकांतः सुधासितः '
किरातार्जुनीयम्.

सुधासिंधु (सुधामयः सिंधुः) पु० धुः. અમૃતનો સમુદ્ર.
' सुधासिन्धोर्मध्ये सुरविटपिवाटीपरिवृते
मणिद्वीपे नीपोपवनवति चिन्तामणिगृहे '
सौन्दर्यलहरी.

सुधास्रवा (सुधां स्रवति) स्त्री० वा. પડજીભ.

सुधाहर (सुधां हरति हृ अच्) पु० रः. ગરુડ.

सुधाहारक (सुधां हरति हृ ण्वुल्) पु० कः. ઉપલો શબ્દ જુઓ. सुधाहृत्.

सुधिति (सु धा क्तिच्) पु० स्त्री० तिः. કુહાડી.

सुधी (सुष्ठु धीर्यस्य) पु० धीः. પંડિત.

सुधी (सुष्ठु धीः) स्त्री० धीः. સારી બુદ્ધિ.

सुधी (सुष्ठु ध्यायति ध्यै क्विप्) त्रि० धीः-धीः-धि. સારી બુદ્ધિવાળું. [भनुं सुगंधि द्रव्य.

सुधूम (सुष्ठु धूमः संतापो यस्य) पु० मः. એક ना-

सुधोद्भव (सुधया सह उद्भवति उद् भू अच्) पु० वः धन्वंतरि.

सुधोद्भवा (सुधा उद् भू अच् टाप्) स्त्री वा. હરડે.

सुध्युपास्य ( ) पु० स्यः. १ એક જાતનો મહેલ. २ શ્રીકૃષ્ણનો એક અનુચર.

सुनंद (सुष्टु नंदयति नंद् अच्) क्ली० दं. १ બલરામનું મુસળ. २ એક જાતનો રાજમહેલ.

सुनंद (सु नंद् अच्) त्रि० दः-दा-दं. આનંદ કરનાર, ખુશી કરનાર.

सुनंदा (सु नंद् अच् टाप्) स्त्री० दा. १ ઉમા. २ ઉમાની એક સખી. ३ નારી. ४ ગોરોચના.

सुनय (सुनी अच्) पु० यः. સારી નીતિ.

सुनयन (सुष्टु नयने यस्य) पु० नः. મૃગ.

सुनयन (,,) त्रि० नः-ना-नं. સુંદર આંખવાળું.

सुनयना (सुष्ठु नयने यस्याः) स्त्री० ना. નારી.

सुनाकृत (सुष्ठु न अकृतः) पु० तः. કપૂર.

सुनाभ (सुष्ठु नाभिरस्य अच्) पु० भः. મૈનાક પર્વત.

सुनार (सुष्ठु नालमस्य लस्य रः) पु० रः. १ સાપનું ઈંડું. २ ચકલો. ३ કુતરીનું આંચળ.

सुनालक (सुष्ठु नालेन कायति कै क) पु० कः. એક જાતનું ઝાડ. वकवृक्ष. [सुनाशीर.

सुनासीर (सुष्ठु नासीरः यस्य) पु० रः. ઇંદ્ર.

सुनिग्रह (सुष्ठु निग्रहः यस्य) त्रि० हः-हा-हं. સહેલાઈથી જેનો નિગ્રહ થાય છે તે.

सुनिद्रा (सुष्ठु निद्रा) स्त्री० द्रा. १ સારી નિદ્રા. २ ધણીજ ઉંઘ. [क्षांतभां.

सुनिभृत (सुष्ठु निभृतं) अव्य० तम्. अत्यंत એ-

सुनिभृतम् (सुष्ठु निभृतम्) अव्य० मू. १ अत्यंत गुप्त रीते. २ अत्यंत संक्षेपसथी, બહુ સંક્ષેપથી. ३ अत्यंत એકાંતમાં.

सुनिरूपित (सुष्ठु निरूपितं) त्रि० तः-ता-तं. १ સારી રીતે તપાસેલું. २ ઠીક જોયલું.

सुनिषण्ण (सुष्ठु निषण्णं स्वप्नो यस्मात्) क्ली०

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ण्णं. એક જાતનું શાક. सुनिषण्णक.

सुनीत (सु नी क्त) त्रि० तः-ता-तं. १ સારી ચાલવાળું. २ સારી નીતિવાળું. [३ડी नीति.

सुनीत (,,) क्ली० तं. સારી ચાલ,

सुनीति (सुष्ठु नीतिर्यस्याः) स्त्री० तिः. १ उत्तानपाद રાજાની પત્ની. २ ધ્રુવની માતા.

सुनीति (सुष्ठु नीतिर्यस्य) त्रि० तिः-तिः-ति. સારી નીતિવાળું.

सुनीति (सुष्ठु नीतिः) स्त्री० तिः. સારી નીતિ.

सुनीथ (सु नी थक्) त्रि० थाः-था-थं. ધર્મવાળું.

सुनीथ (,,) पु० थः. બ્રાહ્મણ, વિપ્ર.

सुनील (सुष्ठु नीलं) क्ली० लं. १ લીલમ. २ દાઢમ.

सुनील (,,) त्रि० लः-ला.-लं. અત્યંત કાળું.

सुनील (सुष्ठु नीलः) पु० लः. અત્યંત કાળો વર્ણ.

सुनीलक (सुनील इव कायति कै क) पु० कः. કાળો ભાંગરો.

सुनीलक (सुनीलं स्वार्थे कन्) क्ली० कं. લીલમ.

सुंदर (सु उंद् अरन्) पु० रः. १ કામદેવ. २ એક જાતનું ઝાડ.

सुंदर (,,) त्रि० रः-रा-रं. સુંદર, મનોહર.

सुंदरी (,, ङीप्) स्त्री० री. १ સુંદર સ્ત્રી. २ ત્રિપુરસુંદરી. ३ તે નામની એક યોગિની. ४ તે નામનો એક છંદ.

'एका भार्या सुंदरी वा दरी वा'

भर्तृहरिः.

'अयुजोर्यदि सौ जगौ युजोः
सभरा लौ यदि सुंदरी तदा'

छन्दोमञ्जरी.

सुन्वत् (सु शतृ) त्रि० न्वन्-न्वती-न्वत्. १ યજ્ઞ કરતું. २ સોમરસ કાઢતું.

सुपक्व (सुष्ठु पक्वाः) त्रि० क्वः-क्वा-क्वं. સારું પાકેલું.

सुपक्व (,,) पु० क्वः. એક જાતનો આંબો.

सुपच (सुखेन पच्यते भुक्तं पच् खल्) त्रि० चः-चा-चं. સહેલાઈથી હજમ થાય એવું.

सुपत्र (सुष्ठु पत्रमस्य) क्ली० त्रं. તેજપત્ર.

सुपत्र (सुष्ठु पत्रं यस्य) त्रि० त्राः-त्रा-त्रं. સુંદર પાંદડાંવાળું. [ગવાનું ઝાડ.

सुपत्रक (सुष्ठु पत्रं पक्षो यस्य कप्) पु० कः. शर-

सुपत्रा (सुष्ठु पत्रमस्याः) स्त्री० त्रा. ખીજવાનું ઝાડ. २ સતાવણ. ३ રુદ્રજટા. ४ સાલવણ.

सुपथ (सुष्ठु पंथाः यत्र अच्) त्रि० थः-था-थं. સારા માર્ગવાળું.

सुपथिन् (सुष्ठु पंथाः) पु० थाः. સારો માર્ગ.

सुपद्या (सुष्ठु पद्यते) स्त्री० द्या. १ વજ્ર. २ પદ્મિની.

सुपर्ण (सुष्ठु पर्णमस्य) पु० र्णः. १ ગરુડ. २ એક જાતનું ઝાડ. ३ નાગકેશર. ४ એક જાતનું પક્ષી.

सुपर्ण (सुष्ठु पर्ण यस्य) त्रि० र्णः-र्णा-र्णं. સારાં પાદડાંવાળું.

'द्वा सपर्णा सयुजा...समानवृक्षं परिषस्वजाते'

मुण्डकोपनिषद्.

सुपर्णक (सुष्ठु पर्णमस्य कप्) पु० कः. १ ગરમાળો. २ ગરુડ. [વિષ્ણુ.

सुपर्णकेतु (सुपर्णः गरुडः केतुर्यस्य) पु० तुः.

सुपर्णी (सुपर्ण अच् ङीप्) स्त्री० र्णी. ગરુડની મા.

सुपर्णी (सुष्ठु पर्णान्यस्याः) स्त्री० र्णी. પદ્મિની.

सुपर्णीतनय (सुपर्ण्यास्तनयः) पु० यः. ગરુડ.

सुपर्वन् (सुष्ठु पर्व यस्य) पु० र्वा. १ દેવ. २ વાંસડો. ३ ધૂમાડો. ४ બાણ. [ધ્રો.

सुपर्वा (सुष्ठु पर्वास्त्यस्य अच् टाप्) स्त्री० र्वा. ધોળી

सुपाक्य (सुपाकाय हितं यत्) क्ली० क्यं. બિડલવણ.

सुपात्र (सुष्ठु पात्रं) क्ली० त्रं. સારું પાત્ર.

सुपाद् (सुष्ठु पादावस्य) त्रि० त्-द्-त्-द्-पदी-त्-द्. સારા પગવાળું. [પુત્ર. २ પ્લક્ષ વૃક્ષ.

सुपार्श्व (सुष्ठु पार्श्वोऽस्य) पु० र्श्वः. १ સંપાતિનો

सुपार्श्व (सुष्ठु पार्श्वो यस्य) त्रि० र्श्वः-र्श्वी-र्श्वं. સારા પડખાવાળું. [તનું ઝાડ.

सुपार्श्वक (सुपार्श्वः संज्ञायां कन्) पु० कः. એક જ-

सुपीत (सुष्ठु पीतं पानमस्य) क्ली० तं. ગાજર.

सुपीत (सुष्ठु पीतं) त्रि० तः-ता-तं.. અત્યંત પીળું.

सुपीत (सुष्ठु पीतः) पु० तः. અત્યંત પીળો વર્ણ.

सुपुत्र (सुष्ठु पुत्रः) पु० त्रः. સારો દીકરો.

सुपुष्प (सुष्ठु पुष्पं) क्ली० ष्पं. १ સારું ફૂલ. २ લવંગકુસુમ. ३ સ્ત્રીનું રજસ્.

'सुपुष्पैराकीर्णं कुसुमधनुषो मन्दिरमहो'

श्यामास्तवः.

सुपुष्पी (सुष्ठु पुष्पमस्याः ङीष्) स्त्री० ष्पी. १ કેળ. २ સુવા.

सुपूर (सुष्ठु पूर्यते सु पूर् क) पु० रः. બીજોરું.

सुपूरक (सुष्ठु पूरयति पुर् ण्वुल्) पु० कः. એક જાતનું ઝાડ.

सुप्त (स्वप् क्त) त्रि० प्तः-प्ता-प्तं. ઉંઘેલું, સુતેલું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'क्षुधितस्तृषितः कामी विद्यार्थी कृषिकारकः ।
भाण्डारी च प्रवासी च सप्त सुप्तान् प्रबोधयेत्' ॥
नीतिसारः ॥

सुप्त (,,) क्ली० सं. निद्रा, शयन, सुषुप्ति. [હિંસક. ૨ સુતેલાને મારનાર.

सुप्तघातक (सुप्त हन् ण्वुल्) त्रि० कः-तिका-कं. १

सुप्तजन (सुप्तो जनो यत्र) पु० नः. અડધી રાત.

सुप्तजन (सुप्तो जनः) पु० नः. ઉંઘેલો માણસ.

सुप्तज्ञान (सुप्ते निद्रायां ज्ञानं) क्ली० नं. સ્વપ્ન, સાણું. [સુષુપ્તિ. ૨ વિશ્વાસ.

सुप्ति (स्वप् क्तिन्) स्त्री० प्तिः. १ निद्रा, शयन, सु-

सुप्रतिभा (सुष्ठु प्रतिभा यस्याः) स्त्री० भा. १ સુરા. ૨ ભદિરા. ૩ ઉજ્જ્વલ બુદ્ધિ. [પ્રતિષ્ઠાવાળું.

सुप्रतिष्ठ (सुष्ठु प्रतिष्ठा यस्य) त्रि० ष्ठः-ष्ठा-ष्ठं. સારી

सुप्रतिष्ठा (सुष्ठु प्रतिष्ठा) स्त्री० ष्ठा. સારી પ્રતિષ્ઠા.

सुप्रतिष्ठित (सु प्रति स्था क्त) पु० तः ઉંબરાનું ઝાડ.

सुप्रतिष्ठित (,,) त्रि० तः-ता-तं. યોગ્ય વિધિથી જેની પ્રતિષ્ઠા કરવામાં આવી છે તે (દેવમૂર્તિવગેરે).

'कीटोऽपि सुमनःसंगादारोहति सतां शिरः ।
अश्मापि याति देवत्वं महद्भिः सुप्रतिष्ठितः' ॥
हितोपदेशः ॥

सुप्रतीक (सुष्ठु प्रतीकं यस्य) त्रि० कः-का-कं. સુંદર અંગવાળું.

सुप्रतीक (,,) पु० कः १ કામદેવ. ૨ શિવ. ૩ ઈશાન કોણનો હાથી.

सुप्रतीक (सुष्ठु प्रतीकं) क्ली० कं. સારું અંગ.

सुप्रभ (सुष्ठु प्रभा यस्य) त्रि० भः-भा-भं. સારી-કાંતિવાળું. [એક જીભ. ૨ બાકુચી.

सुप्रभा (सुष्ठु प्रभा यस्याः) स्त्री० भा. १ અગ્નિની

सुप्रभा (सुष्ठु प्रभा) स्त्री० भा. સારી કાંતિ.

सुप्रभ (सुष्ठु प्रभा यस्य) पु० भः शुक्लपक्ष.

सुप्रभात (सुष्ठु प्रभातं) त्रि० तः-ता-तं. સારી રીતે ચળકેલું. [તઃકાળ.

सुप्रभात (,,) क्ली० तं. સારો પ્રા-

सुप्रयुक्त (सुष्ठु प्रयुक्तं) त्रि० क्तः-क्ता-क्तं. સારી રીતે પ્રયોજેલું, ઉત્તમ રીતે વાપરેલું.

सुप्रयुक्तविशिख (सष्ठु प्रयोगो निक्षेपो यस्य तादृशो विशिखो यस्य) पु० खः ઝડપથી બાણ મારવામાં કુશલ. [ફેંકવામાં હુશિયાર.

सुप्रयुक्तशर (सुप्रयुक्तः शरो येन) पु० शः બાણ

सुप्रलाप (सुष्ठु प्रलापः) पु० पः સારું ભાષણ.

सुप्रसन्न (सु प्र सद् क्त) पु० न्नः કુબેર.

सुप्रसन्न (सुतरां प्रसन्नः) त्रि० न्नः-न्ना-न्नं. अत्यंत ખુશ. [शिव.

सुप्रसाद (सुखेनानायासेन प्रसादो यस्य) पु० दः.

सुप्रसाद (सुष्ठु प्रसादः) पु० दः. अत्यंत प्रसन्नता. सुप्रसन्नता, सुप्रसन्नत्व. [વાળું.

सुफल (सुष्ठु फलं यस्य) त्रि० लः-ला-लं. સારા ફલ

सुफल (सुष्ठु फलं) क्ली० लं. સારું ફલ.

सुफल (सुष्ठु फलमस्य) पु० लः. १ દાડમ. ૨ બોર. ૩ કોઠ. ૪ ભગ. ૫ કણેર.

सुफला (सुष्ठु फलमस्याः) स्त्री० ला. १ કેળ. ૨ ઇંદ્રવારુણી. ૩ કોળું. ૪ એક જાતની દરાખ. ૫ કાશ્મીરી.

सुफेन (सुष्ठु फेनं) क्ली० नं. समुद्रफेन.

सुबंध (सुखेन बध्यतेऽसौ) पु० धः. તલનું ઝાડ.

सुबुद्धि (सुष्ठु बुद्धिर्यस्य) त्रि० द्धिः-द्धिः-द्धि. સારી અકલવાળું.

सुबुद्धि (सुष्ठु बुद्धिः) स्त्री० द्धिः. સારી અકલ.

सुबोध (सुष्ठु बोधः) पु० धः. સારું જ્ઞાન.

सुबोध (सुष्ठु बोधो यस्य) त्रि० धः-धा-धं. સારા બોધવાળું.

सुभग (सुष्ठु भगो यस्य) त्रि० गः-गा-गं. १ પ્રિય, વહાલું. ૨ આંખને ખુશ કરે તેવું. ૩ રૂડા ઐશ્વર્યવાળું. ૪ સૌભાગ્યવાળું, નશીબદાર.

'सौभाग्यं ते सुभग विरहावस्थया व्यंजयन्ती'
मेघदूतम्.

सुभग (,,) पु० गः. १ ચંપાનું ઝાડ. ૨ અશોકનું ઝાડ. ૩ ટંકણખાર.

सुभगता (सुभगस्य भावः तल्) स्त्री० ता. નશીબદારપણું, સૌભાગ્ય. [બૃહદ્ જુઓ.

सुभगत्व (,, त्व) क्ली० त्वं. ઉપલો શ-

सुभगंभावुक (असुभगः सुभगो भवति भू खुकञ् सुम् च) त्रि० क-का-कं. પ્રિય થતું.

सुभगंमन्य (आत्मानं सुभगं मन्यते इति) त्रि० न्यः-न्या-न्यं. પોતાને પ્રિય માનનાર.

'वाचालं मां न खलु सुभगंमन्यभावः करोति'
मेघदूतम्.

सुभगा (सुष्ठु भगः यस्याः) स्त्री० गा. १ એક જાતની ગોથ. ૨ નીલદૂર્વા. ૩ તુલસી. ૪ હલદર. ૫ સાલવણ. ૬ પ્રિયંગુ. ૭ કસ્તૂરી. સોનકેળ. ૯ પતિની વહાલી સ્ત્રી.

सुभगासुत (सुभगायाः पतिप्रियायाः सुतः) पु० तः. પતિને વહાલી સ્ત્રીનો પુત્ર. સૌભાગિનેય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

सुभंग (सुखेनानायासेन भज्यते) पु० गः. नाणिये-वुं ऑड. [भंगाय तेवुं.
सुभंग (,,) त्रि० गः-गा-गं. सहेलाइथी
सुभट (सुष्ठु भटः) पु० टः. सुंदर योधो.
सुभद्र (सुष्ठु भद्रं यस्मात्) पु० द्रः. विष्णु.
सुभद्र (सुष्ठु भद्रं यस्य) त्रि० द्रः-द्रा-द्रं. कल्याणु-वाळुं. [भीलीनुं ऑड.
सुभद्रक (सुभद्र कप्) पु० कः. १ देवनो २थ. २
सुभद्रा (सुष्ठु भद्रमस्याः) स्त्री० द्रा. १ अर्जुननी पत्नी, श्रीकृष्णनी बहेन. २ એક જાતનो वेलो.
सुभद्राणी (सुभद्र आ नी ङ ङीष्) स्त्री० णी. त्राय-माणा.
सुभद्रापति (सुभद्रायाः पतिः) पु० तिः. अर्जुन.
सुभद्रार्भर्तृ (सुभद्राया भर्त्ता) पु० र्ता. ઉપलो शब्द जुओ.
सुभद्रेश (सुभद्राया ईशः) पु० शः. अर्जुन.
सुभांजन (,,) पु० नः. शरगवानुं ऑड.
सुभाषित (सुष्ठु भाषितं) त्रि० तः-ता-तं. सारी रीते બોલેલું, સારીરીતે કહેલું. [सुभाषित.
सुभाषित (सु भाष् क्त) क्ली० तं. साइं भाषण, 'कथमिह मनुष्यजन्मा संप्रविशति सदसि विबुधगमि-तायाम् । येन न सुभाषितामृतमाह्लादि निपीतमातृप्तेः '॥
सुभिक्ष (सुखेन लभ्या भिक्षा यत्र) त्रि० क्षः-क्षा-क्षं. धणा अनाजवाळो देश, કાળવગેरे.
सुभिक्षा (सु भिक्ष् अ) स्त्री० क्षा. એક જાતનुं ऑड.
सुभीरक (सुभी ईर् ण्वुल्) पु० कः. ખાખरानुं ऑड.
सुभूति (सुष्ठु भवति भू क्तिच्) पु० तिः. ते नाम-नो એક પંडित. [तैर्थीर्थ.
सुभूम (सुष्ठु भूमिरस्य अच्) पु० मः. चक्रवर्ती हा-
सुभृत (सुष्ठु भृतं) त्रि० तः-ता-तं. १ सारी रीते પોષેલું. २ सारी रीते भरण કरेलुं. [ખુંજ.
सुभृश (सुष्ठु भृशं) त्रि० शः-शा-शं. अत्यंत, ध-
सुभैरव (सुष्ठु भैरवम्) त्रि० वः-वा-वं. अत्यंत બીहामणुं.
सुभ्रु (सुष्ठु भ्रुर्यस्याः) स्त्री० भ्रुः. नारी.
सुभ्रू (,, ऊङ्) स्त्री० भ्रूः. ઉપलो शब्द जुओ.
सुम (सुष्ठ मीयतेऽदः मा क) क्ली० मं. पूल, पुष्प.
सुम (सु मक्) पु० मः. १ चंद्र. २ કપूर. ३ आ-काश.
सुमंगल (सुष्ठु मंगलं यस्य) त्रि० लः-ली-लं. १ सारा नशीबवाळुं. २ सारा मंगलवाळुं.
'सुमङ्गलीरियं वधूः' श्रुतिः.
सुमंगला (सुष्ठु मंगलं यस्याः) स्त्री० ला. એક જા-तनुं ऑड. [અકलवाळुं.
सुमति (सुष्ठु मतिर्यस्य) त्रि० तिः-तिः-ति. सारी
सुमति (सुष्ठु मतिर्यस्याः) स्त्री० तिः. કલ્કिनी भा.
सुमति (सुष्ठु मतिः) स्त्री० तिः. सारी अકल.
सुमद (सुष्ठु मदो यस्य) त्रि० दः-दा-दं. सारा म-दवाळुं. [पु० नः. आंબानुं ऑड.
सुमदन (सुष्ठु मदयति कोकिलान् मद् णिच् ल्युट्).
सुमदात्मजा (सुमद आत्मज इव यस्याः) स्त्री० जा. अप्सरा.
सुमधुर (सुतरां मधुरं) त्रि० रः-रा-रं. अत्यंत मीठुं.
सुमधुर (,,) पु० रः. अत्यंत मधुर २स. [કેડवाळी स्त्री.
सुमध्यमा (सुष्ठु मध्यमा यस्याः) स्त्री० मा. सारी
सुमन (सुष्ठु मन्यते मन् अप्) पु० नः. १ धंतूरो. २ धउं.
सुमन (,,) त्रि० नः-ना-नं. मनोहर.
सुमनःफल (सुष्ठु मनो यस्मात् तादृक् फलमस्य). पु० लः. કોઠानुं ऑड.
सुमनःफल (,,) क्ली० लं. जायफल.
सुमनस् (सुष्ठु मनो यस्मात् यस्य वा) क्ली० नः. पूल, पुष्प.
'कीटोऽपि सुमनःसंगादारोहति सतां शिरः'
हितोपदेशः.
सुमनस् (,,) पु० नाः. १ देव. २ पं-डित. ३ લींબडानुं ऑड.
सुमनस् (सुष्ठु मनो यस्य) त्रि० नाः-ना-नः. १ सा-रा मनवाळुं. २ शांत मनवाळुं.
सुमनस् (सुष्ठु मनः) क्ली० नः. १ साइं मन. २ शांत मन. [२ शतपत्री.
सुमनस् (सुष्ठु मनो यस्याः) स्त्री० नाः. १ मालती.
सुमना (सुष्ठु मन्यते मन् अप् टाप्) स्त्री० ना. मा-लती. [२ज.
सुमनोरजस् (सुमनसां रजः) क्ली० जः पुष्पनी
सुमनोहर (सुतरां मनोहरः) त्रि० रः-रा-रं. अत्यं-त मनोहर. [२थि.
सुमंत्र ( ) पु० त्रः. दशरथ राजानो सा-
'ततः सुमन्त्रस्त्वरितं गत्वा त्वरितविक्रमः.'
रामायणम्.
सुमंत्रित (सुष्ठु मंत्रितम्) क्ली० तं. सारी सलाह.
सुमंतु (सु मन् तुन्) पु० तुः. १ व्यासनो ते नाम-नो એક शिष्य. २ दशरथनो એક सारथि. ३ क-લ્કिनो मोटो भाई.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

सुमहत् (सुतरां महान्) त्रि० हान्-हती-हत्. अत्यंत मोटुं. [मित्रवाळुं.
सुमित्र (सुष्ठु मित्रं यस्य) त्रि० त्रः-त्रा-त्रं. सारा
सुमित्र (सुष्ठु मित्रमस्य) पु० त्रः. १ ते नामनो એક અર્હત્. २ सुरथ राजानो એક पुत्र.
सुमित्रा (सुष्ठु मित्रमस्याः) स्त्री० त्रा. लक्ष्मणनी मा, दशरथनी એક पत्नी.
सुमित्राभू (सुमित्रायाः भवति) पु० भूः. लक्ष्मण.
सुमुख (सुष्ठु मुखमस्मात् अस्य वा) पु० खः. १ એક જાતનું शाक. २ ते नामनो એક नाग. ३ गरुडनो पुत्र. ४ गणेश.
'सुमुख एकदन्तश्च कपिलो गजकर्णकः.'
सुमुख (सुष्ठु मुखं यस्य) त्रि० खः-खा-खी-खं. १ सारा मुખवाळुं. २ प्रसन्न मुખवाळुं. ३ मनोहर.
सुमुख (सुष्ठु मुखमस्य) क्ली० खं. એક જાતનું नખक्षत.
सुमुखसू (सुमुखं सूते) पु० सूः. गरुड.
सुमू (सुष्ठु मयते) पु० मूः. सारी रीते બાંधनारो.
सुमूल (सुष्ठु मूलमस्य) पु० लः. धोળो शरगवो.
सुमूल (सुष्ठु मूलं यस्य) त्रि० लः-ला-लं. सारा मूળवाळुं.
सुमूलक (सुमूलं संज्ञायां कन्) क्ली० कं. गाજर.
सुमूला (सुष्ठु मूलमस्याः) स्त्री० ला. १ सालवण. २ पृश्निपर्णी. [तृण.
सुमेखल (सुष्ठु मेखला यस्मात्) क्ली० लं. भुंજ
सुमेधस् (सुष्ठु मेधा यस्य) त्रि० धः-धा-धं. सारी બुद्धिवाळुं. [तिष्भतीनो वेलो. २ मालકांકणी.
सुमेधस् (सुष्ठु मेधा अस्याः) स्त्री० धाः. १ જ્યो-
सुमेरु (सुष्ठु मेरुः) पु० रुः. १ मेरु पर्वत. २ माળानो मेर.
सुंभ् ( ) षुंभ् धातु જુओ.
सुंभ (शुंभ् अच्) पु० भः. ते नामनो એક देश.
सुयामुन (सुयमुना अण्) पु० नः. १ विष्णु. २ पत्सराज. ३ એક જાતનो मेध. ४ ते नामनो એક पर्वत. ५ એક महेल.
सुयुद्ध (सुष्ठु युद्धं) क्ली० द्धं. सारी લડाઇ.
सुयोधन (सुखेन युध्यतेऽसौ युध् अच्) पु० नः. दुર्योधननो ते नामनो એક पुत्र.
सुर् ( ) षुर् धातु જુओ.
सुर (सुष्ठु राति रा क) पु० रः. १ देव. २ सूर्य. ३ पंडित. ४ आકડानुं ઝाड.
सुरकृत (सुरेण कृतं) त्रि० तः-ता-तं. १ देवे કरेलुं. २ सूर्ये કरेलुं. ३ पंडिते કरेलुं.
सुरक्त (सुष्ठु रक्तं) त्रि० क्तः-क्ता-क्तं. १ सारी रीते रंगेलुं. २ अत्यंत रातुं. ३ सारी रीते राग पामेलुं. [એક જાતनो आंબो.
सुरक्तक (सुरक्त कन्) पु० कः. १ सोनागेरु. २
सुरकृता ( ) स्त्री० ता. गળो.
सुरक्षण (सुष्ठु रक्षणं) क्ली० णं. सारुं रक्षण.
सुरक्षित (सुष्ठु रक्षितं) त्रि० तः-ता-तं. सारी रीते रक्षेलुं.
'अरक्षितं तिष्ठति दैवरक्षितं सुरक्षितं तद्विहतं विनश्यति'
भर्तृहरिः.
सुरगण (सुराणां गणः) पु० णः. देवनुं टोળुं.
सुरगुरु (सुराणां गुरुः) पु० रुः. बृहस्पति.
सुरग्रामणी (सुराणां ग्रामणीः) पु० णीः. इंद्र.
सुरंग (सुष्ठु रंगो यस्मात्) क्ली० गं. १ सिंगलोक. २ पतंग. [ળंग.
सुरंग (,,) पु० गः. १ नारंगी. २ स-
सुरंगधातु (सुरंगो धातुः) पु० तुः. गेरु.
सुरंगा (सृ अंगच्) स्त्री० गा. १ એક જાતनुं सुगंधि तृण. २ घरमां चोरी કरवा भीतमां पाડेलुं બાકुं.
सुरंगिका (सुष्ठु रंगो रंजनं यस्याः) स्त्री० का. भूर्वा. [२ કાકवास.
सुरंगी (,,) स्त्री० गी. १ रातो शरगवो
सुरजनी सुष्ठु रजनी) स्त्री० नी सारी रात.
सुरज्येष्ठ (सुरेषु ज्येष्ठः) पु० ष्ठः ब्रह्मा.
सुरंजन (सु रंज् णिच् ल्यु) पु० नः सोपारीनुं ઝाड. [३५ व्यापार.
सुरत (सु रम् क्त) क्ली० तं. स्त्री पुरुषनो संगम
'कलाशेषश्चन्द्रः सुरतमृदिता बललनाः
स्तनिम्ना शोभन्ते गलितविभवाश्चार्थिषु जनाः'
भर्तृहरिः.
सुरत (,,) त्रि० तः-ता-तं. १ दयाळु. २ अत्यंत रमेलुं.
सुरततालो (सुरतं तालयति तल् णिच् अण्) स्त्री० ली. १ दूती. २ माथानो हार.
सुरता (सुरस्य भावः तल्) स्त्री० ता. देवपणुं.
सुरता (सुराणां समूहः तल्) स्त्री० ता. देवनुं टोળुं.
सुरतोषक (सुरं तोषयति) पु० कः कौस्तुभ मणि.
सुरथ (सुष्ठु रथोऽस्य) पु० थः. ते नामनो એક राजा. [त्वात् दारु) क्ली० रु. देवदार.
सुरदारु (सुरप्रियं सुरलोकपर्यन्तमुच्छ्रितं वा उच्च-
सुरदीर्घिका (सुराणां दीर्घिकेव) स्त्री० का. गंगा-नदी. सुरवापी.
सुरदुंदुभी (सुराणां दुंदुभीव) स्त्री० भी. तुलसी.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

सुरद्रुम (सुरप्रियो द्रुमः) पु० मः १ देवदार. २ देवनल. [सुर.
सुरद्विष् (सुरान् द्वेष्टि द्विष् क्विप्) पु० ट्-ड्. असुरधनुस् (सुराणां धनुः) क्ली० नुः ४ द्रनुं धनुष्.
सुरधूप (सुरप्रियो धूपः) पु० पः २ाळ.
सुरनदी (सुराणां नदी) स्त्री० दी. गंगा सुरणदी, सुरापगा, सुरनिम्नगा. [नदी.
सुरनंदा ( ) स्त्री० दा. ते नामनी એક
सुरपति (सुराणां पतिः) पु० तिः ४ द्र. सुरेश, सुरराज.

'सुरपतिमपि श्वा पार्श्वस्थं विलोक्य न शंकते
न हि गणयति क्षुद्रो जन्तुः परिग्रहफल्गुताम्'
भर्तृहरिः.

सुरपथ (सुराणां पंथा इव) पु० थः. आकाश.
सुरपर्ण (सुरप्रियं पर्णमस्य) क्ली० र्णं. એક જાતની ખુશબોદાર ઓષધિ. [જુઓ.
सुरपर्णिका (सुरपर्ण ठक्) स्त्री० का. पुन्नाग शब्द
सुरपादप (सुराणां पादपः) पु० पः. કલ્પવૃક્ષ.
सुरपुरी (सुराणां पुरी) स्त्री० री. अमरावती.
सुरप्रिय (सुराणां प्रियः) पु० यः १ ४ द्र. २ बृहस्पति. ३ अगथियानुं ઝાડ. [જાઓ.
सुरप्रिया (सुराणां प्रिया) स्त्री० या. १ सोनकेळ. २
सुराभि (सु रभ् इन्) क्ली० भिः. १ सोनुं. २ गंधક.
सुराभि (,,) पु० भिः. १ चंपानुं ઝાડ. २ કદંબનું ઝાડ. ३ वसंत ऋतु. ४ એક જાતનો गुगળ. ५ રાળ. ६ જાયફળ. ७ પંડિત. ८ गंधतृण. ९ બકુલવૃક્ષ. १० चैत्रमास. ११ खुशબો. १२ खुशબोदार पदार्थ. १३ खीजडानुं ઝાડ.

'स सुरभिं सुरभिं सुमनोभरैः.'
शिशुपालवधम्.

सुरभि (,,) त्रि० भिः-भिः-भि. १ खुशबोदार. २ सुंदर. ३ साधु. ४ गम्य. ५ मनोहर. ६ धीर. ७ विख्यात.
सुरभि (,,) स्त्री० भिः. १ गाय. २ ते नामनी એક मातृका. ३ वनस्पति रुद्रजटा. ४ तुलसी. ५ वनमल्लिका. ६ शल्लकी. ७ पृथ्वी. ८ कामधेनु. ९ सुरा. १० सुरा. सुरभी.

'गवामधिष्ठातृदेवी गवामाद्या गवां पुसूः ।
गवां प्रधाना सुरभिः गोलोके सा समुद्भवा' ॥
ब्रह्मवैवर्तपुराणम् ॥

सुरभिका (सुरभि स्वार्थे कन्) स्त्री० का. એક જાતની કેળ. [ટી એલાયચી.
सुरभित्वच् (सुरभिः त्वग्यस्याः) स्त्री० क्-ग्. भोसुरभिदारु (सुरभि दारु यस्य) पु० रुः. सरल देवदार. [डानुं ઝાડ.
सुरभिपत्रा (सुरभि पत्रमस्याः) स्त्री० त्रा. જાંબુ
सुरभिवल्कल (सुरभि वल्कलमस्य) क्ली० लं. तज, दालचिनी. [शब्द જુઓ. सुरभिस्रवा.
सुरभिरसा (सुरभि रसो यस्याः) स्त्री० सा. सल्लकी
सुरभूय (सुर भू क्यप्) क्ली० यं. देवपणुं, देवनुं પદ, सुरપદ. [ઝાડ.
सुरभूरुह (सुरप्रियो भूरुहः) पु० हः. देवदारनुं
सुरर्षि (सुरप्रियः ऋषिः) पु० षिः. देवर्षि.
सुरला (सुरान् लाति ला क) स्त्री० ला. १ गंगा. २ ते नामनी એક નદી.
सुरलोक (सुराणां लोकः) पु० कः. स्वर्ग.
सुरवर्त्मन् (सुराणां वर्त्मेव) क्ली० र्त्म. आकाश.
सुरवल्लभा (सुराणां वल्लभा) स्त्री० भा. धोળी द्रो.
सुरवल्ली (सुरप्रिया वल्ली) स्त्री० ल्ली. तुलसी.
सुरवैरिन् (सुराणां वैरी) पु० री. असुर. सुरविद्विष्, सुरविरोधिन्, सुरशत्रु, सुरारि, सुरारति.
सुरशाखिन् (सुरप्रियः शाखी) पु० खी. કલ્પવૃક્ષ.
सुरस (सुखेन रस्यते रस् क) क्ली० सं. १ गंधरस. २ तज. ३ गंधतृण.
सुरस (,,) पु० सः. १ वनस्पति नગોડ. २ भोचरस. ३ तुलसी. [स्वाद.
सुरस (सुष्ठु रसः) पु० सः. १ सारो रस. २ सारो
सुरस (सुष्ठु रसो यस्य) त्रि० सः-सा-सं. १ सारा रसवाळुं. २ सारा स्वादवाळुं.
सुरसंघ (सुराणां संघः) पु० घः. देवनुं टोળुं.
सुरसद्मन् (सुराणां सद्म) क्ली० द्म. स्वर्ग.
सुरसमिति (सुराणां समितिः) स्त्री० तिः. देवनुं टोળुं. [सिंधु.
सुरसरित् (सुराणां सरित्) स्त्री० त्-द्. गंगा. सुर-

'सुरसरिदिव तेजो वह्निनिष्ठ्यूतमैशम्'
रघुवंशम्.

सुरसा (सुष्ठु रसो यस्याः) स्त्री० सा. १ वनस्पति ब्राह्मी २ तुलसी. ३ रास्ना. ४ नागमाता.
सुरसुंदरी (सुरप्रिया सुंदरी) स्त्री० री. १ मेनકા વગેરે અપ્સરા. २ ते नामनी એક योगिनी.
सुरा (सुर् क टाप्) स्त्री० रा. १ मध. २ चषक.

'गौडी पैष्टी च माध्वी च विज्ञेया त्रिविधा सुरा ।
यथैवैका तथा सर्वा न पातव्या द्विजोत्तमैः' ॥
मनुः. ॥

सुराकर (सुराया आकरः) पु० रः. मधनुं उत्पत्तिस्थान.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

सुरांगना (सुराणामंगना) स्त्री० ना. भेनकावगेरे अप्सरा.

' अभिनयमनसः सुराङ्गनायाः ' किरातार्जुनीयम्.

सुराचार्य (सुराणामाचार्यः) पु० रः. बृहस्पति.

सुराजक (सुष्ठु राजते राज् ण्वुल्) पु० कः. भांगरो. [राज्ञ.

सुराजन् (सुष्ठु पूजितो राजा) पु० जः. सारो

सुराजीविन् (सुरा आ जीव् णिनि) पु० वी. कलाल. सुराजीव.

सुरात्रि (शोभना रात्रिः) स्त्री० त्रिः. सारी रात.

सुराप (सुरां पिबति पा क) त्रि० पः-पा-पं. मद्य पिनार.

' ब्रह्महा च सुरापे च चौरे भग्नव्रते तथा ।
निष्कृतिर्विहिता सद्भिः कृतघ्ने नास्ति निष्कृतिः ' ॥
स्मृतिः ॥

सुरापगा (सुराणामापगा) स्त्री० गा. सुरतरंगिणी.

सुरापाण (सुरायाः पानं) क्ली० णं. मद्य पिवुं ते. सुरापान. [स्तानना पूर्व देशना लोक.

सुरापाण (सुरायाः पानं येषां) पु० व० णाः. हिंदु-

सुरापाण (सुरा पीयतेऽनेन पा ल्युट्) क्ली० णं. तरस वधे तेवा पदार्थ पिवा ते. सुरापान.

सुरापिन् (सुरा पा णिनि) त्रि० पी पिनी-पि. मद्य पिनार. [मद्य पीधुं होय छे ते.

सुरापीत (पीता सुरा येन) त्रि० तः-ता-तं. जेणे

सुराभाग (सुराया भागः) पु० गः. मद्यनी तर.

सुराभाजन (सुराया भाजनम्) क्ली० नं. मद्यनो प्याले.

सुरामंड (सुराया मंडः) पु० डः. मद्यनी तर.

सुरारि (सुराणामरिः) पु० रिः. असुर.

सुरारिहंतृ (सुरारीन् हंति हन् तृच्) पु० ता. विष्णु.

सुरार्चन (सुरस्य अर्चनं) क्ली० नं. देवनी पूजा.

सुरार्ह (सुरानर्हति अर्ह् अण्) क्ली० र्हं. हरिचंदन.

सुरालय (सुराणामालयः) पु० यः १ स्वर्ग. २ मेरु पर्वत.

सुराष्ट्र (सुष्ठु राष्ट्रः) पु० ष्ट्रः. सौराष्ट्र देश.

सुराष्ट्रज (सुराष्ट्रे जायते जन् ड) पु० जः. १ એક जातनुं विष. २ काळां मरी.

सुराष्ट्रज (,,) क्ली० जं. એક जातनी भाटी. सुराष्ट्रजा. [ष्ट्रदेशमां पेदा थनार.

सुराष्ट्रज (,,) त्रि० जः-जा-जं. सौरा-

सुराह्व (सुर आ ह्वे क) पु० ह्वः. देवदारनुं झाड.

सुरंग (सु रंज् अंगच्) पु० यः. शरगवानुं झाड.

सुरंगा (,, टाप्) स्त्री० गा. सलंग.

सुरंगाहि (सुरंगायामाहरिव) पु० हिः. २ धरनी भीत फाडी चोरी करनारो.

सुरुज (सुष्ठु रुजः यस्य) त्रि० जः-जा-जं. भांडु, दर्दी. [वाळुं.

सुरूप (सुष्ठु रूपं यस्थ) त्रि० पः-पा-पं. सारा रूप-

' सुरूपं शरीरं नवीनं कलत्रम् '
उद्भटः.

सुरूप (सुष्ठु रूपमस्य) क्ली० पं. तूल शब्द जुओ.

सुरूप (सुष्ठु रूपं) क्ली० पं. सारुं रूप.

सुरूपा (सुष्ठु रूपमस्याः) स्त्री० पा. १ भारंग. २ सालवण. [घोडो.

सुरूहक (सु रुह् क्वुन्) पु० कः. गधेडाना रंगनो

सुरेज्य (सुराणामिज्यः यज् क्यप्) पु० ज्यः. बृहस्पति.

सुरेज्या (सुराणामिज्या) स्त्री० स्या. तुलसी.

सुरेन्द्र (सुरेषु इंद्रः) पु० द्रः. ४ द्र.

सुरेन्द्रजित् (सुरेंद्रं जितवान्) पु० त्-द्. गरुड.

सुरेभ (सुराणामिभः) पु० भः. ऐरावत हाथी.

सुरेवट (सुष्ठु रेवटः) पु० टः. એક जातना सोपारीनुं झाड.

सुरेश्वर (सुराणामीश्वरः) पु० रः. १ शिव. २ ४ द्र.

सुरेश्वरी (सुराणामीश्वरी) स्त्री० री. १ दुर्गा. २ गंगा.

सुरेष्ट (सुराणामिष्टः) पु० ष्टः. सालवृक्ष.

सुरेष्टा (सुराणामिष्टा) स्त्री० ष्टा. ब्राह्मी

सुरै (सुष्ठु प्रचुरं राः धनं यस्य) पु० राः. धणी देालतवाळो माणस. [नुं झाड.

सुरोत्तम (सुरेषूत्तमः) पु० मः. १ सूर्य. २ आकडा-

सूरोत्तम (,,) त्रि० मः-मा-मं. देवमां उत्तम.

सूरोत्तर (सुरेषु तत्पूजनेषूत्तरः) पु० रः. चंदन.

सुरोद (सुरेव उदकमस्य) पु० दः. मद्यनो समुद्र.

सुलक्षण (सुष्ठु लक्षणं यस्य) त्रि० णः-णा-णं. सारां लक्षणवाळुं.

सुलभ (सुखेन लभ्यते लभ् खल्) त्रि० भः-भा-मं. १ महेनतविना मेळवी शकाय तेवुं, दुर्लभ नहि एवुं. २ येाग्य.

' न सुलभा सकलेन्दुमुखी च सा
किमपि चेदमनङ्गविचेष्टितम् ' विक्रमोर्वशीयम्.

सुलभा (,, टाप्) स्त्री० भा. रानी अडद.

सुलोचन (सुष्ठु लोचनमस्य) पु० नः. हरण.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

सुलोचन (सुष्ठु लोचनं यस्य) त्रि० नः-ना-नं. सारी आंखवाळुं. [पुत्र मेघनादनी पत्नी.
सुलोचना (सुष्ठु लोचनयस्याः) स्त्री० ना. रावणना
सुलोचन (सुष्ठु लोचनम्) क्ली० नं. साउं लोचन.
सुलोमश (सुलोमन् श) त्रि० शः-शा-शं. सारां रूंवाडांवाळुं.
सुलोहक (सुलोह कन्) क्ली० कं. पीतळ.
सुलोहित (सुष्ठु लोहितः) पु० तः. सारो रातो वर्ण. [अत्यंत रातुं.
सुलोहित (सुतरां लोहितः) त्रि० तः-ता-हिनी-तं.
सुलोहित (सुष्ठु लोहिता) स्त्री० ता. अग्निनी એક જ્વાળ.

' काली कराली च मनोजवा च
सुलोहिता चैव सुधूम्रवर्णा ' मण्डुकोपनिषद्.

सुवचन (सु वच् ल्युट्) क्ली० नं. १ सारी रीते બોलवुं ते. २ ३६ुं भाषण. [એક દેવી.
सुवचनी (सु वच् ल्युट् ङीप्) स्त्री० नी. ते नामनी
सुवचस् (सुष्ठु वचो यस्य) त्रि० चाः-चा-चं. सारी वाणीवाळुं.
सुवचस् (सुष्ठु वचः) क्ली० चः. सारी वाणी.
सुवन (सु क्यु) पु० नः. १ सूर्य. २ अग्नि. ३ यं- ६. ४ ६पूर. ५ चित्रानुं ઝાડ. ६ आકડાનुं ઝાડ.
सुवन (सुष्ठु वनं) क्ली० नं. साउं वन.
सुवर्चक (सुष्ठु वर्चयति वर्च् णिच् ण्वुल्) पु० कः. साજીખार. [देश.
सुवर्चल (,,) पु० लः. ते नामनो એક
सुवर्चला (सु वर्च् णिच् कलच्) स्त्री० ला. सूर्यनी पत्नी. २ अतसी. ३ ब्राह्मी. [सुवर्चो.
सुवर्चिक (सु वर्च् ठन्) पु० कः. साજીખार.
सुवर्चिन् (सु वर्च् णिच् णिनि) पु० चीं. ઉपलो शब्द જુओ.
सुवर्ण (सुष्ठु वर्णोऽस्य) क्ली० र्णं. १ सोनुं. २ सो-नागेरु. ३ हरिचंदन. ४ धन. ५ नाशકेसर. ६ એક જાતનुं વજન. ७ ६पं.

' कर्षे सुवर्णस्य सुवर्णसंज्ञम् ' राजनिघण्टुः.

सुवर्ण (,,) पु० र्णः. १ એક જાતनो यज्ञ. २ धंतुरो. ३ એક જાતनो गुगળ.
सुवर्ण (सुष्ठु वर्णः) पु० र्णः. सारो वर्ण.
सुवर्ण (सुष्ठु वर्णो यस्य) त्रि० र्णः-र्णा-र्णं. १ सारा रंगवाळुं. २ सारा ३पवाळुं. ३ सारा वर्णवाळुं. ४ सारा अक्षरवाळुं. [तळ.
सुवर्णक (सुवर्णमिव कायति कै क) क्ली० कं. पी-
सुवर्णक (सुष्ठु वर्णः कप्) त्रि० कः-का-कं. १ सारा रंगवाळुं २ सारा ३पवाळुं. ३ सारा वर्णवाळुं. ४ सारा अक्षरवाळुं. [तनी डेળ.
सुवर्णकदली (सुवर्णा कदली) स्त्री० ली. એક જા-
सुवर्णकार (सुवर्णं सुवर्णमयभूषणानि करोति कृ अण्) पु० रः. सोनी, सोनार. सुवर्णकृत्, सुव-र्णकर्तृ. [सोनागेरु.
सुवर्णगैरिक (सुवर्णमिव पीतं गैरिकं) क्ली० कं.

' गैरिकं मधुरं पीतं कषायं व्रणरोपणम् ।
विस्फोटाशोऽग्निदाहघ्नं वरं स्वर्णादिकं शुभम् ' ॥
राजनिघण्टुः ॥

सुवर्णबिंदु (सुवर्णस्य बिंदुरत्र) पु० दुः. विष्णु.
सुवर्णयूथी (सुवर्णमिव पीता यूथी) स्त्री० थी. पीणी જुઈ. [હલદર.
सुवर्णवर्णा (सुवर्ण स्येव वर्णो यस्याः) स्त्री० र्णा.
सुवर्णा (सुष्ठु वर्णो यस्याः) स्त्री० र्णा. १ કાલાગરु. २ હલદર. ३ सोनामुखी. [२ढानी.
सुवर्णी (,,) स्त्री० र्णी. वनस्पति ઉંદ-
सुवयस् (सुष्ठु वयोऽस्याः) स्त्री० याः. प्रौढ स्त्री.
सुवल्लि (सुष्ठु वल्लिः) स्त्री० ल्लिः. એક જાતनो वेलो. सुवल्ली. [सनी पुनभनो दिवस.
सुवसंत (सुष्ठु वसंतः अस्मिन्) पु० तः. चैत्र मा-
सुवसंतक (सुवसंतेन कायति कै क) पु० कः. १ माधवीलता. २ કામદેवनो उत्सव.
सुवह (सु वह् अच्) त्रि० हः-हा-हं. सारी रीते व-हन કरनार. [थी वहन કरवालायક.
सुवह (सुखेन उह्यते खल्) त्रि० हः-हा-हं. सहेલाઈ-
सुवहा (,,) स्त्री० हा. १ रात्रि. २ वीणा. ३ नसोतर. ४ वनस्पति रुદ્રજટા. ५ કાળी नगोड.
सुवास (सुष्ठु वासः) पु० सः. १ सारी ओ. २ [सारो निवास.
सुवास (सुष्ठु वासो यस्य) त्रि० सः-सा-सं. १ सा-री ओवाळुं, खुशबोदार. २ सारा निवासवाळुं.
सुवासिन् (सु वस् णिनि) त्रि० सी-सिनी-सि. सारा वासभां रहेनार.
सुवासिनी (सुखेन वसति पित्राद्यवियोगेन) स्त्री० नी. १ બापना घरभां रहेनारी स्त्री. २ જेनो पति જીवे छे એवी कुलीन स्त्री.
सुविद् (सुष्ठु वेत्ति विद् क्विप्) पु० त्-द्. पंडित.
सुविद् (सुष्ठु विद्यते ,,) स्त्री० त्-द्. गु-णाढ्य स्त्री.
सुविद् (सु विद् क) पु० दः. १ राजा. २ राजव-गेरेना જनानખानामां रहेनार नाजर.
सुविदत् (सुविद् अत् क्विप्) पु० त्-द्. राजा.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

सुविदित (सुष्ठु विदितः) द्वि० तः-ता-तं. सारी रीते जाणेलुं.
सुविदत्र (सु विद् कत्रच्) त्रि० त्रः-त्रा-त्रं. सारुं.
सुविदल्ल (सुविदन्तं लाति ला क) पु० ल्लः. जनानखानामां रहेनारो पुरुष.
सुविदल्ला (,, टाप्) स्त्री० ल्ला. जनानखानामां रहेनारी नारी. [विनयवाळुं.
सुविनीत (सु वि नी क्त) त्रि० तः-ता-तं. अत्यंत
सुविनीता (,, टाप्) स्त्री० ता. सुंवाणी गाय.
सुविहित (सुष्ठु विहितं) त्रि० तः-ता-तं. १ सारी रीते मूकेलुं. २ योग्य रीते पूरं पाडेलुं अथवा गोठवेलुं. ३ सारी रीते करेलुं.

' सुविहितप्रयोगतयाऽऽर्यस्य न किमपि परिहास्यते '
शाकुन्तलम्.

सुवीज (सुष्ठु वीजं यस्य) पु० जः. એક जातनुं आड. [थीवाळुं.
सुवीज (सुष्ठु वीजं यस्य) त्रि० जः-जा-जं. सारा
सुवीज (सुष्ठु वीजं) क्ली० जं. सारुं थी.
सुवीरक (सु वीर् ण्वुल्) क्ली० कं. એક जातनो सुरभो.
सुवीराम्ल (सुवीरः आम्लोऽस्य) म्ले. क्षांजिक.
सुवीर्य (सुष्ठु वीर्यं यस्मात्) क्ली० र्यं. १ ओर. २ कपास. [मोटुं थल.
सुवीर्य (सुष्ठ् वीर्यं) क्ली० र्यं. १ उत्तम वीर्य. २
सुवृत्त (सुष्ठु वृत्तः) पु० त्तः. सूरण.
सुवृत्त (,,) त्रि० त्तः-त्ता-त्तं. १ सारुं वर्तुल. २ सारी चालवाळुं.

' मयि तस्य सुवृत्त वर्तते लघुसन्देशपदा सरस्वती '
रघुवंशम्.

सुवृत्ता (सु वृत् क्त टाप्) स्त्री० त्ता. १ द्राक्ष. २ शतपत्री. [वाळुं.
सुवेग (सुष्ठु वेगो यस्य) त्रि० गः-गा-गं. सारा वेग-
सुवेगा (सुष्ठु वेगोऽस्याः) स्त्री० गा. એક जातनो वेलो. [चल.
सुवेल (सुगता वेला समुद्रकुलं येन) पु० लः. त्रिकूटा-
सुवेल (सुष्ठु वेला मर्यादा यस्य) त्रि० लः-ला-लं. १ शांत. २ नमेलुं, प्रणत.
सुवेश (सुखेन विश्यते विश् घञ्) पु० शः. धोणी शेलडी. [वेशवाळुं.
सुवेश (सुष्ठु वेशो यस्य) त्रि० शः-शा-शं. सारा
सुव्यक्त (सुतरां व्यक्तं) त्रि० क्तः-क्ता-क्तं. अत्यंत खुल्लुं.
सुव्रत (सुष्ठु व्रतं नियमो यस्य) त्रि० तः-ता-तं. १ सारा व्रतवाळुं. २ सारा नियमवाळुं.
सुव्रत (,,) पु० तः. ते नामनो એક जिन.
सुव्रता (सुष्ठु व्रतमस्याः) स्त्री० ता. सुंवाणी गाय.
सुशर्मन् (सुष्ठु शर्म सुखं यस्य) त्रि० मा-र्म्मा-र्म. घणा सुखवाळुं. [राज्य.
सुशर्मन् (,,) पु० र्मा. ते नामनो એક

' सुशर्मा नाम दुर्मेधाः सीमा पापात्मनामभूत् ।
अनाम्नायविदां वंशे विप्राणां क्रूरकर्मणाम् ' ॥
पद्मपुराणम् ॥

सुशल्य (सुष्ठु दृढं शल्यं यस्मात्) पु० ल्यः. खेरनुं आड. [वेलो. २ काणुं छोड.
सुशवी (सु शव् अच् ङीष्) स्त्री० वी. १ कारेलानो
सुशाक (सुष्ठु शाको यस्मात्) क्ली० कं. आदुं.
सुशाक (,,) पु० कः. भींडानुं आड.
सुशाका (सुष्ठु शाको यस्याः) स्त्री० का. १ तांदळजनी भाजी. २ खाटानी भाजी.
सुशिख (,,) त्रि० खः-खा-खं. सुंदर शिखावाळुं.
सुशीत (सुष्ठु शीतं) क्ली० तं. पीळुं चंदन.
सुशीत (,,) त्रि० तः-ता-तं. अत्यंत शीतळ. [शब्द जुओ.
सुशीतल (सुष्ठु शीतलं) त्रि० लः-ला-लं. उपलो.
सुशीतल (,,) क्ली० लं. એક जातनुं खुशबोदार घास. [टाढनुं.
सुशीम (सु श्यै मक्) पु० मः. टाढापणुं, ठंडापणुं,
सुशीम (,,) त्रि० मः-मा-मं. शीतळ, ठंडुं, टाढुं. [द्र शीलवाळुं. २ सुंवाळुं.
सुशील (सुंदरं शीलं यस्य) त्रि० लः-ला-लं. १ सु-
सुशीला (सुंदरं शीलमस्याः) स्त्री० ला. यमनी पत्नी. [२ सुंवाळापणुं. सुसीलत्व.
सुशीलता (सुशीलस्य भावः) स्त्री० ता. सुशीलपणुं.
सुश्रुत (सु श्रु क्त) त्रि० तः-ता-तं. सारी रीते सांभळेलुं.
सुश्रुत (,,) पु० तः. १ चिकित्साशास्त्रनो कर्ता विश्वामित्रनो ते नामनो એક पुत्र. २ आयुर्वेदनो ते नामनो એક ग्रंथ.
सुषम (सुंदरः समः) त्रि० मः-मा-मं. १ सुंदर, घणुंसुरत. २ सभ.
सुषमा (,,) स्त्री० मा. पराभ शोभा.

' तरुकुलसुषमापहारां जनयन्तीं जगति जीवजातार्तिम् ।
केन गुणेन भवानीतात हिमानीमिमां वहसि ' ॥
भामिनीविलासम् ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

सुषवी (सु सु अच् ङीष्) स्त्री० वी. १ सुशवी शब्द જુઓ. २ ७३.

सुषामन् (सु सामन्) त्रि० मा-मा-म. १ भंडुर भेा-लेलुं. २ प्रिय लागे तेवुं भेालेलुं.

सुषि (सुष् इन्) स्त्री० षिः. १ दछे, वि'ध, काणुं. २ पेालेा वांस.

सुषिर (सुष् किरच्) क्ली० रं. छेद, वि'ध, काणुं.

सुषिर (,,) पु० रः. अग्नि.

सुषिर (,,) त्रि० रः-रा-रं. काणुं पा-डेलुं, वी'ध पाडेलुं.

सुषीम (सुशोभ पृषो०) त्रि० मः.मा-मं. १ टाढुं, ठं-डुं भनेाज्ञ, भनेाहर, सुं६र.

सुषीम (,,) पु० मः. टाढक, ठंऽक.

सुषुप्त (सु स्वप् क्त) त्रि० प्तः-प्ता-प्तं. घणी निद्रा-भां आवेलुं, धसधसाट उंधेलुं.

सुषुप्त (,,) क्ली० प्तं. એક જાતની જ્ઞા-નશૂન્ય અવસ્થા.

सुषुप्ति (सु स्वप् क्तिन्) स्त्री० प्तिः. १ धसधसाट उंध. २ उपलेा शब्द જુઓ.

'अविद्यात्मिका हि सा महासुषुप्तिर्यस्यां स्वरूपप्रति-बोधरहिताः शेरते संसारिणो जीवाः'

शांकरभाष्यम्.

सुषुप्सु (स्वप् सन् उ) त्रि० प्सुः-प्सुः-प्सु. सुवाने ઇચ્છતું.

सुषुम्णा (सुष इत्यव्यक्तं शब्दं म्नायति यत्र म्ना क) स्त्री० म्णा. उंधमां જીવને रहेवानी એક જાતની नाडी.

सुषेण (सुष्ठु सेनयति सेनां करोति अच्) पु० णः. १ ६२भद्रानुं आड. २ ते नामनेा એક वैद्य. ३ वि-ष्णु. ४ नेतर.

सुषेणिका (सुषेणी कन्) स्त्री० का. काणे नसेातर.

सुषेणी (सुषेण ङीप्) स्त्री० णी. नसेातर.

सुषोमा ( ) स्त्री० मा. ते नामनी એક नदी.

सुष्ठु (सु स्था कु) अव्य० ष्ठु. १ सारुं, ३डुं. २ अत्यंय, अतिशय. ३ साचुं. ४ ठीक.

'सुष्ठु शोभसे विनयेन' उत्तररामचरितम्.

सुष्म (सु मक् सुक्) क्ली० ष्मं. होरी, होरडुं.

सुसंस्कृत (सुष्ठु संस्कृतं) त्रि० तः-ता-तं. १ प्रय-त्नवडे धी, तेल, मशालेावगेरे नांभी सुधारेलुं अन्नवगेरे. २ सं२४ार पामेलुं.

सुसत्या ( ) स्त्री० त्या. જનકરાજાની पत्नी.

सुसंपद् (सुष्ठु संपद्) स्त्री० त्-द्. सारी संपत्ति.

सुसंपद् (सुष्ठु संपद्यस्य) त्रि त्-द्. ३डी संपत्ति-वाणुं.

सुसह् (सुखेन सह्यते) त्रि० हः-ह्या-ह्यं. १ सहेलाइथी खभाय तेवुं. २ सुभे सहन थाय तेवुं.

सुसार (सुष्ठु सारोऽस्य) पु० रः. रातेा भेर.

सुसार (सुष्ठु सारो यस्य) त्रि० रः-रा-रं. सारा सा-रवाणुं.

सुसारवत् (सुसार मतुप्) क्ली० वत्. २५टिक.

सुसिकता (सुष्ठु सिकता) स्त्री० ता. १ सारी रेती. २ साકर. [त'दुरस्त. २ सुभी.

सुस्थ (सुष्ठु तिष्ठति स्था क) त्रि० स्थः-स्था-स्थं. १

'सुस्थे को वा न पंडितः' सुभाषितम्.

सुस्थता (सुस्थस्य भावः तल) स्त्री० ता. त'दुरस्ती, सुभ. [જુઓ.

सुस्थत्व (,, त्व) क्ली० त्वं. उपलेा शब्द

सुस्ना (सु स्ने क्विप्) स्त्री० स्ना. એક જાતનું धान्य. [तनी नारी.

सुस्मिता (सुष्ठु स्मितमस्याः) स्त्री० ता. એક જા-

सुस्वप्न (सुष्ठु स्वप्नं) क्ली० प्नं. सारं सारुं.

सुह् ( ) षुह् धातु જુઓ.

सुहसातन (सुहसमानं यस्य) त्रि० नः-ना-नं. सा-रा हरता भेावाणुं. [विहित.

सुहित (सुष्ठु हितं) त्रि० तः-ता-तं. १ तृप्त. २

सुहित (,,) क्ली० तं. सारुं हित.

सुहिता ( ) स्त्री० ता. ते नामनी अ-ग्निनी એક જીભ. [४०५'ध.

सुहृद् (सुष्ठु हृदयं यस्य) पु० त्-द्. दोस्तदार, भा-

सुहृदय (सुष्ठु हृदयं यस्य) त्रि० यः-या-यं. सारा हृदयवाणुं.

सुहृदय (सुष्ठु हृदयं) क्ली० यं. सारुं हृदय.

सुह्म ( ) पु० ब० ह्माः. १ ते नामनेा એક देश. २ सुह्म देशना लेाक.

'आत्मा संरक्षितः सुह्मैर्वृत्तिमाश्रित्य वैतसीम्'

माघः.

सू ( ) षू धातु જુઓ.

सू (सू क्विप्) स्त्री० सूः. १ प्रसव, જણવું ते. २ भेा-कलवुं. २ प्रेरवुं ते. [वन. ३ બાણ.

सूक (सू क्विप् कन्) क्ली० कं. १ કમલ. २ वायु, प-

सूकर (सू इत्यव्यक्तं शब्दं करोति कृ अच्) पु० रः. १ भूंड. २ डुंभार. ३ એક જાતનેા मृग.

'घ्राणेन सूकरो हन्ति पक्षवातेन कुक्कुटः'

मनुस्मृतिः.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

सूकरी (सूकर ङीप्) स्त्री० री. १ वराहकांता. २ भूंडण. ३ कुंभारण. ४ એક જાતની મરઘલી.

सूक्त (सु वच् क्त) त्रि० क्तः-क्ता-क्तं. १ સારી રીતે બોલેલું. २ ઠીક કહેલું.

सूक्त (,,) क्ली० क्तं. १ સારૂં ભાષણ. २ ઠીક બોલવું તે. ३ એક દેવતાઅર્થે રચેલા વેદમંત્રનો સમુદાય.

'नेतुं वांछति यः खलान् पथि सतां सूक्तैः सुधास्यन्दिभिः'
भर्तृहरिः.

सूक्ता (सुष्ठु उक्तमस्याः) स्त्री० क्ता. મેના.

सूक्ति (सुष्ठु उक्तिः) स्त्री० क्तिः. १ સારૂં બોલવું તે. २ ઠીક કહેવું તે. [બોલીવાળું.

सूक्ति (सुष्ठु उक्तिर्यस्य) त्रि० क्तिः-क्तिः-क्ति. સારી

सूक्ष्म (सूच् मन् सुक्) त्रि० क्ष्मः-क्ष्मा-क्ष्मं. १ નાનું. २ ઝીણું. ३ બારીક. ४ થોડું.

सूक्ष्म (सूच् मन् सुक्) पु० क्ष्मः. કનકવૃક્ષ.

सूक्ष्म (,,) क्ली० क्ष्मं. १ દગો. २ અધ્યાત્મ પદાર્થ. ३ તે નામનો અર્થાલંકાર.

सूक्ष्मकृष्णाफला (सूक्ष्मं कृष्णं फलं यस्याः) स्त्री० ला. એક જાતના જાંબુનું ઝાડ.

सूक्ष्मतंदुला (सूक्ष्मः तंदुलोऽस्याः) स्त्री० ला. પીપર.

सूक्ष्मता (सूक्ष्मस्य भावः तल्) स्त्री० ता. સૂક્ષ્મપણું.

सूक्ष्मत्व (,, त्व) क्ली० त्वं. ઉપલો શબ્દ જુઓ. [ર્શિની-ર્શિ. ઝીણી બુદ્ધિવાળું.

सूक्ष्मदर्शिन् (सूक्ष्मं पश्यति दृश् णिनि) त्रि० र्शि-

सूक्ष्मपत्र (सूक्ष्मं पत्रमस्य) पु० त्रः. १ ધાણા. २ રાની જીરૂં. ३ એક જાતનો સરસવ. ४ રાતી રોહેડી. ५ એક જાતનો ગુંદર.

सूक्ष्मपत्रिका (सूक्ष्मं पत्रमस्याः) क्ली० का. १ સુવા. २ આકાશમાંસી. ३ વનસ્પતિ બ્રાહ્મી. ४ શતાવળ. ५ ધમાસો. [રામદૂતી.

सूक्ष्मपर्णी (सूक्ष्मं पर्णमस्याः) स्त्री० र्णी. વનસ્પતિ

सूक्ष्मफला (सूक्ष्मं फलमस्याः) स्त्री० ला. ભોંયાંબલી. [બોરડી.

सूक्ष्मबदरी (सूक्ष्मा बदरी) स्त्री० री. એક જાતની

सूक्ष्मबुद्धि (सूक्ष्मा बुद्धिर्यस्य) त्रि० द्धिः-द्धिः-द्धि. ઝીણી બુદ્ધિવાળું.

सूक्ष्मबुद्धि (सूक्ष्मा बुद्धिः) स्त्री० द्धि. ઝીણી બુદ્ધિ.

